# ગુરુકહાન-દૃષ્ટિમહાન

## ભાગ-૧૨



આધ્યાત્મિક સત્પુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો

: પ્રસ્તુતકર્તા :
**શારદાબેન કિશોરભાઈ શાહ**
મુંબઈ

सर्वज्ञ वीतरागाय नमः।

# ગુરુ કહાન : દૃષ્ટિ મહાન

## (ભાગ–૧૨)

**આધ્યાત્મિક સત્પુરુષ શ્રી કાનજીસ્વામીના**
**દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો**


-: સંકલનકાર :-

**જિતુભાઈ નાગરદાસ મોદી**

(નિવૃત્ત સંપાદક : આત્મધર્મ )


**પ્રશમ જિતુભાઈ મોદી**


**નોંધ : આ પુસ્તક પ્રિન્ટીંગ કરવામાં આવેલ નથી.**
**આ શાસ્ત્ર vitragvani app તથા vitragvani website**
**ઉપર ઉપલબ્ધ છે. જે તમે downlod કરી શકો છો.**


-: પ્રકાશક :-

**શારદાબેન કિશોરભાઈ શાહ**

**મુંબઈ**



ભરતક્ષેત્રના મહાસમર્થ આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

# અર્પણ

જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે જૈનજગતમાં
પ્રસિદ્ધ છે; જેઓ જૈનજગતમાં સમયસારના પ્રખર પ્રચારક
તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના
સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના શબ્દોમાં છૂપાયેલા
આચાર્યોના ગૂઢ ભાવોને ખોલવાની અદ્‌ભુત શક્તિ
વડે ભવ્યજીવો ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો
છે; જેઓની શીતળ છત્રછાયામાં ૫૭ વર્ષ સુધી
સોનગઢમાં જીવન વીતાવવાનું પરમ સૌભાગ્ય
અમારા પિતાશ્રીને પ્રાપ્ત થયું હતું તે અસીમ
કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ
ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને
તેમના જ દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનોના
અમૂલ્ય ખજાનામાંથી ચૂટેલાં ૨૫ પ્રવચનનાં
સંકલનરૂપ આ 'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'
ભાગ-૧૨ અર્પણ કરતાં અમે જીવનની
ધન્યતા અનુભવીએ છીએ.

—સંકલનકાર

# * શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ *

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)


હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!


પુરુષાર્થ પ્રેરણામૂર્તિ પૂજ્ય
સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
## (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ કૂહાન ! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે.

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્‌ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્‌ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે—તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો !

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા.

નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય–'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'–ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી – કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે– 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮મા મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગલકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર

શેઠ દ્વારા ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળ્યા – 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક' ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્‌ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે–'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહા વીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧મા ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫મા વઢવાણમાં ૧૫

વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬મા વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭મા દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ—ઐસા હમે લગતા હૈ'—અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩) થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર

ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે....! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતા.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩મા બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩મા પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે "....ભગવાન કુંદકુંદની વાણી સમજીને મહારાજશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે....."

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી

એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતા તેમણે લખેલ કે કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં. એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના આવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮મા નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ 'શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિર'નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦૩૦મા સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)મા—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)મા—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે "સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુઝે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા." ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં. બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે

'.....આપકી વાણીમેં તીર્થંકરોંકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ. જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં. ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામાં આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં—વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા ઇત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપરીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં **CD** યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહના પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ—રાજધાની દિલ્હીમાં—વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા/છે. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગ્રતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડૉ. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ટોડરમલ સ્મારક ભવનનું ઈ.સ. ૧૯૬૭મા નિર્માણ થયું જેનું ઉદ્ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. નવા પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવીરસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩મા ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે—પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો ! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ ઓહોહો....! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી ! ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમો આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગરનિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય—ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા

હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા જ દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં—સ્થપાયેલ સંસ્થાઓ દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતા ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં—એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસ્રષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિર, શ્રી

પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧મા વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ.....શરમ..... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ.....ભૂલી જાઓ.... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખતા નથી. અમે

તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન–સત્‌સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતાં કે કોઈ જીવને અમારાથી પર્યાયદષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો !!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યૂઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી–નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારેય બે ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાના માટે બનેલો આહાર–ઉદ્દિષ્ટ ભોજન–પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ–વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫મા રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે ?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય— ચાહે તે પોતાનો શિષ્ય ભલે હોય તોપણ—તેની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટિની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વપ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું હતું. ‘‘સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે’’—એ ‘‘ક્રમબદ્ધપર્યાય’’ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ‘‘ક્રમબદ્ધપર્યાય’’ શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાતીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

‘‘તું પરમાત્મા છો—એમ નક્કી કર ! તું પરમાત્મા છો—એમ નક્કી કર !’’—એવો મહામંત્ર મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો !

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો !

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનાર સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો !

હે જ્ઞાનપોષક સુમેઘ તને નમું હું,<br>
આ દાસના જીવનશિલ્પી તને નમું હું.

—સંકલનકાર

# પ્રકાશકીય નિવેદન

તીર્થંકરદેવનો જન્મ જગતના કલ્યાણ માટે થતો હોય છે, તેમ અનંત અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો જન્મ, આ નિષ્કૃષ્ટકાળે અહીં જન્મેલા અને ભવિષ્યમાં પણ અહીં જન્મ લેનારા અલ્પસંસારી જીવોને ભાગ્યશાળી બનાવવા માટે તથા તેઓને સંસારસમુદ્રથી પાર ઉતારવા માટે થયો હતો. છેલ્લા સેંકડો વર્ષોનો જૈન ઇતિહાસ કહે છે કે ભવ્ય જીવોના તારણહાર આવા મહાન સંતો જે કોઈ થયા હોય તેમાં કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રધાન પુરુષ છે. તેઓશ્રીએ આ ભૌતિકયુગને અધ્યાત્મયુગમાં પરિવર્તીત કરીને પંચમ આરાના અંત સુધી ટકી રહે તેવો અધ્યાત્મયુગ સર્જ્યો છે.

આવા અધ્યાત્મયુગસ્રષ્ટા, અધ્યાત્મક્રાંતિવીર પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫-૪૫ વર્ષ વહેલી અધ્યાત્મગંગાનું અમૃતપાન કરનાર મહાભાગ્યશાળી ભવ્ય મુમુક્ષુઓને તો તેઓશ્રી દ્વારા પ્રરૂપિત તત્ત્વજ્ઞાનના અભ્યાસ વડે આજે પણ પૂજ્ય ગુરુદેવશ્રી સાક્ષાત્‌રૂપે અનુભવાઈ રહ્યા છે, પરંતુ તેઓશ્રીના દર્શન-શ્રવણ કે સત્સંગનો જેઓને સાક્ષાત્ લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને, આ મહાપુરુષે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દિવ્ય દેશનાનો ધોધ વહેવડાવેલો તેનો સાક્ષાત્‌વત્ લાભ મળે તે આ **''ગુરુ કહાન : દૃષ્ટિ મહાન''** પ્રકાશનહેતુ છે.

આ જીવ અનંતવાર નવમી ગ્રૈવેયક જઈ આવ્યો, અનંતવાર નગ્ન દિગંબર દ્રવ્યલિંગ ધારણ કર્યાં, અનંતવાર સમવસરણમાં જઈ આવ્યો છતાં કોરો રહી ગયો તેનું મુખ્ય કારણ જો કોઈ હોય તો આ એક જ કે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાને આ જીવે કદી ગ્રહણ ન કરી—એમ પૂજ્ય ગુરુદેવશ્રી કરુણાથી વારંવાર કહેતાં અને તેથી જ તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાનો તેઓશ્રીએ જીવનપર્યંત ધોધ વહેવડાવ્યો છે. પૂજ્ય બહેનશ્રી પણ કહેતાં કે ''જાણે કોઈ મોટા આચાર્ય ઉપદેશ આપતાં હોય તેમ દૃષ્ટિના વિષયનો અપૂર્વ ખુલાસો થતો.''.....''દૃષ્ટિનો વિષય આવે ત્યારે ઊછળી જતાં.'' જોકે તેઓશ્રીની સર્વાંગી ઉપદેશગંગામાં ઓછી-વધતી યોગ્યતાવાળા સર્વ જીવોને આત્મલાભ થાય તેવો નિશ્ચય-વ્યવહારનો સઘળોય ઉપદેશધોધ વહ્યો છે. મુમુક્ષુની પાત્રતા કેવી હોય, અશુભથી બચવા શુભમાં જોડાણ કેવું હોય, ઇત્યાદિ ઉપદેશ આપવા છતાં ક્યાંય કોઈને મુખ્યતા ન થઈ જાય તેમ તેમાં જોર આપ્યા વિના તે વ્યવહારમાર્ગ-પ્રકાશન સાથે મુખ્યપણે તો દ્રવ્યદૃષ્ટિમાર્ગપ્રકાશક નિશ્ચયની જ ધોધમાર વર્ષા વરસાવી છે જેથી ભદ્ર જીવો અનાદિના સંસ્કારવશ મંદકષાય આદિ વ્યવહારમાર્ગમાં અટકી ન જતાં નિશ્ચયમોક્ષમાર્ગને યથાર્થ સમજીને, તેનું જ ગ્રહણ કરીને, આ ભવ સફળ કરવા સ્વાનુભૂતિનો સત્ પુરુષાર્થ અપનાવે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અધ્યાત્મયુગનું સર્જન કર્યું જ છે પણ વધુ સ્પષ્ટ કરીએ તો ખરેખર તો તેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન-અધ્યાત્મયુગના સર્જક છે કેમ કે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન નિશ્ચયના બોધથી

જીવો નિશ્ચયાભાસના ડરથી ડરતાં હતા તેના બદલે તેઓશ્રીના પ્રતાપે ભવ્ય જીવો દિવસ-રાત એ નિશ્ચયનું શ્રવણ, ચિંતન ને ઘોલન કરવામાં જ જીવનની ધન્યતા અનુભવે છે.

દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના સર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપદેશ-અમૃતવાણીને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટે, તત્કાલિન પ્રમુખ શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિથી ટેપમાં સંગ્રહિત કરીને ચિરકાળપર્યંત સુરક્ષિત બનાવી તેમજ લગભગ ૯૨૦૦ કલાકની આ ગુરુવાણીને સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ–પરિવારે અદ્યતન ટેકનોલોજી વડે માત્ર ૧૬ **DVD**માં તેમજ **3 B.D. (Blu-ray Disc)**માં પ્રસિદ્ધ કરીને મુમુક્ષુઓના આત્મહિતનું સાધન પ્રદાન કર્યું છે કે જેના કારણે ભાવિના ભવ્યજીવો પણ આત્મહિતના માર્ગે સરળપણે પ્રયાણ કરતાં રહી શકશે. તેમ છતાં પંચમકાળના પ્રભાવવશ કેટલાક તત્ત્વના અભ્યાસીઓ વડે દૃષ્ટિપ્રધાન તત્ત્વજ્ઞાનના પુરુષાર્થમાં ભય પ્રકાશન કરાતો દેખીને પૂજ્ય ગુરુદેવશ્રીના ૯૨૦૦ ટેપ-પ્રવચનોમાંથી દ્રવ્યદૃષ્ટિપ્રધાન વિશેષ પુરુષાર્થ પ્રેરણાદાયક પ્રવચનો ચૂંટીચૂંટીને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'** રૂપે સીડી પ્રવચનો તેમજ અક્ષરશઃ ગુરુવાણીનું પુસ્તક મુમુક્ષુસમાજને ઉપલબ્ધ કરાવવાની અમને ભાવના જાગ્રત થતાં શ્રી જયસુખભાઈ ભાયાણી, શ્રી ન્યાલચંદભાઈ હરજીવનદાસ સંઘરાજકા, સ્વ. જયંતીલાલ ચમનલાલ દોશી-પરિવાર, શ્રીમતી પ્રવીણાબેન શશીકાંતભાઈ ખારા–પરિવાર, શ્રીમતી ઉષાબેન રમેશચંદ્ર શાહ-પરિવાર તથા નિરૂબેન વિનુભાઈ ભક્ત-પરિવાર, ઓમકારભાઈ જયકિશનભાઈ ભક્ત-પરિવાર, "સહજ ચિદાનંદ" પરિવાર, સોનગઢ/મુંબઈ/જામનગર દ્વારા પ્રકાશન માટે પ્રમોદ બતાવતા અત્યાર સુધીમાં ભાગ-૧ થી ભાગ-૧૧ સુધી પ્રકાશિત કરવામાં આવ્યા છે જેનો વ્યકિતગત ઉપરાંત કેટલાક મુમુક્ષુમંડળોમાં સભામાં નિયમિત લાભ લેવામાં આવે છે. શારદાબેન કિશોરભાઈ શાહ(મુંબઈ)પરિવાર દ્વારા અભ્યાસી મુમુક્ષુઓના દ્રવ્યદૃષ્ટિપ્રધાન પુરુષાર્થની અભિવૃદ્ધિની અનુમોદનાનો લાભ લેવાની ભાવના થતાં 'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન, ભાગ-૧૨' તેમના દ્વારા માત્ર **PDF** રૂપે પ્રકાશિત થઈ રહ્યું છે.

**આ શાસ્ત્ર vitragvani app તથા vitragvani website**
**ઉપર ઉપલબ્ધ છે. જે તમે downlod કરી શકો છો.**

આ પુસ્તક-પ્રકાશનના મુખ્ય બે પ્રયોજનો છે : (૧) જેઓને કરુણાસાગર ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-શ્રવણનો લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને ગુરુદેવશ્રીનું દ્રવ્યદૃષ્ટિપ્રધાન અંતઃકરણ સમજવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય તથા (૨) પંચમકાળના પ્રભાવમાં આવી જઈને પ્રમાણના લોભમાં અટકીને દ્રવ્યદૃષ્ટિના માર્ગે નિઃશંકપણે પ્રયાણ કરતા અચકાય નહીં અને એ રીતે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવ્ય જીવોને સંસારસમુદ્રમાંથી ઉગારી લેવાની કરુણા સફળતાને પામે.

અંતમાં, પૂજ્ય ગુરુદેવશ્રી ૯૧ વર્ષની ઉંમરે પણ જે દ્રવ્યદૃષ્ટિની પ્રરૂપણા કરતાં અંદરથી ઊછળી પડતા હતા તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન ઉપદેશને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'**ના માધ્યમથી આપણે સૌ ત્વરાએ ગ્રહણ કરીને ભાવિ અનંતકાળ ગુરુના સાન્નિધ્યને પામીએ એવી ભાવના સહ—

—સંકલનકાર

❁

# અનુક્રમણિકા

## ગુરુ કહાન : દ્રષ્ટિ મહાન (ભાગ–૧૨)



| ક્રમ | શાસ્ત્ર | ગાથા/શ્લોક | તારીખ | (DVD) પ્રવચન નં. | પેઈજ નં. |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી સમયસાર | ગાથા-૭૩ | ૨૧-૦૫-૧૯૬૮ | ૫૧૩ | 1 |
| ૨. | શ્રી સમયસાર | પરિશિષ્ટ બોલ ૩-૫ | ૧૩-૦૫-૧૯૬૮ | ૫૦૫ | 17 |
| ૩. | શ્રી પરમાત્મપ્રકાશ | ગાથા-૨૫-૨૭ | ૨૨-૦૬-૧૯૭૬ | ૧૫ | 32 |
| ૪. | શ્રી સમયસાર | કળશ ૨૫૧-૨૫૨ | ૦૪-૦૬-૧૯૬૮ | ૫૨૭ | 43 |
| ૫. | શ્રી સમયસાર | શક્તિ | ૨૫-૦૬-૧૯૬૮ | ૫૪૮ | 58 |
| ૬. | શ્રી નિયમસાર | ગાથા-૧૫૯ | ૧૫-૦૯-૧૯૬૬ | ૧૭૮ | 70 |
| ૭. | શ્રી નિયમસાર | ગાથા-૩૮ | ૦૨-૦૯-૧૯૬૬ | ૧૬૭ | 85 |
| ૮. | શ્રી નિયમસાર | શ્લોક-૫૪, ગાથા-૩૯ | ૦૩-૦૯-૧૯૬૬ | ૧૬૮ | 100 |
| ૯. | શ્રી નિયમસાર | ગાથા-૧૫ | ૦૬-૦૧-૧૯૭૩ | ૧૯૨ | 116 |
| ૧૦. | શ્રી કળશટીકા | ગાથા-૧૨-૧૩ | ૨૩-૦૩-૧૯૬૫ | ૧૭ | 129 |
| ૧૧. | શ્રી સમયસાર | ગાથા-૯૨-૯૩ | ૦૮-૧૧-૧૯૬૬ | ૪૯ | 146 |
| ૧૨. | શ્રી સમયસાર | ગાથા-૧૬૫ | ૨૨-૧૦-૧૯૬૬ | ૧૬૫ | 160 |
| ૧૩. | શ્રી પરમાત્મપ્રકાશ | ગાથા-૯૬ | ૨૬-૦૮-૧૯૭૬ | ૭૩ | 176 |
| ૧૪. | શ્રી સમયસાર | ગાથા-૫ | ૨૪-૦૯-૧૯૬૮ | ૧૬ | 188 |
| ૧૫. | શ્રી સમયસાર | શ્લોક-૨૧૫ | ૦૭-૧૨-૧૯૬૭ | ૪૧૯ | 200 |
| ૧૬. | શ્રી ઇષ્ટોપદેશ | ગાથા-૪૬-૪૭ | ૩૧-૦૫-૧૯૬૬ | ૫૨ | 215 |
| ૧૭. | શ્રી સમયસાર | ગાથા-૧ | ૦૩-૧૨-૧૯૭૫ | ૫ | 228 |
| ૧૮. | શ્રી સમયસાર | ગાથા-૯૨ | ૧૭-૦૮-૧૯૭૬ | ૧૫૮ | 241 |
| ૧૯. | શ્રી કળશટીકા | કળશ-૪૪-૪૫ | ૧૭-૦૫-૧૯૬૫ | ૪૨ | 253 |
| ૨૦. | શ્રી સમયસાર | ગાથા-૭૫ | ૧૬-૦૫-૧૯૬૯ | ૧૩૮ | 267 |
| ૨૧. | શ્રી સમયસાર | ગાથા-૯૩ | ૧૮-૦૮-૧૯૭૬ | ૧૫૯ | 281 |
| ૨૨. | શ્રી સમયસાર | ગાથા-૩૩૨-૩૪૪ | ૨૬-૦૭-૧૯૭૦ | ૪૩૭ | 295 |
| ૨૩. | શ્રી સમયસાર | શ્લોક-૬૦-૬૧ | ૨૬-૦૮-૧૯૭૬ | ૧૬૭ | 307 |
| ૨૪. | શ્રી સમયસાર | ગાથા-૧૦૦ | ૨૮-૦૮-૧૯૭૬ | ૧૬૯ | 319 |
| ૨૫. | બહેનશ્રીનાં વચનામૃત | બોલ નં. ૪૧૧ બોલ ૪૧૧ | ૨૬-૧૨-૧૯૭૮ | ૧૭૦ | ૩૩૨ |

પ્રવચન શરૂ કરતાં પહેલાં પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા કરવામાં આવતું

# માંગલિક

॥ णमो लोए सव्व अरिहंताणम् ॥

॥ णमो लोए सव्व सिद्धाणम् ॥

॥ णमो लोए सव्व आयरियाणम् ॥

॥ णमो लोए सव्व उवज्झायाणम् ॥

॥ णमो लोए सव्व त्रिकाळवर्ती साहूणम् ॥

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः॥

मङ्गलं भगवान् वीरो मङ्गलं गौतमो गणी।
मङ्गलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मङ्गलम्॥

नमः समयसाराय स्वानुभूत्या चकासते।
चित्स्वभावायभावाय सर्वभावान्तरच्छिदे॥

त्रिकाळ दिव्यध्वनि दातार....

❁

ॐ

श्री परमात्मने नमः

# ગુરુ કહાન–દૃષ્ટિ મહાન

(ભાગ–૧૨)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો)

## શ્રી સમયસાર, ગાથા-૭૩
## પ્રવચન નં.૫૧૩, તા.૨૧-૫-૧૯૬૮
## (૧)

૭૩ ગાથા ચાલે છે, કર્તાકર્મ અધિકાર. જુઓ, શું કહે છે? શિષ્યનો પ્રશ્ન એ છે... એ તો અમૃતચંદ્રાચાર્યે એવી વિધિ કરી છે. પ્રશ્ન એમ છે કે મહારાજ! **'કઈ વિધિથી (–રીતથી) આ આત્મા આસ્રવોથી નિવર્તે છે?'** આત્મામાં જે પુણ્ય-પાપનો, મિથ્યાત્વનો જે આસ્રવ થાય છે એ દુઃખરૂપ છે. તો દુઃખથી કઈ વિધિથી નિવર્તે છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. સમજાણું કાંઈ? જે આત્મા છે એ જ્ઞાનાનંદ શુદ્ધસ્વરૂપ છે અને એમાં જે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, શુભાશુભ પરિણામ જે ઉત્પન્ન થાય છે તે આસ્રવ છે. આસ્રવનો અર્થ? નવા આવરણનું કારણ અને વર્તમાન કહો તો દુઃખરૂપ છે. તો જે મિથ્યાત્વ અવ્રત, પ્રમાદ, શુભાશુભ પરિણામ એનાથી દુઃખથી નિવૃત્તિ કઈ વિધિથી થાય છે? એવો શિષ્યનો પ્રશ્ન છે. બરાબર છે? છે એમાં ઈ?

પહેલાં બે બોલ આવ્યા. **'હું આત્મા...'** કેવો વિચાર કરે છે? અનુભવ થયા પહેલાં, સમ્યગ્દર્શન થયા પહેલાં. એવા વિકલ્પથી રાગમિશ્રિત વિચારથી એવો નિર્ણય કરે છે કે હું

કેવો છું? જેને વિકારથી નિવૃત્ત થવું છે એ ચીજ કેવી છે? સમજાણું કાંઈ? કેમકે વિકારથી એટલે પુણ્ય-પાપથી નિવૃત્ત થવું છે તો એમાં પુણ્ય-પાપ છે નહિ. એ તો બરાબર થયું? સમજાણું? જે આત્મા પુણ્ય અને પાપ, મિથ્યાત્વ અને અવ્રત, કષાયાદિ ભાવ જે આસ્રવ છે, દુઃખરૂપ છે, બંધનું કારણ છે, મેલ છે. તો એનાથી નિવૃત્તિ કઈ વિધિથી થાય છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. જુઓ, જેને અંતરની જિજ્ઞાસા છે એને ઉત્તર દેવામાં આવે છે. મહારાજ! આત્મામાં આ જે આસ્રવ થાય છે પુણ્ય-પાપભાવ, શુભ-અશુભભાવ, મિથ્યાત્વભાવ તેનો અભાવ નિવૃત્તિ, એનાથી હટીને પોતાની પ્રવૃત્તિમાં આવે તો નિવૃત્તિ કઈ રીતે થાય છે? એવી વિધિનો પ્રશ્ન પૂછ્યો છે. સમજાણું કાંઈ? કહો, સુરેન્દ્રજી! શું પૂછ્યું?

આસ્રવોની નિવૃત્તિની વિધિ શું? વિધિ ઉપર વજન છે. રીત હોય છેને? વિધિ હોય છેને વિધિ? પદ્ધતિ. એ તો ઠીક છે. પદ્ધતિ-રીત. રીત શું છે? આસ્રવથી નિવૃત્ત થવાની રીત-પ્રકાર શું છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. તો એવો પ્રશ્ન ક્યારે સંભવે? કે જેને આસ્રવ દુઃખરૂપ લાગ્યો હોય. પર તરફનો ભાવ એ નિવૃત્ત કરવાલાયક છે એમ જેને અંદર લાગ્યું છે એ પૂછે છે કે પ્રભુ! આ આત્મા અખંડાનંદ પ્રભુ વિકારથી દુઃખી છે, તો વિકારના આસ્રવથી નિવૃત્ત કેમ થાય? એમ શિષ્યનો ખાલી પ્રશ્ન નથી, અંદરમાં આનંદમાં આવવાનો અને દુઃખથી નિવર્તવાનો પ્રશ્ન છે. સમજાણું કાંઈ?

પહેલાં બે બોલ આવ્યા આપણે. પહેલાં નિર્ણય કરવો. પહેલાં રાગમિશ્રિત વિચારથી નિર્ણય કરવો. '**હું આ આત્મા-પ્રત્યક્ષ...**' 'હું પ્રત્યક્ષ વસ્તુ છું અને અખંડ છું. અખંડ વસ્તુ છેને? દ્રવ્ય છેને? તો દ્રવ્ય વસ્તુ અખંડ છે. અને '**અનંત ચિન્માત્ર જ્યોતિ...**' હું આત્મા છું, એમ પહેલાં વિકલ્પ દ્વારા (નિર્ણય કરે). નિર્વિકલ્પ પછી થાય, પણ પહેલાં વિકલ્પની ભૂમિકામાં જ્ઞાનની સાથે વિચારમાં આમ પહેલાં એને આવે છે. હું તો અનંત ચિન્માત્ર અખંડ પ્રત્યક્ષ થવાલાયક વસ્તુ... વસ્તુ... વસ્તુ છું. એવો અનાદિઅનંત આત્મા છું. એવો નિત્યઉદિત છું. કાયમ ઉદિત છું. જેમ સૂર્ય ઉદિત થાય છે, પણ એ તો મધ્યમ થાય છે અને અસ્ત થઈ જાય છે; હું તો કાયમ ઉદયરૂપ છું. એવો ને એવો પ્રગટરૂપ છું, એવો છું. કેવો?

'**વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે...**' એક ઉપર વજન છેને? '**એક છું;...**' વિજ્ઞાનઘન ચૈતન્યઘન સ્વભાવને કારણે એક છું. પેહલાં એવો રાગમિશ્રિત જ્ઞાનભૂમિકામાં વિચાર થાય છે. સમજાણું કાંઈ? આ પહેલી ક્રિયા કહે છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પહેલાં આવો વિચાર આવે છે. છતાં એ સાધક છે એમ નથી, હોં! પણ એવો વિચાર આવે છે. એક વાત. એ એક છું એમ. એક. એકની વ્યાખ્યા કરી. '**अहम**' એટલે હું. '**एकः**' એ બેની અપેક્ષા થઈ. હું એક છું... એક છું. અંતર રૂપ અનેકપણું મારામાં છે જ નહિ. વસ્તુ તરીકે હું અખંડ છું.

'(કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણસ્વરૂપ) સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી પાર ઊતરેલી...' હું રાગાદિનો કર્તા તો નથી, નિમિત્તની કર્તાની ક્રિયા તો મારામાં નથી, પણ મારું સ્વરૂપ જ્ઞાનાનંદ પોતાનો જ્ઞાતાસ્વભાવ એની ક્રિયા, નિર્મળ પર્યાયને કરવું અને હું કર્તા, નિર્મળ પર્યાય મારું કાર્ય અને નિર્મળ પર્યાય અંતર સાધનથી પ્રગટે છે, નિર્મળ પર્યાય પોતામાંથી આવે છે, નિર્મળ પર્યાય પોતાથી છે અને નિર્મળ પર્યાયનો આધાર હું છું—એવા ષટ્કારકના ભેદથી પણ હું રહિત છું. આહા..હા..! સમજાણું કાંઈ?

'સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી..' એની પરિણતિ-ભેદ. 'પાર ઊતરેલી..' તેનાથી રહિત 'જે નિર્મળ અનુભૂતિ,..' નિર્મળાનંદ ભગવાન શુદ્ધ ચૈતન્ય ધ્રુવ એવો હું છું. એનું નામ શુદ્ધ છું. એનું નામ શુદ્ધ. જુઓ, આ પહેલાં ધર્મ પામ્યા પહેલાં, ધર્મ થયા પહેલાં આવો વિચાર, સમ્યગ્દૃષ્ટિને ધર્મ થયા પહેલાં આવો વિચાર આવે છે. સમજાણું કાંઈ? પહેલાં એમ નહિ કે પહેલાં દાન કરવા, પૂજા કરવી, ભક્તિ કરવી એ પહેલાં હોય અને પછી આ થાય એમ નથી લીધું. એય! ધર્મચંદજી! શું કરવું પહેલાં એ કહ્યું અહીંયા. પહેલાં વ્રત પાળવા, તપસ્યા કરવી, પહેલાં પૂજા-ભક્તિ કરવી, પછી સ્વભાવના દર્શન થશે, સમ્યગ્દર્શન થાશે એમ નથી કહ્યું અહીંયાં. સમજાણું કાંઈ? જેને આત્માના આનંદનો સ્વાદ લેવો હોય, આનંદનો સ્વાદ લેવો હોય કે ધર્મ કરવો હોય એ બેય એક જ વાત છે. ધર્મ કરવો કહો કે આત્મા અતીન્દ્રિય અનુભવનો સ્વાદ લેવો. તો એ કેમ થાય છે? પહેલાં એવો નિર્ણય એની ભૂમિકામાં, જ્ઞાનભૂમિકામાં થાય છે, 'હું સર્વ કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકારણ એવા છ કારકના ભેદથી રહિત છું. એકાકાર ચૈતન્યમૂર્તિ છું. શુદ્ધ છું.' બે બોલ તો આવી ગયા છે આપણે.

હવે ત્રીજો બોલ આજે છે. 'णिम्ममओ' 'णिम्मम' શબ્દ છેને? મૂળ શ્લોકમાં 'णिम्ममओ'. સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પહેલાં આવો વિચાર ધર્મી થતાં પહેલાં આવે છે કે હું તો નિર્મમ છું. કેવો નિર્મમ છું? જુઓ, વ્યાખ્યા જરી સૂક્ષ્મ છે. 'પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી છે...' શું કહે છે? જુઓ, ત્રીજા બોલમાં શું કહે છે? સૂક્ષ્મ વાત છે, જુઓ, સમ્યગ્દર્શન આત્માના આનંદનો અનુભવ કરવો એ ધર્મ છે. આત્મામાં અતીન્દ્રિય આનંદ છે એ આનંદનો અનુભવ કરવો એનું નામ ધર્મ છે. અને એ ધર્મ કેમ થાય? કઈ વિધિથી થાય? એવો પ્રશ્ન છે. તો એ ધર્મ થયા પહેલાં એવો વિચાર કરે છે આસ્રવથી નિવૃત્ત થવા માટે, હું તો પ્રત્યક્ષ અનંત આનંદનો કંદ જ્ઞાનમૂર્તિ છું અને ષટ્કારકના ભેદથી રહિત છું અને મારો સ્વભાવ એવો છે કે 'પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી છે...' જુઓ, શુભ-અશુભરાગ ઉત્પન્ન થાય છે દયા, દાન, વ્રત, ભક્તિ, નામસ્મરણ (તેનો સ્વામી પુદ્ગલ છે). લોકોને આ વાત ઘણી કડક લાગે છે. કહે છે કે પુદ્ગલદ્રવ્ય જેનો સ્વામી છે. એ વિકારનો પુદ્ગલ સ્વામી છે.

**શ્રોતા :-** જીવ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જીવ નહિ એ તો બરાબર છે, પણ અહીંયા બીજી વાત કહેવી છે.

**'પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી છે એવું જે ક્રોધાદિભાવોનું...'** શુભ-અશુભરાગ, પુણ્ય-પાપના ભાવ, એનું **'વિશ્વરૂપપણું...'** વિશ્વ નામ અસંખ્ય પ્રકારના જે શુભ-અશુભરાગ છે, મિથ્યાત્વનો, અવ્રતનો, પ્રમાદનો, કષાયનો, શુભનો, અશુભનો એવું જે વિશ્વ નામ **'(અનેકરૂપપણું) તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો...'** હું આવો છું કે વ્યવહારનો અસંખ્ય પ્રકારનો જે રાગ ઉત્પન્ન થાય એનો સ્વામી પુદ્ગલ છે. હું એ રૂપે પરિણમું એવો હું છું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલી સ્પષ્ટ વાત છે પણ લોકોને..

વીતરાગમૂર્તિ પ્રભુ છે. જિન સોહી હૈ આત્મા. જિન અને જિનવર બેય એક જ છે. જિનવરની પર્યાય પૂર્ણ વીતરાગ થઈ ગઈ છે. આ શક્તિરૂપ, શુદ્ધરૂપ, તત્ત્વરૂપ, ભાવરૂપ વીતરાગ છે. એવો વીતરાગસ્વભાવ, આનંદસ્વભાવ, કહે છે કે હું આવો છું. વિકલ્પથી પહેલાં નિર્ણય કરે છે કે હું પુણ્ય-પાપના જે ભાવ છે એનો સ્વામી હું નથી, એનો તો પુદ્ગલ સ્વામી છે, ભિન્નરૂપ એનું પરિણમન છે અને તેના સ્વામીપણે હું પરિણમું એવો હું છું જ નહિ. છે?

**'તેના સ્વામીપણે પોતે સદાય નહિ..'** પોતે. પોતાના સ્વભાવથી હું વ્યવહારરત્નત્રયના રાગરૂપે પણ પરિણમું એવો મારો સ્વભાવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? રાડ નાખે માણસો. અરે..! વ્યવહાર સાધન કહ્યું છેને, ભાઈ! સાધન કહ્યું છેને. વ્યવહારના માર્ગ વિના નિશ્ચય કેમ પમાય? એમ કહે છે લોકો. અરે.. ભગવાન! અહીં તો પહેલાં નિર્ણય કરવામાં એવો નિર્ણય કરે છે કે વ્યવહારનો જે વિકલ્પ આદિ છે તે પણે હું પરિણમનારો સદાય નથી. ત્રિકાળમાં હું રાગરૂપે પરિણમું એવો મારો સ્વભાવ જ નથી. વ્યવહારરૂપ પરિણમું એવો મારો સ્વભાવ જ નથી. કહો, અજીતપ્રસાદજી! આહા..હા..! અરે.. ભગવાન! એની મહત્તાની ખબર ન મળે. પોતાની ચીજ શું છે અને એમાં શું પડ્યું છે? ભગવાન વીતરાગ નિરપેક્ષ રાગની અપેક્ષા વિનાનો છે. અમૃતચંદ્રાચાર્ય જુઓને કેટલું સ્પષ્ટીકરણ ખુલ્લું કરી દીધું છે.

હું કેવો છું? હું કેવો છું? કે પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી છે. ધણી તો વિકારનો એ છે. એ રૂપે હું પરિણમું સદા સ્વયં એવો છું નહિ. સ્વયં સદા નહિ પરિણમનારો. ભગવાન જ્ઞાનસ્વરૂપ હું શુદ્ધ આનંદસ્વરૂપ, હું આત્મા એ રાગરૂપ, વ્યવહારરૂપ, પોતે સદાય, પોતે સદાય ત્રણે કાળે એ રૂપે પરિણમું એવો હું છું જ નહિ. છે ભાઈ એમાં? શબ્દ શું છે જુઓ. સંસ્કૃતમાં પણ છે. જુઓ, **'पुद्‌गलस्वामिकस्य क्रोधादिभाववैश्वरूपस्य स्वस्य स्वामित्वेन नित्यमेवापरिणमनान्निर्ममतः'** એનું નામ નિર્મમત્વ કહ્યું. આમ નિર્માન-નિર્મમ કહે અમારે મમતા નથી, અમારે મમતા નથી. પણ મમતા નથી એની વ્યાખ્યા શું? અમારે મમતા નથી. અમે નિર્મમ છીએ. કહો, આહા..હા..! રાગથી અમને ધર્મ થાય છે, પુણ્યથી ધર્મ થાય છે. આહા..હા..! એ મહામિથ્યાત્વની મમતા છે. રાગરૂપ હું પરિણમું એ મારો ધર્મ છે એ મિથ્યાત્વરૂપ પરિણમન

છે. આહા..હા..! ભારે કઠણ. લોકોને ક્યારેય આ સાંભળેલું નહોતુંને એટલે વાત જરી બહુ કઠણ પડે. સાંભળ્યું નહોતું અને પદ્ધતિ બીજી ચાલતી હતી એમાં આ આવ્યું. નહિ, એવો માર્ગ નથી. આ તો અમારું લોપ થઈ જાય છે. વ્યવહારનો લોપ થઈ જાય છે. અરે...! ભગવાન કહે છે. એ તો એમ જ કહે છે. આ ચોથો સંપ્રદાય નીકળ્યો તમારામાંથી. ત્રણ તો છે—સ્થાનકવાસી, શ્વેતાંબર અને દિગંબર. ચોથો સંપ્રદાય ન નીકળે હોં! સ્વામીજી વિચાર કરજો. એમ કહે છે. જુગલકિશોર છેને દિલ્હીમાં? દિલ્હીમાં. આ તો પહેલાં .. પહેલાં વાંચ્યું હતું. લાઠીમાં વાંચ્યું હતું. ખબર છે, એ જ અધિકાર આજે આવ્યો.

અરે.. ભગવાન! આ તો પરમાત્માનો માર્ગ છે, પ્રભુ! આ કોઈ ચોથા (સંપ્રદાયનો) માર્ગ છે એમ છે જ નહિ. સર્વજ્ઞ પરમેશ્વર, જેને સર્વજ્ઞપદ અને વીતરાગપદ પૂર્ણ પ્રગટ થયા, વીતરાગ વિજ્ઞાનતા જેને પૂર્ણ થઈ ગઈ એની વાણીમાં ઇચ્છા વિના એમ આવ્યું કે ભગવાન! તું કેવો છો એમ પહેલાં નિર્ણય કરો કે હું તો રાગરૂપ, શુભરૂપ, વ્યવહારના વિકલ્પરૂપ હું સ્વયં પરિણમું એવો મારો સ્વભાવ જ નથી. સમજાણું કાંઈ? એ પરિણમન પરનું વિકલ્પનું પુદ્ગલનું છે, મારું નથી. આહા..હા..! ભિન્ન જ પાડી દીધું. જુઓ, વિકલ્પથી નિર્ણય કરવામાં આવો નિર્ણય કરે છે. આહા..હા..!

આમ ચૈતન્યબિંબ છે, જ્ઞાયકસ્વરૂપ છે, અનાકુળ આનંદસ્વરૂપ તત્ત્વ સત્ત્વ છે. તો કહે છે, હું આસ્રવથી કઈ વિધિથી નિવૃત્ત થાઉં? તો પહેલાં એવો નિર્ણય કરવો કે જેવી ચીજ છે એવા નિર્ણયમાં તને પહેલી ભૂમિકામાં થવો જોઈએ. એ વિકાર છે, પંચમહાવ્રતનો, દયા-દાનનો, નામ સ્મરણનો, પૂજા-ભક્તિનો એ રાગ છે. ભગવાન! એમ નિર્ણય કર તું. રાગરહિત તારે થવું છેને? તો રાગરહિત થવું છે એનો અર્થ શું થયો? રાગરૂપ પરિણમું એવો મારો સ્વભાવ જ નથી. આસ્રવથી નિવર્તવું એમ કહે છેને? તો આસ્રવથી નિવર્તે છે એનો અર્થ એ થયો કે આસ્રવરૂપ પરિણમન કરવું એવો એનો સ્વભાવ જ નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? પુસ્તક છે કે નહિ સામે? નામાને મેળવવા છેને.

ઓહો..! ભગવાન આત્મા છે એ અનાકુળ આનંદસ્વરૂપ છે. સમજાણું કાંઈ? ઉપર કોણ બેઠું છે? છોકરાઓ ઉપર ન બેસાય. નીચે ઉતરી જાઓ નીચે. કહો, સમજાણું કાંઈ? શું કહ્યું? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય શાંતમૂર્તિ પ્રભુ (છે). કહે છે કે ભગવાન! જો તારે આત્માની પ્રાપ્તિ કરવી હોય તો જેવો આત્મા છે એવો તારે પહેલાં જ્ઞાનમાં રાગની સાથે એવો નિર્ણય કરવો પડશે. સમજાણું કાંઈ? આત્માને પ્રાપ્ત કરવો હોય, આત્મા આનંદસ્વરૂપ છે, શાંતસ્વરૂપ છે, સ્વતંત્ર છે, સુખી છે આત્મા. આત્મા સુખસ્વરૂપ સુખી જ છે. આહા..હા..! એને તારે પ્રાપ્ત કરવો હોય તો પહેલાં એવો નિર્ણય કરવો જોઈએ કે હું વિકાર, પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત, ભક્તિનો જે ભાવ છે એ રૂપે સદા, સ્વયં સદા નહિ પરિણમનારો એવો હું છું. કેમકે એનાથી નિવૃત્ત થવું છે તો એનો અર્થ એ થયો કે એ રૂપ પરિણમવાનો મારો

સ્વભાવ હોય તો નિવૃત્ત કેવી રીતે થાઉં? સમજાણું કાંઈ? પહેલાં જ્ઞાનમાં આવો નિર્ણય ન કરે તો વસ્તુનું સ્વરૂપ આવું છે એવો નિર્ણય ન થાય તો વિકલ્પ છૂટીને તો સ્વરૂપ નિર્વિકલ્પ આનંદનો અનુભવ કઈ રીતે થાય? સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આ વાત જ ગળે ઉતરતી નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ જ વાત હજી ગળે ઉતરતી નથી. ગળે નથી ઉતરતી એટલે બેસતી નથી. બેસતી નથીને શું કહે છે? બેસતી નથી એમ કહે છે? જચતી નહિ. હજી આ બેસતી નથી. નહિ.. નહિ... નહિ. ભગવાન! ન બેસે તો તારે આત્મા પ્રાપ્ત નથી કરવો. તારે તો વિકાર પ્રાપ્ત કરવો છે. વિકાર તો અનાદિથી શ્રદ્ધામાં પ્રાપ્ત જ છે, શ્રદ્ધામાં. હું વિકાર કરું છું, વિકાર મારો છે. કર્તાકર્મ અધિકાર છેને? દયા, દાન, વ્રત, ભક્તિ, દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ એ પણ મારું કર્મ છે અને હું એનો કર્તા છું, હું એને પરિણમાવનાર છું અને એ મારા પરિણામ છે—એ તો અનાદિની વાત છે. એવો મિથ્યાત્વભાવ અનાદિથી છે. તો એવો નિર્ણય કરવો કે હું કર્તા ભગવાન અને હું રાગરૂપ પરિણમું એવો મારો સ્વભાવ જ નથી. સમજાણું કાંઈ? કહો, દીપચંદજી! બહુ કડક લાગે છે. ભારે કડક લાગે છે. આ વાત જ એવી છે, ભાઈ! આ દિગંબર સંતોએ કાંઈ ઘરની વાત નથી કરી. એવું વસ્તુનું સ્વરૂપ છે એવું ભગવાને કહ્યું, એવું અનુભવ્યું ને એવું કહ્યું છે. સમજાણું કાંઈ? કોઈ આ સંપ્રદાયની વાત નથી કે આ દિગંબર સંપ્રદાયમાં આમ છે ને શ્વેતાંબર સંપ્રદાયમાં બીજું છે. એવી કોઈ વાત છે જ નહિ અહીંયા. આ તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે. એમ કહે છે, જુઓને!

હું આવો છું કે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જે છે એ રૂપે પુદ્ગલ પરિણમે છે, પુદ્ગલ એનો સ્વામી છે, હું સ્વામી નથી. હું સ્વયં સદા વિકાર—રાગાદિ, પુણ્યાદિથી નહિ પરિણમનારો હું છું, એવું વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અર્થાત્ હું રાગરૂપે ન પરિણમું એવો મારો સ્વભાવ છે અર્થાત્ હું વીતરાગભાવરૂપે પરિણમું એવો મારો સ્વભાવ છે. આહા..હા..! વસ્તુ વીતરાગભાવ છે. જિન.. જિન.. 'જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ. જિન પ્રવચનસે સમજ લે જિન પ્રવચન કા મર્મ' જિન સોહી હૈ આત્મા. વીતરાગ સ્વરૂપનો પિંડ ભગવાન આત્મા છે. પુણ્ય-પાપ તો આસ્રવ થયા. ત્યાં આત્મા ક્યાં આવ્યો? શુભ-અશુભ તો આસ્રવ થયો. કર્મ અજીવ તો અજીવ થયા. તો આત્મા એવો છે કે વિકારરૂપે પરિણમવું એનો સ્વભાવ જ નથી. વ્યવહારરૂપે થવું એવો એનો સ્વભાવ જ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહાર કરો.. વ્યવહાર કરો.. વ્યવહાર કરો.. (તેનાથી) નિશ્ચય થાય છે. અરે! ભગવાન સાંભળ તો ખરો. આ નિશ્ચય અનુભવ થયો તો વ્યવહારરૂપે પરિણમવું એવો એનો સ્વભાવ જ નથી એમ કહે છે. વ્યવહાર વ્યવહારના સ્થાનમાં હો. પોતાનો સ્વભાવ વ્યવહારરૂપે પરિણમે એવો આત્માનો સ્વભાવ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અરે..! દુઃખના દાવાનળમાં સળગ્યો છે. સમજ્યા? 'દાહ લાગ્યા ડુંગરીયે બહેની, ક્યાં જઈ કહીએ?' દવ લાગ્યો ડુંગર. દવ સમજો છો? દવ અગ્નિ લાગે છે. 'દવ લાગ્યો ડુંગરીયે બહેની, ક્યાં જઈ કહીએ?' ભગવાન શીતળ આનંદસ્વરૂપ પરમાત્મા, આ એમાં પુણ્ય-પાપની અગ્નિ દવ ડુંગરે લાગ્યો છે, પ્રભુ! આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે એનાથી નિવૃત્ત થવું હોય તો પહેલાં એમ નિર્ણય કરવો કે એ રૂપે હું સદાય પરિણમનાર નથી. આહા..હા..! આસ્રવરૂપે પરિણમે એ આત્મા? વિકારરૂપે પરિણમે એ આત્મા? એ તો અનાત્મા છે. આસ્રવ પુણ્ય-પાપના ભાવ તો અનાત્મા છે. તો આત્મા અનાત્માપણે પરિણમે એવો સ્વભાવ છે? ઓહોહો..!

કહે છે.. કર્તાકર્મ છેને? હું પરિણમનાર, કર્તા નામ પરિણાનાર. 'કર્તા પરિણામી દ્રવ્ય', કર્મરૂપ પરિણામ; ક્રિયા પર્યાયની ફેરણી વસ્તુ એક અને ત્રય નામ. એવો શ્લોક છે. ૧૦૦મી ગાથા. બનારસીદાસનો છે. (મૂળ શ્લોક) છે અમૃતચંદ્રાચાર્યનો. કર્તા પરિણામી દ્રવ્ય-કરનાર હું પરિણામી. જ્ઞાનાનંદ સ્વભાવ હું આત્મા એ કર્તા પરિણામી દ્રવ્ય, કર્મરૂપ મારું કાર્ય તો વીતરાગ છે. વીતરાગ કર્મ અને કર્તા એવો ભેદ તો નથી, પણ હું કર્તા થઈને મારું પરિણમન થઈને હું પરિણમન કરું તો હું વીતરાગભાવરૂપ પરિણમું એવો મારો સ્વભાવ છે. વ્યવહારરૂપે પરિણમું એવો મારો સ્વભાવ ત્રિકાળ નથી, ત્રિકાળ નથી. સમજાણું કાંઈ? વ્યવહાર કરવો પડે કે નહિ? વળી એમ કહે લ્યો! શેઠ આવ્યા હતાને પહેલાં હુકમીચંદજી. જ્યારે એ મકાનનો શિલાન્યાસ થયો શિલાન્યાસ. એ મકાનનો. શિલાન્યાસ થયો (એ વખતે કહે), મહારાજ! વ્યવહાર કરવો પડેને. આ કર્યું ખરુંને. એ વ્યવહાર નહિ. સાંભળ તો ખરો, ભગવાન! અરેરે..! એ તો જડની ક્રિયા છે. શિલાન્યાસ થાયને? શિલાન્યાસને શું કહે છે? શિલાન્યાસ- મકાનનું મુહૂર્ત. પાયા નાખે. એ માટી નાખેને પાયામાં? બસ એ. શેઠ આવ્યા હતા હુકમીચંદજી ઈન્દોરવાળા. પછી ત્યાં આવ્યા માગશર સુદ, સમજ્યાને? (સંવત) ૨૦૦૨ની સાલ હતી. કરીને આવ્યા તો કહે, મહારાજ! કરવું પડેને. અરે.. ભગવાન! શું કરવું પડે? એ ક્રિયા તો જડની ક્રિયા છે.

અહીં તો કહે છે કે એમાં જે શુભભાવ થયો એ રૂપે હું પરિણમનારો નથી એમ પહેલાં નિર્ણય કર. આહા..હા..! સમજાણું કાંઈ? આખો દિ' વેપાર ધંધા કરવા, સંચાના વેપાર કરવા. જુઓ, વ્યવહાર કરવો પડે છે કે નહિ? તમે પણ કરો છો કે નહિ? અમે જોયું છે. તમે વ્યવહાર રાગ કરો છોને. તો શું અમે તમને જૈન નથી કહેતા? પાક્કા જૈન તમને કહીએ છીએ. કેમકે ઓલો રાગ આવે છે. ભક્તિ-પૂજામાં ભાગ લ્યો છે. તો રાગ કરનારને અજૈન કહેવા? તમે તો અજૈન નથી. તમે તો જૈન છો. પાક્કા જૈન છો. એમ લખ્યું છે એમાં. એય..! કોઈ કહે એ જૈન નથી. એ જૈન નથી, આ તો બધુ ઉથાપે છેને. ભગવાન સાંભળને. જૈન એટલે શું તને ખબર છે? આત્મા વીતરાગસ્વરૂપ છે એ જૈન છે અને હું રાગ ને

વિકાર સંસારના ઉદયભાવરૂપે નહિ પરિણમનારો એનું નામ જૈન છે. જૈન કોઈ સંપ્રદાય નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**પુદ્‌ગલદ્રવ્ય જેનું સ્વામી છે...**' સમજાણું કાંઈ? આહા..હા..! જુઓ, આ પદમાં કેટલું લીધું છે! નિર્મમની વ્યાખ્યા આ. કહે છે કે અમને મમતા નથી, પણ મમતા નથી એની વ્યાખ્યા શું? આ પુણ્ય-પાપપણે નહિ પરિણમવું એવો મારો સ્વભાવ છે એને નિર્મમ કહે છે. સમજાણું કાંઈ? કેટલી ટીકા અમૃતચંદ્રાચાર્યની ગજબ ટીકા! આહા..હા..! આવી ટીકા દિગંબર આચાર્ય અમૃતચંદ્રાચાર્ય. ભરતક્ષેત્રમાં ક્યાંય આવી ટીકા નથી. એવો મર્મ ખોલી દીધો છે જૈનદર્શનનો, વસ્તુદર્શન એવી વસ્તુ છે. એ કાંઈ વસ્તુ અતિરેક કરીને નથી કહેતા. વસ્તુ એવી છે. પ્રભુ! તું જ્યારે એમ કહે છે કે અમને આસ્રવ નામ વિકારથી નિવૃત્ત થવું છે, તો એનો અર્થ શું થયો? કે જો આસ્રવરૂપ પરિણમવાનો સ્વભાવ હોય તો એ આસ્રવથી નિવૃત્ત થવું એમ ક્યાંથી થાય? જો આસ્રવ નામ પુણ્ય-પાપરૂપે પરિણમન કરવું એવી તારી શક્તિ-સ્વભાવ હોય તો એનાથી નિવૃત્ત કઈ રીતે થશે? તો તારો સ્વભાવ પુણ્ય-પાપરૂપે પરિણમવું એવો છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પુદ્‌ગલદ્રવ્ય જેનું સ્વામી છે એવું જે...**' એમાં શું લખ્યું છે? વાંચો, શું ચાલે છે? ક્યાં ચાલે છે? ક્યાં ચાલે છે? શું કર્યો એનો અર્થ અહીંયા? શું અર્થ કર્યો અત્યારે? દસ મિનિટ ચાલ્યું કલાકમાં. વાંચનમાં હતા. બહારના પાના વાંચવામાં હતા. સમજાણું કાંઈ? અહીં તો પકડાય છે બધાય. આનો અર્થ સમજવો જોઈએ શબ્દેશબ્દનો. '**પુદ્‌ગલદ્રવ્ય જેનું...**' જેનું એટલે કોનું? ક્રોધાદિનું. ક્રોધ, માન, માયા, લોભ ઉત્પન્ન થાય છેને? તો ક્રોધ શબ્દે ક્રોધ-માનને દ્વેષ કહે છે અને માયા-લોભને રાગ કહે છે. ક્રોધ-માન બેને દ્વેષ કહે છે અને માયા-લોભને રાગ કહે છે. તો રાગ-દ્વેષનું પરિણમવું એ મારો સ્વભાવ જ નથી એમ કહે છે. હું તો વીતરાગરૂપ થાઉં એવો મારો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! બીજાને સમજાવી દઉં એવા વિકલ્પરૂપે પરિણમવું એ મારો સ્વભાવ જ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ આ તમે કરો છોને? આ મંદિર કરાવ્યું, કેટલા કરાવ્યા. એમ ભાઈએ લખ્યું છે. આટલા મંદિર તમે કરાવો છો, શું લોકોને ખેંચવા માટે કરો છો? શું છે તમારે? અરે..! ભગવાન! શું કહે છે? ભગવાન! એ તો જડની પર્યાય થવાની હોય તે થાય છે. શું આત્મા કરી શકે છે?

અહીં તો કહે છે કે રાગનું પરિણમવું એ પોતાનો સ્વભાવ નથી. થાય છે તો પુદ્‌ગલ દ્રવ્ય એનું સ્વામી છે. હું પરિણમું છું એવો હું નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પુદ્‌ગલદ્રવ્ય એટલે જડ પરમાણુ-કર્મ કે જેનો સ્વામી હું નથી. એવો જે વિકારભાવ-ક્રોધાદિ રાગ-દ્વેષભાવ. વિશ્વવ્યાપી. વિશ્વ એટલે અનેકપણું. પુણ્ય-પાપના અસંખ્ય પ્રકાર છે ને? શુભના અસંખ્ય પ્રકાર. અહીંયા તો કહે છે કે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવરૂપ

પરિણમવું એ મારો સ્વભાવ જ નથી એમ કહે છે, ભાઈ! સમ્યગ્દૃષ્ટિને જ એવો વિકલ્પ હોય છે. મિથ્યાદૃષ્ટિને એવો તીર્થંકરગોત્ર બાંધવાનો વિકલ્પ હોતો નથી. તો કહે છે કે હું પહેલાંથી માનું છું કે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવરૂપ પરિણમવું એવો મારો સ્વભાવ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? હું એ રાગરૂપ થાઉં, રાગરૂપ થાઉં એવો મારો સ્વભાવ ત્રિકાળ નથી. હું તો વીતરાગરૂપ થાઉં, વીતરાગરૂપે પરિણમું એવો મારો સ્વભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અરે..! એની દયા એને નહિ. એની દયા નથી. પોતાની દયા નથી કે હું ક્યાં જઈશ? ચોર્યાસીના અવતારમાં.. આહા..હા..! આંખ મીંચાઈને ક્યાં જઈશ? કોઈ આશ્રય નહિ, કોઈ સંગ નહિ, કોઈ સાથી નહિ. કેવું શરીર મળે? કેવા સંયોગ મળે? કેવા ક્ષેત્ર મળે? કેવા ભાવ હોય? કેવી બહારની પરિસ્થિતિ હશે? ઓહોહો..! જેને અંદરમાં આવો પરનો ખેદ નથી થયો અને પરથી ખસવાનો ભાવ નથી એને આ વાત રુચતી નથી. ઉપર ઉપરથી કરે છે, પણ રુચતી નથી. સમજાણું કાંઈ?

અહો..! ભગવાન આચાર્ય મહારાજ કરુણા કરીને કહે છે કે પ્રભુ! તું આવો તો વિચાર કર પહેલાં કે તારે જો દુઃખથી નિવર્તવું હોય તો કે દુઃખરૂપ પરિણમું એવો મારો સ્વભાવ જ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? શરીર, વાણી, મન તો બીજી ચીજ છે. એ રૂપે આત્મા થાય એમ તો છે નહિ, પણ દુઃખરૂપ જે પુણ્ય-પાપના વિકલ્પ ભઠ્ઠી-અગ્નિ છે એ રૂપે હું પરિણમવું સ્વયં સદા એમ છે જ નહિ. ત્રણે કાળે મારો આત્મા વિકારરૂપે થાય એવો મારો સ્વભાવ જ નથી. એમ પહેલાં સમ્યગ્દર્શન થયા પહેલાં પોતાની જ્ઞાનભૂમિકામાં આવો નિર્ણય વિકલ્પથી કરવો જોઈએ. કહો, સમજાણું?

આ કારણે હું મમતારહિત છું એમ પાછું. ક્યા કારણે હું મમતારહિત છું? કે મારું સ્વરૂપ જ પુણ્ય-પાપના પરિણમનરૂપ સ્વયં સદા નથી પરિણમતું તેથી હું પરથી મમતારહિત છું. વ્યવહારની મમતારહિત કેમ છું? કે વ્યવહારરૂપ નહિ પરિણમવાના મારા સ્વભાવને કારણે હું મમતારહિત છું. આહા..હા..! સમજાણું કાંઈ? '**પોતે સદાય...**' પાછું જુઓ, પોતે સદાય પાછો 'જ'. એકાંત થઈ જાય. 'જ'થી તો એકાંત થઈ જશે. કથંચિત્ પરિણમનાર અને કથંચિત્ નહિ એમ કરો, નહિતર એકાંત થાય છે.

**શ્રોતા :-** સમ્યક્ એકાંત થઈ જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, સદા સ્વયં સદાય. એકાંત થઈ જાય છે. શું આત્મા કર્મસહિત નથી? રાગસહિત નથી? આ આખો ભંડાર ભર્યો છે અને તમે જૈનશાસન વીતરાગભાવને કહો છો? બહુ દલીલ આવી છે. '**पस्सदि जिणसासणं सव्वं**' ભગવાન ૧૫મી ગાથામાં કહે છે,

जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।
अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।

પછી આચાર્યે લખ્યું છે કે આત્માને દેખે એ જિનશાસન છે, પણ એ જૈનશાસનનો અર્થ વીતરાગભાવ એ જૈનશાસન છે. આત્મા જે શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એમ અંતરમાં જોવું, અનુભવવું એ જૈનશાસન છે, તો જૈનશાસન તો વીતરાગભાવ થયો. તો વીતરાગભાવરૂપે થાઉં એવો મારો સ્વભાવ છે, પણ રાગરૂપે-વ્યવહારૂપે થાઉં એવો મારો ત્રિકાળમાં સ્વભાવ નથી, ત્રિકાળમાં સ્વભાવ નથી. એવો જ્ઞાન, દર્શન, આનંદનો પિંડ છું, એ પછી લેશે. મમતારહિત એ નાસ્તિથી લીધું. અસ્તિ પછી લેશે. જુઓ, હવે અસ્તિ લે છે.

**'णाणदंसणसमग्गो'** હું એવો છું કે રાગાદિ વિકલ્પરૂપ પરિણમવું એવો સ્વયં સદાય છું જ નહિ. ત્યારે હું છું કેવો? આહા..હા..! **'ચિન્માત્ર જ્યોતિનું,...'** હું તો જ્ઞાનમાત્ર આત્મા જાણનસ્વભાવમાત્ર આત્મા **'વસ્તુસ્વભાવથી જ,...'** મારા વસ્તુસ્વભાવથી. વસ્તુના સ્વભાવથી જ **'સામાન્ય અને વિશેષ વડે પરિપૂર્ણપણું હોવાથી,...'** સામાન્ય નામ દર્શનથી પરિપૂર્ણ છું અને જ્ઞાનથી પરિપૂર્ણ છું. રાગરૂપ સદા નહિ પરિણમવાનો મારો સ્વભાવ અને હું જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ છું. સામાન્યનો અર્થ દર્શન છે અને વિશેષનો અર્થ જ્ઞાન છે. મારો વસ્તુસ્વભાવ જ દૃષ્ટા-જ્ઞાતા એવો મારો સ્વભાવ એનાથી હું પરિપૂર્ણ છું, પરિપૂર્ણ છું. પર્યાયાદિની વાત અહીંયા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે ગજબ ગાથા! દેવચંદજીએ નાખી છે આ ગાથા, પણ ગાથા અલૌકિક ગાથા. શ્વેતાંબરમાં દેવચંદજી .. થયા છે. એણે દિગંબર નથી માન્યું પણ આ ગાથા નાખી છે આગમસાર બનાવ્યું છે એમાં. વસ્તુ એવી અલૌકિક છે. આવી ગાથા શ્વેતાંબરમાં ક્યાંય નથી ૪૫ સૂત્રમાં. સમજ્યા? એવી ચીજ છે. વસ્તુસ્થિતિ છે આ.

મુનિઓએ અંતર આત્માને ઢંઢોળીને આનંદથી જાગૃત કર્યો અને વિશેષ આનંદમાં લીન થયા એનું નામ મુનિપણું છે. ભાઈ! ભગવાન! મુનિપણા કોને કહે? પરમેશ્વર છે એ. મુનિપણું તો પરમેશ્વર છે. પંચપરમેષ્ઠીમાં પરમેશ્વર છેને? અગિયાર પડિમાધારી પંચમગુણસ્થાનવાળા પંચપરમેષ્ઠીમાં નથી આવતા. સમજાણું કાંઈ? પંચમ ગુણસ્થાન અગિયાર પડિમા અંદર ભાનસહિતની હોં! અનુભવ સહિતની અગિયાર પડિમા, કષાયની ઘણી મંદતા અને અકષાય પરિણમન એટલું આનંદનું થઈ ગયું છે તો પણ એ પંચમ ગુણસ્થાનમાં છે. એ પંચપરમેષ્ઠીમાં નથી આવતા. પંચપરમેષ્ઠીમાં નથી આવતા. ઓહોહો..!

જેને અંતરમાં પહેલેથી સમ્યગ્દર્શન થવા પહેલાં આવો નિર્ણય થયો હતો, હું વ્રતાદિના પરિણામરૂપે પરિણમું એવો મારો સ્વભાવ જ નથી. આહા..હા..! મહાવ્રતાદિ વિકલ્પ અને ભક્તિ આદિનો ભાવ એ રૂપે હું થાઉં, હું થાઉં સ્વયં સદા એવો હું છું જ નહિ. આહા..હા..! પછી અનુભવ કરીને સમ્યક્ થયું. પછી સ્વરૂપમાં સ્થિર થઈને આનંદની ચારિત્રદશા પ્રગટ

થઈ. સમજાણું કાંઈ?

'**ચિન્માત્ર જ્યોતિ...**' જ્યોતિ કેમ કહે છે? જેમ અગ્નિ છે એ બીજાને રાખ કરી નાખે છે, એમ ભગવાન આત્મા ચિન્માત્ર જ્યોતિ પોતાના સ્વભાવમાં જાગૃત થાય તો રાગનો તો નાશ કરી નાખે છે. વિકારનો રક્ષક તો નહિ, સ્વામી નહિ પણ રાગનો નાશ કરે છે એ પણ વ્યવહારથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આત્મા-આત્મા કરે છે એમ તો ઘણા કહે છે. આત્મા, અમે આત્મા. પણ આત્મા આવો હોવો જોઈએ એમ કહે છે. દુનિયા તો બહુ કહે છે. એક નાસ્તિક સિવાય બધા કહે છે, પણ જૈન પરમેશ્વર સર્વજ્ઞે કહ્યો એવો આત્મા આ છે. સમજાણું કાંઈ? આમ તો આત્મા બહુ આવે છે. ચાલી છે વાત, અહીંથી વાત ઘણી ચાલી છેને. ૩૩ વર્ષ થયા અહીંયાં, તો વાત ઘણી ચાલી છે. આત્મા વિના નહિ ચાલે વાત, નાખો નામ. પછી ભલે ગડબડ ઉડાવે. પણ એવો આત્મા નથી. આત્મા આવો હોવો જોઈએ.

એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ જ્ઞાન અને દર્શન, સામાન્ય અને વિશેષ બે સ્વભાવ એના છે. એનાથી હું પરિપૂર્ણ. જુઓ, પરિપૂર્ણ શબ્દ પડ્યો છે. '**समग्गो**' છેને '**समग्गो**' સમગ્ર. સમગ્ર જ્ઞાન અને દર્શન સ્વભાવથી હું ભરપૂર ભરેલો પરિપૂર્ણ છું. સમજાણું કાંઈ? એવો પરિપૂર્ણ હોવાથી હું જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ છું. '**સામાન્ય અને વિશેષ વડે પરિપૂર્ણપણું (આખાપણું) હોવાથી, હું જ્ઞાનદર્શન વડે પરિપૂર્ણ છું.**' જુઓ, ત્રણ વિશેષણ આવ્યા. '**एकः**' '**शुद्धः**' '**निर्ममतः**' ત્રણ અને જ્ઞાનદર્શન અસ્તિ આવ્યા. ચાર આવી ગયા. જુઓ, આવું તો રાગમિશ્રિત વિચારમાં ધર્મ પામ્યા પહેલાં શાસ્ત્રથી જ્ઞાન કરતાં, સાંભળીને જ્ઞાન કરતી વખતે પહેલાં આવો નિર્ણય કરે છે. એનો અર્થ એ થયો કે શાસ્ત્રકાર અને જ્ઞાનીને એમ કહેવું છે. આત્મા આવો જ કહેવો છે. તો જેવો છે એવો પહેલાં વિકલ્પથી નિર્ણય કરે છે. સમજાણું કાંઈ?

'**આવો હું...**' લ્યો! '**આવો હું આકાશાદિ દ્રવ્યની જેમ...**' જેમ આકાશ પદાર્થ છે, પરમાણુ પણ એક પદાર્થ છે, કાળાણું આદિ પદાર્થ છે, એમ આકાશાદિ એટલે ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ છ દ્રવ્ય છેને? એમાં આત્મા સિવાય પાંચ દ્રવ્યો છે. જેમ વસ્તુ '**આકાશાદિ દ્રવ્યની જેમ...**' પદાર્થની જેમ '**પારમાર્થિક વસ્તુવિશેષ છું.**' પરમાર્થ નામ ખરેખર વસ્તુવિશેષ ખાસ વસ્તુ છું. સમજ્યા? ખરેખર વસ્તુવિશેષ છું. ખાસ વસ્તુ છું. હું વસ્તુ ખાસ છું. વસ્તુ છું તો વળી વસ્તુ છું તો એવો વિકલ્પ વસ્તુ છું.. વસ્તુ છું... તો પરથી ભિન્ન પડી ગયો. પણ ભિન્ન જ છે. તો વિશ્વવાત્સલ્ય રહ્યું નહિ એમ કહે છે કેટલાક. અરે..! ભગવાન એમ કહે છે. સર્વ એક છે એમ માનો તો વિશ્વવાત્સલ્ય રહેશે. અહીં એ તો નહિ, હું પરથી ભિન્ન વસ્તુ છું. આકાશાદિ જેમ સ્વતંત્ર પદાર્થ છે, એમ હું પણ એક રાગાદિરૂપ નહિ પરિણમનારો અને જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ ભગવાન એવો હું આકાશાદિ પદાર્થની જેમ ખાસ પદાર્થ છું, ખાસ

વસ્તુ છું. આવો નિર્ણય સમકિત પહેલાં કરવો જોઈએ. સમજાણું કાંઈ?

'**તેથી હવે...**' આ કારણે. એવી ચીજ છું તેથી '**તેથી હવે હું સમસ્ત પરદ્રવ્યપ્રવૃત્તિથી નિવૃત્તિ વડે...**' એ શબ્દમાં થોડો ફેર થઈ ગયો છેને? પ્રવૃત્તિથી નિવૃત્તિ વડે એમ છે ને? એટલો થોડો શબ્દ. પરદ્રવ્યપ્રવૃત્તિથી નિવૃત્તિ વડે. શબ્દમાં ફેર પડી ગયો. પાઠમાં એમ છેને. '**तदहमधुनास्मिन्नेवात्मनि निखिलपरद्रव्यप्रवृत्तिनिवृत्त्या**' પરદ્રવ્યપ્રવૃત્તિ. એવો હું ભગવાન આત્મા છું તો પરદ્રવ્યની પ્રવૃત્તિનો વિકલ્પ આદિ છે એનાથી નિવૃત્તિ. વિકલ્પ જે છે શુભાદિ એ બધા પરદ્રવ્ય. પરદ્રવ્યની પ્રવૃત્તિ જે રાગાદિ છે એનાથી નિવૃત્તિ. '**પરદ્રવ્યપ્રવૃત્તિથી નિવૃત્તિ વડે...**' આહા..હા..! એવો હું છું તેથી. સ્વતંત્ર હું એવો પદાર્થ છું તેથી સમસ્ત પરદ્રવ્યપ્રવૃત્તિથી નિવૃત્તિ વડે '**આ જ આત્મસ્વભાવમાં નિશ્ચળ રહેતો થકો,...**' એવા આત્મામાં હું વસ્તુ છું તો એમાં નિશ્ચળ રહેતો થકો. એ પર્યાય થઈ. એવા આત્મસ્વભાવમાં, એવા આત્મસ્વભાવમાં પ્રવૃત્તિથી નિવૃત્તિ કહીને? તો રાગાદિમાં પ્રવૃત્તિ હતી એનાથી નિવૃત્તિ. તો નિર્મળ પ્રવૃત્તિ પર્યાય થઈ. એમાં નિશ્ચળ રહેતો થકો. અહીંયાં તો હજી નિર્ણય કરે છે કે એનાથી નિવર્તીને મારા સ્વરૂપમાં નિશ્ચળ રહેતો થકો. હું જ્ઞાનાનંદ સ્વભાવ છું એની પ્રવૃત્તિ અને રાગાદિ પ્રવૃત્તિથી નિવૃત્તિ. રાગાદિ-પુણ્યાદિ પ્રવૃત્તિથી નિવૃત્તિ. પરદ્રવ્યની પ્રવૃત્તિથી નિવૃત્તિ. પોતાના સ્વરૂપની પરિણતિ એ પ્રવૃત્તિ. એ એમાં આવી ગયું. એવો શબ્દ નથી લીધો.

શું લીધું છે? સમસ્ત પરદ્રવ્ય. વિકલ્પાદિ શુભાદિ કોઈપણ વસ્તુ બધી પરદ્રવ્ય. એનાથી પ્રવૃત્તિથી એમાં રોકાવાથી નિવૃત્તિ થઈ ગઈ-ખસી ગયો. ખસીને આવા આત્મસ્વભાવમાં-જ્ઞાનદર્શન આદિ સ્વભાવ છે એવા સ્વભાવમાં નિશ્ચળ રહેતો થકો, એમાં એકાગ્ર રહેતો થકો, સ્થિર રહેતો થકો. જુઓ, '**નિશ્ચળ રહેતો થકો,...**' એવા સ્વભાવમાં નિશ્ચળ રહેતો થકો. હજી તો વિકલ્પથી આવો નિર્ણય કરે છે. હું આમ અંદર નિશ્ચળ રહેતો થકો આસ્રવથી નિવૃત્ત થાઉં છું. સમજાણું કાંઈ?

'**સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી...**' લ્યો! પહેલાં કહ્યું હતું કે પુણ્ય-પાપ આદિ પુદ્ગલ જેનું સ્વામી છે. વળી અહીંયાં કહ્યું કે જે '**પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતાં જે ચંચળ કલ્લોલો...**' પોતાની પર્યાયમાં કર્મના નિમિત્તથી નૈમિત્તિક પોતાની પર્યાય. નિમિત્તથી કહ્યું એનો અર્થ એવો નથી કે કર્મના નિમિત્તથી પોતામાં કલ્લોલો થયા છે. આહા..હા..! સિદ્ધ કરે છે. એમાં એમ લીધું ને કે વિકારી ભાવનો સ્વામી તો પુદ્ગલ છે. તો શું થયું? પુદ્ગલને કારણે વિકાર થતો હતો એનો ખુલાસો કર્યો કે એ પરિણમન તો પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતા. પોતાનો જ્ઞાનાનંદ સ્વભાવ ચેતનમાં કર્મના નિમિત્તથી પોતાની પર્યાયમાં નૈમિત્તિક દશામાં ચંચળ કલ્લોલો ઉત્પન્ન થતા હતા. ચંચળ કલ્લોલ પુણ્ય-પાપના વિકલ્પ, ચંચળ કલ્લોલ, ચપળ કલ્લોલ, અસ્થિર દશાનો વિકલ્પ. સમજાણું કાંઈ? ભાઈ! અધ્યાત્મ વાત એવી છે, સૂક્ષ્મ વાત છે. આહા..હા..!

એક મૃત્યુ આવેને. મૃત્યુ આવ્યું હોય. અરે..! મને પા કલાક દ્યો વખત હું મારો વિચાર કરી લઉં. હજી વખત મેં લીધો નથી હોં! હવે મારું મૃત્યુ આવ્યું. અરે..! મૃત્યુ આવ્યું. ડોક્ટર કહે કે હવે પા-અડધો કલાક છે. અરે..! મેં વખત કાઢ્યો નહિ. થોડો અડધો કલાક દ્યો. કોણ દે? અડધો કલાક મને અંતર વિચાર કરવાનો મળે તો મૃત્યુ.. આહા..હા..! કહો, ફૂલચંદભાઈ! રોવે પછી હોં. અરેરે..! આહા..હા..! રોવે છે કીધુંને. જોયા હતા. ગામમાં કર્તા હર્તા. કાંઈ કર્યું નહિ મરતા શ્વાસ ઉપડ્યો. આંખમાંથી આંસુ ચાલ્યા જાય. અરે..! અડધો કલાક, પા કલાક પણ મેં વખત લીધો નહિ. આ .. આડે. બાપુ! પહેલાં કર્યું નહિ, ભાઈ! સમજ્યા? ઘર બળે અને પછી કૂવા ખોદાવવા. કૂવા સમજ્યા? કૂવા. ઘર બળ્યા પછી કૂવા ખોદાવે પાણીના. ત્યાં બળી જશે, હવે સાંભળને. આહા..હા..! અરે..! ભગવાન! એ મૃત્યુ આવ્યા પહેલાં, દેહની સ્થિતિ પૂરી થયા પહેલાં આવો નિર્ણય કરવો જોઈએ. પછી પા કલાક નહિ મળે. જે સમય છે એ સમયે છૂટશે. સમજાણું કાંઈ? આહા..હા..!

શ્વેતાંબરમાં આવે છે. ભગવાનનો દેહ છૂટ્યોને જ્યારે મહાવીર પ્રભુનો. તો ઈન્દ્રો હતા. પ્રભુ! અત્યારે તમારે નામ ઉપર ગ્રહ છે. તો પછી ધર્મમાં ઘણાં વિઘ્ન આવશે. નાથ! એક ઘડી આયુષ્ય વધારી દ્યો. એવું શ્વેતાંબરમાં આવે છે. પ્રભુ મોક્ષ પધારે છેને જ્યારે ત્યારે ભસ્મ ગ્રહ હતો એ સમયે. એમ કહે છે લોકો. ઈન્દ્ર આવીને કહે છે, મહારાજ! એક ઘડી આયુષ્ય વધારો હોં. ભસ્મ ગ્રહ છે. પછી ધર્મનો ઘણો વિરોધ થશે. ભગવાન કહે છે કે એક સમય પણ વધે નહિ. ભગવાનને કોણ કહે છે. કલ્પિત વાત છે.

એ તો ... એ તો કાલે કહેતો હતો ઓલો સાધુ આવ્યો હતો. સ્થાનકવાસી સાધુ એક છેને આવ્યા હતા. સાંજે એક કલાક આવ્યા હતા. એ એમ કહે, આમ ભગવાનને .. એ તો ક્યાં છે ભાઈ કોને કહેવું?

**શ્રોતા :-** સિદ્ધાંત શું નીકળ્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સિદ્ધાંત એ કે આયુષ્યનો એક સમય પણ કેવળીનો વધારી શકાય નહિ. જે સમયે દેહ છૂટવાનો, મોક્ષ થવાનો, કેવળજ્ઞાન પામવાનો છે એ જ સમય છે. આ દેહ છૂટવાનો કાળ આવ્યો. એ ભાઈ! ધ્રુજી ઊઠે. આખું શરીર ધ્રુજી ઊઠે. મને એવું લાગે છે કે હું નહિ બચી શકું. મેં મારા આત્માનું તો કાંઈ કર્યું નહિ. અરેરે.. મેં કર્યું નહિ. હવે થોડો અડધો કલાક તો આયુષ્ય દઈ દ્યો.

એક પત્નિ હતી. તેના પતિના મૃત્યુનો છેલ્લો સમય આવી ગયો. ડોક્ટર આવ્યા. કહે અરે.. ભાઈ! થોડું એનું જીવન આપી દ્યો તો પાંચ લાખ તમને આપું. પાંચ લાખ. પાંચ લાખ રૂપિયા શું, એ તો આયુષ્યની સ્થિતિ પૂરી થઈ ગઈ. ખલાસ થઈ ગયો. મૃત્યુનો ઘંટ વાગી ગયો. ચાલ્યા જાવ અહીંથી. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! મૃત્યુ અને હોંશ કેમ? એમ પૂછ્યું. જોરાવરનગરમાં. ... છેને જોરાવર? ત્યાંથી આવ્યા. એક માસ્તર હતા

એમણે પ્રશ્ન કર્યો રાત્રે. મહારાજ! આ મૃત્યુ છે અને એના મોઢા ઉપર હરખ કેમ છે? મૃત્યુ તો છે આ છૂટી જશે. મારું શું થશે? એવો વિચાર કેમ નથી આવતો? હરખ કેમ થાય છે? દરકાર નથી. અરેરે..! ઘડીકમાં આ તો છૂટશે. આ તો રાખ છે, ધૂળ છે. આહા..હા..! ૫૦-૧૦૦ માણસ કુટુંબ એકઠું થયું હોય તો મદદ કરે કે નહિ? પૈસાની કરે મદદ? કરોડ-બરોડ. તમારા છોકરાને થાય છેને? શું થાય છે? બ્લડ પ્રેશર. બે-ત્રણ કરોડ રૂપિયા કરી નાખ્યા. કાંઈ ન બન્યું. એં..એં.. કરે છે. ધૂળમાંય ક્યાં એના હતા તો એને મદદ કરે. આહા..હા..! ભગવાન! તારી દેહની સ્થિતિ પૂરી થયા પહેલાં આવો નિર્ણય કરવો જોઈએ. પછી વખત મળશે નહિ. સમજાણું કાંઈ? કેટલાકને તો ૫૦-૫૦ વર્ષ નીકળી ગયા, ૪૦ નીકળી ગયા, ૬૦-૬૦ થઈ ગયા, ૭૦-૭૦ નીકળી ગયા. કેમ? ચંદુભાઈ!

**શ્રોતા** :- મારે તો ૮૫ નીકળી ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, ૮૫.

કહે છે કે ભાઈ! અરે..! ટાણે કામ ન કર્યું પછી તારે પસ્તાવું પડશે હોં! પછી રોયે પણ તારું દુઃખ નહિ મટે, ભગવાન! આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ!

આચાર્ય કહે છે, જુઓ. પ્રભુ! અમને આસ્રવથી દુઃખથી નિવૃત્તિ કેમ થાય? તો પહેલાં એવો નિર્ણય કર કે હું દુઃખરૂપ થનાર છું જ નહિ. દુઃખનો સ્વામી પુદ્ગલ છે, હું નહિ. પણ મારામાં ચંચળ કલ્લોલો. '**ચૈતન્યમાં થતાં જે ચંચળ કલ્લોલો...**' જુઓ ભાષા. '**તેમના નિરોધ વડે...**' કલ્લોલોને રોકીને. નિરોધનો અર્થ કલ્લોલો ઉત્પન્ન થયા છે અને એને રોકે છે એમ પ્રશ્ન નથી. સમજાવામાં કેમ સમજાવે? '**ચંચળ કલ્લોલો તેમના નિરોધ વડે...**' જે ચંચળ કલ્લો વિકલ્પ ઊઠે છે-વિકલ્પ દયા, દાન, વ્રત એ ચંચળ કલ્લોલ છે એને રોકવાથી. રોકવાનો અર્થ? એ ઉત્પન્ન થયા એને રોકવાના નથી. સમજાણું કાંઈ? પણ એ તરફનું લક્ષ છોડીને પોતાના જ્ઞાયકમાં એકાકાર થવાથી ચંચળ કલ્લોલના નિરોધ વડે '**આને જ (આ ચૈતન્યસ્વરૂપને જ) અનુભવતો થકો,...**' જુઓ, હજી તો નિર્ણય કરે છે હોં આવો. હું, જે ચંચળ કલ્લોલો ઉત્પન્ન થાય છે તેનો નિરોધ કરીને આત્મસ્વભાવમાં. જુઓ, ચૈતન્યસ્વરૂપને જ અનુભવતો થકો. કૌંસમાં નાખ્યું છે. નિરોધ વડે આને જ. આને એટલે આત્માને. આને એટલે આત્માને. આત્મા કેવો છે? જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ છે. એવા ભગવાન આત્માને અનુભવતો થકો. અનુભવન. એને અનુસરીને આનંદરૂપ થતો થકો. લ્યો, આ વિધિ. સમજાણું કાંઈ? એ વિધિ નથી બતાવી એમાં કે પહેલાં જાત્રા કાઢો. પાંચ-પચ્ચીસ લાખ ખર્ચો.

**શ્રોતા** :- મંદિર બનાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મંદિર બનાવો. પહેલી પ્રભાવના બહાર કરો, પછી તમને ધર્મ થશે. આહા..હા..! વીતરાગી આચાર્યો વીતરાગી સંતોની પદ્ધતિ કેટલી કરુણામય છે. ભાઈ! આ વસ્તુની વિધિ છે, બીજી વિધિ નથી. આહા..હા..! તારે એકલાએ દુઃખ ભોગવવાનું

છે તો તારે એકલાએ નિર્ણય કરવો પડશે. ઝાઝા બધા નિર્ણય કરે તો હું આવો નિર્ણય કરું એમ નહિ. બહુ માને આવી વાત તો હું માનું એમ નહિ. તું એકલો નિર્ણય કર. સમજાણું કાંઈ?

**'અનુભવતો થકો,...'** શું કહે છે? પાછી ત્રણ વાત લીધી. પહેલાં, વિકારરૂપ નહિ પરિણમનારો, વિકારનો સ્વામી પુદ્‌ગલ એવો હું દ્રવ્ય. ત્યાર બાદ મારી પર્યાયમાં કલ્લોલો ઉત્પન્ન થતાં હતા તેનો પોતાના અનુભવ વડે નિરોધ કરીને અને પછી બીજી વાત લીધી **'પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા...'** જુઓ! પાછો વિકાર પણ પોતાના અજ્ઞાનથી ઉત્પન્ન થતો હતો. સમજાણું કાંઈ? પોતાના અજ્ઞાનથી. પોતે શુદ્ધ નિર્મળ જ્ઞાનદર્શન આનંદ સ્વભાવનું ભાન નહિ હોવાને લીધે **'અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા...'** જુઓ, સમજાણું કાંઈ? કોઈ પરે ઉત્પન્ન કરાવ્યા એમ નહિ. વિકાર પરમાં ઉત્પન્ન થાય છે એમ નહિ એમ બતાવે છે. પહેલાં એમ કહી ગયા કે પુદ્‌ગલદ્રવ્ય એનો સ્વામી છે. એ તો હું દ્રવ્ય એવો છું કે વિકારરૂપે નહિ પરિણમનારો, પણ પર્યાયમાં કર્મના નિમિત્તથી મારામાં કલ્લોલ ઉત્પન્ન થાય છે તેને આત્માના અનુભવથી રોકું છું. અને પોતાના અજ્ઞાનથી ઉત્પન્ન થનારાએ પુણ્યપાપના વિકલ્પો. જુઓ, કર્મથી ઉત્પન્ન થનારા એમ નથી લખ્યું. સમજાણું કાંઈ? પહેલાં વ્યવહાર સિદ્ધ કર્યો? પહેલાં નિશ્ચય સિદ્ધ કર્યો. વિકારનો સ્વામી પુદ્‌ગલ છે. હું એ રૂપે પરિણમનારો નથી. પછી એમ સિદ્ધ કર્યું તે મારી પર્યાયમાં કલ્લોલ ઊઠે છે. નિમિત્ત કર્મ છે, મારામાં ઊઠે છે. પછી નિમિત્તને દૂર કરી નાખ્યું. મારા અજ્ઞાનથી મારામાં ઉત્પન્ન થતા હતા, એમ કહ્યું.

મારું સ્વરૂપ ચૈતન્ય જ્ઞાન અને આનંદ એનો મને બોધ નથી, એનું ભાન નથી તેથી અજ્ઞાનથી, **'પોતાના અજ્ઞાવ વડે...'** ભાષા જુઓ, કર્મ વિકાર કરાવે છે (એમ નથી કહ્યું). પહેલાં પુદ્‌ગલનો સ્વામી આવ્યો. પુદ્‌ગલ કરાવે છે એમ કહ્યું. પણ કઈ અપેક્ષાથી કહ્યું હતું? મારું દ્રવ્ય વિકારરૂપે પરિણમનાર નથી તો વિકારનો સ્વામી પુદ્‌ગલ છે એમ કહ્યું હતું. સમજાણું કાંઈ? પણ પર્યાયમાં? એમ કહે છે હવે, પર્યાયમાં?

હા, એ દ્રવ્યની વાત કરી હતી. મારો દ્રવ્યસ્વભાવ વસ્તુ રાગરૂપ થાઉં એવું મારું સ્વરૂપ જ નથી. પુદ્‌ગલ એનો સ્વામી છે. પછી કહે છે કે એ પર્યાય ચંચળ કલ્લોલ કર્મના નિમિત્તથી તારામાં ઉત્પન્ન થાય છે. પછી કહ્યું કે એનો નિરોધ મારા સ્વભાવ તરફના પુરુષાર્થથી અનુભવ કરીને એનો નિરોધ કરું છું. અને **'પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતાં જે આ ક્રોધાદિક ભાવો...'** જુઓ, ત્યાં ક્રોધાદિ લીધું, એવો ક્રોધ અહીંયા લીધો. વાંચે નહિ, વિચારે નહિ, મનન ન કરે અને એક કડી ઉપાડે પછી બીજી કડીનો અર્થ શું થાય એની ખબર નહિ. એમ ન ચાલે, ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે. આ કાંઈ પાંચ-પચાસ માણસ સમજી લે તો એ માર્ગ છે એમ નથી. આ તો અનાદિથી અનંત તીર્થંકરો કહે છે, સર્વજ્ઞો

જાણે છે, ઈન્દ્રો માને છે, ગણધરો અનુભવે ઈ વાત છે આ તો. આ કોઈના ઘરની નથી. સમજાણું કાંઈ?

જુઓ, આ વ્યવહાર મારી પર્યાયમાં મારા દોષથી ઉત્પન્ન થતો હતો એમ કહે છે. '**અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતાં જે આ ક્રોધાદિક ભાવ...**' એટલે રાગ-દ્વેષભાવ, પુણ્ય-પાપ ભાવ '**તે સર્વને ક્ષય કરું છું...**' લ્યો! '**णेमि**' છેને? '**खयं णेमि**' હું ક્ષય કરું છું. એવો નિર્ણય કરે છે. હું ક્ષય કરું છું એનો. સમજાણું કાંઈ? '**ક્ષય કરું છું—એમ આત્મામાં નિશ્ચય કરીને,...**' લ્યો! પહેલાં આત્મામાં આ રીતે નિશ્ચય કરીને. પછી શું થાય છે તે કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

# શ્રી સમયસાર, પરિશિષ્ટ બોલ-૩-૪-૫, પ્રવચન નં.૫૦૫, તા.૧૩-૫-૧૯૬૮ (૨)

હિન્દીમાં ૫૭૪. જુઓ, હિન્દી છેને બીજા પુસ્તકો? થઈ રહ્યા છે? કોઈને ન હોય તો દ્યો. શું કહે છે એમાં? અહીંયાં ચૌદ બોલ અનેકાંતના ચાલે છે. અનેકાંતમાં ગડબડ ચાલે છેને અત્યારે, કે આત્મામાં એક સ્વભાવના આશ્રયે ધર્મ થાય અને અનેક સ્વભાવના આશ્રયે પણ ધર્મ થાય છે, એનું અહીંયા ખંડન કરે છે. સમજાણું કાંઈ? એક સ્વભાવ આત્મા.. શું કહે છે? જુઓ, ત્રીજો બોલ છે.

'**જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ અનેક જ્ઞેયાકારો વડે (-જ્ઞેયોના આકારો વડે)...**' શું કહે છે જુઓ, આ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે એ જ્ઞેયાકારો વડે. ભિન્ન-ભિન્ન રાગ અને ભિન્ન-ભિન્ન જે પરપદાર્થ છે એના આકારે પોતાની પર્યાય પોતામાં અનેક જ્ઞાનપર્યાયરૂપી પરિણતિ છે એ પરથી પરિણમતી નથી. સમજાણું કાંઈ, પંડિતજી? શું કહ્યું જુઓ. જ્ઞાનમાત્રભાવ ભગવાન જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય પદાર્થ '**અનેક જ્ઞેયાકારો વડે...**' નિમિત્ત દ્વારા એટલી વાત છે હોં! જુઓ, નિમિત્ત દ્વારા તો આવ્યું. '**(જ્ઞેયોના આકારો વડે)...**' એટલે જે જ્ઞેય છે, પોતામાં જે રાગ થાય છે, નિમિત્ત છે એનો સ્વભાવ જે છે એના આકારે પોતાનું જ્ઞાન પોતામાં પરિણમે છે કે આ રાગ છે, આ દયા છે, આ વિકલ્પ છે, શરીર છે, શરીરમાં આવી ક્રિયા થાય છે—એમ પરના નિમિત્તથી પોતામાં પોતાને કારણે જ્ઞાનની પર્યાયનું અનેકરૂપ થવું પોતાનો સ્વતઃ સ્વભાવ છે. સમજાણું કાંઈ? આ તો વાત અનેકાંત છે. સભામાં નક્કી કર્યુંને? રસ્તામાં ચાલી હતી. હમણા સભા થઈને, એમાં નક્કી કર્યું. કથંચિત્ વ્યવહારથી થાય, કથંચિત્ નિશ્ચયથી એવો નિકાલ કરો. પરિષદ સભામા એવું કાંઈક નક્કી થયું છે. વિદ્વત પરિષદમાં. જંગલમાં રસ્તામાં ચાલતા હતા. એ વાતનું અહીંયા ખંડન છે.

પોતાનું સ્વરૂપ જ્ઞાનસ્વભાવ આનંદ આદિ અનેક ભાવસ્વરૂપ છે. એ પર નિમિત્તના સંબંધમાં પોતાની પર્યાય, પોતાથી, પોતામાં અનેક અવસ્થારૂપ થાય છે; પણ એ અવસ્થા છે, અનેક છે. એવી અનેકતા નથી એમ નહિ, પણ અનેકના આશ્રયે ધર્મ થાય છે એમ નથી. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત અનેકાંતની. પશુ કહે છે અહીં તો. આગળ કહેશે. આમ ન સમજે તે પશુ છે. ભગવાન આત્મા વસ્તુસ્વરૂપે જ્ઞાનાનંદ રૂપે એક સ્વભાવ હોવા છતાં વર્તમાન જ્ઞાનની અવસ્થામાં અનંત જે છ દ્રવ્ય છે એ છ દ્રવ્યના લક્ષમાં પોતાની પર્યાયમાં અનેકરૂપનું પરિણમન

અવસ્થામાં પોતાથી પોતામાં થાય છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે '**પોતાનો સકળ (આખો, અખંડ) એક જ્ઞાન-આકાર ખંડિત થયો માનીને...**' અરે..! આ છ દ્રવ્યને જાણવું તે પોતાની પર્યાયમાં અનેકરૂપ થયો તો અનેકરૂપ થયો તો મેલ થયો એમ અજ્ઞાની માને છે. અનેકરૂપ જ્ઞાનનું પરિણમન થવું એ તો પર્યાયનો પોતાના અંશનો સ્વભાવ ધર્મ છે. છતાં અજ્ઞાની (માને છે કે) પરના નિમિત્તથી પોતામાં અનેકપણું થાય એ દોષ છે, એને કાઢી નાખો તો પોતાનું સ્વરૂપ એકરૂપ રહે. એ ભ્રાંતિ છે, મિથ્યાત્વ, અજ્ઞાન છે. સમજાણું કાંઈ?

'**પોતાનો સકળ એક જ્ઞાન-આકાર ખંડિત થયો માનીને નાશ પામે છે,...**' અરે..! હું અનેકરૂપ થઈ ગયો. પણ અનેકરૂપ તો પર્યાય થઈ છે. વસ્તુ તો એકરૂપ છે. સમજાણું કાંઈ? ઘણો સૂક્ષ્મ બોલ છે. વસ્તુ જે છે આત્મા અસંખ્ય પ્રદેશી એકરૂપ એ તો એક અવસ્થા એક જ ભાવરૂપ છે, એકભાવરૂપ છે, પણ એની પર્યાયમાં નિમિત્તના લક્ષે પોતાની યોગ્યતામાં અનેકરૂપ જ્ઞાનની પર્યાય થવી એ પણ પોતાની પર્યાયનો સ્વતઃસિદ્ધ ધર્મ છે. સમજાણું કાંઈ? એ નથી માનતો. ના અરે..! જ્ઞાન અનેકરૂપ કેમ થયું? તો અનેકમાં એક કરવા જાય છે તો અનેકનો નાશ કરે છે તો પર્યાયધર્મનો એ નાશ કરે છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે આ.

અહીં તો ઈ કહે છે કે આત્માની જ્ઞાન પર્યાય છેને વર્તમાન જ્ઞાન અવસ્થા, એમાં ભિન્ન-ભિન્ન રાગ—દયા, દાન, વિકલ્પ જે ઊઠે છે એ સંબંધીના જ્ઞાનની પર્યાય પોતાથી પોતામાં પરિણમે છે, રાગના જ્ઞાનરૂપ થાય છે, વિકાર થાય છે તેનું જ્ઞાન થાય છે તો પોતાની જ્ઞાન પર્યાયમાં અનેકપણું થવું, વિકારરૂપ થવું એ નહિ. સમજાણું કાંઈ? વિકારરૂપ અનેકપણું થવું એ અહીંયા નહિ, પણ વિકાર ભિન્ન-ભિન્ન જે વ્યવહાર થાય છે એનું જાણપણું પોતાની પર્યાયમાં અનેકપણું થાય છે એ વાસ્તવિક છે. અનેકપણાનું જ્ઞાન એક સમયમાં થવું એ વાસ્તવિક છે. તો એ અનેકપણું થતાં એ ખંડ-ખંડ થઈ ગયું એમ માનીને એ અનેકપણાનું જ્ઞાન કાઢી નાખે છે, તે આત્માનો નાશ કરે છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે ભાઈ આ. અનેકાંતના ચૌદ બોલની ઘણી સૂક્ષ્મ વાત છે.

'**ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) દ્રવ્યથી એકપણું પ્રકાશતો થકો...**' પર્યાય તો છે એમ કહે છે. હું દ્રવ્યથી, વસ્તુથી એકરૂપ જ છું. જ્ઞાયક ચિદાનંદ સ્વભાવ એકરૂપ જ છું. એનો મને આશ્રય છે એમાં તો એકપણું જ છે, પણ એકપણું હોવા છતાં પર્યાયમાં અનેકપણું હોવા છતાં પોતાના સ્વભાવનો નાશ થતો નથી. ભારે! નવનીતભાઈ! છે અનેક. અનેકપણું છે. જ્ઞાન કરવા માટે છે. સમજાણું કાંઈ? જ્ઞાનની પર્યાય અનેકરૂપ થાય છે એવું જ્ઞાન કરવા માટે છે, આશ્રય કરવા માટે નહિ. અહીં વ્યવહાર-નિશ્ચયનું બેયનું જ્ઞાન કરાવે છે. નિશ્ચય એકરૂપ છે, વ્યવહાર પર્યાય અનેકરૂપ છે, બેય છે. અનેકરૂપ છે. અનેકરૂપ છે તેને ન માને

તો વ્યવહારનું માનવું ન થયું, તો તેને નિશ્ચયનો પણ આશ્રય નથી.

**શ્રોતા** :- આશ્રય લે તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આશ્રય રહે. આશ્રયનો પ્રશ્ન નથી અહીંયાં.

અહીં તો જ્ઞાનસ્વરૂપ ભગવાન ચિદ્દ્ઘન છે એ એક સ્વભાવ છે અને પર્યાયમાં અનેકપણું થવું, પુણ્ય-પાપ રાગાદિ વ્યવહારનું પોતામાં જ્ઞાન થવું એ તો પોતાની પર્યાયનો ધર્મ છે. અહીં તો બીજી વાત છે ખરેખર તો. એ છ દ્રવ્યનું જ્ઞાન થવું એ પોતાની પર્યાયનો ધર્મ છે. છ દ્રવ્યનું જ્ઞાન થયું એ પોતે ન માને તો એ પોતાની પર્યાયને જ નથી માનતો અને છ દ્રવ્યને પણ નથી માનતો. સમજાણું કાંઈ? જુઓ, જ્ઞેયોના આકારે. છ દ્રવ્ય જેવા છે એવું પોતાની પર્યાયમાં જાણપણું થાય છે. અનેકપણાનું પરિણમન જ્ઞાનમાં જાણપણાનું થાય તો અનેકપણાનું જાણપણું થયું એ જાણવાલાયક છે, આદરવાલાયક નથી. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ!

ચૈતન્ય એકરૂપ સ્વભાવ છે અને પર્યાયમાં એકપણું પોતાથી પર્યાયધર્મથી છે પરને કારણે નહિ. એક અને અનેક બેય પોતાનો સ્વભાવ છે, પણ અનેકપણાનું પરિણમન થયું એ આશ્રય કરવાલાયક નથી. વ્યવહારને સિદ્ધ કરે છે. અનેક છે એમ સિદ્ધ કરે છે. આશ્રય કરવા લાયક નથી. આશ્રય સમજો છો? એનું લક્ષ કરીને લાભ થાય છે એમ નહિ. એકરૂપ ચિદાનંદ ભગવાન જ્ઞાનમૂર્તિ છે, એનો આશ્રય કરે છે તો આશ્રય કરવાથી પર્યાયમાં અનેકપણાની શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ આદિ પર્યાય થાય છે. અનેકપણું ન માને તો અનેકપણાની પર્યાયધર્મનો નાશ કરે છે, છ દ્રવ્યને નથી માનતો. પર્યાયનું અનેકપણું ન માને એ છ દ્રવ્યને નથી માનતો. પોતાની પર્યાયની જે અનેકતાનું થવું છે એને પણ માનતો નથી. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ!

ભગવાન આત્મા... જુઓ, '**(તે જ્ઞાનમાત્ર ભાવનું) દ્રવ્યથી એકપણું પ્રકાશતો થકો...**' ભલે પર્યાયથી તો અનેક છે જ, પણ હું વસ્તુ સ્વરૂપ છું, જ્ઞાનમાત્ર એકરૂપ છું—એમ સમ્યગ્દૃષ્ટિ પોતાના એકરૂપ દ્રવ્યનો આશ્રય કરવાથી '**અનેકાંત જ તેને જિવાડે છે-**' અનેકપણું હોવા છતાં વસ્તુથી એક છું. એવું અનેકાંતપણું તો દૃષ્ટિમાં આશ્રય દ્રવ્યનો આવ્યો, પર્યાય અનેક છે એનું જ્ઞાન થયું. સમ્યગ્દર્શન થયું તો એમાં અનેકાંતના આનંદનો અનુભવ થાય છે. સમજાણું કાંઈ? જો અનેકપણાની પર્યાય છે એને ન માને તો એકાંત થયું. તો દ્રવ્યનો આશ્રય કરવાથી જે પર્યાય પ્રગટી તો પર્યાયની દૃષ્ટિ થઈ નહિ. પર્યાયને તો માને નહિ; અને પર્યાયને એકલી માને અને દ્રવ્ય ન માને તો દ્રવ્યનો આશ્રય કરવો છે એને તો માન્યું નહિ, તો દ્રવ્યનો આશ્રય કર્યા વિના અનેકપણું ઉત્પન્ન થતું નથી. સમજાણું કાંઈ? ચૌદેય બોલ સૂક્ષ્મ છે.

'**દ્રવ્યથી એકપણું પ્રકાશતો થકો...**' અહીં લેવું છે દ્રવ્યનો અર્થ કે પર્યાયમાં તો અનેકપણું માને છે, પણ વસ્તુ તરીકે હું અનેકરૂપ નથી થયો. એક વસ્તુ છે. વસ્તુ જે એકરૂપ છે

એ અનેકરૂપ વસ્તુ નથી થઈ. સમજાણું કાંઈ? ભારે ધર્મ સમજવો. લ્યો! શું કહે છે, સમજાણું કાંઈ? પર્યાયમાં ભિન્ન ભિન્ન રાગ—દયા, દાન, વ્રત, ભક્તિનો ભિન્ન-ભિન્ન વિકલ્પ થાય છે અને સામે નિમિત્ત પણ ભિન્ન-ભિન્ન ભગવાન દેવ-ગુરુ-શાસ્ત્રનું હોય તો એ સંબંધીનું પોતામાં પોતાથી જ્ઞાનની પર્યાય અનેકરૂપ થાય છે. એ અનેકરૂપ થાય છે એ પોતાનો પર્યાયનો ધર્મ છે એમ કહે છે. અને એમ અનેકરૂપ થયું તો હું ખંડિત થયો એમ માનનારો પોતાની પર્યાયમાં અનેકરૂપ પરિણમનના અસ્તિત્વને સ્વીકારતો નથી. સમજાણું કાંઈ? અને અનેક છે એનો સ્વીકાર (કરે), અનેકપણાનો આશ્રય કરવાલાયક છે (એમ માને) તો પણ એણે અનેક અને એકને સ્વીકાર્યા નથી. સમજાણું કાંઈ? ઘણી સૂક્ષ્મ વાત છે. પંડિતજી! વીતરાગનું તત્ત્વ એવું છે. સર્વજ્ઞ પરમેશ્વરે જેવું છે એવું તત્ત્વ કહ્યું એ અનેકાંત સ્વરૂપ છે.

અહીં તો ભગવાન આત્મા ચિદ્‌ઘન જ્ઞાનરૂપ એકસ્વભાવ છે, દ્રવ્યથી અને પર્યાયથી અનેક પર્યાયમાં પરિણમન થાય છે, એ હો. અનેકપણું પરિણમન થયું તો શું એકપણું દ્રવ્યનું નાશ પામે છે? વસ્તુ તો એકરૂપ છે જ; અને અનેકપણાનું પરિણમન થયું તો એને જાણવું કે આ છે, એ તો બરાબર છે પણ એકનો પણ આશ્રય કરવો અને અનેકનો પણ આશ્રય કરવો એ અનેકાંત નથી એમ કહે છે અહીંયાં. તેથી દ્રવ્યની વાત લીધી છે. અનેકપણાનું પરિણમન છે તો પણ દ્રવ્યથી એક છું એવો આશ્રય સમ્યગ્દૃષ્ટિને કદી છૂટતો નથી. સમજાણું કાંઈ? પંડિતજી! ભારે જીણું. આ ચૌદ બોલ જ એવા છે, ભાઈ!

વસ્તુ એવી છે ભગવાન આત્મા વસ્તુ જે જ્ઞાનભાવરૂપે ચૈતન્યબિંબ છે એ એકરૂપ ત્રિકાળ એક સ્વભાવ એનું માનવું ક્યારે થાય? કે પર્યાયનું લક્ષ છોડીને વસ્તુનું લક્ષ કરવાથી એક દ્રવ્યના આશ્રયે જે સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું એમાં અનેકપણાની પર્યાયનું પરિણમન થવું એ પર્યાયનો ધર્મ છે, પણ એ અનેકપણું પ્રગટ્યું છે એ દ્રવ્યને આશ્રયે પ્રગટ્યું છે. સમજાણું કાંઈ? અહીં વ્યવહાર વિકલ્પ અને નિમિત્તની વાત છે જ નહિ. અહીં તો નિમિત્ત અને રાગનું જ્ઞાન કરનાર પોતે પોતામાં નિજ દ્રવ્યના આશ્રયે જે સમ્યગ્જ્ઞાનાદિ થયા એ જ્ઞાનમાં રાગાદિ ભિન્ન-ભિન્ન જાણવાનું પરિણમન પોતામાં થાય, એ પોતાનો સ્વભાવ છે. તેથી કરી પોતાનું જ્ઞાન ખંડિત થઈ ગયું અને અનેકપણું પરિણમન થયું તો આત્માનો નાશ થયો એમ નથી. સમજાણું કાંઈ?

**'વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ...'** ચોથો. **'એક જ્ઞાન-આકારનું ગ્રહણ કરવા માટે...'** જુઓ, અહીં ખુલાસો આવ્યો. **'અનેક જ્ઞેયાકારોના ત્યાગ વડે પોતાનો નાશ કરે છે...'** જુઓ, ત્યાં ખુલાસો છે. શું કહે છે? ભગવાન! આ તો સૂક્ષ્મ વાત છે. ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વભાવ સ્વપરપ્રકાશકસ્વરૂપ છે. તો એવું જ્ઞાનસ્વરૂપ પોતાની પર્યાયમાં અનેકનું જ્ઞાન કરવું પોતાના જ્ઞેયાકારપણાનું પરિણમન થવું એ પોતાના જ્ઞાનની પર્યાયના ધર્મ છે. પણ એ કહે છે કે અરે..! અનેકાકાર જ્ઞાન. જ્ઞાનને ગ્રહણ કરવા માટે અનેક જ્ઞેયાકારનો ત્યાગ

(કરો). જેમ અરીસો છેને અરીસો? દર્પણ. દર્પણ કહે છેને. તો અરીસામાં કોલસા, કેરી આદિ સામે છે એ પ્રકારે ત્યાં પોતાની પરિણતિ સ્વચ્છતાને કારણે અરીસામાં એવી અવસ્થા થાય છે, પણ એ અવસ્થામાં જે કાળું-પીળું દેખાય છે. આ કાળું-પીળું દેખાય તો અરીસો મેલો થઈ ગયો એમ માનીને એ કાળા-પીળાની અવસ્થાનો ત્યાગ કરે તો અરીસાની અવસ્થાનો પણ ત્યાગ થઈ જાય છે. સમજાણું કાંઈ? દર્પણ. દર્પણ છે. જેમ કોલસો અને કેરી અને બરફ અને અગ્નિ સામે પડ્યા છે તો ત્યાં પણ તેની સ્વચ્છતાને કારણે અનેકરૂપ અરીસાની અવસ્થા થાય છે એ અનેકરૂપ અવસ્થા અરીસાની દશા છે; પણ કોઈ એમ માને કે અરીસામાં આ તો મેલ થઈ ગયો, મેલ થઈ ગયો એને કાઢી નાખો. કાળા-પીળાની જે અવસ્થા છે એને કાઢી નાખો. એ તો અરીસાની અવસ્થા છે. અરીસાની અવસ્થા કાઢી નાખવાથી અરીસો રહેતો નથી.

**શ્રોતા :-** એ કાળુ કાઢી નાખે તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્યાં કાળું છે જ નહિ, એ તો અરીસાની અવસ્થા છે. સમજાણું કાંઈ? દર્પણમાં જે કાળું, પીળું, ઠંડો બરફ દેખાય છે. બરફ જેવું દેખાય તો ત્યાં આંગળી અડાડે તો ઠંડું લાગે છે? ઠંડાપણું તો બરફમાં છે. દેખાય છે બરફ એ તો અરીસાની અવસ્થા છે. બરફ કે અગ્નિ ત્યાં નથી. બરફ અને અગ્નિ એમાં છે જ નહિ. અગ્નિના ભડકા દેખાય. અગ્નિ આમ-આમ થાયને? એ અગ્નિ છે જ નહિ. એ તો અરીસાની અવસ્થા છે. એ અવસ્થાને કાઢી નાખે કે અરેરે..! આ તો અગ્નિ અને બરફ આવી ગયા અંદર. એ થયું જ નથી, એ તો અરીસો પોતાની અવસ્થારૂપ થયો છે. એને કાઢી નાખવાથી અરીસાની અવસ્થાનો નાશ થાય છે. કાર્યનો નાશ થાય તો કારણનો નાશ (થાય) દૃષ્ટિમાં રહેતો નથી, કારણનું અસ્તિત્વ દૃષ્ટિમાં રહેતું જ નથી. સમજાણું કાંઈ? આ તો લોજિકથી વાત છે. આહા..હા..!

'**વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ...**' ભગવાન આત્મા '**એક જ્ઞાન-આકારનું ગ્રહણ કરવા માટે...**' મને તો જ્ઞાનની અવસ્થા જ એકલી થવી જોઈએ એમ અજ્ઞાની માને છે, પણ એ જ્ઞાનની જ અવસ્થા છે. રાગ અને દ્વેષ અને દયા, દાનના વિકલ્પનું જે જ્ઞાન થાય છે એ રાગનું જ્ઞાન એમ જાણે કે આ રાગ છે, તો એવું જ્ઞાનમાં રાગનું જ્ઞાન થાય છે તો એ રાગનું જ્ઞાન છે તો અજ્ઞાનીને એમ લાગે છે કે અરે..! આ શું જ્ઞાન થયું? કાઢી નાખો રાગનું જ્ઞાન, પણ રાગનું જ્ઞાન કાઢી નાખવાથી તારી અવસ્થાનો નાશ થશે. એ રાગનું જ્ઞાન નથી, તારી અવસ્થાનું જ્ઞાન છે. સમજાણું કાંઈ? લોજિકથી-ન્યાયથી વાત છે આ.

'**જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ એક જ્ઞાન-આકારનું ગ્રહણ કરવા...**' એકલો જ્ઞાન આકાર, જ્ઞાન-જ્ઞાન, પણ એ જ્ઞાનનો આકાર પર્યાયરૂપ જ છે. '**અનેક જ્ઞેયાકારોના ત્યાગ વડે...**' દેખો! એ અરીસાની અવસ્થા કાળી-પીળી દેખાય છે તો કાળી-પીળી કાઢી નાખો, પણ કાળી-પીળીને શું કાઢે? એ તો અરીસાની અવસ્થા છે. કાળી-પીળી અવસ્થા પરમાં છે એ

અહીં આવી નથી, પોતાની પર્યાય છે કાળી-પીળી થવાની; એમ જ્ઞાનમાં રાગ-દ્વેષ, દયા-દાનના વિકલ્પનું જે જ્ઞાન થાય છે એ પોતાના જ્ઞાનની પર્યાય છે રાગની પર્યાય નથી. સમજાણું કાંઈ? આ બધું તત્ત્વ સૂક્ષ્મ છે ભગવાનનું. લોકો માને છેને કે ... એમ કહો. અનેકના આશ્રયે પણ જ્ઞાન અને એકના આશ્રયે પણ સમ્યક્ થાય એનું નામ અનેકાંત. એમ અનેકાંત છે જ નહિ. અનેકાંત પોતાની પર્યાયમાં અનેકપણાનું પરિણમન છે એને જાણવું, બસ એટલી વાત છે. જાણવાથી કાંઈ પોતાની પર્યાયમાં એકપણું થઈ ગયું એમ નથી. અનેક છે, જાણે. છ દ્રવ્યને જાણે. છ દ્રવ્યને પોતાની પર્યાય જાણે એ તો પર્યાયનો સ્વભાવ છે, છ દ્રવ્યને નથી જાણતો. ખરેખર તો છ દ્રવ્યને જાણવાની પર્યાય પોતાની પર્યાયને આત્મા જાણે છે. સમજાણું કાંઈ?

પોતાની પર્યાય એક સમયમાં અનેકપણે થાય છે એમ ન માને તો એ છ દ્રવ્યને માનતો નથી. સમજાણું કાંઈ? છ દ્રવ્યને માનતો નથી તો એક દ્રવ્યને માનતો નથી, એમ કહે છે અહીં તો. સૂક્ષ્મ વાત જગતને. ભગવાન ચૈતન્યબિંબ સૂક્ષ્મ સ્વભાવ (છે). એ એકરૂપ અંતરમાં હોવા છતાં પર્યાયમાં રાગાદિ ભિન્ન-ભિન્ન જ્ઞાન, ભિન્ન-ભિન્ન જ્ઞાનની પર્યાયરૂપ થાય તો અજ્ઞાની એ જ્ઞાનની પર્યાયમાં (એમ માને છે કે) આ કેમ દેખાયું? રાગાદિ કેમ જણાય છે? દ્વેષાદિ કેમ જણાયા? શરીર કેમ જણાયું? કોલસો કેમ જણાયું? વિષ્ટા કેમ જણાય છે? જણાઈ છે તો તારી પર્યાય થઈ છે, કોલસો ક્યાં છે ત્યાં? સમજાણું કાંઈ? ચંદુભાઈ! ભારે વાત છે. આહા..હા..!

'**જ્ઞેયાકારોના ત્યાગ વડે...**' જુઓ, મારી પર્યાયમાં આ વ્યવહાર કેમ ભાસે છે? વ્યવહાર કેમ ભાસે છે? ભેદ કેમ ભાસે છે? સમજ્યા? અજ્ઞાનીને એમ કે આ લોક કેમ ભાસે છે? લોક આવો છે, છ દ્રવ્ય આવા છે, શરીર આવું છે, રાગ આવો છે એમ કેમ ભાસે છે? એમ કેમ ભાસે છે શું, તારી જ્ઞાનની પર્યાયનો સ્વતઃ સ્વભાવ છે. સમજાણું કાંઈ? 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તાતૈ વચનભેદ ભ્રમ ભારી, જ્ઞેયશક્તિ દ્વિવિધા પ્રકાશી, નિજરૂપા પરરૂપા ભાસી.' એ શ્લોક છે બનારસીદાસમાં, અમૃતચંદ્રાચાર્યનો કડીનો, 'જ્ઞેયશક્તિ દ્વિવિધા પ્રકાશી, સ્વપર પ્રકાશક શક્તિ હમારી.' સ્વને જાણવું અને પરને જાણવું એ અમારી શક્તિ છે. રાગ, વિકલ્પને જાણવું અને પોતાને જાણવું એ પોતાની શક્તિ છે. 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તાતૈ વચનભેદ ભ્રમ ભારી.' એ વચનભેદ શું? પરને કારણે થયું. પરનું જે જ્ઞાન થયું એ પરને કારણે થયું છે, એવા વચનના ભેદમાં ભ્રમ અજ્ઞાની કરે છે, એમ છે જ નહિ. પર સંબંધીનું જ્ઞાન પોતાથી થયું છે, પરથી નહિ. આ લાકડી દેખાય છે?—ના. લાકડી સંબંધીનું જે જ્ઞાન છે એવી પોતાની જ્ઞાનની પર્યાય એનું જ્ઞાન કરે છે, તો એ સંબંધીનું જ્ઞાન પોતાનું છે. પોતાથી આત્મા દેખાય છે, પોતાની પર્યાયને દેખે છે, લાકડીને નહિ. ભારે ઝીણું! સમજાણું કાંઈ?

એ દૃષ્ટાંત આપ્યું છેને? પરમાત્મપ્રકાશમાં આપ્યું છે. જળની સ્વચ્છતા છે જળની સ્વચ્છતા

નદીમાં. તો એવી પાણીની સ્વચ્છતા દેખાય છે તો એની ઉપર જે તારાનું નક્ષત્ર મંડળ છે એ એમાં દેખાય છે. છે તો ત્યાં, એ અહીં નથી આવ્યું. પાણીની સ્વચ્છતામાં જે નક્ષત્ર-મંડળના તારા દેખાય છે એ નક્ષત્ર-તારા નહિ, એ તો જળની વર્તમાન અવસ્થાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? પંડિતજી! પાણી છેને પાણી? મોટી નદીનો પટ હોય, એની ઉપર નક્ષત્ર હોય. અંદર દેખાય. શું નક્ષત્ર દેખાય છે અંદર? નક્ષત્ર તો ત્યાં રહ્યા. પાણીની સ્વચ્છતા દેખાય છે. તો પાણીની સ્વચ્છતામાં એ નક્ષત્ર આદિ દેખાય. કાઢી નાખો નક્ષત્ર આદિનો ભાવ. શું કાઢે? એ તો પાણીની સ્વચ્છતા છે. આહા..હા..!

એમ ભગવાન આત્મા પોતાના જ્ઞાનની અવસ્થામાં સ્વચ્છતામાં રાગ-વ્યવહાર-વિકલ્પ, દયા, દાન, વ્રત હોય તેને જાણે. જાણવામાં શું છે! જાણવું હોં! કરવા-ફરવાની અહીં વાત નથી. આહા..હા..! વ્યવહાર—દયા, દાન, વિકલ્પનું કરવું એ તો જ્ઞાનનો સ્વભાવ છે નહિ. પણ એને જાણવું એ જ્ઞાનનો સ્વભાવ છે—અનેકરૂપ થવું. એ અનેકરૂપ થવું એ વ્યવહાર છે એમ કહે છે. અને અનેકરૂપ થતાં અનેકપણું કાઢી નાખો તો શું રહેશે? પાણીની સ્વચ્છતામાં નક્ષત્ર અને ચંદ્ર દેખાય છે એ કાઢી નાખો. શું રહેશે? જળની સ્વચ્છતાનો અભાવ કરવાથી દ્રવ્ય રહેશે નહિ. પર્યાય વિના દ્રવ્ય રહેતું નથી. પર્યાય વિના દ્રવ્ય રહેતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એમ ભગવાન જ્ઞાનમાં રાગ-વ્યવહાર દયા-દાન ભિન્ન-ભિન્ન સમ્મેદશિખર આદિ જે જણાય છે, પોતાના જ્ઞાનમાં તો એ દેખાય છે, પરંતુ એ નથી દેખાતું, ખરેખર તો એ સંબંધી પોતાના જ્ઞાનની પર્યાય પરિણમે છે તે દેખાય છે; પણ અનેકપણાનું ભાન એને ખુંચે છે કે અરે..! આ ક્યાં ભાસ્યું? કાઢી નાખો અનેકપણાનું જ્ઞાન. તો અનેકપણાનું જ્ઞાન તો પોતાની પર્યાયનો ધર્મ છે. પંડિતજી! આહા..હા..!

**શ્રોતા :-** તો દ્રવ્ય-ધર્મ અને પર્યાય-ધર્મ બંને જાણતો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયમાં અનેકપણાનું જ્ઞાન થવું એ પોતાનો સ્વભાવ છે. છ દ્રવ્યનું જ્ઞાન થવું... છ દ્રવ્યમાં આવ્યું કે નહિ? આ તીર્થંકર છે, આ ભગવાન છે, આ સમ્મેદશિખર છે, આ શેત્રુંજય છે, સમજાણું કાંઈ? આ ગુરુ છે, આ શાસ્ત્ર છે. એ પોતાના જ્ઞાનની પર્યાયમાં પોતાની જાણવાની પર્યાયના અસ્તિત્વમાં એ જણાય છે, પણ એ નથી જણાતું, પોતાની પર્યાયને જાણે છે. સમજાણું કાંઈ? એમ પર્યાયનું અનેકપણું છે તેને કાઢી નાખે તો શું રહેશે? અનેકપણું જાણવું એ તો તારી પર્યાયનો ધર્મ છે.

તો કહે છે કે જ્ઞાનાકાર ખંડિત થયું માનીને.. સમજાણું કાંઈ? પોતાનો નાશ કરે છે. શું? જ્ઞેયાકારના ત્યાગ દ્વારા, એ જ્ઞાનની પર્યાયમાં જે જ્ઞેય સંબંધી પોતાનું જ્ઞાન થયું તો જ્ઞેયાકારના ત્યાગ દ્વારા પોતાની પર્યાયનો ત્યાગ કરે છે. સૂક્ષ્મ વાત છે. આ તો મહા અધ્યાત્મ તત્ત્વ છે. સર્વજ્ઞથી સિદ્ધ થયેલું અને સ્વરૂપ પણ એવું જ છે.

**'ત્યાગ કરીને પોતાને નષ્ટ કરે છે,...'** પાણીની સ્વચ્છતામાં નક્ષત્ર-મંડળ દેખાય

છે તો નક્ષત્ર-મંડળને કાઢી નાખો તો સ્વચ્છતાની પર્યાયનો નાશ થયો, તો પર્યાયનો નાશ થતાં દ્રવ્ય પણ રહેતું નથી. પોતાની જ્ઞાનની પર્યાયમાં અનેકપણાનું જ્ઞાન થતાં એ અનેકપણું કાઢી નાખો તો પોતાની પર્યાય રહેતી નથી. પર્યાય નથી રહેતી તો દ્રવ્યને જાણનાર પર્યાયથી રહિત દ્રવ્ય પણ રહ્યું નહિ. સમજાણું કાંઈ?

'**ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પર્યાયોથી અનેકપણું પ્રકાશતો થકો...**' જુઓ, ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાનરૂપે તો હું એકરૂપે છું દ્રવ્યથી, પણ પર્યાયથી અનેકપણું થવું એ પોતાની પર્યાયનો ધર્મ છે એમ જાણતો થકો પોતાના અસ્તિત્વનો નાશ નથી કરતો. પોતાનું અસ્તિત્વ પર્યાયમાં આવું છે એમ જાણે છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! '**પર્યાયોથી અનેકપણું પ્રકાશતો થકો...**' એટલે? અવસ્થાના જ્ઞાનમાં અનેક છ દ્રવ્ય જણાય, દેવ-ગુરુ-શાસ્ત્ર જણાય, સ્ત્રી-કુટુંબ જણાય, ધર્માસ્તિ આદિ જણાય તો એ જાણવાની પર્યાયમાં અનેકપણાનું પરિણમન થયું તો મારી પર્યાય જ પ્રકાશિત થઈ છે, મારી પર્યાય જ પ્રકાશિત થઈ, પર પ્રકાશિત નથી થયું, પરથી નથી થયું. પર પ્રકાશિત નથી થયું, પર સંબંધીની પોતાની પર્યાય પ્રકાશિત પ્રગટ થઈ છે. કહો, સમજાણું કાંઈ? એવો ધર્મ છે અહીં ભગવાનનો. પર્યાયનું અનેકપણું જાણવું એ મારો સ્વભાવ છે. રાગાદિપણે થતું નથી પણ રાગાદિનું જ્ઞાન થવું એ પોતાનો સ્વભાવ છે એમ કહે છે. ઓહોહો..! સમજાણું કાંઈ?

ત્રિલોકનાથ ભગવાનના સમવસરણમાં ઊભો છે તો એને સમવસરણ દેખાય છે, પણ એ સમવસરણ નથી દેખાતું. ત્યારે? એ સંબંધીનું પોતાના જ્ઞાનની પર્યાયમાં એ સમયમાં થનારી જ્ઞાનની (પર્યાયમાં) અનેક પ્રકારે પરિણમન (થાય છે) તે દેખાય છે. તો એ કહે છે, અરે..! આ શું પરચીજ દેખાય છે? કાઢી નાખો એમાંથી. શું કાઢે? પર સંબંધીનું જ્ઞાન પોતાની પર્યાયનો ધર્મ છે. એમાંથી કાઢી નાખવાથી પર્યાય રહેતી નથી. પર્યાય રહેતી નથી તો, જો કાર્ય નથી રહેતું તો કાર્યનું કારણ દૃષ્ટિમાં આવતું નથી. સમજાણું કાંઈ? ભાઈ! આ તો સૂક્ષ્મ વાત. ચાલતા-ચાલતા પંદરમી વાર ચાલે છે, સમયસાર સભામાં પંદરમી વાર ચાલે છે. પંદર સમજો છો? દસ અને પાંચ. ચૌદ વાર પૂરું થઈ ગયું છે. પંદરમી વાર ચાલે છે.

સૂક્ષ્મ ભાવ છે. '**પર્યાયોથી અનેકપણું પ્રકાશતો થકો...**' શું કહે છે? ભગવાન આત્મા સ્વરૂપે જ્ઞાનસ્વભાવરૂપે એક હોવા છતાં પર્યાયમાં અનેકપણાનું જાણપણું થયું એ અનેકપણાને પ્રકાશિત કરતો થકો, અનેકપણાને પોતાના અસ્તિત્વમાં પ્રકાશિત કરતો થકો પર્યાયનો નાશ કરે છે કે નથી જાણવું. અનેકપણું છે તો જાણે છે. જાણવાથી શું એનો નાશ થઈ ગયો? અનેકપણાને જાણવું થયું એમાં શું રાગ થયો? અનેકપણાનું જ્ઞાન થયું એમાં શું રાગ થયો? એમ કહે છે. અનેકપણાનું જ્ઞાન કરવાથી શું રાગ થયો? વિકલ્પ થયો? અનેકપણાનું જ્ઞાન કરવું એ તો સ્વપરપ્રકાશક પોતાનો સ્વભાવ છે. જેમ એકને જાણે છે સ્વભાવથી એમ અનેકને પણ જાણવું એનું નામ અનેકાંત છે. એકને એકરૂપે જાણવું અને અનેકને અનેકરૂપ (જાણવું).

એકને અનેકરૂપ જાણવું અને અનેકને એકરૂપ જાણવું એ મિથ્યા એકાંત છે. સમજાણું કાંઈ? એ ચોથો બોલ થયો. પાંચમો બોલ.

સ્વદ્રવ્યથી અસ્તિ. તત-અતત્‌ના આવ્યાને એ બોલ? એક-અનેક. તત્-અતત્ અને એક-અનેક. ચાર આવ્યા. તત્ તે સ્વરૂપે છે અને અતત્ પરરૂપે નથી. જ્ઞાન અને જ્ઞેય સંબંધી. બે બોલ. પર્યાયમાં અનેક છે, દ્રવ્યથી એક છે. બેય પોતાના સ્વભાવ છે. એ ચાર બોલ આવ્યા. પાંચમો બોલ. ચૌદ બોલમાં પાંચમો બોલ. '**જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ,...**' જ્ઞાનસ્વરૂપી ચૈતન્યપ્રભુ '**જાણવામાં આવતાં એવાં પરદ્રવ્યોના પરિણમનને લીધે...**' જુઓ, જાણવામાં આવતા એવા પરદ્રવ્યોના પરિણમનને લીધે.. પરદ્રવ્યનું પરિણમન પોતાના જ્ઞાનમાં જણાય છે. '**જ્ઞાતૃદ્રવ્યને પરદ્રવ્યપણે માનીને-**' પણ મારું જાણવું થયું એ પરદ્રવ્યથી થયું અને પરદ્રવ્યને કારણે થયું એમ પરદ્રવ્યને પોતારૂપ માનીને.. સમજાણું કાંઈ? '**અગંકીર કરીને નાશ પામે છે,...**' પરદ્રવ્યને કારણે પોતાના જ્ઞાનની પર્યાય પરિણમી એમ માને છે. લ્યો, આ નિમિત્તને ઉડાવ્યું. એ નિમિત્ત દ્વારા પોતાના જ્ઞાનની પર્યાય થઈ, પરદ્રવ્યના નિમિત્ત દ્વારા પોતાની પર્યાય થઈ એમ માનીને પોતાની પર્યાયનો નાશ કરે છે. સ્વદ્રવ્યનું અસ્તિત્વ છે એનો નાશ કરે છે. પરદ્રવ્યથી અસ્તિત્વ છે એમ માને છે. સમજાણું કાંઈ?

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આઠ બોલ લેશે. પહેલાં તત્-અતત્‌ના આવ્યા, પછી એક-અનેક આવ્યા. હવે સ્વદ્રવ્યથી અસ્તિ, પરદ્રવ્યથી નાસ્તિ, સ્વક્ષેત્રથી અસ્તિ, પરક્ષેત્રથી નાસ્તિ. સ્વકાળથી અસ્તિ, પરકાળની પર્યાયથી નાસ્તિ, ત્રિકાળ ભાવથી સ્વભાવથી અસ્તિ, પરગુણથી નાસ્તિ—એવા આઠ બોલ લે છે. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિ અને પરદ્રવ્ય ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિ. સમજાણું કાંઈ? આત્મા પોતાનું દ્રવ્ય જે જ્ઞાયકસ્વરૂપ છે તેનાથી અસ્તિ છે. પરદ્રવ્યથી નાસ્તિ છે. અજ્ઞાની પરદ્રવ્યથી હું છું એમ માનીને પોતાના સ્વદ્રવ્યથી અસ્તિ છે એનો નાશ કરે છે. બરાબર છે કે નહિ એ? પરદ્રવ્યને લઈને છે કે નહિ પર્યાય? છ દ્રવ્ય ન હોય તો જ્ઞાન (હોય)? લોકાલોક ન હોય તો અહીં જ્ઞાન હોય લોકાલોકનું?

એ મોટી ચર્ચા (સંવત) ૧૯૮૩માં થઈ હતી અમારે. શેઠ સાથે. દામોદર શેઠ. વિરજીભાઈ અને બે. ૮૩ની સાલમાં. પરદ્રવ્યને લઈને અહીં (જ્ઞાન થાય) છે. લોકાલોક છે માટે અહીં જ્ઞાન છે. મોટી ચર્ચા. ૮૩ની સાલ હોં! ઘણા વર્ષ (થયા), ૪૧ વર્ષ થયા. ૪૧ વર્ષ થયા. તમારો જન્મ પણ નહિ હોય ત્યારે તો. અહીં તો ચર્ચા અમારે પહેલેથી ચાલે છેને મોટી. પરદ્રવ્યને લઈને છે. લોકાલોક હોય તો અહીં લોકાલોકનું જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? હજી પણ કહે છેને? સામે પદાર્થ છે તો એ સંબંધીનું જ્ઞાન પોતામાં થાય છે. એ ખોટું છે. પોતાના દ્રવ્યનું અસ્તિત્વનું પરિણમન પોતાથી છે, પરદ્રવ્યથી નહિ. આહા..હા..! નિમિત્ત લોકાલોક છે તો લોકાલોક છે. લોકાલોક છે તો જ્ઞાન થયું એ પોતાથી થયું કે લોકાલોકથી થયું છે? લોકાલોક છે તો લોકાલોક તો પડ્યા છે. પોતાનો જ્ઞાનસ્વભાવ પોતાથી જ્યારે

પરદ્રવ્યનું જાણવું પોતામાં થયું એ તો પોતાથી થયું છે, પરદ્રવ્યથી નથી. લોકાલોકથી જ્ઞાન છે જ નહિ. સમજાણું કાંઈ?

સ્વદ્રવ્યની વાત કરે છે. ભગવાન આત્મા પોતાનો જ્ઞાનમાત્ર પદાર્થ ત્રિકાળી વસ્તુ, એને પરદ્રવ્યથી અંગીકાર કરીને. જુઓ, '**પરદ્રવ્યોના પરિણમનને લીધે...**' પરદ્રવ્ય પરિણમે છે એમ પોતાના જ્ઞાનનું પરિણમન પણ એમ થાય છે. કારણ જ્ઞાતૃદ્રવ્યને-જાણનાર ભગવાન આત્માને-અજ્ઞાની પરદ્રવ્યરૂપે માનીને. હું તો પરદ્રવ્યરૂપ થયો અને પરદ્રવ્યથી હું ટકું છું, મારું ટકવું પોતાથી નથી—એમ માનીને અજ્ઞાની નાશ પામે છે. પોતાના સ્વદ્રવ્યથી અસ્તિ છે એનો નાશ કરે છે. પરદ્રવ્યથી મારી હયાતી છે એમ માને છે. નથી? એમ નથી? સંઘયણ મજબૂત હોય તો કેવળજ્ઞાન થાય, લ્યો! મનુષ્યપણું હોય તો કેવળજ્ઞાન થાય. મનુષ્યપણું ન હોય અને કેવળજ્ઞાન થાય છે કોઈ બીજે ઠેકાણે? શેઠિયા! પંડિતજી! વજ્રનારાચસંહનન હોય તો કેવળજ્ઞાન થાય છે. પરદ્રવ્ય છે તો જ્ઞાન થાય છે. વજ્રનારાચસંહનન ન હોય અને જ્ઞાન થયું હોય એવું કોઈ દષ્ટાંત બતાવો. સાંભળને! અહીં તો વજ્રનારાચને કારણે કાંઈ જ્ઞાન નથી થયું. સમજાણું કાંઈ? વજ્રનારાચસંહનન તો નરકમાં જનારાને પણ હોય છે. સમજાણું કાંઈ? નરકમાં જનારને પણ હોય છે. છઠ્ઠી-સાતમી નરકે જાય છે એને પણ વજ્રઋષભનારાજ સંહનન છે. પહેલું સંહનન, વજ્રઋષભનારાચસંહનન છે તો એનાથી નારકીના પરિણામ થયા છે? નરકમાં જવાના પરિણામ એનાથી થયા છે? એમ અહીંયા કહે છે.

પરદ્રવ્યને કારણે પરિણામ થયા છે? વજ્રઋષભનારાચસંહનન વિના કદી કેવળજ્ઞાન થાય? વજ્રઋષભનારાચસંહનન વિના કદી સાતમી નરકના પરિણામ થાય? કહે છે એના વિના થાય છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન વજ્રઋષભનારાચસંહનનથી થાય છે. જુઓ, સમજ્યા? દષ્ટાંત દે છે. પંખીને ઊડવું હોય, પંખીને ઊડવું હોય પંખીને તો પત્થરની શીલા ઉપર બેઠું હોય તો ઊડી શકે. નીચે પગમાં જોર આપેને? નીચેથી પગમાં જોર આવે છે ને; અને મગનો ઢગલો પડ્યો હોય, મગ-મગ, મગનો પાંચ-પચ્ચીસ મણનો ઢગલો પડ્યો હોય. ઢગલો સમજ્યાને? ઢેર. એમાં મોર બેઠો હોય મોર કે પંખી (બેઠું હોય) તો ધક્કો ન મારી શકે. આમ કરે. પડી જશે. પંખીને ઊડવું છે પાંખથી, પણ નીચે પગથી જોર આપીને ઊડી શકેને? એમ વજ્રઋષભનારાચસંહનનનું જોર છે તો કેવળજ્ઞાન થાય છે એમ અજ્ઞાની કહે છે. સમજાણું કાંઈ? અને વજ્રઋષભનારાચસંહનન ન હોય અને કેવળજ્ઞાન થયું હોય એવું એક દષ્ટાંત લાવો. અરે.. સાંભળને! અનંતા દષ્ટાંત એવા જ છે. પરદ્રવ્યને લઈને પોતાને જ્ઞાન થાય કે પોતાથી થાય છે? આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાનમાત્ર ભાવ, જાણવામાં આવતાં...**' જાણવામાં આવતા '**એવાં પરદ્રવ્યોના પરિણમનને લીધે જ્ઞાતૃદ્રવ્યને પરદ્રવ્યપણે માનીને-**' મારા જ્ઞાનનું હોવું એ તો પરદ્રવ્યને લઈને છે. પરદ્રવ્ય ન હોય તો મારું જ્ઞાન ક્યાંથી હોય? લોકાલોક ન હોય તો મારું જ્ઞાન

કેમ જાણે? વજ્રઋષભનારાચ ન હોય તો જ્ઞાન કઈ રીતે કેવળજ્ઞાનરૂપ થાય? શરીર મનુષ્યનો દેહ ન હોય તો કેવળજ્ઞાનરૂપે જ્ઞાન કેમ થાય? મુનિપણાની ક્રિયા બહારની શરીરની અઠ્યાવીશ મૂળગુણની ન હોય તો મનઃપર્યયજ્ઞાન કેમ થાય? જડની અસર થાય છે. એમ કહ્યું. તમારા હમણા આવ્યા હતા એ. જડની અસર થાય.

**શ્રોતા** :- આખી દુનિયા માને છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હવે આખી દુનિયા બાળક પણ કહે છોકરા. કંઈક કહે કે ભાઈ! જુઓ ગોળ આવ્યો તો ગોળનું જ્ઞાન થયું. પહેલાં ગોળનું જ્ઞાન કેમ ન થયું? ગોળ સમજ્યાને? ગુડ. પહેલાં કેમ ન થયું? પહેલાં કેમ ન થયું? પહેલાંનો શું અર્થ? એ સમયના જ્ઞાનનુ પોતાનું પરિણમન પોતાના કાળથી પરિણમે છે. ગોળને કારણે ગોળનું જ્ઞાન થયું છે? સમજાણું કાંઈ? અફીણ. અફીણ છે તો અફીણનું જ્ઞાન કેમ થયું? માટે અફીણને કારણે પોતાનું અસ્તિત્વ છે. જ્ઞાન-જ્ઞેયમાં દાખલો આપ્યો હતોને ભાઈ, નહિ? એમ કે આ પરને લઈને જ્ઞાન થાય. કેમ? ઘટજ્ઞાન. જુઓ, ઘડો છેને. ઘડો હોય તો ઘડાનું જ્ઞાન થાય છે. દેખો, ઘડો હોય તો આ સરોવર છે એવું જ્ઞાન થાય છે? આ સરોવર છે એવું જ્ઞાન થાય છે? કપડું છે એવું જ્ઞાન થાય છે? ઘડાને કારણે, ઘડો છે તો ઘડાને કારણે ઘડાનું જ્ઞાન થાય છે. કપડું છે એવું જ્ઞાન કેમ નથી થતું? હવે સાંભળ તો ખરો. જો પરને કારણે જ્ઞાન થયું હોય... એ તો દૃષ્ટાંત લીધું ને ત્યાં? થાંભલો છે ને થાંભલો? એની પાસે મૂકો ઘડાને, કેમ જ્ઞાન નથી થતું? સમજાણું કાંઈ? પણ જે ઘડાની પાસે... જ્ઞાની જ્ઞાનસ્વરૂપ આત્મા છે એની પોતામાં પોતાના કારણે જ્ઞાનની પર્યાય થાય છે, ઘડાથી થતી નથી. ઝીણી વાતું બહુ.

અહીં તો કહે છે કે ભગવાન આત્મા પરદ્રવ્યના પરિણમનને કારણે જ મારી પરિણમનની દશા મારું અસ્તિત્વ છે એમ માનનાર પોતાના સ્વદ્રવ્યને માનતા નથી. પોતાનું અસ્તિત્વ પૂર્ણાનંદ પ્રભુ છે તેને માનતો નથી એ મિથ્યાદૃષ્ટિ છે. પરદ્રવ્યથી પોતાનું અસ્તિત્વ માનનારા મિથ્યાદૃષ્ટિ છે, અજ્ઞાની છે. અનેકાંતપણે એ સ્વરૂપને માનતો નથી.

હું પરદ્રવ્યનું જ્ઞાન કરું છું તો મારામાં પરદ્રવ્ય છે નહિ. હું તો મારાથી છું, પરદ્રવ્યથી નહિ એનું નામ અનેકાંત છે. પોતામાં જ્ઞાન થાય છે તો પોતાથી પણ થાય અને પરદ્રવ્યથી પણ થાય. કરો અનેકાંત નહિતર આમ થશે. આજ સવારમાં કોઈ કહેતું હતું. વિદ્વત પરિષદમાં એવો ઠરાવ કર્યો. કો'ક કહેતું હતુંને સવારમાં. કોણ કહેતું હતું એય? હિંમતભાઈ. આ ક્યાં ગયા તમારા હિંમતભાઈ! એય..! વયા ગયા? શું છે? પેટમાં? ઠીક! એ સવારમાં કો'ક કહેતું હતું. હિંમતભાઈ કહેતા હતા. એમ કે આ બધા ઝઘડા ઊભા થયા છે ... છેને? શું કહેવાય? બંસીધરજી. આમ કરો. કથંચિત્ વ્યવહારથી થાય છે, કથંચિત્ નિશ્ચયથી થાય છે. એવું નક્કી કર્યું છે. કાંઈક કરશે એવી વાત છે. કાંઈ વાંધો નહિ. મૂકે તો પણ શું?

**શ્રોતા** :- ચાર-પાંચ વિદ્વાને વિરોધ કર્યો પણ બહુમતિથી પાસ કર્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાસ કર્યું. એમ કહે છે. લાખ મતિથી પાસ થાય તો પણ વસ્તુ છે એ વસ્તુ છે. બે-ચાર-પાંચ પંડિતે એવો વિરોધ કર્યો કે આમ નહિ. કથંચિત્ વ્યવહારથી પણ ધર્મ થાય છે અને કથંચિત્ નિશ્ચયથી થાય એમ નહિ. નિશ્ચયથી થાય અને વ્યવહારથી નહિ. ઓલા રાંદેલ છેને? સાગરવાળા નહિ રાંદેલ? એનું પણ આજે આવ્યું છે. શિવલાલભાઈને આપ્યું હતું. વાંચ્યું? પહેલો ...નો લેખ આવ્યો છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નહિ. એ સિવાયનો નવો આવ્યો છે. નવા બે આવ્યા છે. પહેલો નહિ. આપણે છપાવ્યો એ નહિ. એ સિવાય હમણાં આવ્યો છે. પહેલો આવી ગયો છે. એ ત્યાં આવ્યો છે લિંબડી. બીજો આજે આવ્યો અહીં હમણા. ... બિલકુલ વ્યવહારને કારણે ધર્મ નથી. વ્યવહાર બંધનું કારણ છે એમ માનવું એ જ સમ્યક્ છે. એમ ઘણું લખ્યું છે. છે? શેમાં જૈનસંદેશ છેને? જૈનસંદેશ છે. જૈન ગેઝેટ. શેમાં લખ્યું છે? એ પહેલાં લેખ આવ્યો હતો. બીજો લેખ પણ આવ્યો છે. જુઓ, 'નિશ્ચય વ્યવહાર કે સંબંધમેં અનેક ભૂલ હૈ. લેખક : પંડિત મુન્નાલાલ રામદેવ, સાગર' આ બીજો લેખ. ઓલો ત્રીજો લેખ. ઓલું મૂળ છે આપણે છપાવ્યું છે. સારો લખ્યો છે. મુન્નાલાલ રાંદેલ છેને. એ તો મધ્યસ્થ છે. બહુ ચર્ચા થઈ તો એણે નક્કી કરી લીધું કે વ્યવહારથી ધર્મ થતો જ નથી, નિશ્ચયથી ધર્મ થાય છે. પોતાનો શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્મા એના આશ્રયે ધર્મ થાય છે. વ્યવહારનો આશ્રય કરવાથી તો વિકલ્પ અને રાગ થાય છે. સમજાણું કાંઈ? પંડિત પણ એવા નીકળ્યા છે હવે ક્રમે-ક્રમે. પુસ્તક દીધું છે? નથી આપ્યું તમને? પહેલાં પત્ર છપાણા છે. ચોપડી છે કે નહિ આપણે ત્યાં? લાવોને થોડી ધોને. અત્યારે યાદ આવે છે ત્યારે. એ રાંદેલ તરફથી પહેલાં નીકળી છે પત્રિકા. બધામાં આવી ગયું છે. સાડા સાત હજાર. અહીંયા દસ હજાર છપાવી. એનો લેખ સારો લાગ્યો તો દસ હજાર છપાવી. આ બે-ત્રણ ... છે. એની પછી ટીકા થઈ થોડી. ન થવી હોય તો કાંઈ નહિ. એ તો થાય ઈ થાય, હવે સાંભળને. વર્ણીજીના ઓલામાં વખાણ કર્યા છે. કહો, સમજાણું કાંઈ? ભાઈ! દુનિયા છે. એ તો દુનિયામાં અનેક પ્રકાર હોય છે. વસ્તુની સ્થિતિ પ્રાપ્ત થવી એ તો અલૌકિક-અલૌકિક દશા છે, સાધારણ નથી.

શું કહે છે? કે પોતામાં પોતાનો સ્વભાવ દ્રવ્ય જે છે એ પોતાથી છે. પરદ્રવ્યની ભિન્નતાને કારણે જે પોતામાં જ્ઞાન થાય છે તો પરને કારણે થયું પરદ્રવ્યથી એમ નથી. સમજાણું કાંઈ? **'પરદ્રવ્યપણે માનીને-અંગીકાર કરીને નાશ પામે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વદ્રવ્યથી સત્પણું પ્રકાશતો થકો...'** દેખો! ધર્મીજીવ તો પોતાના સ્વદ્રવ્યથી અસ્તિ છે. પોતાથી ત્રિકાળ અસ્તિ છે. પોતાથી પ્રકાશિત કરતો થકો. જુઓ, પ્રકાશિત કરતો થકો. સમ્યગ્જ્ઞાન. **'અનેકાંત જ તેને જિવાડે છે-'** પોતાથી આત્મા જ્ઞાનદ્રવ્ય ત્રિકાળ પડ્યું છે. જ્ઞાનસ્વરૂપ

સ્વદ્રવ્ય પોતાથી છે એમ પોતાને જિવાડે છે. પોતાનું જેવું સ્વરૂપ છે એવી રીતે ટકે છે. પરથી હું નથી એ પછી આવશે.

‘**વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ...**’ છઠ્ઠો બોલ. ‘**સર્વ દ્રવ્યો હું જ છું...**’ છઠ્ઠો બોલ છે. સમજાણું કાંઈ? અહીં દસ હજાર પુસ્તક છપાયા હતા. સારું લાગ્યું હતુંને માટે. તમારા પંડિત પણ એમ કહે છે. એ કાંઈ અહીંના પંડિત તો છે નહિ. એ ફૂલચંદજી, જગમહોનલાલજીને અહીંનો સ્વીકાર છે. પણ આ તો મધ્યસ્થ છે. એને લાગ્યું કે નહિ, વાત એમ છે. નિશ્ચયથી ધર્મ થાય. નિયત ક્રમથી પર્યાય થાય છે. સમજાણું કાંઈ? ઉપાદાનથી કામ થાય છે, નિમિત્તથી થતું નથી. માનતા નથી, શું કરે? ઝઘડે ચડી ગયા પોતાની કલ્પનાને દૃઢ કરવા. છઠ્ઠો બોલ. છઠ્ઠો બોલ છે, જુઓ,

‘**વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ સર્વ દ્રવ્યો હું જ છું...**’ જુઓ, હું તો આખું જગત જ છું. આ વેદાંત માને છેને. સર્વ હું છું. સર્વ દ્રવ્યો હું એક જ છું, વેદાંત એમ માને છે. સમજાણું કાંઈ? આ નીકળ્યા છેને હમણાં? રજનીશ એક નીકળ્યો છે. સાંભળ્યું છે? રજનીશ. આચાર્ય રજનીશ પ્રોફેસર. તદ્દન વિપરીત. લોકો એમ .. વિકલ્પનો નાશ કરો, વિકલ્પનો નાશ કરો. અહીં તો કહે છે કે વિકલ્પનો નાશ કરવો એ પણ આત્માના સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ? વિકલ્પ નામ રાગનો નાશ કરવો એ પણ સ્વરૂપમાં નથી. નાસ્તિથી એકલી વાત કરે છે. ભગવાન સર્વજ્ઞ આત્મા, સર્વજ્ઞ સ્વભાવ, પોતાનો પૂર્ણ સ્વભાવ છે એવી દૃષ્ટિ કરવાથી વિકલ્પ ઉત્પન્ન થતો નથી એ વિકલ્પનો નાશ કર્યો એમ વ્યવહારથી કહેવામાં આવે છે. પંડિતજી! સમજાણું કાંઈ? એ ૩૪ ગાથામાં છે, સમયસાર.

રાગનો નાશ કરવો એ પણ પોતાનો સ્વભાવ નથી. રાગનો નાશ કરવો એમ કહેવું એ પણ નામમાત્ર છે. સમયસારમાં છે. પહેલાં છે. જુઓ, ક્યાં? ૩૪માં છેને? કેટલામું પાનું છે. ૩૫ છેને ૩૫. ૩૪. ૩૪-૩૪. જુઓ, આ હિન્દી પાનું ૭૩. હિન્દી પાનું ૭૩. ૭ અને ૩. ૭૩ કહે છે ને તમારે? જુઓ એમાં. ‘**આ ભગવાન જ્ઞાતા-દ્રવ્ય (આત્મા) છે તે અન્યદ્રવ્યના સ્વભાવથી થતા અન્ય સમસ્ત પરભાવોને, તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી પરપણે જાણીને, ત્યાગે છે; તેથી જે પહેલાં જાણે છે તે જ પછી ત્યાગે છે,...**’ શું કહે છે જુઓ, ‘**ભગવાન જ્ઞાતા-દ્રવ્ય (આત્મા) છે તે અન્યદ્રવ્યના સ્વભાવથી થતાં અન્ય સમસ્ત પરભાવોને, તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી...**’ એ રાગરૂપ પોતાનો આત્મા થતો જ નથી એવો આત્માનો સ્વભાવ છે એમ કહે છે. સંસ્કૃતમાં છે. નથી તમારી પાસે પુસ્તક? હિન્દી નથી હિન્દી બીજું? હિન્દી છે હિન્દી? ઠીક, પાનું ફેર છે. સંસ્કૃતમાં છે. ૩૪ શ્લોક છે.

‘**ભગવાન જ્ઞાતા-દ્રવ્ય...**’ એમ લીધું જુઓ, ‘**તે અન્યદ્રવ્યના સ્વભાવથી થતાં...**’ એટલે પુણ્ય-પાપ વિકલ્પ, દયા, દાન, વ્રત, ભક્તિ એવા ‘**અન્ય સમસ્ત પરભવોને, તેઓ**

**પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી...'** વિકારી પરિણામથી આત્મા વ્યાપ્ત નથી થતો એવો સ્વભાવ છે. સમજાણું કાંઈ? વિકારી પરિણામથી વ્યાપ્ત નામ પર્યાય થાય છે પોતામાં એવો આત્માનો સ્વભાવ નથી. **'પરપણે જાણીને, ત્યાગે છે;...'** એટલે કે રાગરૂપ પરિણમન પોતામાં છે જ નહિ. પોતાનો સ્વભાવ પોતાથી પરિણમે છે તો રાગરૂપ પરિણમતો નથી. **'તેથી જે પહેલાં જાણે છે તે જ પછી ત્યાગે છે, બીજો તો કોઈ ત્યાગનાર નથી—એમ આત્મામાં નિશ્ચય કરીને, પ્રત્યાખ્યાનના સમયે પ્રત્યાખ્યાન કરવાયોગ્ય જે પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું નામ હોવા છતાં પણ, પરમાર્થથી જોવામાં આવે તો પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી,...'** સમજાણું કાંઈ? એ વિકલ્પનો ત્યાગ કરવો એ સ્વભાવમાં છે જ નહિ. આહા..હા..! સ્વભાવમાં છે જ નહિ રાગ. રાગ છે નહિ તો ત્યાગ કરવો ક્યાંથી આવ્યું? સૂક્ષ્મ વાત.

જ્ઞાતા ભગવાન આત્મા પોતાનો ચૈતન્ય સ્વભાવ શુદ્ધ ધ્રુવ એના ઉપર દૃષ્ટિ કરી એકાકાર થાય છે તો વિકલ્પની ઉત્પત્તિ નથી થતી. તો વિકલ્પનો પહેલાં ભાવ હતો એનો અભાવ થયો, પર્યાયમાં (અભાવ) થયો. પણ દ્રવ્યસ્વભાવ એનો ત્યાગ કરે છે એમ પરમાર્થ આત્મામાં છે નહિ. રાગનો ત્યાગ કર્તા એ પણ પરમાર્થથી આત્મામાં નથી, એમ કહે છે, જુઓ, પરદ્રવ્યનો ત્યાગ કરવો એ તો છે નહિ. આહા..હા..! પરદ્રવ્ય આવ્યુંને અહીંયા? પરદ્રવ્યનો ત્યાગ કરું એ તો આત્મામાં છે જ નહિ, એ તો મિથ્યાદૃષ્ટિ માને છે. આહા..હા..!

**શ્રોતા :-** રાગનો ત્યાગ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર તો છે જ નહિ. આ તો એક સમયની પર્યાયમાં છે રાગ વિકાર એનો ત્યાગ કરવો એ પર્યાયબુદ્ધિમાં માને છે, સ્વભાવમાં છે નહિ. સમજાણું કાંઈ? શરીર છોડું, આહાર છોડું. શું છોડે? એ તો પરનો ત્યાગ જ તારામાં. પરનો તો તારામાં અભાવ જ છે. અભાવનો ત્યાગ કરવો? અભાવનો અભાવ કરવો? સમજાણું કાંઈ? આહાર-પાણી છોડું, આવું છોડું. પરનો તો ત્યાગ જ છે તારામાં. તારામાં તો પરનો અભાવ જ છે. અભાવ છે એનો ત્યાગ શું કરવો? સમજાણું કાંઈ? પણ તારામાં રાગાદિ પુણ્ય-પાપના જે વિકલ્પ ઉત્પન્ન થાય છે એનો ત્યાગ કરું એ પર્યાયબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ માને છે. કેમકે વસ્તુનો સ્વભાવ જ્ઞાન ચિદાનંદ છે એવી દૃષ્ટિ જ્યાં થઈ તો વિકારની ઉત્પત્તિ થતી નથી તો પર્યાયનો સંબંધ એટલો વ્યવહારથી ગણીને નામમાત્રથી કથન કર્યું કે આત્માએ રાગનો નાશ કર્યો. પરમાર્થે (રાગનો) નાશ કરવો એ આત્મામાં છે જ નહિ. એ ૩૪ ગાથામાં આવ્યું. આહા..હા..! ભારે! નવનીતભાઈ! આવું જૈનતત્ત્વ છે. જૈનતત્ત્વ નહિ, વસ્તુનું સ્વરૂપ જ એવું છે. સ્વરૂપ એવું છે.

ચિદાનંદ ભગવાન એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ, એવી અંતર દૃષ્ટિ થઈ અને એમાં લીન થયો તો રાગનો ત્યાગ કરવો એ એના લક્ષમાં ક્યાં છે? લક્ષમાં તો દ્રવ્ય છે. સમજાણું કાંઈ? ધ્યેય તો દ્રવ્યમાં છે. એમ રાગની ઉત્પત્તિ ન થવી, નામમાત્ર કહે છે કે આત્માએ

રાગ-સંસારનો નાશ કર્યો, આત્માએ ઉદયભાવનો નાશ કર્યો. સંસારનો નાશ કર્યો અને મોક્ષની ઉત્પત્તિ કરી એ વ્યવહારથી બોલ છે. પરમાર્થે સંસારનો નાશ કરવો એ આત્માના સ્વભાવમાં છે નહિ. કેમકે સ્વભાવમાં સંસાર છે જ નહિ. સંસાર કહો કે ઉદયભાવ કહો. સમજાણું કાંઈ? ભારે ઝીણું! લોકોને તત્ત્વનો બોધ નથીને માટે બહારનો ગ્રહણ-ત્યાગ, આ છોડ્યું.. આ છોડ્યું... આ છોડ્યું... જુઓ કેટલો ત્યાગ! ધર્મનો ત્યાગ છે. પંડિતજી!

ભગવાન આત્મા ચિદ્‌ઘન મૂર્તિ પ્રભુ એવા સ્વભાવમાં તો રાગનો અભાવ જ છે, પરનો તો અભાવ જ છે જ. શરીરાદિ, દાળ, ભાત, રોટલા છોડી દીધાને આમ અપવાસ કર્યા. અરે..! પરનો તો અભાવ છે જ. મિથ્યાદૃષ્ટિ માને છે કે મેં પરનો ત્યાગ કર્યો. સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે પોતાના દ્રવ્યમાં એના કાયમી આનંદ જ્ઞાનસ્વભાવમાં દુઃખનો વિકલ્પ પણ નથી તો એના સ્વભાવમાં એ સ્વભાવ વસ્તુએ એનો ત્યાગ કર્યો એવું સ્વભાવમાં છે જ નહિ. સ્વભાવ ચિદાનંદ ભગવાન પોતાની દૃષ્ટિ કરવાથી પોતામાં સ્થિર રહે છે એ પ્રત્યાખ્યાન છે. એ સમયે રાગ ઉત્પન્ન થતો નથી તેને વ્યવહારથી કહે છે કે આત્માએ રાગનો નાશ કર્યો, ઉદયનો નાશ કર્યો. નાશ-બાશ છે નહિ. પરમાર્થ દ્રવ્યસ્વભાવ ઉદયનો નાશ કરે છે એવું આત્મામાં છે જ નહિ. એ તો પરમપારિણામિક સ્વભાવભાવ છે. સમજાણું કાંઈ? પરમસ્વભાવભાવ વસ્તુનો સ્વભાવ ત્રિકાળ એકરૂપ એવી ચીજ એ પરમાર્થે રાગનો શું ત્યાગ કરવો? રાગને શું છોડે? સમજાણું કાંઈ? સ્વભાવમાં એકાકાર થવાથી રાગની પહેલાં ઉત્પત્તિ હતી એ ઉત્પત્તિ ન થઈ એને પરમાર્થે આત્મા કર્તા નહિ કહેતા, નામમાત્રથી કથન કહે છે. ઓહોહો..! નામ વ્યવહાર. કહો, રાગનો ત્યાગ કર્તા પણ પરમાર્થે નથી. છે? ત્યાગ કર્તૃત્વનું નામ પોતામાં નથી. આ મેં છોડ્યુંને આ મેં છોડ્યું.

હું તો સ્વદ્રવ્યથી સત્પણું પ્રકાશતો થકો. જુઓ, હું સ્વદ્રવ્ય છું એમાં પોતાને પ્રકાશતો થકો. રાગને પરદ્રવ્યને હું છોડું છું અને પરદ્રવ્યરૂપ હું છું એમ નથી. રાગરૂપ હું છું એમ નથી. હું તો જ્ઞાયકભાવથી છું એવી દૃષ્ટિથી પોતાના દ્રવ્યને પ્રકાશતો થકો પોતાના અસ્તિત્વનો સ્વીકાર કરે છે. પરનો સ્વીકાર અસ્તિત્વમાં નથી. સમજાણું કાંઈ?

અનેકાંત તેને જીવાડે છે અર્થાત્ સ્વદ્રવ્ય જ્ઞાયકસ્વભાવ એની અંતરમાં અસ્તિત્વની કબુલાતથી અનેકાંત, પરથી નહિ એવા અમૃતના આનંદનો અનુભવ થાય છે એ અનેકાંત આત્માના આનંદને જીવાડે છે. સમજાણું કાંઈ? ભાઈ! વસ્તુ એવી છે. ભગવાને દેખી એવી છે અને ભગવાને કહી એવી છે અને વસ્તુ એવી છે. ચિદ્‌ઘન ભગવાન જ્ઞાનસ્વરૂપ પોતાથી છે એવી જ્યાં દૃષ્ટિ અસ્તિત્વ ઉપર થઈ તો રાગના અભાવથી છે એવું ભાન થયું તો અનેકાંત નામ સ્વના આનંદની પ્રાપ્તિ થઈ અને દુઃખનો અભાવ થયો એનું નામ અનેકાંતથી આત્માને જીવાડે છે એમ કહેવામાં આવે છે. બહુ સ્પષ્ટ છે. સમજ્યાને? પાંચ બોલ થયા. પછી છઠ્ઠો બોલ આવશે. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી પરમાત્મપ્રકાશ, ગાથા-૨૫ થી ૨૭
## પ્રવચન નં.૧૫, તા.૨૨-૬-૧૯૭૬
## (૩)

'પરમાત્મપ્રકાશ'. ૨૫મી ગાથા. ભાવાર્થ છે.

'**યહાં પર જો સિદ્ધપરમેષ્ઠીકા વ્યાખ્યાન કિયા હૈ,...**' એ સિદ્ધ ભગવાન કેવળજ્ઞાન, કેવળદર્શન, આનંદમય છે, નિરાકાર છે, શરીરરહિત નિકલ પરમાત્મા છે. 'ઉસીકે સમાન અપના ભી સ્વરૂપ હૈ,...' અહીં તો સિદ્ધાંત આ છે. ભગવાનઆત્મા સિદ્ધ સમાન સ્વરૂપી, એની શક્તિ, એનો સ્વભાવ પૂર્ણ જ્ઞાન-દર્શન-આનંદ એ એનો સ્વભાવ (છે). એ સિદ્ધસ્વરૂપ પોતે જ છે. 'અપના ભી સ્વરૂપ હૈ, વહી ઉપાદેય (ધ્યાન કરને યોગ્ય) હૈ,...' અહીં તો એ કહેવું છે. જોયું! સિદ્ધને ઉપાદેય કહ્યા એ તો નિમિત્તથી-વ્યવહારથી વાત કરી. અને તેને ઉપાદેય માને માટે સ્વ ઉપાદેય થાય, એમ નથી. આહા..હા..! આવી વાતું!

ભગવાન પરમાત્મસ્વરૂપ જ તારો આત્મા છે. સિદ્ધ તો એક સમયની પર્યાય છે. આ તો આખો પિંડ જ પ્રભુ સિદ્ધસ્વરૂપ છે. વીતરાગમૂર્તિ અકષાય સ્વભાવનો પિંડ, અનંતજ્ઞાન, દર્શન, આનંદ અને વીર્યથી ભરેલો પદાર્થ એ જ ઉપાદેય છે. ધ્યાન કરવાલાયક એ છે એમ કહે છે. છે? આહા..હા..! સિદ્ધનું ધ્યાન કરવા કરતાં... ત્યારે કોઈ કહે કે પણ એ સિદ્ધનું પહેલું ધ્યાન કરે પછી આ થાય, એમ પણ નથી. આહા..હા..! એવી વાત છે. પોતે જ પરમાત્મસ્વરૂપે છે એનો સીધો આશ્રય લઈ અને ધ્યાનમાં એને ધ્યેય બનાવે. આહા..હા..! નિર્વિકલ્પ વીતરાગ પરિણતિ દ્વારા વસ્તુ આ છે તેને ધ્યેય બનાવે એટલે તેનું ધ્યાન કરે. એનું નામ મોક્ષનો માર્ગ છે. આવી વાત.

'જો સિદ્ધાલય હૈ, વહ દેહાલય હૈ,...' આહા..હા..! સિદ્ધાલય છે એ આ દેહાલય છે. 'જૈસા સિદ્ધલોકમેં વિરાજ રહા હૈ,...' જેમ સિદ્ધલોકમાં પરમાત્મા પૂર્ણ સ્વરૂપે બિરાજમાન છે. 'વૈસા હી હંસ (આત્મા) ઈસ ઘટ (દેહ)મેં વિરાજમાન હૈ.' આહા..હા..! ભગવાન પૂર્ણ સ્વરૂપ બિરાજમાન આત્મા પોતે છે, પર્યાયમાં એને ધ્યાનમાં લે. પર્યાય છે તે ધ્યાન છે અને વસ્તુ છે તે તેનું ધ્યેય છે. આહા..હા..! આવી વાતું આકરી પડે. શું થાય? માર્ગ તો આ છે. સાક્ષાત્ ભગવાન પરમાત્મસ્વરૂપ છે, એનો ભેટો કરવા માટે તો નિર્વિકલ્પ દશા જોશે. વ્યવહારના વિકલ્પો પહેલાં આવે એટલે એમાંથી મદદ મળે એમ નથી.

આ એ જ કીધું. સીધું અહીં છે. વ્યવહાર આવે તો મદદ મળે. ઓલા ભાઈ કહેતા

ને? 'છોટાલાલજી' કહેતા. 'છોટાલાલ' નહિ? બ્રહ્મચારી. પહેલાં એમ કહેતા. પછી બિચારા ફરી ગયા અહીં. વ્યવહારમાં આવે તો શક્તિ મળે કે જેથી અંદરમાં જઈ શકે, એમ કહેતા. 'શ્રીમદ્'માં એક એવો પત્ર છે. નિશ્ચયમાં એકલું લુખું લાગે તો એણે ભક્તિમાં આવવું. પત્ર એક છે. છે ખ્યાલ? એ તો વ્યવહારની વાતું છે, બાપુ! આ તો પરમાનંદનો નાથ પૂર્ણ છે એને સીધો ધ્યેયમાં લેવો. એને પરની કોઈ અપેક્ષા છે જ નહિ.

મુમુક્ષુ :- પાત્રતા તો અંદર...

ઉત્તર :- એ પાત્રતા આ. ત્યારે પાત્રતા કહેવાય. સમ્યગ્દર્શન સ્વનો આશ્રય કરે ત્યારે તેને પાત્રતા કહેવાય. હવે એનું સિદ્ધપણું એમાં ટકશે. એમ. એ 'શ્રીમદ્દે' કહ્યું એકવાર. સમ્યગ્દર્શન થતાં જ પાત્રતા થાય છે. આવી વાત છે, બાપુ! આહા..હા..! 'જે નવ વાડ વિશુદ્ધથી પાળે શીયળ સુખદાય.' આવે છેને? એ બધાની વાતું બધી એવી ગમે તે હો. વાતમાં વાત એનો સરવાળો તો એક સમયમાં પરમાત્મા પૂર્ણ સ્વરૂપ છે, તેને રાગરહિત વીતરાગ પરિણતિ દ્વારા તેને ધ્યેય કરવું. બસ, આ વસ્તુ છે. બાકી ગમે એ વાતું વ્યવહારનયથી આવતી હોય એ વસ્તુની સ્થિતિ નથી. આહા..હા..!

'જો સિદ્ધાલય હૈ, વહ દેહાલય હૈ,...' દેહ આલય-સ્થાન. ભગવાન અંદર પરમાનંદસ્વરૂપ અખંડ આનંદની રસ કાતળી પ્રભુ છે એ તો. આહા..હા..! શેરડીમાં જેમ મીઠો રસ છેને? એમ એ કૂચાથી જુદો. એમ રાગ-દ્વેષના વિકલ્પના કૂચાથી પ્રભુ જુદો પૂર્ણ આનંદરસથી ભરેલો છે એને ધ્યેય બનાવ. આહા..હા..! આ વાત છે, ભાઈ!

'જૈસા સિદ્ધલોકમેં વિરાજ રહા હૈ,...' 'જૈસા સિદ્ધલોકમેં વિરાજ રહા હૈ, વૈસા હી હંસ (આત્મા) ઈસ ઘટ મેં વિરાજમાન હૈ.' આહા..હા..! હંસ-હંસ... હંસ-હંસલો. રાગથી ભિન્ન પડીને અંદરમાં જાય એને હંસલો કહે છે. જેમ હંસલાની ચાંચમાં ખટાશ છે. દૂધ અને પાણી ભેગામાં ચાંચ નાખે તો દૂધનું કોકડું વળી જાય અને પાણી જુદું પડી જાય. એમ ભગવાન હંસ છે. એની વીતરાગ પરિણતિ દ્વારા અંદરમાં જાય તો રાગથી ભિન્ન પડી જાય અને વીતરાગતાથી અભેદ થાય એટલે ત્રિકાળી સાથે અભેદ થાય. અભેદનો અર્થ એ બાજુ ઢળી જાય, એમ. આહા..હા..! આવી વાતું છે.

પર્યાય જે છે નિર્વિકલ્પ સમાધિ વીતરાગી પરિણતિ સમ્યગ્દર્શન-જ્ઞાન, એ તો દ્રવ્ય તરફ ઢળે છે, પણ એથી દ્રવ્યમાં એકમેક થઈ જાય છે એમ નથી. આહા..હા..! વીતરાગી પર્યાયને પર્યાયમાં દ્રવ્યસ્વભાવનું જ્ઞાન થાય અને વીતરાગી પર્યાય દ્રવ્યસ્વભાવને ધ્યેય બનાવે. તેથી તે વીતરાગ પર્યાય એટલે કે મોક્ષનો માર્ગ એ કાંઈ વસ્તુમાં એકમેક થઈ જતો નથી. તેમ વસ્તુ મોક્ષમાર્ગની પર્યાયમાં આવતી નથી. વસ્તુનું જ્ઞાન અને સામર્થ્ય શું છે એ બધું પર્યાયમાં આવે. આહા..હા..! આવો માર્ગ.

**'ઈસ ઘટ મેં વિરાજમાન હૈ.'** ભક્તિમાં નથી આવતું? 'જૈસો વહાં, તૈસો યહાં.'

ભક્તિમાં આવે છે ક્યાંક. આહા..હા..! વાત એ છે કે એને ભરોસામાં વાત આવવી જોઈએ. વર્તમાન પ્રગટ એક સમયની પર્યાયમાં અનાદિની રમતું (કરી છે) અને એક સમયની પર્યાય સિવાય આખી વસ્તુ જે ખરી તો જે ત્રિકાળ છે તે ચીજ છે. એની સામું ન જોતાં પર્યાય સામું જોઈને પર્યાયનું લક્ષ તો પછી પર ઉપર જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એથી ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ સાક્ષાત્ પરમાત્મસ્વરૂપ જ આત્મા બિરાજે છે. આહા..હા..! એને વીતરાગી પરિણતિ કહો, નિર્વિકલ્પ સમાધિ કહો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ દ્વારા તેનો ભેટો કર. આહા..હા..! આવી વાત છે.

માણસને તો એવું બધું લાગે કે વ્યવહારથી કાંઈ નહિ? આ કહ્યું વ્યવહારે પરંપરા થાય. નહોતું આવ્યું? નહોતું આવ્યું આમાં? નિશ્ચયથી સાક્ષાત્ થાય અને વ્યવહારથી પરંપરાએ થાય, લ્યો! અરે..! પ્રભુ! શું છે? બાપુ! આહા..હા..! એ તો વ્યવહારનયના વચન છે, ભાઈ! રાગથી પરંપરાએ સ્વ-આશ્રયમાં જવાય એમ બને નહિ. તકરાર કરે. પ્રભુ! શું કરે? પોતાનું જે મોટું સ્વરૂપ છે, મહંત સ્વરૂપ પોતાનું છે, આહા..હા..! એને પકડવા માટે તો વિકલ્પ રહિત, વ્યવહારરહિત નિર્વિકલ્પ દષ્ટિ જ કામ આવે. એ એનો સ્વીકાર કરી શકે. આહા..હા..! રાગની પર્યાય એનો સ્વીકાર નહિ કરી શકે. અને રાગની પર્યાય-વ્યવહારથી નિશ્ચયપર્યાય થાય અને નિશ્ચયપર્યાયનું ધ્યેય દ્રવ્ય એમ પણ નથી. આહા..હા..!

આગમ પદ્ધતિનો વ્યવહાર સુગમ (લાગે છે). 'પરમાર્થ વચનિકા'માં આવે છેને? એ લોકો કરીને મોક્ષનો માર્ગ માને છે, પણ અધ્યાત્મનો વ્યવહાર શું એની એને ખબર નથી. અધ્યાત્મનો વ્યવહાર, નિર્વિકલ્પ દશા એ અધ્યાત્મનો વ્યવહાર છે. સમજાણું કાંઈ? નિર્વિકલ્પ દશા એ વ્યવહાર છે અને એ પર્યાય દ્રવ્યને પકડે છે. આ વ્યવહાર નિશ્ચયને પકડે છે.

**શ્રોતા :-** આ તો નિશ્ચય થયો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વ્યવહાર થયો એ જ પર્યાય. કેમકે એક વર્તમાન ક્ષણ પૂરતી એ દશા છે, તેથી એને વ્યવહાર કહ્યો અને ત્રિકાળને પકડે એ વસ્તુ નિશ્ચય છે. આહા..હા..! આવો માર્ગ વીતરાગનો. ૨૫ થઈ.

૨૬. '**ઈસ પ્રકાર જિસમેં તીન તરહકે આત્માકા કથન હૈ, ઐસે પ્રથમ મહાધિકારમેં મુક્તિકો પ્રાપ્ત હુએ સિદ્ધ પરમાત્માકે વ્યાખ્યાનકી મુખ્યતાકર ચૌથે સ્થલમેં દશ દોહા-સૂત્ર કહે. આગે પાંચ ક્ષેપક મિલે હુએ ચૌબીસ દોહોંમેં જૈસા પ્રગટરૂપ પરમાત્મા મુક્તિમેં હૈ, વૈસા હી શુદ્ધનિશ્ચયનયકર દેહમેં ભી શક્તિરૂપ હૈ,...**' આહા..હા..! શક્તિ કહો, સામર્થ્ય કહો. આહા..હા..! પીપરને દાણે શક્તિરૂપ ચોસઠ પહોરી શક્તિ તીખો રસ પૂરો-પૂરો પડ્યો છે. આહા..હા..! એમ ભગવાન શક્તિરૂપે પરમાત્મા જ છે. દ્રવ્યસ્વભાવ, પરમાત્મસ્વભાવ, ત્રિકાળીસ્વભાવ, ધ્યેયમાં લેવાલાયક સ્વભાવ એ તો પૂર્ણાનંદ પૂર્ણ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! '**વૈસા હી શુદ્ધનિશ્ચયનયકર દેહમેં ભી શક્તિરૂપ હૈ, ઐસા કહતે હૈં.**'

जेहउ णिम्मलु णाणमउ सिद्धिहिँ णिवसइ देउ।
तेहउ णिवसइ बंभु परु देहहँ मं करि भेउ।।२६।।

**અન્વયાર્થ :-** આહા..હા..! '**જૈસા કેવલજ્ઞાનાદિ પ્રગટસ્વરૂપ કાર્યસમયસાર...**' પ્રગટ કેવળજ્ઞાનાદિ કાર્યસમયસાર પરમાત્મા જે છે '**ઉપાધિરહિત ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મરૂપ મલસે રહિત...**' આહા..હા..! '**કેવલજ્ઞાનાદિ અનંત ગુણરૂપ સિદ્ધપરમેષ્ઠી દેવાધિદેવ પરમ આરાધ્ય મુક્તિમેં રહતા હૈ,...**' આહા..હા..! '**વૈસા હી સબ લક્ષણોં સહિત...**' તાદૃશ્ય છે. '**વૈસા હી સબ લક્ષણોં સહિત પરમબ્રહ્મ,...**' આહા..હા..! પરમબ્રહ્મ. ભગવાનઆત્મા '**પરમબ્રહ્મ, શુદ્ધ, બુદ્ધ, એક સ્વભાવ પરમાત્મા,...**' ત્યાં 'એક' શબ્દ પડ્યો રહ્યો છે. શું કહ્યું? શુદ્ધ, બુદ્ધ પછી એક જોઈએ. એ ઘણે ઠેકાણે એક નથી મુકતા. ખરેખર તો એ 'શુદ્ધ, બુદ્ધ, એક સ્વરૂપ...' એમ કહેવું છે. પર્યાયનો પણ ભેદ નથી. છેને?

'**શુદ્ધ,..**' પવિત્ર '**બુદ્ધ,...**' જ્ઞાનઘન. એકલો જ્ઞાનસ્વરૂપ તે એકરૂપ. ભેદ નહિ. આહા..હા..! પર્યાયનો પણ જેમાં ભેદ નહિ. શુદ્ધ, બુદ્ધ, પવિત્ર એકલો જ્ઞાન-જ્ઞાયકભાવ એક ભાવ. આહા..હા..! '**પરમાત્મા, ઉત્કૃષ્ટ શુદ્ધદ્રવ્યાર્થિકનયકર શક્તિરૂપ પરમાત્મા શરીરમેં તિષ્ઠતા હૈ,...**' આહા..હા..! જેવા મુક્તિમાં સિદ્ધ પરમાત્મા બિરાજે છે એવો જ આ ભગવાનઆત્મા એવા 'સબ લક્ષણોં સહિત...' જોયું! સિદ્ધના જેટલા લક્ષણો છે એ બધા લક્ષણોથી ભગવાન અહીં અંદર બિરાજે છે. આહા..હા..! કેવું કામ કર્યું છે!

આ 'પરમાત્મપ્રકાશ' છે. પરમાત્મપ્રકાશ પર્યાયમાં થાય એ કાર્યપરમાત્મા છે, પણ વસ્તુ કારણપરમાત્મા ત્રિકાળ પોતે છે. આ વીતરાગી ભાવ છે. લોકોને રાગવાળાને આ લુખું લાગે. કાંઈક આમ જાણે બહારમાં જાય અને આમ હોય તો (ઠીક પડે). 'શ્રીમદ્'માં એક પત્ર આવે છે. ખબર છે? એમ કે અધ્યાત્મમાં બહુ ઓલુ કરતાં ઓલું થઈ જાય તો ભક્તિમાં આવે. એવો પત્ર આવે છે. આ બાજુ છે. પરની ભક્તિમાં આવે એથી કરીને એ તો અંતરમાંથી ખસી ગયો છે અને તેથી એને અંદરમાં જવાને સહેલું પડે, એમ નથી. સમજાણું કાંઈ? એમ કે વીતરાગી ભાવ તો લુખ્ખો છે. થોડી ભક્તિમાં આવે તો એની લુખાશ જાય, એમ નથી.

**શ્રોતા :-** ભક્તિ પોતે અશુદ્ધ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગ છે એ તો. સ્વની ભક્તિ, નિર્વિકલ્પ દશાની ભક્તિ તે આત્માની ભક્તિ છે. આવી વાત, ભાઈ! આકરું કામ. શું થાય? ભાઈ! વસ્તુ જ આવી સ્થિતિ છે ત્યાં. આહા..હા..! જ્યાં પરમાત્મા પોતે બિરાજે છે ત્યાં દૃષ્ટિ કરવાની છે એને. અને તે દૃષ્ટિ નિર્વિકલ્પ દૃષ્ટિ. આહા..હા..! વાદવિવાદ કરે તો કાંઈ પાર આવે એવું નથી. વ્યવહારથી આમ થાય, ઢીકણાથી આમ થાય. વ્યવહારથી પરંપરાએ થાય. બાપુ! એમાં હોંશ ન કર, ભાઈ!

**શ્રોતા :-** પરંપરાનો અર્થ કે એનો અભાવ કરીને થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પણ એ પરંપરાનો અર્થ એ એનાથી થાય એમ કહે છે. એમ કહે છેને? વ્યવહારથી એનાથી પરંપરા થાય. એનો અર્થ એવો નથી, ભાઈ! વ્યવહારનો અભાવ કરી નિશ્ચયનો આશ્રય જ્યારે પૂર્ણ કરશે ત્યારે એને મળશે. અત્યારે પણ જેટલો નિશ્ચયનો આશ્રય કર્યો છે એટલો માર્ગ છે. પછી પણ વધારે આશ્રય કરશે ત્યારે વ્યવહારનો ભાવ છૂટી જશે. એથી એને પરંપરાનો આરોપ કહેવામાં આવ્યો છે. આહા..હા..! આવી વાતું છે. ક્યાં અવતાર કરશે? આહા..હા..!

અને ખરેખર જે વ્યવહારકારણ છે એ તો અસત્ કારણ છે. નિશ્ચય જે વીતરાગ પરિણતિ દ્વારા પ્રાપ્ત થાય તે સત્ કારણ છે અને એની અપેક્ષાએ વ્યવહાર છે એ તો અસત્ છે. ઉપચાર કહો, અસત્ કહો. જેનો ભાવ આત્મામાં છે જ નહિ. જેનો અભાવ આમાં છે. નિર્વિકલ્પ સમાધિ નિર્વિકલ્પ દષ્ટિમાં વ્યવહારના વિકલ્પનો અભાવ છે. આહા..હા..! હવે એ વિકલ્પ દ્વારા આત્માને પહોંચાય એ વસ્તુ છે નહિ, ભાઈ! આહા..હા..! પંડિતજી! આવી વાત છે જરી.

પ્રથમ શક્તિરૂપ... છેને? પરમ ઉત્કૃષ્ટ એ મારે લેવું છે. ઉત્કૃષ્ટ શબ્દ છેને? છે અંદર જુઓ, **'परमात्मा पर उत्कृष्टः'** છે? ચોથી લીટી છે. પરમાત્મા ઉત્કૃષ્ટ. પોતાનો ભગવાનઆત્માનો સ્વભાવ ઉત્કૃષ્ટ છે. **'शुद्ध द्रव्यार्थिकनयकर...'** શુદ્ધદ્રવ્યના પ્રયોજનની દષ્ટિથી જોતા એ ઉત્કૃષ્ટ પરમાત્મા શક્તિરૂપે સાક્ષાત્ છે. આહા..હા..! **'शरीर में तिष्ठता है,...'** આહા..હા..! **'ઈસલિયે હે પ્રભાકર ભટ્ટ, તૂં સિદ્ધ ભગવાનમેં ઔર અપનેમેં ભેદ મત કર.'** આહા..હા..! આ સિદ્ધ ભગવાન અને આ તું એમ ન કર. તું પોતે સિદ્ધ ભગવાનસ્વરૂપે જ છો. આહા..હા..! કેમ બેસે? અનાદિથી પર્યાયમાં પામરતા બેઠી છેને અનાદિથી. આહા..હા..! પ્રભુતાને પડખે ગયો નથીને. આહા..હા..! પૂર્ણ સ્વરૂપ પ્રભુ આત્મા, એને પડખે ગયો નથી તો એ પ્રભુતા મારી આટલી છે એ એને બેસતી નથી.

**શ્રોતા :-** 'ટોડરમલજી' ના પાડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં?

**શ્રોતા :-** સિદ્ધ સમાન આત્મા નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સિદ્ધ સમાન તો દ્રવ્ય તરીકે છે, પર્યાય તરીકે નથી એમ કહ્યું ત્યાં. એ સાતમામાં પહેલું એ લીધું છે. ખબર છેને. પર્યાય જે છે એવો પર્યાય મારે વર્તમાન (છે એમ નથી). વસ્તુએ સિદ્ધ સમાન છે, એમ કહે છે. આહા..હા..! ખ્યાલ છે. એનું સાતમું અધ્યયન તો ખૂબ પહેલાં (વાંચ્યું છે). (સંવત) ૧૯૮૪ની સાલથી. શબ્દે શબ્દને... આહા..હા..! વાત ભારે કરી, ભાઈ!

**'હે પ્રભાકરભટ્ટ, તૂં સિદ્ધ ભગવાનમેં ઔર અપનેમેં ભેદ મત કર. ઐસા હી**

**મોક્ષપાહુડમેં શ્રી કુન્દકુન્દાચાર્યને ભી કહા હૈ.**' લ્યો! 'મોક્ષપાહુડ'ની ૧૦૩ ગાથા છે. ૧૦૩. આહા..! આ તો બાપા! મોક્ષમાર્ગની વાતું છે, ભાઈ! જેલમાંથી નીકળવાનો રસ્તો આ છે. 'જંજીરેથી નીકળે...' નથી આવતું? આવે છે, 'શ્રીમદ્'માં. 'જંજીરેથી નીકળે...' 'એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે' દિવ્ય શક્તિ ભગવાનઆત્મા, એ રાગની એકતાની જેલમાં પડ્યો છે એને છોડ હવે. આહા..હા..! કેદમાં નાખી દીધો એને.

ભગવાન વીતરાગમૂર્તિ પ્રભુ, એને વિકલ્પ અને રાગની સાથે એકતા કરીને જેલમાં નાખ્યો છે. એ જંજીરને છોડ હવે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? પૂર્ણાનંદનો નાથ એ રાગ રહિત જ છે. રાગરૂપે અને રાગના એકપણે કદી થયો જ નથી. આહા..હા..! પ્રજ્ઞાછીણીમાં આવે છેને? કે રાગ અને સ્વભાવની વચ્ચે સાંધ છે, એક થયા જ નથી. આહા..હા..! દિગંબર સંતો અને મુનિઓ, એના વિદ્વાનો, એની વાતું જુદી. સનાતન માર્ગના સેવક છે ને એ. આહા..હા..!

કહે છે કે ભગવાન પૂર્ણાનંદસ્વરૂપે સ્વભાવનું સત્ત્વ પડ્યું છે આખું અને વિકલ્પ જે છે ચાહે તો દયા, દાન, વ્રત, વ્યવહારરત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો હો, એ વિકલ્પ એટલે રાગ અને સ્વભાવની વચ્ચે સાંધ છે, તડ છે. તડ સમજો છો? તિરાડ છે, તિરાડ છે. નિઃસંધિ થયા નથી. એવો શબ્દ છેને પ્રજ્ઞાછીણીમાં? સંધિ છે, નિઃસંધિ થયા નથી. કળશમાં છે. ટીકા છે. કળશની ટીકામાં છે. સમજાણું કાંઈ? આહા..હા..! ટીકામાં છે, હોં!

પાઠમાં આટલું છે. '**सूक्ष्मेऽन्तःसन्धिबन्धे**' '**અશુદ્ધત્વ-વિકારરૂપ પરિણમેલ છે તોપણ પરસ્પર સંધિ છે, નિઃસન્ધિ થયેલ નથી, બે દ્રવ્યોનું એક દ્રવ્યરૂપ થયું નથી,...**' વસ્તુ વસ્તુ છે તે રાગરૂપ ત્રણકાળમાં થઈ નથી. આહા..હા..! '**જ્ઞાનછીણી પેસવાનું સ્થાન,...**' છે એ. વિકલ્પ આ બાજુ ઢળતો છે અને પરિણતિ આ બાજુ ઢળતી (છે). એટલે કે વચ્ચે સાંધ છે. એથી જ્ઞાનની પરિણતિ એનાથી ખસીને આમ વળે છે. વચ્ચે સાંધ છે, એક થયા નથી. એટલે જ્ઞાનની પરિણતિ આમ ઢાળતા બે જુદાં પડી જાય છે. જુદાં છે. આહા..હા..! અનુપલબ્ધિ શોભે? એમ નથી આવતું? આહા..હા..! આવું ભેદજ્ઞાન કરે એને પ્રાપ્ત ન થાય એ શોભે? એમ કહે છે. આહા..હા..! આ તો ભાઈ! વાત બહુ ઝીણી છે. વ્યવહારના રસિયાને આ વાત બેસવી બહુ કઠણ છે. વ્યવહાર સાધન છે કે નહિ? નહિતર એકાંત થઈ જાય છે. સમ્યક્ એકાંત જ છે. વસ્તુ ત્રિકાળી એનો આશ્રય લેવો, એ આશ્રય લેનાર તો નિર્વિકલ્પ પર્યાય છે. તેથી સમ્યગ્દર્શન એને કહ્યું. '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થ ત્રિકાળ વસ્તુ ભગવાન સ્વરૂપે બિરાજમાન છે. એનો આશ્રય પર્યાયે લીધો એટલે કે પર્યાય એ બાજુ ઢળી. આહા..હા..! એ પર્યાયને સમ્યગ્દર્શન કહે છે અને એ સમ્યગ્દર્શનનો વિષય તે ત્રિકાળી પરમાત્માસ્વરૂપ છે. સમજાણું કાંઈ? લ્યો! 'મોક્ષપાહુડ'ની ગાથા.

'**ઈસકા યહ અભિપ્રાય હૈ કિ જો નમસ્કાર યોગ્ય મહાપુરુષોંસે ભી નમસ્કાર**

**કરને યોગ્ય હૈ,...'** શું કહે છે? ઈન્દ્રો આદિ જે નમસ્કાર કરવાલાયક છે, એ ઈન્દ્રો પણ જેને નમે છે, અંદરને. આહા..હા..! નમસ્કાર કરવાયોગ્ય ગણધર આદિ ઉત્તમ પુરુષો, એ પણ અંદર વસ્તુમાં નમે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? જે ગણધરો આદિ, તીર્થંકરો આદિ જે વંદન કરવાલાયક છે, નમન કરવાલાયક છે, એ જીવો અંદર નમે છે. આહા..હા..! આવી વાત છે, ભાઈ! **'સ્તુતિ કરને યોગ્ય સત્પુરુષોંસે સ્તુતિ કિયા ગયા હૈ,...'** આહા..હા..! ગણધરાદિ જીવને સ્તુતિ કરવાલાયક છે, એ ગણધરો પણ એની અંદરની સ્તુતિ કરે છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! આહા..હા..!

**શ્રોતા :–** એકમાં કહે, ભૂતાર્થનો આશ્રય લેવો, બીજામાં કહે, ધ્યાન કરે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભૂતાર્થનો આશ્રય એક જ સિદ્ધાંત છે. પછી વ્યવહાર આવે એને જાણેલો કીધું, બસ. આહા..હા..! જાણવાલાયક છે, આદરવાલાયક નથી. વ્યવહાર આવે એને જાણવાલાયક છે. જ્ઞાન તો વ્યવહારનયનો વિષય છે ને? નય છેને? નય વિષયી છે. તેનો વિષય એ છે. છે એ બરાબર, પણ એનાથી થાય એ બરાબર નથી. આહા..હા..! આવું છે, ભાઈ! વસ્તુ.

**'સ્તુતિ કરને યોગ્ય સત્પુરુષોંસે સ્તુતિ કિયા ગયા હૈ,...'** આહા..હા..! જેની સ્તુતિ કરવાલાયક એવા ગણધરો પણ પોતે અંદરની સ્તુતિ કરે છે, કહે છે. આહા..હા..! નિશ્ચયસ્તુતિ. 'સમયસાર'ની ૩૧ ગાથામાં છે. **'णाणसहावाधियं मुणदि आदं'** આહા..હા..! સમજાણું કાંઈ? 'ઔર ધ્યાન કરને યોગ્ય આચાર્યપરમેષ્ઠી વગેરહસે ભી ધ્યાન કરને યોગ્ય ઐસા જીવનામા પદાર્થ ઈસ દેહમેં બસતા હૈ,...' એ એનું ધ્યાન કરે છે. ધ્યાન કરવાલાયક આચાર્ય આદિ પણ આત્માનું ધ્યાન કરે છે. આહા..હા..! 'કુંદકુંદાચાર્ય'ની વાણી ગંભીર અને તળિયે પહોંચાડી દે એવી. આહા..હા..!

ભગવાન પરમાત્મસ્વરૂપે શક્તિ સ્વભાવ સામર્થ્યરૂપ જ પરમાત્મા છે. એવા જીવને જે સ્તુતિ કરવાલાયક ગણધરાદિ છે એ પણ એની સ્તુતિ કરે છે, કહે છે. આહા..હા..! 'ઐસા જીવનામા પદાર્થ ઈસ દેહમેં બસતા હૈ, ઉસકો તૂ પરમાત્મા જાન.' આ 'પરમાત્મપ્રકાશ' આહા..હા..! પરમાત્માની પર્યાય પ્રગટે પણ એ પરમાત્મા હોય તો એમાંથી પ્રગટે. આહા..હા..! બહિરાત્મા હોય એમાંથી પ્રગટે? અંતરાત્મા હોય એમાંથી પ્રગટે? આહા..હા..! અંતરાત્મા સાધક પર્યાય છે. એમાંથી સિદ્ધની પર્યાય ત્યાંથી આવે છે એમાંથી? આહા..હા..! એ પરમાત્મસ્વરૂપ છે, ભાઈ! તને બેસવું જોઈએ. રુચિમાં એનું પોષાણ આવવું જોઈએ. એ ચીજનું પોષાણ, પોષાવી જોઈએ. આહા..હા..! લાખ વાતની વાત ફેરવી નાખ. આહા..હા..! 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ ફંદ...' દ્વૈતપણું છોડી દે. આ દ્રવ્ય અને પર્યાય એ પણ છોડી દે. એકલું દ્રવ્ય ભગવાન છે ત્યાં તું જા. આહા..હા..!

**'ઐસા જીવનામા પદાર્થ ઈસ દેહમેં બસતા હૈ,...'** ભગવાન બિરાજે છે. આહા..હા..!

મોટું માણસ આવે તો સામો મળવા જાય. ભગવાન બિરાજે એને મળવા તો જા ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ? 'કાંતિભાઈ'! આવી વાતું છે, બાપા! ગાંડી, ઘેલી કહો, જે કહો પણ વાત તો આ છે. 'ઉસકો તૂ પરમાત્મા જાન.' એમ કહ્યુંને? ઓલા પરમાત્મા નહિ, તું આ પરમાત્માને જાણ. આહા..હા..! પરમ આત્મા, પરમસ્વરૂપ, પરમસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ. કાયમી પરમાત્મસ્વરૂપ જ ભગવાન બિરાજે છે. શક્તિરૂપે કહો, સ્વભાવરૂપે કહો, સામર્થ્યરૂપે કહો. આહા..હા..! એનું ધ્યાન કર. આ તો નિશ્ચયથી આવ્યું, પણ વ્યવહાર પાછો બીજો હોય કે નહિ?

ઓલો દાખલો આપે છે. આ દહીં કરેને? વલોણું. એકનું આકર્ષણ. આ બાજુ આકર્ષે તો આ બાજુ ઢીલું મૂકે. અહીંથી આકર્ષે તો અહીં ઢીલું મૂકે. એમ નિશ્ચયના જોરમાં વ્યવહારને ઢીલું મૂકે. વ્યવહારના જોરમાં નિશ્ચયને ઢીલું મૂકે. અરે..! ભાઈ! એ તો જ્ઞાન કરવાની વાત છે. ત્યાં તો જ્ઞાન નિશ્ચયનું કરવું હોય ત્યારે વ્યવહારને ગૌણ રાખે. વ્યવહારનું જ્ઞાન કરે તો નિશ્ચયને ગૌણ કરે. જાણવા માટેની વાત છે. ઈ આદરવા માટેની વાત છે જ નહિ. આહા..હા..! એ આદરવામાં લગાવી દે. જુઓ, વ્યવહારને જ્યારે મુખ્ય કરવો હોય ત્યારે નિશ્ચયને ગૌણ કરી નાખવો. અરે..! નિશ્ચય ગૌણ ત્રણકાળમાં ન થાય. સમજાણું કાંઈ? વ્યવહાર મુખ્ય થઈ જાય ત્યાં દૃષ્ટિ મિથ્યાત્વ થઈ જાય છે. આહા..હા..! આવી વાત જરી ઝીણી પડે, પણ શું થાય? અરૂપી નિર્વિકલ્પ ચીજ છો. આહા..હા..! વિકલ્પથી પણ પત્તો ખાય એવી ચીજ નથી. એ તો નિર્વિકલ્પથી પત્તો ખાય. આહા..હા..! પર તરફનું લક્ષ છોડ અને સ્વ તરફના લક્ષે નિર્વિકલ્પ પરિણતિથી તેનું ધ્યાન કર. પરમાત્મા બિરાજે છેને. આહા..હા..!

'**યહી પરમાત્મા ઉપાદેય હૈ.**' લ્યો! ભગવાન પરમાત્મા આદરણીય, પર્યાયમાં આદરણીય એ છે. સમજાણું કાંઈ?

'**આગે જિસ શુદ્ધાત્માકો સમ્યગ્જ્ઞાન-નેત્રસે દેખનેસે...**' હવે આવા ભગવાનને દેખવાથી '**પહલે ઉપાર્જન કિયે હુએ કર્મ નાશ હો જાતે હૈં,...**' લ્યો! સમજાણું કાંઈ? પહેલું તો એને નિર્વિકલ્પ પરિણતિથી પકડ અને નિર્વિકલ્પ પરિણતિથી પકડતા પૂર્વના કર્મ જે છે એ પણ ખરી જશે, એમ કહે છે. આહા..હા..! પૂર્વ કર્મના નાશની આ એક વિધિ છે. અપવાસ કરવા અને આ કરવા, બાપુ! એ બધી વાતું બહારની છે. '**શુદ્ધાત્માકો...**' એટલે પરમાત્માને, વસ્તુ જે છે પૂર્ણ ધ્રુવ આનંદસ્વરૂપ, એવો જે ભગવાન પોતે પરમાત્મા, એને '**સમ્યગ્જ્ઞાન-નેત્રસે દેખનેસે...**' આહા..હા..! જ્ઞાનની નિશ્ચય નિર્મળ પરિણતિથી એને જોતા.. આહા..હા..! '**પહલે ઉપાર્જન કિયે હુએ...**' પહેલાના કર્મ જે ઉપાર્જન કરેલા હોય એ નાશ થશે, નિર્જરા થશે એમ કહે છે. '**ઉસે હે યોગિન, તુ ક્યોં નહીં પહચાનતા,...**' હે મુનિ! ધર્માત્મા! આહા..હા..! યોગી કરીને કહ્યું. આવો જે ભગવાન અંદર એને તું કેમ

જાણતો નથી?

जैं दिट्ठें तुट्टंति लहु कम्मइँ पुव्व-कियाइँ।
सो परु जाणहि जोइया देहि वसंतु ण काइँ।।२७।।

અન્વયાર્થ :- **'हे योगिन तू क्यों नहीं पहचानता,...' 'जिस परमात्माको सदा आनंदरूप वीतराग निर्विकल्प समाधिस्वरूप निर्मल नेत्रोंकर देखनेसे...'** આહા..હા..! એ પરમાત્મા પોતે દ્રવ્યસ્વભાવ ત્રિકાળ એને સદા આનંદરૂપ વીતરાગ નિર્વિકલ્પ સમાધિસ્વરૂપ નિર્મળ નેત્રોંથી જોતાં. આહા..હા..! **'सदा आनंदरूप वीतराग निर्विकल्प समाधि...'** શાંતિ. આહા..હા..! અતીન્દ્રિય આનંદની પરિણતિ જે પ્રગટી છે... આહા..હા..! એ **'सदा आनंदरूप वीतराग निर्विकल्प समाधिस्वरूप...'** સદાનો અર્થ? કે નિર્વિકલ્પ જે આનંદ પરિણતિ છે એ આનંદરૂપ જ સદાય છે, એમ. સમજાણું કાંઈ?

**'सदा आनंदरूप वीतराग निर्विकल्प समाधिस्वरूप...'** આહા..હા..! જે ભગવાનને દેખવાની પરિણતિ છે એ આનંદરૂપ છે, કહે છે. આહા..હા..! રાગરૂપ, વિકલ્પરૂપ નથી. આહા..હા..! આવો માર્ગ. ભગવાન પૂર્ણ પરમાત્માને દેખવાની દૃષ્ટિ જે છે પરિણતિ, એ તો સદા આનંદરૂપ છે. તે પણ વીતરાગી આનંદરૂપ છે, તે પણ નિર્વિકલ્પ અભેદ છે. એવી શાંતિ સ્વરૂપ નિર્મળ નેત્રો. આહા..હા..! છે? આહા..હા..! **'येन दृष्टेन'** આહા..હા..! **'येन दृष्टेन' 'येन'** નામ પરમાત્માને **'दृष्टेन'** પરમાનંદરૂપી પરિણતિ વીતરાગી નિર્વિકલ્પ શાંતિ, એનાથી તું દેખ. આહા..હા..! સમજાણું કાંઈ? બે શબ્દમાં આટલું સમાડી દીધું. શું?

**'येन दृष्टेन लघु पूर्वकृतानि त्रुटयन्ति'** આહા..હા..! એવો જે ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ સાક્ષાત્ પરમાત્મસ્વરૂપ દ્રવ્ય છે. એને **'दृष्टेन'** શાંતિ અભેદ વીતરાગી આનંદરૂપી દશાથી... આહા..હા..! એવા નેત્રથી એને જો. આહા..! એ રાગથી નહિ જણાય. એ નિર્વિકલ્પ વીતરાગી પરિણતિના નેત્રથી જણાશે. **'येन दृष्टेन'** એને તું જો. આહા..હા..! એની જાતની નિર્વિકલ્પ આનંદની દશા દ્વારા, એ નિર્વિકલ્પ આનંદના નેત્ર દ્વારા **'दृष्टेन'** ભગવાન પૂર્ણાનંદને જો. આહા..હા..! એને જોવાનો ઉપાય આ.

**'सदा आनंदरूप वीतराग निर्विकल्प समाधिस्वरूप निर्मल नेत्रोंकर...'** આહા..હા..! રાગરહિત નિર્વિકલ્પ અભેદ વીતરાગ પરિણતિ આનંદરૂપથી એ ભગવાનને જો. તારા કર્મ તૂટી જશે. ત્યાં કર્મની નિર્જરા થશે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ લોકો તો એવું કહે છે, અપવાસને તપ કહ્યો છે અને તપને નિર્જરા કીધી છે. એક આર્જિકા એ કહેતી હતી. 'વડોદરા'માં આપણા છેને ત્યાંના 'વેજલકા'ના છે 'વડોદરા'માં. 'ચંદુભાઈ' છે. બીજા દરજી છે. એની સાથે એક આર્જિકાને વાત થઈ હતી. કહે છે કે બીજી બધી વાત બરાબર, પણ અપવાસ છે તે તપ છે અને તપ તે નિર્જરા (છે), એ વાતની તમે ના પાડો તો એ ખોટી વાત. પણ ક્યો અપવાસ? આહા..હા..! એને નિર્વિકલ્પ પરિણતિ દ્વારા જોવો

એ ઉપવાસ, એની સમીપમાં ગયો એ ઉપવાસ. એનાથી કર્મ છૂટે. ત્યાં તો બધા તપને નિર્જરા કીધી છે. 'અનશન, ઉણોદરી, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, કાયક્લેશ, પ્રતિક્રમણ, પ્રાયશ્ચિત, વિનય, વૈયાવ્રત, સજ્ઝાય, ધ્યાન.' બધાને તપ કહ્યું છે અને તપને નિર્જરા કીધી છે. અરે..! ભગવાન! એ બાર પ્રકારના વ્યવહારના વિકલ્પથી વાતું કરી છે. એ પ્રાયશ્ચિત ને વિનય એ પણ બહારનો વિકલ્પ છે. આહા..હા..!

અંતર ભગવાનને જોવા માટે નિર્વિકલ્પ નેત્રને ખોલ. આહા..હા..! ત્યારે કહે, પહેલો વ્યવહાર હોય તો નિશ્ચય થાય અને નિશ્ચયથી પછી આ જણાય એમ છે જ નહિ. સમજાણું કાંઈ? આ તો વસ્તુ છે ત્યાં અંદર બિરાજે છે. એના તરફના વલણની રાગ વિનાની શાંતિ અને આનંદના નેત્ર દ્વારા... આહા..હા..! આનંદના નેત્ર દ્વારા, શાંતિના નેત્ર દ્વારા આનંદનાથમાં જો એને. આહા..હા..! શાંતિના સાગરને શાંતિના નેત્રથી જો. આહા..હા..! 'ગીરધરભાઈ'! આવી વાતું છે, બાપા! આહા..હા..! અરે..! પ્રભુ! તું કોણ છો? ભાઈ! આહા..હા..! ભગવાન તારી મોટપની તને ખબર નથી. આહા..હા..! તારી મોટપ એટલી કે એ નિર્વિકલ્પથી જણાય એટલી. રાગથી જણાય એટલી નહિ. આહા..હા..! કહો, આ તો ભાષા તો સાદી છે ભલે ભાવ બહુ (ગંભીર છે). ભાવ તો આ છે.

આ તો પરમાત્માની વાત છે. પરમાત્માને ઘરે જાવું છે. કોર્ટમાં જાય તોપણ લુગડા-બુગડા પહેરીને જાય છે કે નહિ? આ તો પરમાત્માના ઘરમાં જાવું છે અંદર. એને નિર્વિકલ્પ પરિણતિ પ્રગટ કરવી પડશે. આહા..હા..! 'બાબુભાઈ'! આવો માર્ગ છે. આહા..હા..! ભગવાન છેને, ભાઈ! દેહદેવળમાં ભગવાન બિરાજે છે, પ્રભુ! દેહને ન જો, રાગને ન જો. ત્રિકાળને જો ત્યાં નિર્વિકલ્પ પરિણતિ વિના ત્રિકાળને જોઈ શકીશ નહિ તું. આહા..હા..! આવી વાતું છે. વાડામાં તો ક્યાંય સંભળાય એવું નથી. 'ગુલાબચંદભાઈ'! આહા..હા..!

**શ્રોતા :-** આ તો નિશ્ચયની વાત થઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચય એટલે સત્ય. વ્યવહાર એટલે અસત્ય. રાત્રે ખુલાસો કર્યો નહોતો? બપોરનો ઉપચાર કહ્યો હતો. પછી રાત્રે એને અસત્ય કહ્યું. આહા..હા..! ઉપચારથી નિશ્ચયસમ્યગ્દર્શન સ્વભાવને આશ્રયે થાય તે નિશ્ચય છે અને જોડે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ (હોય), એને સમકિતનો આરોપ દઈને, છે તો બંધભાવ, એને સમકિતને આરોપ દઈને વ્યવહારસમકિત કહ્યું. એટલે એ છે તો અસત્, સમકિતથી અસત્ બીજી ચીજ છે એને સમકિતનો આરોપ દેવો. આહા..હા..! એમ વ્યવહારમોક્ષમાર્ગ છે એ નિશ્ચયમોક્ષમાર્ગથી અસત્ય ભિન્ન ચીજ છે. સત્ તો આ છે. આહા..હા..! પૂર્ણાનંદના નાથને સત્‌ના સાહેબાને પકડવા એ નિર્વિકલ્પ પરિણતિ તે સત્ છે. વિકલ્પ તે તેની અપેક્ષાએ અસત્ છે અથવા વિકલ્પનો ભાવ તે નિર્વિકલ્પમાં અભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! રાત્રે કહ્યું હતું, ભાઈ! થોડું. નહિ? આહા..હા..!

**'येन दृष्टेन लघु पूर्वकृतानि' 'નિર્વાણકે રોકનેવાલે પૂર્વ ઉપાર્જિત કર્મ...' 'त्रुटयन्ति' 'ચૂર્ણ હો જાતે હૈં,...'** આહા..હા..! **'સમ્યગ્જ્ઞાનકે અભાવસે (અજ્ઞાનસે) જો પહલે શુભ અશુભ કર્મ કમાયે થે,...'** અજ્ઞાનભાવથી જે પૂર્વે શુભ-અશુભભાવ હતા એ **'નિજસ્વરૂપકે દેખનેસે હી નાશ હો જાતૈ હૈં,...'** આહા..હા..! પ્રકાશના પિંડને જોતા જ અંધકારનો નાશ થઈ જાય છે. આહા..હા..! આવી વાતું છે, ભાઈ! ભાષા કેવી છે, જુઓને! **'जैं दिट्ठें तुट्टंति लहु कम्मइँ पुव्व-कियाइँ'** આહા..હા..! છે ને? એનો અર્થ એમ કર્યો. સંસ્કૃત છાયા છેને? **'येन दृष्टेन'** એમ સંસ્કૃતનો અર્થ કર્યો છે. મૂળ પાઠનો નહિ. સંસ્કૃત છે એનો શબ્દાર્થ કર્યો છે. નહિતર શબ્દ તો **'जैं दिट्ठें तुट्टंति लहु कम्मइँ पुव्व-कियाइँ'** જેને દેખવાથી કર્મ નાશ થઈ જાય અલ્પ કાળમાં, એવા કર્મ પૂર્વે જે કર્યા હતા તે. આહા..હા..!

**'सो परु जाणहि'** એ પરમાત્માને જાણ. **'जोइया देहि वसंतु ण काइ'** આહા..હા..! **'નિજ સ્વરૂપ દેખનેસે હી નાશ હો જાતે હૈં, ઉસ સદાનંદરૂપ પરમાત્માકો દેહમેં બસતે હુએ ભી...'** આહા..હા..! ભગવાન તારી સમીપે તું પોતે છોને. આહા..હા..! **'દેખનેસે હી નાશ હો જાતે હૈં, ઉસ સદાનંદરૂપ પરમાત્માકો દેહમેં બસતે હુએ ભી હે યોગી...'** **'किं न जानासि'** આહા..હા..! તું ત્યાં છો એને કેમ જાણતો નથી? અને આ નથી તારામાં એને જાણવા રોકાય ગયો, કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આવું છે. વ્યવહારીઓને એવું લાગે આ. વ્યવહારનો લોપ કરે છે એમ કહે. બાપા! વ્યવહારનો લોપ થાય ત્યારે જ નિશ્ચય થાય છે. 'કેસરલાલજી'! આ કેસર છે, કેસર. આહા..હા..! કેસરના છાંટા નાખે છે. આહા..હા..! શું ભાષા પાઠ છે! આહા..હા..!

**'जैं दिट्ठें तुट्टंति लहु कम्मइँ पुव्व-कियाइँ'** આહા..હા..! **'लहु'** એટલે શીઘ્ર. **'सो परु जाणहि'** એ પરમાત્માને **'जोइया देहि वसंतु ण काइ'** દેહમાં પડ્યો છે એને તું જોતો નથી. આહા..હા..! આ તો મંત્રો છે, ભાઈ! વાદવિવાદ કર્યે તો પાર આવે એવું નથી. નિમિત્તથી થાય, નિમિત્તથી થાય કહો કે વ્યવહારથી થાય, બધી એક જ વાત છે. એક જ વાત છે, ભાઈ! કોઈ વખતે નિમિત્તથી થાય અને કોઈ વખતે ઉપાદાનથી થાય, કોઈ વખતે વ્યવહારથી થાય, કોઈ વખતે નિશ્ચયથી થાય. ભાઈ! એમ નથી, હોં! આહા..હા..! એક જ વખતે તું ભગવાનને સમ્યગ્જ્ઞાન નેત્ર દ્વારા જોતાં પૂર્વના બાંધેલા કર્મો તૂટી જશે. બીજી કોઈ રીત નથી. આહા..હા..! આવું છે ભગવાન! આહા..! **'હે યોગીન તૂ ક્યોં નહીં જાનતા?'** આહા..! ભાવાર્થ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રી સમયસાર, કળશ-૨૫૧-૨૫૨**
**પ્રવચન નં.૫૨૭, તા.૪-૬-૧૯૬૮**
**(૪)**

૨૫૧. જરી સૂક્ષ્મ વાત છે થોડી. સર્વજ્ઞ ભગવાન કેવળજ્ઞાની પરમાત્માએ આ આત્મા જ્ઞાનસ્વરૂપ-ઉપયોગસ્વરૂપ જોયો છે. પરમેશ્વર કેવળી તીર્થંકરદેવ એણે આ આત્માને એકલો ઉપયોગ એટલે જ્ઞાન ને જાણવું-દેખવું સ્વરૂપ એવો આત્મા ભગવાને જોયો છે. બરાબર છે? પંડિતજી! એમાં જે કાંઈ પુણ્ય-પાપના ભાવ થાય એનું પણ આત્મા જ્ઞાન કરનારો જોયો છે. સમજાય છે કાંઈ? આત્મા ચૈતન્ય ઉપયોગ જ્ઞાન-દર્શન ઉપયોગ. અહીં તો ઉપયોગ (લીધો). અહીં તો આવ્યુંને? જ્ઞાનપ્રધાન અધિકાર છે (એટલે) એ આવ્યું.

વસ્તુ છે ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે પ્રગટ કરી પર્યાયમાં પૂરો. એવા બધા અનંત આત્માઓ (છે). નિગોદમાં અનંત, એકેન્દ્રિયમાં અનંત છે, બે ઇન્દ્રિયમાં અસંખ્ય છે, વગેરે વગેરે. શું કહે છે? આપણે ઓલું સવારનું જરી મગજમાં (આવ્યું હતું). આ અધિકાર જ્ઞાનનો જ છે. ભગવાને પરમેશ્વરે અનંત કેવળીઓએ આ આત્માને, અનંત આત્માઓને (ઉપયોગસ્વરૂપ જોયા છે). એ આત્મા ભલે નિગોદમાં અનંત છે, દેવમાં અસંખ્ય છે, નારકી.. (પણ) બધા જાણવું-દેખવું એવો ઉપયોગસ્વરૂપ આત્માને ભગવાને જોયો. એમાં શરીર, વાણી, મનની ક્રિયા એનામાં નથી. તેમ આ પુણ્ય અને પાપના ભાવ થાય છે એ પણ સ્વરૂપમાં નથી. કારણ કે પુણ્ય અને પાપ તો આસ્રવ છે. અહીં એ સિદ્ધ કરવું છે કે એ આસ્રવનું જ્ઞાન થાય આત્મામાં. ડાહ્યાભાઈ! રાગાદિ પુણ્ય-પાપના દયા, દાન, વ્રતાદિના પરિણામ થાય એનું જ્ઞાન થાય આત્મામાં એ જ્ઞાન થાય એથી કાંઈ જ્ઞાન મલિન નથી. શેઠી! ઝીણી વાત છે. સર્વજ્ઞ વીતરાગદેવનો માર્ગ ત્રણકાળમાં બીજે ક્યાંય છે નહિ.

જુઓ, અહીં કેવી રીતે લે છે! '**એકાંતવાદી જ્ઞેયાકારરૂપ જ્ઞાનને મલિન જાણી,...**' ભાવાર્થની પહેલી લીટી. ભગવાન આત્મા આમ જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ છે. ચૈતન્ય પ્રકાશનું પૂર છે, નૂર છે આત્મા. એમાં પુણ્ય અને પાપનો વિકલ્પ રાગ અને દેહની ક્રિયા એ જ્ઞાનમાં જણાય. જેવું જ્ઞેય છે એમ જ્ઞાનાકાર જ્ઞાનની પર્યાય થાય. એ જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાય થાય એ કાંઈ મલિન નથી, પણ અજ્ઞાની એમ (માને છે કે) અરે..! આ કેમ જણાણું? મારા જ્ઞાનમાં આ રાગ કેમ આવ્યો? આ દ્વેષ કેમ આવ્યો? એ પુણ્ય અને પાપના રાગ અને શરીરાદિની અવસ્થા જડની જે ક્ષણે જે ભાષાની જડની થાય તેના જ્ઞેયાકારરૂપ જ્ઞાનને મલિન

જાણે છે અજ્ઞાની. એટલે આ મને એક જણાણું એ જ્ઞાન છે તે મલિન થયું, એમ અજ્ઞાની માને છે. ધોઈ નાખું. આ રાગ-દ્વેષ મારા જ્ઞાનમાં જણાય છે એ જાણવું જ કાઢી નાખું. ઝીણી વાત છે થોડી. વીતરાગમાર્ગ એવો છે. સર્વજ્ઞ 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં' સર્વજ્ઞ પરમેશ્વર કેવળીએ કહેલો એ અપૂર્વ માર્ગ છે. એ માર્ગની રીત જગતને ખ્યાલમાં આવતી નથી. અનંતકાળ થયો. ચોર્યાસીના અનંત અવતાર કર્યા. શેઠી! આહા..હા..! જુઓને, સાંભળીએ છીએ એક પછી એક આમ આને હાર્ટફેઈલ થયું... આને હાર્ટફેઈલ થયું... સાંભળીએ તો આમ આહા..હા..! હમણાં ત્યાં આપણે આવ્યા હતા ભાઈ, સુંદરજીભાઈ મહાજન. ત્યાં તમે આવ્યા હતા છેલ્લા, નહિ?

**શ્રોતા :-** વીંછીયા આગળ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, વીંછીયા હતા. આપણે .. વ્યાખ્યાન સાંભળતા સાંભળતા જોયું નહિ પછી પૈસા બોલ્યા કાંઈક બે હજાર. ત્યારે ખ્યાલ આવ્યો. ભાઈ! ક્યાં રહેવું તમારે? અમે આફ્રિકામાં રહીએ છીએ. સુંદરગીરી. હવે ત્યાં તો આઠ દિ' વ્યાખ્યાન સાંભળ્યા. ત્યારે નાની ઉંમર હતી. હાર્ટફેઈલ થઈ ગયું. નહોતા ત્યાં રથમાં બેઠા? વરઘોડામાં અને આહારમાં આપ્યા પૈસા. બે-અઢી હજાર ખર્ચ્યા હતા. ક્ષણમાં દેહ પડી જાય. આહા..હા..! એની સ્થિતિ પૂરી. કોઈ શરણ છે ક્યાંય?

એક જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્યબિંબ પ્રકાશમૂર્તિ આત્મા છે, એમાં આનંદ છે. આત્મામાં આનંદ છે. જ્ઞાન અને આનંદ આદિ અનંત શક્તિઓ છે. તો કહે છે કે એ આત્મા જાણવાની દશાના કાળમાં એને રાગ-દ્વેષ, શુભ-અશુભ રાગાદિ જણાય જ્ઞાનમાં. જાણવું એ કાંઈ મલિનતા નથી. એ તો પોતાના જ્ઞાનની અવસ્થાનો સ્વભાવ-ધર્મ છે; પણ અજ્ઞાનીને પર્યાયબુદ્ધિ ઉપર લક્ષ હોવાથી એને વસ્તુ જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ છે એમ ભાન નહિ હોવાને લઈને આ રાગ અને પુણ્ય કેમ જ્ઞાનમાં જણાણું? એ કાઢી નાખવા માગે છે. કાઢી નાખતા તો, જ્ઞાનની અવસ્થા કાઢી નાખતા જ્ઞાન રહેતું નથી. શેઠી! જરી ઝીણી વાત છે.

ભગવાન આત્મા જ્ઞાનની અવસ્થાએ પરિણમે એમાં બધું જણાય અને ત્રિકાળરૂપ જ્ઞાયક તો ધ્રુવ છે, એ તો ત્રિકાળ છે; પણ ત્રિકાળમાં વર્તમાન અવસ્થામાં જે કાંઈ પરચીજ જણાય, જાણવું એ તો જ્ઞાનનો ધર્મ છે, જ્ઞાનનો સ્વભાવ છે, પણ અજ્ઞાનીને એમ કે અરે..! આ કેમ જણાણું? આ રાગ, આ દ્વેષ, અશુભભાવ, મલિનભાવ, પણ મલિન તો એનામાં રહે. તું તો એનો જાણનાર છો. શેઠી! બહુ ઝીણું! વીતરાગનો માર્ગ એવો છે જગતથી. હાથ આવતો નથી. બહારથી માંડીને બેસી ગયા છે.

ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ સર્વજ્ઞ પરમેશ્વરે જે સર્વજ્ઞપદ પ્રગટ કર્યું એ ક્યાંથી આવ્યું? બહારથી આવે છે? અંતરનો સ્વભાવ જ સર્વજ્ઞ હતો. સર્વજ્ઞસ્વભાવ જ આત્માનો ભગવાને જોયો છે. બધા આત્મા. સવારમાં તો એમ આવ્યું હતું. ૨૪ ગાથા આવીને? કે ૨૪ તીર્થંકર

છે તો ૨૪ ગાથામાં બે હજાર વર્ષ જ્યાં સુધી રહેશે ત્યાં સુધી રહેશે. ... ... ભગવાન! એમ પરમેશ્વર ફરમાવે છે, ભાઈ! તું તો જ્ઞાન અને દર્શનના જાણવાવાળો છોને. એ તે પુણ્ય-પાપના રાગવાળો કેમ થઈ જાય? એમ કહે છે. પંડિતજી! આહા..હા..!

અરિસામાં અરીસાની સ્વચ્છતાને લઈને કોલસા અને વિષ્ટા સામે પડી હોય તો સ્વચ્છતા અરીસામાં જણાય છે તે કાંઈ કોલસા અને વિષ્ટા નથી, એ તો અરીસાની સ્વચ્છ અવસ્થા છે. હવે કોઈ એમાંથી આ વિષ્ટા અને કોલસા જણાય માટે કાઢી નાખું (એમ વિકલ્પ કરે), પણ ત્યાં કોલસા અને વિષ્ટા હતી? એ તો અરીસાની અવસ્થા છે. સમજાય છે કાંઈ? એમ ભગવાન ચૈતન્ય અરીસો છે, પ્રકાશની મૂર્તિ. એમાં પુણ્ય-પાપ રાગાદિ જણાય છે. સમજાય છે કાંઈ? એ જ્ઞેયાકાર થાય છે. અજ્ઞાનીને એમ લાગે કે અરે..! આ કાઢી નાખું. પણ શું કાઢીશ તું? એ તો જ્ઞાનની અવસ્થા છે. તારું જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ છે એની અવસ્થામાં તે જણાય છે. તું જ્ઞાનરૂપ, રાગરૂપ થયો નથી. જ્ઞેય જાણતા જ્ઞેયાકારે જ્ઞાન થયું પણ જ્ઞેય જ્ઞેયરૂપે રહ્યું છે અને જ્ઞેયનું જ્ઞાન જ્ઞાનરૂપમાં થયું છે. બરાબર છે? પંડિતજી! આહા..હા..!

અરીસાની સ્વચ્છતામાં એ કોલસા અને વિષ્ટા સંબંધીની જે સ્વચ્છતા એ તો અરિસાની સ્વચ્છતા છે. ત્યાં ક્યાં વિષ્ટા અને કોલસા છે? અગ્નિ અને બરફ સામે પડ્યા હોય ત્યાં દેખાય અગ્નિ, બરફ આમ. એ અગ્નિ, બરફ છે? એ તો અરીસાની અવસ્થા છે. ત્યાં હાથ અડાડો તો ત્યાં ઊનું અને ટાઢું નહિ લાગે. એ તો અરીસાની અવસ્થા છે. એ જાણે એમાં મેલ છે ને આમ વિષ્ટા કાઢી નાખું. શું કાઢે? એ તો એની અવસ્થાનો સ્વભાવ છે.

એમ ભગવાન આત્મા પુણ્ય અને પાપના રાગ વિનાનો છે. એના વિનાનો છે એટલે પોતાને અને રાગને જાણે એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એ ચૈતન્યના પ્રકાશમાં એની વર્તમાન દશામાં રાગ ને પુણ્ય ને શરીર, વાણી, મનની ક્રિયા તે પરજ્ઞેય છે, પરવસ્તુ છે. એ જ્ઞેય જ્ઞેયપણે રહીને જ્ઞાને જ્ઞાનમાં જ્ઞેયનું જ્ઞાન કર્યું તો જ્ઞેય કાંઈ જ્ઞાનનું થઈ ગયું નથી, તેમ જ્ઞાન જ્ઞેયનું થઈ ગયું નથી. ઝીણી વાત છે, ભાઈ! એણે પોતાના સ્વભાવની સંભાળ કોઈ દિ' કરી નથી. આમ બધું કર્યું દયાઓ ને વ્રત ને ભક્તિ ને ફલાણું. એ બધા શુભરાગ છે; પણ એ શુભરાગનો જાણનાર તે હું છું, રાગ હું નહિ. આહા..હા..!

'**જ્ઞેયાકારો દૂર કરીને, જ્ઞાનને જ્ઞેયાકારો રહિત એક-આકારરૂપ કરવા ઈચ્છતો થકો,...**' અરે..! મારી દશામાં આ શું જણાય છે? એ નથી જણાતું. ખરેખર તો તારી જ્ઞાનદશા જણાય છે. જ્ઞાનની દશામાં સ્વચ્છતાને લઈને જે કાંઈ પુણ્ય-પાપના વિકલ્પો રાગાદિ ઊઠ્યા એ સંબંધીનું જ્ઞાન તને જણાય છે, રાગાદિ નહિ. રાગ તો પર છે, વિકાર છે. પુણ્ય-પાપનો ભાવ તો શુભ-અશુભ વિકાર-પર છે. આસ્રવ છે એ તો. આત્મા જ્ઞાન છે. તો આસ્રવને જ્ઞાન જાણે અંદર કે આસ્રવ છે એમ જાણે છે. જાણતા આસ્રવરૂપ થતું નથી અને આસ્રવ જ્ઞાનરૂપ થતા નથી.

**શ્રોતા :-** આસ્રવ અને જીવનું ભેદજ્ઞાન.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુ એવી છેને. વસ્તુ એવી છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. નવ છે તો નવ શી રીતે રહેશે? નવ છે કે એક જ છે આત્મા? આ શરીર, વાણી જડ તો આ જડ છે, માટી છે. આ શરીર વાણી કર્મ એ તો અજીવતત્ત્વ છે અને અંદરમાં પાપના ભાવ થાય હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ, ક્રોધ એ પાપ આસ્રવતત્ત્વ છે. અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ ઊઠે એ પુણ્ય તત્ત્વ છે, પુણ્યાસ્રવ છે અને આત્મા તો જ્ઞાનાસ્રવ છે-જ્ઞાનતત્ત્વ છે. એ જ્ઞાનઆસ્રવ એટલે કે એમાંથી જ્ઞાન ઝરે છે એમ કહેવું છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ છે. કહે છે કે એ તો પુણ્ય-પાપના રાગરહિત છે, પણ એને સહિત માન્યો છે એ જ મિથ્યાત્વભાવ છે અને એ મિથ્યાદૃષ્ટિ ચાર ગતિમાં રખડવાના બીજડા સેવે છે. એ તો ઠીક, પણ એનું જાણવું જ્ઞાન થયું એ જ્ઞાન એનું એ મારામાં આવી ગયું એમ માન્યું છે એ પણ મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

'**જ્ઞાનનો નાશ કરે છે;...**' એમ માનીને પોતાના સ્વરૂપની પર્યાયમાં અનેકને જાણવાનો સ્વભાવ છે. એને જાણે અનેક જાણતા હું અનેક પરરૂપે થઈ ગયો એમ માનીને પોતાનો નાશ કરે છે. ધર્મી જીવ '**અનેકાંતી તો સત્યાર્થ વસ્તુસ્વભાવને જાણતો...**' ધર્મી તો (એમ માને છે કે) હું જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ છું અને મારી અવસ્થામાં અનેકપણાને જાણવું એ મારો પર્યાયનો-અવસ્થાનો ધર્મ છે. રાગ ને વિકારને જાણવું એ મારો સ્વભાવ છે. રાગ અને વિકારરૂપ થવું એ મારો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ? '**જ્ઞાનને સ્વરૂપથી જ અનેકાકારપણું માને છે.**' જુઓ, ભગવાન આત્મા વસ્તુએ તો એકરૂપ જ્ઞાન છે ત્રિકાળ પણ એની અવસ્થામાં અનેક રાગાદિ, પુણ્યાદિ, દયા, શરીરની ક્રિયા આદિ એનું અહીં જ્ઞાન થાય તો અનેકપણે હું થાઉં છું એ મારો પોતાનો સ્વભાવ છે એમ જાણે છે, પણ હું રાગરૂપે થાઉં છું અને દેહની ક્રિયારૂપે થયો છું એમ છે નહિ. ઝીણું બહુ. આ અનેકાંત ભગવાનનો માર્ગ. વેદાંતી આદિ કહે છેને બધું એક છે. વેદાંત કહે છેને બધું એક છે, એ ખોટું છે. બધું એક નથી. સમજાય છે કાંઈ? દરેક વસ્તુ ભિન્ન છે અને એક-એક આત્મામાં અનંતા ગુણો છે અને અનંતા ગુણોની એક સમયમાં અનંતી પર્યાય-અવસ્થા થાય છે. એવું વેદાંતમાં છે ક્યાં? સમજાણું કાંઈ?

અહીં તો સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ પરમાત્માએ સિદ્ધ થયેલો ત્રણકાળ, ત્રણલોકમાં જે છ દ્રવ્યો (જોયા તેની વાત છે). સમજાય છે કાંઈ? એ જ છ દ્રવ્યમાંથી ભગવાન આત્મા તદ્દન નિરાળો છે. એ છને જાણનારો છે, છ રૂપ થનારો નથી. આહા..હા..! શરીર, વાણી, મન આ તો જડ છે, આ તો ધૂળ છે, આ તો અજીવ છે. એની અવસ્થા પણ જડ છે. તો દ્રવ્ય જડ, ગુણ જડ અને પર્યાય (જડ). આ તો રાગ પણ જડ છે અહીં તો, ભાઈ!

આહા..હા..! ચૈતન્ય તે કાંઈ રાગરૂપ થાય? અરે..! એ જડરૂપ થાય? ભગવાન જ્ઞાનપ્રકાશની મૂર્તિ એ પુણ્ય-પાપના રાગરૂપે થાય? રાગ તો અચેતન છે, એમાં જ્ઞાનનો અંશ નથી. પણ તને એમ કેમ થઈ ગયું કે રાગનું જ્ઞાન થતાં હું મેલો થઈ ગયો? એ રાગ ક્યાં આમાં ગરી ગયો છે? તું તો જાણનાર છો. એમ અજ્ઞાનીને બેસતું નથી. એ ચાર બોલ થયા.

પાંચ, પાંચમો. સ્વદ્રવ્યથી અસ્તિ હવે આવે છે. પહેલું તત્ આવી ગયું. વસ્તુથી તત્ છે અને પરથી અતત્-જ્ઞેયથી અતત્ છે. પછી આત્મા વસ્તુપણે એક છે અને જ્ઞાનની અવસ્થાપણે અનેક છે. એ પોતાને કારણે અનેક છે, પરને કારણે નહિ. હવે પાંચમો બોલ છે. આમાં ઓલા બોલ ઉતાર્યા. આમાં ઓલા. ચાર ઉતાર્યા છેને ચાર.

**શ્રોતા** :- પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ આમાં ઉતાર્યા ..માં. ક્યા? અહીં હા પાડી અને તમને હજી પકડાણું નથી. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું અભેદપણું અને ભેદપણું આ કળશમાં ઉતાર્યું છે. ખબર નહિ હોય એ. હજી ખબર નથી. ઠીક. એ તો આણે રાખ્યું લાગે છે બધું. ૨૫૨માં આવ્યુંને? ૨૫૨ કળશ.

प्रत्यक्षालिखितस्फुटस्थिरपरद्रव्यास्तितावञ्जितः
स्वद्रव्यानवलोकनेन परितः शून्यः पशुर्नश्यति।
स्वद्रव्यास्तितया निरूप्य निपुणं सद्यः समुन्मज्जता
स्यात्वादी तु विशुद्धबोधमहसा पूर्णो भवन् जीवति।।२५२।।

લ્યો ભાઈ! જરી ગુજરાતીના ચાર બોલ નથી કાઢ્યા? કળશ ટીકાના. હવે સમજ્યા? એણે કામ બધા ઘણા કરેલાને ઓલા જાડા પથરાના. ૨૫૨ દેખો. ૨૫૨ છેને. જુઓ, શું કહે છે? ખરેખર એક આત્મામાં અભેદ અને ભેદ સૂક્ષ્મનયે ઉતાર્યા છે. ભગવાન આત્મા આ દેહના રજકણની અવસ્થા થવી એ તો જડને કારણે, એની સાથે કાંઈ આત્માને સંબંધ નથી. કર્મ જે છે એ કર્મની અવસ્થા કર્મમાં, એની સાથે કાંઈ સંબંધ નથી. આ તો પુણ્ય-પાપના વિકલ્પો થાય છે એ આસ્રવ છે એને પણ આત્મા સાથે કાંઈ સંબંધ નથી. હવે એ એક વસ્તુના ચાર ભંગ કઈ રીતે ઉતાર્યા છે વ્યવહાર અને નિશ્ચયે (એ) જુઓ,

સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ. સાંભળ્યું છે? આ ચાર ભંગ નથી સાંભળ્યા. આપણે સમયસાર ચાલે છે. જુઓ, સ્વદ્રવ્ય એટલે ભગવાન આત્મા સ્વદ્રવ્ય નિર્વિકલ્પ એકરૂપ વસ્તુ અંદર અભેદ વસ્તુ એ સ્વદ્રવ્ય કહેવાય. એ સમ્યગ્દર્શનનો વિષય અભેદ વસ્તુ. અભેદ ઉપર દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે. સ્વદ્રવ્ય એટલે એની વસ્તુ. સ્વક્ષેત્ર-આત્માનું સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુના પ્રદેશ. અસંખ્ય પ્રદેશ છેને? આત્મા અસંખ્ય પ્રદેશી છે. ભગવાને અસંખ્ય પ્રદેશ (જોયા છે), એક-એક આત્માના અસંખ્ય પ્રદેશ જોયા છે. એટલો પહોળો છે. શરીર પ્રમાણે છેને. જુઓને! આખા શરીર પ્રમાણે અસંખ્ય પ્રદેશ છે એના. જેમ સોનાની સાંકળી

હોય છેને? હજાર મકોડાની સોનાની સાંકળી. એ હજાર મકોડા છે એ સોનું જ છે અને અંશ-અંશ છે એ મકોડો છે. આખી ચેન સાંકળી છે. એમ આત્માનો એક-એક પ્રદેશ આનંદ અને જ્ઞાનથી ભરેલો છે. એવા અસંખ્ય પ્રદેશરૂપી આત્મા આખી અસંખ્ય પ્રદેશી સાંકળી છે. એ એનું સ્વક્ષેત્ર કહેવાય છે. સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુ એ એનું સ્વક્ષેત્ર. આ ઘર એનું ક્ષેત્ર નહિ. શેઠી! જયપુરનો બંગલો એનું ક્ષેત્ર નહિ એમ કહે છે.

**શ્રોતા :-** સોનગઢનો બંગલો તો ખરોને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સોનગઢનો બંગલો એને ઘરો રહ્યો. ત્યાં ક્યાં (ગરી ગયો છે)? એ તો એનું ક્ષેત્ર છે. અહીં ક્યાં ગરી ગયો? આત્મામાં છે?

આત્માનું સ્વક્ષેત્ર.. જુઓ, આધારમાત્ર વસ્તુના પ્રદેશ અસંખ્ય પ્રદેશ. પણ એકરૂપ, હોં! ભેદ નહિ. સ્વકાળ એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા. ત્રિકાળ એકરૂપ અવસ્થા. વસ્તુ આત્મા ત્રિકાળ એકરૂપ એ એનો સ્વકાળ. સ્વભાવ એટલે વસ્તુની મૂળની સ્વશક્તિ. ભગવાન આત્મામાં જ્ઞાન-દર્શન-આનંદ એવા અનંત ગુણોની મૂળ શક્તિ તે એનો સ્વભાવ. જુઓ, આ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ. આમ ઉતર્યા. હવે એમાં પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ, પરભાવ બીજી રીતે ઉતાર્યા છે આમાં.

પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદકલ્પના. ભગવાન આત્મા વસ્તુ છે અનંત ગુણનો પિંડ એક વસ્તુ. એને સવિકલ્પ ભેદકલ્પના. સવિકલ્પ ભેદકલ્પના. આ ગુણ, આ ગુણી એવી ભેદકલ્પના એને અહીંયાં પરદ્રવ્ય કીધું છે. એ પરદ્રવ્ય છે એની અભેદમાં નાસ્તિ છે એમ સિદ્ધ કરવું છે પાછું. ભાઈ! આહા..હા..! એઈ..! ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે કેવળીએ જોયેલો સ્વદ્રવ્ય એટલે અભેદ વસ્તુ નિર્વિકલ્પ. નિર્વિકલ્પ કહો કે અભેદ કહો. એ સ્વ. અને પર એટલે? એમાં ભેદ પાડવો કે આ ગુણી અને ગુણ એવો ભેદ એ પરદ્રવ્ય છે. સ્વદ્રવ્યમાં સ્વદ્રવ્યની અસ્તિ છે અને પરદ્રવ્યની સ્વદ્રવ્યમાં નાસ્તિ, ભેદની નાસ્તિ છે એમ સિદ્ધ કરવું છે. પંડિતજી! આહા..હા..! એવો આત્મા (છે) એમાં ભેદકલ્પના કરવી. આ અને આ. એ દ્રવ્યમાં ભેદ પાડવો. એકરૂપ વસ્તુમાં ભેદ પાડવો. આ ગુણ છે અથવા ગુણી છે એવો ભેદ પાડવો એને પરદ્રવ્ય કહે છે. કારણ કે એમાં વિકલ્પ ઊઠે છે, રાગ ઊઠે છે.

પરક્ષેત્ર એટલે જે વસ્તુના આધારભૂત પ્રદેશ નિર્વિકલ્પ .. અસંખ્ય પ્રદેશમાં એકરૂપ વસ્તુ જે નિર્વિકલ્પ વસ્તુમાત્ર કહ્યો હતો તે જ પ્રદેશ સવિકલ્પ ભેદકલ્પના. અસંખ્ય-અસંખ્ય એ ભેદકલ્પના. એ પરક્ષેત્ર થયું. નિર્વિકલ્પ વસ્તુક્ષેત્ર એ સ્વક્ષેત્ર, અભેદ ક્ષેત્ર, અસંખ્ય એમ ભેદ નહિ. એકરૂપ ક્ષેત્ર એ સ્વક્ષેત્ર અને ક્ષેત્રના ભેદ પાડવા એ પરક્ષેત્ર. સમજાય છે કાંઈ? આહા..હા..! એવો વીતરાગમાર્ગ છે. એણે અનંતકાળમાં એ વીતરાગ પરમેશ્વર કહે છે એ જાણ્યું નહિ. એના કહ્યા વિના એની વાતું માનીને અનંતકાળથી રખડ્યો છે. ઓહોહો..!

જુઓને! કાલની વાત આમ કેટલી ઓલી બાઈની. દામનગરમાં. ..નીચે થાંભલા સાથે

બાંધીને ઘાસલેટ છાંટીને બાળી નાખી. પરમ દિ' દામનગરમાં. આખું ગામ હડતાળ. આવા અવતાર અનંતા કર્યા, ભાઈ! એ એની વાત નથી. એવા મારનારના જીવના ભાવવાળા પણ અનંત અવતાર કર્યા અને મરનારના ભાવ એવા અનંત અવતાર કર્યા. બાપુ! અનંતકાળમાં ક્યાં એણે શું નથી કર્યું? એણે આત્માનું સમ્યગ્દર્શન શું છે એની એણે ઓળખાણ કરી નથી. શેઠી! આહા..હા..! પરમ દિ' બની ગયું. દામનગર છેને દામનગર? એ દામનગર છે ત્યાં. લુહાણાની દીકરી. ત્યાં લુહાણીની વહુ. નહિ? બન્યું ને. શું કારણ હશે? આહા..હા..! સાંભળ્યું ત્યાં રાડ નાખી જાય એવું છે. થાંભલે દેર અને જેઠે બેયે બાંધી. ઘાસતેલ છાંટી સળગાવી દીધી. .. મરી નહિ કોણ જાણે શું થયું. પોલીસ આવ્યા ત્યાં સુધી જુબાની આપી બધી. આહા..હા..!

**શ્રોતા** :- એણે આપઘાત કર્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એણે આપઘાત નથી કર્યો. મારી નાખી. જેઠ અને પતિએ સળગાવી દીધી. કાંઈ મેળ નહિ ખાધો હોય, ગમે તે હોય. કુંડલાની હતી ભાઈ. લુહાણાની દીકરી કુંડલાની. ગૃહસ્થ છે. બનતું નહોતું. મોકલી જામીન કરીને. ત્યાં ... રાડ નાખી ગયા આખા ગામમાં હડતાળ. અરે.. પ્રભુ! એવું તો અનંતવાર જીવે કર્યું છે. શું નથી કર્યું? એવા કાળા કકળાટ અનંતવાર કર્યા અને દયા, દાનના ભાવ અનંતવાર કર્યા. સાંભળને હવે. એ બધો પુણ્યભાવ છે અને ઓલો પાપ છે. સમજાય છે કાંઈ? એ બે વિનાનો આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ છે એની એણે ઓળખાણ કદી કરી નથી. આહા..હા..! એ શરણ છે, બાપુ! ક્યાંય શરણ નથી. આમ અંતરમાં (શરણ છે).

અહીં કહે છે કે પ્રભુ! તું અભેદ છોને. એ તારું દ્રવ્ય કહેવાય અને ભેદ પડે ને એ પરદ્રવ્ય કહેવાય. અસંખ્ય પ્રદેશીમાં એકરૂપ કહેવાય નિર્વિકલ્પક્ષેત્ર તે તારું સ્વક્ષેત્ર કહેવાય. એમાં ભેદ પાડવો એ પરક્ષેત્ર કહેવાય. આહા..હા..! રાગનું ક્ષેત્ર તો ક્યાંય ગયું, શરીરનું ક્ષેત્ર અને મકાનનું તો ક્યાંય રહ્યું, પણ પોતાના અસંખ્ય પ્રદેશમાં એકરૂપ વસ્તુમાં ભેદ પાડે કે આ નહિ, ભેદ એવી કલ્પના તે પરક્ષેત્ર છે અને પરક્ષેત્રમાં લક્ષ જતાં ભેદ (ઉપર) લક્ષ જતાં રાગ ઉત્પન્ન થાય છે. ભગવાન આત્મા એકરૂપ ચૈતન્ય વસ્તુ અને ક્ષેત્ર એકરૂપ વસ્તુ, એવી અંતર દૃષ્ટિ કરતાં તેને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન અને ધર્મ થાય છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમાં કળશટીકામાં નથી આવ્યું? ત્યાં જોઈ લેવું. ૨૫૨ કળશ. એમાં છે. છેને તમારે હિન્દી-ગુજરાતી. ત્યાં કળશટીકામાં છે. અત્યારે નહિ, અત્યારે નહિ. ત્યાં લક્ષ જશે એનું. ઘરે જોઈ લેવું. ૨૫૨ કળશટીકા છેને એ? હિન્દી-ગુજરાતી કોઈપણ હોય. એમાં લખ્યું છે. આપણે ગુજરાતી વાંચીએ છીએ. સમજાણું કાંઈ?

વસ્તુ પરદ્રવ્ય તો આત્મામાં છે જ નહિ. રાગ-પુણ્ય, વિકલ્પ અને શરીર એ બધું પરદ્રવ્ય,

એ તો આત્મામાં છે જ નહિ, પણ આત્મામાં ભેદ પાડવા દ્રવ્યમાં, આ દ્રવ્ય અને આ ગુણ એ ભેદ પાડવો એ અભેદમાં નથી. એ ભેદને અહીં પરદ્રવ્ય કહે છે. આહા..હા..! અને એકરૂપ નિર્વિકલ્પ ક્ષેત્ર એને સ્વક્ષેત્ર કહે છે. એનામાં રાગનું ક્ષેત્ર... .. આવ્યું સંવરનું, ભાઈ! સંવરનું આવે ને. પરક્ષેત્ર છે એ બધું. રાગ-દ્વેષની ઉત્પત્તિ એ પરક્ષેત્ર છે. સ્વક્ષેત્રમાં નથી. એ વસ્તુ જુદી, ક્ષેત્ર જુદું, કાળ, ભાવ જુદો એનો. એ સંવરમાં આવે છે. ઉપયોગમાં ઉપયોગ છે. ઉપયોગમાં ઉપયોગ છે. ચૈતન્ય ભગવાન ઉપયોગ એટલે જાણવું-જાણવું, દેખવું. જાણવા-દેખવામાં આત્મા છે. જાણવા-દેખવાની અવસ્થાને આધારે આત્મા છે. એ રાગ અને પુણ્ય એ આત્મા નથી. આત્મા નહિ અને આત્મામાં નથી. સમજાણું કાંઈ? એટલે એને રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રતના વિકલ્પ ઊઠે છે એને ત્યાં પરક્ષેત્ર અને પરવસ્તુ કીધી છે. ડાહ્યાભાઈ! આહા..હા..!

અહીં તો કહે છે, એ તો નહિ પણ સ્વક્ષેત્રમાં ભેદ પાડવો એ પરક્ષેત્ર છે. હવે ઓલું ક્ષેત્ર તો વિકારનું કાઢ્યું. આહા..હા..! ભારે વાત. ભગવાન આત્મા પરમેશ્વર કેવળીએ એવો જોયો છે. અહીં અસંખ્ય પ્રદેશ છે એ વસ્તુ તરીકે નિર્વિકલ્પ એકરૂપ છે અને તે ક્ષેત્રના ભેદ પાડવા એ પરક્ષેત્ર છે. શરીરનું ક્ષેત્ર અને પરનું ક્ષેત્ર અને રાગનું ક્ષેત્ર તો ગયું પરમાં, પણ એનો ભેદ પાડવો એ પરક્ષેત્ર છે. સમજાય છે કાંઈ?

પછી પરકાળ એટલે દ્રવ્યની મૂળની નિર્વિકલ્પ અવસ્થા, તે જ અવસ્થાંતર ભેદરૂપ કલ્પનાથી પરકાળ કહેવાય. ત્રિકાળ એકરૂપ વસ્તુ એમાં એક સમયની અવસ્થાનો ભેદ પાડવો એ પણ પરકાળ છે. આહા..હા..! આત્મા સિવાય કર્મનો પર્યાય, જડનો પર્યાય (એ) એનો સ્વકાળ સામાનો. એ સામાનો સ્વકાળ તો આની અપેક્ષાએ પરકાળ છે. પરકાળ એટલે એની અવસ્થા. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, એની જે અવસ્થા, આત્માની અપેક્ષાએ પરકાળ છે. પણ અહીં તો પોતાનું એકરૂપ છે એનો ભેદ પાડવો એવા કાળને પરકાળ કહે છે. પ્રવિણભાઈ! કળશટીકામાં. વાંચ્યું છેને કળશટીકા? જોયું છે કે નહિ? કળશટીકા તમે? તમને કહું છું. તમે તો વાંચો છોને. એને તો ગરજ ઘણી હોય. ..ભાઈ! મોટા જજ છે પણ... વાંચન ઘણું છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અહીં તો કહે છે કે વસ્તુ જે ત્રિકાળ છે પોતે એ એનો સ્વકાળ અને એનો ભેદ પાડવો એક સમયની અવસ્થા આદિનો એ પરકાળ. શરીર, વાણી, અવસ્થા અને રાગની અવસ્થા એ તો પરકાળ, એ તો પરકાળ છે જ સ્થુળરૂપે. અહીંયાં એકરૂપ વસ્તુમાં ભેદ પાડવો એક સમયની અવસ્થાનો એ પરકાળ. ઓહોહો..! એ પરકાળની સ્વકાળમાં નાસ્તિ એકરૂપ ચૈતન્ય ત્રિકાળ એ ઉપર દૃષ્ટિ આપતા પરકાળની એમાં નાસ્તિ, સ્વકાળની અસ્તિ. ભારે ઝીણું!

પરભાવ એટલે દ્રવ્યની સ્વશક્તિના પર્યાયો અનેક અંશ દ્વારા ભેદકલ્પના. ઠીક! અનંત

ગુણનો પિંડ પ્રભુ છે ભાવ. જ્ઞાન, દર્શન, આનંદ એવી અનંત શક્તિઓ છે. એનું એકરૂપ તે સ્વભાવ અને એના ભેદ પાડવા અંશના આ જ્ઞાનની દશા અને આ ગુણ એ ભેદ પાડવો એ પરભાવ. ગુણનો ભેદ પાડવો એ પરભાવ. શરીર, વાણી, મન એના જે ગુણો અને એનો પરભાવ એ તો પરભાવ છે જ. ખરેખર તો વિકારી ભાવ પરભાવ એ તો પરભાવ છે જ. શું કીધું? દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ તો પરભાવ રાગ છે એ તો પરભાવ છે, એ સ્વભાવમાં નથી; પણ ત્રિકાળી ગુણી એકરૂપ વસ્તુ ભગવાન આત્મા છે એમાં ભેદ પાડવો એને પરભાવ કહે છે. સમજાણું કાંઈ?

પછી એ દ્રવ્યનું એકરૂપ, ક્ષેત્રનું એકરૂપ, કાળનું, ભાવનું એકરૂપ બે ભેદ પાડી દીધા. હવે એ ચાર પ્રકારમાં પણ એકરૂપ તેનું ખરું સ્વરૂપ (છે) અને ચાર ભેદ એ પરસ્વરૂપ છે. પાછા આ દ્રવ્ય અને આ ક્ષેત્ર એકરૂપ અને આકાર એ ચાર ભેદ પડી ગયા. એક વસ્તુ દ્રવ્ય પણ એક, ક્ષેત્ર પણ એક, કાળ પણ એક અને ભાવ પણ ત્રિકાળ એકરૂપ વસ્તુ તે સમ્યગ્દર્શનનો વિષય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ ચાર ભેદ પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. પર તો નહિ, પર તો નહિ એના ભેદવાળો પરભાવ અને પરદ્રવ્ય અને પરક્ષેત્ર તો નહિ, પણ પોતાનો સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવ એવા ચાર ભાગ પણ નહિ. આહા..હા..! ચંદુભાઈ! આ બધું સમજવું પડશે, હોં!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકાગ્ર થવામાં એ જ શક્તિ છે. આત્મા એક સ્વરૂપની દૃષ્ટિ કરવી એ એકાગ્રતાનું કારણ છે. ત્યારે એકાગ્રતા થાય અને ત્યારે સમ્યગ્દર્શન થાય છે, એમ કહે છે. ઝીણું બહુ પણ જગતને. આહા..હા..! કહો, જગુભાઈ! દુનિયાની હોળી તો સળગ્યા જ કરે ભાઈ આખી. તું નીકળી જાને બહાર હવે. આહા..હા..! પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા તીર્થંકરદેવ ફરમાવે છે. પરમેશ્વર હોં! ઓહોહો..! ગણધરોની સમક્ષ, ઈન્દ્રોની સમક્ષ પરમાત્મા મહાવીર આદિ અનંત તીર્થંકરો થયા એ આમ ફરમાવતા હતા. મહાવિદેહ ક્ષેત્રમાં પરમાત્મા સીમંધર ભગવાન બિરાજે છે અત્યારે. સીમંધર ભગવાન (અને) લાખો કેવળી. એ બધું આ રીતે કહે છે. કહો, શું કહ્યું?

.. અહીં એટલો શબ્દ છે. પાંચમામાં. પશુ, અહીં તો પશુ કહ્યો છે. અરે..! પશુ! પશુને જેમ ખડ અને ચુરમાનો વિવેક નથી, એમ તને સ્વપરનો વિવેક નથી. ભગવાન તો પશુ તરીકે કહે છે. આહા..હા..! કરુણાથી કહે છે, હોં! ભાઈ! તારું સ્વરૂપ તો અંદર જ્ઞાનાનંદ પ્રભુ અનંત-અનંત શાંતિના સાગરનો ભંડાર તું છોને પ્રભુ! એને એ રીતે ન માનતા હું પરદ્રવ્યને લઈને છું. આ શરીર છે તો હું છું, રાગ છે તો હું છું, કર્મ છે તો હું છું. પરદ્રવ્યના હોવાથી હું છું એમ માનનાર પરદ્રવ્યમાં પોતે આખો અર્પાઈ ગયો છે. આહા..હા..! ભાઈ! 'શરીરે સુખી તો સુખી સર્વ વાતે.' આવે છે કે નહિ? એઈ..! મૂઢ છે કહે છે. અહીં એ કહે છે.

મૂઢ છો? પરદ્રવ્યને લઈને તું છો? આ તો માટી ધૂળ છે. એને લઈને તારો ધર્મ અને (એને) લઈને તારું હોવાપણું (છે)? આહા..હા..! આ ઓલા કાયામાં .. બંધ અધિકારમાં આવ્યું હતું કાયચેષ્ટા. કાયચેષ્ટા. બંધમાં કાયચેષ્ટાકાર નથી. બે ઠેકાણે આવ્યું હતું સવારમાં. ઓલા કહે, કાયચેષ્ટા બંધમાં કારણ છે. અરે.. ભગવાન! પંડિતોએ ચર્ચા કરી હતી.

ભગવાન! કાયચેષ્ટા તો જડની પર્યાય છેને પ્રભુ! એ આત્મામાં ક્યાં છે? એ આત્મામાં ક્યાં છે? એનો તો અભાવ છેને? એના વડે મને ધર્મ (થાય એમ જે માને છે) એ પરને જ પોતાનું માને છે. આહા..હા..! શરીરમાં અવસ્થા કાંઈક આમ દયાની રહે, કોઈ જીવ ન મરે એવી અવસ્થા (થાય) તો એ અવસ્થા થાય એ એને લઈને (થાય છે), મને અહીં લાભ થાય એ પરદ્રવ્યને જ આત્મા માને છે. સમજાણું કાંઈ? આ તો હજી સ્થુળ પરદ્રવ્ય. ઓલા ઉતાર્યા એ તો સૂક્ષ્મ પરદ્રવ્ય. આ તો સ્થૂળની વાત ચાલે છે. આહા..હા..!

પશુ એમ કહીને કહ્યો છે કે પ્રભુ! તું પશુ. આહા..હા..! એ પ્રભુને પશુ તરીકે કહે અને એ પામરને પ્રભુ તરીકે પણ કહે. વસ્તુ તરીકે પ્રભુ છે અને પર્યાયમાં તને ભાન નથી માટે પશુ છો, એમ કહે છે. ચૈતન્ય ભગવાન સર્વજ્ઞસ્વભાવ જેનામાં અતીન્દ્રિય અનંત આનંદ પડ્યો છે. ભગવાનને અતીન્દ્રિય અનંત આનંદ પ્રગટ્યો પરમેશ્વરને. અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત બળ ક્યાંથી આવ્યું એ બધું? બહારથી આવે છે? એમાં પડ્યા છે ભાઈ એ વસ્તુ. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત બળ આત્મામાં પડ્યું છે એને આત્મા કહીએ. એ આત્મા એમ માને કે મારી જ્ઞાનાદિની દશા પરને લઈને છે, આ પર અનુકૂળ રહે તો મને ઠીક પડે, પ્રતિકૂળ થાય તો ઠીક પડે નહિ, એમ પરદ્રવ્યને જ પોતાનો આત્મા માને છે એમ કહે છે. સમજાણું કાંઈ? લ્યો 'શરીરે સુખી તો સુખી સર્વ વાતે.' ધૂળેય નથી સાંભળને હવે. શરીર તો માટી છે.

કહે છેને? તમારે નહિ ઓલું ચોપડીમાં આવે છેને? પહેલું સુખ તે જાતે નર્યા, નિરોગી. બીજું સુખ ઘેર ચાર દિકરા, ત્રીજું સુખ સુકુળની નાર, ચોથું સુખ .. ધૂળેય નથી સાંભળને! મૂર્ખાઈના કાઢેલા છે આવા. મૂરખ લોકોએ આવું બનાવ્યું છે. એય..! શેઠી! લક્ષ્મીચંદભાઈ! આવે છે કે નહિ? ધૂળેય નથી હવે સાંભળને. તારા દીકરા ચાર હોય કે આઠ હોય. કાંધિયા થાય એવું છે. એય.. મૂલચંદભાઈ! હમણાં કહ્યું હતું નહિ? પોપટભાઈને કહ્યું હતુંને. પોપટભાઈને છ દિકરા. ઉપાડશે કીધું ચાર જણા અને મોઢા આગળ એક ઘાસ લઈને પાછળ ચાલશે તુંબડી. તુંબડી શું, દોણી-દોણી લઈને ચાલેને. ધૂળેય નથી. દીકરા કોના? બાપા!

અહીં તો પરમાત્મા કહે છે, અરે..! રાગાદિ, પુણ્યાદિ ખરેખર પરદ્રવ્ય છે. એને પોતાને લાભદાયક માનવું એ પરદ્રવ્યને જ આત્મા માને છે. આહા..હા..! હવે ક્યાં તારા સુખ ધૂળમાંય નથી. કેમ હશે ..ભાઈ! મલૂકચંદભાઈ! ભાઈ! તમારા છોકરા તો કરોડપતિઓ છે. સુખી છે કે નહિ? બે છોકરા પાંચ કરોડ છે એની પાસે. મલૂકચંદભાઈના છોકરા પાસે હોં!

**શ્રોતા** :- કેટલા કરોડે સુખી થવાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ એને પૂછો એને ખબર પડશે. બે છોકરા પાસે પાંચ કરોડ છે. આ એનો બાપ છે, આ એનો દીકરો છે અને એના દીકરા ચાર છે એમાં બે પાસે પાંચ કરોડ છે. એક મુંબઈમાં છે અને એક સ્વીટ્ઝરલેન્ડમાં છે. ધૂળમાંય (સુખી) નથી, દુઃખી છે મોટા. આહા..હા..! અહીં તો કહે છે, ભગવાન! તારામાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે ને પ્રભુ! તું પરને લઈને સુખ માન એનો અર્થ એ કે પરદ્રવ્યને લઈને હું છું એમ માન્યું તેં. આહા..હા..! મારા આનંદને લઈને હું છું, એમ તેં માન્યું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની,...**' પ્રત્યક્ષ આમ દેખાયને એમ કહે છે. આલિખિત એટલે આમ ચિત્રિત થયેલા શરીર, વાણી, મન, પૈસા, ધૂળ, માટી આ બધું. આમ બંગલા-હજીરા. આહા..હા..! આ છે તો અમે છીએ. ભાઈ! કાંઈક સૂવાને ઓટલો જોઈએ, ખાવાને અનાજ જોઈએ. સમજ્યાને? કહે છેને એમ? સામ, દામ ને ઠામ આને છે. મૂઢ છો. સાંભળને હવે. સામ, દામ, ઠામ તો પરવસ્તુ છે. એને લઈને તને ઠીક છે? સુખી છો? મૂઢ છો ભગવાન તો કહે છે. પરવસ્તુને તેં પોતાની માની છે. મિથ્યાદષ્ટિ છો, મિથ્યા.. છો. જૈન નથી. આહા..હા..! જૈન એને કહીએ કે પરવસ્તુથી હું છું એમ ત્રણકાળમાં માને નહિ. રાગથી પણ હું છું એમ ન માને. આહા..હા..! ગુણવંતભાઈ! શું હશે આ બધું? આ યુવાનોને બેસતું હશે? .. ઠીક કહે છે લ્યો. હવે જુવાન અને વૃદ્ધ તો હાડકા છે. ત્યાં ક્યાં આત્મા જુવાન અને વૃદ્ધ હતો. આહા..હા..! આવી ચીજ, બાપુ! આહા..હા..! અનંતકાળનો રઝળતો, રખડતો આવા ભવમાં આવી પડ્યો છે. જો આવી વસ્તુ ન સમજે અને નહિ જો દોરો સમ્યગ્જ્ઞાનનો પરોવે તો એને ચોર્યાસીના આરાના અંત નહિ આવે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, જાણે આ હોયને એમ કહે છે. આ આમ દેખાતો. ઈન્દ્રિય છે ને? એટલે ઈન્દ્રિયથી દેખાતા દ્રવ્યો એને લઈને હું છું. ઈન્દ્રિયોને લઈને હું, શરીરને લઈને હું, રાગને લઈને હું આ બધા અસ્તિત્વ દેખાય મોટા. આહા..હા..! સૂવા, બેસવાના, ખાવાના, પીવાના, આબરૂના બધા પરદ્રવ્યો એને લઈને મારું હોવાપણું. બાપુ! તમે હો તો અમે છીએ. એમ અજ્ઞાની માને છેને? એ પરદ્રવ્યને જ પોતાનું માને છે. પણ એનાથી ભિન્ન મારી ચીજ છે, મારામાં પરવસ્તુ છે નહિ. ત્રણકાળમાં નથી. આહા..હા..! કહો, સમજાણું? પત્ની તો સેવા કરવામાં કામ આવે કે નહિ? કહો! એટલી તો સાજે, માંદે, નાગા, ભૂખ્યા એ બધું ઢાંકે. અહીં કહે છે...

**શ્રોતા** :- પત્નિને કોણ ઢાંકે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ એનો ધણી ઢાંકે, છોકરા ઢાંકે. કોઈ એમ કહે. એ કહેતા હશેને ભાઈ શું હશે? આહા..હા..! શું કરે? ધૂળેય કોઈ ઢાંકતું નથી. સાંભળને ભગવાન!

એ તો જડની બધી અવસ્થા. પરને લઈને મને કાંઈક ઠીક છે, એ બધી માન્યતા પરદ્રવ્યમાં હું અને પરદ્રવ્યને લઈને હું એમ માન્યું છે. આહા..હા..! જ્ઞાનચંદજી!

'**સર્વથા એકાંતવાદી અજ્ઞાની,...**' પ્રત્યક્ષ. સર્વથા કેમ કીધું? કે પરદ્રવ્યપણે નથી અને પરદ્રવ્યપણે માને (છે) પરદ્રવ્યપણે. સ્વદ્રવ્યપણે છે અને પરદ્રવ્યપણે નથી, એને ઠેકાણે હું પરને લઈને છું, સ્વને લઈને નહિ. અનાદિથી અજ્ઞાની આમ માને છે. '**આલિખિત = આલેખાયેલાં; ચિત્રિત; સ્પર્શાતાં; જણાતાં.**' એટલા અર્થમાં લીધું. પ્રગટ સ્થુળ-સ્થુળ. આ દેખાયને બધું? શરીર, વાણી, મન આ બધું. અને સ્થિર પાછું. કાયમ રહેનારું, ઘણો કાળ રહે એમ. સ્થુળ અને ઘણો કાળ. શરીર લાંબો કાળ રહે, ઇન્દ્રિયો એવી ને એવી રહે. જુઓ, આમ લાગ્યા કરે. ઘણા શરીર આમ ને આમ રહે. પૈસા એવા ને એવા રહે પાંચ-પચાસ લાખ. તીજોરી લોઢાની એવી ને એવી. પણ એ તો બધું માટી ધૂળ છે હવે, સાંભળને. એને લઈને તું છો કે તારે લઈને તું છો? આહા..હા..! સૂક્ષ્મ વાત છે જરી હોં! આમ તો બધા એમ કહે પણ એને ઊંડાણમાં પરદ્રવ્યની કાંઈક અનુકૂળતાએ મને ઠીક પડે એ માનનારા પરદ્રવ્યને લઈને (હું છું) એમ માને છે. ડાહ્યાભાઈ! આહા..હા..!

પરદ્રવ્યની પ્રતિકૂળતાના કાળમાં એમ ગોતે કે આ ખસી જાય તો ઠીક. કાંઈક અનુકૂળતા આવે તો શ્વાસ લેવાય. એ બધા પરદ્રવ્યથી જ આત્માને માનનારા છે. સમજાણું કાંઈ? શરીર રોગથી ઘેરાયેલું હોય, ઘરમાં ખાટલા ઊંચા ન થાતા હોય, એક પછી એક માંદા પડતા હોય. આહા..હા..! રળનાર હોય નહિ ઘરમાં અને પ્રતિકૂળતાનો પાર ન હોય. અરે..! અનુકૂળતા હોય લેને લાખ તારી. પણ એને લઈને હવે કાંઈક.. એમ કહે છેને કેટલાક? બાર મહિનાથી ઘરમાંથી ખાટલો ઊંચો થયો નથી. એક પછી એક માંદા પડ્યા જ કરે છે. હવે આ પાણી નાખેને શું કહેવાય તમારે?

**શ્રોતા :-** માથે પાણી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માથે પાણી. પાણી ઢોળ નહિ. પાણી ઢોળ તો ઓલું મરવાનું કહે. માથે પાણી કહે. કાંઈક બહુ લાંબુ ચાલ્યું હોય ને પછી માથે પાણી નાખે. શું થયું આ તને? હાશ હવે માંડ સુખનો સડકો બાર મહિને આવ્યો. એને અનુકૂળતા માટે આવ્યો હશે. આવાને આવા મૂઢ છે કેટલાય. ..ભાઈ! ભગવાન તારામાં...

**શ્રોતા :-** ઠગાઈ ગયો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઠગાઈ ગયો છે એ. ભાઈ! પરદ્રવ્યને પોતાનું માનીને ઠગાઈ ગયો છે. ભગવાન કહે છે કે પ્રભુ! તું ઠગાઈ ગયો, ભાઈ! તું છેતરાઈ ગયો છો એની તને ખબર નથી. આહા..હા..!

'**પરદ્રવ્યોના અસ્તિત્વથી ઠગાયો થકો,...**' છેને એમાં? શરીર, ઇન્દ્રિયો અને પુણ્ય-પાપના ભાવ બધું પરદ્રવ્ય હોં! એ છે તો મને કાંઈક ઠીક છે. એ કાંઈક હોય તો મને

ઠીક છે. અને પ્રતિકૂળતા હોય ત્યારે મને દુઃખ છે. એ પણ પરદ્રવ્યથી દુઃખ છે એમ માનીને ઠગાયો છે. આહા..હા..! વંચિત શબ્દ છેને? વંચિત છે. '**प्रत्यक्षालिखितस्फुट–स्थिरपरद्रव्यास्तितावञ्चितः**'. પ્રભુ કહે છે, ભાઈ! તારા સ્વરૂપમાં તો પ્રભુ અનંત જ્ઞાન અને અનંત આનંદ પડ્યો છેને પ્રભુ. એના હોવાપણે તારા હોવાપણું છે. એને ઠેકાણે પરની કોઈપણ ચીજ નાની-મોટી, થોડો કાળ રહે, ઘણો કાળ રહે, સ્થૂળપણે પ્રત્યક્ષ દેખાય અને પ્રગટ કાંઈક લાંબો કાળ રહે એટલા હોવાપણાને લઈને તારી દૃષ્ટિ હું એને લઈને રહું છું, એમ જે માને છો એ પરદ્રવ્યથી ઠગાયો છે. પરદ્રવ્યથી આત્મા છે નહિ. કહો, સમજાણું?

'**અસ્તિત્વથી ઠગાયો થકો, સ્વદ્રવ્યને નહિ દેખતો હોવાથી...**' ભગવાન આત્મા આમ જ્ઞાનાનંદ પ્રભુ છે. વસ્તુમાં અનંત આનંદ અને શાંતિ ભરેલી છે એવા આત્માને નહિ દેખતો થકો. છે? '**નહિ દેખતો હોવાથી સમસ્તપણે શૂન્ય થતો થકો...**' શૂન્ય થઈ ગયો. પોતાનું હોવાપણું ન માન્યું અને પરને હોવાપણે હું છું એમ માન્યું. શૂન્ય થઈ ગયો. આહા..હા..! નારકીના દુઃખો ભગવાન વર્ણવે (છે), સાંભળ્યા જાય નહિ, વેદ્યા ખરા એણે, જોયું ભગવાને. એવી નરકની વેદના. ત્યારે એ વખતે આમ એવો બાંધ્યો હોય પરમાધામીએ પોટલું કરી હાથમાં ખીલા, કાનમાં ખીલા, બાંધે, પોટલું વાળે અને લોઢાના સળિયા ધગધગતા કરીને પોટલું બાંધે અને માથે મારે ઘણ ત્યારે એને એમ થાય કે અરર..! આમાંથી કાંઈક ઉગરીએ. પણ એ પરચીજમાં ક્યાં તું છો? આહા..હા..! આમાંથી જરી શ્વાસ લેવાનો જો વખત રહે ને તો હું કાંઈક કરું હોં! પણ આમાં શ્વાસ લેવાનો વખત નથી. મારે ધર્મ શી રીતે કરવો? એય..! એ કહે છે કે ભાઈ! એ પરદ્રવ્યને લઈને હું છું એ માન્યું એ ઠગાઈ ગયો છો તું.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ છે એમાં. એવા સ્થાનમાં સમકિતી થાય. સમકિતી થાય ભગવાન તો એમ કહે છે. એવા નરકમાં નારકીએ પણ પૂર્વે સાંભળેલું હોય, મરીને નરકમાં ગયા હોય ત્યાં જઈને એવા બંધનમાં. ઓહોહો..! સ્વદ્રવ્યપણે અસ્તિ છું, એમ આવ્યુંને? મારી વસ્તુ મારે લઈને છે. પ્રતિકૂળતા છે માટે શ્વાસ લઈ શકતો નથી અને ધર્મ કરી શકતો નથી એમ છે નહિ. સમજાણું કાંઈ?

હવે કેટલાક એમ કહે, બહુ અનુકૂળતા એટલી ભાઈ! અમને ધર્મ કરવાનો અવસર જ મળતો નથી. તમે કહો ધર્મ કરો. શું કરે? છોકરા આઠ, એને પરણાવવા. શું કહેવાય તમારી ભાષાએ એને? વરાવવા. એને મકાન, એને પાછા આઠને આઠ બંગલા, આઠ પાછા બાથરૂમ. શું કહેવાય એ બધું? બાથરૂમ બફાઈ જાય એ. અરર..! ભાઈ! એવી પ્રકૃતિ એવી સગવડતા છે કે એમાંથી બહાર નીકળાય એવું અત્યારે છે નહિ.

કહ્યું હતું એક ફેરી અહીં. મંગળભાઈ આવ્યા હતા. નહિ? તે દિ' ૬૦ લાખ હતા.

મંગળભાઈ .. તે દિ' ૬૦ લાખ. અત્યારે આઠ કરોડ, દસ કરોડ. પહેલાં અહીં હતાને તો પહેલાં આવતા. શું કાંઈક મહારાજ! અમારે ઠેકાણે તમે હો તો ખબર પડે. શું કહો છો કીધું આ? કોની પાસે આ કહો છો? શું કહો છો આ? શું ફાટ આવી ગઈ એટલી બધી? ઝાટક્યા પછી સરખાઈના હોં. એ જાણે કે મહારાજને.. કરોડપતિ તું તારો. અમારે શું છે અહીં? તે દિ' આ તો (સંવત) ૧૯૯૨-૯૩ની વાત છે. તે દિ' ૬૦ લાખ હતા. શું કહો છો આ? ફાટ શું આવી છે આટલી? આટલી પ્રવૃતિના રસ રંગમાં અમે નિવૃત્ત ન થઈ શકીએ. તમારે એવું હોય તો તમે ન થઈ શકો. એ શું થયું? એમાં પ્રશ્ન શું? એય.. મલૂકચંદભાઈ! આટલો બધો પરપ્રવૃત્તિનો રસ! એ રસને લઈને તમને નિવૃત્તિ મળતી નથી એને ઠેકાણે કહે કે તમને આવું હોય તો આવું ન થાય! શું કહો છો આ? ક્યાં કહ્યું તમે આ? કોને કહ્યું આ? પછી તો સાંભળ્યું. તારા ધૂળના પૈસા દસ કરોડ અને વીસ કરોડ હોય અને એને લઈને અમને વખત મળતો નથી અને તમને પણ આવું હોય તો ન મળે. આ શું કહે છે તું આ? શેઠી! એ બધા પરદ્રવ્યથી છીએ એમ એ માનનારા છે. એમ દાખલો આપે છે. સમજાણું કાંઈ? પરદ્રવ્ય લાખ કરોડ હોય તો આને શું સંબંધ છે?

ચક્રવર્તીના રાજ હોય છે. ભરત ચક્રવર્તી જુઓ, ભગવાનના પુત્ર ઋષભદેવના. છન્નું કરોડ સ્ત્રી, છન્નું કરોડ પાયદળ, બિલકુલ કાંઈ છે નહિ. અમે છીએ ત્યાં રાગ નહિ, રાગ છે ત્યાં અમે નહિ. જ્યાં છન્નું હજાર સ્ત્રી છે ત્યાં અમે નહિ અને અમે છીએ ત્યાં છન્નું હજારી સ્ત્રી નહિ. આ સિંહાસન છે ત્યાં અમે નહિ અને અમે છીએ ત્યાં સિહાંસન નહિ. એવી દૃષ્ટિ. ઘરમાં રહ્યા છતાં ભરત ઘરમાં વૈરાગી. અમે આત્મા છીએ... અમે આત્મા છીએ... સમજાણું કાંઈ? આહા..હા..! માતા! એ . દીક્ષા લઈ આવી. આ તો ભાનસહિતની વાત છે હોં! ભાનસહિતની વાત. એકલા વૈરાગથી દીક્ષા લે એ દીક્ષા-ફીક્ષા કે દિ' હતી? હજી આત્મા શું છે એનું સમ્યગ્દર્શનનું ભાન નથી દીક્ષા ક્યાંથી આવી? દક્ષા છે બધી. સમજાણું કાંઈ?

આત્માના ભાનસહિત આમ માતાને (કહે છે), મા! અમને ક્યાંય ચેન પડતું નથી. અમારા અતીન્દ્રિય આનંદમાં ચેન છે. ક્યાંય અમારી ચિતવૃત્તિ ઠરતી નથી. અમારું ચૈતન્યસ્વરૂપ આનંદમૂર્તિને અમે જાણ્યું છે, અમે જોયું છે, અનુભવ્યું છે. એવા આત્મામાં જવાની વારંવાર અમારી ભાવના થયા કરે છે, અમારી વૃત્તિ ક્યાંય ઠરતી નથી. માતા! એકવાર રજા દેને, બા! રોવું હોય તો રોઈ લે, ફરીને બીજી મા નહિ કરીએ લે, કહે છે. પણ એ આત્માના ભાનસહિત હોં. આમ તો બધા મુંડાવીને બેઠા અનંતવાર. જેને હજી સમ્યગ્દર્શન શું છે એની ખબર નથી અને બહારના ત્યાગ એ તો ધર્મનો ત્યાગ છે. મલૂકચંદભાઈ! ધર્મનો ત્યાગ છે એને આત્માનો. આહા..હા..! જુઓને! શું કહે છે અહીં?

પોતાના હોવાપણાનો આનંદમૂર્તિ પ્રભુ હું છું. મારો આનંદ રાગને લઈને નહિ, પુણ્યને

લઈને નહિ, વ્યવહારને લઈને નહિ, નિમિત્તને લઈને નહિ. આવું પોતાનું સ્વદ્રવ્ય પોતાના સ્વદ્રવ્યથી હું છું અને પરદ્રવ્યથી હું શૂન્ય છું, એમ જ્ઞાની વિચારે છે. સમજાય છે? **'સ્યાદ્વાદી તો, આત્માને સ્વદ્રવ્યરૂપે અસ્તિપણે નિપુણ રીતે અવલોકતો હોવાથી,...'** ડહાપણ દ્વારા હું તો આત્મા છું. જ્ઞાન અને આનંદનો ભંડાર છું, એ રીતે હું નિપુણ છું. એમાં હું નિપુણ અને અસ્તિત્વને માનું છું. એ પુણ્ય-પાપનો વ્યવહાર જે વિકલ્પ ઊઠે છે દયા-દાનનો એ પણ મારામાં નથી. એનું નામ સ્વદ્રવ્યને માન્યું કહેવાય છે. સમજાણું કાંઈ? પંડિતજી!

**'સ્યાદ્વાદી તો, આત્માને સ્વદ્રવ્યરૂપે અસ્તિપણે નિપુણ રીતે અવલોકતો હોવાથી,...'** મારું સ્વરૂપ મારા આનંદથી મારું સ્વરૂપ છે, મારા જ્ઞાનથી મારી ચીજ છે. રાગ અને પર ને.. મારામાં પરપણું નથી, ત્રણકાળમાં નથી. ઓહોહો..! વ્યવહારની ક્રિયાનો રાગ ઊઠે એ મારામાં નથી અને મારામાં અનંત જ્ઞાન અને આનંદ છે એવા અનુભવે જાણ્યું એણે સ્વદ્રવ્યને અસ્તિત્વ તરીકે માન્યું. સમજાણું કાંઈ? અહીં તો હજી વ્યવહાર દયા, દાનના ભાવ થાય ત્યાં એને ધર્મ માને અને એના વડે આત્માને (લાભ માને). એનાથી ખાલી છું એમ માનતો નથી, પણ એનાથી હું ભરેલો થાઉં છું એમ માને. દૃષ્ટિમાં સ્વદ્રવ્યની ખબર નથી.

**'તત્કાળ પ્રગટ થતા વિશુદ્ધ જ્ઞાનપ્રકાશ વડે પૂર્ણ થતો થકો જીવે છે'** ધર્મી પોતાના આનંદસ્વરૂપને જુદો, પુણ્ય-પાપના વ્યવહારના રાગ ને નિમિત્તથી જુદું મારું સ્વદ્રવ્ય મારાથી છે એમ જ્ઞાન વડે જોતો પૂર્ણ થતો થકો પોતાને જીવાડે એટલે પોતાનું અસ્તિત્વ ટકાવે છે. **'નાશ પામતો નથી.'** એનું નામ સ્વદ્રવ્યની અસ્તિની સમ્યગ્દર્શનની પ્રતીતિ. સમજાય છે કાંઈ? બીજી વાત કરશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, શક્તિ
## પ્રવચન નં. ૫૪૮, તા.૨૫-૬-૧૯૬૮
## (૫)

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. આત્મામાં અનંત શક્તિઓ-ગુણ છે. એ ગુણનું પરિણમન વર્તમાન અવસ્થામાં થાય એવા આખા આત્માને અહીંયાં આત્મા તરીકે કહ્યો છે. એના સિવાય એનામાં છે એનાથી બીજી રીતે માને, એનામાં નથી એવું માને એ કહે છે કે મેં આ શરીરને છોડ્યું, મેં બાયડી-કુટુંબ છોડ્યા, મેં ધન-ધાન્ય છોડ્યા એ બધી માન્યતા છે એ મિથ્યાત્વ છે એમ કહે છે. કેમકે એનામાં એ ગુણ નથી પરને ગ્રહું અને છોડું. ...

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોણ છોડે છે? સંસાર બહાર હતો કે દી? એ તો જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય છે. પોતાના સ્વરૂપમાં તો જ્ઞાન-આનંદ છે અને એમાં આ એક ગુણ છે આ ૧૬મો. આ રાગ.. આ વર્તમાન ઘણા એમ કહે છેને કે આ ત્યાગી થાય ને, સાધુ થાય છે ને બાયડી-છોકરા છોડે છે તો ત્યાગ છે ને? એઈ..! .. અને એમાં આ એક ગુણ છે આ ૧૬મો. આ વર્તમાન ઘણા કહે છેને ભાઈ! આ ત્યાગી થાયને, સાધુ થાય છે તો બાયડી-છોકરા છોડે છે તો ત્યાગ છેને? એય..! ક્યાં ગયા ... ? ... બાયડી-છોકરા છોડે, મકાન છોડે, પાંચ-પચાસ લાખની પુંજી હોય ઈ છોડે તો એ ત્યાગી કહેવાય કે નહિ?

કહે છે કે એ આત્મામાં એણે ગ્રહ્યા જ નથી, આત્માએ એને લીધા જ નથી, છતાં કહે કે હું છોડું એ તો મિથ્યાત્વભાવ અને મિથ્યાત્વ-પાપની પુષ્ટિ કરે છે. ..ભાઈ કાલે કહેતા હતા આ બધા ત્યાગી થાયને, સાધુ થાયને. મિથ્યાત્વી છે એ. એય.. ..ભાઈ! મિથ્યાત્વી મહાપાપ સેવે છે. કેમકે જે વસ્તુ એનામાં હતી જ નહિ .... શેઠી! વાત એવી છે કે .. અનંત આદિ સ્વભાવ .. છે. એવો હજી એને અનુભવમાં, શ્રદ્ધામાં, જ્ઞાનમાં આવ્યો નથી એ ધર્મ કરે છે .. એ બધા મિથ્યાત્વના પોષણ છે. ઊંધી શ્રદ્ધાના, જૈનદર્શનથી વિરૂદ્ધ માન્યતાના, વીતરાગે કહેલા તત્ત્વોથી વિરૂદ્ધ તત્ત્વોની માન્યતાનું પોષણ છે. શેઠી!

અહીંયાં છે જુઓ. ૧૬મો બોલ આવ્યો છે. આત્મા કેવો છે પોતે વર્તમાન? કે એવો જે રાગાદિનો વિકલ્પ છેને દયા, દાનના પુણ્યનો રાગ એ રૂપે આત્મા થયો જ નથી, પર્યાય થઈ નથી. વસ્તુ ભિન્ન છે તદ્દન. એ તો જ્ઞાનસ્વરૂપ ચિદાનંદરૂપે રહ્યો છે અનાદિથી. એવો ન માનતા હું રાગને છોડું, એનો અર્થ કે મેં રાગ ગ્રહ્યો હતો, એનો અર્થ કે હું રાગવાળો

હતો, એનો અર્થ કે હું જ્ઞાયકસ્વભાવે નહોતો, એવી માન્યતા તે મિથ્યાદર્શન પાપીની છે. જાધવજીભાઈ! ભારે.

ભગવાન આત્મા અને એનામાં એક ગુણ એવો છે કે ત્યાગઉપાદાનશૂન્યત્વ. ઘટતું-વધતું નથી એવું. એ જ્ઞાયક ચૈતન્ય ભગવાન અનંતગુણસંપન્ન તો જેવો છે તેવો છે. સમજાણું કાંઈ? ૨૦૦ ગાથામાં કહ્યું પ્રવચનસાર નહિ? એ તો અનાદિથી જ્ઞાયક જ રહ્યો છે, પણ માન્યું છે કે હું રાગવાળો છું, .. આ મને સંબંધ હતો પરનો. એવી મિથ્યાત્વની માન્યતા છે. સમજાણું કાંઈ? લોકોને એવી ... ખબર નથી. એ વાતના અભાવમાં સમ્યગ્દર્શન અને મહાધર્મ છે ... સમજાણું? એ બાહ્યત્યાગી હજારો રાણીને છોડીને બેઠો છે, એ દયા પાળે, કોઈ જીવને ન મારે એવી ક્રિયામાં પડ્યો છે, છતાં તેને મેં આ છોડ્યું છે, એમ જે માને છે કે મેં આ રાગને શુભભાવને ગ્રહ્યો છે એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ મિથ્યા.. છે, જૈન નથી. સમજાણું કાંઈ?

મિથ્યાત્વ છે આ .. તો. .. મિથ્યાત્વ છે. લોકોને વસ્તુની ખબર નથી. .. બાયડી-છોકરા છોડી શકે નહિને એટલે બાયડી-છોકરા છોડ્યા.. આહા..હા..! .. એય..! શાંતિભાઈ! જુઓ, શાંતિભાઈને પૈસા છે, મકાન છે, બાયડી છે, છોકરો છે બધું છે. બધું છોડીને દિગંબર સાધુ થવાના હતા. લ્યો! મિથ્યાત્વને સેવતા હતા. સાધુ ક્યાં હતો? એ તો મિથ્યાદૃષ્ટિ છે. એય..! દીપચંદજી! એ અહીં કહે છે કે તને તારું સ્વરૂપ શું છે, એનામાં શક્તિનું સામર્થ્ય શું છે એની તો તને ખબર નથી, એનું તને જ્ઞાન નથી, એની તને પ્રતીત નથી, એનો તને અનુભવ નથી, એનો તને .. નથી અને મેં આ ત્યાગ્યું. એ શું ત્યાગ્યું? એણે સમ્યગ્દર્શન-ધર્મ ત્યાગ્યો. બસ, થઈ રહ્યું. અનાદિનો ત્યાગ્યો છે અને મિથ્યાત્વને ગ્રહણ કર્યું છે.

આ પર્યાયમાં પર્યાયબુદ્ધિ છે, વસ્તુમાં નથી. માન્યતામાં છેને? વસ્તુ નથી, પણ માને છે કે આ રાગને ગ્રહ્યો, મેં આ રાગને છોડ્યો, મેં બાયડીને છોડી, મેં બાયડીને ગ્રહણ કરી, પરદ્રવ્યને ગ્રહણ કર્યા, પરદ્રવ્યને છોડ્યા. રાગ પણ પરદ્રવ્ય છે, એને મેં ગ્રહણ કર્યો એવી માન્યતા એની છે. વસ્તુ નથી એવી. ઝીણી વાત છે. મિથ્યાત્વને સેવે છે. કપડું પોતાનું છે જ નહિ. ગ્રહણ કર્યું જ નથી તો છોડવું શું?

**શ્રોતા** :- દિગંબર ધર્મ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બિલકુલ નથી દિગંબર ધર્મ. દિગંબર ધર્મની મૂળ વાત ભગવાન જ્ઞાયકસ્વરૂપ છે એ રાગપણે થયો નથી, રાગ છોડતો નથી, રાગનો ત્યાગ અને રાગનું ગ્રહણ બેયથી રહિત આત્માનું સ્વરૂપ છે. એવી જેને દૃષ્ટિ થાય એ દિગંબરમાં છે અને એ દિગંબર છે. એને મિથ્યાત્વના લૂગડા છૂટી જાય. શેઠી! આ ગપ જ ચલવ્યા છે તમે અત્યાર સુધી.

એ મિથ્યાત્વરૂપી લાગણી જે છે કે મેં આ છોડ્યું. પોતે જ્ઞાનસ્વરૂપ છે, એ જ્ઞાન છે તે છૂટે અને જાય એને જાણનાર રહે છે. એને જાણનાર ન માનતા, એને જાણનાર ન

માનતા, મેં આને છોડ્યું એટલે કે એને મેં ગ્રહ્યું હતું. ગ્રહ્યું હતું નહિ, પણ મેં ગ્રહ્યું હતું એવી મિથ્યાત્વ માન્યતામાં ગ્રહણબુદ્ધિ થાય છે એ વસ્તુમાં નથી. ઝીણી વાત છે, ભાઈ! વીતરાગમાર્ગને સમજવો. સમજાણું કાંઈ?

ગૃહસ્થાશ્રમમાં છ ખંડના રાજમાં ભરત ચક્રવર્તી પડ્યો હોય, વિપરીત માન્યતા છે એનો તેને અભાવ થયો છે અને સ્વરૂપ ચૈતન્ય સહજ ત્યાગોપાદાન શૂન્યત્વશક્તિ એનો અંદર અનુભવમાં છે. આ આત્મા રાગનો ત્યાગ કરે કે રાગને ગ્રહે એવો હું છું જ નહિ એવો જ્ઞાનીને અનુભવ છે તો એ સમ્યગ્દષ્ટિ છે, છ ખંડના રાજમાં પડ્યો ધર્મી છે. રાજ છોડીને રાણી છોડી, કુટુંબને છોડીને બેસે છે પણ વસ્તુની દષ્ટિની ખબર નથી. મેં આ છોડ્યું. કે દી ગ્રહ્યું હતું? જ્ઞાનસ્વરૂપ ગ્રહે શું? જ્ઞાન છોડે કોને? સમજાણું કાંઈ? વસ્તુ ચૈતન્ય પ્રકાશનું નૂર છે. સમજાણું કાંઈ? સૂર્યનું કોઈ કિરણ મેલું થયું છે કોલસાથી? સૂર્યનું કોઈ કિરણ મેલું કોલસાથી થયું છે તો એને ધોઈ નાખું? જાધવજીભાઈ! આ તો અલૌકિક વાતું છે, બાપા! વીતરાગનો માર્ગ છે આ. લોકો માને એ માર્ગ વીતરાગનો નથી.

એમ ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય છે. એનું કિરણ તો નિર્મળ જ્ઞાનાદિ પ્રગટ થાય શક્તિમાંથી એ એની પર્યાય ધર્મ છે. એ રાગ પ્રગટે ને રાગ ઉત્પન્ન કરે અને રાગને છોડે એ ચૈતન્યમાં નથી. જ્ઞાનથી પોતે છૂટ્યો જ નથી. આવ્યું હતુંને ભાઈ, આમાં? ... જ્ઞાનથી છૂટ્યો છે કે દી તે એણે રાગને છોડે છે? આહા..હા..! સમજાણું કાંઈ? ... ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ, જ્ઞાયકસ્વરૂપ એ પોતે જ્ઞાનથી છૂટ્યો છે કે દી? કે જેને રાગ છોડે ને ત્યારે એને પચ્ચખાણ થાય? આહા..હા..! ૩૪મી ગાથામાં આવી ગયું. ઝીણું બહુ. હવે એ સમજે કે દી? શ્રદ્ધે કે દી? એનું કલ્યાણ થાય કે દી આહા..હા..! બહારથી માને .. ભાઈ! એની દષ્ટિમાં જ્ઞાનસ્વરૂપ આત્મા છે એ તો આવ્યો નથી. બહારનું છોડ્યું-ગ્રહ્યું એવી માન્યતા છે એ તો ચૈતન્યના જ્ઞાનસ્વભાવથી વિરૂદ્ધ છે. વિરૂદ્ધ છે એટલે મિથ્યાત્વ છે. મિથ્યાત્વને પોષણ અનંત સંસારને ક્ષણે-ક્ષણે વૃદ્ધિ કરે છે એમ કહે છે.

અને હું ત્યાગઉપાદાનશૂન્યત્વ છું. પરને ગ્રહું-છોડું એ મારામાં છે નહિ, પણ રાગને ગ્રહું ને રાગરૂપે થવું કે રાગનો વ્યય કરવો એ મારામાં નથી. એવા દષ્ટિવંત સમકિતી ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં જે સમ્યગ્દષ્ટિ છે એ ધર્મી છે અને એ મિથ્યાત્વના પાપનો ત્યાગી છે. સમજાણું કાંઈ? પંડિતજી! બહુ ઝીણી વાત છે. ... મુશ્કેલ પડે. અહીં હા તો પાડે પણ અંદર બેસવું ભારે કઠણ. પ્રવિણભાઈ! અજ્ઞાની આત્માનો સ્વભાવ રાગને પકડવો, રાગરૂપે થવું કે રાગનો અભાવ કરવો એ વસ્તુમાં નથી. એવી શક્તિ ગુણ જ નથી. છતાં એને એ માને કે મેં આને છોડ્યું, મેં અશુભરાગ છોડીને શુભરાગ કર્યો, તે ભાવ મિથ્યાત્વનું મોટું પાપ મહા મીંદડું કાઢતા ઊંટડું પેઠું છે. સાંભળ્યું છે કે નહિ? વાત નથી સાંભળી? ઝવેરભાઈએ નહિ સાંભળી હોય એ. કે છે ત્યાં સ્થાનકવાસી. જુઓ હવે. સાંભળો તો ખરા તમારું .. છે. .. છે હોં

ફૂલચંદભાઈ. ... હતો. ભાઈ હતાને. .. એ પહેલેથી આમ ૭૦માં. ૭૦માં પહેલા ગયા હતાને ત્યાં. ... ઊંધા લાકડા ઘણા. જ્યાં મગજમાં પેસે આ શું કહે છે પણ આ? અને ઓલું તો સૂઝે, આ લીલોતરી ખાવી નહિ, કંદમૂળ છોડો, આહાર છોડો, પાણી છોડો આઠમનો દી છે, ચોવિહાર કરો, શુભભાવ ગ્રહણ કરો...

અહીં કહે છે કે એ મેં છોડ્યું એવું પરનું અભિમાન છે તે મિથ્યાત્વ છે અને મેં શુભભાવ ગ્રહણ કર્યો એ વસ્તુમાં શુભભાવ નથી એને એણે ગ્રહણ કર્યો એમ માન્યો એ મહામિથ્યાત્વનું પાપ છે. સમજાણું કાંઈ? સાંભળ્યું છે કે નહિ શેઠી? એ દૃષ્ટાંત નથી સાંભળ્યું ડોશીનું? પહેલાં કહ્યું હતું. ભૂલી ગયા. એક ડોશી હતા ડોશી. એ જરી કંજૂસ હતી કંજૂસ. એના ઘરની પાછળ વાડો હતો. મકાનની પાછળ વાડો હોય છેને? એટલે વાડામાં એક મીંદડું મરી ગયેલું, મીંદડું. ઉઘાડે ઝાપો જ્યાં ત્યાં જોવે તો મીંદડું મરી ગયું. હવે કરવું શું? જો હરિજનને બોલાવે તો .. જુવાર આપવી પડશે કે કાંઈક આપવું પડશે. એટલે ખાનગી લઈને ચુલામાંથી રાખ કાઢી, ટોપલામાં લઈ ગઈ અંદર ઝાપો ઉઘાડીને. .. નાખી. બહાર નાખી દઉં એટલે શું હરિજનને પૈસા દેવા મટે. એ જ્યાં નાખવા ગઈ તો એક ઊંટ ઊભું હતું બહાર મરવાની તૈયારીવાળું. ઝવેરચંદભાઈ! બરાબર ઝાંપો ઉઘાડો રાખેલો. બંધ ન કર્યો. એ સામું ઊભું હતું એને કાંઈ ખબર નહિ ઓલું વેગમાં ઓલા લોભના વેગમાં કે આટલું બચશે. તો ઊંટડુ ગર્યું અંદર અને મર્યું ત્યાં. અહીંયાં આવી ત્યાં.. મીંદડું નાખવા ગઈ ત્યાં ઊંટડું પેઠુ. મલૂકચંદભાઈ!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શેઠિયાને શું? શેઠિયાના બાપ કરે છે એના ગુરુ. એય..! સમજાય છે કાંઈ? હવે શું કરવું? ચાર મણ ઘઉં દેવા પડશે, ચાર મણ જુવાર.

એમ ભગવાન કહે છે કે વસ્તુના સ્વરૂપમાં ચૈતન્યમૂર્તિ આનંદકંદ છે. એમાં રાગ પણ નથી અને રાગનું છોડવું (પણ નથી). રાગ હોય તો છોડેને? વસ્તુમાં ક્યાં છે રાગ? અને વસ્તુમાં ક્યાં છે શરીર, વાણી, દાળ, ભાત, રોટલા એમાં છે કે છોડે? એટલે કહે છે કે જ્યાં એ રાગ છોડું, આ છોડું એમ બુદ્ધિ કરવા જાય છે ત્યાં એમ લાગે છે કે અમે કાંઈક શુભ ગ્રહ્યું, અને કાંઈક હું ઠર્યો. બાયડી, છોકરા અને ઘરમાંથી કાંઈક મકાનમાં આવ્યો ને જરી બહારમાં આવ્યો ને ઠર્યો એમ માને છે; પણ એને ઓલો રાગ છૂટ્યો જ નથી, પણ રાગની એકપણાની માન્યતા કરી છે. મેં આને છોડ્યું એવું અભિમાન મિથ્યાત્વનું કર્યું છે. મિથ્યાત્વનું ઊટડું પેઠું મોટું. સમજાણું કાંઈ? ભારે વાતું, બાપા! આ તો વીતરાગના ઘરની વાતું છે. એ કેવી! એમાં શક્તિનું વર્ણન તો આત્મા આવો છે. એથી વિપરીત માને એ ત્યાગી હો, ગૃહસ્થ હો, વ્રતધારી હો, બ્રહ્મચારી મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાદૃષ્ટિ એટલે કે મહા અધર્મને સેવે છે. કહો, સમજાણું કાંઈ? એઈ.. શેઠી!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમજણમાં મોટો ફેર છે. મોટી મહાભૂલ એમ કહે છે. આહા..હા..!

એવી એક શક્તિ જુઓ કે ઘટતું-વધતું જે નથી. ભગવાન આત્મા .. સ્થિર ચૈતન્ય જ્ઞાયક.. જ્ઞાયક સ્વભાવ છે એ આત્મા. એમાં આવી અનંત શક્તિઓ છે એવી આ એક શક્તિ છે, ગુણ છે કે જે ગુણનું કાર્ય જેની પર્યાયમાં પણ, દ્રવ્યમાં અને ગુણમાં તો છે એ, પણ એની અવસ્થામાં પણ રાગને ગ્રહું, રાગને છોડું એવી પર્યાયનો ધર્મ નથી. આહા..હા..! રાગ છે એને જ્ઞાનમાં રહીને જાણે છે કે એ ચીજ છે બીજી, મારામાં નહિ અને રાગ જાય ત્યારે જાણે છે કે આ રાગ ગયો, મારામાંથી નહિ. ઝીણી વાત છે, ભાઈ! જૈનતત્ત્વની એવી વાત છે.

એ ચૈતન્યમૂર્તિ છું, જ્ઞાનમૂર્તિ છે, એ જ્ઞાનવસ્તુ છે એ જાણવાના કામ સિવાય રાગને ગ્રહે મૂકે એ કેમ બને? જ્ઞાનમાં એ બને કેમ? સમજાણું કાંઈ? એટલે જેને આત્મામાં ત્યાગઉપાદાનથી શૂન્ય છે એવા ગુણનું ભાન નથી એ મિથ્યાદૃષ્ટિ છે. અને એમ માને કે આત્માએ આને છોડ્યું, ધન-ધાન્ય છોડ્યા, છતી ૠદ્ધિના ત્યાગી, લખે છે કે નહિ? એય..! જાધવજીભાઈ! એવું લખતા હશે નહિ બધું ..માં. કાગળમાં લખેને? ક્ષમાવણીના પત્રમાં છતી ૠદ્ધિના ત્યાગી. કોણ ૠદ્ધો હતો એમાં? ૠદ્ધિ તો અહીં આત્મામાં અંદર પડી છે એ છે. સમજાણું કાંઈ? આ તો વાતું આકરી છે, ભાઈ!

ભગવાન પરમેશ્વર એમ કહે છે અને એવું છે એમ કહે છે. ભાઈ! તારો આત્મા છે એ આત્માનો સ્વભાવ શક્તિ અને સામર્થ્ય એવું છે કે જેનામાં આત્મા સિવાય પરદ્રવ્ય કોઈપણ અને આત્મા સિવાય રાગાદિ આસ્રવતત્ત્વ વિકલ્પ, વિકલ્પ એને આત્મા ગ્રહે કે છોડે એનાથી આત્મા શૂન્ય છે. જેમ છે તેમ જ્ઞાયકભાવે છે. એમ જ્યાં સુધી ન માને ત્યાં સુધી એની માન્યતામાં પરનું ગ્રહણ-ત્યાગ લાગ્યા કરે. એ કહ્યું હતુંને અનુભવપ્રકાશમાં કે આ ગુણ ન હોય તો પરનું ગ્રહણ-ત્યાગ લાગ્યા કરે. ગ્રહવું ને છોડવું... ગ્રહવું ને છોડવું... ગ્રહવું ને છોડવું... એ તો મિથ્યાત્વભાવ છે. સંસારમાં અનાદિ રહેલો છે. સમજાય છે કાંઈ? ભારે ઝીણું!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છોડવા-બોડવાનું નથી. કાંઈ છે જ નહિ. કોણ છોડે છે? છે જ નહિ છોડે કોણ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના, કાંઈ છે જ નહિને. જ્ઞાયકપણે જ્ઞાયકપણે રહે છે. એ અપ્રત્યાખ્યાનીને છોડે છે અને પ્રત્યાખ્યાનને ગ્રહણ કરે છે એમ છે જ નહિ. વસ્તુ જ્ઞાયકમૂર્તિ છે એવી અંતર દૃષ્ટિ થતાં રાગની ઉત્પત્તિ થતી નથી એને વ્યવહારથી કહેવામાં આવે છે કે એણે ત્યાગ્યું, વસ્તુમાં નથી. અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય જડ તો ક્યાંય ગયું પણ એનામાં જે ભાવ હતો અપ્રત્યાખ્યાનનો રાગનો ભાવભાવ એ ભાવનો ત્યાગ કર્યો

આત્મામાં એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? નિરિક્ષણ નહિ, એ તો આત્મામાં જ્ઞાયકમૂર્તિ છે એમ પોતે જોવે ને જાણે ને અનુભવે, બસ, એનું નામ નિરિક્ષણ. ચીમનભાઈ! આ તો બીજી જાત છે. આ દુનિયા સાથે મેળ ખાય એવો નથી, ભાઈ! આહા..હા..!

ભગવાન આત્મા બ્રહ્મસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે. એમાં દુઃખની પર્યાયને ગ્રહી છે કે દુઃખની પર્યાયને છોડે છે એવું એના પર્યાયધર્મમાં નથી. દ્રવ્ય-ગુણમાં તો નથી પણ પર્યાયમાં નથી. આહા..હા..! ભારે વાત, ભાઈ! આવો વીતરાગમાર્ગનો આત્મા છે. આવો આત્મા છે. અને એવો જ હોય બીજો હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ? એનો જો રાગ હોય તો રાગ છૂટે કેમ? અને આ બાયડી-છોકરા એના હોય તો છૂટે કેમ? એના નહોતાં. માન્યા હતા કે મારા છે એ માન્યતા મિથ્યાત્વ હતી.

**શ્રોતા** :- રાખે તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળેય રાખે એમ નથી. ધૂળ રાખે શું? એને કારણે આવે ને એને કારણે જાય. રાગ પણ ખરેખર તો એને કારણે એના કાળે આવે અને એને કાળે જાય. આત્મા તો જ્ઞાયકસ્વરૂપ જ છે, એને ગ્રહણ-ત્યાગ સ્વરૂપમાં છે નહિ. આહા..હા..! ભારે વાત. સમજાણું કાંઈ? બધા મંડી પડ્યા છે. એય.. શાંતિભાઈ! બહુ .. કલકત્તામાં પણ. એકલા.. ભાઈ કહેતા હતા કાલે કે એકલા બેસે. એ બધા જુદાં. ... જુદો નહિ. ઝવેરચંદભાઈ! બે-ચાર જણા હતા હો કોક. નહિ? પછી કહે એય.. આ બધું મોક્ષમાર્ગપ્રકાશકમાં આમ છે. ભાઈ! એ વાંચવા દ્યોને. હવે કહે કે માર્યા ગયા. ક્યાંકના ક્યાંક ચડી ગયા હતા. કહો, સમજાણું આમાં?

અહીં કહે છે કે બીજા પ્રાણીના પણ બાહ્યપદાર્થના ત્યાગથી એની મહિમા જો દેખાય તો એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે જાણનારો. આહા..હા..! સમજાણું કાંઈ? અને સંયોગો ઘણા દેખાય નહિ એનો આત્મા સમ્યગ્દૃષ્ટિ છે અને સંયોગો ઘણા છે એ પાપી છે અને આ હલકો છે એમ જોનારને આત્માના શ્રદ્ધા અને જ્ઞાન છે નહિ. આહા..હા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? લોકો કહે ને જેટલો ત્યાગ કર્યો એટલું .. ગયું. ગોળ ખાધો એટલું ગળ્યું. એમ કહે છેને માણસ. પણ ગોળ જોઈએને? અહીં તો ગોળ નથી ઝેર છે, કહે છે.

ભગવાન પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ પરમાત્મા એણે ઈન્દ્રોની સમક્ષમાં, ભગવાનની વાણીમાં અને જ્ઞાનમાં આવ્યું છે કે આ આત્મા આવો છે. હવે એની એને ખબર નથી. આ આત્મા એવો છે કે જેમાં પરવસ્તુને ગ્રહવું, એકમેક થવું અને પરને છોડવું, ... કરવું એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? એનો એ ગુણ નથી. પરના ગ્રહણ અને ત્યાગથી તો ભગવાન આત્મા ખાલી છે—શૂન્ય છે. શાંતિભાઈ! આહા..હા..! ભારે વાત, ભાઈ! આવો આત્મા છે.

ભગવાન આત્મા જ્ઞાન અને ચૈતન્યના સ્વભાવથી શુદ્ધથી સેવે અને પરને પકડવું, પરને

છોડવું એનાથી જ્ઞાયકભાવ તો ખાલી છે-શૂન્ય છે ભગવાન. એને એમ કહેવું કે આ છોડે છે ને ગ્રહે છે, કહેવું એટલે માનવું, એ મિથ્યાત્વભાવના મહાપાપને—અધર્મ પાપને નિગોદની ગતિની સન્મુખ થવાના પાપને સેવે છે. સમજાણું કાંઈ? મોટો ભગવાન આત્માનો જે ગુણ છે એનો તેં અનાદર કર્યો. એ ગુણવાળો અનંત ગુણ એવા પાછા છે. એક એક જ્ઞાનગુણ, દર્શનગુણ પણ પરના ત્યાગ-ગ્રહણરહિત છે. સમજાણું કાંઈ? આત્મામાં એક ચારિત્રગુણ છે એ પણ રાગને ગ્રહે અને છોડે એનાથી રહિત ચારિત્રગુણ છે. ..ભાઈ! બાપુ! ઝીણી વાત છે. ગજબ વાત છે! આહા..હા..! ભગવાન આત્મામાં એક ચારિત્ર એટલે વીતરાગભાવ ભરેલો છે-સ્વભાવ. એનો એવો સ્વભાવ છે કે રાગને પકડવું કે રાગને છોડવું એવો ચારિત્રગુણનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? કહો, શાંતિભાઈ! હવે ચારિત્રની વાત આવી. ચારિત્ર લઈ લીધું. ધૂળેય નથી ચારિત્ર. એય..! કામદાર! તમે તો બહુ સાંભળ્યું ન હોય. રળવામાં કાળ ગયો હોય બધોય. એમ ને એમ ધૂળમાં કાળ ગયા બધા. આહા..હા..!

શું કહે છે? આ મહાશક્તિ આના ઉપર આધાર છે હોં! ઓલામાં આવે છેને ભાઈ! ઓલા .. નિવૃત્ત પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. .. આત્મા.. અભાવસ્વરૂપ છે એમ. ત્રિકાળ એના અભાવસ્વરૂપ છે. આહા..હા..! જ્ઞાનમૂર્તિ ચૈતન્ય એના અનંતા ગુણો (છે). એ દરેક ગુણ એવો તાકાતવાળો છે કે રાગને ગ્રહવું, ... પરતત્ત્વ એને એકરૂપ થાય શી રીતે? અને પરતત્ત્વને આવ્યું હતું—ગ્રહ્યું છે કે દી તો છોડે? દૃષ્ટિ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? ...ભાઈ! સમજાય છે કે નહિ આ? આફ્રિકામાં કાંઈક રખડવામાં... પૈસા મળે બે લાખ, પાંચ લાખ, દસ લાખ. ધૂળમાંય નથી ત્યાં મળે શેના? પછી આપણે દાન કરશું. ... દાન? મેળવશું એ માન્યતા મિથ્યાત્વ છે કારણ કે આત્મા મેળવી શકતો નથી અને દાન કરશું એ પૈસા દઈશું એ માન્યતા મિથ્યાત્વ છે, પૈસા જડ છે. એય..! જાધવજીભાઈ! આ તો અલૌકિક વાતું છે, ભાઈ! એય..! પંડિતજી! ... અહીં એવી સૂઝ પડે નહિ એટલે શું કરવું? હા તો પાડવી પડે. ..ભાઈ!

ભાઈ! તારે સમજવું પડશે, પ્રભુ! તું આત્મા છો. આત્મા એ શક્તિ અને સ્વભાવથી ખાલી ન હોય. આત્મા છે તો એની શક્તિઓ અને એનો ગુણ કહો, સ્વભાવ કહો કે એનું સત્ત્વ કહો. સત્ સત્ત્વથી ખાલી ન હયો. એ ભગવાન આત્મા એની શક્તિઓ અને ગુણથી ખાલી ન હોય. તો એ ગુણ કેવો છે એનો? એક ગુણ એવા અનંતા ગુણો. સમજાય છે? કે પરને છોડવું-ગ્રહવું એનાથી શૂન્ય છે એવો એનો ગુણ છે. એને એમ માનવો કે પરને ગ્રહુ-મૂકું એ શૂન્ય છે એને ગ્રહુ-મૂકું માન્યું એટલે એનાથી સહિત છે. વિકારને ગ્રહુ-મૂકું એવો આત્મા માન્યો (તો) એવો આત્મા નથી. સમજાણું કાંઈ? .. ભારે વાત! એય..! ..ભાઈ! હવે જેટલું છોડ્યું એટલું ગોળ. ... માણસ વાતું કરે લ્યો! ગોળ ક્યાં હતો? ઝેર છે, સાંભળને.

ભગવાન ચૈતન્યની જ્યોત છે, લેપ વિનાની ચીજ છે, પરના સંબંધ વિનાની ચીજ છે, આહા..હા..! એને આત્મા કહીએ. એવો ભગવાન આત્મા, એનો એક-એક જ્ઞાનગુણ,

જ્ઞાનગુણ એ રાગને ગ્રહે કે છોડે એ જ્ઞાનગુણમાં શક્તિ નથી અને શ્રદ્ધાગુણમાં મિથ્યાત્વને છોડે અને સમકિતને ગ્રહણ કરું, આમ પર્યાયને ગ્રહણ કરું એ ગુણ જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો અંદરથી દૃષ્ટિ કરતાં ઉત્પન્ન થાય છે. ઓલામાં આવે છેને ... આવે છેને? સર્વવિશુદ્ધ... ગ્રહ્યું-છોડ્યું... પણ એ રીતે સમજાવે છે. આવે છે. ... છે. .. ભાઈ! એ તો ત્યાં સમજાવ્યું છે કે વસ્તુસ્થિતિ ચૈતન્ય ભગવાન પૂર્ણ શક્તિએ એક એક શક્તિથી પૂર્ણ પડ્યો છે એવું અંતરમાં ભાન થયું એટલે કહે છે છૂટવા યોગ્ય છૂટી ગયું અને ગ્રહવા યોગ્ય ગ્રહાઈ ગયો આત્મા એમ. ગ્રહવું એટલે જેમાં ઠરવું હતું એ આવી ગયું. અને છૂટવાનું છૂટી ગયું એટલે વ્યય થવાનો હોય તો એ વ્યય થઈ ગયો. એમ. શાસ્ત્રમાં લખાણ પણ ઘણાને. માણસ સમજે નહિ. 'જિન પ્રવચન દુર્ગમ્યતા થાકે અતિ મતિમાન.' શ્રીમદ્ કહે છે ને? 'જિનપ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન; અવલંબન શ્રી સદ્ગુરુ સુગમ અને સુખખાણ.' શ્રીમદ્ જેવાને એમ લાગ્યું કે આ તો ભારે થયું. જિનપ્રવચન વીતરાગના વચનો ભારે અટપટા, ઝીણા, સૂક્ષ્મ. નહિતર તો એ બુદ્ધિમાં જબરા હતા. સમજાય છે કાંઈ? એટલે આ એક કહ્યું. એ વખતે એના જેવો ક્ષયોપશમવાળો બીજો કોઈ ધર્મમાં તો લાગતો નહોતો. બહારમાં હશે કોઈક બીજા. બહારનું અહીં શું કામ છે? એવો ક્ષયોપશમ હતો. સમજાણું કાંઈ?

સમયસાર.. આહા..હા..! આ સમયસાર પુસ્તક હાથમાં આવ્યું. હાથમાં ફક્ત હોં! ત્યારે માણસને કહ્યું.. તે દી તો સમયસારની કિંમત કેટલી? અઢી રૂપિયા.. હોં! .. શ્લોક. મળ્યું એટલે.. .. રૂપિયાની મગાવી બે. શેઠી! આમ જ્યાં જોયું. જેમ ઝવેરીને હીરો હાથમાં આવી જાય. આહા..! આ! સમજાણું? હીરો હાથ આવ્યો હતોને .. લાઠીમાં. આ કઠિયારાને. કઠિયારો હોય ને એને લઈને આવ્યો. .. જો આપણે દીવા કામમાં આવશે. તેલ આવશે. તેલનો ખર્ચ આવશે. જ્યોતિ પ્રકાશમાં થાશે. એમાં શેઠિયો આવી ગયો ઘરે. આમ ભાઈ જોયું. અરે.. આ! આ શું છે અને તમે શેમાં કામ લ્યો છો? શું છે આ? તેલ બચશે એવી પ્રકાશવાળી ચીજ છે. બાપુ! અમે સો સોનામહોર દઈએ તો તું આ દઈશ અમને? હેં! એવી કિંમતવાળી આ ચીજ! એવી કિંમત છે. એ પ્રકાશે છે. રોટલા ન થાય. પ્રકાશે એની કિંમત થાય. સમજાય છે કાંઈ? કિંમત નથી એને. એમ ચૈતન્ય હીરો અજ્ઞાનીના લક્ષમાં આવ્યો કે આત્મા કેવો? હાલે-ચાલે એવો, દયા પાળે એવો. એય..! દયા પાળે તે આત્મા, હાલે-ચાલે તે આત્મા, કો'કના પરોપકાર કરે તે આત્મા. આહા..હા..! બોલે તે આત્મા અને રાગ કરે એ આત્મા. રાગ છોડે તે આત્મા. અરે..! મૂઢ તને આત્માના હીરાની ખબર નથી. એવો એ છે નહિ હીરો. ગુરુએ બતાવ્યું કે આવો હીરો છે આ તો. ઓહોહો..! આમ તો કીધું કે આત્મા છે.. આત્મા છે. ...

**શ્રોતા :-** જવાબદારી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જવાબદારી તો એ ઓલો સમજે ત્યારે કહે છે એમ કીધું. કહો,

સમજાણું કાંઈ? કોણ કહે ને કોણ સમજાવે? આહા..હા..! ભારે વાત! લીલા તે લીલા! એક-એક ગુણે કેટલો આત્માને પ્રસિદ્ધ (કર્યો છે)! આત્મખ્યાતિ છેને આ.

ભગવાન આત્મા રાગની વિકલ્પ દશા જે છે એનારૂપે જીવ થયો જ નથી તો એને છોડવારૂપે થવું એ એનામાં છે નહિ. એવો એનામાં ગુણ એક નહિ પણ એવા અનંતા ગુણ છે. એવા અનંતા ગુણવાળો આત્મા .. ... .. સમકિત થાય. ચારિત્ર તો પછી. આ ભાન વિનાના ચારિત્ર અને વ્રત લઈને બેસે છે એ તો મિથ્યાત્વને પોષે છે, મહાપાપના પાખંડ પાપને સેવે છે. સમજાણું કાંઈ? સાત વ્યસનના પાપ કરતાં પણ મિથ્યાત્વનું પાપ અનંતગુણું છે. એ પાપની એને ખબર નથી.

ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ એનો અનાદર થઈ જાય છે, અનાદર કહો કે નિષેધ કહો કે એની હિંસા થાય છે. આત્માને એવો માનવો કે રાગના ગ્રહણ-ત્યાગવાળો આત્મા છે એ આત્માની હિંસા થાય છે. આહા..હા..! એટલે? કે એનું જે જીવન જેવું છે એવું ન માનતા એનો વિરોધ કરે છે એ જીવનની હિંસા કરે છે. ચૈતન્યનું નાસ્તિપણું માને છે. સમજાણું કાંઈ? રાડ નાખી જાય ઓલા સાધુ-બાધુ સાંભળે તો. અરર..! હાય.. હાય.. હતા કે દી? સાધુ હતા કે દી? .. એની દૃષ્ટિમાં પહેલું સાધકપણું અંદર,.. એ વિકલ્પ છે એ મારામાં નથી અને છે તો એનાથી શૂન્યપણું મારામાં છે. સમજાણું કાંઈ? એવો આત્મા દૃષ્ટિમાં આવ્યા વિના, અનુભવમાં આવ્યા વિના.. ચારિત્ર.. છે નહિ. .. શકે નહિ. સવારે .. ચાર-ચાર વાર.. આ દસ વાગે રોટલા જોઈએ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શ્વેતાંબરને. દિગંબરને તો એવું ન થાય. શ્વેતાંબર સાધુને ચાર ચાર .. .. એક હજાર આવ્યું. છતાં વસ્તુની ખબર નથી. દૃષ્ટિમાં મિથ્યાત્વ છે. આહા..હા..! જે ગ્રહણ-ત્યાગ વિનાનો આત્મા છે એને ગ્રહણ-ત્યાગવાળો માનવો છે એ મિથ્યાત્વ છે. મહાસંસારની વૃદ્ધિ કરે છે મિથ્યાત્વમાં. ઝીણું છે આ. સમજાણું કાંઈ?

'**જે ઘટતું-વધતું નથી...**' એવું તત્ત્વ આત્મા. '**એવા સ્વરૂપમાં નિયતત્વરૂપ (નિશ્ચિતપણે જેમનું તેમ રહેવારૂપ) ત્યાગોપાદનશૂન્યત્વશક્તિ.**' છે. ભગવાન આત્મા એ તો પરનું ગ્રહવું... ગ્રહ્યું ક્યાં પણ? ગ્રહ્યું હોય તો છૂટે નહિ અને છૂટવું અને ગ્રહવું એ બેય એની પર્યાયમાં નથી. અહીં એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? ગ્રહવા-ત્યાગવાનો તો અભાવ છે એનામાં. આહા..હા..! વિકાર છે એ તો મિથ્યાત્વનો તને. મેં આ છોડ્યું. ... ... શરીરથી.. નહિ. એટલે? રાગ અમારે એવો હોય નહિ. રાગ હતો તારામાં-વસ્તુમાં? આહા..હા..! ભારે વાતું આકરી. ભાઈ! એ રાગ તારામાં હતો જ નહિને. તું તો આનંદશીલ સ્વરૂપ છો. આહા..હા..! એવા આત્માના સ્વભાવમાં એ રાગનું છૂટવું અને રાગનું ગ્રહવું એવું સ્વરૂપ.. એક-એક ગુણમાં નહિ, દ્રવ્યમાં નહિ અને પર્યાયમાં ક્યાંય નથી. એવો આત્માને

માનવો કે મેં આ છોડ્યું, આટલું મેં પકડ્યું હતું એ આત્માને માનતો જ નથી. એ તો મિથ્યાત્વને માને છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાતું આકરી! એય..! શાંતિભાઈ! આ શું છે આ? બધાને રાખવા છે ઊભા. આને રાખો. પંચમહાવ્રતધારી. ધૂળધારી નથી હવે સાંભળને. આત્મા રાગ અને પરથી રહિત એવી શક્તિવાનનું ભાન નથી. સમજાય છે કાંઈ? અને બીજું ભાન આવી ગયું એને... સમજાણું કાંઈ?

'**ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ.**' લ્યો! શેઠી! સવારે કહ્યું હતું જરી થોડી લેવી. આવ્યા છે. ... એ ત્યાગ ઉપાદાન નામનો આત્મામાં જે ગુણ છે, પરને છોડ્યા-ગ્રહ્યા વિનાનો ગુણ, એ ગુણમાં રૂપમાં આત્મા સ્થિત છે. માટે આત્માને વાનપ્રસ્થત્યાગી કહ્યો આ હિસાબે. વાન એટલે આત્માનું.. રાગને ગ્રહું અને છોડું એ રહિત આત્મા છે એવો આત્મા દૃષ્ટિમાં, જ્ઞાનમાં આવ્યો એ ત્યાગોપાદાન ગુણ નામ ગુણ છે એ પોતાના રૂપમાં સ્થિત છે. ગ્રહવા-ત્યાગવા વિનાનો છે. એ ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ છે એ પોતે ક્ષત્રિય છે. એ પોતાના ગુણને રાખે છે અને અનંતા ગુણને એ રીતે રાખે છે કે ત્યાગ-ગ્રહણરહિત જ આત્મા છે. સમજાણું કાંઈ? આ ભારે વ્યાખ્યા! આવી વ્યાખ્યા કેવી કરી! વસ્તુ આ છે. વસ્તુનું સ્વરૂપ આવું છે. ભગવાનનું કહેલું છે અને એણે જોયેલું છે અને એવું એ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વૈશ્ય. એ ત્યાગોપાદનશૂન્યત્વ એ વાણિયો છે. કેમ? એ ગુણ વાણિયો છે. કેમ? કે ગ્રહણ-ત્યાગની રીતિ વિનાનું છે તો ગ્રહણ-ત્યાગની રીતનો એને ત્યાગ છે. સમજાય છે? ગ્રહણ-ત્યાગના રહિત એવી રીતેનો વેપાર કરે છે એ. જાણવું-દેખવું... જાણવું-દેખવું... બસ. એવી વાણિયાની રીત એટલે વાણિયા વેપારની રીતિએ આ આત્મા પોતાના ગુણથી આવો વેપાર કરે છે. એય..! મલૂકચંદભાઈ!

**શ્રોતા** :- બહારનો કે દી કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કે દી કરતો હતો. ધૂળ? મફતનો માને છે. થડે ઉપર બેઠા અને અમે બરાબર રળીએ. મૂઢ છો, મિથ્યાદૃષ્ટિ છો. જૈનની તને ખબર નથી. વીતરાગમાર્ગની અને આત્મા કેવો એની તને ખબર નથી. દુકાને બેઠા અમે બરાબર ધ્યાન રાખીને જુઓ રળીએ છીએ. છોકરાઓને ન બેસારાય. કારણ કે એ કોને દઈ દે ને કોની પાસે જાય ને ક્યારે નાખે વળી જાવું. અમે ધ્યાન રાખીએ છીએ.

**શ્રોતા** :- એ ધ્યાન રાખે તો વધારે કામ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળ નથી. કોણ ધ્યાન રાખે પરનું? પરની અવસ્થા કરી શકે છે કે દી કે એને પોતે રાખે અને બીજો રાખી શકે નહિ છોકરો? ભારે કામ છે, બાપુ! ત્યારે મારે થવા દેવુંને? ભાઈ અમારે પૂછતો હતોને છોકરો નહિ? કમલેશ. જ્ઞાતા-દૃષ્ટા રહેવું

એટલે અમને કોઈ મારે તો અમારે શું કરવું? કોને મારે? મારે કોણ? એ ક્રિયા થાય એ તો જડની થાય છે. સમજાય છે? શરીરમાં કંઈક થઈ પડે એ શરીરની ક્રિયા છે અને અંદર કાંઈ રાગાદિ થાય, દ્વેષાદિ થાય એ વિકાર છે. આત્મા ક્યાં છે એમાં? આહા..હા..!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એણે એ જ કીધું હતું. .. લઈ જાય. ... એવો નિર્ણય ... અને ન જ્ઞાતા-દૃષ્ટાપણે રહે તેથી કાંઈ વસ્તુ જવાની હોય એ ન જાય એમ છે? સમજાણું એ તો એને કાળે જવાની અને એને કાળે રહેવાની. એ તો એને કારણે છે, કાંઈ તારે કારણે રહી છે? આહા..હા..! શું આત્મામાં એને રાખવાનો ગુણ છે? શરીરની અવસ્થાને, પૈસાની અવસ્થાને, મકાનની અવસ્થાને, આબરૂની અવસ્થાને.. આત્મામાં એવી કોઈ શક્તિ છે કે એને રાખું એવી શક્તિ છે?

**શ્રોતા** :- રાખે જ છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોણ રાખે છે? માને છે. એય..! શેઠી! પરની દયા પાળવાનો ગુણ આત્મામાં છે? પરની પર્યાય જડની છે. એ આત્મા પાળી શકે પરની દયા? મેં પરની પાળી. મૂઢ છે કહે છે. મિથ્યાત્વને સેવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? અગમ-નિગમની વાતું છે આ, જાદવજીભાઈ! બાપુ! સત્ય તો એવું છે. એવું છે કે જેવું છે તેવું છે. લોકોને ખ્યાલમાં ન આવે અને સમજણમાં ન આવે એથી કાંઈ વસ્તુ ફરી જાય? સમજાણું કાંઈ?

ત્યાગોપાદાનશૂન્યત્વ. લ્યો ૧૬ શક્તિ થઈ. પોણો કલાક તો ચાલ્યું આ. હવે ૧૭મી. આ બધું છે ગુણો એક સાથે હોં આત્મામાં, પણ વર્ણનમાં-કથનમાં ક્રમ આવે છે. અંદર અક્રમે ગુણ પડ્યા આત્મામાં. થોકબંધ પડ્યા છે. શું કહેવાય? થપ્પી. આ ચોખાની થપ્પી નથી હોતી મુંબઈમાં મોટી-મોટી આમ. ૨૫-૨૫-૩૦ હોયને માથે? ... એમ નહિ. પહેલો ગુણ આ અને બીજો ગુણ આ એમ નહિ, પણ સાથે ને સાથે એક જ આત્મામાં અનંતા ગુણની થપ્પી એકસાથે પડી છે. મોટી વખાર છે આત્મા. એક ગુણ છે ત્યાં બીજો ગુણ. એનો ઓલો ગુણી છે ને ગુણી? એમ આ ગુણી આત્મા... ..માં છેને.. મોટા મોટા માલ લેવા જ્યારે જાતાને મોટી મોટી વખારું હોં! કેટલી તે. મજૂરને પાછા બે ને .. હોય ચોખાની ગુણ. બે હોય તો ત્રણ હોય ચાર કરી કરીને ઠેઠ લઈ જાય. .. એ એમાં ત્યાં ક્યાં? મોટી વખારું ક્યાં ને ક્યાંય. એમાં તો એક પછી એક હોય. આ એમ નથી.

આત્મા ભગવાન આત્મા છે વસ્તુ એના અસંખ્ય પ્રદેશ છે. એમાં એક એક ગુણ જ્યાં છે ત્યાં અનંતા ગુણો સાથે રહ્યા છે. આહા..હા..! એ ભગવાન આત્મા અનંત ગુણની રાશિનો પિંડ છે એકસાથે, પણ વર્ણન તો ક્રમે થાયને, કાંઈ વર્ણન એકસાથે થાય? સમજાણું?

૧૭મી શક્તિ. '**ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિરૂપ પરિણમતો, સ્વરૂપ-પ્રતિષ્ઠત્વના કારણરૂપ...**' એટલે શું કહે છે? આત્મામાં એક સમયની પર્યાયમાં છ પ્રકારની હાનિવૃદ્ધિનું

પરિણમન થાય છે. છ પ્રકારનું. ષટ્સ્થાનપતિત વૃદ્ધિ અને હાનિ. છ પ્રકારના સ્થાનના આશ્રયે વદ્ધિ-હાનિ. એ ઝીણી વાત છે થોડી. અનંતગુણી વૃદ્ધિ, અસંખ્યગુણી વૃદ્ધિ, સંખ્યગુણી વૃદ્ધિ. એમ અનંતગુણી હાનિ, અસંખ્ય ગુણી હાનિ. એના વૃદ્ધિ-હાનિના ષટ્... છે. સમજાણું કાંઈ? એવા બાર બોલ છે .. ખરો ગુણ તો એવો છે કે ભગવાન આત્મામાં જેટલા ગુણ અને પર્યાય છે એ વિંખાતા નથી, જુદાં પડતા નથી. સમજાણું કાંઈ? જો આ ગુણ ન હોય તો હલકા કાર્ય થાય. હલકો થઈ જાય તો ઊડી જાય અને ભારે થઈ જાય તો નીચે પડી જાય.

ભગવાન પોતાના સ્વરૂપમાં અગુરુલઘુ છે. જેટલા ગુણો છે તેટલા અને જેટલી પર્યાયની તાકાત છે તેટલી એ પોતે વિંખાઈ નહિ, ક્યાંયથી ખસે નહિ, એ પર્યાયની અનંતી સંખ્યામાં એક ઓછી થાય નહિ અને એ ક્યાંયથી આવે નહિ. ઓછી થાય તો હાનિ થાય, આવે તો વૃદ્ધિ થાય એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા વસ્તુ આ એક આત્મા એની શક્તિઓની અનંત જે શક્તિઓ છે એ જેટલી છે તેટલી એમાંથી કોઈ વિંખાઈ જાય, પાતળી પડે, મોળી પડે એમ નથી. સમજાય છે? અને એની પર્યાયની અવસ્થામાં પણ એ અવસ્થા પાતળી થાય ને જાડી થાય ને ... થાય એવું નથી. વૃદ્ધિ-હાનિરહિત એકરૂપ જેની દશા છે એવો દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેમાં અગુરુલઘુગુણ વ્યાપે છે. સમજાણું કાંઈ? સિદ્ધાંત પ્રવેશિકામાં આવે છે કે નહિ? અગુરુલઘુ કોને કહીએ, આવે છે?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અને પર્યાય. એક પર્યાય..

## શ્રી નિયમસાર, ગાથા-૧૫૯
## પ્રવચન નં.૧૭૮, તા.૧૫-૯-૧૯૬૬
## (૬)

શુદ્ધોપયોગ એટલે? કેવળજ્ઞાન અને કેવળદર્શનને અહીં શુદ્ધોપયોગ કહેવામાં આવે છે. અહીં ધર્મ-મોક્ષનું કારણ શુદ્ધોપયોગ એ અહીં વાક્ય નથી. અહીં તો માર્ગનું ફળ આત્મા પોતાના શુદ્ધ આનંદ, જ્ઞાન આદિ સ્વભાવને આશ્રયે દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર જે મોક્ષમાર્ગ પ્રગટ્યો છે એના ફળ તરીકે મોક્ષનું સ્વરૂપ તેને અહીં શુદ્ધોપયોગ કહેવામાં આવે છે. ફરીને જુઓ ટીકા. ટીકાથી ફરીને લઈએ.

**'અહીં, જ્ઞાનીને...'** એટલે આત્માને **'સ્વ-પર સ્વરૂપનું પ્રકાશકપણું કથંચિત્ કહ્યું છે.'** આ આત્મા જુઓ, અહીં પૂર્ણ દેવનું સ્વરૂપ વર્ણવે છે. એટલે કે સર્વજ્ઞ અને સર્વદર્શીનો સ્વભાવ કેવો હોય એનો અહીંયાં નિર્ણય કરાવે છે.

**શ્રોતા :-** દેવને માનવા જોઈએને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ જાણે શું હશે? એઈ..! સાત તત્ત્વમાં મોક્ષતત્ત્વ આવે છે કે નહિ? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષતત્ત્વ. એકવચન છે તો મોક્ષમાર્ગ એક જ થયો ત્યાં. મોક્ષમાર્ગ એકપણું પામવા એમાં મોક્ષતત્ત્વની શ્રદ્ધા આવી જાય છે અને મોક્ષતત્ત્વની શ્રદ્ધા એટલે કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત અરિહંત અને સિદ્ધની શ્રદ્ધા એમાં આવી જાય છે. એમાં બહુ ફેર છે ઘણામાં એ વાત પેહલાં કરી હતી પરમ દિ'. કેટલાક એમ માને છે કે કેવળજ્ઞાનીને જ્ઞાન અને દર્શન સમયાંતર હોય છે. સમયાંતર સમજાય છે? એક સાથે બે ઉપયોગ નહિ કેવળીને પણ. પહેલાં સમયે કેવળજ્ઞાન તો બીજે સમયે કેવળદર્શન ત્રીજે સમયે કેવળજ્ઞાન, ચોથે સમયે એમ સાદિઅનંતમાં સમયાંતરનો ઉપયોગમાં આંતરો કહે છે, એમ હોઈ શકે નહિ. ત્યારે કોઈ એમ કહે છે કે એ આત્માને બે ઉપયોગ ન હોય એક જ સમયે એક ઉપયોગ હોય. એવો એક મત છે. સમજાણું કાંઈ? બે (વાત થઈ). અને ત્રીજો એક મત વ્યવહારનયનો શાસ્ત્રમાં એમ છે કે જ્ઞાન પરને જાણે, દર્શન સ્વને દેખે. આત્મા સ્વપર બેયને દેખે. એવો એક જયધવલની અંદર ધવલમાં આ એક શૈલી છે. એ શૈલી વ્યવહારનયથી ગુણભેદના કથનની છે. ગુણભેદના કથન એ વાત સાચી છે અને પહેલી જે બે વાત છે એ બેય ખોટી છે. સમયાંતર ઉપયોગ એ ખોટી વાત છે અને બે ઉપયોગ નહિ પણ એક જ ઉપયોગ એ ખોટી. કેમકે જ્ઞાન અને દર્શન બે ગુણ છે અને

કર્તા એક અને બે ગુણના કાર્ય એક સમયે બે એ વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? અમરચંદભાઈ!

કહે છે કે જ્ઞાનને સ્વ-સંબંધ નિશ્ચયથી જાણે, પર જ્ઞાનને વ્યવહારથી જાણે, એમ જ્ઞાનીને સ્વ નિશ્ચયથી જાણે અને પરને વ્યવહારથી જાણે એવું એનું સ્વરૂપ બતાવે છે. તો '**पराश्रितो व्यवहारः**' શબ્દ અહીં પડ્યો છે. કારણ કે છેલ્લામાં '**अप्पाणं**' આવે છેને? ભાઈ! '**णियमेण अप्पाणं**' ભાઈ! બીજા પદમાં '**अप्पाणं**' આવે છે અને પહેલા પદમાં '**अप्पाणं**' 'પણ' એમ લઈ લેવું. ભલે શબ્દ ન હોય. બીજામાં '**अप्पाणं**' આવે છેને? એટલે પહેલામાં આત્મા સિવાય જેટલા પર અનંત દ્રવ્યો અનંત આત્માઓ આદિ છે એ '**पराश्रितो व्यवहारः**'. પરને કેવળજ્ઞાની જાણે એનું નામ વ્યવહાર કહેવામાં આવે છે એટલે પરમાં તન્મય થઈને જાણતા નથી તેથી તેને વ્યવહાર કહે છે, પણ પરસંબંધીનું જ્ઞાન પોતામાં નથી એમ નથી. સમજાણું કાંઈ? પરસંબંધીનું અને સ્વસંબંધીનું બેય જ્ઞાન નિશ્ચયથી પોતામાં પોતાથી છે. એવી અખંડ જ્ઞાનદર્શનની શક્તિનું કાર્ય છે.

'**એવું (શાસ્ત્રનું) વચન હોવાથી, વ્યવહારનયથી તે ભગવાન પરમેશ્વર પરમભટ્ટારક આત્મગુણોનો ઘાત કરનારાં...**' આ બધો અર્થ આવી ગયો છે શબ્દો. એ વ્યવહારથી ઘાત કરનારા કહ્યા છે. '**ઘાતિકર્મોના નાશ વડે...**' અને એમણે ઘાતિકર્મ નાશ કર્યા એ પણ વ્યવહારનું કથન છે. પરદ્રવ્ય જીવને ઘાત કરે અને જીવ એનો ઘાત કરે એ બધા નિમિત્તના વ્યવહારનું જ્ઞાન કરાવવા કથન કર્યા છે. '**નાશ વડે પ્રાપ્ત સકળ-વિમળ કેવળજ્ઞાન...**' સકળ-વિમળ પૂર્ણ '**કેવળજ્ઞાન અને કેવળદર્શન વડે ત્રિલોકવર્તી...**' ત્રણલોકમાં વર્તનારા અને ત્રણકાળમાં વર્તનારા. ક્ષેત્ર અને કાળ બે લીધા. '**સચરાચર...**' સચર નામ ચાલતા જડ અને ચૈતન્ય કેટલાક, કેટલાક અચર નામ સ્થિર એવા '**દ્રવ્યગુણપર્યાયોને એક સમયે જાણે છે...**' કહો, સમજાણું કાંઈ?

એક મત એવો અત્યારે છે કે સર્વજ્ઞ અનિયત-નિયત બે પર્યાયને જાણે. અનિયત એટલે કે જે કાળે ત્યાં થવાનું ન હોય પણ નિમિત્ત આવે તો થાય અને નહિતર ન થાય એવો અનિયત પર્યાયને ભગવાન જાણે. અનિયત હોય જ નહિ. અનિયત તરીકે જાણે શું? સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! જ્ઞાન દિવ્યશક્તિ જેની એક સમયમાં ત્રણકાળ ત્રણલોક વર્તમાનની પેઠે વર્તમાન ભાસે એમ ઉપયોગ કામ કરે. આત્મા એટલે એની જ્ઞાનની પર્યાય એટલે શું? સમજાણું કાંઈ? દિવ્યજ્ઞાન કોને કહે? એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકના દ્રવ્ય-ગુણ-પર્યાયને પહોંચી ન વળે અને એક સમયમાં એ બધા દ્રવ્ય-ગુણ-પર્યાય અક્રમે અર્પે નહિ તો જ્ઞાનની દિવ્યતા શી? સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા સચરાચર દ્રવ્ય એક સમયે જાણે છે અને દેખે છે. એ વાત ત્યાં સુધી આવી હતી કાલે. પરમ દિ'.

'**શુદ્ધનિશ્ચયથી...**' શુદ્ધ ખરેખરથી '**પરમેશ્વર મહાદેવાધિદેવ સર્વજ્ઞવીતરાગને,**

**પરદ્રવ્યનાં ગ્રાહકત્વ,...'** પરદ્રવ્યનું ગ્રહવું એટલે જાણવું-દેખવું સામાન્ય ચૈતન્ય એવું નથી. તેમ પરદ્રવ્યનું ગ્રહવું, દેખવું કે દેખવાપણું જાણવાપણું પકડીને એવા '**વિવિધ વિકલ્પોની સેનાની ઉત્પત્તિ મૂળધ્યાનમાં અભાવરૂપ હોવાથી,...'** એટલે એવું એને હોતું નથી. પરનું પકડવું કે પરનું જાણવું. પરને જાણવું આમ એવું નિશ્ચયનયથી હોતું નથી.

'**તે ભગવાન ત્રિકાળ-નિરુપાધિ, નિરવધિ, નિત્યશુદ્ધ એવાં સહજજ્ઞાન અને સહજદર્શન...'** લ્યો! શું કીધું? આત્મામાં ત્રિકાળ જ્ઞાન અને દર્શન છે એ ત્રિકાળ શુદ્ધ છે. એ ત્રિકાળ નિરુપાધિ છે. ત્રણે કાળમાં જ્ઞાન-દર્શનને-શક્તિ સ્વભાવને ઉપાધિ નથી. અમર્યાદિત છે. ભગવાન આત્મા એનું જ્ઞાનદર્શન અમર્યાદિત, મર્યાદા શી? ઓહોહો..! જાણવા-દેખવાનો સ્વભાવ, સ્વભાવ એને મર્યાદા એને માપ શા? એવો જે ત્રિકાળ જ્ઞાનદર્શન નિત્યશુદ્ધ છે. નિત્યશુદ્ધ એવાં કે અશુદ્ધ પર્યાય વખતે એ અશુદ્ધ હશે જ્ઞાન અને દર્શન?

**શ્રોતા :-** ત્રિકાળ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્રિકાળ તો પડ્યો છે.

'**નિત્યશુદ્ધ એવાં સહજજ્ઞાન અને સહજદર્શન વડે...'** અંતરના નિત્યશુદ્ધ સહજજ્ઞાનદર્શન વડે '**નિજ કારણપરમાત્માને,...'** કહો, ત્રિકાળ કારણપરમાત્મા. આ તો અધ્યાતમની વાત. દર્શન-જ્ઞાનમાં પણ ભેદ કેવળજ્ઞાનીને કરે છે એનું એકાંતપણું ટાળવા આ વ્યાખ્યા લીધી છે. બીજા કેટલાક સમયાંતર કહે, એક સમયમાં એક ઉપયોગ કહે, વ્યવહારનયના ગ્રંથ આ ધવલાદિ જ્ઞાન પરને જાણે અને દર્શન સ્વને દેખે એમ કહે, આત્મા સ્વપરને જાણે એમ કહે. અમરચંદભાઈ! તો નિશ્ચયમાં એમ નથી એ સિદ્ધ કરવા અહીં વાત કરે છે. '**નિજ કારણપરમાત્માને,...'** ત્રિકાળ પ્રભુ એને '**પોતે કાર્યપરમાત્મા હોવા છતાં પણ,...'** પર્યાયમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટ હોવા છતાં '**પણ, જાણે છે અને દેખે છે.'** ત્રિકાળ દર્શન-જ્ઞાન વડે ત્રિકાળ શુદ્ધ વડે ત્રિકાળને જાણે કાર્યપરમાત્મા હોવા છતાં.

**શ્રોતા :-** ત્રિકાળ ગુણ ત્રિકાળ દ્રવ્યને જાણે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ત્રિકાળ જ્ઞાનદર્શન ત્રિકાળને જાણે, કાર્યપરમાત્મા હોવા છતાં. સમજાણું કાંઈ? આત્માને એનો જ્ઞાનદર્શન સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ.. શું કહેવું? સમજાણું કાંઈ?

ચોખવટ તો આ આકાશ આવે છે હરવખતે ખ્યાલમાં. કે એક આકાશ સર્વવ્યાપક છે. ક્યાંય અંત છે આકાશને? ક્ષેત્રનો અંત છે ક્યાંય? ક્યાં આકાશ નહિ હોય?

સર્વત્ર પણ છે બધે? તો પછી શું? અસ્તિ... અસ્તિ... અસ્તિ... અસ્તિ... અસ્તિ... અસ્તિ... અસ્તિ... અસ્તિ... બસ એ. તો ક્ષેત્રનો અસ્તિ-અસ્તિ કોઈ તર્કગમ્ય નહિ એવો સ્વભાવ, મગનભાઈ! તો આના જ્ઞાનદર્શનના સ્વભાવની શું વાત કરવી? આહા..હા..! અમર્યાદિત કહ્યું છેને? નિરવધિ. એનો જ્ઞાન અને દર્શનસ્વભાવ એની મહત્તાની ખબર નથી. ભગવાન

આત્મા જ્ઞાન અને દર્શન, એના અસ્તિનો સ્વભાવ જાણવા-દેખવાનો. અમર્યાદિત સ્વભાવ, અમર્યાદિત સ્વભાવ. સમજાય છે કાંઈ? એની કોઈ હદ નથી.

**શ્રોતા :-** એની કોઈ હદ નથી એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હદ નથી એટલે કે જેમ ક્ષેત્રની ક્યાંય હદ નથી, એમ જાણવાના સામર્થ્યના સ્વભાવની શક્તિનું ક્યાંય માપ જ નથી એમાં. આહા..હા..! એ જ્ઞાન જેનો સ્વભાવ, ક્ષેત્ર નાનું એમ અહીં નથી લેવું. ક્ષેત્ર ભલે આટલું, ક્ષેત્રની મહત્તા નથી. પરમ દિ' કહ્યું હતું કે એક પરમાણુમાં અસ્તિત્વ નામનો ગુણ છે અને એક આકાશનો અસ્તિત્વનો ગુણ (છે), બેયનું સામર્થ્ય સરખું છે. એમ નહિ કે ક્ષેત્ર આટલું માટે અસ્તિત્વ ગુણનું સામર્થ્ય થોડું અને આકાશ અમાપ માટે અસ્તિત્વગુણનું સામર્થ્ય અનંતગણું. એટલે એ જ કહેવું છે કે ક્ષેત્રની મહત્તા એ મહત્તા નથી. ભાવની મહત્તા એ મહત્તા છે. મગનભાઈ!

એક પરમાણુ પ્રમેયગુણ રાખે છે પ્રમેય. જ્ઞાનમાં પ્રમાણ થવાયોગ્ય એક પ્રમેય (ગુણ છે). એનું જેટલું સામર્થ્ય છે એટલું જ આકાશના સર્વવ્યાપકમાં પ્રમેય નામનો ગુણ એટલું સામર્થ્ય ધરાવે છે કે જ્ઞાનમાં પ્રમાણ થવાને લાયક પ્રમેય છે એનામાં. બીજું. આમ અંત નથી એવો એનો પ્રમેયગુણ પણ એવો છે. સમજાણું કાંઈ? ક્ષેત્રથી આમ છે.. છે.. ચાલ્યું જાય છેને? તો એનો પ્રમેયગુણ? ચંદુભાઈ! પ્રમેયગુણનો અંત ક્યાં? જેટલું દ્રવ્ય, ક્ષેત્ર છે એટલો પ્રમેયગુણ અને એક પરમાણુમાં પ્રમેયગુણ. પ્રમેય સમજાય છે? જ્ઞાનમાં જણાવા લાયક તાકાત તેને પ્રમેય કહેવામાં આવે છે. તો એક રજકણમાં પ્રમેયગુણ જેટલું સામર્થ્ય ધરાવે છે જેની હદ છે આમ. ક્ષેત્રમાં આમ આવી જાય છે આમ પરમાણુ. ઓલું બેહદ છે. છતાં પ્રમેયગુણનું સામર્થ્ય તો જેટલું એકમાં છે એવું અનંત આકાશમાં એક જ પ્રમેય એટલી અનંતગુણી તાકાત છે. સમજાણું કાંઈ? એ અનંત આકાશ જ્ઞાનમાં પ્રમેયપણે થાય એવી એની તાકાત છે અને આ જ્ઞાન એને પ્રમેયપણે જાણવાનો પ્રમાણ, જ્ઞાનદર્શનનો પ્રમાણ સ્વભાવ એ અનંત પ્રમેયને જાણે એનું અમાપપણું અંદર જ્ઞાનદર્શનમાં અમર્યાદિત સ્વભાવ છે. આહા..હા..! જરી શું કહેવાય? સમજાણું કાંઈ?

કહે છે કે નિરવધિ. **'ત્રિકાળ-નિરુપાધિ, નિરવધિ (અમર્યાદિત), નિત્યશુદ્ધ...'** ભગવાન એનું સહજજ્ઞાનદર્શન. આ એના સહજજ્ઞાનદર્શનના. આ તો કેવળી કાર્યપરમાત્મા જાણે છે. પણ અહીં તો એવો સ્વભાવ જ એવો છે કે સહજજ્ઞાનદર્શન વડે જાણે અને કાર્ય થાય ત્યારે જાણે એમ એને નક્કી થાય. એના ખ્યાલમાં આવ્યો. કાર્ય જ્યારે પૂર્ણ થયું ત્યારે આ વડે આ કારણ જાણે એનો ખ્યાલ આવ્યો. પહેલી શ્રદ્ધામાં ખ્યાલ આવે. આ તો પ્રગટ થયું ત્યારે કહે ઓહો..! કાર્યપરમાત્મા વડે જાણે છે એમ કીધું છેને આમાં? સમજાણું કાંઈ? ઝીણું આવે ભાઈ, કોઈ વાત એવી છે તો. આમ કાર્યપરમાત્મા પડ્યો છતાં એ અનંત જે ત્રિકાળી જ્ઞાનદર્શન અમર્યાદિત છે એ વડે કારણપરમાત્માને જાણે-દેખે છે. એ

આત્મા-કાર્ય પરમાત્મા. કાર્યપરમાત્મા આ જ્ઞાનદર્શન વડે કારણપરમાત્માને જાણે-દેખે છે. સમજાણું કાંઈ? ઝીણું છે, ભાઈ! આ તો વાળની ખાલથી પણ ઝીણું છે, પંડિતજી! આહા..હા..! અરે.. આત્મા એટલે શું? એની દિવ્ય શક્તિ. ત્યાં તો કેવળજ્ઞાનની વાત લીધી છે પ્રવચનસારમાં. તો એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને ન જાણે તો દિવ્યજ્ઞાન કહે કોણ? પંડિતજી!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, દિવ્ય સ્વરૂપ કો ઈતિ.. દિવ્ય પ્રરૂપે કોણ એને? કહે કોણ? એવા ભગવાન પર્યાયની વાત હોં! અહીં તો ગુણની વાત છે. અહીં તો ગુણ વડે આને કાર્યપરમાત્મા જાણે એમ કહે છે. સમજાણું કાંઈ? કારણ કે પ્રત્યક્ષ જ્યાં સુધી કાર્ય થયું નથી ત્યાં સુધી આ જ્ઞાન-દર્શન આ જાણે એવું એને પ્રત્યક્ષ થતું નથી. અહીં પ્રત્યક્ષ કાર્ય જ્યાં કેવળજ્ઞાન થયું, કેવળદર્શન થયું ત્યારે સહજ જ્ઞાન-દર્શન વડે કારણપરમાત્માને જાણે, કાર્યપરમાત્મા હોવા છતાં. **'જાણે છે અને દેખે છે.'** કહો, સમજાણું આમાં? એ જ્ઞાનદર્શન વડે જાણે, પર્યાયથી તો જાણે . .એ કહે છે, એમ કહે છે અહીં તો.

આ તો પર્યાય વડે જાણે એની તો વાત શું કરવી કહે છે, પણ આ તો જે ત્રિકાળ જ્ઞાનદર્શન છે એ વડે કાર્યપરમાત્મા કારણપરમાત્માને જાણે છે. કાર્યથી તો જાણે પણ આ વડે આને જાણે છે. જરી આનું જોર છે થોડું. એનું જોર બતાવે છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! અરે..! સર્વજ્ઞનો નિર્ણય સર્વજ્ઞનો નિર્ણય સમ્યગ્દર્શન. આ તો વાંધા જ બધા, હજી સર્વજ્ઞના જ વાંધા. ભગવાન જાણે એ શું એ તો આમ થાય. ત્યાં થાશે ત્યારે જાણે, ત્યાં થાશે ત્યારે જાણે. શું કહે છો આ? સમજાણું કાંઈ? એક સમયમાં કાર્યદશા કેવળજ્ઞાનને કાર્યપરમાત્મા કહે છે. એ આમ જાણે એ જુદી વાત કહે છે. એ અંતરમાં એના જ્ઞાનદર્શન વડે કારણપરમાત્માને જાણે છે. કારણની વાત છેને અહીં. પોતાના આત્માને લેવું છેને? .. લેવું છેને? આહા..હા..!

ભાઈ! તારા સ્વભાવના સામર્થ્યની મર્યાદા શું કહેવી! કહે છે. ભગવાન ભલે એટલા ક્ષેત્રમાં રહ્યો અને એ દેખાય છે ને એને કે આમ અંતરમાં એકાગ્ર થાય છે એટલા ક્ષેત્રમાં ભગવાન બિરાજે છે. આમ એકાગ્ર થાય છે એમ નથી થતો. એના એકાગ્રતાનું સ્થાન જ અસંખ્ય પ્રદેશી સ્થાન છે. સમજાણું આમાં? એમાં એનો જ્ઞાનદર્શન ત્રિકાળ નિરુપાધિ ત્રિકાળ અમર્યાદિત નિત્ય શુદ્ધ સહજજ્ઞાનદર્શન વડે કાર્યપરમાત્મા હોવા છતાં આ વડે આને જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં રાગનું કરવું અને રાગનું તોડવું-છોડવું એના ગુણમાં કોઈ દિ' ત્રણકાળમાં નથી. કાર્યપરમાત્મા થયો એ તો આ વડે કારણપરમાત્મા જાણે એવો એનો સ્વભાવ છે. નીચે રાગનું કરવું કે દ્વેષનું કરવું કે છોડવું એ સ્વરૂપમાં ત્રણકાળમાં નથી. એનો ત્રિકાળ જ્ઞાનદર્શનસ્વભાવ જ એને કારણને જાણે એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું ભાઈ! આ. માણસને મૂળ વસ્તુ છે એની એને ખબર ન મળે એટલે

ઉપરથી પછી ચાલો આ કરો. આ કરો. બાપા! શું કરવું છે? જેમાં જ્ઞાનદર્શન ભરેલું છેને? જ્ઞાનદર્શન ભરેલો છેને એ ભગવાનમાં કાંઈક કરવાનું છે. એમાં એકાગ્ર થવું એ કરવાનું છે. એ એકાગ્ર થવું એ જ કરવાનું અને એ જ મોક્ષનો માર્ગ છે.

**શ્રોતા** :- બહારમાં જોઈએ ત્યારે મોકળાશ છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મોકળાશ શેની? ધૂળની મોકળાશ છે? બહારમાં આ મોકળાશ. શું મોકળાશ છે?

**શ્રોતા** :- પૈસા...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળમાંય દેખાતું નથી. પૈસા એની જ્ઞાનની પર્યાય દેખાય છે, લ્યો! પંડિતજી! અરે.. ભગવાન! અનુભૂતિ આવે છેને ભાઈ? ૧૭-૧૮માં. અનુભૂતિ સદાય હોવા છતાં આ અનુભૂતિ તે હું એમ એને બેસતું નથી. ૧૭-૧૮ ગાથા, સમયસાર. સમજાણું કાંઈ? છેને ૧૭-૧૮? ભાઈ! આચાર્યે તો સમયસારમાં તો બ્રહ્માંડ ભર્યા છે. ભાવો બ્રહ્માંડના ભર્યા. સમજાણું? ૧૭ કહે છે જુઓ આ.

'**પરંતુ જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં પણ અનાદિ બંધના વશે પર (દ્રવ્યો) સાથે એકપણાના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને આ અનુભૂતિ છે તે જ હું છું એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી...**' આ જાણનાર આ નહિ.. આ નહિ.. આને આ જાણનાર તે અનુભૂતિ તે હું. એ જાણનાર તે પર્યાય તે હું. આને નહિ. સમજાણું કાંઈ? જુઓ, શું કીધું? '**જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને સદાકાળ...**' સૌને સદાકાળ... સૌને સદાકાળ... સૌને સદાકાળ... '**પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં...**' દરેક સમયે જ્ઞાન જ અનુભવમાં આવે છે એમ કહે છે. અમરચંદભાઈ!

**શ્રોતા** :- જ્ઞાન એટલે પોતે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પોતે, રાગ-ફાગ નહિ અને પર પણ નહિ. આ રાગનું જ્ઞાન આનું જ્ઞાન એ જ્ઞાન અનુભવમાં આવે છે.

**શ્રોતા** :- એ તો માનતો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- માનતો નથી. સમજાય છે? આ રાગને જાણું છું, હું આને જાણું છું, હું આને જાણું છું, એમ પર ઉપર જ એની દૃષ્ટિ અનાદિની પડી છે. હીરાભાઈ! જુઓને! કેટલી ટીકા કરી છે! અનાદિ બંધને વશે, પરને વશે થઈ ગયો છેને. એકપણાના નિશ્ચયથી મૂઢ અજ્ઞાની એને અનુભૂતિ હું એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી. '**તેના અભાવને લીધે, નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાનાં શિંગડાનાં શ્રદ્ધાન સમાન હોવાથી, શ્રદ્ધાન પણ ઉદય થતું નથી...**' આ ચીજ તે જાણનાર.. જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... તે હું એમ જેની દૃષ્ટિ થાય એને જાણનારની પર્યાયમાં હું જણાઉં છું એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર

જાય, એની (દૃષ્ટિ) રાગ ઉપર અને આમ જાય છે એમ ન જાય. સમજાણું કાંઈ?

આ તો કહે છે કે '**આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં...**' જ્ઞાનની દશામાં પોતાના અસ્તિત્વને જ અનુભવવામાં આવતો હોવા છતાં, આ પરને અનુભવું છું અને પરને જાણું છું એવો ભ્રમ અનાદિનો થઈ ગયો છે. સમજાણું કાંઈ? આહા..હા..! કરવાનું તો ક્યાં રહ્યું? પણ પરને જાણવું એ ન રહ્યું અહીં તો એમ કહે છે, ભાઈ! મગનભાઈ! ભગવાન તારી સત્તામાં તારા હોવાપણામાં તો જ્ઞાન અને દર્શન બિરાજે છેને. અને એનો જ અનુભવ, પર્યાયમાં અનુભવ એનો જ થાય છે. (આમ) હોવા છતાં એમ ન માનતા આમ આધીન થઈ ગયો છે. આ રાગ, આ દયાના પરિણામ, આ ક્રોધના પરિણામ, આ દેહની ક્રિયા એને હું જાણું છું. પોતે રહી ગયો સ્વ એકલો. પરને જાણું છું એમ અનાદિથી મિથ્યાભ્રાંતિમાં ભાસ થઈ ગયો છે. કહો, રામસ્વરૂપજી! આ ક્રિયા છે એની. આહા..હા..!

**શ્રોતા :-** આ ક્રિયા થઈ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ ક્રિયા થઈ. શેની તો આ જ્ઞાનની ક્રિયા થઈ કે નહિ? આ શું થઈ? આ અનુભવની પર્યાય જ્ઞાન મારું છું અને હું એને જાણું છું એમ જ્યાં એને થયું ત્યાં તો એને સ્વ લક્ષમાં આવી ગયું, પરલક્ષ છૂટી ગયું. આ તો સ્વલક્ષમાં જ્ઞાન અનુભવું એમ ન આવતાં આ શરીર જણાણું, આ જણાણું, આ જણાણું, પણ જેની મુખ્યતા ન હોય, જાણવામાં જેની મુખ્યતા ન હોય તો આ જણાણું આવ્યું ક્યાંથી? તેથી ભગવાન ઊર્ધ્વતા ગુણ કહે છેને સમયસાર નાટકમાં? 'સમતા રમતા ઊર્ધ્વતા જ્ઞાયકતા સુખભાસ, વેદકતા ચેતનતા યહ સબ જીવ વિલાસ.' ઊર્ધ્વતા. ઊર્ધ્વતા નામ દરેક ક્ષણમાં આ રાગ છે એમાં આત્મા ઊર્ધ્વ નામ પહેલો છે. આહા..હા..! એક માણસ કહે, જુઓ, મેં જાણ્યો હતો એને ત્યાં. ત્યાં તું હતો કે નહિ? ના, હું નહિ. પણ તારા હોયા વિના જાણ્યું કોણે? મેં ઓલા માણસને દીઠા હતાં એ વખતે નીકળ્યા હતા એ. ફલાણાને દીઠા હતા. એને દીઠા હતા કે તને? સમજાણું કાંઈ? જરી સૂક્ષ્મ વાત છે, ભાઈ! માર્ગ જ એનો એવો છે.

કહે છે, '**સહજજ્ઞાન અને સહજદર્શન વડે નિજ કારણપરમાત્માને, પોતે કાર્યપરમાત્મા હોવા છતાં પણ,...**' સહજદર્શનજ્ઞાન વડે '**જાણે છે અને દેખે છે. કઈ રીતે? આ જ્ઞાનનો ધર્મ તો, દીવાની માફક, સ્વપરપ્રકાશકપણું છે.**' એ પહેલાં આવી ગયું છે આપણે. આમાં આંકડો નથી લખ્યો. પહેલાંમાં આવ્યુંને ૨૭ પાને. કેટલામું પાનું છે? ઓલા ઉપયોગમાં આવે છેને ઉપયોગ-ઉપયોગ. છે ઓલામાં લખ્યું છે મારે. ઉપયોગની વ્યાખ્યા આવે છેને જ્યાં. ગાથા છે. ઓલો દીવાનો ધર્મ. એ. '**ચૈતન્ય અનુવર્તી પરિણામ તે ઉપયોગ છે.**' ભાષા જુઓ, આત્માનો ચૈતન્ય અનુવર્તી પરિણામ તે ઉપયોગ છે. આહા..હા..! એ ચૈતન્યનો જ્ઞાનદર્શન ભગવાન આત્મા એને અનુસરીને વર્તનારા પરિણામ

છે—મતિના, શ્રુતના, અવધિના, મનઃપર્યયના અને કેવળના. ઇન્દ્રિયને અનુસરીને જ્ઞાન નથી થતું એમ કહે છે.

**શ્રોતા :-** ઇન્દ્રિયને અનુલક્ષીને જ્ઞાન થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હવે ઇન્દ્રિય અને જ્ઞેય એ તો બધા ગયા પર. અહીં તો એમ કહ્યું. ઓલા કહે છેને મતિજ્ઞાન ઇન્દ્રિયથી થાય, શ્રુતજ્ઞાન ઇન્દ્રિયથી થાય, ફલાણું આમથી થાય, અવધિજ્ઞાન વળી .. થી થાય. કહે છે, કેવળજ્ઞાન લોકાલોકથી થાય.

અહીં તો કહે છે, આત્મા એક વસ્તુ. એનો ચૈતન્ય એક ગુણ એને અનુવર્તી પરિણામ. ત્રણ લીધા દ્રવ્ય, ગુણ અને પર્યાય. ભગવાન ચૈતન્ય એનો ચૈતન્ય ગુણ એને અનુસરીને થતાં પરિણામ. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય એને અનુસરીને થાય છે, આ સાંભળવાને અનુસરીને નથી થતાં એમ કહે છે. નવનીતભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? શું કીધું? આ વાંચવાને અનુસરીને જ્ઞાન નથી થતું એમ કહે છે. એય.. ધન્નાલાલજી! ભગવાન! એ ચેતન છેને એનો ચૈતન્ય ગુણ છે, ચેતન દ્રવ્ય છે. એને અનુસરીને થતી મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય કેવળજ્ઞાનની પર્યાય છે. અહીં તો બારે ઉપયોગ કહે છે હોં! બારે. અજ્ઞાન ને તો છે બધું. સમજાણું કાંઈ? એને ઠેકાણે એમ માને કે આ મારી દશા એ નિમિત્તથી આવી, ઇન્દ્રિયથી આવી, આ ઇન્દ્રિય હતી તો આવ્યું, એને નિમિત્તની મૈત્રી કોઈ દિ' છૂટતી નથી. સમજાણું કાંઈ? છેને? પ્રવચનસારમાં છે છેલ્લા અધિકારમાં. છેલ્લા અધિકારમાં. એને જ્ઞેયના જ્ઞાનની વખતે તેવાં જ સામે જ્ઞેય હોય તેથી એને એમ થઈ ગયું છે કે આ જ્ઞેયને લઈને મને જ્ઞાન છે. તેથી એને નિમિત્તની મૈત્રી અંદરમાં છૂટતી નથી.

પ્રેમ છૂટતો નથી. અહીં જ્ઞાનમાં જણાય એવું અહીં સામે બરાબર એવું હોય ત્યારે એ જાણે કે આ છે માટે અહીં થાય છે, આ છે માટે અહીં થાય છે.

**શ્રોતા :-** નિમિત્ત છે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, નિમિત્ત છે તો અહીં જ્ઞાન થાય.

**શ્રોતા :-** નહીં તો ન થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ માને છે. નિમિત્ત ન હોય તો ન થાય એટલે નિમિત્તના પ્રેમીઓ... સમજાણું કાંઈ?

અહીં કીધુંને ચૈતન્યને અનુસરીને વર્તમાન પરિણામ-ઉપયોગ ધર્મને જીવ ધર્મી દીપક અને પ્રકાશના જેવો એમનો સંબંધ છે. સમજાણું કાંઈ? અહીં તો કહેવું છે કે ચૈતન્ય ભગવાન એના જ્ઞાનગુણને-દર્શનને અનુસરીને તેના પર્યાય, પર્યાય-દશા થાય છે. આમાં તો એ આવી ગયું કે કાર્ય-મતિશ્રુત અને કેવળજ્ઞાનનું કાર્ય, કેવળજ્ઞાનાવરણીયના ક્ષયને લઈને થાય છે એમ ન આવ્યું એમાં. બરાબર છે? એ તો જ્ઞાનદર્શન જે ત્રિકાળ તેનો ધરનાર ચૈતન્ય, તેમાં રહેલું ચૈતન્ય એને અનુસરીને એ પરિણામ થાય છે. કેવળજ્ઞાન તે ચૈતન્યગુણને અનુસરીને થાય છે.

હમણાં જ વાંધા ઊઠાવ્યા છે. સોનગઢવાળા કહે છે કે કેવળજ્ઞાન પોતાથી થાય ત્યારે કેવળજ્ઞાનાવરણીયનો ક્ષય એની મેળાએ થાય. નહિ, કેવળજ્ઞાનાવરણી ક્ષય થાય તો કેવળજ્ઞાન થાય એમ માનો. ઊંધું બોલો, ઊંધું માનો એમ કહે છે. અમરચંદભાઈ! ભગવાન! તું પણ જબરો છોને ભાઈ! આહા..હા..! બાપુ! ત્યાં તો શબ્દ એમ આવ્યોને? સમજાણું કાંઈ? ત્યાં તો ચોખ્ખો શબ્દ એમ આવ્યો કે અનુસરીને થતું એમ આવ્યું. સમજાણું? એમાં એમ ન આવ્યું કે ઇન્દ્રિયને-નિમિત્તને અનુસરીને થાય છે. સમજાણું કાંઈ?

એ દીવો જ્ઞાનનો ધર્મ તો દીવાની માફક છે. એ પોતાની જ્ઞાનની પર્યાય તેને અનુસરીને થાય છે. એટલે કે પરને અનુસરીને થતી નથી. સંઘયણને અનુસરીને નહિ, ઇન્દ્રિયને અનુસરીને નહિ, આ સાંભળવાને કારણે નહિ, આ આંખ આમ પડે માટે એને કારણે અહીં પર્યાય થાય એમ નહિ. હતું કે દિ' તે કાઢી નાખે? સમજાણું કાંઈ? કેવળજ્ઞાન ચૈતન્ય અનુવર્તી પરિણામ. સમજ્યાને? અહીં કેવળજ્ઞાનનો અધિકાર આવ્યોને? કેવળજ્ઞાન ચૈતન્ય-અનુવર્તી પરિણામ-પર્યાય છે. શ્રુતજ્ઞાન ચૈતન્ય અનુવર્તી પરિણામ હો! શ્રુતજ્ઞાન શાસ્ત્ર-અનુવર્તી પરિણામ છે એમ નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! હવે આ તો કાર્યને એને અનુસરીને થાય એમ કીધું. નિમિત્ત અનુસરીને કાર્ય થાય એમ તો અહીં ના પાડી, ભાઈ! હવે છતાં એના મોટા વાંધા હજી આમાં લેશે. અહીં બિચારાએ આજે લખ્યું છે હોં. પ્રકાશે તેથી. અરે..! શેના? સોનગઢને નામે શેના દ્વેષ કરો છો આ તમે? બધા બોલ લીધા છે બિચારાએ. ક્રમબદ્ધ લીધા છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નિમિત્ત તો બીજું ચૈતન્ય હોય પણ ભલે. બીજું ચૈતન્ય પણ હોય ભલે. સીધું નિમિત્ત છે ભલે બધું, પણ એને અનુસરીને કાર્ય હોઈ શકે જ નહિ.

અહીં કીધું, મહાસિદ્ધાંત સ્થાપ્યો કે ચૈતન્ય-અનુવર્તી પરિણામ ઉપયોગ. ચૈતન્ય ભગવાન એનો ચૈતન્ય ગુણ એને અનુસરીને થતાં પરિણામ. એમાં ક્યાં આવ્યું નિમિત્ત? સંઘયણ હોય તો આમ થાય, ઢીંકણું (હોય તો થાય), એ તો બધા નિમિત્તના કથન છે. આહા..હા..! સારી ઇન્દ્રિય હોય તો જ્ઞાન થાય. જુઓ, આંખ ફૂટી ગઈ હોય તો થાય? સાંભળને હવે. એ ચૈતન્યને અનુસરીને થતાં જ્ઞાનના પરિણામનો ઉપયોગ છે, આને અનુસરીને થતાં છે નહિ. આહા..હા..! એટલાની હજી ઉપાદાનની ખબર ન મળે. લખાણ સારું આપ્યું છે ભાઈએ. સારું હતું. ક્યાંક ..દેવનો દાખલો આપ્યો છે. ઉપાદાનનો. જુઓ, આ ઠેકાણે ઉપાદાન કર્યું છે. પ્રકાશ પોતે. આ સન્મતિ-સંદેશ. ઉપાદાન-નિમિત્તનું લખ્યું છે, ક્રમબદ્ધનું લખ્યું છે, પુણ્ય ધર્મ નથી લખ્યું છે. મુખ્ય બોલ અહીંના લીધા છે પોતે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, જ્ઞાનનો ધર્મ તો દીવાની માફક સ્વપરપ્રકાશકપણું છે. એનો સ્વભાવ તો પરને જાણવું એવો છે. પરને અનુસરીને થવું એવો નથી. સમજાણું કાંઈ? જ્ઞાનનો ધર્મ

શું કીધો? '**દીવાની માફક, સ્વપરપ્રકાશકપણું છે.**' સ્વને-પરને પોતાથી પ્રકાશે એવો એનો સ્વભાવ છે. પરને લઈને પ્રકાશે અને પરને અનુસરીને પ્રકાશે એવો એનો સ્વભાવ નથી. '**ઘટાદિની પ્રમિતિથી...**' ઘટાદિ પ્રકાર છેને આમ? એની જે પ્રમિતિની ક્રિયા છે પોતામાં? પોતાની ક્રિયા હોં! એ '**પ્રકાશ-દીવો ભિન્ન હોવા છતાં...**' કથંચિત્ ક્રિયા છેને એક સમયની. ત્રિકાળ કાયમ રહેનારો છે. '**ભિન્ન હોવા છતાં સ્વયં પ્રકાશસ્વરૂપ હોવાથી...**' જ્ઞાન જ સ્વયં પ્રકાશસ્વરૂપ હોવાથી '**સ્વ અને પરને પ્રકાશે છે;...**' આહા..હા..! અરે..! આ એક નિર્ણય કરે તો બધા (વાંધા) ઊડી જાય. આ તો હજી કર્તા આ, આ મેં કર્યા, હજી પરની દયાઓ પાળી, પરની મેં હિંસા કરી, પરની દયા ન હોય તો જૈનધર્મ ઊડી જાય છે. અરે.. ભગવાન! તને જૈનધર્મની ખબર નથી. આહા..હા..! રાગની ઉત્પત્તિ હિંસા છે. રાગની અણુત્પત્તિ તે વીતરાગમાર્ગમાં અહિંસા કહેવાય—એને અહિંસા કહે છે.

અહીં કહે છે, સ્વ-પરને ભગવાન આત્માને પ્રકાશવાનો સ્વભાવ છે. એ રાગને કરવું, છોડવું, કો'કનું ભલું કરી દેવું... ભગવાનના જ્ઞાનમાં એમ નથી કો'કનું ભલું કરી દેવું. સમજાણું કાંઈ? '**આત્મા પણ જ્યોતિસ્વરૂપ હોવાથી...**' ભગવાન આત્મા ચૈતન્યજ્યોતિસ્વરૂપ હોવાથી '**વ્યવહારથી...**' જુઓ, આવ્યું હવે. '**ત્રિલોક અને ત્રિકાળરૂપ પરને તથા સ્વયં પ્રકાશસ્વરૂપ આત્માને (પોતાને) પ્રકાશે છે.**' ત્રિલોક-ત્રિકાળરૂપ પરને એટલે વ્યવહાર અને સ્વયં પ્રકાશસ્વરૂપને પ્રકાશે છે એ નિશ્ચય. બેય. સમજાણું કાંઈ? ઓલા વાંધા ઉઠાવે. પરને જાણવું સર્વજ્ઞ છેને. એ સર્વજ્ઞ તો વ્યવહાર થઈ ગયો. વ્યવહાર એટલે ખરેખર પરને જાણતા નથી. પણ પરને જાણતા નથી તન્મય થઈને, પણ પરસંબંધીનું જ્ઞાન તો પોતાનું એને જાણે છે કે નહિ? આહા..હા..! ભારે વાંધા—ભારે વાંધા. ક્ષણે-ક્ષણે ઝઘડા ઉઠાવવા.

'**૯૬ પાખંડીઓ પર વિજય મેળવવાથી જેમણે વિશાળ કીર્તિ પ્રાપ્ત કરી છે એવા મહાસેનપંડિતદેવે પણ (શ્લોક દ્વારા) કહ્યું છે કે :-**'

**યથાવદ્વસ્તુનિર્ણીતિઃ સમ્યગ્જ્ઞાનં પ્રદીપવત્।**
**તત્સ્વાર્થવ્યવસાયાત્મ કથંચિત્ પ્રમિતેઃ પૃથક્।।**

'**શ્લોકાર્થ :- વસ્તુનો યથાર્થ નિર્ણય તે સમ્યગ્જ્ઞાન છે.**' વસ્તુનો યથાર્થ નિર્ણય તે સમ્યગ્જ્ઞાન. '**તે સમ્યગ્જ્ઞાન, દીવાની માફક, સ્વના અને (પર)પદાર્થોના નિર્ણયાત્મક છે...**' સ્વ અને પરના પ્રકાશાત્મક છે. '**તથા પ્રમિતિથી (જ્ઞપ્તિથી) કથંચિત્ ભિન્ન છે.**' ઓલો આધાર આપ્યો હતોને. લખ્યું છેને એટલું? જ્ઞપ્તિથી. જ્ઞપ્તિ એટલે જાણવાની ક્રિયા. જાણવાની ક્રિયા એક સમયની છે અને આ જ્ઞાન ત્રિકાળ પ્રકાશક છે, કથંચિત્ ભિન્ન છે.

હવે '**સ્વાશ્રિતો નિશ્ચયઃ**' '**એવું (શાસ્ત્રનું) વચન હોવાથી, (જ્ઞાનને) સતત, નિરુપરાગ નિરંજન સ્વભાવમાં લીનપણાને લીધે નિશ્ચયપક્ષે પણ સ્વપરપ્રકાશકપણું છે જ.**' બીજી રીતે લે છે. શું કહે છે? સતત નિરુપરાગ. ભગવાન આત્મા નિરંતર રાગ અને વિકાર

વિનાનો, ત્રિકાળ રાગ અને વિકાર વિનાનો નિરંજન સ્વભાવમાં લીનપણાને લીધે. પોતે જ્ઞાનમાં હોવાને લીધે નિશ્ચયપક્ષે પણ સ્વપરપ્રકાશકપણું છે જ. કઈ રીતે? નિશ્ચયપક્ષે પણ સ્વપરપ્રકાશકપણું છે. કઈ રીતે?

'**સહજજ્ઞાન આત્માથી સંજ્ઞા, લક્ષણ અને પ્રયોજનની અપેક્ષાએ ભિન્ન નામ અને ભિન્ન લક્ષણથી (તેમ જ ભિન્ન પ્રયોજનથી) ઓળખાતું હોવા છતાં વસ્તુવૃત્તિએ (અખંડ વસ્તુની અપેક્ષાએ) ભિન્ન નથી;...**' આત્મા અને જ્ઞાન નામભેદ પડ્યા, લક્ષણભેદ પડ્યા, સમજાય છે? પણ આત્મા અને જ્ઞાનના પ્રદેશભેદ નથી. વસ્તુ એક છે. આત્મા જ્ઞાનજ્યોત, ચૈતન્યજ્યોત, ચૈતન્યજ્યોત તે આત્મા, આત્મા તે ચૈતન્યજ્યોત. વસ્તુવૃતિએ કીધું જુઓ, અખંડ વસ્તુની અપેક્ષાએ.

'**આ કારણને લીધે આ (સહજજ્ઞાન) આત્મગત (આત્મામાં રહેલા) દર્શન, સુખ, ચારિત્ર વગેરેને જાણે છે...**' એ જ્ઞાન પોતાને જાણે અને જ્ઞાન પરને જાણે એ રીતે સ્વપર નિશ્ચયાત્મક જ્ઞાન થયું. ઓલા પરનું વ્યવહાર કાઢી નાખ્યું. ઝીણી વાત છે, પોપટભાઈ! પોતાનો આત્મા ભગવાન આત્મા (છે). કોઈ કહે કે જો સ્વપરપ્રકાશક આત્મા છે તો અનુભૂતિના આનંદકાળમાં પરપ્રકાશકપણું શું? એનો જવાબ છે આ કે ઉપયોગ જ્યારે સ્વમાં જોડાય છે જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાનનો ભેદ છોડીને, અનુભૂતિના અંતરના આનંદના કાળમાં જ્ઞાનનો સ્વભાવ જો સ્વપરપ્રકાશકપણું હો તો ઉપયોગ તો સ્વમાં છે, પરમાં તો છે નહિ. તો એને સ્વપરપ્રકાશકપણું આવ્યું શું? સમજાણું કાંઈ?

તો કહે છે કે જ્ઞાન આત્મા એક હોવાથી જ્ઞાન આત્માને જાણે અને જ્ઞાન પોતાની સાથે અભિન્ન ગુણો રહ્યા છે એને જાણે એ નિશ્ચયપક્ષે પણ જ્ઞાન આત્માને જાણે, જ્ઞાનગુણ આનંદ આદિને જાણે એ રીતે સ્વપરપ્રકાશકપણું નિશ્ચયના સ્વ તત્ત્વમાં પણ આવી જાય છે. આહા..હા..! મગનભાઈ! ઝીણું તો છે, ભાઈ! પણ હવે એને સાંભળવું તો પડેને. મોટી એક મુંબઈની ચર્ચા હતી (એટલે) થોડું આ વળી (સ્પષ્ટીકરણ કર્યું). અને આ તો અધિકાર જ આવ્યો છે. હીરાભાઈ! એકાંત કોઈ એમ કહે કે જ્ઞાન પરને જ પ્રકાશે છે અને દર્શન સ્વને પ્રકાશે છે અને આત્મા સ્વપરપ્રકાશે છે. ભગવાન! તો આત્મા અને જ્ઞાન જુદાં પડી ગયા. જ્ઞાન પરને જાણે, આત્મા સ્વપરને જાણે, જ્ઞાન જુદું પડી ગયું. દર્શન સ્વને જાણે, આત્મા સ્વપરને જાણે. જુદું પડી (ગયું). દર્શન સ્વને જાણે, જ્ઞાન પરને જાણે દર્શનજ્ઞાન જુદાં પડી ગયા. એમ હોઈ શકે નહિ. કહો, હીરાભાઈ! તમારે ચાલતું હતું, બહુ ચાલે છે. હવે શું ચાલે, ઢીલું પડશે. સમજાણું કાંઈ?

ગુણભેદના નયની અપેક્ષાએ એકાંત એકાંત એ અહીં કહેશે. એકાંત માની બેસે કે જ્ઞાન પરને જાણે અને દર્શન સ્વને દેખે તો વસ્તુનું સ્વરૂપ આવે એમ નથી. જ્ઞાન પોતાને જાણ્યા વિના પરને જાણે એવું ક્યાંથી આવ્યું? આનંદમૂર્તિ ભગવાન આત્મા.. જ્ઞાન આત્માને જાણે

અને જ્ઞાન પરને જાણે એકલું તો સ્વ તો આવ્યું નહિ એમાં. સમજાય છે? અહીં તો વળી બીજી રીતે કહ્યું કે સ્વપરપ્રકાશક પણ નિશ્ચયથી પોતામાં સમાઈ જાય છે. શશીભાઈ!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ કહીએ છીએને. હજી એટલું મૂકી નહિ દઈએ.

આ આત્મા, એમાં જ્ઞાન-આનંદ આદિ અનંતગુણ છેને? તો જ્ઞાન અને આત્મા એક છે. એથી આત્મા જ્ઞાનને જાણે તો સ્વને જાણે એમ થઈ ગયું અને જ્ઞાન જ્ઞાનને જાણે એ સ્વને થયું અને જ્ઞાન જોડે રહેલા એ આનંદ આદિને જાણે એ જ્ઞાનની અપેક્ષાએ આનંદ ને વીર્ય પર થયા એટલે સ્વપરપ્રકાશક નિશ્ચયથી સ્વમાં આવી ગયા. અમરચંદભાઈ!

ફરીને, જુઓ. કહે છે કે '**સહજજ્ઞાન આત્માથી સંજ્ઞા, લક્ષણ અને પ્રયોજનની અપેક્ષાએ ભિન્ન નામ અને ભિન્ન લક્ષણથી ઓળખાતું હોવા છતાં વસ્તુવૃત્તિએ ભિન્ન નથી; આ કારણને લીધે આ (સહજજ્ઞાન) આત્મગત (આત્મામાં રહેલાં)...**' એ આત્માને જાણે અને જ્ઞાન જ્ઞાનને જાણે. હવે આત્મામાં રહેલા '**દર્શન, સુખ, ચારિત્ર વગેરેને જાણે છે...**' આ સુખ એટલે આનંદ. અનુભૂતિના કાળમાં પણ સ્વપરપ્રકાશકપણું શી રીતે? ઉપયોગ આમ કરે છે અને ઉપયોગ બહારનું કામ કરતો નથી. અને તમે જ્યારે એમ કહ્યું કે સ્વજ્ઞાન સ્વપરપ્રકાશક કાયમ એનો સ્વભાવ એ શી રીતે સિદ્ધ થશે? ભાઈ! ભગવાન આત્મા જ્ઞાનમાં તન્મય છે ત્યારે આત્મા જ્ઞાનને જાણે, જ્ઞાન આત્માને જાણે, જ્ઞાન જ્ઞાનને જાણે એ તો સ્વ થઈ ગયું અને જ્ઞાન તે વખતે આનંદની અનુભૂતિને આનંદને જાણે છે, સમજાય છે? દર્શનને જાણે છે, સ્થિરતાને જાણે એવો જ્ઞાનનો સ્વભાવ છે. સ્થિરતાને જાણે, સુખને જાણે, દર્શનને જાણે, વીર્યને જાણે, અસ્તિત્વ આદિને જાણે. એ એક ગુણ પોતાનો પોતાને જાણતા પરના અનંત ગુણો જે પોતા સિવાયના અનંત ગુણો લક્ષણ, સંખ્યાએ ભેદ છે એને પણ જાણે, તેથી સ્વપરપ્રકાશકપણું આત્મામાં નિશ્ચયથી પણ આવી જાય છે. આહા..હા..! અરે..! એની ચર્ચા પણ મીઠી છે હોં!

**શ્રોતા** :- આ તો ગુજરાતી છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ તો ગુજરાતી થાય તો પણ સમજતા નથી કહે છે. એમાંથી સ્પષ્ટીકરણ કરવું પડે છે.

કહે છે કે જ્યારે નિશ્ચયથી આત્માને જાણે આત્મા તો પછી જ્ઞાન તો સ્વપરપ્રકાશકપણાનો સ્વભાવ સિદ્ધ કર્યો આપે તો. તેમાં પર કોણ આવ્યું? બીજો બોલ આવ્યોને? '**केवलणाणी जाणदि पस्सदि णियमेण अप्पाणं**' પાછું તમે જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશકપણું સ્થાપ્યું અને સ્વપરપ્રકાશકમાં પોતાનો ઉપયોગ સ્વમાં છે એમાં પર ક્યાં આવ્યું? પણ ભાઈ! પોતામાં જ્ઞાન આત્માને જાણે, જ્ઞાન જ્ઞાનને જાણે એ સ્વ થયું અને જ્ઞાન સુખને, શાંતિને, વીર્યને, અસ્તિત્વને, પ્રમેયત્વને આદિ જાણે એ પર થયું. કહો, સમજાણું આમાં? કહો, સમજાય

છે કે નહિ આમાં? શું કહ્યું? નવનીતભાઈ! કેટલું ધ્યાન જાય?

**શ્રોતા :-** આત્મા પાતાને જાણતા લોકાલોક..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ એ વાત નહિ. ના, ના, નથી સમજાણું, નથી પકડાણું. નથી, પકડાતું નથી.

અહીં તો આત્મા પોતે પોતાના જ્ઞાનથી આત્માને જાણે અને જ્ઞાન જ્ઞાનને જાણે, છતાં જ્ઞાનમાં સ્વપરપ્રકાશકપણું આપે સિદ્ધ કર્યું તો આત્મા સ્વને જાણવામાં પરપ્રકાશકપણું આવ્યું શું કે ભાઈ! જ્ઞાન સિવાયના અનંતા ગુણો પર છે જ્ઞાનની અપેક્ષાએ તેથી એને જાણે માટે સ્વપરપ્રકાશક કહેવામાં આવ્યો છે. આહા..હા..! પોપટભાઈ! આમાં બહુ મહેનત કરવી પડે એમ છે. એમ નહિ અંદરથી આમ લ્યો ભાઈ, આમ છે. એય..! કાલે બહેને નહોતું કહ્યું? કે ભાઈ, અમારે પણ આમ છે. ભાઈ બહેનની સાથે અમારે .. રહેવા દ્યો. બહેનની જુદી લાઈન છે, અમારી જુદી લાઈન છે. કહો, સમજાણું આમાં? આ તો બાપુ! અંતરના માર્ગ એવા છે કોઈ કે એ સ્વ-આશ્રયના મહા પ્રયત્ન વિના એ પકડાય એવું નથી. આહા..હા..! અહીં કહે છે, વગેરે કીધું છેને? વગેરે કીધું છે કે નહિ? જુઓ. '**एतदात्मगतदर्नसुखचारित्रादिकं**' છે. જુઓ, '**आदिकं**' **जानाति स्वात्मानं कारणपरमात्मस्वरूपमपि जानातीति।**' દેખો! આહા..હા..!

**શ્રોતા :-** દર્શન, ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આદિ બધા અનંત ગુણ. આમ ભગવાન આત્મા જ્ઞાન નામનો પ્રકાશ સ્વભાવ એનો સ્વપરપ્રકાશકગુણ કે જ્યારે આત્મા પોતાના ઉપયોગમાં છે. પોતાને જ્ઞેય કરીને અનુભવે છે તો અનુભવના કાળમાં જ્ઞાનને સ્વપરપ્રકાશકપણું કઈ રીતે આવ્યું? આમ તો કેવળજ્ઞાનમાં પણ સ્વપરપ્રકાશકપણું છે હોં! અહીં તો અનુભૂતિમાં ઉતાર્યું છે. સમજાણું કાંઈ? આ પ્રશ્ન ઘણા વર્ષો પહેલાં થયેલો હતો. ઘણા વર્ષો પહેલાં. ૨૫-૩૦ વર્ષ પહેલાં. બહેન.. ચાકળો છે. સ્વપરપ્રકાશકનો છે કે નહિ? આ શબ્દો. ઘણા વર્ષની વાત છે. ૩૦ વર્ષ પહેલાંની વાત છે. અહીં નહિ, પહેલા ઓલાપણે હીરાભાઈના મકાનમાં. છે કાગળ. છે ખ્યાલમાં. સમજાણું કાંઈ?

આત્મા સ્વજ્ઞાનને અંતરમાં જાણતા જ્યારે જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ સતરૂપે એ જ રીતે ત્રિકાળ હોય તો જ્ઞાન જ્યારે સ્વને જાણે ત્યારે નિશ્ચયથી, નિશ્ચયથી પરપણું એમાં શું? પરપણું જે છે એ તો વ્યવહારથી થયું બહાર. હવે પોતામાં નિશ્ચયથી પોતાને જાણે એમાં નિશ્ચયથી પરપણું શું? કે નિશ્ચયથી સ્વ-આશ્રયમાં રહેલા અનંતા ગુણો, સ્વ-આશ્રયમાં રહેલા અનંતા ગુણો એ જ્ઞાન આમ જાણે એટલે જ્ઞાન બીજાને જાણે એ અપેક્ષાએ નિશ્ચયથી સ્વપરપ્રકાશક જ્ઞાનમાં સિદ્ધ થઈ જાય છે. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? આહા..હા..! આચાર્યોએ કેટલી કરુણાથી આ વાત લખી છે! સંતો હતા, નિર્ગ્રંથ મુનિ હતા,

વીતરાગી મુનિ હતા એને કાંઈ પડી નથી. દુનિયાનું શું થાય કે કરી દઉં એવું કાંઈ છે નહિ, પણ એને વસ્તુની સ્થિતિ સિદ્ધ કરવામાં એક વિકલ્પ ઊઠ્યો તો આ વાત આવી ગઈ છે. એ વિકલ્પના પણ કર્તા નથી.

ભાઈ! તારા ભંડારમાં પડેલા જ્ઞાનદર્શનનો સ્વભાવ એ તારા ભંડારમાં પડેલો જ્ઞાનપ્રકાશક સ્વપરપ્રકાશક સ્વભાવ તને આત્માને અને જ્ઞાન જ્ઞાનને જાણે તે ટાણે અનુભૂતિના કાળમાં એને શું છે? એને પરપ્રકાશકપણું શું આવ્યું? એને તો જોડે આવ્યું નહિ કાલે? નહોતું આવ્યું? કે ધ્યાનમાં જ્યારે આત્મા હોય ચોથે ગુણસ્થાને કે પાંચમે નિર્વિકલ્પ (થાય) ત્યારે અહીં નગારા વાગતા હોય તો એની ખબર હોય નહિ એને. શબ્દાદિ આવે છેને? આવે છેને કાલે આવ્યું હતું. નગારા વાગતા હોય તો ખબર ન હોય. મોટા ઢોલ પીટાતા હોય. ઢોલ સમજ્યાને ઢોલ? કાલે આવ્યું હતું રાત્રે આપણે. ઓલી ચિઠ્ઠી ચાલતી હતીને એમાં આવ્યું હતું. બરાબર લખ્યું છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. ક્યાં છે? બહુ શરૂઆતમાં આવ્યું.

ત્યાં એવી દશા થઈ. જુઓ, 'હવે તે જ જ્ઞાન સ્વરૂપ જાણીને પ્રવર્ત્યું ત્યારે અન્યને જાણવાનું સહેજે બંધ થઈ ગયું.' અંતર જ્ઞાનમાં જ્ઞેય પકડીને ધ્યાનમાં આવ્યો આત્મા ત્યાં એવી દશા થઈ કે બાહ્ય અનેક શબ્દાદિ વિકાર હોવા છતાં ઢોલ પીટાતા હોય, ગધેડા ભુંકતા હોય તો પણ સ્વરૂપ ધ્યાનીને તેની કાંઈ ખબર નથી. અહીં તો એકમાં સિદ્ધ કરવું છેને? સમજાણું કાંઈ? ત્યારે હવે ત્યાં સ્વપરપ્રકાશક શું લેવું? અહીં તો તમે ના પાડ્યું કે શબ્દ પણ સાંભળે નહિ, કાંઈ નહિ, ઇન્દ્રિયનો વિષય કાંઈ બંધ થઈ ગયો હતો અતીન્દ્રિય અનુભવમાં લીન છે નિર્વિકલ્પ ધ્યાન વખતે. ત્યારે તેમાં સ્વપરપ્રકાશકપણું શું આવ્યું? ભાઈ! એ જ્ઞાન જ્ઞાનને જાણે અને આત્માને જાણે એ સ્વ અને અનંત બીજા ગુણોને જાણે એનું નામ પર. રામસ્વરૂપજી! આહા..હા..!

જ્ઞાનમાં રહેલા આત્મગત રહેલા આવ્યુંને? આત્મગત એટલે નિશ્ચય. '**(સહજજ્ઞાન) આત્મગત (આત્મામાં રહેલાં) દર્શન, સુખ, ચારિત્ર વગેરેને જાણે છે અને સ્વાત્માને–કારણપરમાત્માના સ્વરૂપને–પણ જાણે છે.**' આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો વીતરાગમાર્ગ એવો ઝીણો છેને કે સ્થુળ રીતે કાંઈ પકડાઈ એવો નથી. ભગવાન આખો સૂક્ષ્મ પદાર્થ રજકણની પાર સ્પર્શ્યા વિના પડ્યો છે. આ રજકણને, કર્મને સ્પર્શ્યા વિના પડેલું તત્ત્વ છે. અડતો નથી અહીં પડ્યો છતાં. એવો ભ્રમ થઈ ગયો છેને. આ બધાને અડું છું ને આ બધાને સ્પર્શું છું. ભગવાન પણ તું અરૂપી. રૂપી રૂપીને સ્પર્શે નહિ તો વળી અરૂપી રૂપીને સ્પર્શે એ આવ્યું ક્યાંથી? સમજાણું કાંઈ? ભગવાન તો એમ કહે છે કે એક રજકણની પર્યાય બીજા રજકણને ચુંબતી નથી. એક રજકણની પેલી ગાથા...

**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।**
**बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि।।३।।**

ભગવાન આત્માને એક-એક રજકણ જડ ઈશ્વર પોતાના અનંત ગુણપર્યાયને સ્પર્શે છે પણ પરને સ્પર્શતો નથી. સમજાય છે કાંઈ? તો ભગવાન આત્મા આ કર્મને અડતો નથી ત્યારે હવે અંદર દૃષ્ટિ થઈ ત્યારે શું સ્વપરપ્રકાશકપણું રહ્યું? કહે છે કે સ્વ તો એ રહ્યું, ભાઈ! આત્મા આત્માને જ્ઞેય તરીકે પકડ્યો અને એ સિવાયના અનંતા ગુણને પણ જાણે છે એ અપેક્ષાએ સ્વપરપ્રકાશકપણું નિશ્ચયથી આત્મામાં આવી જાય છે. એને પરની કાંઈ પર, શરીર અને ઈન્દ્રિયની જરૂર નથી.

**'સ્વાત્માને-કારણપરમાત્માના સ્વરૂપને-પણ જાણે છે.'** જુઓ, બીજા અનંતગુણને જાણે અને પોતાના આત્માના દ્રવ્યને પણ જાણે. **'(સહજજ્ઞાન સ્વાત્માને તો સ્વાશ્રિત નિશ્ચનયથી જાણે જ છે અને એ રીતે સ્વાત્માને જાણતાં તેના બધા ગુણો પણ જણાઈ જ જાય છે. હવે સહજજ્ઞાને જે આ જાણ્યું તેમાં ભેદ અપેક્ષાએ જોઈએ તો સહજજ્ઞાનને માટે જ્ઞાન જ સ્વ છે અને તે સિવાયનું બીજું બધું દર્શન, સુખ વગેરે પર છે; તેથી આ અપેક્ષાએ એમ સિદ્ધ થયું કે નિશ્ચયપક્ષે પણ જ્ઞાન સ્વને તેમજ પરને જાણે છે.)'** આહા..હા..! કહો, સમજાણું આમાં? આ તો ઓલા કહે છે ને એકલી ધવલની વાત લઈને. એઈ..! હીરાભાઈ! જ્ઞાન પરને જાણે... જ્ઞાન પરને જાણે... જ્ઞાન પરને જાણે...

અહીં તો કહે છે, પર નામ પોતાના ગુણ સિવાય પર.. એને સ્વપરપ્રકાશકપણું જ્ઞાનમાં અહીં ને અહીં સિદ્ધ કર્યું. પરનું તો કાંઈ ન મળે, એમ. પરનું કાંઈ ન મળે. જેમ ઓલા જ્ઞાન પરને જાણે, દર્શન સ્વને દેખે, આત્મા સ્વપરપ્રકાશક દેખે અહીં તો ઊડાડી દીધું. એ તો રહ્યું જ નહિ. ધવલમાં જે પર કીધું એ તો વ્યવહારનયના ગુણભેદથી વાત હતી. ત્યાં એક જ ગુણ માને છે પણ અહીં સામાન્ય અને વિશેષ બે ગુણ છે એમ બતાવવા ત્યાં વાત કરી છે. પણ આ અભેદને ન માને તો મૂઢ કહેશે હમણાં. મૂઢ છો? જ્ઞાન પરને જાણે અને દર્શન સ્વને જાણે તો આત્મા સ્વપરપ્રકાશક બધા ગુણભેદ થઈ ગયા. ખંડ-ખંડ થઈ ગઈ વસ્તુ.

**શ્રોતા** :- સમ્યગ્દર્શનથી વિરુદ્ધ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, દર્શનશુદ્ધિથી વિરુદ્ધ છો. હીરાભાઈ!

**'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૯૨માં શ્લોક દ્વારા) કહ્યું છે :-'**

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

# શ્રી નિયમસાર, ગાથા-૩૮
# પ્રવચન નં.૧૬૭, તા.૨-૯-૧૯૬૬
# (૭)

શુદ્ધભાવ અધિકાર. શુદ્ધભાવ કોને કહે છે? કે આ આત્મા પહેલાં લીધું કે જીવાદિ સાત તત્ત્વનો સમૂહ પરદ્રવ્ય. ભગવાન આત્મા એક સમયમાં અતઃતત્ત્વરૂપ દ્રવ્યસ્વભાવ શુદ્ધ એ આત્મા. એને ખરેખર નિશ્ચયથી આત્મા કહે છે અને એમાં રાગાદિ કે ઉપશમ, ક્ષયોપશમ, સંવર, નિર્જરા (થાય), આત્મામાં પુણ્ય-પાપનો ભાવ હોય, સંવર-નિર્જરા ધર્મની પર્યાય હોય કે મોક્ષની પર્યાય હોય અહીંયા બધાને પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

પ્રશ્ન હમણાં હતો કે આ સંવર-નિર્જરા શું? પણ સંવર-નિર્જરા એ દ્રવ્ય ચૈતન્ય ધ્રુવ એમાંથી એ પર્યાય આવે છે. તો એ દ્રવ્યને અહીંયાં પરમદ્રવ્ય, પરમસ્વભાવભાવ, એકરૂપ જ્ઞાયકભાવ એને અહીંયાં સ્વદ્રવ્ય કહીને શુદ્ધભાવ કહેવામાં આવે છે. એ સિવાય જેટલા શરીર, વાણી, મન તો પરદ્રવ્ય છે જ, કર્મ આદિ પરવસ્તુ છે જ, પણ પર્યાયમાં જેટલો વ્યવહારરત્નત્રય દયા, દાન વિકલ્પ ઉત્પન્ન થાય કે હિંસાદિનો રાગ હોય કે મોક્ષમાર્ગની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટ હોય કે મોક્ષપર્યાય પ્રગટ હોય બધાને ત્રિકાળ એક સ્વદ્રવ્યની અપેક્ષાએ એને પરદ્રવ્ય કહેવામાં આવે છે.

**શ્રોતા :-** સાતમું દ્રવ્ય થઈ ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાતમું દ્રવ્ય. સપ્તમ થઈ જાય. આવે છે કે નહિ? ૪૯મી ગાથામાં આવે છે. છ દ્રવ્ય વ્યક્ત છે એનાથી ભિન્ન એવો આત્મા અવ્યક્ત એવું આવે છે. એ ખ્યાલમાં હોય. સમજાણું કાંઈ? ૪૯મી ગાથામાં આવે છે સમયસાર અને સમ્યગ્જ્ઞાન દીપિકામાં આવે છે કે છ દ્રવ્યથી અલગ થઈ ગયો જ્ઞાયકમૂર્તિ એકરૂપ તેને સપ્તમ દ્રવ્ય કહે છે. દ્રવ્ય સપ્તમ નથી, છે તો ઈ જ. આહા..હા..! સમજાણું કાંઈ? છેને સમયસાર છે કે નહિ? ૪૯ ગાથામાં કહ્યું છેને પહેલાં? અવ્યક્ત-અવ્યક્ત. અવ્યક્તનો પહેલો બોલ છે. જુઓ,

**'જે જ્ઞેય છે અને વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે.'** આહા..હા..! ભાષા તે કાંઈ.. એનો અર્થ કે આત્મા એક સ્વરૂપે જ્ઞાયક ચૈતન્ય ધ્રુવ (છે). તેને અહીંયાં સ્વદ્રવ્ય કહ્યું. તો એને પર્યાય નિર્મળાદિ (ભિન્ન પર કહી). કેમકે પર્યાય જે છે એને આશ્રયે ધર્મની વૃદ્ધિ, શુદ્ધિ થતી નથી. ધર્મની વૃદ્ધિ, શુદ્ધિ અને ટકવું એ ત્રિકાળ શુદ્ધ ભગવાન આત્મા એના અંતર અવલંબનથી એ પર્યાય નિર્મળ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? તેથી

અહીંયા કહે છે કે સ્વદ્રવ્ય અંતઃતત્ત્વ. અંતઃતત્ત્વ એક પૂર્ણ સ્વરૂપ અને બહિર્તત્ત્વ આ સાત આદિ. બેની શ્રદ્ધા એ વ્યવહાર સમ્યગ્દર્શન છે. ભાઈ! અંતઃતત્ત્વ અને બહિર્ બેને મેળવીને શ્રદ્ધા કરવી તો વ્યવહાર સમ્યગ્દર્શન થયું. વિકલ્પ આવ્યો. સમજાણું કાંઈ? પહેલું આવી ગયું છે. પહેલાં આવી ગયું છેને ક્યાંક. અંદર પહેલાં આવી ગયું છે શરૂઆતમાં. અંતઃતત્ત્વ બહિરતત્ત્વ. વ્યવહારસમકિતની વ્યાખ્યા કરી છેને જ્યાં? પાંચમી ગાથા.

તત્ત્વ—બહિર્તત્ત્વ, અંતઃતત્ત્વ, પરમાત્મતત્ત્વ એવા ભેદોવાળા એનું નામ વ્યવહારસમકિત છે. આહા..હા..! પાંચમી ગાથામાં છે. હિન્દીમાં ૧૨મે પાને છે. ગુજરાતીમાં પણ એ પાનું છે. બીજી લીટી છે હિન્દી. '**તત્ત્વો બહિઃતત્ત્વ...**' આ જુઓ અહીં બહઃતત્ત્વ કહ્યું ઈ. અહીં બહિઃતત્ત્વ કહ્યુંને? જીવાદિ સાત તત્ત્વ સમૂહ પરદ્રવ્ય. મૂળ પાઠમાં બહિઃતત્ત્વ છે. કુંદકુંદાચાર્યે જીવાદિ બહિઃતત્ત્વ કહ્યું એને અહીંયાં '**બહિઃતત્ત્વ અને અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ...**' અંતઃતત્ત્વ પરમાત્મા અને બહિઃતત્ત્વ બેની શ્રદ્ધા કરવી એ તો વ્યવહાર સમ્યગ્દર્શન છે, રાગ છે. ભારે ભાઈ! સમજાણું કાંઈ?

અહીંયાં તો કહે છે કે અંતઃતત્ત્વ... પછી લેશે જીવાદિ બહિઃતત્ત્વ. ભગવાન આત્મા એનાથી જીવ હું અને વિકલ્પાદિ સાત તત્ત્વનો ભાવ એને અહીંયાં પરદ્રવ્ય કહીને વાસ્તવમાં ઉપાદેય નથી. ખરેખર સંવર, નિર્જરાની પર્યાય પણ આશ્રય કરવાલાયક નથી તો તે અપેક્ષાએ ઉપાદેય નથી. સુરેન્દ્રજી! શું આવ્યું? સંવર-નિર્જરાની પર્યાય પણ આદરણીય નથી. આહા..હા..! કાલે કહેતા હતાને? ઓલા કોણ પૂછતા હતા? શુદ્ધ-અશુદ્ધ પર્યાય આવી કે નહિ એમાં? શુદ્ધ-અશુદ્ધ પર્યાય પરમાં ગઈ. છોટાભાઈ! સમજાણું કાંઈ? ચૈતન્ય મહાભગવાન પરમ સ્વભાવભાવ, જેમાં અનંત પરમાત્મસ્વરૂપ પડ્યું છે એ જ સ્વદ્રવ્ય છે. એ સિવાય જેટલી વર્તમાન મલિન દશા કે નિર્મળ દશા બધાને બહિઃ બહિઃ અંતરમાં નથી તો બહિઃ, પર્યાયમાં છે એ બહિઃ એ બહિઃતત્ત્વ એને ગણવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે '**સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે-**' એવો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય પદાર્થ જેની પર્યાયમાં પણ એમાં ભેળવવી નહિ. નિર્મળ પર્યાય પણ એમાં ભેળવવી નહિ. છોટાભાઈ! શું કહે છે?

**શ્રોતા** :-

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભેળવી નથી બિલકુલ. ભેળવી જ નથી ત્યાં. ત્યાં તો જ્ઞાન-દર્શન-ચારિત્રને પ્રાપ્ત એવો ભેદ બતાવ્યો. ભેદ અભેદમાં છે જ નહિ. ભેળવી જ નથી. એક વસ્તુ એના ત્રણ ભેદ. અંદરમાં ક્યાં ભેદ છે? વસ્તુમાં ભેદ છે? લાકડીનું દૃષ્ટાંત નહોતું આપ્યું? સુખડની-ચંદનની લાકડી છે તો શું એમાં સુગંધ, સુંવાળપ, વજન એ ભિન્ન છે? એમ ભગવાન એક સમયમાં અનંતગુણનું એકરૂપ એને ત્રણ બોલ કહીને દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત, એમ નામમાત્ર કથનથી કહ્યું એ ભેદથી અભેદને સમજાવવા માટે. ભેદ કોઈ આદરણીય ચીજ નથી.

સમજાણું કાંઈ?

અહીં તો એનાથી વિશેષ કહે છે. અહીં તો ખરેખર આત્મા જ એને કહે છે, ભાઈ! સંવર, નિર્જરા, મોક્ષ, પુણ્ય, પાપ, દયા, દાન, વ્યવહારરત્નત્રય એ આત્મા જ નથી. આહા..હા..! એય..! દેવીલાલજી! આવું કે દિ'? બે વખત આવશે, જુઓ, '**સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે–**' ભગવાન આત્મા એકરૂપ પરમસ્વભાવ ધ્રુવ અનંતગુણનો પિંડ એક, એમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે '**એવા આત્માને...**' એવા આત્માને '**આત્મા ખરેખર ઉપાદેય છે.**' એવા આત્માને આત્મા એ આત્મા, એકરૂપ આત્મા ઉપાદેય છે. સૂક્ષ્મ છે, ભાઈ! એ અધિકાર સ્થૂળ હતો ને એટલે પહેલાં છોડી દીધો. એ સ્વપરપ્રકાશકની વાત હતીને, એ થોડી કહી. આ વસ્તુ ચાલી ગઈ છે. પહેલા ચાલી ગઈ છે. ઊતરી ગઈ છે. આ તો ફરીને લીધું. થોડા દિવસ છોને તમે અહીયાં. હવે આઠ દિ' રહ્યા. બધા ચાલ્યા જશે.

કહે છે કે સાંભળો ભાઈ! આ ચીજ પરમ પરમ અપ્પા સો પરમઅપ્પા. એ આત્મા પરમાત્માનું રૂપ જ અંદર પરમાત્મા સાક્ષાત્કાર ભગવાન પૂર્ણ છે. એ પરમાત્માને સંવર, નિર્જરા, મોક્ષને પણ એ દ્રવ્ય અડતું નથી. સમજાણું કાંઈ? એય..! રતિભાઈ! આવું કેવું? આ જૈનદર્શન આવું હશે? હવે અન્યમાં હતું કે દિ'? અજ્ઞાનીમાં માર્ગ કે દિ' હતો? આ તો વીતરાગમાં (હોય). ક્યાં ગયા શિવનંદનજી? આવ્યા નથી અહીં? મોડા આવે એટલે પાછળ બેસે. એ બધા લહેર કરનારા હોય. આ વસ્તુ તો ટાઈમે-ટાઈમે સમજે એને કામની છે. સમજાણું કાંઈ? શું કહે છે?

આ આત્મા... કહે છે, જેની તીક્ષ્ણ બુદ્ધિ જ્ઞાયક ચૈતન્ય ધ્રુવ ઉપર પડી છે એવા આત્માને આત્મા ખરેખર ઉપાદેય છે. સમજાણું કાંઈ? '**ઔદયિક આદિ ચાર ભાવાંતરોને અગોચર હોવાથી...**' શું કહ્યું? રાગ-દ્વેષનો, દયા-દાનનો, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ, ઉપશમભાવ સમ્યગ્દર્શન આદિ, ક્ષયોપશમભાવ જ્ઞાનદર્શન આદિ, ક્ષાયિકભાવ સમકિત આદિ એ ચાર ભાવાંતર. ભગવાન આત્મા પરમસ્વભાવભાવ એનાથી ચાર ભાવાંતર, આ ભાવથી અનેરા ચાર ભાવ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- કાર્યપરમાત્મા...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કાર્યપરમાત્મા એમાં છે જ નહિ. અહીં તો સાધકની વાત કરે છે. કેવળજ્ઞાન તો છે નહિ. સમજાણું કાંઈ? સાંભળો!

'**ઔદયિક આદિ ચાર ભાવાંતરો...**' આત્મા ધ્રુવ જ્ઞાયક પ્રભુ એ ભાવ. એ ભાવ. અને ઉદય રાગ-દ્વેષ, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ ભાવાંતર. આ ભાવથી અનેરા ચાર ભાવ. આ ભાવથી અન્ય ચાર ભાવ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો નિયમસાર છે. મોક્ષનો માર્ગ છે. પર્યાયની વાત ચાલે છે. એ નિયમસાર મોક્ષમાર્ગ પર્યાય છે, પણ એ પર્યાય પણ ભાવ જે પરમસ્વભાવ છે એનાથી અનેરો ભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

શું કહ્યું? '**ઔદયિક આદિ ચાર ભાવાંતરો...**' ભાવાંતરનો ખુલાસો નીચે કર્યો છે. '**ભાવાંતરો = અન્ય ભાવો.**' અન્ય ભાવ અર્થાત્ જ્ઞાયક એક સમયનો પૂર્ણ પ્રભુ સ્વભાવ એ સ્વભાવ (છે) તો એનાથી ચાર ભાવ અન્યભાવ. શરીર, વાણી, કર્મની તો અહીં વાત કરી જ નથી. એ સ્થુળ ચીજ તો ક્યાંય બહાર રહી ગઈ. નરશીભાઈ!

અહીંયા તો ભગવાન આત્મામાં બે અંશ. એક અંશ ત્રિકાળ ધ્રુવ સામાન્ય જ્ઞાયક પ્રભુ, જેને અહીંયાં ભાવ કહ્યો. અહીં ભાઈ શુદ્ધભાવનો અધિકાર છેને? શુદ્ધભાવ, એકરૂપભાવ, જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, સત્ સત્ સત્યાર્થ ભાવ. એ સવારે આવે છે. એ ભાવથી... એ ભાવ સ્વભાવ, એ ભાવ પોતાનો સ્વભાવ, એ ભાવ આત્મા અને એનાથી ચાર ભાવ એ ભાવથી અનેરો ભાવ. સમજાણું કાંઈ? ક્ષાયિકસમકિત હો, ક્ષાયિકસમકિત, ઉપશમસમકિત હો, ક્ષયોપશમસમકિત હોય એ બધા સ્વ શુદ્ધભાવ, શુદ્ધભાવ એ સ્વભાવ પોતાનો ભાવ, નિજભાવ અને એનાથી ક્ષાયિકસમકિત અન્યભાવ. સમજાણું કાંઈ? આહા..હા..! લોકોએ મૂળ ચીજ પકડવાનો અનાદિથી પ્રયાસ કર્યો નથી. એ કઈ રીતે પકડાય અને શું ચીજ છે એ યથાર્થપણે સાંભળવા મળી નથી. યથાર્થપણે હોં!

એક સમયનો પ્રભુ શુદ્ધભાવ ધ્રુવભાવ જ્ઞાયકભાવ એ સમ્યગ્દર્શનનો વિષય (છે). એ દ્રવ્યાર્થિકનય દ્રવ્ય નામ સામાન્યસ્વભાવ એવા નયનું પ્રયોજન ઈ દ્રવ્ય છે. એ દ્રવ્ય સ્વદ્રવ્ય છે, સ્વભાવ છે, શુદ્ધભાવ છે, સત્યભાવ છે, એનાથી ચાર ભાવ અનેરા ભાવ છે. સમજાણું કાંઈ? રાગ-દ્વેષ, દયા, દાન, વ્યવહારરત્નત્રય એ તો વિકલ્પ ઉદયભાવ છે, પણ નિશ્ચયરત્નત્રયની પર્યાય સ્વદ્રવ્યના આશ્રયે પ્રગટ થઈ એને અહીંયાં પરદ્રવ્ય કહેવામાં આવી છે. આહા..હા..! ભારે વાત ભાઈ! શેઠી! આ ઝટ ન સમજાય. કીધું, આ તમારા દીકરા આવ્યા છેને નવા વળી હમણા. ઝટ વળી હીરા-માણેકને ફેરવતા. આ જાણે શું કહેવા માગે છે આ. કોઈ દિ' બાપ-દાદાએ સાંભળ્યું ન હોય.

**શ્રોતા :-** બાપ-દાદા તો અહીં બેઠા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એણે કે દિ' સાંભળ્યું હતું ત્યાં જયપુરમાં? સમજાણું કાંઈ?

કહે છે કે '**ઔદયિક આદિ ચાર ભાવાતંરો...**' એ ચાર ભાવાંતર. પોતાનો ધ્રુવ જ્ઞાયક પ્રભુ એનાથી એ વિકારી-અવિકારી પર્યાય અપૂર્ણ કે પૂર્ણ. વિકારી પર્યાય, અવિકારી અપૂર્ણ પર્યાય કે અવિકારી પૂર્ણ પર્યાય. એ પોતાનો એકરૂપ શુદ્ધભાવ અધિકાર છે. શુદ્ધભાવથી અન્ય ભાવ ચાર છે. કહો, અમલુખચંદજી! શું બરાબર છે? એમાં ને એમાં અન્યભાવ? પર્યાય અન્યભાવ? નવી વાત છે. આહા..હા..! કુંદકુંદાચાર્ય મહારાજ ફરમાવે છે. પોતાનો શબ્દ છેને, દેખો! '**जीवादिबहित्तच्चं हेयम हेयम**' આહા..હા..! એ ચાર ભાવ હેય છે. આહા..હા..! હજી તો અહીંયાં રાગ હેય કહેતાં રાડ પાડે. અમરચંદજી!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નિમિત્ત તો ક્યાંય રહી ગયું. દયા, દાનના રાગ પરિણામ પુણ્ય છેને ભાઈ! પુણ્ય હેય? પુણ્ય હોય હેય? હવે સાંભળ તો ખરો. તારા પુણ્ય તો ક્યાંય હેયમાં ગયા હેઠે. હેયમાં ગયા હેઠે. હેઠેને શું કહે છે? નીચે. પણ અહીં ક્ષાયિકસમકિત આત્માના આશ્રયે ઉત્પન્ન થયું, સમ્યક્ સ્વસંવેદનજ્ઞાન આત્માના અવલંબને ઉત્પન્ન થયું તેને પણ અહીંયાં હેય કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્ય શું કહે છે? '**जीवादिबहित्तच्चं हेयम**' મૂળ પાઠ છે. વ્યવહાર.. વ્યવહાર ઉપાદેય. વ્યવહારથી નિશ્ચય થાય. .... તારા લાભની વાત છે. પ્રભુ! તેં કદી લાભ ક્યાંથી મળે એ ખાણ કઈ છે એ ખાણની મહિમા તને કદી આવી નથી. સમજાણું કાંઈ? બસ, આ ક્રિયા કરે... ભક્તિ-બક્તિ કરે, બરાબર ધમાલ કરે પગે બાંધે તો આહા..હા..! કેવું લાગે એય.. ડાલચંદજી!

**શ્રોતા :–** નજરે દેખાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નજરે દેખાય. શું દેખાય? એ તો જડની પર્યાય છે. એમાં ભગવાનની પ્રત્યેનો રાગ હોય તો શુભભાવ છે, એ તો હેય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજ અંતરના રહસ્યની વાત કરે છે. ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ અનંત આનંદનો કંદરૂપ એક તે ઉપાદેય '**अप्पणो अप्पा**'. મૂળ પાઠ છેને બીજું પદ. '**अप्पणो अप्पा**' '**जीवादिबहित्तच्चं हेयम**' એ બે પદની અંદર હેય અને ઉપાદેયની વાત કરી છે. એય..! માણેકલાલજી! છે કે નહિ અંદર? શું કરવું પર્યાયનું? અધ્યાત્મિક એટલે સત્ય.

**શ્રોતા :–** સિદ્ધાંત છે એમ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સિદ્ધાંત શું? સિદ્ધાંત શું એનાથી જુદી વાત કરે છે? સમજાણું કાંઈ? જ્ઞાન કરવા અનેક વાત કરે નિશ્ચયમોક્ષમાર્ગ ઉપાદેય છે એમ કહે. ઉપાદેયનો અર્થ પ્રગટ કરવાલાયક છે એ અપેક્ષાએ. સમજાણું કાંઈ? ઉપાદેય ખરેખર ભગવાન (છે). જુઓ, ઉપાદેય '**अप्पणो अप्पा**' સમજાણું કાંઈ? ઉપાદેય નથી, હેય છે. પાઠમાં તો હેય છે એમ લીધું છે. પછી ઉપાદેય નથી એમ લીધું.

કહે છે કે '**ઔદયિક આદિ ચાર ભાવાંતરોને...**' એટલા શબ્દનો અર્થ થાય છે. ભગવાન આત્મા એક સ્વરૂપની પૂર્ણ ખાણ ધ્રુવ. એ એક ભાવ, એ શુદ્ધભાવ. એ શુદ્ધભાવની અપેક્ષાએ ચાર ભાવ અન્યભાવ છે, અન્યભાવ છે. આ ભાવમાં ઈ ભાવ છે નહિ. સમજાણું કાંઈ? ગાથા છે કે નહિ સામે? પ્રશ્ન કરતાં હતા બરાબર એ જ ગાથા આવી જુઓ હવે ખુલાસો. સ્પષ્ટ થાયને, સ્પષ્ટ થાયને. આહા..હા..!

'**ઔદયિક આદિ ચાર ભાવાંતરોને અગોચર...**' હવે અગોચરની વ્યાખ્યા. પહેલાં તો એટલું કહ્યું કે પરમભગવાન ધ્રુવ સનાતન સત્પ્રભુ એ પોતાનો શુદ્ધભાવ. એની અપેક્ષાએ ચાર ભાવ મોક્ષની પર્યાય પણ અન્યભાવ, શુદ્ધભાવની અપેક્ષાએ અન્યભાવ. ક્ષાયિકસમકિત,

ક્ષાયિકચારિત્ર એ શુદ્ધભાવની અપેક્ષાએ અન્યભાવ. કેમ કે એક સમયની પર્યાય ત્રિકાળ દ્રવ્યમાં નથી. સમજાણું કાંઈ? હવે અગોચરનો અર્થ નીચે લખ્યો છે, જુઓ. '**ભાવાંતરો = અન્યભાવ (ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક---એ ચાર ભાવો પરમપારિણામિકભાવથી...**' પરમપારિણામિક જ્ઞાયકભાવ સત્... સત્... સત્.. સત્... સત્... અનાદિઅનંત સત્ એકરૂપ સ્વભાવ. તેનાથી '**અન્ય હોવાને લીધે તેમને ભાવાંતરો કહ્યા છે.**' છે નીચે? '**પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ...**' પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ '**એવો કારણપરમાત્મા...**' ભગવાન કારણપ્રભુ '**ચાર ભાવાંતરોને અગોચર છે.**' અર્થાત્ ચાર ભાવના આશ્રયે પ્રગટ થતો નથી. સમજાણું કાંઈ? અથવા ચાર ભાવ એમાં છે નહિ અને ચાર ભાવનો આશ્રય કરવાથી સ્વનો આશ્રય થતો નથી. સ્વનો આશ્રય કરવાથી મોક્ષ અને મોક્ષમાર્ગની ઉત્પત્તિ થાય છે. સમજાણું કાંઈ? એ કારણપરમાત્મા.

'**દ્રવ્યકર્મ,...**' જડકર્મ આ બાહ્ય લીધા. આઠેય કર્મથી રહિત, ભાવકર્મ ઉદયભાવમાં આવી ગયા વિકારીભાવ, નોકર્મ શરીર, વાણી એ '**ઉપાધિથી જનિત...**' ઉપાધિથી જનિત. દેખો! '**વિભાવગુણપર્યાયો વિનાનો છે,...**' કર્મના નિમિત્તની ઉપાધિથી ઉત્પન્ન થઈ પોતાની પર્યાયમાં. સમજાણું કાંઈ? આ તમારે આવશે. ઘણો વિસ્તાર છે. ત્રણ બોલમાં ઘણો વિસ્તાર છે, હોં! એક દ્રવ્યને બીજા દ્રવ્યમાં ભેળવે, એક દ્રવ્યના ભાવને બીજા દ્રવ્યના ભાવમાં ભેળવે, એક કારણને બીજા કાર્યમાં ભેળવે. વ્યવહારનયથી એમ માને તો મિથ્યાદૃષ્ટિ છે.

**શ્રોતા :-** શાસ્ત્રમાં કહ્યું એમ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શાસ્ત્રમાં વ્યવહારથી કહ્યું છે જ્ઞાન કરાવવા. ભેળવીને એમ માની લે તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? ગુણભેદને માનીને અભેદ માને, ભેદ છે અભેદમાં એમ માને તો મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. ફરીને. કીધું?

**શ્રોતા :-** ફરીને કહો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. અંદર ગુણભેદ છે નહિ છતાં ગુણભેદ માને કે અંદરમાં અભેદમાં ભેદ છે એમ અભેદમાં ભેદ માને તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ! હજી તો અહીંથી કહેશે આગળમાં. એ કારણપરમાત્મા એ જ ખરેખર આત્મા છે. ખરેખર એ જ આત્મા છે, બીજો આત્મા છે જ નહિ એમ કહે છે. એમાં છેને, ખરેખર શબ્દ પડ્યો છેને. '**કારણપમરમાત્મા તે ખરેખર આત્મા છે.**' છેને? સંસ્કૃત આખી લીટી નથી છેલ્લે? '**કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે.**' એ કહેશે પછી.

કર્મ જડ, '**ભાવકર્મ અને નોકર્મરૂપ ઉપાધિથી જનિત...**' ભાષા જુઓ, એ નિમિત્ત (ઉત્પન્ન થયા) છે... અહીંયાં અધ્યાત્મદૃષ્ટિ સિદ્ધ કરવી છે. તો નિમિત્ત ઉત્પન્ન થયો એમ કહેવામાં આવ્યું છે. ઉત્પન્ન તો એની પર્યાયમાં પોતાને કારણે રાગદ્વેષ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? પણ અહીંયાં તો કર્મ, નોકર્મ વાણી, શરીર અને કર્મના નિમિત્તથી પોતામાં ઉત્પન્ન

થતો વિકાર એવા વિભાવગુણપર્યાયથી ભગવાન આત્મા રહિત છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- વિભાવનો અર્થ વિકૃત ભાવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વિકૃત નહિ. અહીં વિભાવ એટલે વિશેષભાવ. અહીં તો વિશેષભાવ. એ ચારેય વિભાવભાવ છે. ચારેય વિભાવભાવ છે-વિશેષભાવ. સમજાણું કાંઈ? ત્યાં આ દ્રવ્યનું આવ્યું છેને. બીજામાં આવ્યું છેને ભાઈ, આપણે ૧૦૫માં નહિ. આ શું કહેવાય? ૫૦મી ગાથા. એમાં આવ્યું છેને એ? ૫૦મી ગાથા. નહિ? ૧૦૫ પાનું. જુઓ ૧૦૫ છે. જુઓ, ત્યાં પણ હેય-ઉપાદેય, ત્યાગ-ગ્રહણના સ્વરૂપનું કથન છે.

**શ્રોતા** :- ત્યાં વિભાવગુણપર્યાય લીધું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા. '**જે કોઈ વિભાવગુણપર્યાયો છે તેઓ પૂર્વે (૪૯મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેય કહેવામાં આવ્યા હતા, પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે (શુદ્ધનિશ્ચયનયે) તેઓ હેય છે. શા કારણથી? કે તેઓ પરસ્વભાવે છે અને તેથી જ પરદ્રવ્ય છે.**' ત્રણ શબ્દ લીધા. પાઠમાં એમ છે '**परदव्वं परसहावमिदि हेयं**' ટીકાકારે ગુલાંટ ખાઈને યથાર્થ વાત કરી છે કે ભગવાન આત્મા સિવાય જે કોઈ રાગાદિ કે પર્યાયાદિ છે બધા એ પરસ્વભાવ છે માટે પરદ્રવ્ય છે, હેય છે, હેય છે. પરસ્વભાવ છે તેથી તે પરદ્રવ્ય છે. જુઓ, અહીં પરદ્રવ્ય લઈ લીધું. '**સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે.**' શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ ભગવાન જ્ઞાયક એકરૂપ અંતર્મુખ એ સ્વદ્રવ્ય ઉપાદેય છે. એ સ્વદ્રવ્ય જ આદરણીય છે. હજી તો અહીં વ્યવહારરત્નત્રયને હેય કહે ત્યાં રાડ પડી જાય છે. અરરર..!

**શ્રોતા** :- એનાથી સંવર, નિર્જરા થાય છે અને આગળ વધાય છે એટલે શું થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હવે ધૂળેય વધે નહિ એમાંથી. પુણ્ય એટલે ધૂળેય સારું પુણ્ય પણ ન બંધાય, એમ. તીર્થંકરગોત્ર પણ એને નથી બંધાતું. જેણે રાગને ઉપાદેય માન્યો છે. એ તો મિથ્યાદૃષ્ટિ છે.

**શ્રોતા** :- ... તો બંધાશેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળ બંધાશે. એ તો ઘણા વર્ષ પહેલાં કીધું હતું, તેતર બંધાશે કીધું હતું તીર્થંકરને ઠેકાણે. એ તો એક ફેરી (સંવત) ૧૯૮૫માં કહ્યું હતું સંપ્રદાયમાં હોં. તેતર સમજો છો? ઓલા જીવડા નથી ખાતા? સાંજે. નહિ. તેતર. પાંજરામાં રાખે અને સાંજે મુસલમાન લોકો કાઢે છે. તીતર કહે છે. એ તીતર એક દિ'માં ઘણા ઝીણા-ઝીણા જીવ ખાય. ભગવાન તીર્થંકર ઘણાને તારવામાં નિમિત્ત છે, આ ઘણાને મારવામાં નિમિત્ત છે. ૮૫માં કહ્યું હતું ભાઈ સભામાં, હોં! સ્થાનકવાસી સંપ્રદાયમાં. ૮૫માં. કીધું, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ ધર્મ નથી, અધર્મ છે. અને કોઈ એમ માને કે રાગનો આદર કરીને અમને તીર્થંકરગોત્ર બંધાશે તો તેતરગોત્ર બાંધશે કીધું, તીર્થંકરગોત્ર નહિ. ત્યાં તો પણ

સંપ્રદાયમાં તો બહુ માનતા ને. સંપ્રદાયમાં એવો ખળભળાટ ન થાય. અમારા ઉપર વિશ્વાસ ઘણો હતો ને. એ વખતે વિશ્વાસ ઘણો હતો. અમારી ઉપર ઘણો વિશ્વાસ હતો. હવે ખળભળાટ થઈ ગયો. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નથી. જો ધર્મથી બંધ થાય તો અબંધ પરિણામનું ફળ શું? ધર્મથી બંધ ન પડે, અધર્મથી બંધ પડે છે. શેઠી! શું બરાબર? ષોડષ તીર્થંકરભાવ એ અધર્મ છે. અરરર..! ઉદયભાવ છે, આદરણીય છે નહિ. એને આદરણીય માને એને એવો ભાવ હોતો નથી. કહો, સમજાણું? માને, ન માને એની વાત. એ તો એ વખતે કહ્યું હતું. મોટી સભા મોટી હતી. માણસો ખીચોખીચ ભરાતું. એ વખતે તો માન બહુ હતુંને. કાનજી મુનિ એટલે બસ, બસ! અમારે તો પ્રભુ. આમ જ્યાં મુહપતિ ઉતરી ત્યાં ભાગ્યા. પહેલાં મુહપતિ રાખતા ત્રણ વર્ષ સુધી. ભાગ્યા. અરે..! એય.. નરસિંહભાઈ! આના ભાઈ ને બધા ભાગ્યા હતા. એ બધા અહીં આવ્યા હતા. ભાગ્યા બધા ભાગ્યા. પ્રભુ પ્રભુ કહેતા હતા એ બધા ભાગ્યા. ભાગ્યા સમજો છો? શું કહે છે? ભ્રષ્ટ થઈ ગયા.. ભ્રષ્ટ થઈ ગયા... ભ્રષ્ટ થઈ ગયા.

અહીં તો કહે છે ભગવાન કુંદકુંદાચાર્ય, ખરેખર સહજ જ્ઞાન-દર્શન-ચારિત્ર સહજ પરમ વીતરાગસ્વરૂપ શુદ્ધ અંતઃતત્ત્વ સ્વરૂપ સ્વદ્રવ્યનો. જુઓ આ તો ૫૦મી ગાથા હોં! જેમાં રાગ તો ઠીક ક્ષાયિકભાવને પરદ્રવ્ય અને હેય અને પરસ્વભાવ કહ્યું છે. એ જ વાત અહીં લીધી છે. સમજાણું કાંઈ? ભગવાન! તારા માહાત્મ્યની તને ખબર નથી. એ ક્ષાયિકસમકિતની પર્યાયનું પણ માહાત્મ્ય નહિ. અહીં તો કેવળજ્ઞાન પણ સદ્‌ભૂતવ્યવહારનયનો વિષય છે. કેવળજ્ઞાન પણ અંશ છે. ત્રિકાળીનો એક અંશ ભેદ પડી ગયો. ભેદ પડી ગયો એ સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે, એ વિષય આદરણીય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કેવળચંદજી! આ કેવળ લેવાનો ઉપાય છે. ઝીણું છે.

કહે છે કે એનાથી રહિત અનાદિઅનંત. હવે કહે છે, જુઓ, કેવો છે ભગવાન આત્મા? અનાદિઅનંત. કેવળજ્ઞાન સાદિઅનંત, મતિ-શ્રુત સાદિસાંત, સમ્યગ્જ્ઞાન. મતિશ્રુતજ્ઞાન કે અવધિ, મનઃપર્યય હોય એ સાદિસાંત, ઉત્પન્ન થાય અને અંત આવી જાય. કેવળજ્ઞાન સાદિઅનંત. અજ્ઞાન અનાદિનું અનાદિસાંત. અનાદિઅનંત દ્રવ્ય. સમજાણું કાંઈ? એકરૂપ વસ્તુ ભગવાન આત્મા. અરે..! એણે કદી સાંભળ્યું જ નથી. સાંભળીને એને કદી આહા..હા..! આ તે પ્રભુ કોણ છે? સમજાણું કાંઈ? સર્વજ્ઞ પણ જેનું કથન પૂરું કહી શકતા નથી. આહા..હા..! જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, શ્રીમદ્ કહે છે.

જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો;
એ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે!
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?'

આહા..હા..! ભગવાનના વિરહ પડ્યા. અરે.. આ માર્ગ આમ થઈ ગયો. સમજાણું કાંઈ? સાક્ષાત્ પરમાત્માના ભેટામાંથી નીકળીને ક્યાં આવી ગયા? આહા..હા..! સવારમાં એનો ખેદ થયો હતો. ક્યાં ત્રિલોકનાથ! બહેનનો જન્મ દિવસ અને યાદ આવ્યું આ. વ્યાખ્યાનમાં છેલ્લે યાદ આવ્યું. અરે..! ક્યાંથી આ આત્મા? ક્યાં હતો? ક્યાં આવ્યો? ક્યાં છોડીને શું કર્યું જીવે? સમજાણું કાંઈ? જ્યાં સાક્ષાત્ ભગવાન બિરાજતા હતા. અરે..! ત્યાં પણ વિરાધક. સમજાણું કાંઈ? અરે..! ભરતક્ષેત્રના અવતાર વિરાધક વિના હોઈ શકે નહિ. સમ્યગ્દૃષ્ટિ ભરતમાં આવી શકે નહિ. સમજાણું કાંઈ? એવા ત્રિલોકનાથ પરમાત્માની હાજરી એના વિરહ પડ્યા મહાવિદેહમાં અને ભરતમાં બેય. આવા ભગવાનની વાણી!

કહે છે કે ઓહો..! પ્રભુ! તારા સ્વરૂપને સર્વજ્ઞની વાણી, વાણીમાં સ્વપરની વાર્તા કહેવાની તાકાત છે. પણ શું વાણીની તાકાત છે? દુશ્મન કેટલા સજ્જનના વખાણ કરે? ચૈતન્યથી વિરૂદ્ધ જડ. એ જડમાં કેટલી તાકાત (કે) ચૈતન્ય ભગવાનની વાત કરે? આહા..હા..! સમજાણું કાંઈ? કોઈ દુશ્મનને કહેવું અમારા ભાઈના વખાણ કરજો. અમારા ભાઈના વખાણ કરજો એમ દુશ્મનને કહે. એ કેટલા કરે? ભગવાન ચૈતન્યજ્યોત અરૂપી આનંદકંદ પરમાત્મા પોતે પોતાનું સ્વરૂપ, એની વાણીને ગંધ નથી, ખબર નથી, નજીકથી વાણી નીકળે છે. વાણીને ખબર નથી કે આ પરમાત્મા કોણ છે અહીંયાં અંદર. ડાલચંદજી! ખબર છે? વાણીને ખબર નથી અને વાણી ચૈતન્યથી વિરૂદ્ધ જડ. આત્મામાં બિલકુલ અજ્ઞાન અને અલ્પજ્ઞાન રહેવાનો અવકાશ નથી એવો આત્મા પૂર્ણાનંદ છે. ત્યારે વાણીમાં એક અંશ પણ જ્ઞાન રહે એવો એમાં અવકાશ નથી. પૂર્ણ જડ અને ભગવાન આ સર્વજ્ઞ પૂર્ણ જ્ઞાની. આહા..હા..! એ પૂર્ણ જ્ઞાનીની વાત, આત્મામાં જે અનુભવ જોયો એ વાણીથી કેમ કહી શકે? તો પણ આટલી વાણી આવી છે. તદ્દન અવ્યક્ત નથી એ બતાવવા માટે અહીં વાત છે. કથંચિત્ વક્તવ્ય છે. સપ્તભંગી છેને? વક્ત્વય-અવક્તવ્ય સપ્તભંગી છેને?

**શ્રોતા :-** બિલકુલ ન કહેવાય તો..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બિલકુલ ન કહેવાય તો વાણી ન નીકળે. સાધારણ એનો ઈશારો કરે ઈશારો હોં! ઈશારો. જેમ ચંદ્ર દેખાડે કે એ રહ્યો ચંદ્ર. સમજાણું કાંઈ? એ ઝાડની ઉપર છે. ઝાડની ઉપર એ ડાળી ઉપર, ડાળ ઉપર અને ઝાડ ઉપર છે જ નહિ. ત્યાંથી દૃષ્ટિ હટાવીને દૂર લઈ જાય તો ચંદ્ર દેખાય. એમ યુક્તિ ન્યાયથી વાત કરે પણ એનાથી પાર ચૈતન્ય ભગવાન છે. સમજાણું કાંઈ? અહો..! ભગવાન અનાદિઅનંત. જુઓ આ દ્રવ્ય! અમૂર્ત- જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શની ગંધ નથી. '**અતીન્દ્રિય સ્વભાવવાળો...**' અતીન્દ્રિય સ્વભાવવાળો. ભગવાન આત્મા અતીન્દ્રિયસ્વરૂપ પ્રભુ શુદ્ધ. શુદ્ધભાવ ચાલે છેને? '**સહજ પરમપારિણામિકભાવ...**' સ્વભાવિક પરમપારિણામિક વસ્તુ '**જેનો સ્વભાવ છે**' આહા..હા..!

**'એવો કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે.'** જુઓ ભાષા. સમજાણું કાંઈ? કારણપરમાત્મા એ જ ખરેખરૂ આત્મા છે. ઓહોહો..! શરીરને આત્મા કહેવો અને પરના ગુણભેદ કહેવા, એની ક્ષાયિક પર્યાયને આત્મા કહેવો? નહિ, એ બધો વ્યવહાર આત્મા છે. આહા..હા..! આત્મામાં બે ભેદ વળી. સમજાણું કાંઈ?

એક સમયની કેવળજ્ઞાનની પર્યાય એ વાસ્તવિક આત્મા નથી. આહા..હા..! ખરેખર આત્મા નથી. એ વાસ્તવિક હિન્દીમાં મૂક્યું છે, આપણે ખરેખર (શબ્દ) છે ગુજરાતીમાં. ગુજરાતીમાં ખરેખર મૂક્યું છેને. મેં કીધું, ક્યાંક ખરેખર આત્મા છે એ ખ્યાલ રહી ગયો છે. આ ઠેકાણે છે. ગુજરાતીમાં આપણે છે. 'જ' આત્મા છે ને. પરમાત્મા 'જ' આત્મા છે. એવો પાઠ છે ને અંદર. ગુજરાતીમાં ખરેખર. ખરેખર કહો હી એટલે ખરેખર, નિશ્ચયથી. નિશ્ચય કહો. એ કારણપરમાત્મા તે નિશ્ચયઆત્મા, કારણપરમાત્મા તે વાસ્તવિક આત્મા, ત્રિકાળ આત્મા તે ખરેખર આત્મા. ખરેખર. આત્મામાં પણ ખરેખર અને નહિ ખરેખર. ભાઈ! નરસિંહભાઈ! ભારે વાત, ભાઈ! એક સમય પૂરતી દશા. આ ભગવાન આહા..હા..! અનંત અનંત નિધિ ગુણ પડ્યો છે એવો ભગવાન અનાદિઅનંત એકરૂપ **'સહજ પરમપારિણામિકભાવ...'** પરમપારિણામિકભાવ. કેમ? કે કોઈ વખતે પર્યાયને પણ પારિણામિકભાવ કહે છે. સમજાણું કાંઈ? રાગદ્વેષ છેને એ પણ પારિણામિકભાવની પર્યાય ખરેખર તો વિકારી છે. એ તો નિમિત્તની અપેક્ષાએ ઉદય કહ્યો. પણ જયધવલમાં વિકારને પારિણામિકભાવની પર્યાય કહી છે. એની પર્યાય છેને. પર્યાય ક્યાં પરની છે? પારિણામિકભાવ એ પણ... પણ ધ્રુવ પારિણામિકભાવ એ ખરેખર આત્મા છે. આહા..હા..! ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશમને તો પારિણામિકની પર્યાય કહે. પર્યાયરૂપ પારિણામિક હોં. પર્યાયરૂપ પારિણામિક. ઉદયને પણ પારિણામિકભાવ કહ્યો, પણ એ પારિણામિક એક અંશનો છે. આ ત્રિકાળી આત્મા એને ખરેખર આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વન્સ મોર કરે છે, ભાઈ! તમારા પિતાજી. ક્યાં ગયા તમારા આવ્યા છે કે નહિ બીજા?

શું કહ્યું જુઓ, અનાદિઅનંત. ભગવાન આદિ નહિ, અંત નહિ. એકરૂપસ્વરૂપ. જુઓ, કેવળજ્ઞાન તો આદિ અને અનંત. કેવળજ્ઞાન આદિ અનંત, એ અનાદિઅનંત ન રહ્યું. તો કેવળજ્ઞાન પણ અન્યભાવ છે. કેવળજ્ઞાન પણ વાસ્તવિક આત્મા નથી. આહા..હા..! એય..! માણેકલાલભાઈ! છે કે નહિ આમાં? ભાઈ! આવે ત્યારે તો વાત આવેને અંદરથી. જુઓ,

**'પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ છે એવો કારણપરમાત્મા... '** ઓહો..! કેવળજ્ઞાન એક સમયની પર્યાય છે. ભલે પ્રગટ થઈને સાદિઅનંત રહે, પણ આ દ્રવ્ય તો અનાદિઅનંત છે. અનાદિઅનંતને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું

કાંઈ? રાગને તો ક્યાંય નાખી દીધો. કેવળજ્ઞાન પર્યાય પણ વાસ્તવિક આત્મા નથી. એક સમયની દશા એક સમય પૂરતી રહે છે. કેવળજ્ઞાન ભલે એવી ને એવી સદશ્ય ચાલી જાય, પણ રહે છે એના આત્મામાં સ્થિતિ કેવળજ્ઞાનની એક સમયની છે. સમજાણું કાંઈ? ચારેય ભાવ એક સમય પૂરતો જ રહે છે. રાગ પણ એક સમય, બીજે સમયે બીજો, ત્રીજે સમયે ત્રીજો. ક્ષયોપશમ પણ એક સમયમાં જે પર્યાય છે એ પર્યાય બીજે સમયે નથી રહેતી. કેવળજ્ઞાન પણ એક સમયમાં છે એ બીજા સમયે એ નથી રહેતું. એવું હોય પણ એ નહિ. એક સમયનો આત્મા કેવળજ્ઞાન પણ સિદ્ધ પર્યાય આત્મા એ વાસ્તવિક આત્મા નથી. એય..! છોટાભાઈ! ભારે ભાઈ વાત! આવી વાત તે. આવો તે જૈન પરમેશ્વરનો ધર્મ હશે આ? કોઈ કહે કે આપણે જૈનમાં એવું ન હોય. આપણા જૈનમાં તો લીલોતરી ન ખાવી, કંદમૂળ ન ખાવા, રાતે ચોવિહાર કરવો. એય..! માયાચંદભાઈ! આવું કરવું, ધૂળ કરવી, ફલાણું કરવું. એને જૈન કહે. અરે.. ભગવાન! સાંભળ તો ખરો, બાપુ! આ જૈન પરમેશ્વરનો માર્ગ અપૂર્વ અલૌકિક છે. ભાઈ! એ ખરેખર સાંભળવા મળ્યો નથી. તેથી કહ્યુંને?

**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा।**
**एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहतस्स।।४।।**

પરથી વિભક્ત અને સ્વથી એકત્વ ચીજ શું છે એવી વાત અંદર યથાર્થપણે વાસ્તવિક દૃષ્ટિથી રુચિ કરીને કદી સાંભળી નથી. શું કહે છે?

'**એવો કારણપરમાત્મા...**' એવો એટલે? જેમાં ચાર ભાવ નથી. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક નથી. અને જે ત્રિકાળ પરમસ્વભાવ ભગવાન એ ખરેખર આત્મા છે. આત્મામાં વળી ખરેખર આત્મા અને અખરેખર આત્મા એમાં પણ બે? ખોટો કહે છે. પરસ્વભાવમાં ખુલાસો કર્યોને. ખરેખર તો એ ખોટો-અસત્ય આત્મા છે. સત્ ભુત ત્રિકાળ અસત્ય આત્મા છે અને પર્યાય અસત્ય આત્મા છે આ ત્રિકાળની અપેક્ષાએ. સમજાણું કાંઈ? પણ એ પર્યાય છે જ નહિ એની અપેક્ષાએ એમ નથી. પર્યાયનયનો વિષય છે જ નહિ એમ નથી. એ તો સવારે ખુલાસો આવે છે.

કહે છે કે અરે..! કારણપ્રભુ જેમાં અનંતી સિદ્ધ-પર્યાયરૂપ ભગવાન પડ્યો છે. અનાદિઅનંત હોં! અનાદિઅનંત એકરૂપ. ૧૯માં છેને? ૧૧૯માં કહ્યુંને ભાઈ! ત્રિકાળ નિરાવરણ. આ શેમાં કહ્યું? આપણે હમણાં કાઢ્યું નહિ? ૫૦માં કાઢ્યું. ૧૧૯ ગાથા છેને? ૧૧૯ ગાથા. ૨૪૦ જુઓ, ૨૪૦ પાનું. ૨૪૦ હિન્દી. '**સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત અખંડ-નિત્યનિરાવરણ**' કાઢતા આવડે છે કે નહિ નેમિદાસભાઈને? કે કાઢી દે કો'ક? સમજાણું કાંઈ? ત્રીજી લીટી ત્રીજી. ટીકાની ત્રીજી લીટી. ત્રીજી લીટી સમજ્યાને? ત્રીજી પંક્તિ. ૨૪૦ પાનું અને ટીકાની ત્રીજી લીટી.

'**સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત...**' એવા લક્ષણથી લક્ષિત

**'અખંડ-નિત્યનિરાવરણ...'** અખંડ-નિત્યનિરાવરણ-અખંડ નિત્યનિરાવરણ, ત્રિકાળ નિત્યનિરાવરણ તેને અહીંયાં દ્રવ્ય આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં પર્યાય-બર્યાય આવતી નથી. **'અખંડ-નિત્યનિરાવરણ-સહજ-પરમપારિણામિકભાવની ભાવનાથી ઔદયકિ, ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક એ ચાર ભાવાંતરોનો પરિહાર કરવાને અતિ-આસન્નભવ્ય જીવ સમર્થ છે,...'** પરનો આશ્રય નહિ લેવામાં અને સ્વનો આશ્રય લેવામાં જ્ઞાની સમર્થ છે. સમજાણું કાંઈ? પર્યાયનો આશ્રય ન લેવામાં જ્ઞાની સમર્થ છે એમ કહે છે. આહા..હા..! ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકને ખરેખર આત્મા નહિ માનવામાં સમર્થ છે અને ચારનો આશ્રય નહિ લેવામાં સમર્થ છે. આહા..હા..! દેવીલાલજી! આ તો ભાઈ અલૌકિક વાત છે. જુઓ, એ બધું પછી કહે છે, જુઓ,

**'તેથી જ તે જીવને પાપાટવીપાવક કહ્યો છે; આમ હોવાથી પાંચ મહાવ્રત,...'** એ ભગવાન જ્ઞાનાનંદ ત્રિકાળ આનંદમૂર્તિ અનાદિઅનંત નિત્યનિરાવરણ એના આશ્રયે નિર્વિકલ્પ દશા ઉત્પન્ન થાય તેને પંચમહાવ્રત કહે છે. વિકલ્પના પંચમહાવ્રત એ મહાવ્રત ખરેખર છે જ નહિ. અઠ્યાવીશ મૂળગુણના જે વિકલ્પ છે એ ખરેખર મહાવ્રત છે જ નહિ. આહા..હા..! અહીંયાં જુઓ. છે?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાત સાચી. .. એમ નથી કહેતા? ... અમારે અહીં મથુરાના પેંડા ન્યારા છે એમ કહે છે. મથુરા ન્યારા છે. આ ભગવાનનો માર્ગ ન્યારો છે. દેવાનુપ્રિયા! કેવળચંદજી! દેવાનુપ્રિયા સમજો છો? મનુષ્યને દેવાનુપ્રિયા કહેવામાં આવે છે. દેવને મનુષ્યદેહ વલ્લભ છેને. દેવને મનુષ્યદેહ વલ્લભ છે. માટે કહે છે, દેવાનુપ્રિય! દેવને તમે વલ્લભ છો, એમ કહે છે. સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં બહુ એવું આવે છે. હે! દેવાનુપ્રિયા! નોકરને રાજા કહેને, દેવાનુપ્રિયા! આ કામ કરશો. એમ કહે. હે દેવને વલ્લભ! મનુષ્યદેહ તો દેહને વલ્લભ છે. મીઠી ભાષામાં. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે એવા પંચમહાવ્રત એ બધા ધ્યાન જ છે એમ કહે છે. ૨૪૦ પાનું. ભગવાન આત્મા અખંડાનંદ નિત્ય નિરાવરણ પ્રભુ, એના આશ્રયમાં પડવાથી જે ધ્યાન ઉત્પન્ન થાય છે, વીતરાગી પર્યાય ઉત્પન્ન થઈ એ ધ્યાન એ પંચમહાવ્રત છે. એ ધ્યાન પાંચ સમિતી છે. આમ જોઈને ચાલવું એ બધા વિકલ્પ વ્યવહાર છે, સમિતિ છે જ નહિ. આહા..હા..! ત્રણ ગુપ્તિ, આ પ્રત્યાખ્યાન, પ્રાયશ્ચિત, આલોચના વગેરે બધું ધ્યાન જ છે. સમજાણું કાંઈ? ભગવાન પૂર્ણાનંદ પ્રભુનું ધ્યાન અંતરમાં ધ્યાન લગાવવું એ પર્યાય નિર્મળ છે એને જ ભગવાને પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ એને કહ્યું છે. વ્યવહાર સમિતિ-ગુપ્તિને અહીં યથાર્થ કહ્યું નથી. આ તો વળગ્યા બહારમાં આમ કર્યું ને તેમ કર્યું. કહો, બાબુલાલજી! જુઓ, એમાં કહ્યું ને ઈ?

અહીં તો ઈ લેવું હતું કે પરિત્યાગ લક્ષણથી લક્ષિત. પરના લક્ષણથી લક્ષ છોડીને. પોતે પરના ત્યાગરૂપ લક્ષણથી લક્ષિત અન્ય નિત્યનિરાવરણ અખંડ સહજ પરમપારિણામિકભાવ એની એકાગ્રતા, અંદર આનંદમાં એકાગ્રતા એ બધી ધર્મધ્યાનની ક્રિયા ભગવાનના માર્ગમાં કહી છે. સમજાણું કાંઈ? એ ધર્મધ્યાનની ક્રિયા પણ પરમપારિણામિકભાવથી અન્યભાવ છે. આહા..હા..! એને આશ્રયે ધર્મ ન થાય. ધર્મધ્યાન પ્રગટ્યું એને આશ્રયે ધર્મ ન થાય, ધર્મ ન હોય. અરે..! ભારે માર્ગ ભાઈ આવા. આહા..હા..!

સર્વજ્ઞ પરમેશ્વર એક સમયમાં આહા..હા..! એક જ્ઞાનની પર્યાય ત્રણકાળ, ત્રણલોકનો પત્તો પોતાના ઉપયોગમાં લઈ લે છે. બહારમાં તો જોવાનું પણ ક્યાં છે? એવી તાકાત સર્વજ્ઞ કહે છે કે સર્વજ્ઞમાં અમે એમ જાણ્યું છે કે સર્વજ્ઞની પર્યાય પણ વાસ્તવિક આત્મા નથી. ઓહોહો..! દેવીલાલજી! કેટલાકને તો એવું લાગે કે આ શું કહે છે? ક્યાં લઈ જાય છે? ક્યાં અમને લઈ જવા છે તમારે? એ ભગવાન આત્મામાં લઈ જવા છે. સમજાણું કાંઈ? બહારથી લક્ષ છોડી દે. શરીરનું લક્ષ છોડી દે, કર્મનું લક્ષ છોડી દે, રાગનું લક્ષ છોડી દે. અને કેટલીક તો અનાદિથી અસ્તિત્વગુણ, વસ્તુત્વગુણની પર્યાય તો અનાદિથી નિર્મળ જ છે. કેટલાક ગુણ તો નિર્મળ પર્યાય છે. અસ્તિત્વગુણની કોઈ વિકારી પર્યાય થતી નથી. એવા અનંતગુણ છે જેની નિર્મળ પર્યાય છે અને કેટલાક ગુણ છે એમાં વિકારી છે. એ બધી પર્યાય આત્મામાં નથી. સમજાણું કાંઈ? એવો યથાર્થ કારણપરમાત્મા તે જ ખરેખર સાચો આત્મા છે. વળી આત્મા સાચો અને ખોટો બે ક્યાંથી આવ્યા? પર્યાય એક સમયની ત્રિકાળ આત્મા સત્‌ની અપેક્ષાએ અસત્ય છે. સમજાણું કાંઈ? તો અસત્યને સત્યમાં ભેળવવું એ વસ્તુની સ્થિતિ નથી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કારણપરમાત્મા.. એ તો ત્રિકાળીરૂપ. ઉપાધિ નથી લીધી. એ ત્રિકાળ, બસ. ત્રિકાળને કારણપરમાત્મા કહ્યું.

**શ્રોતા :-** કારણ એટલે ઉપાધિ લગાડી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના, ના, નહિ.. નહિ.. અહીં તો ત્રિકાળ વસ્તુને જ કારણપરમાત્મા કહ્યું છે. ત્રિકાળ વસ્તુને કારણપરમાત્મા કહ્યું છે. એ નામ એવી વસ્તુ. કારણ કેમ કહ્યું? કે એના આશ્રયે કાર્યપરમાત્મા થાય છે તેથી એને કારણપરમાત્મા કહ્યું. અહીં તો એ વસ્તુ છે. વસ્તુ ત્રિકાળ કારણ પ્રભુ છે. એમ. એ કારણ ભગવાનમાંથી કાર્ય ઉત્પન્ન થાય છે. આ લોકો કહે છે કે ભગવાનમાંથી સૃષ્ટિ ઉત્પન્ન થઈ. બધાનો આધાર ભગવાન છે. સમજ્યા? એવું ત્રણકાળમાં નથી, સાંભળ! એ બતાવવા વાત છે. તારો ભગવાન કારણપરમાત્મા તારી પાસે પૂર્ણાનંદ અનાદિઅનંત પડ્યો છે એમાંથી કેવળજ્ઞાનની સિદ્ધની કાર્યપર્યાય ઉત્પન્ન થાય છે. એ તો કહેવું છે ઈ કે મોક્ષમાર્ગથી પણ કાર્યપરમાત્મા નથી થતો. સમજાણું કાંઈ?

કારણપરમાત્મા કેમ કહ્યું કે સિદ્ધપદ પણ મોક્ષમાર્ગની પર્યાયથી નથી થતું. કેમકે મોક્ષમાર્ગની પર્યાય વ્યય થાય છે. વ્યય થઈને સિદ્ધની પર્યાયની ઉત્પત્તિ થાય છે. તો અભાવમાંથી ભાવ નથી થતો. તો મોક્ષમાર્ગની પર્યાયનો અભાવ થઈને મોક્ષની પર્યાયનો ભાવ ત્રિકાળ કારણપરમાત્મામાંથી આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઠીક પંડિતજીએ કહ્યું કે કારણ કેમ લગાડ્યું? એટલો શબ્દ. અહીં તો ત્રિકાળ કહેવું છે એ.. નહિતર વસ્તુ એક જ છે. એ શબ્દનો અર્થ એક શબ્દ .. આ તો એકરૂપ વસ્તુ ત્રિકાળ. કારણ કેમ કહ્યું? કે કાર્યની ભૂમિકા એ છે. કેવળજ્ઞાનરૂપી કાર્ય અને સિદ્ધપદરૂપી કાર્યનું કારણ ભગવાન છે. એ ભૂમિકામાંથી એ પ્રવાહ આવે છે. મોક્ષમાર્ગની પર્યાયમાંથી કાર્યપરમાત્મા ઉત્પન્ન થતો નથી. નિશ્ચયમોક્ષમાર્ગ કારણ અને વ્યવહારમોક્ષમાર્ગ કાર્ય એ પણ વ્યવહારનું કથન છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ત્રિકાળભાવને કારણપરમાત્મા કહ્યો. સમજાણું કાંઈ?

અહીંયાં તો વધારે વજન ક્યાં આવ્યું? 'જ' આત્મા. ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ, જેમાં ક્ષાયિકપર્યાયનો સ્પર્શ નથી, સ્પર્શ નથી. આહા..હા..! સામાન્યમાં પર્યાયનો સ્પર્શ નથી. સામાન્ય પર્યાયને અડતું નથી. પર્યાયને અડે તો સામાન્ય અને વિશેષ એક થઈ જાય. એ તો સવારે કહ્યું હતું નહિ? અલિંગગ્રહણ. પર્યાયને દ્રવ્ય કદી અડતું નથી. અનાલિઢ શબ્દ છે ને? અનાલિઢ કહો, અચુંબન કહો, દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી, અડતું નથી. અમારી કાઠિયાવાડી ભાષામાં દ્રવ્ય પર્યાયને અડતું નથી. તમારી ભાષામાં છુતે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! એય.. પોપટભાઈ! આ તો અલૌકિક વાતું છે. ભગવાનના દરબારમાં જવાની વાતું છે.

આનંદઘન પ્રભુકે ઘર દ્વારે રટણ કરું ગુણધામા,
આનંદઘન પ્રભુકે ઘર દ્વારે રટણ કરું રે ગુણધામા,
અબધુ ઐસો જ્ઞાન વિચારી, એમાં કોણ પુરુષ કોણ નારી?
અબધુ ઐસૌ જ્ઞાન વિચારી.

આમાં પુરુષ કોણ? સ્ત્રી કોણ? રાગ કોણ? ક્યાં છે વસ્તુમાં? કઈ દૃષ્ટિથી તું જુએ છે કે આ સ્ત્રી ને પુરુષ છે? સમજાણું કાંઈ? સ્ત્રી-પુરૂષ જડની પર્યાયને તું જોઈને આત્મા માને છે, તું મૂઢ છો. સમજાણું કાંઈ? આહા..હા..!

એકવાર ભાઈ મીરાંબાઈમાં આવે છે. મીરાંબાઈમાં એક દાખલો. તે દિ' નાટક જોયેલું ને. એ લગભગ (સંવત) ૧૯૬૪-૬૫ની સાલનું હશે. મીરાંબાઈના નાટકમાં. એક બાવો હતો બાવો. એ નાટકમાં આવે છે. મળવા માટે. પછી બાવો કહે છે, પણ તું સ્ત્રી છે તો તું આડો પડદો નાખી દે. પડદો સમજ્યાને? પડદો આડો નાખ પછી આવીશ. મીરાંબાઈ કહે છે, તારી ચર્મચક્ષુવાળો તું બાવો-સંત છો જ નહિ. તારી દૃષ્ટિ સ્ત્રી ઉપર પડી છે? ઈ આત્મા છે એની ખબર નથી તને? શેઠી! નાટકમાં જોયું હતું હોં! તમને મળવા આવવું છે. મીરાંબાઈને

મળવું છે એ બાવો કહે છે. તો પડદો આડો નાખજે. તું સ્ત્રી છોને તો પડદો આડો નાખી દે. કોને જોવું છે તારે? આ સ્ત્રીનો દેહ જોવે છે? આત્મા શું છે એની તને ખબર નથી? સ્ત્રીને દેખનાર ચર્મચક્ષુવાળો મૂઢ સંત બાવો છો. અમે તને નહિ મળી શકીએ, જા. શેઠી!

અહીં ભગવાન કહે છે કે તું પરમપરમાત્માને દૃષ્ટિમાં નથી જોતો અને આ ચક્ષુથી દેખે કે આ આત્મા.. આ આત્મા.. આ સ્ત્રીનો આત્મા, આ નપુંસક લિંગનો આત્મા, આ રાગનો આત્મા. અહીં તો કહે છે કે ક્ષાયિકભાવ પણ આત્મા નથી. આહા..હા..! કોને તું આત્મા માને છો? તારો અને પરનો કોને માને છો? તારો માને છે એવો તું પરને જોઈને પરનો આત્મા માને છે કે આ આત્મા.. આ આત્મા.. આ આત્મા. શું કહે છે તું? સમજાણું કાંઈ? એય.. માણેકલાલભાઈ! પાગલ થઈ ગયો છે.

આ આત્મા '**અતિ-આસન્નભવ્યજીવોને એવા નિજ પરમાત્મા સિવાય કાંઈ ઉપાદેય નથી.**' ભવ્યજીવ જેની મુક્તિ નજીકમાં છે એવા આત્માને આવા આત્મા સિવાય.. દેખો! '**સિવાય કાંઈ ઉપાદેય નથી.**' પર્યાય પણ ઉપાદેય નથી. ભગવાન તો ક્યાંય રહ્યો. એનું વિશેષ આવશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી નિયમસાર, શ્લોક-૫૪, ગાથા-૩૯
## પ્રવચન નં.૧૬૮, તા.૩-૯-૧૯૬૬
## (૮)

આ નિયસાર, શુદ્ધભાવ અધિકાર ચાલે છે. શુદ્ધભાવ અર્થાત્ શુભ-પરિણામને શુભોપયોગ કહે છે, અશુભ-પરિણામને અશુભોપયોગ કહે છે અને આ શુદ્ધભાવને શુદ્ધોપયોગ કહે છે. એ વાત છે કે નહિ અહીંયાં? નહિ. એમ નથી અહીંયાં. એ તો પછી હા પાડે તો પકડાઈ જ જાયને સમજ્યા વિના.

અહીં શુદ્ધભાવ અધિકાર છે, તો શુદ્ધભાવનો અર્થ જે આત્માના પરિણામ ત્રણ પ્રકારના છે—શુભ, અશુભ અને શુદ્ધ, એની અહીંયાં વાત નથી. એ ત્રણ તો પર્યાયની વાત છે. સમજાણું કાંઈ? શું શેઠી? તમને પૂછે તો તમે શું કહેત શુદ્ધભાવ અધિકાર વિશે? બોલત નહિ. આ માથે શું છે? જુઓ, શુદ્ધભાવ અધિકાર. તો શુદ્ધભાવનો અર્થ શું? અહીંયાં હોં! એક સ્વરૂપ સ્વભાવ ત્રિકાળ ધ્રુવ સામાન્યરૂપ તેને અહીંયાં જ્ઞાયકભાવ, પરમપારિણામિકભાવ, કારણપરમાત્માને અહીંયાં શુદ્ધભાવ કહે છે. સમજાણું કાંઈ? એ પર્યાયનો શુદ્ધોપયોગ ભાવ અને એનાથી મુક્તિ મળે છે એની અહીંયાં વાત નથી. કેમકે શુદ્ધોપયોગ પણ પર્યાય છે અને એનું ફળ મોક્ષ એ પણ પર્યાય છે. એ પર્યાયને તો અહીંયાં બહિતત્ત્વ કહ્યું છે.

**શ્રોતા :-** આવી બધી ઝંઝટમાં પડવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જેને હિત કરવું હોય એણે આમાં પડવું, ન કરવું હોય તો એ સ્વતંત્ર છે. કહો, સમજાણું કાંઈ? બોલો શ્લોક બોલો. એમાંથી કાઢશું પછી.

> **जयति समयसारः सर्वतत्त्वैकसारः**
> **सकलविलयदूरः पास्तदुर्वारमारः।**
> **दुरिततरुकुठारः शुद्धबोधावतारः**
> **सुखजलनिधिपूरः क्लेशवाराशिपारः।।५४।।**

શું કહે છે? અહીંયાં શુદ્ધભાવ કોને કહે છે? '**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...**' એ ગાથા આવી એનો કળશ કર્યો. '**સર્વ તત્ત્વોમાં...**' સંવર પર્યાય, નિર્જરા પર્યાય, શુદ્ધોપયોગ પર્યાય, મોક્ષ પર્યાય અને એક શુદ્ધભાવ ત્રિકાળભાવ. આ '**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...**' શુદ્ધભાવ એકરૂપ ત્રિકાળ જે દ્રવ્યનયનો વિષય છે, જે સમ્યગ્દર્શનનું ધ્યેય છે. સમજાણું કાંઈ? સર્વ તત્ત્વોમાં નામ સંવર, નિર્જરા, મોક્ષ, આસ્રવ, બંધ એ સર્વ તત્ત્વ પર્યાયતત્ત્વ

છે અને પર્યાયતત્ત્વને અહીંયાં બહિર્તત્ત્વ કહ્યું. સમજાણું કાંઈ? અંતઃતત્ત્વ એક સમયમાં સામાન્ય એકરૂપ પ્રભુ કારણપરમાત્મા કારણજીવ ધ્રુવસ્વભાવ જ્ઞાયકભાવ પરમસ્વભાવભાવ એકરૂપ, જેને પર્યાયનો સ્પર્શ નથી. પર્યાયને અહીંયાં વ્યવહારતત્ત્વ કહ્યું છે, બહિર્તત્ત્વ કહ્યું છે. ઓહોહો..! સમજાણું કાંઈ? મોક્ષને પણ અહીંયાં બહિર્તત્ત્વ કહ્યું છે. કેમકે એ પ્રગટ પર્યાય છે, એક સમયની દશા છે અને શુદ્ધોપયોગ જે મોક્ષમાર્ગ છે, શુદ્ધોપયોગ એ મોક્ષમાર્ગ છે. શુદ્ધોપયોગ જે નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે પોતાનો ભગવાન પૂર્ણાનંદ સામાન્યનો આશ્રય કરીને નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એને પણ અહીંયાં બહિર્તત્ત્વ ગણવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? એ બહિર્તત્ત્વ જે મોક્ષ, સંવર, નિર્જરા આદિ છે એમાં એક સાર, સર્વ તત્ત્વોમાં એક સાર છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** બાકી બધું અસાર?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધું અસાર એક ન્યાયે. આ સાર તો (બાકી બધું) અસાર. અંતઃતત્ત્વ તો એ બહિર્તત્ત્વ, આ નિશ્ચય તો વ્યવહાર, સત્ય તો અસત્ય, આ સાચું તો એ જૂઠું. લ્યો! શેઠી! સમજાણું કાંઈ?

એક સમયનો ભગવાન આત્મા, જેમાં તો અનંત-અનંત ગુણ અને એક-એક ગુણની અનંત સામર્થ્યતા અને એક-એક ગુણની ત્રણકાળની પર્યાયનું સામર્થ્ય ગુણમાં. તો એવા અનંત ગુણનું એક સ્વરૂપ સામાન્ય ધ્રુવ એ સર્વ તત્ત્વોમાં એક સાર છે. લ્યો, આ સંસારમાં સાર સાર કહે છેને? આ સંસાર ધૂળમાંય સાર નથી એમ કહે છે. અહીં તો મોક્ષ અને સંવર-નિર્જરા જે મોક્ષનો માર્ગ છે અને એનું ફળ મોક્ષ એ પણ (બહિર્તત્વ છે).

**શ્રોતા :-** એક અપેક્ષાએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક અપેક્ષા તો આ ત્રિકાળની અપેક્ષાથી. ત્રિકાળની અપેક્ષાથી વાત છેને. ત્રિકાળની અપેક્ષાથી. પ્રગટ કરવાની અપેક્ષાએ તેને હિતકર કહો, હિતનું ફળ કહો પણ એ પર્યાય છે. અહીં તો એક સમયની પર્યાયને ગૌણ કરીને, હેય કરીને ઉપાદેયમાં એને ન ભેળવીને (તેને બહિર્તત્ત્વ કહી છે). સમજાણું કાંઈ?

**'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...'** ભગવાને કહ્યું એવા નવ તત્ત્વ, હોં! આ તો શાસ્ત્રથી. એમાં એક સાર ધ્રુવ. જેને સામાન્ય કહે છે એ એક જ સાર છે. કહો, સમજાણું કાંઈ? શું આમાં સિદ્ધ શું કરવું છે? તારે આનંદની પ્રાપ્તિ કરવી હોય તો આનંદની પ્રાપ્તિમાં સામાન્ય ધ્રુવસ્વભાવ તો એક જ આશ્રય કરવાલાયક છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેય. ભેદ-બેદ નહિ. આ કહ્યું નહિ? હમણાં સાંભળ્યું નહિ? પર્યાયની તો વાત જ નથી.

**શ્રોતા :-** એ તો કહે છે કે ગુણ અને પર્યાયને કાઢી નાખ્યા, હજી શું? એમ કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ રહ્યો એકલો અભેદ. ગુણભેદ નહિ.

**શ્રોતા :-** ગુણ નહિ એમ નહિ. ગુણભેદ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ નહિ. ગુણ ભલે હો અંદર. પણ એ ગુણ છે એમ કહેવું એ અસત્યાર્થ છે, જૂઠું છે. કહ્યું. પહેલાં કહ્યુંને?

**શ્રોતા :-** આખો આત્મા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકરૂપ આત્મા. એમાં આ ગુણ એમ કહેવું, ભેદ પાડીને જાણવું એ વ્યવહાર થઈ ગયો, અસત્યાર્થ થયો, જૂઠ થયું, ઉપચાર થયો. આહા..હા..! ભારે કઠણ જગતને મૂળ ચીજની પ્રાપ્તિ (વિના). આખો પ્રભુ પડ્યો છે મોટો મહા. હવે અહીં તો હજી ઝઘડા બહારના. આમ કરવું ને આમ કરવું, દયા પાળો, ભક્તિ કરો, પૂજા કરો એનાથી મોક્ષ થશે. હજી ત્યાં ઝઘડા (ચાલે). બહિર્લક્ષી. સમજાણું કાંઈ? છોટાલાલભાઈ!

કહે છે, '**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...**' પ્રભુ પરમાત્મસ્વરૂપ, જેમાં વર્તમાન પર્યાય તો નથી, મોક્ષની પર્યાય નથી અને શુદ્ધોપયોગની પર્યાય પણ અંદર નથી. શુદ્ધોપયોગની પર્યાયને અહીં બહિર્તત્ત્વ કહ્યું છે. આહા..હા..! કહો, હિંમતભાઈ! અમારા પંડિત છેને ત્યાનાં.

**શ્રોતા :-** મુખ્ય પંડિત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મુખ્ય પંડિત છે લ્યો, ભાઈ! વાત સાચી છે ત્યાં મુંબઈમાં તો. સમજાણું કાંઈ? આહા..હા..!

ભાઈ! તારે હિત કરવું છે કે નહિ? તો હિત નામ સુખ કરવું છેને? તો સુખની ખાણ ક્યાં છે? સુખની ખાણ કોઈ નિમિત્ત છે? સુખની ખાણ રાગ છે? સુખની ખાણ એક સમયની પર્યાય જે છે અનાદિની એ પર્યાયમાં સુખ છે?

**શ્રોતા :-** .. નહિ પણ દેવ-ગુરુ-શાસ્ત્ર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ રાગ છે, એમાં સુખ ક્યાં આવ્યું? આપણા પંડિતજી છેને? ઠીક રામજીભાઈ પ્રશ્ન કરે છે. આપણે પંડિતજીને ઠીક અહીંયા રાખ્યા છે. સમજાણું કાંઈ? અરે..! ભગવાન!

અહીં તો કહે છે, સંવર-નિર્જરા-મોક્ષ એક બાજુ રાખો. અનાદિ કાળના તો છે નહિ. એની એક સમયની પર્યાયમાં જ્ઞાનનો વિકાસ છે. દર્શનનો ક્ષયોપશમ (છે). આપણે ક્ષયોપશમ એટલે વિકાસ. વીર્યનો ક્ષયોપશમ છે. રાગ-દ્વેષ તો દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? પણ એક સમયની પર્યાય છે એમાં સુખ છે? આનંદની પર્યાય વ્યક્ત છે? કેમકે પર્યાય ઉપર દૃષ્ટિ છે તો દુઃખની પર્યાય વ્યક્ત છે. શું કહ્યું? એક સમયની જે પર્યાય છે, જ્ઞાન-દર્શન-વીર્યની વિકાસ-ઉઘાડ-ક્ષયોપશમ. રાગ-દ્વેષ તો દુઃખરૂપ જ છે. એ તો ઠીક, કાઢી નાખો. પણ આ ક્ષયોપશમની પર્યાય જે છે એ પર્યાયમાં સુખ છે? સુખ છે? રાગ-દ્વેષ વિકલ્પ ઊઠે છે એમાં સુખ છે? પર્યાયમાં સુખ છે?

**શ્રોતા** :- એમાં શુભરાગનું સુખ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળમાંય સુખ નથી. સુખ ક્યાં છે? એઈ..!

**શ્રોતા** :- થોડોક સંવર થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- થોડોક સંવર થાય અજ્ઞાનીને ઘરે. આહા..હા..! અરે..! ભગવાન!

અહીં તો બીજું સિદ્ધ કરવું છે કે એ પર્યાયનો વિકાસ છેને અજ્ઞાનીને. એ સંવર-નિર્જરા-મોક્ષ પછી રાખો. સમજાણું કાંઈ? અનાદિકાળના જીવમાં નિગોદમાં પણ જ્ઞાન-દર્શન-વીર્યનો ક્ષયોપશમ તો છે જ. જો ક્ષયોપશમ ન હોય તો એ પર્યાયમાં જડ થઈ જાય. સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે ભગવાન! એક વાર સાંભળ તો ખરો. તારી નિધિ એ એક સમયની પર્યાય જ્ઞાન-દર્શન-વીર્યનો ઉઘાડ છે, વિકાસ છે એના ઉપર દૃષ્ટિ દેવાથી એ તો દુઃખરૂપ છે, તો દુઃખનો વિકલ્પ થયો. એનો આશ્રય કરવાથી તને રાગ થશે. એ તો દુઃખરૂપ છે. સમજાણું કાંઈ?

એકરૂપ સર્વ તત્ત્વમાં સાર એવી દૃષ્ટિ કરી, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયની પ્રગટ થઈ તો કહે છે કે એમાં ભલે આનંદ હોય પણ નવો આનંદ એમાં ઉત્પન્ન થતો નથી. એ આનંદની ખાણ છે? સમજાણું કાંઈ? શુભ-અશુભરાગ છે એમાં તો આનંદ નથી. એ તો બરાબર છે કે નહિ? પૈસામાં આનંદ છે એ તો વાત રહી નહિ. બહાર રહી ગયા? આ બધા પૈસાવાળા જુઓને, ત્યાં બધું ઔષધના મોટા શું કરે છે? તમારે શું કહેવાય? તમારે શું કહેવાય?

**શ્રોતા** :- મેડિકલ હોલ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મેડિકલ હોલ મોટો હોય એમાં દવા-બવા (રાખે). આ બધા ભાઈ રહ્યા ડોક્ટર. કેટલાય પેદા કરે છે બાર મહિને. એમ કહે છે. વાતું કરે છે. આપણે ક્યાં જોવા ગયા છીએ.

**શ્રોતા** :- અહીં બેઠા પછી દુઃખ સાબિત થાય છે. બાકી તો સુખ, સુખ ને સુખ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સુખ છે, લ્યો! બહારમાં તો સુખ, સુખ ને સુખ. અહીં આવે તો દુઃખ ભાસે છે કહે છે. એય..! નવરંગભાઈ! આહા..હા..! એય.. રતિભાઈ! શું છે? કહો! તમારા પૈસામાં સુખ છે? બાયડીમાં સુખ છે? બંગલામાં સુખ છે? બે લાખનો બંગલો કરીને બેઠા છે. ત્યાં રહ્યા તો સુખ છે એમાં?

અહીં તો બીજી વાત કહે છે. એ તો પર અજીવમાં ગયા, પણ પોતાની પર્યાયમાં શુભ-અશુભરાગ છે, ભાઈ! એ સુખ છે? એ તો આકુળતા છે. હવે રહ્યો જ્ઞાન, દર્શન, વીર્યનો વિકાસ ક્ષયોપશમ. એ ક્ષયોપશમની પર્યાયમાં સુખ છે? અને ક્ષયોપશમની પર્યાયનો આશ્રય કરવાથી સુખ ઉત્પન્ન થાય છે? એ પર્યાયનો આશ્રય કરવાથી તો રાગ ઉત્પન્ન (થાય છે), દુઃખ જ ઉત્પન્ન થાય છે. રાજમલજી! સમજાણું કાંઈ? આનંદની નિધિ એક સ્વરૂપ

ચિદાનંદ ધ્રુવ. અહીં તો પરને તો કાઢી નાખ્યા, રાગ-દ્વેષને કાઢી નાખ્યા, પછી ક્ષયોપશમની પર્યાય કાઢી નાખી. હવે સ્વભાવનો સારતત્ત્વ ભગવાન આત્મા એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન-ચારિત્ર જે આનંદની પર્યાય પ્રગટ થઈ.. સમજાણું કાંઈ? શું એને આશ્રયે આનંદની વૃદ્ધિ થાય છે? એ પર્યાયમાં નવો પ્રગટ થવાનો આનંદ પડ્યો છે? આનંદરૂપ ભલે હોય ઈ. સમજાણું કાંઈ? શું કહ્યું સમજાણું? અથવા એમાં આનંદ પડ્યો છે કે આનંદ એમાંથી નીકળે? આનંદ છે એ તો એક સમયનો આનંદ છે. બરાબર છે? કેવળચંદજી! મોક્ષમાર્ગ પ્રગટ થયો. સર્વ તત્ત્વમાં સાર ચૈતન્યપ્રભુ જ્ઞાયકભાવ, એનો અંતર આશ્રય કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થયા. તો છે આનંદ સમ્યગ્દર્શન-જ્ઞાન, પણ એક સમયનો આનંદ છે કે નવા આનંદની ખાણ છે? સમજાણું કાંઈ? ત્રિકાળ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની ખાણ છે. આહા..હા..!

કહે છે કે **'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...'** પુણ્ય-પાપ નહિ, ક્ષયોપશમભાવ નહિ, આ ઉઘડેલો વિકાસ ક્ષાયિકસમકિત થયું ચોથે ગુણસ્થાને, લ્યોને, એ પણ સુખની ખાણ નહિ. એ સુખરૂપ ભલે દશા હોય પણ એમાંથી સુખ પ્રગટ થાય એમ નથી. તો સર્વ તત્ત્વોમાં સાર ભગવાન આત્મા અતીન્દ્રિય-અતીન્દ્રિય અનંત ચતુષ્ટયમાં જે આનંદ ભગવાનને પ્રગટે છે એ પણ એક સમયનો આનંદ છે. સમજાણું કાંઈ? મોક્ષની પર્યાયનો આનંદ એક સમયનો છે. એ સમયમાંથી અંશમાંથી નવો આનંદ પ્રગટ થાય છે?

એ કહે છે, જુઓ, **'જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...'** ભાષા આ લીધી છે. સમજાણું કાંઈ? **'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...'** ભગવાન જ્ઞાયક સ્વરૂપ ધ્રુવ અભેદ સામાન્ય જેમાં પર્યાય તો નથી પણ ગુણભેદ પણ નથી. ગુણભેદ કરે તો ઉપચાર અસત્યાર્થ-જૂઠ થઈ જાય છે. ભેદ કરીને દૃષ્ટિ કરે તો રાગ અને દુઃખ ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ? કહે છે કે સર્વ તત્ત્વોમાં જે એક ભગવાન શુદ્ધ પૂર્ણ ધ્રુવ સાર છે. કેવો છે? **'સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...'** એ સંવર, નિર્જરા, મોક્ષની પર્યાય પણ નાશ પામવાયોગ્ય છે, કાયમ રહેનારી નથી. આહા..હા..! એક સમયની પર્યાય છેને મોક્ષની? મોક્ષ-સિદ્ધ પણ એક સમયની પર્યાય છે, ગુણ નથી, ધ્રુવ નથી.

**શ્રોતા :-** સદૃશ્યતા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ભલે સદૃશ્યતા હોય પણ એક સમય જ રહે છે. બીજા સમયે નાશ પામી જાય છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! કેવળજ્ઞાન પણ એક સમયની ઉત્પાદપર્યાય છે. તો ઉત્પાદ-વ્યયથી વ્યતિરેક જે દ્રવ્ય છે એને અહીંયાં સાર કહેવામાં આવ્યું છે. એ બતાવ્યું હતુંને ભાઈ! ૪૩મી ગાથામાં. નહિ? ૪૩. શું કહેવાય આ? પરમાત્મપ્રકાશમાં બતાવ્યું હતુંને? એક ફેરી બતાવ્યું હતું કે નહિ? ૪૩ નહિ? પહેલી ૪૩ હોં. પહેલી ગાથા ૪૩.

**'યદ્યપિ પર્યાયાર્થિકનય કી અપેક્ષા ઉત્પાદ-વ્યય સે સહિત હૈ, તો ભી**

**દ્રવ્યાર્થિકનય કી અપેક્ષા ઉત્પાદ-વ્યયરહિત હૈ, સદા ધ્રુવ અવિનાશી હૈ,...'** એને સાર તત્ત્વ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'વહી પરમાત્મા...'** ભગવાન ધ્રુવ સ્વરૂપ **'નિર્વિકલ્પ સમાધિ કે બલ સે તીર્થંકર-દેવોં ને દેહ મેં ભી દેખ લિયા હૈ.'**

**શ્રોતા** :- પહેલો અધિકાર કે બીજો?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ પહેલો અધિકાર છે. પહેલા ૪૩ કહી હતીને. અને બીજામાં પણ ૪૩માં છે. આ તો પહેલાનો ખુલાસો ચોખ્ખો છે. **'भावाभावहिं'** શબ્દ પડ્યો છે ને મૂળ પાઠમાં? ભાવ એટલે ઉત્પાદ અને અભાવ એટલે વ્યય. **'भावाभावहिं संजुवउ भावाभावहिं जो जि। देहि जि दिट्ठउ'** એનાથી રહિત. ભગવાન આત્મા એક સમયની ધ્રુવ વસ્તુ કાયમ પડી છે એકરૂપ એ વર્તમાન ઉત્પાદ અને વ્યયથી રહિત છે.

**શ્રોતા** :- વર્તમાન ઉત્પાદ-વ્યય...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વર્તમાન એક સમયની પર્યાયથી રહિત છે. કેમકે ઉત્પાદ-વ્યય નષ્ટ થવાલાયક છે, આ ધ્રુવ છે. આહા..હા..! ભારે વાત પણ, ભાઈ! સમજાણું કાંઈ?

**भावाभावहिं संजुवउ भावाभावहिं जो जि।**
**देहि जि दिट्ठउ जिणवरहिं मुणि परमप्पउ सो जि।।४३।।**

એક બીજામાં પણ એમ છે હોં! ૪૩ છેને બીજામાં? બીજાની ૪૩. તે દિ' કહ્યું હતું એક ફેરી. બીજી ૪૩. ઘણી-ઘણી વાતું છે. પરમાત્મપ્રકાશ, સમયસાર આદિ અલૌકિક વાતું છે બધામાં. ૪૩. જુઓ, **'યદ્યપિ પર્યાયાર્થિકનયસે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યકર સહિત હૈ,...'** ત્રણ ભેદ થયા. એ પણ ત્રણ ભેદ થયા. ભેદ પાડવો વ્યવહારનો વિષય થયો. **'તો ભી દ્રવ્યાર્થિકનયકર ટંકોત્કીર્ણ જ્ઞાનકે અખંડ સ્વભાવસે ધ્રુવ હી હૈ.'** ત્રણ ભેદ પાડવો એ વ્યવહાર થયો અંશ અપેક્ષાએ, પણ એ ભેદ નહિ પાડી એક સામાન્ય... સામાન્ય... સામાન્ય... સામાન્ય... ઉત્પાદ-વ્યય નહિ. સમજાણું કાંઈ? એય..! માણેકલાલભાઈ! આ બે બોલ આવ્યા હતા પહેલાં. એ આવ્યા પછી આવ્યા હશે કે પહેલાં કહ્યા હતા. સમજાણું કાંઈ?

મોક્ષની પર્યાય પણ ઉત્પાદ-વ્યયવાળી છે. ભારે વાત, ભાઈ! આહા..હા..! આ તો લોકોને સાંભળવા મળે નહિ બિચારાને આ તત્ત્વ. મોક્ષની પર્યાય ઉત્પાદ-વ્યયરૂપ છે. સંવર-નિર્જરા ઉત્પાદ-વ્યયરૂપ છે. એ ઉત્પાદ-વ્યયરહિત... સમજાણું કાંઈ? **'જે સમસ્ત નાશ પામવાયોગ્ય...'** સમસ્ત શબ્દ લીધો છે ને ભાઈ? સંવર-નિર્જરા અને મોક્ષ બધું લઈ લેવું છે. આહા..હા..! ભગવાન આત્મા **'સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી...'** એક સમયની પર્યાયનો ઉત્પાદ, પૂર્વની પર્યાયનો વ્યય, વસ્તુ રહી ગઈ ધ્રુવ એકાકાર. એ ચીજ જે છે એ સર્વ તત્ત્વમાં સાર છે. એને અહીં શુદ્ધભાવ કહે છે એને શુદ્ધભાવ. પર્યાયની વાત નથી અહીંયા. શુદ્ધોપયોગ ભાવ એ પર્યાય છે, નાશ પામવાયોગ્ય છે. પર્યાય નાશ પામે છે, શુદ્ધોપયોગ

પણ નાશ પામે છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન સાદિઅનંત ભલે રહે પણ એ તો સદશ્યતાની અપેક્ષાએ છે, એની સ્થિતિ તો એક સમયની જ છે. સમજાણું કાંઈ? સિદ્ધની પર્યાયની નિર્મળતા પ્રગટ થવી એ પ્રગટ એક સમયની દશા છે. સિદ્ધની બીજે સમયે એ પર્યાયનો વ્યય થઈને નવી પર્યાય ઉત્પન્ન થાય છે. કેમકે ઉત્પાદ-વ્યયથી સિદ્ધ છે અને આત્મા જે ત્રિકાળ છે એ ઉત્પાદ-વ્યયથીરહિત ધ્રુવ છે. એ સમ્યગ્દર્શનનો વિષય છે. આહા..હા..!

**શ્રોતા** :- ધ્રુવસ્વભાવ કૂટસ્થ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કૂટસ્થ છે, અપરિણામી છે. લ્યો, વળી વધારે નાખ્યું. કૂટસ્થ છે, અપરિણામી છે, પલટા વિનાનું છે. પરિણામિકભાવ કહેવા છતાં એમાં પરિણમન નથી.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સ્વરૂપ છે. પરિણામનો અર્થ સ્વરૂપ છે. આત્મસ્વરૂપ છે એવું. આત્મા નામ નિજસ્વરૂપ છે. એક સમયની પર્યાયના મોક્ષતત્ત્વ સિવાય એક સ્વરૂપ ભગવાન આમ ત્રિકાળ અનાદિઅનંત એકરૂપ (છે). કાળની ઉપાધિ અનાદિઅનંત કહેવું એ તો ધ્રુવ રહે છે એ અપેક્ષાથી. બાકી તો એક સમયમાં સામાન્ય ધ્રુવ છે. એને અહીંયાં શુદ્ધભાવ કહેવામાં આવ્યો છે. એ જ સમ્યગ્દર્શનનો વિષય અને એને કારણપરમાત્મા કહેવામાં આવ્યો છે. ખરેખર કારણજીવ જ એ છે. કારણઆત્મા જ એ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સમસ્ત નાશ પામવાયોગ્ય...**' જરી સૂક્ષ્મ પડે પણ સમજવાલાયક આ ચીજ છે. બાકી તો અગિયાર અંગ ભણ્યો, નવ અંગ નાખ્યું, પણ એમાં શું કહેવું હતું એ ચીજને દૃષ્ટિમાં ગ્રહણ કરી નહિ. શાસ્ત્રમાંથી કાઢ્યું નહિ અને દૃષ્ટિમાં લીધી નહિ. સમજાણું કાંઈ? અનાદિકાળથી એણે આવો જ સ્વચ્છંદ સેવ્યો છે. કહે છે, અહો..! '**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...**' ભગવાન. '**સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...**' ભાવ નામ પર્યાય. નાશ-બદલવાલાયક જે ઉત્પાદ-વ્યય પર્યાય છે એનાથી દૂર છે, દૂર છે. જેમ અહીં કહ્યુંને ઉત્પાદ-વ્યયરહિત છે, એમ અહીં સંવર-નિર્જરા આદિ ઉત્પાદ-વ્યય નાશ પામવાયોગ્ય મોક્ષ (પર્યાયથી) એનાથી દૂર છે. આ ભારે વાત ભાઈ! પર્યાય એની અને પર્યાયથી દૂર છે! સમજાણું કાંઈ? આવો શુદ્ધભાવ દૃષ્ટિમાં લેવાલાયક હોય તો એ છે. એ દૃષ્ટિમાં જ્યાં સુધી નહિ લે ત્યાં સુધી સમ્યગ્દર્શન નહિ થાય. ધર્મની પહેલી સીઢીની શરૂઆત ત્યાંથી થાય છે, એ વિના સમ્યગ્જ્ઞાન નથી, એ વિના એનું ચારિત્ર-ફારિત્ર, વ્રત, તપ કાંઈ હોતા નથી. રણમાં પોક મૂકવા જેવું અરણ્યરૂદન છે. સમજાણું કાંઈ? આ આત્મા ધ્રુવસ્વભાવ શુદ્ધભાવ એની દૃષ્ટિ કર્યા વિના, સમ્યગ્દર્શન વિના જે કંઈ કરે એ બધા ચાર ગતિમાં રખડવાના ભાવ છે. આહા..હા..! ચોથું ગુણસ્થાન નહિ. બાબુભાઈ નક્કી કરાવે છે ભાઈ, નક્કી કરાવે છે. ચોથું ગુણસ્થાન, બાપા! આ તો ચોથા ગુણસ્થાનની વાત છે.

સમ્યગ્દર્શન.. આહા..હા..! સમ્યગ્દર્શન '**भूदत्थमस्सिदो खलु**' સવારમાં આપણે ચાલે છે

ને? 'समादिट्ठी हवदि जीवो'. 'भूदत्थमस्सिदो खलु' 'भूदत्थमस्सिदो खलु' આ જે સાર કહેવામાં આવ્યું શુદ્ધતત્ત્વ એનો આશ્રય કરવાથી જ સમ્યગ્દૃષ્ટિ થવાય છે. સમજાણું કાંઈ? આ સાંભળ્યું જ નથી કોઈ દી, કેવળચંદજી! ભગવાન પરમાત્માની પેઢી છે, પ્રભુ! આ તો સર્વજ્ઞ પરમેશ્વર. જેની ખાણમાં સર્વજ્ઞ પરમાત્મા અનંતા પડ્યા છે, ભેદરૂપ નહિ હોં, શક્તિરૂપ. સમજાણું કાંઈ?

'**જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે,...**' આહા..હા..! જુઓ, દુર્વાર કામ-ઈચ્છા ભોગ જેમાં છે જ નહિ એમ કહેવું છે, હોં! નષ્ટ કર્યો છે એટલે છે જ નહિ. છે જ નહિ. ભગવાન ધ્રુવ શુદ્ધભાવ પરમાત્મભાવ એમાં દુર્વાર કામ, ઈચ્છાનો ભોગનો દુર્વાર-વારી શકાય નહિ- એવા ભોગની વાસના જેમાં ત્રણકાળમાં છે નહિ. ભગવાન આત્મામાં છે જ નહિ. સમજાણું કાંઈ? દુર્વાર કામ, રાગ, ભોગની વાસનાની મીઠાશ. અનુભવ કહેવો છે, હોં! રાગનો અનુભવ દુર્વાર છે. લોકોને અંદરથી મીઠાશ-મીઠાશ ભોગની મીઠાશ (લાગે છે). મીઠાશ સમજો છો? શું કહે છે? મીઠાશ કહે છેને હિન્દીમાં? મીઠા-મીઠા. લક્ષ સ્ત્રી ઉપર, ભોગ ઉપર, ખાવા ઉપર, પીવા ઉપર, મોસંબી, લાડવા ઉપર લક્ષ જાય આમ... આહા..હા..! રાગ.. મીઠાશ (આવે છે). કહે છે કે મૂઢ છે. એને રાગમાં મીઠાશ લાગે છે. એવી રાગની મીઠાશ સ્વરૂપમાં છે જ નહિ. સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિને રાગમાં સુખ ભાસતું નથી, સ્ત્રીના વિષયમાં સુખ ભાસતું નથી. આહા..હા..! ભોગમાં દેખાવા છતાં સમ્યગ્દૃષ્ટિને પોતાના આનંદ સ્વરૂપની ખાણમાં આનંદ દેખાય છે. સમજાણું કાંઈ? ચાહે તો છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં સમકિતી દેખાય, ચાહે તો ઈન્દ્રના ઈન્દ્રાસનમાં કરોડો અપ્સરાઓના વૃંદમાં દેખાઓ, પણ સમ્યગ્દૃષ્ટિને ક્યાંય પણ સુખનો આભાસ દેખાતો નથી. સમજાણું કાંઈ? એવી દૃષ્ટિ ઊડી ગઈ છે બધાથી. આખા લોક ઉપરથી દૃષ્ટિ ઊઠી ગઈ. આબરૂ, કીર્તિ, મહત્તા અને માન અને અભિનંદનના પત્ર આપે છે કે નહિ? શું કહે છે? અભિનંદ આપે. આહા..હા..! તમે આ. ધૂળમાંય સુખ નથી, સાંભળને હવે. તારા અભિનંદનમાં કાગળના કટકામાં વખાણ કરે. બહુ મોટો છે, તું બહુ મોટો છો. તું બહુ મોટો છો. તેં બહુ મોટું કામ કર્યું. એવા અભિનંદમાં ધૂળમાંય સુખ નથી સાંભળતો ખરો. એય..! મણિભાઈ! આહા..હા..!

સમ્યગ્દૃષ્ટિને ઈન્દ્ર માન દેવા આવે તો સુખ માનતા નથી. સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી હોય ઈન્દ્ર આવીને એના સિંહાસન ઉપર સાથે બેસી જાય. ઈન્દ્ર ઉપરથી આવીને (બેસે). બત્રીસ લાખ વિમાનનો લાડો પહેલા દેવલોકનો. શક્રેન્દ્રને ૩૨ લાખ વિમાન છે. કોઈ વિમાનમાં અસંખ્ય-અસંખ્ય દેવ, અસંખ્ય અબજ દેવ (હોય છે). એ સમ્યગ્દૃષ્ટિને કાંઈ સુખ નથી. ચક્રવર્તીના મિત્ર હોય છે. આવીને સાથે બેસી જાય. અહો..! ઘણા મોટા માણસ આવ્યા. લોકોને બહુ સુખ ભાસે. નહિ... નહિ... નહિ. મારો આનંદ મારી પાસે છે એ આનંદ બહારમાં ત્રણકાળમાં

ક્યાંય નથી. સમજાણું કાંઈ? કહે છે કે...

**શ્રોતા** :- આ સમ્યગ્દૃષ્ટિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ સમ્યગ્દર્શન. એ સમ્યગ્દર્શન માની લે એમ કાંઈ સમ્યગ્દર્શન છે? સમજાણું કાંઈ? આખી દુનિયાની દૃષ્ટિ ઊઠી ગઈ, સુખબુદ્ધિ ચાલી ગઈ. સમજાણું કાંઈ? જ્યાં હોય ત્યાં વિકલ્પ ઊઠે તો દુઃખ જ ભાસે છે. દુઃખ... દુઃખ.. દુઃખ. આનંદની ખાણ આત્મા છે. એની સાથે મિંઢવણ કરવાથી શુભરાગમાં પણ દુઃખ લાગે છે. આહા..હા..! માછલી જેમ પાણીમાંથી નીકળીને વેળુમાં આવે તો દુઃખ જ છે, પણ એ માછલી નીકળીને અગ્નિમાં જાય તો ઘણું દુઃખ છે; એમ સમ્યગ્દૃષ્ટિને પોતાના સ્વરૂપમાં આનંદ... આનંદ.. આનંદ ભાસે છે. એ શુભભાવમાં આવે છે તો જેમ વેળુમાં માછલી આવે એવું એમાં દુઃખ લાગે છે અને અશુભમાં તો અગ્નિમાં જેમ પડે એવું દુઃખ લાગે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવું સારતત્ત્વ સમ્યગ્દૃષ્ટિને તો ભગવાન આત્મા ધ્રુવ જ દેખાય છે. કહો, સમજાણું કાંઈ? રતિભાઈ! બરાબર છે?

'**જે પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે,...**' સંસાર પાપ છે આખો. સંસાર દૂર નથી રહેતો, હોં! એની પર્યાયમાં રહે છે. વિકાર એ સંસાર છે, ઉદયભાવ. પુણ્ય એ પણ પાપ છે. અહીં તો પુણ્ય અને પાપ બેય પાપ છે. સમજાણું કાંઈ? 'પાપકો પાપ સહુ કહે, અનુભવીજન પુણ્યને પણ પાપ કહે.' પંડિતજી! આવે છેને? યોગસારમાં આવે છે. સમજાણું કાંઈ? યોગસાર. 'પાપ કો પાપ સહુ કહે, પણ અનુભવી પુણ્યને પણ પાપ કહે.' આહા..હા..! શાસ્ત્રમાં તો ત્યાં સુધી કહ્યું છે, ભગવાન! આત્મા આનંદસ્વરૂપ છેને એને છોડીને વ્યવહાર રત્નત્રયના વિકલ્પમાં આવે તો કહે છે કે પાપમાં આવ્યા. એમ કહે છે, હોં! જયસેનાચાર્યની ટીકામાં પુણ્ય-પાપનો અધિકાર જ્યાં પૂરો થાય છે ત્યાં સંસ્કૃતમાં લખ્યું છે. વ્યવહારરત્નત્રય પાપ છે. કેમકે ભગવાન અતીન્દ્રિય આનંદ પ્રભુ એમાંથી પતિત થયો, વિકલ્પ આવ્યો, શુભરાગ થયો. સમજાણું કાંઈ? છે કે નહિ અહીંયાં? નિશ્ચયથી પાપ છે. વ્યવહારથી છે એમ કહે છે એમાં શું? પુણ્ય-પુણ્ય ક્યાં છે? જુઓ, લીટી કરી છે મોટી. અમારી પાસે શીશપેન છેને એનાથી લીટી કરી છે.

'**व्यवहारमोक्षमार्गो**' પ્રશ્ન પૂછ્યો છે કે મહારાજ! '**कथं पापाधिकार इति?**' આપ તો પુણ્યની વાત કરો છો-વ્યવહારત્નત્રયની. આને પાપ અધિકાર કેમ કહ્યો? '**व्यवहारमोक्षमार्गो निश्चयरत्नत्रयस्योपादेयभूतस्य कारणभूतत्वादुपादेयः परंपरया जीवस्य पवित्रताकारणत्वात् पवित्रस्तथापि**' વ્યવહારથી. '**तथापि बहिर्द्रव्यालंबनत्वेन**' વ્યવહારરત્નત્રય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં '**बहिर्द्रव्यालंबनत्वेन**' બહિર્દ્રવ્યનું આલંબન છે. આહા..હા..! હવે અહીં તો હજી વ્યવહારરત્નત્રયથી મોક્ષમાર્ગ શરૂ થાય છે ચોથેથી એમ કહે છે. અરે..! ભગવાન! આ બહુ દુઃખ થશે હોં તને. આવી વિપરીત દૃષ્ટિનું ઘણું દુઃખ થશે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન જયસેનાચાર્ય કહે છે. આ બહિર્તત્ત્વની વાત ચાલે છે. વ્યવહારરત્નત્રય બહિર્તત્ત્વ-આસ્રવતત્ત્વ છે. આહા..હા..! '**बहिर्द्रव्यालंबनत्वेन पराधीनत्वात्पतति**' આહા..હા..! એક કારણ. પતિત પરાધીન (થાય છે), સ્વાધીનતાથી પતન થાય છે. આહા..હા..! અરે..! એની દૃષ્ટિની ખબર નહિ. સમજાણું કાંઈ? '**नश्यतीत्येकं कारणम्। निर्विकल्पसमाधिरतानां**' ભગવાન આત્મા નિર્વિકલ્પ સ્વરૂપ, એની સ્થિરતા નિર્વિકલ્પ શાંતિ. '**व्यवहारविकल्पावलंबनेन स्वरूपात्पतितं**' સમજાણું કાંઈ? પરદ્રવ્યાલંબેન પતિતં (હતું). અહીંયા '**निर्विकल्पसमाधिरतानां व्यवहारविकल्पावलंबनेन स्वरूपात्पतितं**'. સ્વરૂપ, આનંદસ્વરૂપ, એની નિર્વિકલ્પ શાંતિથી પતિત થાય છે ત્યારે વિકલ્પ ઉત્પન્ન થાય છે. અમરચંદજી! આ લોકો રાડું પાડે છે કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને મિથ્યાત્વ કહે છે. મિથ્યાત્વ નથી કહેતા, ભગવાન! સાંભળ તો ખરો. એ તો રાગ છે. એને પરમાર્થ ધર્મ માનવો એ મિથ્યાત્વ છે. આહા..હા..! અરે..! એટલા ઊંધા અર્થ અહીંયાંના કરે પછી મોઢા આગળ થઈને કહે, જુઓ, આમ કહે છે, આમ કહે છે. અરે.. પ્રભુ! કઠણ પડશે, નાથ! પ્રભુ તને. એવા વિપરીત અર્થ કરીને અર્થનો અનર્થ કરે છે. સમજાણું કાંઈ? દેવીલાલજી! '**स्वरूपात्पतितं द्वितीयं कारणम्**' છેને? '**इति निश्चयनयापेक्षया पापम्।**' આહા..હા..! એને અહીં પાપ કહે છે. જુઓ અહીંયાં. સમજાણું કાંઈ? બધું પાપ.

'**જે પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે,...**' ભગવાન આનંદકંદ એની જ્યાં દૃષ્ટિ થઈ અને સ્થિરતા થઈ એ તો પર્યાયમાંથી છેદ થયો, પણ આ તો વસ્તુમાં જ એ નથી. અનાદિ કાળથી વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જે પાપ એને કુહાડો છે નામ એમાં એ વાત છે નહિ. સમજાણું કાંઈ? '**જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે,...**' આહા..હા..! અવતાર એટલે જન્મની વાત નથી, હોં! એ તો શુદ્ધજ્ઞાન-અવતારસ્વરૂપ છે. અનાદિઅનંત ધ્રુવ શુદ્ધ જ્ઞાનનો અવતાર છે, શુદ્ધજ્ઞાનનું રૂપ છે, શુદ્ધજ્ઞાનનું સ્વરૂપ છે. ત્રિકાળ શુદ્ધ ભગવાન આત્મા ધ્રુવ જે સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાણું કાંઈ?

'**જે સુખસાગરનું પૂર છે...**' આહા..હા..! વસ્તુ હોં! હજી. પર્યાયમાં પછી. એમાં સુખસાગર ઉછળે છે પૂર્ણાનંદ ભગવાન ધ્રુવમાં. આહા...! ધ્રુવ જે શુદ્ધભાવ કહ્યો એમાં સુખસાગરનું પૂર છે. પૂર નથી કહેતા તમારે? બાઢ કહે છે, ભરતી-ભરતી. સમુદ્રમાં ભરતી આવે છેને પૂર. અહીં તો દ્રવ્યમાં સદાય ભરતી જ પડી છે એમ કહે છે. પર્યાયમાં આવે એ નહિ, આ તો ભરતી પડી છે. દ્રવ્યસ્વભાવ એકરૂપ ભગવાન સામાન્યસ્વભાવ એ સુખસાગરની ભરતી છે. એનો આશ્રય કરવાથી પર્યાયમાં પૂર આવે એ બીજી વાત. સમજાણું કાંઈ? એ ચીજ જ સુખસાગરનું પૂર છે. સમજાણું કાંઈ? ઓહોહો..! સુખનો સાગર ભર્યો છે ને આખો. ચૈતન્ય ભગવાન સુખસાગરનું પૂર. સમજાણું કાંઈ? સુખસાગરનું પૂર-પૂર. આવડો આત્મા! આટલા ક્ષેત્રમાં અસંખ્ય પ્રદેશમાં સુખસાગરનું પૂર. પૂર તો કાંઈક નડે. પાણીનું પૂર આવે

તો નડે સમજ્યા? અડે, સ્પર્શે. આ કેવું પૂર? ભાઈ! ભગવાન આત્મા એક સમયની પર્યાય વિનાનો એ સુખસાગરનું પૂર છે એને અહીંયાં શુદ્ધભાવ અને એને ખરેખર આત્મા કહેવામાં આવે છે.

'**જે ક્લેશોદધિનો કિનારો છે,...**' આ ક્લેશરૂપી દરિયો. અહીં સુખસાગર કહ્યું આમ અને આમ ક્લેશોદધિનો કિનારો છે એટલે એમાં છે નહિ. ક્લેશનો દુઃખનો ઢગલો એ એમાં છે જ નહિ. ત્રિકાળ આનંદ ભગવાન આત્મા એમાં એ ક્લેશ છે નહિ. આહા..હા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? '**તે સમયસાર જયવંત વર્તે છે.**' એવો ભગવાન આત્મા ત્રિકાળ જયવંત વર્તે છે. ત્રિકાળ એવો ને એવો ભગવાને જોયો એવો જયવંત વર્તે છે. તારી દૃષ્ટિ ત્યાં કરવાલાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ગાથા ૩૮ પૂરી થઈ. ૩૮ એક ગાથા પૂરી થઈ. ૩૯.

'**આ, નિર્વિકલ્પ તત્ત્વના સ્વરૂપનું કથન છે.**' એ પણ એનો એ શુદ્ધભાવ. ધ્રુવ શુદ્ધભાવ.

**णो खलु सहावठाणा णो माणवमाणभावठाणा वा।**
**णो हरिसभावठाणा णो जीवस्साहरिस्सठाणा वा।।३९।।**

**જીવને ન સ્થાન સ્વભાવનાં, માનાપમાન તણાં નહીં,**
**જીવને ન સ્થાનો હર્ષનાં, સ્થાનો અહર્ષ તણાં નહીં. ૩૯.**

જુઓ, એક શબ્દ ટીકાકારનો. જે ભગવાન આત્મા શુદ્ધ ધ્રુવ ત્રિકાળ નિરૂપાધિ જેનું સ્વરૂપ છે. ત્રિકાળ નિરૂપાધિ જેનું સ્વરૂપ છે. ઉપાધિ એને કદી સ્પર્શતી નથી. આહા..હા..! આ એક સ્વરૂપમાં રાગાદિ ત્રણકાળમાં નથી. શુદ્ધની પર્યાયની પણ નથી. એ બધું બાહ્ય તત્ત્વમાં ગયું. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બાહ્યતત્ત્વ, અન્યતત્ત્વ, વ્યવહારનો વિષય તત્ત્વ, નિશ્ચયનો વિષય નહિ. આહા..હા..! લોકોને આ કુંદકુંદાચાર્યનું વાસ્તવિક તત્ત્વ એવું લાગે છે કેટલાકને કે આ ક્યાં લઈ જાય છે? આ ક્યાં લઈ જાય છે? વેદાંતમાં લઈ જાય છે? એક જણો એમ કહેતો હતો ભાઈ. ઓલા ભીમજીભાઈ હતાને? શું કહેવાય? સુશીલ. તમે કહેતા હતા? કો'ક કહેતું હતું. ભાઈ કહેતા હતા. સુશીલ નહોતો અહીંયાં? ભાઈ! હતાને અહીં? આશ્રમમાં. એમ કહે, જૈન લોકોએ, આચાર્યોએ લગભગ વેદાંત જેવી વાત કરતા અટકી ગયા પછી. એમ કહે. અરે..! સાંભળ રે સાંભળ. વાત કરતાં... કરતાં... કરતાં... આમ લઈ ગયા ખરા, પણ અટકી ગયા પછી આઘા ન ગયા. એવી ભાષા આપણે તો એટલી સાંભળી છે. પણ અહીં રહેતાને આવતા. સુધરેલા માણસ બહારના સુધરેલા. સમજાણું કાંઈ? આ તો જૈન પરમેશ્વરનું કહેલું તત્ત્વ છે. વેદાંતની સાથે એક અંશ પણ મેળ ખાતો નથી. સમજાણું કાંઈ?

દ્રવ્ય અને પર્યાય એ વસ્તુનું સ્વરૂપ પ્રમાણનો વિષય. એમાં દ્રવ્યનું સ્વરૂપ શું છે, એનું કથન છે. એમાં વેદાંત-ફેદાંત આવ્યું ક્યાં? વેદાંતમાં વળી અનંત દ્રવ્ય અને અનંત આત્મા અને એક આત્મામાં અનંતા-અનંત ગુણ અને એની એક-એક સમયમાં અનંત ગુણની અનંતી પર્યાય, ક્યાં છે એ વાત? સમજાણું કાંઈ? ત્રણકાળ, ત્રણલોકમાં નથી. આ વસ્તુનું સ્વરૂપ વર્ણવે છે. વેદાંતની સાથે મેળવીને એમ કહે .. અભૂતાર્થ કહેતા કહેતા... કહેતા... કહેતા.. પણ પાછા પર્યાયને ભૂતાર્થ કહી દીધી વળી અટકી ગયા. અરે.. ભગવાન! તને જૈનદર્શનની ખબર નથી. સમજાણું કાંઈ? આ તો સર્વજ્ઞનો સ્વભાવ ... વસ્તુનું સ્વરૂપ એવું છે. સમજાણું કાંઈ? ધર્મ. ધર્મમાં છેને ભાઈ! ધર્મભાવનામાં સર્વજ્ઞ પહેલાં લીધા છેને? સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં. ધર્મનું મૂળ સર્વજ્ઞ છે. એક સમયમાં ત્રણકાળ ત્રણલોક દેખે એવું પર્યાયવાન દ્રવ્ય ન માને તો એને કોઈ તત્ત્વ સાચું છે જ નહિ. ભગવાન પરમેશ્વર...

**શ્રોતા** :- થોડાક નિયત અને થોડાક અનિયત.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- થોડાક નિયત-અનિયત કાંઈ છે જ નહિ. અનેકાંત જ એ છે. નિયત છે અને અનિયત નથી. સમજાણું કાંઈ? કાલે પૂછતા હતાને એક ભાઈ કે આ ભગવાને દેખેલું ક્રમબદ્ધ તો પછી એમાં પુરુષાર્થ ક્યાં રહ્યો? રાત્રે પ્રશ્ન હતોને? અરે..! ભગવાન! પ્રભુ! તારી ચીજનું સામર્થ્ય એક દેખે.. ઓહો..! ભગવાનના જ્ઞાનની એક પર્યાય ત્રણકાળ, ત્રણલોક પરના લક્ષ વિના પોતાની પર્યાયમાં દેખે. આહા..હા..!

જેમ પાણીને જોતાં આખું તારામંડળ પાણીમાં દેખાય છે. તારા ઉપર લક્ષ નથી કરવું પડતું. પાણીની સ્વચ્છતામાં નજર પડતાં આખું તારામંડળ દેખાય. એ પાણીનું સ્વરૂપ છે તારામંડળનું નહિ. લોકાલોકનું જ્ઞાન એ પોતાની પર્યાયનું સ્વરૂપ છે. લોકાલોકનું નહિ. સમજાણું કાંઈ? લોકાલોકનું જ્ઞાન એ લોકાલોકનું નહિ. નિમિત્તનું કથન છે. પોતાની પર્યાયમાં લોકાલોકને જાણવાની તાકાત પોતાની પર્યાયમાં પરિણમી છે એને દેખે છે. સમજાણું કાંઈ? એટલી જેની તાકાત છે. આહા..હા..! એવી પર્યાયને કબુલ કરવા જાય પછી જે જોયું છે તેમ જ થાય છે. સાંભળ તો ખરો. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં કહ્યું નથી? એને પણ ખોટું પાડે છે. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં કહ્યું છેને. અરે..! ત્યાં ચોખ્ખું કહ્યું છે એમાં હોં, સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં. પછી આ તકરાર કરે છેને ઓલા, ભાઈ! કેટલામી ગાથા છે? જુઓ,

સર્વજ્ઞદેવ.. જયચંદ્ર પંડિતનો અર્થ છે આ પણ. આ જયચંદ્ર પંડિતનો અર્થ છે ને. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં. ૩૨૧-૨૨મી ગાથાનો અર્થ છે. ભાવાર્થ. સર્વજ્ઞદેવ સર્વદ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ, ભાવની અવસ્થાને જાણે છે. ગુજરાતી છે. જાણે છે.

**શ્રોતા** :- નિમિત્તને ન જાણે ક્યારે આવશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અરે.. નિમિત્તને...

'**સર્વજ્ઞના જ્ઞાનમાં જે પ્રતિભાસ્યું છે તે જ નિયમથી થાય છે.**' જુઓ, આ તો ભાષા ભાવાર્થ છે એનો. સમજાણું કાંઈ? એ બધા ચિહ્ન કર્યા છે. '**સર્વજ્ઞના જ્ઞાનમાં જે પ્રતિભાસ્યું છે તે જ નિયમથી થાય છે, પણ તેમાં હિનાધિક કાંઈ થતું નથી એમ સમ્યગ્દૃષ્ટિ વિચારે છે.**' એવો નિર્ણય કરે છે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જોયા એવું જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય છે. એક પર્યાયનું એટલું સામર્થ્ય છે તો મારા દ્રવ્યનું સામર્થ્ય કેટલું! પોતાના દ્રવ્યના સામર્થ્ય ઉપર દૃષ્ટિ હોવાથી એને સમ્યગ્દર્શન થાય છે. ત્યારે કેવળજ્ઞાનની પ્રતીતિ યથાર્થ થઈ એમ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે ઝઘડા, ભાઈ! મૂળ તત્ત્વ સર્વજ્ઞ ધર્મનું મૂળ એ છે. સમજ્યા કે નહિ? લ્યો એય..! આ પહેલી ગાથા છેને એમાં એ લખ્યું છે હોં! છે કે નહિ? જુઓ.

जो जाणदि पच्चक्खं तियालगुणपज्जएहिं संजुत्तं।
लोयालोयं सयलं सो सव्वह्णू हवे देवो।।३०२।।

એ ધર્માનુપ્રેક્ષાની પહેલી ગાથા લીધી. સર્વજ્ઞ ધર્મનું મૂળ છે. સર્વજ્ઞનો જેને નિર્ણય નથી એને ધર્મનો કે કોઈનો નિર્ણય નથી.

**શ્રોતા :-** ઊંધો નિર્ણય હોય તો વાંધો નહિને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઊંધા નિર્ણયમાં મિથ્યાદૃષ્ટિ છે. પહેલા જ લખ્યું છે, જુઓ, પહેલી ગાથા છે. ૩૦૨ ગાથા છે. ઘણું લખ્યું છે એમાં. '**जो जाणदि पच्चक्खं तियालगुणपज्जएहिं संजुत्तं।**' ત્રણકાળના ગુણ પર્યાયસહિત ભગવાન એક પર્યાયમાં જાણે છે. '**लोयालोयं सयलं**' ક્ષેત્ર લીધું. '**सो सव्वह्णू हवे देवो**' એનું નામ સર્વજ્ઞદેવ છે. ધર્માનુપ્રેક્ષામાં પહેલાં ધર્મની શરૂઆત કરે છે. સ્વામી કાર્તિકેયે સર્વજ્ઞને સિદ્ધ કર્યા છે. સર્વજ્ઞ ધર્મનું મૂળ છે. સર્વજ્ઞે જોયું એમ કહ્યું છે. એવા સર્વજ્ઞનો જેને નિર્ણય નથી એને સર્વજ્ઞે શું કહ્યું એ ધર્મનો નિર્ણય હોતો નથી. 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં' 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં' ભાષા બોલે. પણ સર્વજ્ઞે કહ્યો એવો ધર્મ. તો સર્વજ્ઞ ત્રણકાળ, ત્રણલોક દેખે છે. તારી પર્યાય ક્યાં-ક્યારે થશે એ પણ જોયું છે. પણ એવો નિર્ણય કરનારો ભગવાન પર્યાયનો નિર્ણય કરવામાં પોતાના દ્રવ્યનો નિર્ણય થાય છે તો પોતાની પર્યાયના નિર્ણયમાં ભગવાનની પર્યાયનો નિર્ણય એમાં આવી ગયો. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, '**ત્રિકાળ નિરૂપાધિ જેનું સ્વરૂપ છે...**' ભગવાન શુદ્ધભાવ. જુઓ, એવી સર્વજ્ઞ જેવી પર્યાયની શક્તિ તો એમાં અનંત પડી છે એમાં. શક્તિ હોં શક્તિ. એક પર્યાય આમ છે એમ ભેદ-બેદ નથી અંદર કાંઈ. ત્રિકાળ નિરૂપાધિ ભગવાન આત્મા ત્રણે કાળે નિરૂપાધિ. ત્રણકળમાં વર્તમાન પણ આવી ગયું કે નહિ? વર્તમાનમાં નિરૂપાધિ? સમજાણું કાંઈ? '**એવા શુદ્ધ જીવાસ્તિકાયને...**' જુઓ ભાષા! મુનિરાજની ભાષા તો જુઓ, એકલો જીવ કહે તો વળી વેદાંતમાં વયું જાય. શુદ્ધ જીવાસ્તિકાય. ત્રિકાળ-નિરૂપાધિ શુદ્ધ જીવ અસ્તિ

અને કાય. અસંખ્ય પ્રદેશ સ્વરૂપ. એવું ભગવાને જોયું છે. સમજાણું કાંઈ? અસંખ્ય પ્રદેશ શુદ્ધભાવ એકરૂપ. પ્રદેશ લીધા, અસ્તિકાય લીધા પણ છે અભેદ સર્વ એકરૂપ. સમજાણું કાંઈ? સર્વજ્ઞ સિવાય આવી વાત કોનામાં છે? અસંખ્ય પ્રદેશી એક આત્મા એવા અનંત આત્મા ક્યાં છે? વાત છે ક્યાંય? સર્વજ્ઞ સિવાય એવી વાત ત્રણકાળમાં ક્યાંય હોય નહિ. અને સર્વજ્ઞે કહ્યું એ ધર્મનું મૂળ છે એનો જેને નિર્ણય નથી એનો કોઈ ધર્મ સાચો હોય જ નહિ.

**'શુદ્ધ જીવાસ્તિકાયને ખરેખર...'** ખરેખર શુદ્ધ જીવાસ્તિકાય. શુદ્ધભાવ આ શુદ્ધભાવને શુદ્ધ જીવાસ્તિકાય કહ્યું છે. જુઓ, જેને અંતઃતત્ત્વ કહ્યું હતું, અહીંયાં સર્વ તત્ત્વમાં સાર કહ્યો એને અહીંયાં શુદ્ધ જીવાસ્તિકાય કહ્યો. શુદ્ધ જીવાસ્તિકાય એને શબ્દ ફેર કરીને વસ્તુ બતાવે છે. પાઠમાં તો **'णो खलु सहावठाणा'** પણ સ્વભાવનો અર્થ ત્યાં વિભાવ લેવો. કેમકે પાછળ ૪૩ ગાથામાં ક્ષાયિકભાવ આદિ આવશે. ક્ષાયિકભાવ એ પણ આત્માના દ્રવ્યમાં નથી. શુદ્ધભાવમાં ક્ષાયિકભાવ નથી એ તો પછી આવશે ૪૩માં. ૪૩ છેને? ૪૧ છે. ૪૧ એ જામનગરની. **'णो खइभावठाणा'** એક સાધુ વાંચતા હતા આ ૪૧મી ગાથા. લ્યો, જીવમાં ક્ષાયિકભાવ પણ નથી. આ ગપ્પ માર્યો એમ કહે. ભણી-ભણીને ભણ્યા બધા સાધુ થઈને પોથા ભણ્યા. અહીં કહે છે, શુદ્ધભાવ એકરૂપ ભગવાન. ક્ષાયિકભાવ નહિ. ક્ષાયિકભાવ તો સિદ્ધમાં પણ હોય છે, એમ કહેતા હતા એ. સાંભળ તો ખરો. અહીં તો શુદ્ધ દ્રવ્યસ્વભાવની વાત ચાલે છે. આહા..હા..! અને ત્યાગી મોટા આચાર્ય નામ ધરાવે. એય.. મોટી સભા ભેગી થાય. હવે ધૂળ ભેગી થાય. કીડીયું બહુ ભેગી થાય. એમાં થયું શું? માણસ ભેગું થાય ન થાય એની સાથે સંબંધ શું છે? સમજાણું કાંઈ? ભેગા સમજો છો? એકઠા થાય એકઠા.

અહીંયાં **'णो खलु सहावठाणा'**નો અર્થ કોઈ કહે કે વિભાવ કેમ કહ્યું? કે અહીં વિભાવની વાત છે. ક્ષાયિકભાવનો નિષેધ ૪૧માં આવશે. સમજાણું કાંઈ? **'શુદ્ધ જીવાસ્તિકાયને ખરેખર વિભાવ-સ્વભાવસ્થાનો...'** જુઓ, પાઠમાં લીધું **'सहाव'**. કેમકે પોતાની પર્યાયનો ભાવ છે ને? પર્યાયનો. સ્વ ... ભવનં સ્વભાવ. પર્યાયમાં છે રાગ, દયા, દાન, ભક્તિ, પૂજા આદિનો ભાવ પર્યાયામાં છે, પણ એ વિભાવભાવ છે. એનું સ્થાન નથી. શુદ્ધભાવમાં એ છે જ નહિ. શુદ્ધભાવ સમજ્યા? શુદ્ધોપયોગ નહિ. ત્રિકાળી ધ્રુવ શુદ્ધભાવ. સમજાણું કાંઈ? એમાં એ નથી. પાઠમાં **'णो खलु सहावठाणा'** કોઈને તર્ક ઊઠે, પણ એ **'सहावठाणा'**નો જ એ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સ્થાન આવ્યું એ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્થાન તો ઓલાને કહેશે. **'खइभावठाणा'** ૪૧માં કહેશે. **'णो खइभावठाणा'** પણ અહીંયાં ક્ષાયિકભાવ પછી લેવો છે. ત્યાં પણ **'ठाणा'** નામ પ્રકાર છેને બધા ક્ષાયિકના સ્થાન દ્રવ્યમાં નથી.

**શ્રોતા :-** .. બહુવચન થઈ ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, થઈ ગયુંને. '**ठाणा**' અહીં પણ '**ठाणा**'. એ તો '**ठाणा**' તો બધે કહેશે. સમજાણું કાંઈ? '**सहावठाणा**' '**खयउसमहावठाणा**' '**औदइयभावठाणा**' '**उवसमणे सहावठाणा**' બધું જ છે દ્રવ્યમાં. પણ અહીંયાં સ્વભાવને વિભાવ કેમ કહ્યું એ અહીં જરી સિદ્ધ કર્યું છે. ક્ષાયિકભાવ ત્યાં આવશે. ઉપશમ, ક્ષયોપશમ આદિનો ભાવ. તો અહીંયાં વિભાવભાવની વાત ચાલે છે.

વિભાવભાવનો કોઈ પ્રસંગ ભગવાન શુદ્ધમાં છે જ નહિ અને વિભાવની પર્યાય સાથે દ્રવ્ય ત્રણકાળમાં તન્મય નથી. સમજાણું કાંઈ? એને તો કર્તાકર્મમાં સંયોગીભાવ કહ્યો છે. વિકારને સંયોગીભાવ. જેમ સંયોગી ચીજ છે એમ વિકાર, વ્યવહારરત્નત્રય આદિ એ તો સંયોગીભાવ છે. એ સંયોગીભાવ શુદ્ધ ધ્રુવમાં છે જ નહિ. શુદ્ધ જીવાસ્તિકાય ભગવાન એમાં નથી. સમજાણું કાંઈ? એક બોલ થયો.

વળી એક બાજુ કહે કે પર્યયામાં વિભાવ છે આત્મા. ઉમાસ્વામીની ગાથા લ્યો, તત્ત્વાર્થસૂત્રનો બીજો અધ્યાય. તો ત્યાં કહે કે જીવમાં પાંચ તત્ત્વ હોય છે, પાંચ ભાવ. જીવના પાંચ ભાવ છે. એ તો પર્યાય અને દ્રવ્ય પ્રમાણથી કહ્યું છે. સમજાણું કાંઈ? ત્યાં એમ ... કુંદકુંદાચાર્યના શિષ્ય કહે કે રાગ એ જીવતત્ત્વ છે, મિથ્યાત્વ એ જીવતત્ત્વ છે. પાપ એ જીવતત્ત્વ છે, પરિણામ. પરિણામની વાત છેને. પરિણામની વાત છેને. સમજાણું કાંઈ? ભાઈ! એ તો દ્રવ્ય ત્રિકાળ અને પર્યાય બેને બતાવવાની વાત છે. પરથી ભિન્ન કરાવવાની વાત છે. પરથી ભિન્ન. આ તો પર્યાયથી ભિન્ન બતાવવાની વાત છે.

**શ્રોતા :-** એમાં ન આવી જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમાં ન આવે. ત્યાં તો પરિણામિકભાવ જીવનો ભાવ, ક્ષાયિકભાવ જીવનો ભાવ, આ દયા, દાન અને પાપભાવ એ જીવના ભાવ એમ કહ્યું છે. સમજાણું કાંઈ? આ તત્ત્વાર્થ સૂત્ર-મોક્ષશાસ્ત્ર દસ દિવસ બહુ ચાલે. દસલક્ષણી પર્વમાં બહુ ચાલે. એમાં તો એમ લખ્યું છે. ત્યાં ચોંટી જાય. જુઓ, એમાં એમ લખ્યું છે. ઉમાસ્વામીએ લખ્યું છે. તારાચંદજી! ભાઈ! એ તો વ્યવહારનયની પ્રધાનતાથી કથન છે તો જીવમાં પણ પારિણામિકભાવ જેમ જીવ છે એવા રાગદ્વેષ-મિથ્યાત્વ એ પણ જીવ છે એમ કહ્યું. પર્યાયનું તત્ત્વ છેને. એનું તત્ત્વ પર્યાય છેને. એ પરદ્રવ્યથી ભિન્ન બતાવવા માટે જીવની વાત કરી છે. અહીંયાં પર્યાયથી ભિન્ન બતાવવા માટે પર્યાયનો અંશ વ્યવહારનયનો વિષય છે (એમ કહે છે). સમજાણું કાંઈ?

પરનું લક્ષ અને પોતાનું દ્રવ્ય અને પરદ્રવ્ય શબ્દે દ્રવ્ય-પર્યાય બેય, એને નિશ્ચય કહે તો પરનો વ્યવહાર (કહે). ભાઈ! શું કહે છે સાંભળો. પોતાના દ્રવ્ય-પર્યાયને નિશ્ચય કહ્યો તો પરને વ્યવહાર (કહે), પણ અહીંયાં પોતાના સામાન્યને જ્યાં નિશ્ચય કહ્યો તો પર્યાયને વ્યવહાર કહ્યો. સમજાણું કાંઈ? જ્યારે નિશ્ચય સ્વનો લ્યો તો દ્રવ્ય-ગુણ-પર્યાય નિશ્ચય સ્વતત્ત્વ

છે. તો નિશ્ચયનું જ્ઞાન કરાવ્યું, પરદ્રવ્ય એ વ્યવહાર એમ પ્રમાણ કર્યું. પણ પોતામાં જ્યારે પ્રમાણ કરવું છે તો દ્રવ્ય ધ્રુવ ત્રિકાળ એકરૂપ છે એ નિશ્ચયનો વિષય છે, પર્યાયનો ચાર ભાવ છે એ વ્યવહારનયનો વિષય છે, બે થઈને પ્રમાણનો વિષય થયો. પોતામાં ને પોતામાં. સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન આત્મા જેને ત્યાં જીવતત્ત્વ કહ્યું, અહીં કહે છે કે જીવતત્ત્વમાં સાત તત્ત્વ એ છે જ નહિ. સમજાણું કાંઈ? પર્યાયબુદ્ધિ છોડાવવા, અંશબુદ્ધિ છોડાવવા, વ્યવહારબુદ્ધિ છોડાવવા, નિશ્ચયબુદ્ધિ કરાવવા. એય..! નથી, ભગવાન આત્મામાં સંસારની ગંધ નથી. આહા..હા..! વળી સંસારતત્ત્વ જીવમાં છે? સંસારતત્ત્વ જડમાં છે? પણ એ તો એક સમયના અંશમાં સંસારતત્ત્વ છે. ધ્રુવ શુદ્ધભાવ ત્રિકાળ જે સમ્યગ્દર્શનનો વિષય એમાં સંસારની ગંધ છે જ નહિ. તો તેના આશ્રયે સંસારનો નાશ થાય છે. એનો આશ્રય કરવાથી મોક્ષની ઉત્પત્તિ થાય છે અને સંસારનો નાશ થાય છે. એવા તત્ત્વમાં સંસાર નથી. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી નિયમસાર, ગાથા-૧૫
## પ્રવચન નં.૧૯૨, તા.૦૬-૦૧-૧૯૭૩
## (૯)

બીજો પેરેગ્રાફ છે, પાનું ૩૭. '**સાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્‌ભૂતવ્યવહારથી, કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ-કેવળશક્તિયુક્ત ફળરૂપ અનંતચતુષ્ટયની સાથેની...**' એ શબ્દનો અર્થ થાય છે. એ તો શબ્દ થયા. શું કહે છે? કે આત્મા જે અનંત આનંદ અને જ્ઞાનસંપન્ન સ્વરૂપ છે એ આત્માને અહીંયાં કારણપરમાત્મા કહે છે. એમાંથી કાર્યપરમાત્મા દશા મોક્ષની થાય છે. એ કઈ રીતે થાય છે એ કહે છે. ભગવાન આત્મા... આ દેહ તો જડ છે માટી અને અંદર પુણ્ય અને પાપનો વિકલ્પ ઊઠે છે દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ આદિ એ બધો વિકાર છે વિભાવ છે, એનાથી ભિન્ન જ્ઞાયકતત્ત્વ, વસ્તુનો સ્વભાવ બેહદ અપરિમિત, અનંત જ્ઞાન-દર્શન-આનંદ આદિ અનંત ગુણનો પિંડ આત્મા છે. એવા આત્માને અહીંયાં કારણપરમાત્મા કહે છે. અથવા કારણજીવ કહે છે. ઝીણી વાત છે ઘણી. આ ગાથા જ એવી છે, પંડિતજીએ માંગી છે તો લીધી છે.

એ આત્મા એક સમયમાં-ક્ષણના અસંખ્ય ભાગમાં અનંત-અનંત બેહદ સ્વભાવ સ્વરૂપ અરૂપી વિજ્ઞાનઘન, અતીન્દ્રિય આનંદધામ એ ચીજ છે. એ ચીજની દષ્ટિ કરવાથી અંતરમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનની પર્યાય અંતરમાં પ્રસરવાથી એને અંતરમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને અનંત આનંદની સ્વાદ દશા એને પ્રગટ થાય છે, એનું નામ ધર્મ છે.

ધર્મી એવો ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ અતીન્દ્રિય આનંદ જેનો સ્વભાવ છે એની મર્યાદા શું? અને એ વસ્તુ છે એમાં અપૂર્ણતા શું? એવી જે ચીજ અખંડાનંદ સ્વરૂપ એક ચીજ છે એમાં દષ્ટિ પ્રસારવાથી વર્તમાન જ્ઞાનની અવસ્થા-પ્રગટ પર્યાય, એને અંદર જોડવાથી જે સમ્યગ્દર્શન થાય છે એમાં આત્માના આનંદનો સ્વાદ આવે છે—અતીન્દ્રિય આનંદનો સ્વાદ એનું નામ સમ્યગ્દર્શન કહે છે, એનું નામ ધર્મની શરૂઆત કહે છે. દુનિયા લાખ વાત કરતી હોય પણ ચીજ આ સર્વજ્ઞ ... અંતર આનંદનો અનુભવ પર્યાય જે વર્તમાન પ્રગટ છે એને અહીંયાં સમ્યગ્દર્શન અને જ્ઞાન કહે છે. એનું કારણ એ ત્રિકાળી સચ્ચિદાનંદ પ્રભુ સત્‌ નામ શાશ્વત, સત્‌ નામ શાશ્વત ઉત્પન્ન અને વિનાશ વિનાની ચીજ એવો જે આત્મા જ્ઞાન અને આનંદનો ભંડાર છે એને અહીંયાં કારણ કહે છે. એને કારણજીવ કહો, કારણપરમાત્મા કહો. એક ઝીણી વાત રહી ગઈ પણ સૂક્ષ્મ પડશે.

સ્વરૂપપ્રત્યક્ષ નામનો અંદર એક ગુણ પડ્યો છે. ધ્રુવ. સ્વરૂપપ્રત્યક્ષ સ્વભાવ એનો છે. ૧૩મી ગાથામાં છે અંદર. ત્રિકાળ સ્વરૂપપ્રત્યક્ષ નામની શક્તિ અંદર છે. એનો આશ્રય કરવાથી વર્તમાનમાં સ્વરૂપપ્રત્યક્ષ મતિ અને શ્રુતજ્ઞાન દ્વારા રાગ અને મનનો સંગ છોડીને પ્રત્યક્ષ આત્માના આનંદનું વેદન થવું એનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપની પ્રત્યક્ષ પર્યાય કહેવામાં આવે છે. ઝીણી વાત છે, ભાઈ! આ ગાથા જ બહુ ઝીણી છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અનંતજ્ઞાન, અનંતદર્શન એવા બે સ્વભાવથી સહિત સ્વરૂપ છે. એ સ્વરૂપ જ એવું છે. એક અખંડ હોં! બધા મળીને એક એમ નહિ. એક જ તત્ત્વ એવું છે કે જેમાં અનંતઆનંદ, અનંતજ્ઞાન, અનંતશાંતિ, અનંતસ્વચ્છતા, અનંતપ્રભુતા, અનંત અનંત જ્ઞાન-દર્શનની શક્તિમાં સ્વપરને જાણવાની શક્તિ એવી પૂર્ણ શક્તિ અંદર પડી છે. એ પૂર્ણ શક્તિવાનને અહીંયાં કારણ કહે છે. એ કારણમાંથી વર્તમાન કાર્ય થાય છે. એ અધિકાર ચાલે છે. કાર્ય નામ કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ એ કારણમાંથી પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આજ તો હિન્દી છે. એ ભાઈ! સોભાગચંદજી! આજ હિન્દી ચાલે છે.

**'અતીન્દ્રિયસ્વભાવવાળા...'** આત્મામાં કેવું કેવળજ્ઞાન પ્રગટે છે? કે સાદિઅનંત. જ્યારથી ઉત્પન્ન થયું ત્યારથી આદિ થઈ. કેવળજ્ઞાન, સર્વજ્ઞજ્ઞાન, પૂર્ણજ્ઞાન, પ્રત્યક્ષજ્ઞાન એવા કેવળજ્ઞાનને અહીંયા કાર્યજ્ઞાન કહે છે અને ત્રિકાળી દ્રવ્યને કારણ કહે છે. છેલ્લામાં છેલ્લી વાત છે, ભાઈ! આહા..હા..! અરે..! જગતને આવી વાત સાંભળવા મળી નથી. આ તો સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર બિરાજે છે. મહાવિદેહમાં સીમંધર ભગવાન તીર્થંકર વીસ વિહરમાન (બિરાજે છે). ત્યાંથી આવેલી આ વાત છે. સાક્ષાત્ કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા. આઠ દિન ત્યાં રહ્યા હતા. સંવત્ ૪૯માં. આઠ દિન રહીને અનુભવી હતા. ચારિત્ર આનંદનું તો જ્ઞાન ભાન હતું. વિશેષ સ્પષ્ટ થયું. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બધા બનાવ્યા છે.

અહીંયાં કહે છે કે કાર્ય, આત્મામાં કાર્ય (થાય છે). શું કાર્ય? પરનું કાર્ય? એ તો આત્મા કરી શકતો નથી. શરીર, વાણી, મન, જડ છે એ પરની ક્રિયા તો આત્મા કરી શકતો નથી. એ તો સ્વતંત્ર પદાર્થ છે. એ પદાર્થનું પોતાનું અસ્તિત્વ રાખીને પોતાની પર્યાયરૂપ કાર્ય ત્યાં અંદર સ્વતંત્ર થાય છે. એનો તો આત્મા કર્તા છે નહિ. કર્મનો કર્તા આત્મા નથી. જડ કર્મ એનો કર્તા આત્મા નથી અને પુણ્ય અને પાપનો વિકલ્પ ઊઠે છે દયા, દાન, વ્રત, ભક્તિ એનો પણ કર્તા આત્મા નથી. પુદ્ગલ વિકાર છે.

**શ્રોતા :-** પરના કામ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરે? કોણ દેખે? કોણ કરે છે? દેખે છે કોણ? માને છે એ તો. સ્વતંત્ર પદાર્થ છે જગતની ચીજ. જે અસ્તિ છે. આમ દેખાય છેને, અસ્તિ છે ને? છેને? તો છે તો એની પર્યાય એને કારણે થાય છે. શું બીજાથી થાય છે? અજ્ઞાની...

**શ્રોતા :-** આપણે કરીએ ત્યારે થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કરે ત્યારે થાય છે. તમે કરો તો ક્યાંથી થાય? પ્રશ્ન કરે છે. સૂક્ષ્મ વાત છે, ભગવાન! શું કહીએ? એવી વાત છે. ... અહીં તો ... કરી શકે તો કોણ કરી શકે? પરની ક્રિયા કરી શકે છે કોણ? ... કરેને? ઢેબરભાઈ અહીં આવતા હતા ને. ... ગાંધીજી આવ્યા હતા વ્યાખ્યાનમાં. મોહનલાલ ગાંધી. ત્યાં અમે હતાને રાજકોટ, ત્યારે વ્યાખ્યાનમાં આવ્યા હતા. તો એ વખતે અમારે આવી વાત થઈ કે પરની ક્રિયા અને પરનું કાર્ય (આત્મા કરી શકતો નથી). કેમકે પર એક અસ્તિત્વ ચીજ છે અને છે એની પરિણતિ નામ ક્રિયાનું કાર્ય એ કરે છે. પર એનું કરે એ માન્યતા મહાભ્રમ અને પાખંડ અજ્ઞાનદશા છે. વાત એવી છે. દુનિયાને ઠીક લાગે ન લાગે ઈ જાણે.

અહીં તો બીજું કહેવું છે. બીજાનું કાર્ય તો (કરે) નહિ પણ અંદરમાં પુણ્ય-પાપના રાગનો વિકલ્પ જે વિકાર છે એનું કાર્ય પણ પોતાનું નથી. હવે પોતાનું કાર્ય શું? કે ત્રિકાળી ભગવાન અખંડાનંદ પ્રભુ ચૈતન્યબિંબ એની ઉપર દૃષ્ટિ કરીને એમાં જે શક્તિ પડી છે, એની વર્તમાન દશામાં વ્યક્તતા પ્રગટતા શક્તિમાંથી વ્યક્ત દશા થાય એ દશાને અહીંયાં કાર્ય કહેવામાં આવે છે. એ કાર્ય જીવ કરી શકે છે. રતનચંદજી! છે? સાદિઅનંત. એનો એટલો અર્થ છે કે જ્યારથી કાર્ય પ્રગટ થયું, કેવળજ્ઞાન જે સ્વભાવમાં હતું (તે પ્રગટ થયું). જેમ લીંડીપીપર હોયને? સમજો છો? છોટી પીપર. લિંડીપીપર આવડી હોય છે. કદમાં નાની છે, રંગે કાળી છે પણ અંદરમાં ચોસઠ પહોરી તીખાશ ભરી છે. ચોસઠ પહોરી સમજ્યા? ચોસઠ. ચોસઠ પહોરી ઘૂંટે છે તો ચોસઠ પહોરી તીખાશ આવે છેને? તીખાશ એટલે ચરપરાઈ તમારી ભાષામાં. એ ક્યાંથી આવી? પત્થરમાંથી આવી? ઘસવાથી આવી? અંદર છે. જો ઘસવાથી આવે તો કાંકરા, ચણ્યા કે ઘઉં ઘસવા જોઈએ, તો એમાંથી પણ આવવી જોઈએ. એ પીપરના નાના કદમાં કાળી બહારથી દેખાય છે. કદ નાનું છે. બાહ્ય તીખાશ અલ્પ છે. અંદરમાં ચોસઠ પહોરી તીખાશ છે. ચોસઠ પહોરી સમજ્યા? ચોસઠ એટલે સમજ્યા? ચોસઠ પૈસા એટલે રૂપિયો. હવે સો પૈસાનો રૂપિયો થયો છે. પહેલાં તો ચોસઠ પૈસાનો રૂપિયો હતોને. પૂર્ણ ચોસઠ પહોરી તીખાશ અંદર પડી છે એટલા કદમાં. તો ઘસવાથી એક, બે, ત્રણ, ચાર, પાંચ કરતાં ચોસઠ પહોરી પ્રગટ થાય છે.

એમ ભગવાન આત્મામાં અંતરમાં, ચોસઠ પહોરી જેવી શક્તિ એમાં છે, ચોસઠ એટલે રૂપિયો, ચોસઠ પૈસા, સોળ આના, રૂપિયો, પૂર્ણ, સર્વ બધા એકાર્થ છે. એમ ભગવાન આત્મામાં આટલા શરીર પ્રમાણે એનું અવગાહન હોવા છતાં શક્તિમાં અનંતજ્ઞાન અને અનંતઆનંદ ભર્યા છે. ચોસઠ પહોરી એટલે પૂર્ણજ્ઞાન, પૂર્ણદર્શન, પૂર્ણ આનંદ. પીપરમાં લીલો રંગ ભર્યો છે. લીલો રંગ છે. લીલો-લીલો. એ લીલો રંગ ક્યાંથી આવે છે? અંદરમાં છે. એમ આત્મામાં અંદરમાં અનંતજ્ઞાન અને અનંતઆનંદ છે. એ અંદર એકાગ્ર થવાથી બહાર આવે છે. અંદરમાં એકાગ્ર થવાથી બહાર પ્રગટ થાય છે એનું નામ કાર્યજ્ઞાન-કેવળજ્ઞાન કહેવામાં આવે છે. ત્યારે

એને અનંત આનંદ અને સુખ થાય છે. એ વાત છે અહીંયાં.

'**સાદિ-અનંત, અમૂર્ત,...**' છે. પોતાનું કાર્ય અમૂર્ત છે. ભગવાન અમૂર્ત છે એમાં કાર્ય પ્રગટ થાય કેવળજ્ઞાન, આનંદ એ પણ અમૂર્ત છે. '**અતીન્દ્રિયસ્વભાવવાળા...**' અતીન્દ્રિય સ્વભાવ. ભગવાન અતીન્દ્રિય સ્વભાવ આત્મા છે. તો એની પર્યાય, કાર્ય અંતરમાંથી અનુભવ કરવાથી કાર્ય આવે છે એ અતીન્દ્રિય સ્વભાવવાળું છે. કેવળજ્ઞાન... '**શુદ્ધસદ્‌ભૂતવ્યવહારથી,...**' એક સમયની પર્યાય છેને કેવળજ્ઞાન? સદ્‌ભૂતવ્યવહાર થયો. નિશ્ચય તો ત્રિકાળી વસ્તુ. નવી પર્યાય થઈ એ ભેદ થયો. તો ભેદની અપેક્ષાએ શુદ્ધસદ્‌ભૂતવ્યવહાર કહે છે. બધી ભાષા કઠણ છે. આ ...

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નિશ્ચય. એ વ્યવહાર. એક સમયની પર્યાય છે-અવસ્થા છે ત્રણકાળને જાણવાની એને કાર્યજ્ઞાન કહે છે, પણ છે એક સમયની. ત્રિકાળની અપેક્ષાએ ભેદ થયો, નવો થયો તો શુદ્ધ છે, સદ્‌ભુત છે પણ છે વ્યવહાર. કેવળજ્ઞાનની પર્યાય પણ સદ્‌ભુતવ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? અંતર ભગવાન આત્મા, જેમ ચોસઠ પહોરી અંદર (તીખાશ) પડી છે, લીંડીપીપર, એમ ભગવાન ચોસઠમાં રૂપિયે રૂપિયો, પૂર્ણ કેવળજ્ઞાન, કેવળદર્શન શક્તિથી ભરેલો છે એનો અનુભવ કરવાથી જે બાહ્ય પ્રગટ પર્યાય થાય છે, કેવળજ્ઞાનના કાર્યની વાત અહીં ચાલે છે, એ કાર્યને અહીંયાં શુદ્ધસદ્‌ભૂતવ્યવહાર કહે છે. હજી તો આને વ્યવહાર કહે છે. અહીં તો હજી આ વ્યવહાર કરવો ને ફરવો, કરવો ને કરવો. શું કરે?

અહીં તો કહે છે કે શુદ્ધ સદ્‌ભૂતવ્યવહાર, એક સમયની દશા. જેમ ચોસઠ પહોરી તીખાશ હતી અને બહાર આવી લીંડીપીપરમાં. એક સમયમાં આવી એ પર્યાયનો અંશ છે, ત્રિકાળી ચીજ નથી. એ ચોસઠ પહોરી પ્રગટી એ પણ એક અંશ થયો, એમ કેવળજ્ઞાન થયું એ પણ એક અંશ છે. ત્રિકાળી ચીજની અપેક્ષાએ એક અંશ છે. એને શુદ્ધ કહે છે. સદ્‌ભૂત એમાં છે તો સદ્‌ભૂદ કહે છે. ભેદ પડ્યો એક અંશનો માટે વ્યવહાર કહે છે. ઘણું ઝીણું, ભગવાન! એવી ચીજ .. થઈ ગઈ છે. અનંત કાળ થયો. સાધુ થયો અનંત વાર, મુનિ થયો, દિગંબર થયો. 'મુનિ વ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પણ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ, પૂર્ણ સ્વરૂપથી ભરેલો એનો અનુભવ અંતર અતીન્દ્રિય આનંદનો સ્વાદ કદી એણે અનંત કાળમાં સેકંડમાત્ર પણ કર્યો નથી અને જ્યાં સુધી કર્યો નથી ત્યાં સુધી એના જન્મ-મરણ કદી મટશે નહિ. ચોર્યાસીના અવતારમાં દુઃખી છે બિચારો. બિચારો શેનો? છે તો ભગવાન આત્મા. દુઃખી... દુઃખી... દુઃખી... આ શેઠિયા દુઃખી, રાજા દુઃખી, દેવ દુઃખી. જેને આત્માના સ્વભાવનું ભાન નથી અને પુણ્ય-પાપના વિકલ્પ રાગમાં ગુંચાઈ રહેલ છે તે બેય ભાવો આકુળતા અને દુઃખરૂપ છે. એ દુઃખના વેદનમાં અજ્ઞાની અનાદિનો છે. ચાહે તો સાધુ થયેલો હોય. પંચ મહાવ્રત

પાળતો હોય પણ એ દુઃખના વેદનમાં છે. .. .. આવી ગયું. ... વિસ્મૃત થઈ ગયું. કહો, સમજાણું કાંઈ? .. થાય છેને પાછું હવે તો.

શુદ્ધસદ્ભૂતવ્યવહાર. શું કહ્યું? આહા...! જુઓ, આત્મામાં એક.. ૧૩મી ગાથા છેને એમાં? ૧૩-૧૩ છેને? ૧૩મી જુઓ, સ્વરૂપ શ્રદ્ધાનમાત્ર જ. છે? આ નવી આવીને અમારે. સ્વરૂપપ્રત્યક્ષ છેને એમાં. ૧૧મે પાને. આહા..હા..! ૨૯ પાનું છે. બીજો પેરેગ્રાફ છે. '**અહીં (ઉપર કહેલાં જ્ઞાનોને વિષે)...**' છે ભાઈ? '**સહજજ્ઞાન,...**' સહજજ્ઞાન નામ ત્રિકાળી જ્ઞાન. સહજ. સહજજ્ઞાન. આવ્યુંને? '**શુદ્ધ અંતઃતત્ત્વરૂપ...**' શુદ્ધ અંતઃતત્ત્વ સત્ત્વ આખું. સત્‌નું સત્ત્વ. સત્ જે વસ્તુ ભગવાન. સત્‌નું સત્ત્વ. જે અંતઃતત્ત્વ. સત્‌નું સત્ત્વ અંતઃતત્ત્વ એ ભાવ. એ '**અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વમાં...**' એવું જે પરમતત્ત્વ છે એમાં '**વ્યાપક હોવાથી, સ્વરૂપપ્રત્યક્ષ છે.**' નવી વાત છે. ૧૨ ગાથા છેને? બીજો પેરેગ્રાફ છે.

'**સહજજ્ઞાન, શુદ્ધ અંતઃતત્ત્વરૂપ...**' સત્ વસ્તુ દ્રવ્ય પદાર્થ એનું સત્ત્વ, સત્ત્વ, સત્‌નું સત્‌પણું-ભાવપણું એ શુદ્ધ અંતઃતત્ત્વસ્વરરૂપ એ પરમતત્ત્વ-એવું જે પરમતત્ત્વ ત્રિકાળી, એમાં વ્યાપક-પ્રસરવાથી સ્વરૂપપ્રત્યક્ષ છે. શું કહ્યું? આ સ્વરૂપપ્રત્યક્ષ એટલે ત્રિકાળી જ્ઞાનને અહીં સ્વરૂપપ્રત્યક્ષ કહે છે. સ્વરૂપમાં એ સ્વરૂપપ્રત્યક્ષ નામનો ગુણ છે તો સ્વરૂપપ્રત્યક્ષ પર્યાયમાં થાય છે. એવી વાત છે. જરી ઝીણી વાત છે. આ સ્વરૂપ એટલે પ્રગટ ઉત્પાદ-વ્યયની વાત નથી. ત્રિકાળી. છે?

'**સહજજ્ઞાન, શુદ્ધ અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વ...**' ભગવાન આત્મા. વ્યાપક, એમાં '**વ્યાપક હોવાથી, સ્વરૂપપ્રત્યક્ષ છે.**' નીચે અર્થ કર્યો છે. નીચે અર્થ છે. '**સ્વરૂપપ્રત્યક્ષ = સ્વરૂપે પ્રત્યક્ષ; સ્વરૂપ-અપેક્ષાએ પ્રત્યક્ષ; સ્વભાવે પ્રત્યક્ષ.**' નીચે અર્થ છે. એ ત્રિકાળીની વાત છે. પ્રગટ પર્યાયની વાત નથી. સ્વરૂપપ્રત્યક્ષ વસ્તુ અંદરમાં છે. એ સ્વરૂપ પ્રત્યક્ષ જ છે. એ સ્વરૂપથી પ્રત્યક્ષ, સ્વરૂપ અપેક્ષાએ પ્રત્યક્ષ, સ્વભાવથી પ્રત્યક્ષ. એવું સ્વરૂપપ્રત્યક્ષ ત્રિકાળી જ્ઞાન તેના આશ્રયથી મતિ-શ્રુતજ્ઞાનનું પ્રત્યક્ષપણું અંદરમાં થાય છે અને તેના આશ્રયથી કેવળજ્ઞાનનું કાર્ય થાય છે. ભારે વાત. સમજાય છે કાંઈ? એના આશ્રયે. સ્વરૂપપ્રત્યક્ષ વસ્તુ છે પ્રત્યક્ષ. શક્તિ, સત્તા, સત્ત્વ વસ્તુનું સ્વરૂપ, અંદર ત્રિકાળ જ્ઞાન આદિ એમાં સ્વરૂપપ્રત્યક્ષ વ્યાપક વસ્તુ સ્વરૂપપ્રત્યક્ષ પડ્યું છે. એનો આશ્રય કરવાથી, સ્વરૂપપ્રત્યક્ષનો આશ્રય કરવાથી કારણપ્રત્યક્ષ જે સ્વરૂપપ્રત્યક્ષ છે એ કારણપ્રત્યક્ષ છે, એમાંથી કાર્યપ્રત્યક્ષ કેવળજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? આ વાતને ... છે. કેવા ... મંદિર બનાવવા, અહીં તો છોકરાને શીખવવું ... આ પુસ્તક બનાવવા, આ સંચા કરવા લ્યોને. કોણ કરે? ભગવાન! આ સંચા હોય છે કે નહિ? કોણ કરે ભગવાન? એ તો જડની અવસ્થા જડથી તે ક્ષણે થવાવાળી એનાથી થાય છે. કોઈ બીજું એને કરનાર નથી.

અહીંયાં તો ભગવાન આત્મામાં સ્વરૂપપ્રત્યક્ષ ત્રિકાળી સ્વભાવનું શક્તિરૂપ, સ્વભાવરૂપ,

ગુણરૂપ, ધ્રુવરૂપ સ્વરૂપપ્રત્યક્ષ છે. એના આશ્રયે કેવળજ્ઞાન પૂર્ણ... છે? '**કેવળજ્ઞાન સકલપ્રત્યક્ષ...**' છે? શું? સ્વરૂપપ્રત્યક્ષ એ ત્રિકાળી અને કેવળજ્ઞાન સકળપ્રત્યક્ષ એ પર્યાય. ચોસઠ પહોરી તીખાશ પુરી છે. ચોસઠ પહોરી પ્રગટે છે. એ કેવળજ્ઞાન કાર્ય અને સ્વરૂપપ્રત્યક્ષ ત્રિકાળી, પૂર્ણ. એના આશ્રયે કેવળજ્ઞાન પ્રગટ થાય એ પર્યાય, એ સદ્‌ભુતવ્યવહાર. એ પણ હજી સદ્‌ભુતવ્યવહાર. રાગાદિ ઉત્પન્ન થાય એ તો અસદ્‌ભૂતવ્યવહાર. એ પોતાની ચીજ નહિ. આહા..હા..! અરે.. મોક્ષમાર્ગ ઉત્પન્ન થાય છે સ્વરૂપપ્રત્યક્ષમાંથી એ પણ વ્યવહાર, સદ્‌ભુત વ્યવહાર. સમજાણું કાંઈ?

વસ્તુ.. વસ્તુ... વસ્તુ... પૂર્ણ સત્, સત્ત્વ. પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... જેમાંથી અનંતા-અનંતા કેવળજ્ઞાનની પર્યાયો જેમાં શક્તિરૂપ, સ્વરૂપપ્રત્યક્ષમાં બધું પડ્યું છે. આહા..હા..! એની અંતર દૃષ્ટિ થવાથી, પહેલાં તો અંતરદૃષ્ટિ થવાથી સમ્યગ્દર્શન થાય છે, સમ્યગ્જ્ઞાન થાય છે અને સમ્યક્ ચારિત્ર થાય છે, એના સ્વરૂપપ્રત્યક્ષ જ્ઞાનના આશ્રયે. કારણજીવ કહો, કારણપરમાત્મા કહો, સ્વરૂપપ્રત્યક્ષ એનું સત્ત્વ સ્વભાવ કહો, એના આશ્રયે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે એ અપૂર્ણ શુદ્ધ છે, અપૂર્ણ શુદ્ધ છે અને કેવળજ્ઞાન (થાય છે) એ અહીં પૂર્ણ શુદ્ધની વાત કરે છે. કેવળજ્ઞાનને સકલપ્રત્યક્ષ કહે છે અને ત્રિકાળી શક્તિને સ્વરૂપપ્રત્યક્ષ કહે છે. સમજાણું કાંઈ? ક્યાં આવ્યા?

'**શુદ્ધસદ્‌ભૂતવ્યવહારથી, કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ-કેવળશક્તિયુક્ત ફળરૂપ...** ' આ ફળ છે એનું. આહા..હા..! ભાષા કઠણ પડે. ક્યુ ફળ? જે ત્રિકાળી સ્વરૂપ પ્રત્યક્ષ વસ્તુ કારણપરમાત્મા છે એનું સત્ત્વ. ભાવપણું, ભાવવાન વસ્તુ, ભાવપણું, પણું, સત્‌પણું. જે સ્વરૂપપ્રત્યક્ષ અનંત જ્ઞાનાદિમાં સ્વરૂપપ્રત્યક્ષ. એના અવલંબનથી-એના આશ્રયથી શક્તિમાંથી વ્યક્તતા પરિણમે એને ક્ષાયિક કેવળજ્ઞાન શુદ્ધ સદ્‌ભૂત (કહે છે). શુદ્ધ કેમ? કે પર્યાય શુદ્ધ છે. સદ્‌ભૂત કેમ? કે એમાં છે. વ્યવહાર કેમ? કે ભેદ પડ્યો. એક સમયની પર્યાય ભેદ છે. શુદ્ધસદ્‌ભૂતવ્યવહાર. કેવળજ્ઞાનને શુદ્ધસદ્‌ભૂતવ્યવહાર કહે છે. આહા..હા..! '**ववहारोऽभूदत्थो**' ૧૧મી ગાથામાં (આવ્યું), વ્યવહાર અભૂતાર્થ છે, હેય છે. એક સમયની પર્યાય અભૂતાર્થ છે. પર્યાયમાત્ર અભૂતાર્થ છે. અભૂતાર્થનો અર્થ ત્રિકાળ નહિ. પરિણામમાત્ર વ્યવહાર છે. કેવળજ્ઞાન પણ પરિણામ છે. આહા..હા..! વીતરાગમાર્ગનું અંતર ગુપ્ત રહસ્ય અંતર ગૂઢ છે. સાંભળવા મળ્યું નથી. એમ ને એમ બહારથી.. બહારથી... બહારથી... આ કર્યું ને આ કર્યું ને આ કર્યું.

અહીં તો કહે છે કે એવો શુદ્ધસદ્‌ભૂતવ્યવહાર. કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ-કેવળ... પ્રગટ હોં! આ બધું. '**ફળરૂપ અનંતચતુષ્ટયની સાથેની...**' એ ફળ થયું. કારણપરમાત્મામાં એકાગ્ર થઈને મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ કરી અને આ કેવળજ્ઞાન એનું ફળ આવ્યું. મોક્ષમાર્ગનું ફળ. સમજાણું કાંઈ? આવી ભાષા કેવી? આહા..હા..! આ તે માર્ગ! એ મોટો છે પણ

એની મોટપની એને ખબર નથી. પામર કરીને માન્યો. પ્રભુને પામર માન્યો એ જ મહાભ્રમણા છે. આહા..હા..! પર્યાય જેટલો માન્યો એ પણ ભ્રમણા છે, કહે છે. સમજાય છે કાંઈ?

કહે છે, એવા અનંત ચતુષ્ટયરૂપ જે પ્રગટરૂપ પર્યાય. આ કાર્યની વાત ચાલે છે. એની સાથે '**(-અનંતચતુષ્ટયની સાથે તન્મયપણે રહેલી) જે પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની...**' પરમ ઉત્કૃષ્ટ ક્ષાયિકભાવ રહ્યો છે. જે સ્વરૂપપ્રત્યક્ષ અને કારણપરમાત્મા એ તો પારિણામિકભાવે છે. સમજાય છે કાંઈ? પાંચ ભાવ છેને પાંચ? ઔદયિક, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ ચાર પર્યાય છે. પારિણામિક ગુણ છે ભાવ છે ત્રિકાળી. પારિણામિકભાવ એ ત્રિકાળી છે અને આ ચાર ભાવ એ પર્યાય છે. ચાહે તો ઉદય ... હોય, રાગનો હોય. ઉપશમ. સમકિત .. પણ એ પર્યાય છે. ક્ષાયિકસમકિત, જ્ઞાનની ક્ષાયિક પર્યાય છે. ક્ષયોપશમ છે. ક્ષયોપશમ .. છે અનાદિથી. નિગોદમાં પણ છે. નિગોદમાં પણ ક્ષયોપશમ છે. ક્ષયોપશમ ન હોય તો જીવનો અભાવ થઈ જાય. નિગોદમાં પણ ઉદય, ક્ષયોપશમ અને પારિણામિકભાવ ત્રણ ભાવ તો નિગોદમાં પણ છે. સમજાણું કાંઈ? જીવ છેને? ... પણ અનંત જીવ છે. ત્યાં નિગોદમાં. કદી ત્રસ થયા નથી એમાં પણ ત્રણ ભાવ છે. દ્રવ્યસ્વરૂપ પારિણામિકભાવ, વિકાસરૂપ ક્ષયોપશમભાવ, રાગરૂપ ઉદયભાવ—ત્રણ ભાવ તો નિગોદમાં પણ અનાદિથી છે.

અહીં કહે છે કે આ તો અનંત ચતુષ્ટયની સાથે રહેલી ક્ષાયિકભાવની પર્યાય. આહા..હા..! સમજાણું કાંઈ? '**પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવ...**' એમ. પરમોત્કૃષ્ટ કેમ કહ્યું? કે ક્ષાયિકસમકિત આદિ છે એ પરમ ઉત્કૃષ્ટ નથી અને આ તો પરમ ઉત્કૃષ્ટ ક્ષાયિકભાવ. એની શુદ્ધ પરિણતિ, એની શુદ્ધ અવસ્થા. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**કાર્યશુદ્ધપર્યાય છે.**' એ કારણશુદ્ધપર્યાયની સાથે કાર્યશુદ્ધપર્યાય કહી. ત્રિકાળી ધ્રુવની સાથે શુદ્ધ પરિણતિ કારણપર્યાય ધ્રુવ એનું મનન કરવાથી, એને ધ્યેય બનાવી મોક્ષમાર્ગ પ્રગટ થયો. એના ફળરૂપ પૂર્ણ કાર્ય શુદ્ધપર્યાય છે. કેવળજ્ઞાન, કેવળદર્શન કાર્યશુદ્ધપર્યાય છે.

**શ્રોતા** :- એનું કારણ કારણશુદ્ધપર્યાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ કારણ ત્રિકાળ ત્રણે. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે.

'**અથવા,...**' બસ! એટલી જ વાત ત્યાં ચારિત્રની કહી. બાકી તો થોડું આવી ગયું છેને ઉપયોગમાં. ઉપયોગમાં આવ્યું હતુંને કારણદૃષ્ટિ ને કાર્યદૃષ્ટિ. આહા..હા..! ૧૩મી ગાથા છેને ૧૩મી ગાથા. ત્યાં કારણદૃષ્ટિ એક છે. સદા કારણરૂપ. ઔદયિક આદિ ચાર વિભાવસ્વભાવ, પરભાવને અગોચર એવા સહજ પરમપારિણામભાવસ્વરૂપ જેનો સ્વભાવ છે. કારણદૃષ્ટિ એક છે. કારણદર્શન ઉપયોગ પણ છે ઈ અને એને કારણદૃષ્ટિ પણ કહે છે. બેય પારિણામિકભાવે છે.

**શ્રોતા** :- કારણદૃષ્ટિ પર્યાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પરિણામિકભાવ, પર્યાય નહિ. ધ્રુવભાવ છે. આહા..હા..! કારણદૃષ્ટિના

બે ભાગ છે, જુઓ, દર્શન અથવા દૃષ્ટિ એટલે બે અર્થ છે. સામાન્ય પ્રતિભાસ, શ્રદ્ધા ... અને અર્થઘટિત થાય છે ત્યાં અર્થ સમજવો. કારણદૃષ્ટિ અને કારણદર્શનઉપયોગ બે વાત ચાલે છે. ત્રિકાળ દર્શનઉપયોગને કારણદર્શનઉપયોગ કહે છે અને ત્રિકાળમાં દૃષ્ટિ જે સમ્યક્ પડી છે શ્રદ્ધા ત્રિકાળમાં એ કારણદૃષ્ટિ છે. એ પારિણામિકભાવે છે. પ્રગટે છે તો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવે છે. આ પારિણામિકભાવે છે. અંદર છે. કારણદૃષ્ટિ પ્રભુ સદા સમ્યગ્દર્શન શ્રદ્ધારૂપ ત્રિકાળ એને કારણદૃષ્ટિ કહે છે અને દર્શનઉપયોગને કારણદર્શનઉપયોગ કહે છે. બેય અનાદિ આત્મામાં પડ્યા છે. ..

વિભાવસ્વભાવ પરભાવને અગમ્ય. શું કહ્યું? ઔદયિક આદિ ચાર વિભાવસ્વભાવને અગમ્ય. અગમ્યનો અર્થ એના આશ્રયે સમજાતું નથી. બાકી છે તો ઉપશમ, ક્ષાયિકપર્યાયથી ભિન્ન. શું કહ્યું? પાઠ એવો છે. પરભાવોથી અગમ્ય, ચાર વિભાવસ્વભાવથી અગમ્ય. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકથી પણ અગમ્ય. એનો અર્થ શું? ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકથી તો ગમ્ય છે, પણ એના આશ્રયથી ગમ્ય નથી થતું. આહા..હા..!

**શ્રોતા :-** .. જાણશે તો પર્યાય પણ એના આશ્રયે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એના આશ્રયથી જણાતો નથી. તેથી અગમ્ય કહે છે. સમજાય છે કાંઈ? હવે આ બધું ઝીણું બહુ. કારણપર્યાય ઝીણી અને વળી કાર્ય. ભગવાન ચૈતન્યચમત્કાર છે. એની ચીજને મૂકીને બધી વાતું છે-થોથા છે. વ્રતના, તપના, ભક્તિના, પૂજાના વિકલ્પો આકુળતાના ઘર છે એ બધા. આહા..હા..!

નિરાકુળ ભગવાન આત્મા જેને કારણજીવ કહ્યો, આ કેવળજ્ઞાન આદિ કાર્યજીવ છે. કારણજીવ. છેને? ૯માં આવે છે. ૯માં આવે છે. ૯માં આવે છે. જુઓ, નીચે છે ૯મી ગાથામાં. '**શુદ્ધનિશ્ચયથી સહજજ્ઞાનાદિ પરમસ્વભાવગુણોનો આધાર હોવાને લીધે કારણશુદ્ધજીવ છે.**' નીચે બે લીટી છે. ૯-૯. નીચે બે લીટી. '**શુદ્ધનિશ્ચયથી સહજજ્ઞાનાદિ પરમસ્વભાવગુણોનો આધાર...**' કોણ? કારણ. કારણશુદ્ધજીવ છે. કારણશુદ્ધજીવ છે. '**આના ચેતન ગુણો છે.**' એ લાંબી વાત છે. .... એના ચેતન ગુણ છે તે અમૂર્ત છે. કેવળજ્ઞાનાદિ સહિત હોય છે, કાર્યશુદ્ધજીવ છે. કેવળજ્ઞાનાદિ થયું એ કાર્યશુદ્ધજીવ છે. અહીંયા ૧૫માં કાર્યપર્યાય કહ્યું છે. આવું કોઈ દી સાંભળ્યું નહિ હોય. ગિરધરભાઈ! દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો. .. જડ છે. અચેતનની ક્રિયા છે. આ તો ચેતનની ક્રિયાની વાત ચાલે છે. આહા..હા..!

કહે છે કે એ કાર્યશુદ્ધજીવ છે. શક્તિમાંથી વ્યક્તિ થાય છે. છેને ૯માં? શક્તિરૂપ જે કારણપરમાત્મા ભગવાન કારણજીવ છે એમાંથી વ્યક્તતા કાર્યજીવ થાય છે. કારણપરમાત્મા એ શક્તિરૂપ છે એ કારણજીવ. વ્યક્તિરૂપ જે કાર્યજીવ એને કાર્યપરમાત્મા કહે છે. એને અહીંયાં કાર્યદૃષ્ટિ-કાર્યપર્યાય કહી છે. પર્યાય. આ ૧૫માં. સમજાણું કાંઈ? છેને?

**'શક્તિ કારણ છે અને વ્યક્તિ કાર્ય છે. આમ હોવાથી શક્તિરૂપ શુદ્ધતાવાળા જીવને કારણશુદ્ધ જીવ કહેવાય છે અને વ્યક્ત શુદ્ધતાવાળા જીવને કાર્યશુદ્ધ જીવ કહેવાય છે. (કારણશુદ્ધ એટલે કારણ-અપેક્ષાએ શુદ્ધ અર્થાત્ શક્તિ-અપેક્ષાએ શુદ્ધ. કાર્યશુદ્ધ એટલે કાર્ય-અપેક્ષાએ શુદ્ધ અર્થાત્ વ્યક્તિ-અપેક્ષાએ શુદ્ધ).'** ખુલાસો ઘણો કહ્યું છે અમારા પંડિતજીએ. આ નીચે ખુલાસો પંડિતજીએ કર્યો છે. પાઠમાં છે આ. આમાં આવ્યું ૧૩માં. **'જે કારણસમયસારસ્વરૂપ છે,...'** ૧૩-૧૩ નીચે. અગોચરનું આવ્યુંને? ચાર ભાવથી વસ્તુ અગોચર છે. એનો અર્થ કે ચાર ભાવના આશ્રયે ગમ્ય નથી. બાકી છે તો ઉપશમ-ક્ષયોપશમ-ક્ષાયિકથી ગમ્ય છે. ચાર આશ્રયથી એ ગમ્ય નથી માટે અગોચર કહ્યું.

**'જેનો સ્વભાવ છે, જે કારણસમયસારસ્વરૂપ છે,...'** ત્રિકાળી હોં! **'નિરાવરણ જેનો સ્વભાવ છે, જે નિજ સ્વભાવસત્તામાત્ર છે, જે પરમચૈતન્યસામાન્યસ્વરૂપ છે,...'** આટલા વિશેષણ છે ત્રિકાળીના. **'જે અકૃત્રિમ પરમ સ્વ-સ્વરૂપમાં અવિચળસ્થિતમય શુદ્ધચારિત્રસ્વરૂપ છે,...'** આહા..હા..! ત્રિકાળ. **'જે નિત્ય-શુદ્ધ-નિરંજનજ્ઞાનસ્વરૂપ છે...'** ત્રિકાળ. **'જે સમસ્ત દુષ્ટ પાપોરૂપ વીર દુશ્મનોની સેનાની ધજાના નાશનું કારણ છે એવા આત્માના ખરેખર સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે...'** લ્યો, ત્યાં સ્વરૂપશ્રદ્ધાન ત્રિકાળી. **'સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે (અર્થાત્ કારણદૃષ્ટિ તો ખરેખર શુદ્ધાત્માની સ્વરૂપશ્રદ્ધામાત્ર જ છે).'** સમજાણું કાંઈ? એમાંથી કાર્યદૃષ્ટિ પ્રગટ થાય છે. જુઓ, બીજી કાર્યદૃષ્ટિ છેને એમાં, એને અહીંયાં કાર્યપર્યાય કહી છે. આ તો .. બે હજાર વર્ષ પહેલાં.. સ્પષ્ટ આવ્યું છે. પણ આ વસ્તુ બહુ ગંભીર વાત છે. એકદમ થોડા કાળમાં ઝટ પકડાય .. બહારમાં આગ્રહ હોય છેને ઘણો, અંદરમાં અંતર ચીજમાં પકડવી બહુ અનંત પુરુષાર્થ છે.

અહીંયાં વાત આવી. **'જે પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની શુદ્ધપરિણતિ તે જ કાર્યશુદ્ધપર્યાય છે.'** ત્યાં કાર્યજીવ કહ્યું હતું, કાર્યપરમાત્મા કહ્યું હતું, તે આ કાર્યપર્યાય છે. સમજાણું કાંઈ? કઠણ જરી લાગે આ બધું.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉત્કૃષ્ટ છેને. પરમપારિણામિકભાવની અપેક્ષાએ એ ઉત્કૃષ્ટ નથી, પણ બીજા ચાર ભાવની અપેક્ષાએ, ત્રણની અપેક્ષાએ પરમઉત્કૃષ્ટ છે. છે અપરમભાવ. એ તો ત્રણની અપેક્ષાએ પરમ. ત્રિકાળની અપેક્ષાએ અપરમ. ઉત્કૃષ્ટ છેને. પર્યાયની અપેક્ષાએ ઉત્કૃષ્ટ છેને. પર્યાય ત્રણ છે ઉદય, ઉપશમ, ક્ષયોપશમ. એની અપેક્ષાએ ઉત્કૃષ્ટ છે. ત્રિકાળની અપેક્ષાએ એ અપરમભાવ છે. આગળ આવી ગયું છે. ઝીણી વાત, ભગવાન! ભારે વાતું બાપુ! આ તો .. વાણીની રમતું, અંતરમાં આત્મારામની રમતુંની વાતું છે. અનંત કાળે ... એ ચીજ એવી છે કે બહારમાં .. દેખાય એવી નથી. મોટા ભાષણ કરે ને લાખો માણસ ભેગા થાય. .. .. એમાં આ હાથ આવે એવું નથી. આહા..હા..! કહે છે, પરમોત્કૃષ્ટ એમ

કહ્યુંને? 'ક્ષાયિકભાવની શુદ્ધપરિણતિ તે જ કાર્યશુદ્ધપર્યાય છે. અથવા,...'

**શ્રોતા :-** બે વસ્તુ પરમ ઉત્કૃષ્ટ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. એક જ છે આ. પર્યાયની અપેક્ષાએ પરમ ઉત્કૃષ્ટ ઈ. દ્રવ્યની અપેક્ષાએ પરમ ઉત્કૃષ્ટ પરમપારિણામિકભાવ.

**શ્રોતા :-** બંને થયા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, બેય.

**શ્રોતા :-** દ્રવ્ય નિરપેક્ષ હોય પછી સાપેક્ષમાં આવેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિરપેક્ષ જ છે. પર્યાય નિરપેક્ષ છે, દ્રવ્ય નિરપેક્ષ છે...

**શ્રોતા :-** હમણાં સાપેક્ષ આપે કહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કઈ અપેક્ષા? અપેક્ષાથી કહ્યું, પણ એની અપેક્ષા છે માટે આ છે એમ નહિ. કાર્યપર્યાય કારણ હોય તો છે એમ પણ નહિ. કાર્યપર્યાય નિરપેક્ષ-કારણથી રહિત છે. પણ અત્યારે એ સિદ્ધ નથી કરવું.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહ્યુંને. એ સિદ્ધ નથી કરવું. અહીં તો કારણ અને કાર્ય બેય સિદ્ધ કરવું છેને. સમજાણું કાંઈ? જે વખતે જે વાત સિદ્ધ કરવી હોય (એ કહેવાય ને). પરથી ભિન્ન કરીને પોતાના કારણથી કાર્ય થાય છે એવી વાત સિદ્ધ કરવી છે. પણ બે વાત જ્યારે સિદ્ધ કરવી હોય એ કેવળજ્ઞાન પણ નિરપેક્ષ પોતાની પર્યાયથી પોતામાં થાય છે.

**શ્રોતા :-** કારણશુદ્ધ કારણપરમાત્મા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કારણ પણ નહિ, એનાથી નહિ. એક સમયની પર્યાયમાં શુદ્ધ ષટ્કારક પરિણમે છે. શુદ્ધ પર્યાય કર્તા, શુદ્ધ પર્યાય કર્મ, શુદ્ધ પર્યાય કરણ, શુદ્ધ પર્યાય સંપ્રદાન, શુદ્ધ પર્યાય અપાદાન, શુદ્ધ પર્યાય અધિકરણ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંદર આશ્રય લેવાનું તેને કહ્યું. પછી થયું...

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ લેવાની વાત... અહીં તો પર્યાય પર્યાયથી સ્વતંત્ર છે. એવી વાત છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આશ્રયનો અર્થ શું? આશ્રય આવે છે? એનું લક્ષ કરે છે પર્યાયમાં બસ એટલું.

**શ્રોતા :-** .. પર્યાય લે તો છે

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લે-દે શું? જરી ઝીણી વાત છે. ... પરથી જુદું પાડીને એમાંથી

આવે છે એમ બતાવવું છે. સમજાણું કાંઈ? પણ પર્યાયથી પર્યાય છે, નિશ્ચયથી તો પર્યાય પર્યાયસ્વરૂપ જ છે, દ્રવ્ય દ્રવ્યસ્વરૂપ છે. દ્રવ્ય પર્યાયનો કર્તા નહિ અને પર્યાય દ્રવ્યની કર્તા નહિ.

**શ્રોતા** :- આપ તો કોઈવાર એમ કહો છો કે પર્યાય ... પોતાને લાગુ પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પોતાને કીધુંને. આને કહ્યુંને. અહીંયા કહ્યુંને. એક પર્યાયને.. પોતાને કારણે ભેદ પાડવા હોય તો પાડો, પરને કારણે નહિ.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આશ્રય નથી નિશ્ચયથી તો. ઝીણી વાતું છે, ભાઈ! .. જૈનદર્શનનું મૂળ સમજવું બહુ ઝીણું, બહુ ઝીણું. લોકો બહારથી બધું માની બેઠા છેને. પછી આ વસ્તુ સમજવી કઠણ પડે. .. આવે છે બહારમાં. એ કાંઈ વિદ્વતાની ચીજ નથી. અંતરમાં દૃષ્ટિના વિષયની ચીજ છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ બેય સમજવું પડશે. પરથી જુદું પાડવા દ્રવ્યનો આશ્રય સમજવો, પરનો આશ્રય નહિ. પૂર્વની પર્યાયનો આશ્રય નહિ એટલું બતાવવા દ્રવ્યને આશ્રયે. ૧૧મી ગાથામાં કહ્યું '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' ૧૧મી. ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દૃષ્ટિ થાય છે, નિમિત્તને આશ્રયે નહિ, રાગને આશ્રયે નહિ, પૂર્વ પર્યાયને આશ્રયે નહિ એટલું સિદ્ધ કરવા ત્યાં કહ્યું. પણ જ્યારે બહુ આગળ વધીને જ્યારે સિદ્ધ કરે છે, પર્યાય પર્યાયથી છે, દ્રવ્ય દ્રવ્યથી. પર્યાયનો દાતા દ્રવ્ય નહિ. આહા..હા..! બે આમ છે એમ કહ્યું ત્યાં પછી આ આનો દાતા ... સત્ જ સિદ્ધ નહિ થાય. ... ગોદિકાજી!

**શ્રોતા** :- ઉત્પાદક તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઉત્પાદક પણ નથી. પર્યાયની પર્યાય ઉત્પાદક.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અદ્ધરથી થાય છે. સત્ સત્. પરિણામ સત્. એનો કોઈ ... ન હોય. પરિણામ પરિણામ સત્ છે. જરી ઝીણી વાત છે હોં! સમાધાન ... આશ્રયથી થાય, દ્રવ્યમાં પડી છે એટલે પ્રગટ થાય. દ્રવ્યમાં પડી છે એ ... અભેદની દૃષ્ટિમાં તો અભેદ અભેદ જ છે. ભેદનો પર્યાય ભેદથી છે સ્વતંત્ર છે. આહા..હા..! એવું છે. પકડાય એટલું પકડવું ભાઈ! આ તો અંદરની દૃષ્ટિ છે. વાણીમાં કેટલું આવે?

**શ્રોતા** :- ભલે વાણીમાં જેટલું આવે એટલું આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આહા..હા..! વાણીમાં તો કેટલું આવે? ભાવમાં આવે એટલું વાણીમાં આવે નહિ. એવી વાત છે. કહો, ..!

**શ્રોતા** :- કારણશુદ્ધપર્યાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કારણશુદ્ધપર્યાય. વળી કહે છે કે કારણશુદ્ધપર્યાય બહુ ચાલી નહિ. .... સાર સાર આવી ગયો છે. એક વખતે ... આવે ...

'**અથવા, પૂર્વ સૂત્રમાં કહેલા સૂક્ષ્મ ૠજુસૂત્રનયના અભિપ્રાયથી, છ દ્રવ્યોને સાધારણ અને સૂક્ષ્મ એવા તે અર્થપર્યાયો શુદ્ધ જાણવા...**' અહીંયા શુદ્ધ પર્યાયના બે પ્રકાર પાડ્યા. એક ઓલી કારણપર્યાય અને એક અગુરુલઘુની એક-એક ગુણમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ એ પણ શુદ્ધ પર્યાય છે એમ કહેવામાં આવે છે. '**(એ રીતે) શુદ્ધપર્યાયના ભેદ સંક્ષેપથી કહ્યા.**' ટૂંકામાં કહ્યું કહે છે. શુદ્ધપર્યાયના ભેદ. આહા..હા..!

'**હવે વ્યંજન પર્યાય કહેવામાં આવે છે :- જેનાથી વ્યક્ત થાય-પ્રગટ થાય તે વ્યંજનપર્યાય છે.**' વ્યંજન એટલે પ્રગટ. '**શા કારણે? પટાદિની માફક...**' વસ્ત્રાદિની. '**ચક્ષુગોચર હોવાથી...**' .. દ્રવ્ય પર્યાય આકાર '**સાદિ-સાંત...**' એક સમયની થઈને નાશ થઈ જાય છે. સાદિસાંત છેને? એક સમયે થાય અને બીજે સમયે નાશ થાય. સાદિસાંત પર્યાય. એની એક સમયની સ્થિતિ છે. '**સાંત મૂર્ત...**' આ શરીરની અવસ્થા ને... '**વિજાતીયવિભાવસ્વભાવવાળો હોવાથી, દેખાઈને નાશ પામવાના સ્વરૂપવાળો હોવાથી (પ્રગટ થાય છે).**' લ્યો. નીચે લખ્યું છેને? '**સહજજ્ઞાનાદિ સ્વભાવ-અનંતચતુષ્ટયયુક્ત કારણશુદ્ધપર્યાયમાંથી કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટયયુક્ત કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે. પૂજનીય પરમપારિણામિકભાવપરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે અને શુદ્ધ ક્ષાયિકભાવપરિણતિ તે કાર્યશુદ્ધપર્યાય છે.** '

**શ્રોતા :-** કારણશુદ્ધપર્યાયમાંથી પર્યાય આવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કારણશુદ્ધમાંથી પર્યાય આવી. કીધુંને? કારણશુદ્ધપર્યાયમાંથી કેવળજ્ઞાનાદિ પ્રગટ થયા. અહીં ભેદથી કથન કરવું છેને. ક્યાંથી આવી એ બતાવવું છે કે .. બતાવે? આહા..હા..! સત્ છે .. નથી પણ અહીં તો અપેક્ષાફેરથી કથન છેને? બેનો ભેદ પાડવો છેને.

હવે અહીં કહે છે, જુઓ, '**પર્યાયી આત્માના જ્ઞાન વિના...**' એમ. પર્યાયસહિત એવો જે આત્મા એના જ્ઞાન વિના. પર્યાય જ આત્મા છે. એના ભાન વિના, એના અનુભવ વિના '**આત્મા પર્યાયસ્વભાવવાળો હોય છે;...**' એટલે કે એની પર્યાયને જ પોતાની માને છે. આખો પર્યાયી આત્મા અખંડ પૂર્ણ એના જ્ઞાન વિના, એની દૃષ્ટિ વિના પર્યાયસ્વભાવવાળો હોય છે. કેમકે એણે એક અંશ-પર્યાય જેટલો જ આત્માને માન્યો. જેને ત્રિકાળી દ્રવ્યનું ભાન નથી, સત્તા ત્રિકાળી છે એનું તો જ્ઞાન નથી, એ પર્યાયસ્વભાવવાળો માન્યો. એક અંશવાળો હું. રાગવાળો એને કાઢી નાખ્યું. એક સમયની પર્યાયવાળો હું એ પણ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

'**તેથી શુભાશુભરૂપ મિશ્ર પરિણામથી આત્મા વ્યવહારે મનુષ્ય થાય છે,...**' આ

કારણે. પર્યાયબુદ્ધિ છે. અંદર વસ્તુબુદ્ધિ થઈ નથી. આહા..હા..! **'તેથી શુભાશુભરૂપ મિશ્ર પરિણામથી આત્મા વ્યવહારે મનુષ્ય થાય છે, તેનો મનુષ્યાકાર તે મનુષ્યપર્યાય છે;...'** પર્યાય સ્વભાવવાળો, પર્યાયદૃષ્ટિવાળો હોવાથી અને પર્યાયી એવો આત્મા એના જ્ઞાન વિના **'કેવળ અશુભ કર્મથી વ્યવહારે આત્મા નારક થાય છે,...'** આહા..હા..! ચાર ગતિ કઈ રીતે થાય છે? પર્યાયદૃષ્ટિવંતને ચાર ગતિ થાય છે. સમજાણું કાંઈ? ... **'તેનો નારક-આકાર તે નારકપર્યાય છે; કિંચિત્‌શુભમિશ્રિત માયાપરિણામથી આત્મા વ્યવહારે તિર્યંચકાયમાં જન્મે છે,...'** કોણ? પર્યાયસ્વભાવવાળો. જેની પર્યાયબુદ્ધિ છે, એક સમયની અંશબુદ્ધિ છે. એવા પરિણામથી કિંચિત્‌શુભમિશ્રિત એમ કહ્યું છે. માયાપરિણામથી વ્યવહારથી. ... **'તેનો આકાર તે તિર્યંચપર્યાય છે;...'** નિગોદાદિ બધું લઈ લેવું.

**'અને કેવળ શુભકર્મથી...'** જ્યાં સુધી પર્યાયબુદ્ધિ છે, અંશમાં પોતાને પૂર્ણ માન્યો છે, એક સમયના પરિણામને જ પોતાના માન્યા છે, પરિણામ પાછળ આખો પદાર્થ પડ્યો છે અખંડાનંદ પદાર્થ એના જ્ઞાન વિના, એના ભાન વિના **'કેવળ શુભકર્મથી વ્યવહારે આત્મા દેવ થાય છે,...'** વ્યવહારે થાય છે. **'તેનો આકાર તે દેવપર્યાય છે—આ વ્યંજનપર્યાય છે. આ પર્યાયનો વિસ્તાર અન્ય આગમમાં જોઈ લેવો.'** આ પર્યાયનો વિસ્તાર બીજા આગમમાં જોઈ લેવો. આહા..હા..!

**'બહુ વિભાવ હોવા છતાં પણ,..'** ભલે એક જ વિકલ્પ અનંત પ્રકારના હોય. **'સહજ પરમ તત્ત્વના અભ્યાસમાં જેની બુદ્ધિ પ્રવીણ છે...'** સહજ પરમ તત્ત્વ. ભગવાન પરમાનંદસ્વરૂપ દ્રવ્ય, એના અભ્યાસમાં જેની બુદ્ધિ પ્રવીણ છે. આહા..હા..!

**શ્રોતા :-** અભ્યાસ એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંતર એકાકાર. દ્રવ્ય તરફ એકાકાર.

આસ્રવ-ફાસ્રવની વાત નથી. **'પરમ તત્ત્વના અભ્યાસમાં...'** અંતર એકાગ્રતામાં.

**'એવો આ શુદ્ધદૃષ્ટિવાળો પુરુષ,...'** એવો આ શુદ્ધદૃષ્ટિવાળો પુરુષ, **'સમયસારથી અન્ય કાંઈ નથી...'** એ ભગવાન આત્મા સિવાય ક્યાંય કોઈ ચીજ જગતમાં નથી. **'એમ માનીને, શીઘ્ર પરમશ્રીરૂપી સુંદરીનો વલ્લભ થાય છે.'** એ પરમશ્રી એટલે કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી સુંદરીનો વલ્લભ (થાય છે). તે પર્યાય કોઈ દિવસ એ છોડશે નહિ. કેવળજ્ઞાન પર્યાય દ્રવ્યને કદી છોડશે નહિ. એ વલ્લભ. બધા પ્રકાર આવી ગયા તમારા.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

# શ્રી સમયસાર કળશટીકા, ગાથા-૧૨-૧૩
## પ્રવચન નં.૧૭, તા.૨૩-૦૩-૧૯૬૫
## (૧૦)

આ કળશટીકા ચાલે છે, જીવ અધિકાર. ૧૨મો કળશ છે ૧૨મો. એમાં ભાવાર્થ. ૧૫ પાને ભાવાર્થ. જુઓ, શું કહે છે? ઉપર આવ્યું છે એનો ભાવાર્થ કહે છે. '**ભાવાર્થ આમ છે કે અનાદિકાળનો મિથ્યાદૃષ્ટિ જ જીવ...**' આત્માનું સ્વરૂપ શુદ્ધ કેવું છે એના ભાન વિના '**અનાદિકાળનો મિથ્યાદૃષ્ટિ જ જીવ કાળલબ્ધિ પામતાં...**' એને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાના કાળની પ્રાપ્તિ થતાં '**સમ્યક્ત્વના ગ્રહણકાળ પહેલાં...**' સમ્યક્ આત્માનો અનુભવ, શુદ્ધ આત્માની શ્રદ્ધા, એની જે પ્રતીત અનુભવમાં (થાય) એ સમ્યગ્દર્શનના ગ્રહણકાળ પહેલાં '**ત્રણ કરણો કરે છે;...**' આત્મા જ્યારે સમ્યગ્દર્શન પામે છે, હું શુદ્ધ ચૈતન્ય વસ્તુ છું એમ જ્ઞાન કરીને, અનુભવ કરીને એમાં પ્રતીતિ થવી એ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શનના પૂર્વકાળમાં, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા પહેલાં ત્રણ કરણ હોય છે, ત્રણ પ્રકારના પરિણામ હોય છે.

'**તે ત્રણ કરણો અન્તર્મુહૂર્તમાં થાય છે;...**' આત્માની સમ્યગ્દર્શન પર્યાય શુદ્ધ નિશ્ચય સમ્યક્ એની અંતર પ્રાપ્તિના કાળ પહેલાં મિથ્યાદૃષ્ટિ જીવને જ પહેલાં ત્રણ પ્રકારના કરણરૂપી પરિણામ થાય છે. '**તે ત્રણ કરણો અન્તર્મુહૂર્તમાં થાય છે;...**' એ પરિણામ કેવળજ્ઞાનીએ જોયા છે. પોતે ન જાણી શકે કે આ કરણ અધઃકરણ છે, અપૂર્વકરણ કે અનિવૃત્તિકરણના છે; પણ એવા પરિણામ આત્મામાં સમ્યગ્દર્શન થયા પહેલાં, થયા પહેલાં આવા પરિણામ થાય છે.

'**કરણો કરતાં દ્રવ્યપિંડરૂપ મિથ્યાત્વકર્મની શક્તિ મટે છે;...**' કહો, એ જડકર્મ જે દર્શનમોહ પરમાણુ છે. એ પોતાનો આત્મા સમ્યગ્દર્શન પહેલાં જે પોતાના ત્રણ પ્રકારના પરિણામ થાય છે ત્યારે જડ કર્મની પ્રકૃતિની શક્તિ મટે છે. કહો, સમજાણું કાંઈ? '**તે શક્તિ મટતાં ભાવમિથ્યાત્વરૂપ જીવના પરિણામ મટે છે;...**' સમજાણું કાંઈ? આત્મા પોતાનું નિજસ્વરૂપ શુદ્ધ જ્ઞાયક અખંડ આનંદ અભેદ છે એવી અનુભવ-દૃષ્ટિમાં સમ્યગ્દર્શન થાય છે. એ સમ્યગ્દર્શન થયા પહેલાં આ ત્રણ પ્રકારના પરિણામ થાય છે તેનાથી જડ મિથ્યાત્વકર્મની શક્તિ મટે છે, જડની; અને એ મટતાં પોતાના મિથ્યાત્વપરિણામ જે વિપરીત ભાવ છે એ પણ મટે છે. કહો, શેઠી! સવારનું ઝીણું, અત્યારનું ઝીણું. ઝીણું તો હોય. સૂક્ષ્મ વાત છે. અનંતકાળથી આત્મા શું, એનું સમ્યગ્દર્શન શું એનો પત્તો કોઈ દી લીધો નથી.

**શ્રોતા :-** ખાસ પ્રયોજનની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખાસ પ્રયોજનની વાત છે.

અને તે જડકર્મની શક્તિ, પોતાના ત્રણ પ્રકારના પરિણામ થાય છે—અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, એ પરિણામને કારણે (અર્થાત્) નિમિત્તરૂપ (થતાં) દર્શનમોહના રજકણ જે છે એમાં શક્તિ મટે છે અને એ શક્તિ મટતાં પોતાના પરિણામમાં ભાવમિથ્યાભ્રમણા જે મિથ્યાભ્રમ છે એ પરિણામ પણ જીવના પરિણામ મટે છે. કર્મની શક્તિ મટી એ તો જડના પરિણામ મટ્યાં-દર્શનમોહના અને તે સમયે પોતાની શક્તિ મટતાં ભાવમિથ્યાત્વ, જે પોતાના શુદ્ધ સ્વરૂપથી વિપરીત માન્યતા હતી (અર્થાત્) પુણ્ય વિકલ્પ એ ધર્મ છે, પાપમાં મજા છે એવી ભિન્ન મિથ્યામાન્યતા હતી, એ મિથ્યા ભાવપરિણામનો નાશ થાય છે. સમજાય છે કાંઈ ભાઈ? આહા..હા..!

**શ્રોતા :-** ...લાવવા પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કેમ જડ નિમિત્ત છેને. લાવવા પડે શું હોય? અહીંયા બતાવવું છે કે નહિ? એક જડકર્મ છે, પરિણામ કરતો હતો. જડ પરિણામ છે એની શક્તિ મટે છે. વસ્તુનું સ્વરૂપ બતાવવું છે કે નહિ? લાવવું પડ્યું ક્યાં છે? સમજાય છે કાંઈ?

**'જેમ ધતૂરાના રસનો પાક મટતાં...'** ધતૂરો-ધતૂરો હોય છે એના રસનો પાક મટતાં **'ઘેલછા મટે છે...'** ઘેલછા-પાગલપણું મટે છે. સમજ્યા? **'કેવો છે બંધ અથવા મોહ?'** એ દૃષ્ટાંત દીધું. શું કહ્યું? કે ધતૂરા પીવાથી જે ઘેલછા હતી એ ધતૂરાના રસનો પાક મટતાં ઘેલછા-પાગલપણું મટે છે. એમ પોતાના આત્મામાં શુદ્ધસ્વભાવની અંતર દૃષ્ટિ કરવાથી પહેલા ત્રણ પરિણામ જે થયા હતા એનાથી મિથ્યાત્વના પરિણામનો નાશ થાય છે. કહો, સમજાણું કાંઈ? ઘેલછા, ગાંડપણ હતું ઈ. શુભ-અશુભવિકલ્પ-રાગને પોતાનો માનવો એ ઘેલછા-ગાંડપણ હતું. સમજાણું કાંઈ? જેમ ધતુરો પીવાથી ઘેલછા થઈ એ ધતુરાનો પાક મટતાં ઘેલછા મટી ગઈ; એમ પોતાના આત્મામાં જે પુણ્ય-પાપ, વિકાર આદિ ભાવને પોતાના માનતો હતો, એવું ઘેલછાપણું-પાગલપણું હતું એ પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ કરવાથી પાગલપણું મટી ગયું. કહો, શેઠી! પાગલ છે પાગલ? કહે છે કે પોતાની પર્યાયમાં દયા, દાન, આદિ ભક્તિ આદિ શુભભાવ, એને પોતાનો માનવો, એનાથી પોતાને લાભ માનવો એ મિથ્યાત્વભાવનું ઘેલછાપણું છે, પાગલપણું છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ ઘેલછાપણું શુદ્ધસ્વરૂપ સન્મુખના પરિણામ કરવાથી સમ્યક્ થાય છે અને પાગલપણારૂપ મિથ્યાત્વભાવનો નાશ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

જુઓને, **'ધતૂરાના રસનો પાક મટતાં...'** ઘટી ગયો પાક. પાગલપણું ઘટી ગયું, નાશ થઈ ગયું. એમ ભગવાન આત્મા પોતાનું જ્ઞાન ચૈતન્ય આનંદ શુદ્ધસ્વરૂપ એની દૃષ્ટિ કર્યા વિના 'પુણ્ય-વિકલ્પ આદિ વિકાર છે એનાથી મને લાભ છે, એ જ હું છું' એવું જે

પાગલપણું, ભ્રમપણું, મિથ્યાત્વપણું હતું એ પોતાના સ્વરૂપની અંતરદષ્ટિનો અનુભવ કરવાથી એ પાગલપણાનો નાશ થયો. કહો, મોતીરામજી! સમજાય છે કાંઈ?

હવે કહે છે, '**કેવો છે બંધ અથવા મોહ?**' બે શબ્દ પડ્યા છેને ઓલામાં? '**निर्भिद्य बन्धं**' અને '**व्याहत्य मोहं**' બે શબ્દ છેને ભાઈ અંદર? '**निर्भिद्य बन्धं व्याहत्य मोहं**'. બંધમાં ત્યાં એમ લીધું હતું દ્રવ્યપિંડ મિથ્યાત્વકર્મનું ઉદયનું મેટવું. '**निर्भिद्य**' હતુંને? પછી '**मोहं**' એ મિથ્યાત્વ પરિણામનું '**व्याहत्य**' મટવું. એ બે શબ્દ પડ્યા હતા. પહેલા અર્થમાં આવ્યા. '**કેવો છે બંધ અથવા મોહ?**' '**भूतं भान्तम् अभूतम् एव**' '**एव**' નામ '**નિશ્ચયથી...**' '**एव**' શબ્દ પડ્યો છે છેલ્લે. નિશ્ચયથી '**भूतं**' નામ '**અતીત કાળસંબંધી,...**' શું? શરીરાદિ રાગથી એકત્વબુદ્ધિ એવા અતીતકાળસંબંધી સંસ્કાર. શરીર, પુણ્ય-પાપ, વિકલ્પાદિ-રાગાદિ એ મારા છે એવી એકત્વબુદ્ધિ, ગતકાળ ભૂતકાળની એકત્વબુદ્ધિ, વર્તમાનકાળની એકત્વબુદ્ધિ. પુણ્ય અને પાપ, સંકલ્પ, વિકલ્પ, દયા, દાન, આદિ રાગ એ મારો સ્વભાવ છે એવા મિથ્યાત્વના વર્તમાનસંબંધી સંસ્કાર. સમજાણું કાંઈ? અને '**આગામી કાળ સંબંધી.**' ભવિષ્યમાં પણ રાગાદિ હોય તો મને ઠીક પડશે, પુણ્યાદિ વિકલ્પ હોય તો મને ઠીક એવા આગામી કાળ સંબંધી વર્તમાન એકત્બુદ્ધિના સંસ્કાર. સમજાણું કાંઈ? એ બંધનું સ્વરૂપ છે. આત્મા સ્વભાવની એકત્વદષ્ટિ કરવાથી એ ત્રણકાળસંબંધી સંસ્કારભાવ એનો નાશ થાય છે. શું કહ્યું સમજાણું?

ગતકાળ, વર્તમાન અને ભવિષ્ય. પુણ્ય-પાપનો વિકલ્પ રાગ અને શરીર, વાણી, મન આ મારા છે એવી એકત્વબુદ્ધિનો ત્રણકાળસંબંધી સંસ્કાર. એ પોતાનો જ્ઞાયક ચૈતન્યમૂર્તિ સ્વભાવમાં એકત્વ થવાથી એ મોહ અને બંધના સંસ્કાર, નાશ પામે છે. ભારે ઝીણું, ભાઈ! સમજાણું કાંઈ? કહો, સમજાણું કે નહિ, શેઠી? હજી ધીમું બોલે છે. દૃષ્ટાંત દીધું નહિ? કે ધતૂરો પીધો તો પાગલપણું થયું. ધતૂરાનો પાક મટતાં પાગલપણું મટ્યું. એ ભાવની વાત છે. સંસ્કારની વાત કરી છે. એમ આત્મામાં અખંડ જ્ઞાયક ચૈતન્ય જ્યોત છે એવી દષ્ટિને ભૂલીને પુણ્ય અને પાપ, શુભ અને અશુભ રાગ, શરીર, વાણી કર્મ એના એકત્વ સંસ્કાર, ગતકાળના, વર્તમાનકાળના, ભવિષ્યકાળના એકત્વ સંસ્કારનો નાશ થાય છે. પોતાના શુદ્ધ સ્વભાવની અનુભવદષ્ટિથી એનો નાશ થાય છે.

**શ્રોતા** :- ત્રણે કાળના?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ ત્રણે કાળ છેને, વર્તમાન થાય છે એ. વર્તમાન થાય અને ભવિષ્યમાં આમ થશે. વર્તમાન ... સમજાણું કાંઈ?

કહે છે કે મિથ્યાત્વભાવ છે એ પાગલપણું છે. પુણ્ય અને પાપના ભાવ થવા, એને પોતાના એકત્વ સંસ્કાર માનવા એ પાગલપણું-મિથ્યાત્વ છે અને પુણ્ય-પાપના ભાવથી અનુકૂળ-પ્રતિકુળ સંયોગ મળે તેને પોતાના માનવા એ એકત્વસંસ્કાર છે, એ મિથ્યાત્વભાવ છે, એ પાગલપણું છે, ઘેલછાપણું છે, એ પોતાના શુદ્ધસ્વરૂપની એકત્વબુદ્ધિ-દષ્ટિ કરવાથી એ ઘેલછાનો

નાશ થાય છે.

**શ્રોતા :-** આ વિધિ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિધિ આ છે, શેઠ કહે છે. બીજી કોઈ વિધિ નથી કે આમ કરવાથી.. કરવાથી... કરવાથી.. એ ત્રિકાળ સંસ્કાર છૂટી જાય છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ... વખત થાય ત્યારે ઉતરી જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વખત થાય એટલે ઉતરે એ તો દૃષ્ટાંત છે. દૃષ્ટાંતમાં શું સિદ્ધાંત થાય? અહીં વખત એનો કાળ આવે સમ્યગ્દર્શનનો (એટલે) એ એકત્વના સંસ્કાર છૂટી જાય છે. એમ કાળ. કાળનું અહીં શું કામ છે? સમજાય છે કાંઈ? સમજાય છે કાંઈ? એ અમારી ગુજરાતી ભાષા છે. સમજમેં આતા હૈ? એ તમારે હિન્દી.

જુઓ, આ કળશટીકા છે. કુંદકુંદાચાર્ય મહારાજ બે હજાર વર્ષ પહેલાં સંવત્ ૪૯માં ભરતક્ષેત્રમાં દિગંબર મુનિ થયા. મહાસમર્થ મુનિ. સંવત્ ૪૯. એ ભગવાન પાસે ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં સીમંધર ભગવાન બિરાજે છે, વર્તમાન બિરાજે છે. એ વખતે પણ બિરાજતા હતા, અત્યારે પણ બિરાજે છે અને હજી અબજો વર્ષ બિરાજશે. ત્યાં ગયા હતા બે હજાર વર્ષ પહેલાં પોન્નુર હીલથી. મદ્રાસથી ૮૦ માઈલથી આ બાજુ વંદેવાસ છે. ત્યાંથી પાંચ માઈલ પોન્નુર હિલ ટેકરી છે ત્યાં ધ્યાનમાં રહેતા હતા. ગયા હતા. આઠ દિવસ ભગવાન પાસે રહ્યા. ત્યાં તો પાંચસો ધનુષ્યનો દેહ છે. અહીં તો ચાર હાથનો દેહ હતો નાનો. ત્યાંથી આવીને આ સમયસાર બનાવ્યું. બે હજાર વર્ષ પહેલાં. એ સમયસારની ટીકા આજ પહેલાં ૯૦૦ વર્ષ ભગવાન કુંદકુંદાચાર્ય પછી ૧૧૦૦ વર્ષ લગભગ અમૃતચંદ્રાચાર્ય મુનિ દિગંબર સંત વનવાસી થયા. એમણે ટીકા બનાવી. આ ટીકામાં બનાવ્યા કળશ. આ કળશ ચાલે છે એ. માથે કળશ છેને? એ કળશ બનાવ્યા. એ કળશની ટીકા સાડી ત્રણસો વર્ષ પહેલા લગભગ રાજમલજી પાંડે થયા છે. 'પાંડે રાજમલ જૈનધર્મી સમયસાર નાટકકે મર્મી.' એ બનારસીદાસ કહે છે. બનારસીદાસનું છેને સમયસારનાટક? આમાંથી સમયસારનાટક બનાવ્યું છે. આમાંથી. આ કળશની ટીકામાંથી આખું સમયસારનાટક, નાટક હોં! બનાવ્યું છે. એવા રાજમલજી જૈનધર્મના મર્મી થયા છે. એમણે આ ટીકા બનાવી છે. હિન્દીમાં છે. જયપુરના આસપાસના ગામની ઢુંઢારી ભાષામાં હતી. એને આપણે ચાલતી ભાષામાં બનાવી છે. ઢુંઢારીમાં હતી. જયપુરની આસપાસની. એની આ વર્તમાન.. ભાવ તો એના એ છે, ફક્ત ચાલતી ભાષામાં અત્યારે બનાવી. ૩૩૦૦ પુસ્તક છપાવ્યા છે હમણાં. સમજાણું કાંઈ? પોપટભાઈ! આ તો અલૌકિક વાત! સોનાના લાટા છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો દૃષ્ટાંત આપ્યું. સોનાના લાટામાં શું છે? ધૂળ છે.

અહીં તો કહે છે કે બંધ અને મોહ કેવા છે? અહીં તો વ્યાખ્યા એવી કરી. પહેલાં

કહ્યું હતું કે દ્રવ્યબંધરૂપ મિથ્યાત્વકર્મના ઉદયને અને મોહ અંતર મિથ્યાત્વભાવ. અહીંયાં તો બંધ અને મોહ કેવા છે? કે ભૂતકાળનો, વર્તમાનકાળ અને ભવિષ્યકાળનો. જે આત્મામાં જ્ઞાયક ચિદાનંદ શુદ્ધસ્વભાવની દૃષ્ટિ છૂટીને અનાદિથી, એ પુણ્ય અને પાપના ભાવ, શુભભાવ હો કે અશુભભાવ હોય અને શરીર, વાણીની ક્રિયામાં શુભક્રિયા હો કે અશુભ હોય એ બધામાં એકત્વ માનવું કે મારું છે એવું એકત્વ માનવું એનું નામ મિથ્યાત્વભાવ છે, એનું નામ મિથ્યાત્વના સંસ્કાર છે. એ મિથ્યાત્વના સંસ્કાર પોતાનો શુદ્ધ આત્મા, એની દૃષ્ટિ કરવાથી એ દૃષ્ટિ થયા પહેલા ત્રણ પ્રકારના પરિણામ થાય છે. એમાં પણ મિથ્યાત્વ રજકણની શક્તિ ઘટે છે અને મિથ્યાત્વના પરિણામ ઘટે છે. પછી શુદ્ધાત્માની જ્યાં અનુભવ દૃષ્ટિ થઈ તો એ મિથ્યાત્વ પરિણામનો નાશ થઈ જાય છે. એ મિથ્યાત્વ પરિણામની વ્યાખ્યા કરી-ત્રિકાળ સંસ્કારરૂપ મિથ્યાભાવ. ઓહોહો..! સમજાણું કાંઈ?

'**જે શરીરાદિ સાથે એકત્વબુદ્ધિ, તે મટતાં...**' જે શરીર, વાણી, મન, પુણ્ય અને પાપ એવા ભાવઆસ્રવ, કેમકે શરીર, વાણી, કર્મ એ અજીવ અને પુણ્ય ને પાપભાવ એ આસ્રવ, એ આસ્રવ અને અજીવ એ મારા છે એવી એકત્વબુદ્ધિ એનું નામ મિથ્યાત્વભાવ છે. કેમકે જ્ઞાયક ચૈતન્યભાવમાં એ આસ્રવ અને અજીવ નથી. એ તો ચૈતન્ય જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ છે શુદ્ધ. એમાં પુણ્ય-પાપનો આસ્રવભાવ પણ નથી અને શરીરાદિ જડની ક્રિયા અને પર્યાય પણ એમાં નથી. એમાં નથી એને સંસ્કારથી માનવા કે એ શુભ-અશુભભાવના અસ્તિત્વમાં એ જ હું અને મને લાભદાયક છે અને શરીરાદિ ક્રિયા હું છું, એમાં હું છું, એ મને લાભદાયક છે એવા ત્રિકાળસંબંધી જે મિથ્યાત્વ સંસ્કાર એ આત્માના અનુભવ દૃષ્ટિથી મિથ્યાત્વ-સંસ્કારનો નાશ થાય છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ!

શ્રોતા :- આત્મામાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્માનુભવ એટલે કે આત્મા જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ શુદ્ધ છે એવી અંતર દૃષ્ટિ કરવાથી, એનું જ્ઞાન કરવાથી જે એકત્વબુદ્ધિ (હતી), અહીંયાં એકત્વ થયું તો પેલી એકત્વબુદ્ધિ છૂટી જાય છે. બીજો કોઈ ઉપાય નથી. આ ક્રિયા. સમજાણું કાંઈ ભાઈ? જુઓ, છે કે નહિ એમાં? જુઓ, ઘણું સ્પષ્ટ છે. ચાલતી હિન્દીમાં બનાવ્યું છે ઢુંઢારી ભાષામાંથી. પહેલાં એ પુસ્તક હતું. સમજ્યાને? જૂની ઢુંઢારી ભાષામાં આ પુસ્તક હતું. આ પુસ્તક પહેલેથી છે. ૩૫ વર્ષ પહેલાં ૧૩૦૦ છપાણા હતા. એ જૈનમિત્રમાં ભેટ આવ્યું હતું. જૈનમિત્ર આવે છેને સુરતથી? પણ જૂની ઢુંઢારી ભાષા છે. જુઓને, આ શું છે? ૧૨મો કળશ છેને? ૧૨મો જુઓ. એનો ૧૨મો કળશ. એની ભાષા હોં. શું છે? નમૂનો તો જોવે કે નહિ? જુઓ, આ શબ્દ ચાલે છેને? એ ભાષા લઈએ જુઓ.

૧૨. છેલ્લો ભાગ છેને? ભાવાર્થ. આવ્યોને ભાવાર્થ. ભાવાર્થ ઈસો. ઈસો એ ભાષા છે. આપણે ભાવાર્થ આ પ્રમાણે છે એમ સુધાર્યું છે. ભાવાર્થ ઈસો અનાદિકાલકો મિથ્યાદૃષ્ટિ

હી જીવ કાલલબ્ધિ પાયા. જૂની ભાષા છે. સમ્યક્ ગ્રહણ કાલ પહલે તીની કરણ કરે છે. કરે છે એમ ભાષા છે હોં એ બાજુ. છે એ જયપુરની ભાષા. એની ભાષા છે. કરે છે. તે તીની કરણ અંતર્મુહૂર્ત તાંઈ હોઈ હૈ. કરણ કહેતા દ્રવ્યપિંડ મિથ્યાત્વકર્મકી શક્તિ મિટે છે. તીહીં શક્તિ કે મિતા ભાવ મિથ્યાત્વરૂપ જીવકા પરિણામ મિટે છે. આપણી વર્તમાન ચાલતી ભાષા.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા. બસ એટલી વાત છે. સમજ્યા?

યથા ધતુરાકો રસપાક મીટતા ગહીલાઈ મીટે છે. ગહીલાઈ મીટે છે. એ જયપુરની આસપાસની ભાષા છે. આપણે ગહલપણું મટે છે. એમ ભાષા કરી છે. એવી જૂની ઢુંઢારી ભાષા છે. જૂની ઢુંઢારી ભાષામાં એમાંથી બનારસીદાસે આખું સમયસાર નાટક બનાવ્યું છે. એવી ચીજ છે. એમાં પણ કહ્યું કે 'પાંડે રાજમલ જૈનધર્મી સમયસારનાટક કે મર્મી.' એવું લખ્યું છે બનારસીદાસે. સમજાણું કાંઈ?

કહે છે કે '**ત્રિકાળ સંસ્કારરૂપ છે જે...**' હવે સંસ્કારની વ્યાખ્યા કરે છે. '**શરીરાદિ...**' શરીર, વાણી, મન, પુણ્ય-પાપનો આસ્રવભાવ, શુભાશુભભાવ આસ્રવ, શરીરાદિ અજીવતત્ત્વ. '**એકત્વબુદ્ધિ, તે મટતાં...**' એનું નામ સંસ્કાર-એકત્વબુદ્ધિ. '**એકત્વબુદ્ધિ, તે મટતાં જે જીવ શુદ્ધ જીવને અનુભવે છે...**' હું શુદ્ધ પુણ્ય-પાપના વિકલ્પ નામ રાગથી રહિત શરીરાદિની અજીવની સત્તાથી મારી સત્તા ભિન્ન છે. એવું શુદ્ધ જીવસ્વરૂપ, જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ, અરાગી સ્વભાવ પોતાનો શુદ્ધ, એને જે અનુભવે છે '**તે જીવ નિશ્ચયથી કર્મોથી મુક્ત થાય છે.**' એ મિથ્યાત્વથી મુક્ત થાય છે, મિથ્યાત્વ પરિણામથી મુક્ત થાય છે અને ક્રમે ક્રમે શુદ્ધ જીવનો અનુભવ કરવાથી રાગ-દ્વેષથી પણ મુક્ત થઈને કેવળજ્ઞાન પામે છે. સમજાણું કાંઈ? પહેલાથી ભાષા પૂરી કહી દીધી છે.

'**જે શરીરાદિ સાથે એકત્વબુદ્ધિ, તે મટતાં...**' તેને રાખતાં મિથ્યાત્વરૂપી ઘેલછા હતી. '**તે મટતાં જે જીવ...**' જે કોઈ આત્મા '**શુદ્ધ જીવને અનુભવે છે...**' હું શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક અનાકુળ શાંતરસ, આનંદ એવા આત્માને અંતર સન્મુખ થઈને આત્માના વેદનમાં, આનંદમાં લે છે, અનુભવે છે '**તે જીવ નિશ્ચયથી...**' ખરેખર '**કર્મોથી મુક્ત થાય છે.**' કર્મોથી મુક્તનો અર્થ જે શુદ્ધ જીવ અનુભવે છે તે મિથ્યાત્વથી મુક્ત થાય છે, વિશેષ શુદ્ધ સ્વરૂપમાં અનુભવની સ્થિરતા કરે તે અવ્રત પરિણામથી છૂટે છે, વિશેષ શુદ્ધસ્વરૂપનો અનુભવ કરે છે શુક્લધ્યાન તો ચાર કર્મનો નાશ કરીને કેવળજ્ઞાનને પામે છે. સમજાણું કાંઈ?

એક વાત લીધી છે. '**જે જીવ શુદ્ધ જીવને અનુભવે છે...**' બસ! અહીંથી શરૂ થાય છે. '**તે જીવ નિશ્ચયથી કર્મોથી મુક્ત થાય છે.**' બીજી કોઈ ક્રિયા કર્મથી મુક્ત થવાની છે નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પહેલા પોતાનું શુદ્ધસ્વરૂપ પુણ્ય-પાપ,

શરીર, વાણી, મનથી ખસીને એકત્વબુદ્ધિ જે પરમાં હતી તેને છોડીને પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવમાં એકત્વબુદ્ધિ કરે છે તેને મિથ્યાત્વનો નાશ થાય છે, એનો દર્શનમોહ નાશ થાય છે. પછી શુદ્ધ સ્વરૂપનો અનુભવ વિશેષ સ્થિરતાથી કરે છે તો રાગ-દ્વેષનો નાશ થાય છે. વિશેષ સ્થિરતા કરવાથી શુક્લધ્યાન થવાથી કેવળજ્ઞાન થાય છે. પણ શુદ્ધ અનુભવ કરવાથી મુક્તિ થાય છે, બીજો કોઈ એનો ઉપાય નથી. સમજાણું કાંઈ? અનુભવ કરવાથી મુક્તિ થાય છે. વચ્ચે સમ્યગ્દર્શનમાં સ્થિરતા થાય છે અંતર દૃષ્ટિમાં જ્ઞાન છઠ્ઠે ગુણસ્થાને અને શુભ વિકલ્પ જે પંચમહાવ્રતનો આવે છે છઠ્ઠે ગુણસ્થાને એ મુક્તિનું કારણ નથી. સમજાણું કાંઈ? મુક્તિનું કારણ તો એક શુદ્ધ ચૈતન્ય તરફની એકાગ્રતાનો અનુભવ. થોડા અનુભવમાં મિથ્યાત્વનો નાશ, વિશેષ અનુભવમાં અવ્રત રાગનો નાશ, વિશેષ અનુભવમાં ચાર ઘાતિનો નાશ કરીને કેવળજ્ઞાન પામે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે પણ ટીકા કરી છેને. મૂળ વાતનો સત્ય સ્તંભ ઊભો રાખ્યો છે. આહા..હા..!

ત્રિકાળ સંસ્કાર મટે છે, શરીરાદિ એકત્વબુદ્ધિ મટતાં ભગવાન આત્મા અંતર રાગાદિ વિકલ્પ જે દયા, દાન, વ્રતના જે વિકલ્પ હતા એમાં જે એકત્વબુદ્ધિ હતી એ તો મિથ્યાત્વ સંસ્કાર છે. અંતર જ્ઞાયક ચૈતન્યમૂર્તિ છું, શુદ્ધ દ્રવ્યસ્વભાવ છું એમ અંતરમાં સ્વભાવની એકતા થઈ તો રાગની એકતાનો, મિથ્યાત્વનો નાશ થયો; અને પછી સ્વરૂપમાં જેટલી લીનતાનો અનુભવ થાય છે એટલી અસ્થિરતા, અવ્રત, રાગનો ત્યાગ થાય છે-નાશ થાય છે. સમજાણું કાંઈ? શેઠી! સાચી વાત અત્યારે એટલી ગુપ્ત થઈ ગઈ છે. વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા એમણે જે કહ્યું એ કુંદકુંદાચાર્યે ઝીલ્યું અને અનુભવમાં ચારિત્ર પ્રાપ્ત કર્યું અને કુંદકુંદાચાર્યે એ જ પ્રવાહ ભગવાન કહે છે એની શાસ્ત્રમાં રચના કરી. સમજાણું કાંઈ? પણ એના અર્થની સમજ નહિ. શું કહે છે અને શું છે? બસ કરો, આમ કરો, વ્રત કરો, અપવાસ કરો, આમ કરો, આમ કરો. એ તો બધા વિકલ્પ છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. ભાઈ, એ વાત સાચી છે. ઈ જ વાત છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ કહે છે. ઈ વાત નથી. ભગવાન! એમાં શુભબંધ થશે. શુભભાવ આવ્યો (તો) શુભબંધ પડશે, અબંધ નહિ થાય. અબંધ તો પુણ્ય અને પાપના ભાવનો પ્રેમ રુચિ એકત્વ છોડીને ચિદાનંદ સ્વભાવની એકત્વબુદ્ધિ થવાથી સમ્યગ્દર્શનનો અનુભવ થાય છે, મિથ્યાત્વનો નાશ થાય છે. પછી પણ વિશેષ અનુભવ, સ્થિરતા, જ્ઞાયકનું જેવું ભાન થયું એમાં એકાકાર લીન થતાં પછીના અવ્રત, રાગ-દ્વેષ પરિણામનો નાશ થાય છે. પછી સ્વરૂપમાં ઘણી સ્થિરતા આનંદના અનુભવની થાય ત્યારે ચાર કર્મનો નાશ થઈને કેવળજ્ઞાન પામે છે.

**શ્રોતા :-** જે ભાવ ઉત્પન્ન થાય છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વિકલ્પ થયો એ રાગ આવ્યો. એની અહીં વાત નથી કરતા. છઠ્ઠે ગુણસ્થાને જે વિકલ્પ ઊઠે છે પંચમહાવ્રતનો, અઠ્યાવશીસ મૂળગુણનો એ વિકલ્પ છે, પુણ્યબંધનું કારણ. એ નિર્જરા અને મુક્તિનું કારણ નથી. તેથી અહીંયા લીધું છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પછી સ્થિરતા વિશેષ થઈ, વિશેષ સ્થિરતા થઈ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પ્રશ્ન અહીં નથી. અણુવ્રતધારી એ તો વિકલ્પ આવ્યો. એ ખરું વ્રત નહિ. અહીંયાં હજી જે ખૂબી છે એની વાત કરી જ નથી. કેમકે એ બંધનું કારણ છે. અંદરમાં શુદ્ધસ્વરૂપની દૃષ્ટિ અનુભવ થયો એ સમ્યગ્દર્શન, પછી શુદ્ધ સ્વરૂપમાં વિશેષ શાંતિ, સ્થિરતા થઈ એ વખતે પંચમ ગુણસ્થાન. એ વખતે અણુવ્રતનો વિકલ્પ આવે પણ એ મુક્તિનું કારણ નથી.

**શ્રોતા :-** મુક્તિનું કારણ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બસ, એ વાત છે. અહીં તો મુક્તિનું કારણ બતાવવું છેને.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમજે છે. એ વિકલ્પ આવે એ વાત અહીં કરી જ નથી. કેમ કે બંધનું કારણ આવે એની શું વાત કરવી?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ નિમિત્તનો અર્થ શું?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના, એ નહિ. અહીંયાં તો એક જ વાત. નિમિત્ત ક્યારે થાય? નિમિત્તનો અર્થ એ પૃથક્ ચીજ છે.

અહીંયાં આત્મામાં.. જુઓ ભાષા કેવી લીધી છે! ઘણી સારી લીધી છે. ઓહોહો..! મુનિ હોય છે તો પણ પોતાનો અનુભવ સમ્યગ્દર્શનમાં કર્યો, પછી સ્વરૂપમાં ઘણી લીનતા થઈ ત્યારે ચારિત્ર થયું. એ ચારિત્ર નિર્વિકારી ચારિત્ર મુક્તિનું કારણ છે. વચ્ચે પંચમહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ આવે છે એ મુક્તિનું કારણ નથી, એ બંધનું કારણ છે. એ વાત અહીં લીધી જ નથી.

**શ્રોતા :-** અભાવરૂપ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એના અભાવરૂપ પરિણમન કરે છે એ ધર્મનું કારણ છે. શુભભાવમાં એવો લાગી ગયો છેને. મુનિને અઠ્યાવીશ મૂળગુણ આવે એ તો બંધનું કારણ છે. એ મુનિપણું છે જ નહિ એ. મુનિપણું તો સ્વરૂપમાં દૃષ્ટિ કરીને જેટલી આનંદની સ્થિરતા થઈ એ મુનિપણું છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ બધા છે. એ વિકલ્પનું જ્ઞાન કરાવ્યું. પંચ અણુવ્રત ને..

**શ્રોતા** :- શું એ આવશ્યક નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વિકલ્પનું જ્ઞાન કરાવ્યું, આવશ્યક છે જ નહિ. પણ આવે છે એનું જ્ઞાન કરાવ્યું. આવશ્યક શું છે? રાગની આવશ્યકતા છે? અહીંયાં તો અનુભવની આવશ્યકતા બતાવવી છે. રાગ આવે છે એ કહ્યું તત્ત્વાર્થ સૂત્રમાં કે મુનિને પંચમહાવ્રતનો વિકલ્પ હોય છે. પણ કોને? જેને અનુભવ દૃષ્ટિમાં આવ્યો રાગરહિત હું ચિદાનંદ છું એવો અનુભવ થયો અને અંદરમાં આનંદની સ્થિરતા થઈ. અતીન્દ્રિય આનંદનો સ્વાદ ઘણો આવ્યો તો એનું નામ મુનિ. એમાં પંચમહાવ્રતનો વિકલ્પ આવે છે પણ એની વાત અહીંયા લેતા જ નથી. કેમકે અહીં મુક્તિનું કારણ બતાવવું છે. એ મુનિપણું આસ્રવભાવ છે. પંચમહાવ્રત છે, અઠ્યાવીશ મૂળગુણ છે એ આસ્રવભાવ છે. એ આસ્રવભાવ મુનિપણું નથી. આહા..હા..! ભારે ગડબડ થઈ ગઈ છેને.

**શ્રોતા** :- .. મુક્તિનું કારણ સમજે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બસ, ઈ જ સમજી લે છે. મુક્તિનું કારણ અહીં જુઓને!

**'જીવ શુદ્ધ જીવને અનુભવે છે તે જ નિશ્ચયથી કર્મોથી મુક્તિ થાય છે.'** વચ્ચે રાગ આવે છે એ બંધનું કારણને અહીંયા બતાવ્યું જ નથી. ભૂમિકા પ્રમાણે આત્માના આનંદનો અનુભવ થયો, પછી પંચમ ગુણસ્થાનમાં આત્માની શાંતિ ઘણી વધી ગઈ એનું નામ પંચમ ગુણસ્થાન છે. એ ભૂમિકામાં પંચ અણુવ્રત, બાર વ્રતનો વિકલ્પ આવે છે, પણ એ પુણ્યભાવ છે, એની એકત્વબુદ્ધિ છૂટી ગઈ છે. ઝીણી વાત છે. આ આખો ગોટો જ એમાં ઊઠ્યો છે ને કે અણુવ્રત આવેને એ આવશ્યક છે. પેલો રાગ આવે એ આવશ્યક છે. રાગ આવે એ બીજી વાત છે, પણ આવશ્યક નામ જરૂર છે (એમ નથી). બંધના કારણની અહીં જરૂર શું છે? આવે છે.

**શ્રોતા** :- અહીંયાં તો શુદ્ધ પરિણતિની જ મહિમા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મહિમા છે. વાત તો અંતરમાં.. જુઓને..!

**'શરીરાદિ સાથે એકત્વબુદ્ધિ, તે મટતાં...'** આદિમાં શુભાશુભભાવ બેય આવી ગયા. જે જીવ જેટલો સ્વરૂપમાં અનુભવ કરે છે તે જીવ ખરેખર રાગદ્વેષાદિ કર્મથી મુક્ત થાય છે. એક જ વાત કરી છે અહીંયાં. પંચમ ગુણસ્થાનયોગ્ય, ચોથે ગુણસ્થાને અનુભવ થયો, સમ્યક્ અનુભવ ત્યારે પુણ્યભાવ તો થાય છે. દયા, દાન, ભક્તિભાવ હોય છે, પણ એ ભાવ મુક્તિનું કારણ નથી.

**શ્રોતા** :- મુક્તિનું કારણ નથી એ માન્યતા તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એવી માન્યતા તો પહેલાં થઈ ગઈ છે પછી ભાવ આવ્યો તેને

જાણનાર રહ્યો.

**શ્રોતા :-** મારો પ્રશ્ન ઈ છે કે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ તમારો પ્રશ્ન સમજાય છે બધો.

**શ્રોતા :-** મોક્ષમાર્ગને જ્યારે પકડે છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પકડે છે ત્યારે સ્થિરતા થાય એનું નામ મોક્ષમાર્ગ છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ મોક્ષમાર્ગ.

**શ્રોતા :-** એના પછી અણુવ્રત લે તો..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ જુઓ પાછા વળી અણુવ્રત ક્યાં આવ્યો? સ્થિરતા ક્યાં અહીંયાં? એ તો વિકલ્પ રાગ છે.

**શ્રોતા :-** રાગ તો છે પણ હોય તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ જુઓ, પણ એ દોષ થાય છે કે અબંધ કારણ થાય?

**શ્રોતા :-** મિથ્યાત્વભાવથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મિથ્યાત્વભાવથી છૂટ્યો.

**શ્રોતા :-** મિથ્યાત્વભાવથી કિંચિત્ છૂટવું

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કિંચિત્ નહિ, કિંચિત્ છૂટતો નથી. મિથ્યાત્વભાવથી સર્વથા છૂટે છે. ભાઈ! ઈ રાત્રે રાખો. તમારી વાતમાં ઘણો ફેર છે, ઘણો ફેર છે. પહેલાં હજી આત્મામાં શુદ્ધ ચૈતન્ય દૃષ્ટિનો અનુભવ કરે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. વ્રત-બ્રત તો સમ્યગ્દૃષ્ટિ વિના હોતા જ નથી ત્રણકાળમાં. હવે સમ્યગ્દર્શન થયું ત્યારબાદ સ્વરૂપમાં વિશેષ અનુભવ કરે છે તો પંચમ ગુણસ્થાનની શાંતિ આવી. એ ભૂમિકામાં બાર વ્રતનો વિકલ્પ આવે છે, પણ એ તો બંધનું કારણ છે. માટે એ વાત અહીં લીધી નથી. આવે છે, પણ એ તો બંધનું કારણ છે. પુણ્યબંધ છે, આસ્રવ છે. મુક્તિનું કારણ તો જેટલું દ્રવ્યસ્વભાવમાં એકત્વ શુદ્ધ થાય છે એ જ સંવર-નિર્જરા મુક્તિનું કારણ છે. આ તો આવશ્યક એટલે એને જરૂર છે. પણ આવે છે એને જરૂર છે શું?

**શ્રોતા :-** અવિરતિ ગુણસ્થાન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અવિરતિ નહિ. શું સમજ્યા? અવિરતિ નથી કહ્યું. અવિરતિ ગુણસ્થાનમાં આવ્યા પછી સ્વરૂપમાં આનંદની સ્થિરતા થઈ ત્યારે પંચમ આવ્યું. અણુવ્રતના વિકલ્પથી પંચમ નથી આવ્યું. એ તો રાગ છે. નથી સમજતા. એ ચારિત્ર આવ્યું અંદરમાં. સ્થિરતા એ ચારિત્ર છે. અણુવ્રતનો વિકલ્પ એ ચારિત્ર નથી. ઈ પછી રાખો. ઘણો ફેર છે, ઘણો ફેર છે. દૃષ્ટિમાં ઘણો ફેર છે. અણુવ્રતનો વિકલ્પ અને પંચમહાવ્રતનો વિકલ્પ એને જ મોક્ષનું કારણ માને છે એ જ મોટું મિથ્યાદૃષ્ટિપણું છે.

અહીં તો કહે છે કે અંતરમાં ત્રિકાળ પુણ્ય-પાપના રાગની એકત્વબુદ્ધિ છૂટે. હોય પુણ્ય-પાપ, પણ એકત્વ છૂટે અને આત્માનો અનુભવ થાય ત્યારે સમ્યગ્દર્શન થાય છે. એક વાત. પછી પંચમ ગુણસ્થાન કઈ રીતે આવે છે? એ અણુવ્રતનો વિકલ્પ આવ્યો તો પંચમ ગુણસ્થાન આવ્યું એમ નથી, એ તો રાગ છે. અંતરમાં શુદ્ધ દ્રવ્યનો વિશેષ અનુભવ કર્યો, સ્થિરતા કરી તો બીજા કષાયનો નાશ કરીને શાંતિ ઉત્પન્ન થઈ. એ ભૂમિકામાં પંચમ ગુણસ્થાનયોગ્ય શાંતિ આવી એને મોક્ષમાર્ગ કહે છે, પણ વિકલ્પ જે આવ્યો એ મોક્ષમાર્ગ છે જ નહિ. સમજાણું કાંઈ? પછી મુનિ. એ પણ અંતરમાં અનુભવમાં અતીન્દ્રિય આનંદનો ખૂબ આનંદ આવ્યો, ચારિત્ર સ્થિર શાંતિ (થયા) એમાં ત્રણ કષાયનો નાશ થયો. એ ત્રણ કષાયનો નાશ થઈને આત્મામાં શાંતિ અનાકુળ આનંદ આવ્યો એ મુનિપણું છે. વચ્ચે પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ આવે છે, પણ એ બંધનું કારણ છે. ઝીણી વાત છે. નથી પકડાતી. કારણ કે આખી દૃષ્ટિ જ ફેર થઈ ગઈ છે. અત્યારે તો પાંચમું ગુણસ્થાન ક્યારે આવે? કે બાર અણુવ્રત લે તો. મુનિપણું ક્યારે આવે? કે પંચમહાવ્રત લે તો.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ કહે છેને. બધાની દૃષ્ટિ છેને. પણ એ તો આસ્રવ થયો. આસ્રવથી મુક્તિ થાય? આસ્રવથી ગુણસ્થાન (આવે)? સમજ્યા પછી રાત્રે લ્યો.

'**શરીરાદિ સાથે એકત્વબુદ્ધિ, તે મટતાં જે જીવ શુદ્ધ જીવને અનુભવે છે...**' અહીં તો એક સિદ્ધાંત જ લીધો. પહેલાં સમ્યગ્દર્શનમાં પણ શુદ્ધ જીવના અનુભવમાં મિથ્યાત્વનો નાશ થયો. પછી પંચમ ગુણસ્થાનમાં પણ શુદ્ધનો અનુભવ વિશેષ થયો. શાંતિ, સ્થિરતા, એકાગ્રતા ઘણી વધી ગઈ. ઘણી થઈ એનું નામ પંચમ ગુણસ્થાન છે. એ ભૂમિકામાં પંચ અણુવ્રતનો વિકલ્પ આવે છે. બસ. આવે છે એ બંધનું કારણ, મુક્તિનું કારણ નથી. મુક્તિનું કારણ તો જેટલી સ્વરૂપમાં લીનતા થઈ એટલું મુક્તિનું કારણ છે. પોપટભાઈ! સમજાય છે? પછી મુનિ થયો તો મુનિ તો અર્થ શું? બાહ્ય દ્રવ્યલિંગ નગ્ન થઈ જાય એ કોઈ વસ્તુ નથી અને અંદર અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ આવે છે એ પુણ્યબંધનું કારણ છે. અંતરમાં સ્વરૂપમાં શાંતિ, ત્રણ કષાયનો અભાવ કરીને ઘણો આનંદ થયો, દ્રવ્યમાં ઘણો લીન થયો એનું નામ ભગવાન મુક્તિનું કારણ કહે છે. સમજાણું કાંઈ?

'**તે જીવ...**' અહીં તો ભાઈ બંધનો વિકલ્પ આવે એની વાત પણ યાદ નથી કરી. શું કામ છે પણ તારે? આવે છે દખલ કરવા. બંધનું કારણ આવે તો અબંધ (થાય), એ બંધનો આસ્રવ આવે તો આત્માની શાંતિ ગુણસ્થાન વધે? એ તો દોષ છે. ગુણસ્થાન વધે એમાં તો શાંતિ અંતર નિર્વિકલ્પતા શાંતિ વધે છે. અંતરમાં સ્થિરતા વધે છે અરાગી પરિણતિ, વીતરાગી પરિણતિ વધે છે ગુણસ્થાન વધતાં. વચ્ચે પંચ અણુવ્રત કે બાર વ્રત, પંચમહાવ્રતનો વિકલ્પ આવે એ તો આસ્રવ છે, એ તો બાધક છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગુણસ્થાનમાં એ અણુવ્રત આવે તો ગુણસ્થાન આવ્યું. મહાવ્રત આવે તો ગુણસ્થાન આવ્યું એમ માને છે. એ જ દૃષ્ટિમાં ફેર છે પહેલાં. સમજાણું કાંઈ?

**'કર્મોથી મુક્ત થાય છે.'** લ્યો, બારમી ગાથા થઈ. ૧૩-૧૩.

आत्मानुभूतिरिति शुद्धनयात्मिका या
ज्ञानानुभूतिरियमेव किलेति बुद्ध्वा।
आत्मानमात्मनि निवेश्य सुनिष्प्रकम्प-
मेकोऽस्ति नित्यमवबोधघनः समन्तातत्।।१३।।

ઓહોહો..! કળશ પણ એવો અને અર્થ કરનાર પણ રાજમલજીએ ખોલીને...

પહેલો અર્થ. **'आत्मानु सुनिष्प्रकम्प एकः अस्ति'** આત્માનો અર્થ ચેતનદ્રવ્ય. ચેતન પદાર્થ, જ્ઞાયકસ્વભાવ, જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ ભગવાન એને આત્મા કહે છે. પુણ્ય-પાપ વચ્ચે આવે એ આત્મા નહિ, એ તો આસ્રવ છે. આહા..હા..! **'આત્મા અર્થાત્ ચેતન દ્રવ્ય...'** જાણન-દેખન સ્વભાવ એકલો, પુણ્ય-પાપના આસ્રવ વિકલ્પથી રહિત અને પરિપૂર્ણ જ્ઞાન આનંદથી ભરેલા એવા દ્રવ્યને આત્મદ્રવ્ય કહે છે, ચેતનદ્રવ્ય કહે છે. **'सुनिष्प्रकम्प'** **'અશુદ્ધ પરિણમનથી રહિત...'** જુઓ, પુણ્ય-પાપનો વિકલ્પ જે આસ્રવ છે એ અશુદ્ધ પરિણામ છે. એનાથી રહિત અંદરમાં જેટલી સ્થિરતા થાય છે એટલી શુદ્ધતા થાય છે. **'અશુદ્ધ પરિણમનથી રહિત...'** એ ચેતનદ્રવ્ય **'શુદ્ધ થાય છે.'** સમજાણું કાંઈ? **'आत्मानु सुनिष्प्रकम्प एकः अस्ति'** ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં શુદ્ધ ચેતન દ્રવ્ય પદાર્થ, અશુદ્ધ પરિણતિ જે પુણ્ય-પાપનો ભાવ છે એનાથી રહિત થઈને શુદ્ધ **'एकः अस्ति'** આત્મા એકરૂપ શુદ્ધ થાય છે એનું નામ આત્મા અને એનું નામ ધર્મ કહે છે. વચ્ચે શુભભાવ આવે છે જરૂર પણ આવે છે એ તો આસ્રવ છે.

**શ્રોતા :-** આસ્રવની વાત ક્યાં છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** થઈ ગયો. તો એ આસ્રવ આવે એની હોંશ ન રહી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની ના પાડે છે. આસ્રવ માને બસ! ખલાસ થઈ ગયું.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હોય છે એ તો કહ્યું. પણ હોય છે એમાં...

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તો ખલાસ થઈ ગયું. એમાં રાજીપો શું કરવો?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ જ ધર્મ છે.

**શ્રોતા** :- એ તો રાગ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો રાગ છે. ખલાસ થઈ ગયું. પછી ખલાસ થઈ ગયું.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ, નહિ, સમજતા નથી. પછી રાખો, પછી રાખો. તમારે ફેર છે, ઘણો ફેર છે. સમકિત બીજી વસ્તુ છે. સમકિત શું છે અને એનું સ્વરૂપ શું છે એ સમજવું પડશે. સમજવું પડશે. રાગ આવે એની હોંશ કરે છે કે આવશે જ! પણ આવે એનું કામ શું છે? આવે એ તો વિકાર છે. નાશ કરવા માટે આવ્યો છે એ તો. પોતાના સ્વરૂપની દૃષ્ટિ કરીને લીનતા કરવી એ ચારિત્ર અને શાંતિ ધર્મ છે. રાગ આવે એ તો આવે છે, એ તો બંધનું કારણ છે. વચ્ચે એનું કામ શું છે? જ્યાં અબંધ પરિણામની વ્યાખ્યા ચાલે ત્યાં બંધના પરિણામ મને આવે કે નહિ? એનો અર્થ શું? એ તો ખુશ થાય છે કે આવે છે અમને. સમજાણું કાંઈ?

અહીં તો અબંધ પરિણામની વ્યાખ્યા ચાલે છે. પોતાનો આત્મા ચેતનદ્રવ્ય '**सनिष्कम्प**' અશુદ્ધ પરિણમનથી રહિત. અહીં તો એક જ વાત છે. પંચમ ગુણસ્થાનમાં વ્રતનો વિકલ્પ હોય તો એ ક્યાં શુદ્ધ પરિણમન છે, એ તો અશુદ્ધ પરિણમન છે. એનાથી રહિત શુદ્ધ થાય છે. જેટલો આત્મા પોતાની દૃષ્ટિ, પોતાનો અનુભવ કરીને સ્વરૂપમાં શુદ્ધ થાય છે એટલો આત્માને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**કેવો છે આત્મા?**' '**नित्यं समन्तातत् अवबोधघनः**' નિત્ય નામ '**સદાકાળ...**' ત્રિકાળ એ તો '**સર્વાંગ...**' '**समन्तातत्**' નામ સર્વાંગ. '**જ્ઞાનગુણનો સમૂહ છે-જ્ઞાનપુંજ છે.**' એને આત્મા કહે છે. વચ્ચે શુભરાગાદિ આવે એ આત્મા નથી, એ આસ્રવ છે. અહીં તો આત્માની દૃષ્ટિ અને આત્માનું ધ્યાન અને એની સ્થિરતાની વાત ચાલે છે. સમજાણું કાંઈ? '**જ્ઞાન સર્વાંગ...**' દેખો! એ તો સર્વાંગ અસંખ્ય પ્રદેશમાં આખા અંતરમાં, બાહ્યમાં આખો એકલો જ્ઞાનનો, ચૈતન્યનો પુંજ છે એને આત્મા કહે છે.

'**શું કરીને આત્મા શુદ્ધ થાય છે?**' દેખો! શું કરવાથી શુદ્ધ થાય? કે '**आत्मानम आत्मनि निवेश्य**' '**આત્મા પોતાથી પોતામાં જ પ્રવિષ્ટ થઈને.**' પોતાનો શુદ્ધ ચૈતન્ય પદાર્થ પોતાની શુદ્ધ પરિણતિ દ્વારા પ્રવેશ કરે છે તો શુદ્ધ થાય છે. સમજાણું કાંઈ? આ વાત તો ઝીલવી કઠણ છે હજી. લોકોની દૃષ્ટિ બાહ્ય છેને. '**आत्मानम आत्मनि निवेश्य**' નિવેશ એટલે સ્થાપન. પુણ્યમાં સ્થાપન એમ નહિ. '**आत्मानम**' આત્મા પોતાનો નિજ શુદ્ધ શું નિજ કહ્યું? જ્ઞાનગુણનો પુંજ એ આત્મા. એ '**आत्मनि**' પોતામાં જ. પોતામાં શુદ્ધ પરિણતિમાં જ પ્રવિષ્ટ થઈને-એકાકાર થઈને આત્મા શુદ્ધ થાય છે. કહો, સમજાણું કાંઈ?

ચોથે ગુણસ્થાને પણ જેટલી શુદ્ધતા પ્રગટ થઈ, પંચમમાં પણ જેટલી અંતરમાં શુદ્ધતા પ્રગટ થઈ, છઠ્ઠામાં પણ જેટલી નિર્વિકારી શુદ્ધતા પ્રગટ થઈ તેનાથી એ મુક્ત થાય છે. સમજાણું કાંઈ? શેઠી!

**શ્રોતા :-** અહીંયા ભાવશુદ્ધતા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બસ! એ ગુણસ્થાન વધે છે. અહીં વિકલ્પના વધવાથી ગુણસ્થાન છે એમ છે નહિ. એ તો નિમિત્તનું કથન છે. કહો, સમજાણું કાંઈ?

'**आत्मानमात्मनि निवेश्य**' મૂળ પાઠ છે. '**आत्मानमात्मनि निवेश्य**' ત્રીજું પદ છે. આત્મા કોને કહ્યો? કે '**સર્વાંગ જ્ઞાનગુણનો સમૂહ છે-**' એમાં વિકલ્પ પુણ્ય-પાપાદિ છે નહિ આત્મામાં. એવો જે જ્ઞાનપુંજ આત્મા એ પોતાથી, પોતામાં જ પોતાની શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન પરિણતિમાં ઠરે છે પ્રવિષ્ટ થઈને. અંતર દ્રવ્ય સ્વભાવ પૂર્ણાનંદ સર્વાંગ જ્ઞાનમૂર્તિ એમાં ઠરે છે. પ્રવિષ્ટ થાય છે. કહો, જયંતિભાઈ! ઓલા કહે પ્રવેશ ન કરવો, પ્રવેશ-બ્રવેશ નહિ. ઓલા કહે છે ભાઈ રજનીશ. કાંઈ વસ્તુની ખબર ન મળે. પ્રવેશનો અર્થ...

**શ્રોતા :-** .. જુદાં થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એમ.

અહીં તો આત્મા શુદ્ધ જ્ઞાનઘનની દૃષ્ટિ કરવાથી પોતાના નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર નિર્મળ થયા એ નિર્મળથી પોતામાં સ્થિર થાય છે. પુણ્ય-પાપનો વિકલ્પ આવ્યો તેનાથી સ્થિર થતો નથી. આહા..હા..! ભાઈ! વસ્તુની હજી મૂળમાં ભૂલ. આ ટીકા જ એવી કરી છે કે સત્યનો નિશ્ચય, સત્‌પણું શુદ્ધ શું છે? બસ ઈ (બતાવે છે).

'**પોતાથી પોતામાં જ...**' પોતામાં જ એનો અર્થ શું? શું દયા, દાનના વિકલ્પ એ પોતા સ્વરૂપ છે? એ તો આસ્રવતત્ત્વ છે. '**પોતાથી પોતામાં જ નિવેશ્ય...**' અંતરમાં એકાકાર સ્થાપન કરવું, નિર્મળાનંદ શાંતિથી સ્વરૂપમાં ઠરવું એ જ આત્માની શુદ્ધતાનું કારણ છે. કઈ રીતે શુદ્ધ થાય છે? એમ લખ્યુંને? કઈ રીતે આત્મા શુદ્ધ થાય છે? વિકલ્પ કરીને શુદ્ધ થાય છે? કહો, સમજાય છે કાંઈ? શું કરી આત્મા શુદ્ધ થાય છે? તો ભગવાન આચાર્ય કહે છે, '**आत्मानमात्मनि निवेश्य**'. પોતાનો ભગવાન શુદ્ધ આત્મા પુણ્ય-પાપથી રહિત એ જ પોતામાં, પોતાના નિર્મળ સ્વભાવમાં જ પ્રવિષ્ટ થઈને—સ્થિર થઈને આત્મા શુદ્ધ થાય છે. વચ્ચે વિકલ્પ આવે ગુણસ્થાન પ્રમાણે પણ એ શુદ્ધતાનું કારણ નથી. ખલાસ થઈ ગયું. અહીં શુદ્ધની વાત ચાલે છે. સમજાણું કાંઈ? કેટલો સરસ અર્થ કર્યો છે જુઓ, પાઠમાં પણ એમ છેને. જુઓ,

'**आत्मानमात्मनि निवेश्य** ' બસ! એ તો મૂળ પાઠ છે. આચાર્ય મહારાજ અમૃતચંદ્રાચાર્યદેવ કુંદકુંદાચાર્યની ટીકા કરનાર કહે છે કે ભગવાન! તમે તો શુદ્ધ ચિદાનંદ છો એવી અનુભવ દૃષ્ટિ કરવી એ સમ્યક્ છે. પછી પણ શુદ્ધ સ્વભાવમાં સ્થિરતા કરવી, એ

દ્રવ્યસ્વભાવમાં સ્થિરતા કરવી એ શુદ્ધતા છે. એ આત્માની પરિણતિ સંવર-નિર્જરાની શુદ્ધ એને આત્મા કહે છે. પોતાની સંવર-નિર્જરાની શુદ્ધતાથી આત્મામાં ઠરે છે. તેનાથી આત્મા શુદ્ધ થાય છે. સમજાણું કાંઈ? કહો, ભગવાનભાઈ! લ્યો, આમાં કેટલા વ્રત કરવાથી શુદ્ધ થવાય એ તો આવ્યું જ નહિ આમાં. આહા..હા..! આવે એ તો વિકલ્પ આવ્યો. એ કોઈ શુદ્ધતાનું કારણ નથી. મુનિને પણ અઠ્યાવીશ મૂળગુણ આવે છે પણ એ તો આસ્રવ છે, અશુદ્ધ છે, એ કાંઈ શુદ્ધતાનું કારણ નથી. શુદ્ધતા પરમાનંદ શક્તિ પોતાનું નિજ સ્વરૂપ એમાં એકાકાર થવું, નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ, નિર્વિકારી પરિણતિ દ્વારા એનું નામ શુદ્ધ થવાનો ઉપાય છે. કહો, શેઠી! પહેલું સાંભળે એને કઠણ પડે એવું છે. જુઓ ભાવાર્થ.

'**ભાવાર્થ આમ છે કે આત્માનુભવ પરદ્રવ્યની સહાયરહિત છે...**' લ્યો! જેટલો આત્મા પહેલાં સમ્યગ્દર્શનમાં અનુભવમાં આવ્યો, પછી પણ પંચમ ગુણસ્થાનમાં પણ સ્થિરતામાં અનુભવમાં આવ્યો, મુનિને ચારિત્રની સ્થિરતામાં અનુભવમાં આવ્યો એમાં પરદ્રવ્યની સહાયતા છે જ નહિ. પરદ્રવ્ય શબ્દે શુભરાગ અને નિમિત્ત કર્મ આદિ. એની કોઈ સહાયતા એમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- એમાં બધું આવી જાય. સાર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સાર છે.

**શ્રોતા** :- પરદ્રવ્યની સહાયતારહિત?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- રહિત. અને શરીરાદિ પરદ્રવ્ય છે, અજીવતત્ત્વ છે. એ પરદ્રવ્યની સહાયતાથી રહિત સ્વદ્રવ્યની સહાયતાથી સ્થિર થાય છે. એ શુદ્ધ થવાનો ઉપાય છે. પોતાથી છે ને. રાગથી છે? પુણ્યથી છે? જરી ઝીણી વાત છે, ભાઈ! એ ચાલતી નથીને એટલે જરી કઠણ પડે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઈ વાત છે.

'**ભાવાર્થ આમ છે કે આત્માનુભવ...**' સમ્યગ્દર્શનમાં થાય કે પાંચમામાં થાય, છઠ્ઠામાં હોય કે સાતમામાં થાય, આત્માનો પ્રત્યેક અનુભવ '**પરદ્રવ્યની સહાયરહિત છે...**' ભાઈ! આ તો છઠ્ઠા-સાતમાના બધાના અનુભવની વાત છે. આહા..હા..! ચોથા ગુણસ્થાનથી માંડીને પંચમમાં, છઠ્ઠામાં જેટલો સ્વરૂપ તરફ શુદ્ધતાની પરિણતિ દ્વારા સ્થિર થાય એનાથી આગળ વધીને શુદ્ધ થાય છે. બસ! બીજો કોઈ ઉપાય નથી. આહા..હા..!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો શુદ્ધતાથી. પરદ્રવ્ય શબ્દે પુણ્ય-પાપના પરિણામ એ પર છે, વિકલ્પ છે, આસ્રવ પરવસ્તુ છે અને શરીરાદિ તો પરવસ્તુ છે જ. આત્માનો અનુભવ ચોથે ગુણસ્થાને હોય કે પાચમામાં હોય કે છઠ્ઠે-સાતમે હોય કે આઠમે, નવમે, દસમે, અગિયારમે

હોય, એ પરદ્રવ્યની સહાયતાથી રહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા એક સમયમાં કારણપ્રભુ પૂર્ણ શુદ્ધ કારણદ્રવ્ય એ પોતાના કારણથી જ અંદર શુદ્ધ પરિણતિ પ્રગટ કરીને પરદ્રવ્યથી સહાયતાથી રહિત આત્મા શુદ્ધ થાય છે. ઓહોહો..! વ્યવહારથી સહાયતાથી શુદ્ધ થાય છે એવો નકાર છે. ભાઈ! ગર્ભમાં એમ વાત છે. આવે છે વ્યવહાર વચ્ચે. સહાયતા નથી. વાત એ છે. ચોથા ગુણસ્થાનયોગ્ય વ્યવહાર શુભ વિકલ્પ આવે છે, પાંચમા ગુણસ્થાનયોગ્ય શુભ વિકલ્પ આવે છે, છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય શુભ વિકલ્પ આવે છે પણ એ તો પરદ્રવ્ય આસ્રવ થયો. એની સહાયતા રહિત અંતરમાં એકાકાર થાય એટલું શુદ્ધતાનું કારણ છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે આત્માનુભવ...'** ચોથેથી માંડીને છેક બારમા સુધી આત્મા અંતર જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ એના અંતર અનુભવ નામ એની અનુસાર થવું, શાંત શ્રદ્ધાનું થવું, જ્ઞાનનું થવું, ચારિત્રનું થવું, અરાગી પરિણતિ સર્વ વીતરાગી પરિણતિનું (થવું એ) આત્માનુભવમાં પરદ્રવ્યની સહાયતા નથી. શુભ અને વ્યવહાર વિકલ્પ આવે એની સહાયતા આત્માના અનુભવની વૃદ્ધિ થવામાં નથી. સમજાણું કાંઈ? **'તેથી પોતામાં જ પોતાથી આત્મા શુદ્ધ થાય છે.'** ભાષા તો જુઓને કેટલી સ્પષ્ટ કરી છે! ઓહોહો..! **'તેથી પોતામાં જ...'** આત્મા પોતામાં એની તો પહેલી વ્યાખ્યા કરી. **'नित्यं समन्तातत् अवबोधघनः'** સદાકાળ સર્વાંગ જ્ઞાનગુણનો પૂંજ પ્રભુ છે. એ જ્ઞાનગુણની પર્યાયમાં પ્રગટ શુદ્ધ થાય છે. કેમ? કે પોતામાં જ પોતાથી જ. વ્યવહારથી નહિ, વિકલ્પથી નહિ. આત્મા શુદ્ધ થાય છે. ઓહોહો..! સ્વસહાયં. શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ, ચૈતન્યની શાંતિ ચારિત્ર એ પોતાની પર્યાય શુદ્ધ. એ શુદ્ધની સહાયતાથી જ શુદ્ધ થાય છે. પરની સહાયતાથી શુદ્ધ થતો નથી. ઓહોહો..!

**શ્રોતા :-** રાગ તો પરદ્રવ્ય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગ તો પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? થાય છે એનું તો જ્ઞાન કરાવ્યું કે છે, પણ એની સહાયતાથી આગળ વધે છે એમ નથી. વાત કોઈ અલૌકિક વાત છે. અંતર સહજાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ અનંત શક્તિનો ભંડાર એના અવલંબનમાં નિર્મળ પરિણતિ જે થઈ એ જ પરિણતિથી અંદરમાં અનુભવ કરતાં-કરતાં આગળ વધી જાય છે. સમજાણું કાંઈ? **'પોતામાં જ...'** પોતામાં જ. પાછો ઓલો કોઈ વ્યવહાર લે એમ નહિ. પોતાથી. પોતાથી નામ શુદ્ધ પરિણતિથી આત્મા શુદ્ધ થાય છે. કહો, સમજાય છે કાંઈ?

**'અહીં કોઈ પ્રશ્ન કરે છે...'** પોતે ને પોતે પ્રશ્ન ઊઠાવ્યો છે. **'આ અવસરે તો એમ કહ્યું કે આત્માનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય છે...'** હવે એક વાત લે છે. શું કહે છે? ભગવંત! આપે તો એમ કહ્યું કે આત્માનો અનુભવ, પુણ્ય-પાપનો અનુભવ નહિ, પરનો નહિ, પોતાના શુદ્ધ સ્વભાવની સ્થિરતાનો અનુભવ કરતાં-કરતાં શુદ્ધ થાય છે. તો એમ કહ્યું કે **'આત્માનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય છે...'** ઉપર એમ કહ્યું કે જ્ઞાનગુણમાત્ર

અનુભવ કરતાં આત્મા શુદ્ધ થાય છે. બીજે ઠેકાણે કહ્યું કે જ્ઞાનસ્વભાવનો અનુભવ કરવાથી આત્મા મુક્ત થાય છે. અહીંયા આત્માનો અનુભવ કરવાથી મુક્ત થાય છે એમ કહ્યું. શુદ્ધ થાય છે. બીજે ઠેકાણે એ જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ સ્વભાવ એનો અનુભવ કરવાથી શુદ્ધ થાય છે. **'તો આમાં વિશેષતા શું છે?'** શું પ્રશ્ન છે?

એક સ્થાનમાં આ તો આત્મા પવિત્ર શુદ્ધ જ્ઞાનઘન પુણ્ય-પાપના વિકલ્પથી રહિત એનો જ અનુભવ કરતાં-કરતાં આત્મા શુદ્ધ થાય છે. બીજે ઠેકાણે એમ કહ્યું કે આત્માનો જ્ઞાનસ્વભાવ જે ગુણ છે એ જ્ઞાનનો અનુભવ કરવાથી શુદ્ધ થાય છે. એક બાજુ આત્માનો અનુભવ અને બીજી બાજુ ગુણનો-સ્વભાવનો અનુભવ. એમ બે વાત આવે છેને? ત્રીજી વાત નથી લીધી ભાઈ આમાં. ખૂબી એક પાછી ઈ છે. આહા..હા..! ભારે પણ. જ્ઞાનની અનુભૂતિ છેને. આ ૧૫મી ગાથાનો ઉપોદઘાત છે. પ્રશ્ન આ થયો કે ભગવાન! આપ તો આત્મા જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય પુણ્ય-પાપનો રાગ-આસ્રવરહિત એનો અનુભવ કરતાં શુદ્ધ થાય છે. કોઈ સ્થાનમાં તો જ્ઞાનનો અનુભવ કરવો, જ્ઞાનસ્વભાવનો અનુભવ કરવો, જ્ઞાનનો અનુભવ કરવાથી શુદ્ધ થાય છે (એમ આવે છે). તો બેમાં વિશેષતા શું? એ પ્રશ્ન છે. ઉત્તરમાં એમ કહેશે કે બેય એક જ વાત છે. આત્માનો અનુભવ કહો કે જ્ઞાનગુણનો અનુભવ કહો. સ્વભાવનો અનુભવ કહ્યો તે દ્રવ્યનો અનુભવ કહ્યો. વાત એક જ છે. વાતમાં ફેર નથી. એ વાત કરશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, ગાથા-૯૨-૯૩
## પ્રવચન નં.૪૯, તા. ૦૮-૧૧-૧૯૬૬
## (૧૧)

સમયસાર. અહીં આવ્યું છે, જુઓ, એનો દૃષ્ટાંત આપ્યું હતુંને કે જેમ ઠંડી અને ગરમ અવસ્થા એ પુદ્ગલની છે, એ આત્મામાં જ્ઞાન કરાવવામાં નિમિત્તરૂપે તાકાત પ્રમેયરૂપે હોય છે અને તેનું જે જ્ઞાન થવું એ આત્માથી અભિન્ન છે અને શીત-ઉષ્ણ અવસ્થા તે પુદ્ગલથી અભિન્ન છે. અને એનું જ્ઞાન જે છે એનાથી એ અવસ્થા તદ્દન ભિન્ન છે. સમજાણું કાંઈ?

એમ આત્મામાં કર્મના નિમિત્તના સંબંધે થયેલા રાગ, દ્વેષ, સુખ-દુઃખની કલ્પના એ બધી ખરેખર તો ચૈતન્યના મૂળ સ્વભાવની અવસ્થા નથી. એથી એને અહીંયાં કર્મની અવસ્થા, પરદ્રવ્ય સ્વભાવની અવસ્થા ગણી અને કર્મ અને પુદ્ગલ સાથે તેનો અભેદ અભિન્ન છે. એ વસ્તુ આત્માને જ્ઞાન કરાવવામાં પ્રમેય તરીકે નિમિત્ત છે. આત્મા જ્ઞાયક છે અને રાગ-દ્વેષ અને સુખ-દુઃખની કલ્પના પણ પરજ્ઞેય તરીકે છે. એ જ્ઞેય જ્ઞાન કરાવવામાં સમર્થ થાય નિમિત્તરૂપે પ્રમેય છે. સમજાણું? તેથી તેનું જ્ઞાન થવું, એ જ્ઞાનની દશાથી રાગ-દ્વેષ, સુખ-દુઃખની કલ્પનારૂપ અવસ્થા તદ્દન ભિન્ન છે અને તે રાગ-દ્વેષ અને સુખ-દુઃખની જ્ઞાનદશા આત્માની અંતર્મુખ થતાં એની જે જ્ઞાનદશા થાય એ જ્ઞાનદશા આત્માથી અભિન્ન નામ એક છે અને એ જ્ઞાનદશાથી રાગ-દ્વેષ, સુખ-દુઃખની અવસ્થા તે તદ્દન જુદી અને ભિન્ન છે.

'જ્યારે...' જુઓ, અહીંયાં હવે બહારની ચીજ તો ક્યાં રહી? આહા..હા..! ઉત્પન્ન ધ્વંસી એવો જે રાગ-દ્વેષ અને સુખ-દુઃખની કલ્પના એનો અને આત્માનો જ્ઞેય-જ્ઞાયક તરીકે સંબંધ છે, એકરૂપે એનો સંબંધ નથી. સમજાણું કાંઈ? જ્યારે અજ્ઞાનને લીધે ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવી, ચૈતન્ય રત્નાકરરૂપી હીરો એનું એને જ્ઞાન નથી. જેથી આત્માથી અભિન્નપણાને લીધે. **'જ્યારે અજ્ઞાનને લીધે આત્મા તે રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિનો...'** આત્મા તે રાગ-દ્વેષ, સુખ-દુઃખની અવસ્થાનો અને તેના અનુભવનો એટલે કે તેનું જ્ઞાન થવું એ પોતાનો ભાવ છે અને રાગ-દ્વેષ અને સુખ-દુઃખની અવસ્થા તે જ્ઞાનમાં જ્ઞેય તરીકે ભિન્ન છે, છતાં અજ્ઞાનને કારણે રાગ-દ્વેષ-સુખાદિ અને તેનો અનુભવ, અનુભવ એટલે એનું જ્ઞાન. આત્મામાં તેનું જ્ઞાન થવાની તાકાત છે અને એ રાગ-દ્વેષ જ્ઞાનમાં જ્ઞેય થવાની તાકાતવાળા છે. સમજાણું કાંઈ?

**'તેના અનુભવનો...'** એટલે કે જ્ઞાનનો **'પરસ્પર વિશેષ ન જાણતો હોય ત્યારે...'**

ભગવાન આત્મા જ્ઞાનસરોવર-જ્ઞાનસાગર પ્રભુ છે. તો એ તો જ્ઞાનમય મૂર્તિ પ્રભુ રાગ-દ્વેષ અને સુખ-દુઃખની અવસ્થાનું જ્ઞાન કરવાને એનો સ્વભાવ સામર્થ્ય છે; પણ એમ ન જાણતાં, એવા જ્ઞાયક સ્વભાવને ન જાણતાં એ રાગ અને દ્વેષની પર્યાયની જુદાઈ મારાથી છે એમ ન અનુભવતાં '**ત્યારે એકપણાના અધ્યાસને લીધે,...**' એકપણાની આદત પડી ગઈ છે એમ કહે છે. આહા..હા..! શરીર, રજકણ, કર્મ તો ક્યાં રહ્યા? એ તો ભિન્ન-ભિન્ન એની પરિણતિથી તે પરિણમીને ટકી રહ્યા છે, પણ આ ભગવાન આત્મા ચૈતન્યનો ગાંગડો એકલો જ્ઞાન અને આનંદનો એકલો ગાંગડો છે. ગાંગડો સમજો છો? ભેલ. સાકરની ભેલી.

કહે છે, ભગવાન આત્મા એકલો આનંદ ને જ્ઞાનની અરૂપી સ્વરૂપ શરીર પ્રમાણે ભિન્ન મૂર્તિ છે. એને અને આ રાગદ્વેષના પરિણામની બેની ભિન્નતા ન જાણતો હોય ત્યારે, ત્યારે એકપણાનો અધ્યાસ. એ એકપણાનો અભ્યાસ છે. વિભાવ સાથે સ્વભાવનો એકપણાનો અભ્યાસ છે, એક વસ્તુ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ચૈતન્ય મહાન અતીન્દ્રિય પદાર્થ છેને. સ્ફટિક જેમ ઉજ્વળથી ભરેલું. એમ આ ચૈતન્ય સ્ફટિક, ચૈતન્ય સ્ફટિક શુદ્ધતાના સ્વભાવની શાંતિ અને આનંદથી ભરેલી જ્યોતિ છે. એવો ભગવાન આત્મા, એને જ્યારે એનું જ્ઞાન અને આ રાગ-દ્વેષની અવસ્થા ભિન્ન અને એનું જ્ઞાન તે મારું અને એ ચીજ મારી નહિ એમ બેની ભિન્નતાનું ભાન નથી ત્યારે તેના એકપણાની ટેવને લીધે—અધ્યાસને લીધે. ભાષા જુઓ, અધ્યાસ થઈ ગયો છે. ભગવાન આત્મા તો ચૈતન્ય જ્યોત આનંદકંદની મૂર્તિ છે. સમજાણું કાંઈ? ત્યારે એ રાગ-દ્વેષ અને સુખ-દુઃખની કલ્પના અને તેનું કરનારું જ્ઞાન આત્મા. બેની ભિન્નતાનું ભાન ન હોય ત્યારે એકપણાના અધ્યાસને લીધે.

'**શીત-ઉષ્ણની માફક (અર્થાત્ જેમ શીત-ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે તેમ),...**' ભાષા જુઓ, ઠંડી અને ગરમની અવસ્થા વડે ભગવાન આત્મા થાય એ અશક્ય છે. '**જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે...**' સમજાય છે? શીત-ઉષ્ણપણે જેમ થવું અશક્ય છે. સમજાણું? એમ '**આત્મા વડે પરિણમવું અશક્ય છે એવાં રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપે...**' રાગ-દ્વેષ, સુખ-દુઃખ રૂપે અજ્ઞાન આત્મા વડે. ભાષા. એ સ્વરૂપના અભાન વડે અજ્ઞાનપણાની પર્યાય દ્વારા પરિણમતો થકો. '**(અર્થાત્ પરિણમ્યો હોવાનું માનતો થકો),...**' ભાષા પાછી એમ છે. માને છે. વસ્તુ તો વસ્તુ જ છે. ચૈતન્યબિંબ અરૂપી સ્વભાવ, ધ્રુવસ્વભાવ, વજ્રનું બિંબ, ચૈતન્યનું વજ્ર બિંબ એ તો જે છે તે જ છે; પણ તેનો રાગ-દ્વેષ, સુખ-દુઃખની દશા અને તેનું જ્ઞાન, અનુભવ એટલે જ્ઞાન, બેની જુદાઈને ન જાણતો હોય ત્યારે બેની એકતાના અભ્યાસને લઈને જોકે તે વડે પરિણમવું તો અશક્ય છે. તે રૂપે દ્રવ્યસ્વભાવ—વસ્તુસ્વભાવ કાંઈ વિકારરૂપે થાય નહિ.

'**અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો...**' ભાષા જુઓ, ચૈતન્યનું અજ્ઞાન કરીને ભાન વિના એવા વડે રાગ-દ્વેષ અને સુખ-દુઃખરૂપે થયો છું એમ એ માને છે. કહો, શેઠી! આહા..હા..!

ભગવાન કર્મરૂપે તો થયો નથી, શરીરરૂપે તો થયો નથી, કોઈ રૂપે થાતો નથી. પર બાયડી, છોકરા, કુટુંબરૂપે તો કોઈ દી એક સમય થયો નથી. માને તોપણ થયો નથી. આ એક અંદર રાગ અને દ્વેષ, સુખ-દુઃખની કલ્પના, ભાવકર્મ-વિભાવ એનો એને અધ્યાસ થઈ ગયો છે. ચૈતન્યબિંબ આખું ભિન્ન છે એમ એનું જ્ઞાન કરનારું એ પોતે તત્ત્વ છે, એને એકપણે માનવાવાળું એ તત્ત્વ નથી. સમજાણું કાંઈ? આ કર્તાકર્મ સિદ્ધ કરે છે. અજ્ઞાનપણે કર્તા થઈ અને રાગ-દ્વેષ મારા છે એમ પરિણમે છે માન્યતાથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એકપણાના અધ્યાસને લીધે, શીત-ઉષ્ણની માફક (અર્થાત્ જેમ શીત-ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે તેમ),...**' પાછું એમ એ રીતે. ભાષા જુઓ, '**જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે એવાં...**' એમ. રાગ-દ્વેષ, દયા-દાન, વ્રત-ભક્તિના વિકલ્પો, શુભાશુભવિભાવ એ ભગવાન સ્વભાવપણે વિભાવ પરિણમે એવું એનું સ્વરૂપ જ નથી. છતાં એ અજ્ઞાન આત્મા વડે ચૈતન્યના ભાન વિના, વસ્તુના ભાન વિના અજ્ઞાનની પર્યાય દ્વારા, અ-જ્ઞાન—બેભાનથી પરિણમતો થકો જાણે આત્મા 'હું રાગરૂપ થયો, દ્વેષરૂપ થયો, હું દયાના પરિણામરૂપ થયો, હું હિંસાના ભાવરૂપ થયો, હું શુભરૂપ થયો' એમ માનતો થકો '**જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો,...**' ચૈતન્યમાં તો જ્ઞાન અને આનંદની દશાનો અભ્યાસ થઈને પ્રગટ થવું જોઈએ. એને ઠેકાણે જ્ઞાન ચૈતન્ય સ્વરૂપમાં અજ્ઞાનત્વ પ્રગટ કરતો. અભાનપણું એ બધું રાગ-દ્વેષપણું બધું અજ્ઞાનત્વ છે. જેમાં જ્ઞાનપણું નથી. સમજાણું કાંઈ? એવું જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો.

'**પોતે અજ્ઞાનમય થયો થકો,...**' ઓહોહો..! ટીકા તે પણ ટીકાને. ભાષા તો આટલી છે પાઠમાં. '**परमप्पाणमकुव्वं अप्पाणं पि य परं अकुव्वंतो। सो णाणमओ जीवो**' ભાષા છે. એ આ શબ્દો છેલ્લા. પોતાનો ચૈતન્ય શુદ્ધ સ્વભાવ એનું એને ભાન નહિ હોવાથી એના સ્વરૂપના અજ્ઞાનને લીધે એ પુણ્ય-પાપ અને રાગ-દ્વેષના દયા, દાન, વ્રતાદિના ભક્તિ આદિના ભાવ એ વડે પરિણમતો થકો જ્ઞાનનું અજ્ઞાન (પ્રગટ કરતો થકો). સ્વરૂપ તો જ્ઞાનપણે, આનંદપણે પ્રગટવું જોઈએ એને ઠેકાણે વિકારપણે પ્રગટ કરતો પોતે અજ્ઞાનમય થયો થકો. પર્યાયમાં બેભાનપણે, અજ્ઞાનપણે થયો થકો '**આ હું રાગી છું...**' રાગ આ... આ... એ હું રાગી છું. આમ જાણનાર-દેખનાર છે એ ભિન્ન રહી ગયો. સમજાણું કાંઈ?

'**આ હું...**' આ હું. '**આ હું રાગી છું**' એનો અર્થ? આમ તો અસ્તિત્વ બતાવ્યું જીવની સત્તાની અપેક્ષાએ. પણ અહીં કર્તાકર્મ છેને એટલે હું આ રાગી છું એટલે? રાગ છું એવો હું છું એવો તો આત્મામાં રાગ છે એ અસ્તિત્વ બતાવ્યું. પણ કહે છે અહીં અધિકાર કર્તા કર્મનો (છે). આ રાગ છું એટલે કે એ રાગ હું, રાગ હું કરું છું એટલે કે રાગપણે હું થાઉં છું, રાગપણે હું થાઉં છું એટલે રાગપણે હું થયો છું. સમજાણું કાંઈ? બહુ ઝીણું હોં! લોકોને આ આત્મવિદ્યા એવી કઠણ પડેને એટલે બીજે રસ્તે (ચડી ગયા). પણ અભ્યાસ

કરતાં પ્રાપ્ત થાય એવી ચીજ આ છે. ઓલો તો અભ્યાસ કરીને મરી જાય તોપણ રાગ એનો નહિ થાય એમ કહે છે. સમજાણું કાંઈ? અનંતકાળથી એ રજકણના અભ્યાસ કર્યા કે આ મારું થાય. થયું કોઈ દી? એક રજકણ થયો છે એનો?

અહીં તો કહે છે, રાગ પણ એનો થયો નથી, પણ થયો એવું માને છે. ચૈતન્યના જ્ઞાયકભાવના અભાનને લીધે, ભગવાન ચૈતન્ય હીરો ચમકતો. સમજાય છે? એમાંથી ચૈતન્યના કિરણો, ચૈતન્યના કિરણો ફાટવા જોઈએ. એવું જ્ઞાનત્વ પ્રગટ થવું જોઈએ એને ઠેકાણે ભગવાન પોતાને ભૂલી અને આ રાગ થઈ ગયો હું, રાગ થઈ ગયો હું, રાગરૂપે થયો એટલે કે રાગને કરું છું એટલે કે રાગને હું કરું. અહીં કર્તા લેવો છેને? એટલે રાગરૂપે પરિણમું છું, એમ. રાગરૂપે પરિણમું છું એટલે રાગને હું કરું છું. એમ દ્વેષને હું કરું છું. સમજાય છે? ઈત્યાદિ શબ્દ છેને?

'ઈત્યાદિ **વિધિથી...**' એમાં બધું લેવું દ્વેષ.. '**રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે.**' જુઓ, આ ભાવકર્મની વાત છે, હોં! રાગ, પુણ્ય એનો કર્તા પ્રતિભાસે છે. અહીં તો ચૈતન્યનું પરિણમન, ચૈતન્યનું રાગને જાણવારૂપનું પરિણમન તે તેનું સ્વરૂપ છે. ભગવાન આત્મા ચૈતન્યબિંબ એ રાગરૂપે પરિણમે એવું એનું સ્વરૂપ નથી; પણ રાગ અને પુણ્ય અને પાપના પરિણામરૂપે જાણે થઈ ગયો એટલે કે પરિણમ્યો એટલે કે કરું છું એટલે કે તેના અસ્તિત્વમાં હું છું એમ તેનો કર્તા પ્રતિભાસે છે. '**રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે.**' સમજાણું કાંઈ? કો'ક તો કહેશે કે આ તે ક્યાંની વાત હશે? આઠમા ગુણસ્થાનની વાત હશે?

આ તો ચૈતન્ય જીવસ્વભાવ એ પોતાનું કર્તવ્ય તો જીવના સ્વભાવનું સ્વભાવના શુદ્ધપણે થવું તે તેનું કર્તાકર્મરૂપ છે. તે ચૈતન્યના સ્વભાવના સામર્થ્યના અભાનને લઈને એના પ્રત્યેના અજ્ઞાનને લઈને એ રાગાદિ ભાવ ઉપર એનું અસ્તિત્વ ક્યાંક પોતે છે એમ એનો સ્વીકાર તો કરવો પડશેને? પોતે વસ્તુ તો છે. હવે જે રીતે, જે સ્વભાવે, જે પ્રકારે છે એ રીતે ભાસ્યો નહિ ત્યારે ક્યાંક છું એવું એને મૂકવું તો પડશેને? જેઠાલાલભાઈ! એટલે કે ભગવાન આત્મા ચૈતન્યના તેજના નૂરથી ભરેલો પ્રભુ, એનું એને કર્તાપણું એટલે કે અસ્તિપણું ન ભાસ્યું એટલે એના પરિણામનો કર્તા પરના જાણવાવાળો એ મારું કાર્ય અને હું કર્તા એ ભાસ્યું નહિ. સમજાણું કાંઈ?

હવે અહીં તો કહે છે અજ્ઞાન... ઓલા તો કહે પરદ્રવ્યનો કર્તા ન માને તે દિગંબર જૈન નથી, એમ કહે છે. જીવ શું કરે છે? ભૂલે છે તે કઈ રીતે ભૂલે છે. એ ભાવરૂપે થવું છે, રાગ ને વિકલ્પ ને પુણ્ય-પાપના પરિણામરૂપે થવું છે, એ કર્તા છું એ પણ ચૈતન્યના મૂઢપણાની દશા છે. કહો, સમજાણું આમાં? તો અહીં શેની હોંશું હવે? મલૂકચંદભાઈ! જેને પોતાના સ્વભાવથી જેને રાગ અધિકપણે ભાસે છે તેને અસ્તિત્વનો સ્વીકાર રાગમાં જ છે. એમ બહારની કોઈપણ ચીજમાં જેને મહત્તા ભગવાન આત્માની ભૂલીને મહત્તા, અધિકતા,

મોટપ અને વિશેષતા ભાસે એને રાગ જ પોતે કર્તા છે એમ એને ભાસે છે. ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે એમ એને ભાસતું નથી. અને એમ બીજાને પણ દેખતા બીજાનો આત્મા પણ એને રાગથી વિશેષ, પુણ્યથી, પુણ્યના ફળથી અધિક અને મોટો છે એમ માનનાર એ પણ ચૈતન્યના સ્વભાવને ભૂલીને બીજાના સંયોગથી અધિક માને છે તે પણ મિથ્યાદર્શન છે. બરાબર હશે? કામદાર! સાંભળ્યું ન હોય આવું બધું.

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ ફરમાવે છે કે આમ ચક્રવર્તીની ઋદ્ધિ હોય હોં આમ સામે, ઇન્દ્રની ઋદ્ધિ કરોડો અપ્સરાઓ, બત્રીસ લાખ વિમાનનો લાડો શક્રેન્દ્ર. કહે છે, એના જ્ઞાનમાં રાગ અને એની અધિકતા એને દેખાતી નથી. એના તો રાગ અને સંયોગથી મારું ચૈતન્ય ભિન્ન અધિક અખંડ ભિન્ન છે એમ અંદર ભાસે છે એણે આત્માને જાણ્યો અને માન્યો છે. સમજાણું કાંઈ? એમ બીજાની સંપદા દેખીને તેને અધિક અને મોટો એની કલ્પનામાં આવે તો એને પણ આત્માની સંપદાની શુદ્ધતાનું ભાન નથી અને મૂંઢાઈ ગયેલો, મૂંઢ થઈ ગયેલો બહારની સંપદાથી અધિક આત્માને કલ્પે છે. જેઠાલાલભાઈ! બરાબર છે? બાબુલાલજી! વાત તો એવી છે. આહા..હા..!

આહા..! તીર્થંકર! આ સમવસરણ દેખાય છે. એની અધિકતા છે? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાણું એ ભાવની વિશેષતા છે? એનાથી બંધાણા રજકણો એની અધિકતા-વિશેષતા છે? એની વિશેષતા ભાસે એને ચૈતન્યની વિશેષતા ભાસતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જેને આમ સુંદરતા અને બાહ્ય પદાર્થ દેખીને ચૈતન્યની સુંદરતાને ચૂકીને ગલગલિયાં થાય અંદરમાં આહા..આહા..! આ ભોગ ને વાસના. કહે છે કે, અરે.. આત્મા! તું જ્ઞાનત્વપણાના ભાવને મૂકી દઈને આ અજ્ઞાનત્વપણું પ્રગટ ક્યાં કર્યું? સમજાણું કાંઈ? આમ સુંદર સ્ત્રી ને સુંદર શરીર ને આ મકાન મોટા. આહા..! કહે છે કે જો તારું જ્ઞાન ત્યાં લલચાઈ જતું હોય, રોકાઈ જતું હોય, એની વિશેષતા સ્વભાવને ચૂકીને વિશેષતા લાગતી હોય એ અજ્ઞાનપણામાં એના પરિણમનમાં રાગથી જ પરિણમી રહ્યો છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યના સ્વભાવથી ભરેલો પ્રભુ, એની જેને અધિકતા ભાસતી નથી તે અજ્ઞાનપણે પરિણમતો રાગાદિ કાર્યનો કર્તા ભાસે છે. જુઓ, પ્રતિભાસે છે. ... સમજાણું કાંઈ? હવે એમાં બહારના કામ અમે કર્યા, આ મંદિર અમે બનાવ્યા. આહા..હા..! ભાઈ! બહુ દૂર ગયો હોં! કહે છે. અમે આ પદાર્થની વ્યવસ્થા બરાબર કરી અને અમારી હાજરીમાં એ કામ બધા સારા થાય, અમે ન હોય તો ન થાય. રતિભાઈ! એના બાપ કહે કે પાછળથી ભીખ માગશો તો પણ પેટ નહિ ભરાય. આ અમે છીએ ત્યાં સુધી આ છે.

**શ્રોતા :-** એવું બને તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય બનતું નથી. માને છે મૂઢ. એય.. છોટાભાઈ! છે?

**શ્રોતા :-** છોટાભાઈએ મૂકી દીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કરોડ રૂપિયા થઈ ગયા. કાલે વળી બીજું સાંભળ્યું. એના બાપને પણ ખબર નથી ને સાંભળ્યું. લ્યો. એ .. કેવી વાત છે? ઓલો કહે કે પુનમચંદ કરતાં એની પાસે પૈસા વધારે છે. આ વળી કાલે સાંભળ્યું. કોણ જાણે શું હશે? પૈસાથી અધિક હશે? ધૂળધાણી. કોલસાની ધૂળ ઊડેને. એમાં ઊભો રહે અંદર એમાં કોલસા ગરી જાય પેટમાં તો ભારે જબરો લાગે છે આ. એમ આ અભિમાન ગરી ગયું છે પેટમાં. એ બધી ચીજો મારી અને એનાથી હું મોટો એને અભિમાન ગરી ગયું અંદરમાં. આહા..હા..! એને અભિમાન (ગરી ગયું છે).

ભગવાન ચૈતન્ય મૂર્તિ બિરાજમાન પ્રભુ... એક મળવા આવ્યો હોય મોટો માણસ અને એને મળવામાં એક પા કલાક આપ્યો હોય એની સામું ન જોવે અને એટલો કાળ બીજા સામું ગુમાવે. આ તો મૂર્ખ લાગે છે. આ વાત મારી સામું જોઈને કરવા જેવી હતી કે આની સામું? ઓલાની સામું જોવામાં પા કલાક ગયો. ચાલો. ભાઈસાહેબ કહ્યું હતુંને. પા કલાક કહ્યો તો તેં આમ ગાળ્યો. એમ આ ચૈતન્ય ભગવાનની સામું જોઈને એને મળવું જોઈએ, એને ઠેકાણે આ બધા સામગ્રીના થોથા મળ્યા એની સામું જોઈને અમને મળ્યા, અમને મળ્યા. શું ધૂળ મળ્યા? આ ભગવાનનો આખો અનાદર થઈ જાય છે. સમજાણું કાંઈ?

જુઓ, અહીં તો ઘણી ઝીણવટથી વાત છે. પ્રભુ આખો છેને પ્રભુ કહે છે. એ '**જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો,...**' પાછો પોતે એમ. એમાં કર્મ-ફર્મની વાત અહીં નથી કાંઈ. એ કર્મનું જોર અને દર્શનમોહનું જોર આવ્યું (માટે) ત્યાં અજ્ઞાનપણું પ્રગટ કરે છે એમ નથી. '**પોતે અજ્ઞાનમય થયો થકો,...**' એમ ભાષા છે. જુઓ તો ખરા. આહા..હા..! ગુલાંટ ખાય છે તોપણ એ અને સવળો પડે તોપણ એ. એ અજ્ઞાન, પોતે અજ્ઞાનમય થયો થકો. છેને એમ? '**ઈત્યાદિ વિધિથી રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે.**' લ્યો! '**ज्ञानस्याज्ञानत्वं प्रकटीकुर्वन्स्वयमज्ञानमयीभूत**'. '**स्वयमज्ञानमयीभूत**'. બહુ અલૌકિક વાત છે આ. આ વાતને અંદરમાં પરિણમ્યા વિના એનું કલ્યાણ કોઈ દી છે નહિ. વાતે વડા થાય એવું નથી. સમજાણું કાંઈ? વાતે વડા સમજાય છે? આ વાતું કરે ને? વડા-વડા હોય છેને ખાવાના? એ વાતુંએ વડા (ન થાય). એ કાંઈક હશે તમારે કહેવત હિન્દીમાં. વાતું કરતાં કરતાં વડા આવા થાય, વડા આવા ખાટા હોય, એના . થાય, તેલમાં તળો તો આવા થાય, પછી મીઠાં લાગે. વાતે કાંઈ વડા પાકી જાય? સમજાણું કાંઈ?

અહીં તો પ્રભુ! તું કોણ છો? ભાઈ! તારી સામું જોવાનો તને વખત મળે નહિ અને જે કરવા જેવું તેને કરતો નથી અને પરની સામું જોઈને ત્યાં ચોંટ્યો અજ્ઞાનપણું પ્રગટ કરીને. ભાઈ! તારા કાળ જાય છે. સમજાય છે? આહા..હા..! માંડ વખત આટલો મળ્યો પ્રભુ! તને ઉગરવાનો કાળ છે આ. એમાં આ શું તેં કર્યું? અરે.. પ્રભુ! તું જ્ઞાનપણાનું પ્રગટપણું મૂકી દઈને આવું અજ્ઞાનપણું પ્રગટ કર્યું તેં શું કર્યું? શું તેં કર્યું? વિકારપણે તું પ્રસિદ્ધપણે

આવ્યો? આત્મખ્યાતિ છેને ટીકા? વિકારની પ્રસિદ્ધિએ તારી પ્રસિદ્ધિ થઈ? ભાઈ! એ પ્રસિદ્ધિ નહિ, એ તો મોટી નિંદા છે. સમજાણું કાંઈ? અમે આમ પાળ્યા, અમે દયાઓ પાળી, વ્રત પાળ્યા, ભક્તિ કરી ને આમ કર્યું. ભાઈ! એવા વિકારના પરિણામથી તારી પ્રસિદ્ધિ? તારે છૂટવું છે બહારથી? શું કરવું છે તારે? સમજાણું કાંઈ? આ આવી ગયુંને? જે રાગાદિ તિરસ્કાર કરનારા છે. એનો આદર કરીને તારી પ્રસિદ્ધિ તારે દુનિયા પાસે મેળવવી છે?

કહે છે, '**જ્ઞાનનું અજ્ઞાનત્વ...**' ભાવ કહેવો છેને. '**પ્રગટ કરતો,...**' શુદ્ધ ચૈતન્ય પ્રભુ, શુદ્ધપણે પ્રગટ થવો જોઈએ એવું તો એનું સામર્થ્ય છે. એમ ન કરતાં અજ્ઞાનપણું પ્રગટ કરી, અજ્ઞાનપણે થયો થકો હું રાગી, હું દ્વેષી, હું વિષય-વાસનાવાળો, મારા જેવો માની નહિ હોં તું ધ્યાન રાખજે. એમ લખ્યું છે. આહા..હા..! મારા જેવો માની નહિ, મને વતાવશો નહિ. વતાવશો સમજાય છે? છંછેડશો નહિ મને. કાળી નાગણ છું હું. એમ કહે. બાયું કેટલીક એમ કહે. રાજાની રાણી હોય ને? રાણી .. મોટી રાજાની દીકરી હોય ને એ પણ. બે કરોડ, પાંચ કરોડની ઊપજવાળી હોય. ઓલા રાજાને કહે જુઓ રાજા! ... અમે ક્ષત્રિયાણીની દીકરીઓ છીએ હોં! ક્ષત્રિયાણીની દીકરી. અમને છંછેડવા નહિ હોં! ઓલો બહારમાં ખમા-ખમા બેસતો હોયને આમ સિંહાસન ઉપર. મહારાજા ખમ્મા. ત્યાં ઓલી ઘરમાં આ બોલતી હોય તો હાય.. હાય... આ બધા માને અને ઓલી તો અંદર કાળી નાગણ જેવી આમ બોલે છે. હવે આમાં મારે કોની પાસે પ્રસિદ્ધિ કરવી? આહા..હા..! કાળજા બળે હોં! પણ રાગને પ્રગટ કરીને બળે છે તું. એને કારણે ક્યાં છે? હવે સાંભળને. મેં આને પોષી હતી, મેં આને રાખી હતી. અત્યારે આ? હવે એ તો એમ જ હોય. અત્યારે શું? ભગવાન આત્મા ચૈતન્યના આનંદ અને શાંતિના સાગરને તું ભૂલ્યો અને આ જ્વાળા ઊભી કરી તેં. એ તો તેં કર્યું છે, એને કારણે નથી. અજ્ઞાની .. એને કર્તા વિકારનો પ્રતિભાસે છે.

'**ભાવાર્થ :- રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિ અવસ્થા પુદ્‌ગલકર્મના ઉદયનો સ્વાદ છે;...**' એમ કહેવું છે. એ કાંઈ ચૈતન્યના આનંદનો વિપાક નથી. ચૈતન્યની ખાણનો પાક, ચૈતન્યનું ક્ષેત્ર તો આનંદના અંકુરા ફૂટે એવું એ ક્ષેત્ર છે. છંછેડશો નહિ મને. કાળી નાગણ છું હું એમ કહે. .. એમ કહે. રાજાની રાણી હોયને. રાણી .. મોટી રાજાની દીકરી હોયને એ પણ. બે કરોડ, પાંચ કરોડની ઊપજવાળી ગઈ હોય. ઓલા રાજાને કહે જુઓ રાજા! આ રાજાનો .. અમે ક્ષત્રિયાણીની દીકરી છીએ હોં! મને છંછેડવી નહિ હોં. ઓલો બહારમાં ખમા ખમા બેસતો હોય સિંહાસન ઉપર. મહારાજા ખમ્મા! ત્યાં ઓલી ઘરમાં આ બોલતી હોય તો હાય. હાય.. આ બધા માને અને ઓલી તો અંદર કાળી નાગણ જેવી આમ બોલે છે. હવે આમાં મારે કોની પાસે પ્રસિદ્ધિ કરવી? કાળજા બળે હોં પછી, પણ ઓલા રાગને પ્રગટ કરીને બળે છે તું. એને કારણે ક્યાં છે. સાંભળને! મેં આને પોષી હતી, મેં આને રાખી હતી. અત્યારે આ? હવે એ તો એમ જ હોય. અત્યારે શું? ભગવાન આત્મા તું

ચૈતન્યના આનંદને શાંતિના સાગરને તું ભૂલ્યો અને આ જ્વાળા ઊભી કરી તેં. એ તો તેં કરી છે, એને કારણે નહિ. અજ્ઞાની .. એને કર્તા વિકારનો પ્રતિભાસે છે.

'**રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિ અવસ્થા પુદ્‌ગલકર્મના ઉદયનો સ્વાદ છે;...**' એમ કહેવું છે. એ કાંઈ ચૈતન્યના આનંદનો વિપાક નથી. ચૈતન્યની ખાણનો પાક, ચૈતન્યનું ક્ષેત્ર તો આનંદના અંકુરા ફૂટે એવું એ ક્ષેત્ર છે. ભગવાન આત્મા એનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી, એનો ભાવ તો આનંદના અતીન્દ્રિય આનંદના શેરડા ફૂટે એવું એ ક્ષેત્ર અને ભાવ છે. એને ઠેકાણે આ પુદ્‌ગલ કર્મના ઉદયનો, રાગાદિનો સ્વાદ '**તેથી તે, શીત-ઉષ્ણતાની માફક, પુદ્‌ગલકર્મથી અભિન્ન છે...**' કાં ઠંડી અને ઊની અવસ્થા જેમ પુદ્‌ગલથી એકમેક છે એમ રાગ-દ્વેષનો ખરેખર સ્વાદ—પાક તો કર્મથી એકમેક છે, આત્માથી અત્યંત ભિન્ન છે.

'**અજ્ઞાનને લીધે આત્માને તેનું ભેદજ્ઞાન નહિ હોવાથી...**' સ્પષ્ટ સાદી ચાલતી ભાષામાં કર્યું છે જયચંદ્ર પંડિતે. ભગવાન સમસ્વભાવી વીતરાગમૂર્તિ છેને એ તો. અકષાય સ્વભાવની મૂર્તિ એટલે સમસ્વભાવી વીતરાગમૂર્તિ. કેમકે જ્યારે પર્યાયમાં વીતરાગતા પ્રગટશે એ ક્યાંથી આવશે? પર્યાયમાં જે વીતરાગતા.. વીતરાગતા સમરસી વીતરાગતા એવી જે પર્યાયનો સ્વાદ અને પર્યાયનું પ્રગટવું ક્યાંથી આવશે? એ ભગવાન સમસ્વભાવી વીતરાગના સમરસનો કંદ પ્રભુ આત્મા છે. એવા આત્માના અજ્ઞાનને લીધે એને ભાન નથી કે આ હું છું.

'**આત્માને તેનું ભેદજ્ઞાન...**' રાગ અને પુણ્ય-પાપના વિકલ્પ અને ભગવાન આનંદ એ બેની જુદાઈનું ભાન નહિ હોવાને લીધે '**તે એમ જાણે છે કે આ સ્વાદ મારો જ છે;...**' એ રાગનો સ્વાદ મેલો દુઃખદાયી મારી ચીજ છે એમ માને છે. બાપુ! દુઃખદાયી પરિણામ તે કાંઈ આત્માના આનંદની ચીજ હોય? બેસ્વાદ. રાગ, વાસના, ભોગાદિનો સ્વાદ તે બેસ્વાદ છે, દુઃખસ્વાદ છે. તે આ સ્વાદ મારો જ છે, મને ઠીક પડે છે, મને મજા પડે છે એટલે કે આ સ્વાદ મારો છે. શેઠી! આહા..હા..!

'કારણ કે **જ્ઞાનની સ્વચ્છતાને લીધે...**' ભગવાન ચૈતન્ય સ્વચ્છ સ્ફટિક છે. તેથી '**રાગ-દ્વેષાદિનો સ્વાદ, શીત-ઉષ્ણતાની માફક, જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં,...**' જ્ઞાન એને જાણે. ટાઢા-ઊનાની અવસ્થા છે એમ જણાય. અરીસામાં જણાય એથી કાંઈ અરીસો ટાઢો-ઊનો થાય? એમ ભગવાન જ્ઞાનના અરિસામાં રાગ-દ્વેષાદિ જણાય. જણાય એથી કાંઈ આત્મા રાગ-દ્વેષરૂપ થાય? એ તો જ્ઞાનમાં પ્રતિબિંબત થાય. પ્રતિબિંબત એટલે? જેવો ત્યાં રાગ-દ્વેષ-સુખ છે તેવું અહીં જ્ઞાનમાં પોતામાં પોતાથી જણાય, પણ થતાં જાણે કે જ્ઞાન જ રાગ-દ્વેષ થઈ ગયું, હું પોતે વિકારમય થઈ ગયો, એવું અજ્ઞાનીને ભાસે છે. '**તેથી તે એમ માને છે કે હું રાગી છું,...**' એનો અર્થ હું છું તે તેનો કર્તા છું એમ. સમજાણું કાંઈ? '**હું દ્વેષી છું, હું ક્રોધી છું,...**' 'ઈત્યાદિ' શબ્દ હતોને એમાં? '**હું માની છું ઈત્યાદિ. આ રીતે અજ્ઞાની જીવ રાગ-દ્વેષાદિનો કર્તા થાય છે.**' આ પ્રકારે ભગવાન આત્મા

પોતે પોતાને ભૂલી અને રાગ-દ્વેષનો કર્તા અજ્ઞાનપણે થાય છે, એ દુઃખદાયક છે. કહો, સમજાણું કાંઈ?

**'જ્ઞાનથી કર્મ ઉત્પન્ન થતું નથી એમ હવે કહે છે :-'** સવળું હવે. 'ज्ञानात्तु न कर्म प्रभवतीत्याह'.

परमप्पाणमकुव्वं अप्पाणं पि य परं अकुव्वंतो।
सो णाणमओ जीवो कम्माणमकारगो होदि।।९३।।

કોઈ એમ કહે કે આમાં તો જડ કર્મનો નકાર છે. એમ નહિ. અહીં તો ભાવ (લેવો છે). અહીં તો '**णाणमओ जीवो**' એમ કીધુંને? એમ નહિ કે કર્મનો જડનો કર્તા નથી અને રાગનો કર્તા છે એમ સિદ્ધ કરવું છે, એમ નથી અહીં. અહીં તો રાગનો જ અકર્તા છે. '**णाणमओ**' થયો થકો. ત્યાં અજ્ઞાનમય થયો થકો રાગને કરે છે. બસ. સમજાણું કાંઈ?

નીચે હરિગીત.

**પરને ન કરતો નિજરૂપ, નિજ આત્મને પર નવ કરે,**
**એ જ્ઞાનમય આત્મા અકારક કર્મનો એમ જ બને. ૯૩.**

**'ટીકા :- જ્ઞાનથી...'** ઓલામાં અજ્ઞાનથી હતું. જ્ઞાનથી એટલે સ્વરૂપના ભાનથી. **'આ આત્મા પરનો અને પોતાનો...'** પરનો એટલે રાગ-દ્વેષાદિ સુખ-દુઃખનો. પોતાનો એટલે જ્ઞાનસ્વરૂપનો. **'પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે...'** પરસ્પર જ્ઞાનનું જ્ઞાન અને રાગને રાગપણે પરસ્પર જાણતો હોય ત્યારે. **'પરને પોતારૂપ નહિ કરતો...'** એ વિકારી પરિણામને પોતામાં નહિ પરિણમાવતો, (તે રૂપે) નહિ પરિણમતો. **'અને પોતાને પર નહિ કરતો,..'** જ્ઞાનસ્વરૂપને રાગરૂપે નહિ કરતો, **'પોતે જ્ઞાનમય થયો થકો,...'** ભાષા. પોતે જ્ઞાનમય થયો થકો. **'કર્મોનો અકર્તા પ્રતિભાસે છે.'** વિકારરૂપી વિકલ્પોના કાર્યનો અકર્તા ભાસે છે. **'તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે :-'**

**'જેમ શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ...'** જોયું! શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ **'એવી શીત-ઉષ્ણ પુદ્‌ગલપરિણામની અવસ્થા...'** એ પુદ્‌ગલ પરિણામની અવસ્થામાં તાકાત છે કહે છે. એનું જ્ઞાન કરાવવામાં સમર્થ એટલે પ્રમેય થવામાં સમર્થ, એમ. એમ કે ટાઢું-ઊનું જ્ઞાન કરાવે છે. ટાઢા-ઊનાની અવસ્થા ટાઢા-ઊનાનું જ્ઞાન કરાવે છે. કરાવે છે એટલે શું? કરે છે આત્મા અને ઈ કરાવે છે એમ? ભગવાન તો જાણનાર-દેખનાર છે. એમાં એ પ્રમેય શીત-ઉષ્ણ ઠંડી-ગરમ અવસ્થા એનું આત્મા જ્ઞાન કરે, એ જ્ઞાન કરાવવામાં પ્રમેયરૂપે એની તાકાત છે. ઠંડી-ઊની પ્રમેય એટલે જ્ઞેય થવાની તાકાત છે. **'એવી શીત-ઉષ્ણ પુદ્‌ગલપરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન..'** છે. જડથી ઠંડી-ગરમ અવસ્થા અભેદ છે. સમજાણું કાંઈ? આ મરચું તીખું લાગેને મરચું તીખું? મરચા સમજો છો? તીખું

હોય છેને ચરપરા. બહુ તીખા. ધોળા ધોળા બીયા હોયને એ બહુ તીખા હોય. કહે છે કે એ તીખી જે અવસ્થા છે એ પુદ્ગલથી એકમેક છે. આત્મામાં તે તીખી અવસ્થા જ્ઞાન કરાવવા સમર્થ છે કે આ તીખું છે એવું પ્રમેયપણું એનામાં છે. આત્મા તેનું જ્ઞાન કરે એમાં એ નિમિત્ત છે. ઠંડી-તીખી અવસ્થારૂપ આત્મા થતો નથી. સમજાણું કાંઈ?

સાકર મીઠી લાગે મીઠી. મીઠી સાકરની એ અવસ્થા તો જડની છે. આત્મા એ મીઠી અવસ્થામાં પ્રમેયપણું એટલે મીઠું અહીં છે આ મીઠાશ એવું જ્ઞાન કરાવવામાં એને મીઠું સમર્થ છે. એને ઠેકાણે એમ માને છે કે હું ગળ્યો થઈ ગયો અને એ ગળ્યાને લઈને મને જ્ઞાન થયું. કહો, સમજાણું કાંઈ? આવો લાડવો હોય ચુરમાનો ફર્સ્ટ ક્લાસ અને અડદની દાળ ફર્સ્ટ ક્લાસ અને પતરવેલીયાના ભજીયા કડકડિયા અને કારેલાનું શાક ઘીમાં તળેલું ... અને શીખંડ અને પૂરી સાથે હોય. બેય હતુંને નહિ ભાઈ? બે હતા ત્યાં. ગઢકા. દૂધપાક કરેલો અને ચૂરમાના લાડવા કરેલા. દરબાર તરફથી જમણ હતું. ભાઈ કેવા છે તમારા? લખુભાઈ. એને કફ હતો તોપણ બેય ખાધા. લાડવા પણ ખાધા અને દૂધપાક પણ ખાધો. ગઢકા પાંચ ગાઉ છે રાજકોટથી. અમે ગયા હતા ત્યારે દરબાર બિચારા વ્યાખ્યાનમાં આવતા હતા. મહેમાનો માટે કરેલું. બે .. લાડવા અને ભજીયા અને દૂધપાક અને પૂરી. બેય કર્યું. બેય ઉપાડ્યા. કેટલાક તો આહા..હા..! બહુ મજા આવે છે, હોં! એલા તમે પણ સાંભળવા આવ્યા છો કે મજા કરવા આવ્યા છો? કોને પણ? અહીં તો કહે છે, એને તો જાણવાની દશા તારી છે કે આ છે. આ .. પતરવેલીયામાં તાકાત કેટલી છે? કે જે જાતનું જ્ઞેય છે તેવું અહીં જ્ઞાન કરાવવાની તાકાત છે, બસ. તને મીઠાશ આપવામાં તાકાત છે અને સ્વાદ આપવામાં તાકાત છે એમાં એ તાકાત નથી. અને તારામાં એ તાકાત નથી કે એની મીઠાશ તું લઈ લે. એવી તારામાં પણ તાકાત નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા.. કહે છે કે આ ઠંડી-ઊનીની અવસ્થા .. સમજાણું? '**પુદ્ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે...**' સદાય. ઠંડી-ઊની અવસ્થા તે કાંઈ આત્માના ગુણની અવસ્થા છે? એ તો પુદ્ગલની અવસ્થા છે. સદાય અત્યંત ભિન્ન છે. '**અને તેના નિમિત્તે થતો...**' દેખો! અહીં ભાષા ફેરવી પાછી. ઓલામાં ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ હતું એને (એમ કહે છે કે) તેના નિમિત્તે થતો. '**તે પ્રકારનો અનુભવ...**' એ તો નિમિત્તમાત્ર છે. એનાથી અહીં જ્ઞાન થયું છે એમ નથી. જ્ઞાનનું કાર્ય તો જ્ઞાને કર્યું છે. સમજાણું કાંઈ? એ નિમિત્ત અને જ્ઞાન બે ભેગા થઈને જ્ઞાનનું કાર્ય થયું છે?

'**તેના નિમિત્તે થતો...**' એ નિમિત્તમાં એવો ધર્મ છે કે અહીં જ્ઞાન કરાવવું એવો એનામાં ધર્મ છે? જ્ઞાન કરાવવું હોં! જ્ઞાન નિમિત્તરૂપે થવું એ પ્રમેય થવું એ તો, પણ આનું જ્ઞાનરૂપે પરિણમાવવું એવો એનામાં ધર્મ છે? જ્ઞાનરૂપે પરિણમવું એ તો જ્ઞાનમાં ધર્મ છે. '**તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ...**' પાછો તે પ્રકારનો અનુભવ. ઠંડી-ઊની અવસ્થા

એવી દેખાયને. જેવી ઠંડી છે એવું જ્ઞાન થાય. ગરમ છે એવું જ્ઞાન થાય. શરીરમાં તાવ આવે આકરો પાંચ-છ ડીગ્રીનો તાવ. જ્ઞાન એને જાણે. એ તાવમાં એવી તાકાત છે નિમિત્તપણે થવાની જ્ઞાનમાં જણાવવામાં. ઠંડું શરીર પડી જાય. મરવા ટાણે પડે છેને? ઠંડુ ઠંડુ. આ ઠંડુ આ શું છે? બેઠો છેને માણસ અને ઠંડુ? મરવામાં આવ્યો. પટેલને નહોતું થયું? જેમ ખાધું એકદમ ઠંડુ પડી જાય એકદમ. પ્રેમચંદભાઈ કહે, આ તો મરણની સ્થિતિ છે. બેઠા છે. પ્રેમચંદભાઈ હતા ને તે દિ'? પટેલ હતાને ત્યાં? શિવા પટેલ. ઓળા ખાધેલા શીંગુના. શીંગુ છેને? મગફળી. એના ઓળા ખાધેલા. ખાધા ભેગું એકદમ. અહીંથી દુંટીથી શ્વાસ (ઊંચે ચડી ગયો). બસ. કાંઈ નહિ હો નિરોગી આમ ને આમ બેઠેલા. ઓળા સમજ્યા? શીંગ-શીંગ. મગફળી. શેકી કાચી અને ખાધી અને કેળા ખાધા અને અહીં રસોડાની રોટલી અને દાળ સારી લાગી હશે. ચડાવી. ચડાવ્યા ભેગું કુદરતી આયુષ્ય પૂરું થવાનુંને. અહીંથી શ્વાસ છૂટી ગયો પાધરો. ખાધા ભેગો લોચો આમ પડ્યો રહ્યો હેઠે. દુંટીથી શ્વાસ ઊંચો ચડી ગયો ફટ. ન નીકળે નીચે. ન થાય ઊલટી. બેઠા હતા. કેમ પટેલ? (તો કહે), અંત ક્રિયા. એલા પણ કાંઈ નહિને, હેઠા બેઠા હતા. અંત ક્રિયા. છેલ્લી. શું છે? છેલ્લી. કાંઈ ન મળે હમણાં બેઠા, ખાઈને આવ્યા. એકદમ અહીંથી દોરો આમ વાગે. આમ થવું એ જ એને નીચે અંદર ન ગયો. જરીક ઊંચે રહ્યો તો એને ખ્યાલ આવી ગયો કે આમાં ફેરફાર થઈ ગયો, ફેરફાર થઈ ગયો. નભીએ ત્યાં સુધી ખરું. શ્વાસ ખલાસ થઈ ગયો. ખ્યાલમાં આવે અંદર. જ્ઞાનમાં આવ્યું. જ્ઞાન કરાવ્યું એણે તો. પવન જે અહીં હોય એ હેઠે નથી જતો. આમ જવો જોઈએને છેક દુંટી સુધી. શું થયું? આ ખાઈને આવ્યો છું ને આ થયું છે. કાંઈ છે નહિ. બીજું કાંઈ છે નહિ. ઊલટી થાતી નથી કે દસ્ત થતો નથી. એકદમ લોચો થયો. બસ છત્રીસ કલાક. ભાઈસાહેબે ઈંજેક્શન આપ્યું. બહુ દુઃખી થતા હતા. મરવાના તો હતા પણ થોડો વખત જાણે આ બહુ... ઈંજેક્શન આપ્યા ભેગું ઓહો..! ત્યાં હું ગયો અંદર. કેમ છે? બસ! છેલ્લી સ્થિતિ. ખલાસ થઈ ગયા. આમ કરતાં હતા. .. મોઢું ફાટી ન જાય. દાબતા હતા. .. ફાટી ન જાય. આ દશા દેહની. એ દેહ દશામાં જ્ઞાન થવાની તાકાત ખરી જ્યાં સુધી જ્ઞાન છે ત્યાં સુધી અંદર, પણ એ કાંઈ આત્માને જ્ઞાન કરાવે છે એમ નથી. જ્ઞાનમાં નિમિત્ત થવાની તાકાત છે. એમ ઠંડી-ઉષ્ણ અવસ્થા તેનાથી અભિન્નપણું છે.

ભગવાન આત્મામાં ઠંડા-ઉનાના નિમિત્તે થતો જ્ઞાનનો અનુભવ, જ્ઞાનનું જાણપણું એ આત્માથી અભિન્ન છે, પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે. જ્ઞાનની દશા તો સદાય પુદ્ગલથી તદ્દન જુદી છે. એ દાખલો આપ્યો. '**તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરવાવવામાં સમર્થ એવી રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિ...**' ઠંડી અને ગરમ અવસ્થા એ પુદ્ગલથી અભિન્ન છે અને તેનું જ્ઞાન કરાવવા સમર્થ એવું નિમિત્ત, અહીં જ્ઞાન થયું તેનાથી એ અવસ્થા ભિન્ન છે. અને જ્ઞાનથી અવસ્થા તે આત્માથી અભિન્ન છે. એવા પ્રકારનો અનુભવ એટલે જ્ઞાન કરાવવામાં

સમર્થ એવી રાગ-દ્વેષ-સુખાદિરૂપ પુદ્ગલ પરિણામની અવસ્થા. આત્મામાં જ્ઞાન થવામાં તે નિમિત્તપણાની તાકાત પ્રમેયપણે છે. '**પુદ્ગલથી અભિન્નપણાને લીધે...**' રાગ-દ્વેષ અને હરખ-શોકના પરિણામ બધું ચૈતન્યની સાથે તાદાતમ્ય નથી. એ પુદ્ગલ સાથે તાદાતમ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. ક્યાં કહ્યું? ભોગવે શું? પોતે સંબંધીતનો અર્થ એ સંબંધી જ્ઞાન કરાવવામાં નિમિત્ત છે, પ્રમેય છે. પ્રમાણ તો અહીં થયું છે. પોતાથી જ્ઞાન થયું છે. નિમિત્તમાં નિમિત્તથી નિમિત્ત કારણે ઉત્પન્ન થયું છે. જ્ઞાનથી પર્યાયનો ષટ્કારક તો પોતામાં છે પોતાથી. એ કહ્યુંને કે '**નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ...**' તેના નિમિત્તે થતો અને ઉપાદાનથી અહીં થતો. નિમિત્તથી થતો એમ કહ્યું વ્યવહારથી. નિમિત્તે થતો એટલે વ્યવહાર કહેવામાં આવ્યો. બાકી થતું જ્ઞાન. એ સંબંધીનું અહીં જ્ઞાન થાય છે. એ સંબંધીનું—એ જ્ઞેય છે તે સંબંધીનું પોતાનું જ્ઞાન પોતામાં થાય છે. સમજાણું કાંઈ?

'**આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ...**' જુઓ જ્ઞાન. જોયું! એ '**આત્માથી અભિન્નપણાને લીધે પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે.**' એ રાગદ્વેષથી સદાય રાગ-દ્વેષનું જ્ઞાન તો તદ્દન જુદું. રાગ-દ્વેષ અને સુખ-દુઃખના પરિણામનું જ્ઞાન તે જ્ઞાન રાગ-દ્વેષના સુખ-દુઃખના પરિણામથી તદ્દન જુદું છે. ઓહોહો..! ઓલા બનારસીદાસ આવ્યા હતાને ભીંડથી. આ તો વાળ ચીરાય છે. કીધું, વાળ પણ નહિ, વાળમાં તો હજી અનંતા સ્કંધ છે. આ તો બે પરમાણુ ભેગા નહિ એમ ચીરાય છે અહીં તો. આ રાગ અને આત્મા ભેગા નહિ એમ વાત છે અહીં.

**શ્રોતા :-** .. સ્વભાવ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. સ્વભાવ ચૈતન્ય વસ્તુ જ્ઞાનનો દરિયો પ્રભુ છેને. આહા..હા..! એ તો એકલી ચૈતન્ય સ્ફટિકની મૂર્તિ-દળ. એના અવગાહન પ્રમાણમાં એનું દળ એકલું જ્ઞાન આનંદથી ભરેલી આખી મૂર્તિ છે. એને રાગ-દ્વેષાદિ જે છે એનું જ્ઞાન થવામાં એ તાકાત છે, ઓલું નિમિત્ત છે અને અહીં ઉપાદાનથી પોતાથી થાય છે. એ જ્ઞાન થયું તે આત્માથી એક છે અને જ્ઞાન થયું તે રાગ-દ્વેષના પરિણામથી તદ્દન ભિન્ન છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? હજી તો આ મારા શરીર અને આ મારી વાણી. આવું હું લખું અને આવું હું બોલું. આહા..હા..! એ તું ક્યાં ગયો પણ? ખોવાઈ ગયો પણ તું. હું આમ બોલી શકું છું, બે કલાક ભાષણ કરી શકું છું, એક ધારો હું બે કલાક બોલી શકું છું. બોલવાની ક્રિયામાં ઘુસી ગયો તું? આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માને. એ બોલવાની પર્યાય તેને આત્મામાં જ્ઞાન થવાનું નિમિત્ત

છે, પણ બોલવાની પર્યાય અને એનું જ્ઞાન તે તદ્દન ભિન્ન છે. બોલવાની પર્યાયનું જ્ઞાન તે આત્માથી અભિન્ન છે. એ જ્ઞાનથી બોલવાની પર્યાય તદ્દન ભિન્ન છે. હવે રાગ ભિન્ન છે તો બોલવાની (ક્રિયા) તો ક્યાંય રહી ગઈ. આહા..હા..! સમજાણું?

'**જ્યારે જ્ઞાનને લીધે...**' ઓલું ત્યાંથી આપણે શરૂ કર્યું હતું જ્યારે અજ્ઞાનને લીધે. હવે અહીં આવ્યું. આજ ત્યાંથી શરૂ કર્યું હતુંને. જ્યારે અજ્ઞાનને લીધે. અહીં '**જ્યારે જ્ઞાનને લીધે આત્મા તે રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિનો...**' રાગ-દ્વેષ અને સુખ-દુઃખની કલ્પનાનો '**અને તેના અનુભવનો...**' અને તેના જ્ઞાનનો '**પરસ્પર વિશેષ...**' પરસ્પર જુદાઈ. આ આનાથી જુદું આ આનાથી જુદું. રાગ-દ્વેષથી જ્ઞાન જુદું અને જ્ઞાનથી રાગ-દ્વેષ જુદાં. પરસ્પર વિશેષ. '**વિશેષ જાણતો હોય ત્યારે, તેઓ એક નથી પણ ભિન્ન છે...**' એ જ્ઞાનસ્વભાવમાં જાણવાનું કાર્ય તે અભિન્ન છે અને રાગ તે તદ્દન ભિન્ન છે, તેઓ એક નથી. રાગ.. ઓહોહો..! વ્યવહારરત્નત્રયનો રાગ અને એનું જ્ઞાન બે એક નથી. શુભરાગ, શુભરાગ અને તેનું જ્ઞાન બે એક નથી. સમજાણું કાંઈ? શુભરાગ, શુભોપયોગ, રાગ અને રાગનું જ્ઞાન આત્માનું. જ્ઞાન અને રાગ બે એક નથી. એ રાગથી આત્માને લાભ થાય. શુભરાગથી આત્માને સમ્યગ્દર્શનનો લાભ થાય, ક્ષાયિકસમકિત થાય. ક્ષાયિકસમકિત ન થાય તો ક્ષપકશ્રેણી માંડશે શી રીતે? નીચે શુભયોગ જ છે. શુદ્ધોપયોગ છે ક્યાં નીચે?

**શ્રોતા :-** તો ધર્મ જ ન થાય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ એણે કહ્યું કે શુભરાગથી જો ક્ષાયિકસમકિત ન થાય તો ક્ષાયિકસમકિત વિના ક્ષપકશ્રેણી ચડે નહિ, ક્ષપકશ્રેણી વિના કેવળજ્ઞાન થાય નહિ. બધું અટકી જશે. માટે શુભરાગથી ક્ષાયિકસમકિત થાય એમ માનો. આમ લખાણ આવ્યા છે હોં બધા. છાપાના છાપા ભર્યા છે. આહા..હા..! ભારે ઊંધે રસ્તે ચડાવ્યો છેને આત્માને.

કહે છે, એ પુણ્ય-પાપ, દયા-દાન વ્રતના પરિણામ છે તે રાગ છે. અને આત્મા તેનો જાણનાર છે અને એ રાગ જાણવામાં નિમિત્ત થાય તેવી તાકાત છે. તો જાણવાની ક્રિયાને પરિણમનમાં મદદ કરીને એણે? એમ નહિ. ઓલું નિમિત્ત છેને જ્ઞાન થવામાં, તો શ્રદ્ધા થવામાં નિમિત્ત છે. એમ નહિ. નિમિત્ત એટલે એ પોતે ત્યાં ચીજ છે એનું અહીં જ્ઞાન ઉપાદાનથી પોતામાં થાય છે એમ અહીં નિમિત્ત છે એમ થયું. એનાથી જ્ઞાનની વૃદ્ધિ અને શુદ્ધિ થઈ છે એનાથી એમ નથી અહીંયાં. સમજાણું કાંઈ?

'**એક નથી પણ ભિન્ન છે એવા વિવેકને લીધે,...**' લ્યો! વિવેકને લીધે. અંતર્મુખનું જ્ઞાન જુદું અને રાગ જુદો. એ '**શીત-ઉષ્ણની માફક...**' લ્યો. '**(અર્થાત્ જેમ શીત-ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે તેમ), જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે એવા રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપે અજ્ઞાનાત્મા વડે જરાય નહિ પરિણમતો થકો,...**' જોયું! અહીં જરાય નહિ (કહ્યું). અજ્ઞાનપણે જરાય નહિ. એવું '**જ્ઞાનનું જ્ઞાનત્વ**

પ્રગટ કરતો, **પોતે જ્ઞાનમય થયો થકો,...'** લ્યો! **'આ હું (રાગને) જાણું જ છું,...'** એ વાત વિસ્તારથી થોડી કાલે આવશે. **'રાગી તો પુદ્‌ગલ છે ઈત્યાદિ વિધિથી, જ્ઞાનથી વિરૂદ્ધ એવા સમસ્ત રાગાદિ કર્મનો અકર્તા પ્રતિભાસે છે.'** વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, ગાથા-૮૦ થી ૮૩
## પ્રવચન નં.૧૬૫, તા.૨૨-૧૦-૧૯૬૬
## (૧૨)

૮૦ થી ૮૨ ગાથા. જુઓ, છેલ્લો અધિકાર આવી ગયો. ટીકાનો છેને છેલ્લો? '**જીવ પોતાના ભાવનો કર્તા કદાચિત્ છે,...**' છે? એ આવી ગયું છે કાલે. વિકારી ભાવની વાત છે હોં અત્યારે. જીવ પોતાના સ્વભાવને ભૂલીને વિકારી પુણ્ય-પાપ, મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચેયના પરિણામનો અજ્ઞાનભાવે કર્તા છે. સમજાણું કાંઈ? '**પોતાના ભાવનો કર્તા કદાચિત્ છે, પરંતુ જેમ માટી વડે કપડું કરી શકાતું નથી...**' માટી વડે કાપડ ન થઈ શકે.

'**તેમ...**' આ સિદ્ધાંત છે મોટો. '**તેમ પોતાના ભાવ વડે...**' એટલે કે દરેક પદાર્થ પોતાની પર્યાય વડે. સમજાણું કાંઈ? દરેક આત્મા કે દરેક પરમાણુ પોતાના ભાવ નામ પર્યાય. પોતાના પર્યાય વડે '**પરભાવનું...**' એટલે બીજા દ્રવ્યની પર્યાયનું '**કરાવું અશક્ય હોવાથી...**' આ સિદ્ધાંત મોટો છે. સમજાણું? કોઈપણ દ્રવ્ય પોતાની પર્યાય કરવા સમર્થ છે. અહીંયાં તો અજ્ઞાનીની પર્યાય વિકારી છે તે કરવા એ સમર્થ છે. જ્ઞાનીની વાત છે એ જ્ઞાનમાં સ્વભાવદૃષ્ટિ છે. એટલે સ્વભાવદૃષ્ટિમાં વિકારનું થવું એ સ્વભાવદૃષ્ટિમાં હોતું નથી. ચૈતન્યસ્વભાવ જ્યાં (લક્ષમાં આવ્યો), દૃષ્ટિ જ્યાં બદલી ગઈ, જ્યાં વિકારની હયાતીમાં કાર્ય માન્યું હતું એ દૃષ્ટિ બદલાઈ ગઈ. હું તો જ્ઞાન ચૈતન્ય શુદ્ધસ્વભાવ પરમમૂર્તિ આત્મા છું. એમ થયું એટલે કે એના કર્તાપણામાં કાર્ય તો સ્વભાવભાવનું થાય. એનો સ્વભાવભાવ એ પોતાનું કાર્ય છે. કહો, શેઠી! ખ્યાલમાં આવ્યું કે નહિ? કેમ .. આવ્યું? બહુ ન આવ્યું.

અહીંયાં જે અધિકાર છે એ અજ્ઞાનીનો છે. કેમકે જેણે ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રતીતમાં, અનુભવમાં લીધો નથી, એથી એના અનુભવમાં તો વર્તમાન અનાદિ કાળથી જે મિથ્યાત્વ અવ્રત, પ્રમાદ, કષાય, યોગ એની એક સમયમાં જે વિકારી પર્યાય છે એના ઉપર એનું કર્તાપણું છે. અહીં કર્તાપણું છેને? એ મારું કાર્ય છે અને હું એનો કર્તા. કારણ કે ચીજ જ્ઞાનાનંદસ્વરૂપ છે એ તો જોઈ નથી, જાણી નથી, સ્પર્શ્યો નથી, અનુભવી નથી. સમજાણું કાંઈ? એથી એ વિકારી પર્યાયનો અજ્ઞાનભાવે, જ્યાં સુધી અજ્ઞાન છે એની દૃષ્ટિ વિકારના કાર્ય ઉપર છે ત્યાં સુધી તેનો એ કર્તા. પણ જ્ઞાની પોતાના ચૈતન્ય સ્વભાવની ધર્મીની દૃષ્ટિ શુદ્ધસ્વભાવ ઉપર હોવાથી એ શુદ્ધસ્વભાવનો કર્તા, શુદ્ધસ્વભાવ એનું કાર્ય. સમજાય છે કાંઈ?

પોતાના ભાવ ને શુદ્ધ ઉપાદાન સ્વભાવની દૃષ્ટિ છે તે શુદ્ધ ઉપાદાન સ્વભાવનું કાર્ય કરે છે. અહીં અશુદ્ધ ઉપાદાન ઉપર દૃષ્ટિ છે... સમજાણું કાંઈ? એથી એ પોતાના ભાવનો કર્તા (થાય છે).

'**પરંતુ જેમ માટી વડે કપડું કરી શકાતું નથી તેમ...**' કોઈપણ પદાર્થની અવસ્થા વર્તમાન હાલત-દશા તે પરભાવનું કરવું અશક્ય હોવાથી... એ પર્યાય વડે પરની પર્યાય, પરની દશા, પરનું કાર્ય, પોતાના સિવાય પર અનંત પદાર્થ એની વર્તમાન અવસ્થારૂપી કાર્ય પરભાવનું કરવું અશક્ય છે. અહીં તો (કહે છે) અશક્ય છે. કરી શકાતું નથી. કહો, સમજાણું કાંઈ? ભગવાન પણ વાણી કરવાને અશક્ય છે. ભગવાન પોતાનું કેવળજ્ઞાન અને આનંદની પર્યાયના કાર્યને અનુભવે, પણ વાણીની પર્યાય કરવા ભગવાન પણ અસમર્થ છે. કારણ કે વાણીની પર્યાય પરદ્રવ્યની અવસ્થા છે. આ આત્મા અજ્ઞાનમયપણે રાગમય વિકારની પર્યાય કરે, પણ એ કર્મની પર્યાય જે બંધાય છે એની પર્યાયને કરે એ અશક્ય છે. ઓહોહો..!

જે વિકારી પરિણામ કરે એના પ્રમાણમાં કર્મ બંધાય. છતાં એ કર્મની પર્યાયનું કાર્ય વિકારી પર્યાય કરી શકતું નથી. તો પછી ઈચ્છાથી આ જગતના શરીર ને વાણી ને બીજા નોકર્મના કાર્ય કરે એમ ત્રણકાળમાં બનતું નથી. સમજાણું કાંઈ? અહીં એ સિદ્ધ કરે છે, કે જેવા એના પરિણામ ભ્રાંતિના, રાગના, દ્વેષના જેવા હોય એ પ્રમાણે રજકણોમાં સ્વતંત્ર પોતાની લાયકાતથી તે પરિણમવાની પર્યાયની યોગ્યતાથી પરમાણુ પરિણમે છે, આ કારણે નહિ. સમજાય છે કાંઈ?

જેવા પરિણામ જીવ કરે એ જ પ્રમાણમાં ત્યાં દર્શનમોહનું, મિથ્યાત્વ પ્રમાણે દર્શનમોહનું, રાગ પ્રમાણે ચારિત્રમોહનું, યોગ પ્રમાણે રજકણો આવવાનું એ પ્રમાણે જ તેની સંખ્યા પરમાણુની સ્થિતિ આદિ એના પરમાણુને યોગ્યપણે તે પરિણમીને રહે, આને કારણે નહિ. સમજાણું કાંઈ? નહિતર જીવે કર્યા પરિણામ, બંધાણા કર્મ. હવે અમુક કર્મ તો અમુક કાળ સુધી ઉદયમાં આવશે નહિ. રજકણો એક સાથે બધા બંધાણા છે. પરિણામ તો એક જાતના અહીંયાં હતા. એ રજકણો અમુક બંધાણા એ અમુક કાળ સુધી તો એ રજકણો પાકમાં આવશે નહિ. એ એની પોતાની લાયકાત છે. અને પછીના સમયે જે ખરવાના રજકણ છે એ એટલા રજકણ એની યોગ્યતા પ્રમાણે સ્થિતિથી એટલા રહ્યા અને ખરવાને લાયક છે. સમજાણું કાંઈ?

અહીં પરિણામ (થયા) માટે એના પર્યાય કર્યા છે એમ નથી. કારણ કે એની પર્યાય તો જેવી એના સમયની યોગ્યતા જે રજકણમાં હતી; સંખ્યાનું આવવું, સ્થિતિનું પડવું, અનુભાગનું થવું, પ્રકૃતિ એટલે સ્વભાવનું બનવું, એ ચારેયમાં પરમાણુઓની વર્તમાન યોગ્યતાને કારણે બને છે. સમજાણું કાંઈ? પ્રકૃતિ વિશેષ.. પ્રકૃતિ વિશેષ આવે છેને ભાઈ? ધવલમાં એમ આવે છે કે આમ કેમ? સ્થિતિ આમ કેમ? જેમ કે દસમે ગુણસ્થાને લ્યો. એક લોભનો અંશ છે જરી. એ લોભનો અંશ એક હોવા છતાં સત્તર પ્રકૃતિ બંધાય. સમજાણું? પાંચ

જ્ઞાનાવરણીય, ચાર દર્શનાવરણીય નવ આદિ બીજી છે, અંતરાય. સમજાણું? અને એક વેદનીય, ગોત્ર અને નામ. એક જશો કીર્તિ. એ સત્તર.

હવે એનું કારણ શું? કે અહીં તો લોભનો અંશ એક જ છે અને સત્તર પ્રકૃતિમાં પણ એક નામ કર્મની વળી અમુક મુહૂર્તની બંધાય, બીજાની વળી અંતરમુહૂર્તની બંધાય એનું કારણ શું? કે પરમાણુના તે જ કાળના પર્યાયની યોગ્યતાનો સ્વભાવ એને કારણે થાય છે. આહા..હા..! અહીં તો લોભનો અંશ એક જ છે અને લોભ અંશ મોહને તો બાંધતું નથી—નિમિત્ત થતો નથી. પોતે અંશ પોતાનું થતો નથી તો તો કોઈ દિ' છૂટે નહિ, નિમિત્ત પણ થતો નથી. એ છને નિમિત્ત થાય. એમાં એ કર્મમાં પણ સ્થિતિ અને રસની મુદ્દત આદિ એની પોતાની લાયકાત પ્રમાણે ત્યાં પડે છે, આને કારણે નહિ. આ તો એક પરિણામ નિમિત્તમાત્ર છે. ત્યાં ફેરફાર થયો એ સમય-સમયના પરમાણુની ઉપાદાનની સ્થિતિ, પ્રકૃતિ, પ્રદેશ અને અનુભાગ જેની યોગ્યતા હોય તેટલા પરમાણુ ત્યાં પરિણમે છે. ગજબ વાત છે, ભાઈ! કર્તા નથી અને એને કારણે એવા રજકણ સ્વતંત્ર ઉપાદાનપણે પરિણમે છે. એ ક્રમબદ્ધ છે એમાં પણ. આહા..હા..! જરી ઝીણી વાત છે.

**શ્રોતા :-** એ રજકણમાં જ કેમ લાયકાત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ રજકણમાં જ એવા પર્યાયની લાયકાતનો તે એનો સમય છે, એનો પોતાનો સમય છે, આને કારણે નહિ.

**શ્રોતા :-** એટલા બધા સમયમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એટલા બધામાંથી એટલા જ કેમ આવ્યા? એટલા બધામાંથી ઘણાં આવ્યા એમાં પાછા એક સમયે છૂટ્યા, કોઈ બીજે સમયે છૂટ્યા એમ કેમ થયું? શેઠી!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ફેર કેમ પડ્યો? પરિણામ તો એક હતું.

**શ્રોતા :-**... રસમાં

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ રસમાં ફેર છે. એ ચારમાં ફેર છે. શેઠી! જરી ઝીણો વિષય છે.

**શ્રોતા :-** એ ઉપાદાનની એ જાતની...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ઉપાદાનની પરમાણુમાં એક સમયમાં એવી જ સ્વતંત્ર યોગ્યતા છે. આ વિષય આ તો અલૌકિક તત્ત્વ વીતરાગનું! તત્ત્વદૃષ્ટિનો વિષય છે ઈ. સમજાણું કાંઈ? આહા..!

કહે છે, **'પોતાના ભાવ વડે પરભાવનું કરાવું...'** એટલે કર્મના રજકણની સંખ્યા, પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ એનું આ પરિણામ જીવના થયા માટે ત્યાં થવું અશક્ય છે. **'(જીવ) પુદ્‌ગલભાવોનો કર્તા તો કદી પણ નથી...'** એ પુદ્‌ગલના પરમાણુ જેટલા એના પ્રમાણમાં,

વિકારના પ્રમાણમાં ત્યાં હોય. એટલા બંધાય છતાં એની પર્યાયનો કર્તા આ નથી. નિમિત્ત જુદી ચીજ છે અને કર્તા જુદી ચીજ છે. એ અહીં છે માટે અહીં થાય છે તો કર્તાકર્મ થઈ ગયું. એમ નથી. અહીં છે પોતાની પર્યાય, ત્યાં એની પર્યાય એવી થવાને લાયકાત ત્યાં છે એથી આને નિમિત્ત કીધું અને આને નૈમિત્તિક કીધું, કર્તા-કર્મ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! સ્વતંત્રતાનો ઢંઢેરો છે. જડમાં પણ એવા રજકણો અનંત છે. અનંત ગુણા વિસ્તા પડ્યા છે, લ્યો. એમાંથી એક અમુક જ રજકણો જ્ઞાનાવરણીયપણે પરિણમે, અમુક જ રજકણો અમુક મુદ્દતની સ્થિતિપણે રહે, અમુક જ રજકણોમાં અમુક જ રસ હોય અને અમુક રજકણમાં વેદનીયના ઘણા રજકણો આવે, લ્યો. કારણ કે એને ખરવું છે પણ ઘણું. હવે એનું કારણ શું? એ એનો પોતાનો સ્વભાવ છે. ગજબ વાત છે! વસ્તુનો સ્વભાવ,... વજુભાઈ!

**શ્રોતા** :- એવો વસ્તુનો સ્વભાવ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એવો સ્વભાવ છે. સ્વભાવમાં તર્કને અવકાશ નથી. આહા..હા..! પહેલે સમયે વર્ગણા અને બીજા સમયમાં એવી વિવિધતા—પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગમાં વિવિધતા, ઉદયમાં આવવાની વિવિધતા, સ્થિતિની મુદ્દતમાં વિવિધતા એ પરમાણુનો સ્વતંત્ર પર્યાયનો ધર્મ છે. એ પર્યાયને જીવનો પર્યાય કરી શકતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પુદ્ગલભાવોનો**...' એટલે પર્યાયનો '**કર્તા**...' એટલે રચનારો તો '**કદી પણ નથી એ નિશ્ચય છે.**' નિશ્ચય યથાર્થ એમ જ છે. આ એને બેસે તો આ હું કર્મના રજકણોનો (કર્તા એ બુદ્ધિ ખલાસ થઈ જાય). એક-એક સ્વતંત્ર જ્યાં એના વિકારના ભાવ હોવા છતાં, એના સ્વતંત્રપણે એની પર્યાય બંધાય તો આ કહે કે હું શરીરનું કરી દઉં, હલાવી દઉં, બોલી દઉં. સમજાણું?

એ તો અહીં વાત કરે છે કે જેનો નિમિત્ત-નૈમિત્તિક એવો મેળ છે કે જેવો વિકાર (થાય) એવું બંધાય, છતાં તેની વિવિધતા પોતાને કારણે છે; તો પછી આ શરીરનું હાલવું, ઈચ્છાથી ચાલે, ઈચ્છાથી બોલે, લાડવો ભાંગે, દાળ ખાય, શાક રચે ત્રણકાળમાં નથી એમ કહે છે. ભાઈ! તને અજીવના પદાર્થની અજીવની અનંત સંખ્યામાં દરેક પરમાણુના તે તે સમયની પર્યાયની સ્વતંત્રતાની યોગ્યતાની તને ખબર પડતી નથી, ભાઈ! એમ હોય તો તો એનો જ્ઞાતા થઈ જાય કે અરે..! મારું કાર્ય નહિ આ. સમજાણું કાંઈ? હું આ બોલ્યો અને મેં આ લખ્યા અને મેં આ કર્યા. ભાઈ! એ તારી પર્યાય નહિ, બાપા! આહા..હા..! વિજયકુમારજી! ત્યાં એમ.એસ.માં આવું નહિ આવતું હોય. આહા..હા..!

આજે આવ્યું છે આમાં. ભાઈએ લખ્યું છે, ચેતનજીએ. ... આ કાળે યુગબાહ્યની વાતું ન કરવી. યુગબાહ્ય નામ અત્યારે મુક્તિ અને કેવળજ્ઞાનની વાતું અત્યારે ન કરવી. આહા..હા..! અત્યારે ક્યાં કેવળજ્ઞાન—મુક્તિ છે, મફતની કરવી. શું કરે છે આ? છેને આ? શું કહેવાય? વીરવાણી. અરે..! ભાઈ! મુક્ત એટલે આત્માનું મોક્ષતત્ત્વ, મોક્ષતત્ત્વ એટલે કેવળજ્ઞાન, કેવળજ્ઞાન

એટલે પૂર્ણ શુદ્ધતાની દશા. હવે પૂર્ણ શુદ્ધતાની દશા કેવી એનું તારે નક્કી નથી કરવું તો પછી નક્કી કેનું કરીશ તું? સમજાય છે? એમ લખ્યું છે.

'ઈસકે અતિરિક્ત લૌકિકની અત્યારે વર્તમાન સાધારણ એક્તા થાય એમ કરો. ઈસકે અતિરિક્ત ઈસ પર ભી ધ્યાન દિયા જાના ચાહિયે જો પ્રયોગ આજ શાસ્ત્રકારોંને યુગબાહ્ય માન લિયા હૈ ઉનકી અગ્ર મુલક ચર્ચા અભી બંદ કર દે. મુક્તિ ઔર કેવલજ્ઞાનાદિકે વીસોં પ્રશ્ન આજ યુગબાહ્ય હૈ.' વીસોં પ્રશ્ન એટલે ઘણા. 'અતઃ ઈનકે વિષયમેં લંબે ચૌડે ઉહાપોહ ઔર ચર્ચાકી જરૂરત કતઈ નહીં હૈ.' આહા..હા..!

અહીં તો કાલે વાત કરતા કે આ આત્મા જ્ઞ-સ્વભાવ જ છે. આત્મા એટલે જ્ઞ-સ્વભાવ. જ્ઞ-સ્વભાવ એટલે સર્વજ્ઞસ્વભાવ. સર્વજ્ઞસ્વભાવ અર્થાત્ એની પર્યાયમાં એ આશ્રય કરીને પર્યાય થાય એ સર્વજ્ઞપર્યાય જ થાય. આવું તો તત્ત્વ છે. મોક્ષતત્ત્વ, જીવતત્ત્વ. મોક્ષતત્ત્વ એ સર્વજ્ઞ પર્યાય, જીવતત્ત્વ સર્વજ્ઞસ્વભાવ અને એનું સાધન એવા મહાતત્ત્વની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ સાધન. એ સિવાય ચોથી કોઈ ચીજ નથી. એમાં સાતેય તત્ત્વ ભાઈ, આવી ગયા. આહા..હા..! હવે આનો નિર્ણય નથી કરવો, બાપુ! યુગબાહ્ય નથી, ભાઈ! આ શું કરે છે? લોકના આ સુધારા અને આ કરવા ને આ કરવા. ભાઈ! બાપુ! એ જીભેય નહિ ચાલે આ.. આમ થઈ જશે. સમજાણું?

ભગવાન જ્ઞ-સ્વરૂપી વસ્તુ, જ્ઞ-સ્વભાવી પદાર્થ, બસ. જ્ઞ-સ્વભાવ એટલે જ્ઞ-સ્વભાવ એટલે કે આત્મજ્ઞસ્વભાવ, પૂર્ણસ્વભાવ.. પૂર્ણ સ્વભાવ... પૂર્ણ સ્વભાવ. એ તો વસ્તુ છે આખી. એ પૂર્ણસ્વભાવની પ્રાપ્તિની પ્રાપ્તિ પર્યાયમાં થાય એ પૂર્ણ પ્રગટ દશા એ મોક્ષ. આ જીવ. હવે એ જીવને પૂર્ણની પ્રાપ્તિનો પૂર્ણની પ્રતીતિ, પૂર્ણનું જ્ઞાન અને પૂર્ણની રમણતામાં જે સાધન છે એને મોક્ષનો માર્ગ સંવર-નિર્જરા કહે છે. તેથી પહેલાંમાં લીધુંને '**नमः समयसाराय स्वानुभूत्या चकासते**' મહા ગજબ વાત કરી છે! એમાં અજીવ, આસ્રવ, બંધની વ્યાખ્યા કરી જ નથી. પંડિતજી! એ પહેલો શ્લોક છેને?

**नमः समयसाराय स्वानुभूत्या चकासते।**
**चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।।१।।**

અસ્તિની વાત કરી છે. મહા શ્લોક છે. '**नमः समयसाराय**'. મહા સમયસાર દ્રવ્યકર્મ, ભાવકર્મરહિત એવો પ્રભુ તેને નમસ્કાર કરું છું. કેવો છે? '**चित्स्वभावाय भावाय**'. '**भावाय**' પદાર્થ છે. '**चित्स्वभावाय**'. જ્ઞાન જેનો સ્વભાવ છે. '**सर्वभावान्तरच्छिदे**'. અહીં સ્વભાવ લીધું, એની '**सर्वभावान्तर**' એક પર્યાય મુક્ત થાય છે. કેવળજ્ઞાન ત્રણકાળ ત્રણલોકને જાણે છે. બસ, આટલી અસ્તિત્વની વાત કરી. આસ્રવ-બંધ એમાં નથી કે અજીવ નથી (એમ નથી લીધું). આ જ્ઞાન થતાં એમાં બધું જ્ઞાન આવી જાય છે. આવી વાત તો અલૌકિક વાત, બાપા! એને મૂકીને શું કરવું છે તારે? આહા..હા..! સમજાણું કાંઈ?

એનો અર્થ કે આત્મા તદ્દન શરૂથી તે ઠેઠ સુધી એકલો જ્ઞાતાદૃષ્ટા છે. એ જ્ઞ-સ્વભાવી ભગવાન છે. એની મહિમા અપાર છે એની એને ખબર નથી. આ તે વાત! આત્મા એટલે જ્ઞ-સ્વભાવ એની મહિમા અપાર છે. એ મહિમાની અંતર પ્રતીત, જ્ઞાન અને રમણતા થઈ એ સર્વજ્ઞપર્યાયનું સાધન છે અને સર્વજ્ઞ પૂર્ણ ને પ્રતીત ને રમણતા એનામાંથી નીકળી છે. આ જ સિદ્ધ કરવાનું અને કરવાનું જ આ છે જગતને. વજુભાઈ! એમાં તો એમ નથી લીધું કે અજીવ એમાં નથી, આસ્રવ, બંધ (નથી). એ તો અહીં અસ્તિની વાત થતાં અજીવનું જ્ઞાન એમાં આવી જાય છે. અજીવ નથી જ્ઞાન આવી ગયું, આસ્રવ-બંધ એમાં નથી જ્ઞાન આવી જાય છે. આહા..હા..! ગજબ વાત કરી છે!

અમૃતચંદ્રાચાર્યે વસ્તુની સ્થિતિ એમાં અસ્તિ, અસ્તિ 'આ' છેને, ભાઈ! '**भावाय**' છેને. પ્રભુ તો ભાવસ્વરૂપ છે, એ કોઈ અભાવસ્વરૂપ નથી. પરના અભાવસ્વરૂપ એ બીજી ચીજ. પોતે તો ભાવસ્વરૂપ છે અને તે ભાવસ્વરૂપ છે એનો સ્વભાવ શું ત્યારે? કે '**चित्स्वभावाय**'. ભાઈ! એનો તો જ્ઞાનસ્વભાવ છેને. અહીં તો મૂળ મહા ગુણ છે, મહા ગુણ છે. '**चित्स्वभावाय**'. ત્યારે હવે એની પ્રાપ્તિ કેમ થાય? '**स्वानुभूत्या चकासते**'. આહા..હા..! એવી તો વાત ગજબ કરી છેને!! બાપુ! એ સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ એની અનુભૂતિ. એના અનુભૂતિના આચરણથી તે પ્રાપ્ત-પ્રસિદ્ધ થાય છે. આત્મખ્યાતિ છે ને ટીકા? પંડિતજી! આત્મખ્યાતિ ટીકાનું નામ છે. તો પહેલો શબ્દ આ નાખ્યો '**स्वानुभूत्या चकासते**'. એ પ્રકાશ-પ્રસિદ્ધ પોતાના આનંદ અને જ્ઞાનના અનુભૂતિ દ્વારા પ્રસિદ્ધપણાને પામે છે. અને એની કેટલી શક્તિ છે? '**सर्वभावान्तरिच्छदे**' પોતા સિવાયના અન્ય અનંત અંતર-ભાવાંતર -અનેરા છે. '**च्छिदे**'જાણી શકે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? હવે આ કરીને બીજું એને કરવું છે શું? અને બીજું કરી શકે છે શું? સમજાણું કાંઈ? અહીં તો ઓલો આસ્રવ અને બંધનું કરવાપણું જેનામાં નથી. તો અજીવનું અસ્તિત્વ આમાં નથી તેથી અજીવનું કાર્ય કરે એ એમાં છે નહિ. સમજાણું કાંઈ? કાળ એવા આવ્યા ને. લ્યો! આવા પંડિતો પણ આવું વર્તન કરે. અરે..! પ્રભુ! શું કરવા માગે છે આ? લોકસુધાર કરવો છે. દુનિયામાં શું સુધાર કોનો કરીશ? એ કોલસા.. આ સુધાર... લોક એટલે લોક માયલો જીવ એનો સુધાર આ રીતે છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, આજે એ વાત કરી, લ્યો. કોઈનું કાંઈ કરી શકાય નહિ. કેમ? અનંત પદાર્થ છે. અનંત પદાર્થ છે. કાંઈ કરી શકાય નહિ, કોઈનું કાંઈ કરી શકાય નહિ તો પછી આ બધું શું થશે તો આ? થાશે શું? થવાનું હોય એ થાય છે એમાં કરી શકાતું નથી એમાં વાંધો શું તને આવ્યો? એ થવા કાળે એના કાર્ય થાય. તારાથી થતા નથી. આહા..હા..! આનાથી થતા નથી પણ એનાથી થતાં નથી એમ કોણે કહ્યું? થાય છેને, બાપુ! થાય છેને, પણ એનાથી થાય છે. તું કહે, મારાથી થાય છે. આ મોટો ભ્રમ છે હોં! મોટું શલ્ય છે અંદર. એને અંતરમાં શલ્ય ચોટ્યું છે. ભાઈ! એમ નથી. એ માટે તો આ કર્તાકર્મ અધિકાર

લીધો છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જીવના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને...**' અહીં તો કર્મના પરિણામ એકલા લેવા છે અત્યારે. પુદ્‌ગલના એટલે કર્મના. '**પરસ્પર માત્ર નિમિત્ત-નૈમિત્તિકપણું છે...**' માત્ર કહ્યું છેને? માત્ર. નિમિત્ત અને નૈમિત્તિક છે. '**તોપણ પરસ્પર કર્તા-કર્મભાવ નથી.**' મહાસિદ્ધાંત છે. ભગવાન આત્મા ભૂલ્યો તો ભૂલ ભાવને કરે. પણ ભૂલ ભાવને કરતા કર્મને પણ બાંધે અને કર્મની અવસ્થાનો એને કરવાનો અધિકાર છે એમ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ હોશિયાર જ્ઞાનમાં થાય એથી ઝપટ વાણીની કાઢે, બાપુ! એમ એનામાં છે નહિ, હોં! તું ધીરો થા. નહિતર થઈ જઈશ પાગલ. આહા..હા..! સમજાણું કાંઈ? તારું જ્ઞાન ખીલ્યું હોય વિશેષ ભલે, પણ એથી કરીને વાણીનો પ્રયોગ તું કર અને દેહના આમ હાલું, આમ હાલું, બહુ વિચિક્ષણ માટે આમ ગતિ કરવી, આમ પગ લાંબો ભરાય તો ઝટ માર્ગ કપાય, એવી ક્રિયા તારા અધિકારની નથી. આહા..હા..! બાપુ! શરીર અને વાણીથી એ જુદી ચીજ છે. એ આવા જુદી પર્યાયનો કર્તા ત્રણકાળમાં નથી. આહા..હા..! જ્ઞાનચંદજી! એ તો જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનસ્વરૂપ શું કરે? આંખ શું કરે? છેવટે કહેશે ને '**दिट्ठी जहेव णाणं**' ૩૨૦ ગાથા. સર્વવિશુદ્ધની '**दिट्ठी जहेव णाणं**' જેમ દષ્ટિ છે બધાને શું કરે? એ ... રોકે? અગ્નિ જળાવે? અગ્નિ ઓલવે? દષ્ટિ કરે શું? આવે છેને પાછળ? ૩૨૦. ૩૨૦ ગાથા છે. આગળ તો ઘણી વાતું (આવે છે). ૩૨૦.

**दिट्ठी जहेव णाणं अकारयं तह अवेदयं चेव।**
**जाणइ य बंधमोक्खं कम्मुदयं णिज्जरं चेव।।३२०।।**

આહા..હા..! અહીં તો કહે છે કે પરની પર્યાય તો કરતો નથી પણ દષ્ટિ જેમ... આ છાણાનો ગોર કરેને. છાણાનો ભૂક્કો અને પછી અગ્નિ સળગાવે છેને અગ્નિ? એમ દષ્ટિ સળગાવે? અગ્નિ સળગવા માંડી એને દષ્ટિ આમ આમ કરે તો ઓલવી શકે? બુઝાવી શકે? એ તો જાણે કે આ થાય છે. આ અગ્નિ થાય છે. પહેલાં નથી મૂકતા આ બૈરાઓ? છાણાનો ભૂક્કો કરેને થોડો? ગોર કરીને પછી એમાં અગ્નિ મૂકે ને પછી થાયને ભડકો. તમારે શું કહે છે? સંધુક્ષણ અમારે કહે છે. સંધુક્ષણ. એ આવે છે આમાં સંધુક્ષણ. એ ૩૨૦માં છે હોં. એમાં અંદરમાં છે જુઓ, '**સંધુક્ષણ કરનારની માફક...**' પાઠમાં છે. '**અગ્નિને દેખવાથી, સંધુક્ષણની કરનારની માફક,...**' એમ પાઠ છે અંદર. સંધુક્ષણ-સંધુક્ષણ કરનાર. '**સંધુક્ષણ = સંધુક્ષણ, અગ્નિ સળગાવનાર પદાર્થ**' ભૂકો પહેલો મૂકેને. આમ લાકડું આવડું હોય તો અગ્નિ શી રીતે પકડે? ઓલો ગોર હોય ગોર. ગોર એટલે ભુક્કો. છાણાનો ભુક્કો હોય ને તો આમ અગ્નિ પકડે. એ સંધુક્ષણ કહેવાય. એ દષ્ટિ કરી શકે? દષ્ટિ તો જોવે છે કે આમ થાય છે. ન થયું બરાબર હોં, દીવો થયો નહિ એમ દષ્ટિ જાણે છે. એમ કહે છે કે દષ્ટિ શું કરે? કે '**जाणइ य बंधमोक्खं**'. બંધની પર્યાયને જાણે, છૂટવાની પર્યાયને જાણે, કર્મના ઉદયને

જાણે ને નિર્જરાને જાણે. આહા..હા..! સમજાય છે? સર્વવિશુદ્ધ અધિકાર છેને એટલે એકદમ ત્યાં લઈ ગયા. એકદમ જ્ઞાતાદૃષ્ટા જાણે-દેખે. બીજું કરે શું? પરની પર્યાય તો કરે નહિ, પણ આ ઉદયને કરવું, નિર્જરાનું કરવું એ કરે નહિ. થાય છે તેને જાણે, હોય છે તેને જાણે. સમજાણું કાંઈ?

'**પરના નિમિત્તથી જે પોતાના ભાવ થયા...**' કર્મના સંગથી પોતાની પર્યાયમાં વિકારી ભાવ થયા '**તેમનો કર્તા તો જીવને અજ્ઞાનદશામાં કદાચિત્ કહી પણ શકાય,..**' એટલે અજ્ઞાનદશા છે ત્યાં સુધી એમ. '**અજ્ઞાનદશામાં કદાચિત્ કહી પણ શકાય.**' કદાચિત્ કહી પણ શકાય. લ્યો! સમજાય છે કાંઈ? આહા..હા..! કર્મની પર્યાયનો કર્તા નથી, બાપુ! તારે શું કરવું છે? અહીં તો તારા અસ્તિત્વમાં જે ચીજ નથી એને એ શું કરે? આ અજ્ઞાન તો એની પર્યાયના અસ્તિત્વમાં છે, જ્યાં સુધી અજ્ઞાન કરે છે ત્યાં સુધી. એમ કહે છે, ભાઈ! એની મોજૂદગીમાં રાગાદિને જાણવું અને આને ભૂલી જવું એ એના મોજૂદગી પર્યાયમાં છે. તો એને અજ્ઞાન છે સ્વરૂપનું ભાન નથી ત્યાં સુધી તે કાર્ય મારું છે એમ માને છે; પણ પરનું જે અસ્તિત્વ છે એમાં તો તારો બિલકુલ અધિકાર, કાર્ય એ અને કર્તા તું, રચનાર તું અને રચાય એ, બનાવનાર તું અને બને એ, એમ બનતું નથી. સમજાણું કાંઈ?

'**તેમનો કર્તા તો જીવને...**' અહીં કર્મ સાથે વાત કરવી છેને? '**અજ્ઞાનદશામાં કદાચિત્ કહી પણ શકાય, પરંતુ જીવ પરભાવનો કર્તા...**' અહીં પરભાવ શબ્દે ઓલી જડની પર્યાય લેવી છે હોં! પરભાવ એટલે વિકાર નહિ. એ તો ઓલામાં ગયું. '**જીવ પરભાવનો કર્તા...**' પરભાવ એટલે કર્મની પર્યાયનો કર્તા '**તો કદી પણ નથી.**' આહા..હા..! તો પછી આ શરીર ને વાણી ને લખવું ને બોલવું ને આ બધું શું? કે એની મેળાએ થતું હશે? ભીંતમાંથી બોલાતું હશે? એમ બોલે. ભગવાન! તને ખબર નથી, ભાઈ! પરમાણુની પર્યાયમાં શબ્દ વર્ગણામાંથી વાણીની પર્યાય થવાના કાળમાં વાણી થાય છે. એ આત્માને કારણે નથી. સમજાણું? શ્વાસ લેવાય છે એ શ્વાસની ક્રિયા પણ આત્મા કરી શકતો નથી એમ કહે છે અહીં તો. વાણી ને શરીર તો આમ રહી ગયા. ડૉક્ટર કહેને કે ઊંચો શ્વાસ લ્યો.. એઈ..! આ બધા જોવેને. શ્વાસ જોવો હોયને એને જોવો હોય. ઊંચો લ્યો. તો આમ ઊંચો લ્યે. ઊંચો થતો હશે?

એમ કે લ્યો તો ખબર પડે ઓલા ધડાકા કેટલા વાગ્યા છે અંદર. ભાઈ! ઊંચો શ્વાસ આમ આવવો એમ ઈચ્છા કર્તા અને શ્વાસ આમ થવો એ કાર્ય છે એનું? ઈચ્છાનો કર્તા અજ્ઞાની થાવ. કારણ કે વસ્તુનું ભાન નથી, પણ ઈચ્છાના કર્તાથી તે શ્વાસની ક્રિયા એ કરી શકે છે (એમ નથી). એમ કહે છે કે સિદ્ધાંત સાચો પણ જ્યાં દાખલો આવે ત્યાં આકરું પડે છે. પણ દાખલો તો આ સિદ્ધાંતનો દાખલો છે. એમ કે એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાય કરે નહિ ત્યાં સુધી વાંધો નહિ, પણ અહીં દાખલો આપો કે આ શ્વાસની પર્યાય

કરે નહિ એ વાંધો આવે છે. એમ કહે છે. એ શેઠી!

**શ્રોતા :-** વાંધો શું આવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉઘાડું પડી જાય છે બધું. એના માટે તો દાખલો દેવાય છે. ચાર પૈસાનું શેર તો મણના અઢી. કૂંચી છે. પછી દાખલો આપે કે એલા સાડી સાડત્રીસ શેરનું કેટલું? કે સાડી સાડત્રીસના સાડી સાડત્રીસ આના. એ ઠીક. પણ એ સિદ્ધાંતનો દાખલો છે એ તો. આહા..હા..! આ ચોપડી કેમ લઈને બેઠા? પદ્મપુરાણ લઈને કેમ બેસતા નથી? અરે..! પણ પ્રભુ! શું કહે છે તું? અરે..! કોણ લે, ભાઈ? આહા..હા..! ત્યારે તમને એમ છે કે ઓલા શાસ્ત્રથી આ નિમિત્ત બીજું છે. માટે આ નિમિત્તથી કાંઈક લાભ, કાંઈક નવું થાય છે એમ તમે માનતા નથી, પણ નિમિત્તથી થાય એવું તો ઊંડાણમાં છે તમને. અરે..! ભગવાન! એમ નથી, ભાઈ! એ કાળે જ્યારે રજકણોની જે અવસ્થા સમયસારની તે જ સામે આવવાની એને કારણે આવી છે. આ મૂક્યું, ત્યાંથી લાવો સમયસાર માટે આવ્યું છે એમ છે નહિ. આહા..હા..!

**શ્રોતા :-** એ વખતે ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ આત્માના દેશની. એક કહેતા હતા. કિશનગઢથી આવ્યા હતા ને? નેમિચંદભાઈ. નેમિચંદ પંડિત હતાને. પંડિત હતા. પહેલે દિ' સાંભળ્યું. શું કહે છે આ? બોલે છે આખો દિ', લખે, ચોપડા લાવો,.. અહીં કહે છે, બોલી શકે નહિ. આમાં શું કહે છે કાંઈ સમજાતું નથી. વળી બીજું વ્યાખ્યા સાંભળ્યું ત્યારે (થયું), કાંઈક.. કાંઈક.. કાંઈક... કહે છે ખરું કાંઈક. ત્રીજી વાર સાંભળ્યું (પછી ખ્યાલ આવ્યો કે) આ તો પરદ્રવ્યનું કરે નહિ એમ કહે છે. ભાષા થાય છતાં ભાષાનો કર્તા આત્મા નથી. પાછળ તો બોલી ગયો હતો કે જેટલા પંડિતો છે એણે એક મહિનો અહીં શીખી જવું, પછી ભાષણ કરવું, નહિતર વિરોધ થશે તત્ત્વનો. પાછા અહીં આવ્યા ચોથે દિવસે. જય નારાયણ. વજુભાઈ! એમ કહેતા હતા હોં! શું નામ?

એ તો મથુરવાળા. એ નંદકિશોર. આ જે હતા એ આ. આ બીજા. એ નંદકિશોર. નંદકિશોર સાંભળી ગયા ત્રણ દિ'. આ વાત વીતરાગની. આ પ્રમાણે પંડિતો એક મહિનો શિક્ષણ ન લઈ જાય અને જો પ્રરૂપણા કરે તો તત્ત્વથી તદ્દન વિરોધ પડશે. માટે એક મહિનો અહીં શીખવું જોઈએ. એ પોતે પાછા ન આવ્યા. થઈ રહ્યું. આહા..હા..! બાપુ! આ તો વીતરાગની નિશાળ છે. સમજાણું કાંઈ? આ તો વીતરાગનું વાસ્તવિક તત્ત્વ છે એ રીતે આ વાત છે. એટલે એને એ રીતે સમજવું પડશે. સમજ્યા વિના સત્યનું શરણ નહિ મળે એને. આહા..હા..!

પરનો ભાવનો કર્તા તો કદી પણ નથી. આહા..હા..! પણ પ્રત્યક્ષ દેખાય છેને? ધર્મચંદભાઈ કહે, અમારે મૂકવું પડે. મૂકે છેને શું કહે તમારે? ઓલું કાનમાં રાખે છે ઈ. શું કહેવાય એ?

બે બાજુ કાનમાં નાખે.

**શ્રોતા :-** ઊંચો શ્વાસ લેવા માંડો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઊંચો શ્વાસ લ્યો તો ખબર પડે. ભગવાન! પણ બોલે એવું, ત્યાં થાય એવું, જાણે મારાથી થાય છે એમ થાય. ઓલો કહે મેં કીધું માટે આમ થાય. ભારે ભ્રમ, ભાઈ! એય..! આ તો કહે છે કે બાપા! ભૂલ ન ખા. અહીં તો તારા જેવા પરિણામ છેને જ્ઞાનાવરણીય બાંધવાના પરિણામ, એ પરિણામ પ્રમાણે કર્મ બંધાય છતાં કર્મની અવસ્થાનો આ જીવ કર્તા નથી, તો બહારના નોકર્મ તો ક્યાંય આઘા રહી ગયા. શ્વાસ, વાણી ને આ તો બધા નોકર્મ બહારના છે. આહા..હા..! એ પાણીના કળશા ઉપાડ્યા.. આમ ઉપાડ્યા. બાપુ! એ તારા કામ નથી, ભાઈ! તું ત્યાં ભૂલ ખા છો. સમજાણું કાંઈ? આહા..હા..! અજ્ઞાન દશામાં વિકારી પરિણામની તે સમયની દશાનો કાર્ય કર્તા અજ્ઞાની છે. પણ પરની પર્યાયના કાર્યનો પ્રભુ ત્રણકાળ ત્રણલોકમાં આત્મા અજ્ઞાનભાવે પણ (કર્તા) નથી. સમજાણું?

હવે કહે છે, '**તેથી એ સિદ્ધ થયું કે જીવને પોતાના જ પરિણામો સાથે કર્તા-કર્મભાવ...**' હવે આખું બધું લે છે, હોં! વિકારી અને અવિકારી બધું લેશે આમાં. ઓલામાં એકલા વિકારીની વાત હતી. એકલું સિદ્ધ કરી અને હવે આત્મા વિકારપણે પરિણમો કે અવિકારપણે પરિણમો, મુક્તિના માર્ગપણે પરિણમો કે મુક્તિપણે પરિણમો કે વિકારપણે, પણ એ પોતાના પરિણામનો કર્તા છે, પરનો કર્તા અને પરથી થાય છે એમ છે નહિ. એમ આખો સળંગ સિદ્ધાંત લે છે. સમજાણું કાંઈ? ઓલો એકલો જ અજ્ઞાનનો સિદ્ધાંત લીધો હતો. આ અનાદિ અનંત બધો લેશે.

'**જીવને પોતાના જ પરિણામો...**' એટલે પર્યાય '**સાથે કર્તા-કર્મભાવ અને ભોક્તા-ભોગ્યભાવ (ભોક્તાભોગ્યપણું) છે એમ હવે કહે છે :-**'

**णिच्छयणयस्स एवं आदा अप्पाणमेव हि करेदि।**
**वेदयदि पुणो तं चेव जाण अत्ता दु अत्ताणं।।८३।।**

જુઓ, અહીં નીચે ભાઈ આવ્યું. ઓલા કહે, કાળમરણ અને અકાળમરણ. અકાળમરણને વ્યવહાર કહો છો અને કાળમરણને નિશ્ચય કહો છો. કાળમરણની પર્યાય માટે વ્યવહાર છે. ભાઈ! કઈ અપેક્ષાએ વાત ચાલે છે? અહીં તો પર્યાયની નિશ્ચયની વાત ચાલે છે. આહા..હા..! મોટી તકરાર લીધી છે. અરે..! પ્રભુ શું કરે છે, ભાઈ? આવા વાદવિવાદ કરીને શું કરવું છે? જે વસ્તુની સ્થિતિ છે એમ રાખને, ભાઈ! તારે સ્થિતિપણે રહેવું હોય તો.

જુઓ, કર્તા-કર્મ એકલું અજ્ઞાનમાં સિદ્ધ કર્યું. પરનો (કર્તા) નહિ. હવે અહીં તો અનાદિ અનંત કર્તા-કર્મપણું શુદ્ધદશામાં કે અશુદ્ધમાં અને અનાદિ અનંતમાં અજ્ઞાનમાં ભોક્તા-ભોગ્યપણું વિકારનું અને ઓલામાં આનંદનું; પણ એ પોતે પોતાનો કર્તા-ભોક્તા, અને ભોક્તા-ભોગ્ય

છે. પરની સાથે પરને ભોગવે આત્મા એ ત્રણકાળમાં બનતું નથી. વિશેષ નાખી સ્પષ્ટ વાત. આહા..હા..!

**આત્મા કરે નિજને જ એ મંતવ્ય નિશ્ચનય તણું,**
**વળી ભોગવે નિજને જ આત્મા એમ નિશ્ચય જાણવું. ૮૩.**

'**ગાથાર્થ :- નિશ્ચયનયનો એમ મત છે કે...**' નિશ્ચયનયનો એમ અભિપ્રાય છે કે સાચા જ્ઞાનનો એ અભિપ્રાય—આશય છે કે '**આત્મા પોતાને જ કરે છે...**' સામાન્ય વાત બધી. પુણ્ય-પાપ કરો કે મોક્ષમાર્ગ કરો પણ પોતાની પર્યાયને જ કરે છે. '**અને વળી આત્મા પોતાને જ ભોગવે છે...**' રાગ-દ્વેષને ભોગવો કે આનંદને—વીતરાગી પર્યાયને ભોગવો, પણ પોતાને કરે અને પોતાને ભોગવે છે. સમજાય છે કાંઈ? પોતાને એટલે અપનેકો. એટલી ભાષા સમજવી, બસ. હૈ ને છે ને પોતાને અને અપનેકો. બહુ ભાષામાં ફેર નથી. થોડો શબ્દકોષ કર્યો હિન્દી કોષ. પાટણીએ કર્યો હતો. છાપેલો હશે. સમજાણું?

'**એમ હે શિષ્ય!**' જુઓ, ભગવાન કુંદકુંદાચાર્ય (કહે છે), '**તું જાણ.**' એમ કહ્યું છે ને? જાણ તું, ભાઈ! આહા..હા..! ઓલી ભરવાડની વાત નહોતી કીધી એક ફેરી? ભરવાડ હતો ભરવાડ નાગ્નેશમાં. પછી એનો એકનો એક દીકરો. ભરવાડ સમજો છો? ભાઈ! આ ભરવાડ નહિ? ગાયને ચારનારા. એ બાઈ હતી. જોબા નામ શું કીધું? જોમા. બાઈને એકનો એક દીકરો હતો. અહીં કાંઈક ઘાસ ઓછું હશે તો છોકરો ગાય લઈને બહાર ચરવા લઈ ગયો ગિરમાં. ગિર છેને ગિર? અહીં જુનાગઢ ગિર છે ત્યાં લઈ ગયેલા. એમાં કાંઈ ગમે તે થયું પણ એ મરી ગયો ત્યાં. અહીં સમાચાર આવેલા નહિ ડોસી પાસે. પછી એક માણસ નીકળ્યો. ડોસી કાંઈક વાળતા હશે. માણસ નીકળ્યો, બા! તમારો દિકરો મરી ગયો. હા ભાઈ! હા રામ! આ વાણિયા હોય તો રાડ પાડે. હા ભાઈ રામ! રામની લીલા છે. જુઓ, કેટલી એને કષાયની મંદતા મૂઢપણામાં. સમાચાર આવેલા નહિ. ગિર ગયો હતોને મરી ગયો ત્યાં. કોઈ સર્પ કરડ્યો હોય કે ગમે તે કારણથી મરી ગયો ત્યાં. એમ કહે કે બા! તમારો દિકરો ત્યાં... સમાચાર આવ્યા છે તમને? ના ભાઈ! તમારો દિકરો ત્યાં મરી ગયો છે. હા ભાઈ! ભગવાનની લીલા છે. હા રામ! સમજાણું કાંઈ? એ.. ગુલાબચંદભાઈ! એ તમારા ગામમાં હતી ડોસી. ભાઈ ઓળખે, છોટાભાઈ ઓળખે છે. એ વાત કરેલી આણે હરજીવનભાઈએ. હરજીવન માસ્તરે. હરજીવન માસ્તર હતાને ઓલા મોટી ..વાળા? એ કહે આવા મંદ કષાય. વાણિયાને (કહે), તમારો દિકરો (મરી ગયો.) તો.. હે.. રોવા મંડે. શું છે પણ હવે સાંભળને. એય..! ન્યાલભાઈ!

**શ્રોતા :-** મોટી પોક મૂકે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોટી પોક મૂકે. અને રોવા જાય તો રોવે તો લૂગડું આમ આડુ રાખે. એ મારો હિરલો મરી ગયો અને હીરો.. હવે કોઈ મર્યું નથી, સાંભળને! આત્મા આત્મામાં

છે, રજકણ રજકણમાં છે. એટલી તો શાંતિ રાખ જરી ધીરીને. અને ખેદ થાય તો તને તારામાં થાય. એમાં આટલા પોક શેના મૂકે છે પણ? ઓઢીને રોવા આવેને. અંદરમાં કાંઈ ન હોય હોં! પણ સૌ સાથે હો..હો.. કરે. વાણિયામાં રિવાજ છેને એ? શું હો..હો.. છે પણ? જરી ધીરો થા, ભાઈ! જગતના પદાર્થની અવસ્થા એ કાળે બનવા કાળે બને છે. એને કોણ ફેરવી શકે? કોણ રાખી શકે? કોણ ગોપવી શકે? કોણ સંભાળી શકે? ભાઈ! એટલો તો નિર્ણય કર. તને શાંતિ વળશે. તને શાંતિ થશે અંદરમાં. એ ખળભળાટ નહિ થાય. આહા..હા..! બાપા! આમ કાંઈ છે નહિ. અકસ્માત જગતમાં કાંઈ છે નહિ. સમજાય છે કાંઈ? એ તો એને કાળે એ અવસ્થા પરમાણુની અને જીવની જુદી પડવાનો કાળ હતો તો એ સમયે થાય છે. એ સમય કોઈ ઈન્દ્ર પણ ફેરવી શકે નહિ. નરેન્દ્ર, ઈન્દ્ર, જિનેન્દ્ર પણ ફેરવી શકે નહિ. જાણી શકે. બાપુ! એટલો નિર્ણય કર તો તને એવા સંયોગમાં ફેરફાર થતાં તને શાંતિ રહેશે કે એ તો થાય છે. એમાં મારું ક્યાં કાર્ય છે. સમજાણું કાંઈ? એને પ્રત્યક્ષ રોકડ લાભ છે. રોકડ લાભ સમજ્યા? નગદ. નગદ-નગદ. તે જ ક્ષણે. બાપા! તને ભાઈ! આમ રાખને. એ રજકણો છે. આત્મા હું છું. એ તે ક્ષણે એનો પર્યાય થવાનો એને શું કરીશ?

એક નોકર આવ્યો, ચા અને દૂધ લઈને. જમાઈ કે જમાઈનો બાપ બેઠો હોય હોશિયાર. દૂધ અને .. લઈને આવ્યો કેસરીયો. અને ફૂટ્યું. ધ્યાન રાખ્યા વિના કર્યું, ફલાણું કર્યું, ઢીંકણું કર્યું. બાપા! પણ ધ્યાન રાખે તો વિકલ્પ એનામાં ધ્યાન (રહે). પર્યાય થવાની એમાં ધ્યાન કાર્યમાં શું કાર્ય કરે? એય..! મગનભાઈ! સત્તાપ્રિય પ્રકૃતિવાળો હોય તો આમ ધુંઆ-પુંઆ (થઈ જાય). ભાન નથી. હજી તો છોડીનું સગપણ કર્યું છે. આ જમાઈ ભાળી જાય છે. હજી તો લગન કર્યા નથી. આવા ડફોળ છે આની સાળીના છોકરા આવા બધા? પહેલો વહેલો હજી આવ્યો છે. એમાં તો દૂધ કેસરીયા કરીને લાવ્યા. મૂક પડતું. ત્યાં તપેલી બે શેર અઢી શેરની. ઉપાડી ને ફૂ... ઢોળાઈ ગઈ. શું ઢોળાવાને કાળે ઢોળાણી છે કે એનો કર્તા એ જીવ છે? એણે ધ્યાન ન રાખ્યું માટે ઢોળાણી છે? શું છે નક્કી કરો. સમજાણું કાંઈ? એના ધ્યાન રાખવાની પર્યાય તો એનામાં છે. એ પર્યાય પરના પર્યાયનું કામ શી રીતે કરે? એ તો અહીં કહે છે. એય..! સત્તાપ્રિયવાળો માણસ હોયને તો ધૂળ કાઢી નાખે. છોકરાની ધૂળ કાઢે.

**શ્રોતા** :- લાફા મારી દે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- લાફા મારે કહે છે. લ્યો! એય..! શેઠી!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નિમિત્ત નૈમિત્તિક સંબંધનો શું અર્થ છે? નિમિત્ત-નૈમિત્તિક સંબંધ વિકાર કરાવે છે? એમ સંબંધ છે? જો કરાવે તો કર્તા-કર્મ થઈ ગયું. સમજાણું? અહીં કરે

છે તો એને નિમિત્ત કહેવામાં આવે છે, પણ એ થયું માટે વિકાર થયો એ વાતમાં કોઈ માલ નથી. નિમિત્ત-નૈમિત્તિકમાં કર્તા-કર્મ ખોસી ઘાલે અંદર. એવું થયું ત્યારે અહીં થાય ને? ના. બિલકુલ વાત જૂઠી છે. અહીં કર્યો વિકાર એણે પોતે સ્વતંત્ર. આમ કેમ? ત્યારે એને વિકારમાં એ ચીજને નિમિત્ત કહેવામાં આવે છે. એ આમ થયું માટે અહીં વિકાર કર્યો, તો કર્તા અને કર્મ થાય એમ વસ્તુ હોઈ શકે નહિ. એ માટે તો આ શાસ્ત્ર છે. શેઠી! એ શબ્દાર્થ થયો.

'**એમ હે શિષ્ય! તું જાણ.**' જુઓ, કુંદકુંદાચાર્ય મહારાજ શિષ્યને કહે છે, જાણ. આમ જાણ. તું તારા પરિણામનો અજ્ઞાનભાવે કર્તા અને ભોક્તા. તું તારા પરિણામનો જ્ઞાનભાવે શુદ્ધનો કર્તા અને શુદ્ધનો ભોક્તા. પરનો કર્તા અને પરનો ભોક્તા ત્રણકાળમાં અજ્ઞાનભાવે કે જ્ઞાનભાવે નથી એમ અહીં સિદ્ધ કરવું છે હવે તો. ઓલું તો અજ્ઞાનભાવનું એકલું સિદ્ધ કર્યું હતું.

'**ટીકા :- જેમ ઉત્તરંગ...**' તરંગો ઊઠે છે. સમજાણું? દરિયામાં. દરિયો છેને? તરંગ ઊઠે છે તરંગ-મોજુ. '**નિસ્તરંગ...**' '**જેમાં તરંગો વિલય પામ્યા છે એવું;...**' '**અવસ્થાઓને...**' એવા ઉત્તરંગ-ઊઠવું, ... તરંગનું મોજાનું. દરિયાનું મોજું. મોજા કહે છે? લહેર. એવી '**અવસ્થાઓને પવનનું વાવું...**' દેખો! પવનનું વાવું એ લહેર ઊઠે તેને નિમિત્ત છે, પણ એ પવન છે માટે લહેર ઊઠી છે એમ નથી. ભારે વાત. એ સિદ્ધ કરે છે હવે. પવન આમ થયો માટે લહેર ઉઠી તો તો પવન કર્તા અને મોજું કાર્ય છે. એમ નથી. આહા..હા..! આ ભારે વાત પણ જગતની. સમજાણું કાંઈ?

'**જેમ ઉત્તરંગ અને નિસ્તરંગ અવસ્થાઓને...**' ઉન્મગ્નજળા અને નિમગ્નજળા બે નદી છેને? વૈકાલ. વૈકાલ પર્વતની અંદર છે. નિમગ્ન—એમાં જે કોઈ ચીજ પડે એને બુડાડી દે. એનો સ્વભાવ હોં! અને એકમાં પડી ચીજ એને કાંઠે કાઢી નાખે. ઉલાળીને કાઢી નાખે. બે નદીઓ છે. કુદરતના નિયમમાં વૈકાલિક પર્વતની અંદર બે નદી છે. એમ અજ્ઞાની પોતાને સંસારમાં બુડાવે છે, જ્ઞાની સંસારથી તારે છે, એ પોતાના પરિણામને કારણે છે એમ સિદ્ધ કરવું છે.

'**જેમ ઉત્તરંગ અને નિસ્તરંગ અવસ્થાઓ...**' દરિયાની—સમુદ્રની. એને '**પવનનું વાવું...**' એ ઉત્તરંગમાં નિમિત્ત છે. '**નહિ વાવું...**' નિસ્તરંગમાં નિમિત્ત છે. લહેર ન ઊઠવી એમાં પવનનો અભાવ નિમિત્ત છે. જુઓ, નહિ વાવું એ નિમિત્ત છે. જોયું! અહીં અભાવપણું અહીં નિમિત્ત ભાઈ કીધું. આહા..હા..! બેય છે. એક અભાવરૂપ નિમિત્ત છે, એક ભાવરૂપ નિમિત્ત છે. સમજાણું કાંઈ? '**છતાં પણ પવનને અને સમુદ્રને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...**' પવનને અને દરિયાને વ્યાપ્યવ્યાપકભાવના સંબંધના અભાવને લીધે '**કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી,...**' એ પવન વ્યાપક છે અને દરિયાનું મોજું એ વ્યાપ્ય

છે એમ અભાવ છે. પવન છે તો લહેર ઊઠે છે, પવન નથી માટે લહેર ઊઠતી નથી, તો પવન વ્યાપક છે આ અવસ્થા વ્યાપ્ય છે, એવો સંબંધ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ પણ નજરે દેખાય એ ખોટું કહે છે. લોકો એમ કહે છે. નજરે શું દેખાય? તને ભાન નથી બે દ્રવ્યો ભિન્ન છે. આ દરિયો છે અને આ પવન છે, બે ભિન્ન છે. અનેક છે કે નહિ? અનેક છે એ એક છે? અનેક છે તો અનેકપણાનું કામ ત્યાં કરે અને અનેકપણાનું અહીં ભિન્ન-ભિન્ન કામ કરે. એમ અહીં પવનનું વાવું એ આને નિમિત્ત ભલે હો, પણ છતાં તે વખતનો લહેર-મોજું એ પવનનું વ્યાપકપણું અને આ પર્યાય વ્યાપ્ય, પવન કર્તા અને મોજું આ વ્યાપ્ય એમ નથી. આહા..હા..! સમજાણું આમાં?

આવું તો તમારે ત્યાં ઓલા પ્રોફેસરમાં નહિ આવતું હોય. ગપેગપ મારતા હોય ત્યાં પ્રોફેસર. ભણવાનું શું કરતા હોય. કહે છે કે પ્રોફેસરની વાણી વ્યાપક અને એને (વિદ્યાર્થીને) થયેલી ત્યાં ક્ષયોપશમની જ્ઞાનની પર્યાય એ વ્યાપ્ય એમ નથી. તેના તે કાળે ક્ષયોપશમમાં આનું વાણીનું નિમિત્ત છે એમ કહેવાય, પણ એ છે માટે ક્ષયોપશમ થયો એમ વ્યાપ્યવ્યાપક સંબંધ નથી. આહા..હા..! એ... રવિભાઈ! શું છે આ? કોને લઈને રવિ ઉગ્યો કહે છે અહીં? કમળ સવારમાં આમ સંકોચ્યો હોય, એ જ્યાં સૂર્ય ઊગે ત્યાં તો આમ કમળ ખીલી જાય. જુઓ, અહીં જોયું નથી?

**શ્રોતા** :- કમળ કમળના કારણે ખીલે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- રાતે કેમ ખીલતું નહોતું? સૂર્ય-વિકાસી કમળ, એવા સૂર્ય-વિકાસી કમળ થાય છે. અમથા સાધારણ બહુ છોડ થાય. એ જ્યાં સૂર્ય થાય ત્યાં પાંદડા આમ થઈ જાય. પાંદડા હોયને. આમ થઈ જાય. અને સૂર્ય ઉગે એની મેળે પાંદડા હોં. અમથા હોં. સૂર્ય-વિકાસી કમળ નહિ. અમથા થાય. હજારો ત્યાં અમારે હીરાભાઈના મકાનમાં હતા બહાર. અમે તો બહાર નીકળીએ તો જોતા હોયને. જ્યાં સૂર્ય અસ્ત થાય ત્યાં આમ ખુલ્લા પાંદડા હોયને આમ સંકોચાઈ જાય. સવાર ઉગે તો આમ થઈ જાય. જુઓ, સૂર્યને કારણે આ થયું કે નહિ?—ના. એ સૂર્યનું નિમિત્તપણું હોવા છતાં આનું વિકસવું અને અવિકસવું એ નૈમિત્તિકની પર્યાય વ્યાપ્ય છે અને સૂર્ય વ્યાપક છે—કર્તા છે અને આ કર્મ છે એમ છે નહિ. આહા..હા..! ભારે! એય..!

અગ્નિનું નિમિત્ત અને પાણીનું ઉષ્ણ થવું. નિમિત્ત હો, છતાં એ નિમિત્ત પર્યાય વ્યાપક છે અને આ પાણીની ઉષ્ણતા તે વ્યાપ્ય છે એ અગ્નિનું કાર્ય છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! અભિમાન ઊડી જાય એના બધા અંદર. જ્યાં હોય ત્યાં અભિમાન. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' કૂતરું-કૂતરું. કૂતરું હોયને. એને એમ કે મારાથી ચાલે. આ બધું મારાથી. દુકાન-બુકાન આ કામ વ્યવસ્થિત બધું. છોકરાને ભણાવવું. ક્યાં ગયા હેડમાસ્તર? હવે ૫૦૦-૫૦૦ છોકરા કેટલા હશે? ઘણાં છે, નહિ?

મુમુક્ષુ :- ૮૦૦.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ૮૦૦. લ્યો, ૮૦૦ છોકરા ત્યાં ગુરુકુળમાં. આમ હાકલ વાગે ત્યાં બેસી જાય. આમ થઈ જાય. એ તો સામા પણ પડે છે છોકરાઓ. પણ એ હાકલ વાગે અને બેસી જાય તો એના પર્યાયથી. આ વ્યાપક કર્તા અને એનું બેસવાનું કાર્ય એમ છે નહિ. આહા..હા..! એ વખતે તેની અવસ્થાનું તે કાર્ય એ નૈમિત્તિકને. આ વાણીને નિમિત્ત કહેવામાં આવે, પણ એનો અર્થ એવો નથી કે વ્યાપ્ય-વ્યાપકસંબંધ છે. બહુ આકરુ, ભાઈ! આ દુનિયાથી તો ઊંધું જ લાગે, હોં! લ્યો, આ જ વાત માંડી તમે નિશ્ચયની. વ્યવહાર પાછો .. પણ વ્યવહારનો અર્થ શું? વ્યવહારનો અર્થ બોલાય એમ કે આ હતું અને થયું. એમ છે નહિ. વ્યવહારનો અર્થ એમ છે નહિ. આ વાંધો લાગે માણસને. એકદમ એવું લાગે. એકાંત-એકાંત નિશ્ચય. વ્યવહાર તો (આવતો જ નથી). પણ વ્યવહારનો અર્થ શું? ભાઈ! કહેશે એ તો અજ્ઞાન ને બધું કહેશે.

**'પવનને અને સમુદ્રને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...'** એટલે કે સમુદ્ર તે વ્યાપ્ય છે, પવન તે વ્યાપક છે, એવા **'કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, સમુદ્ર જ પોતે...'** સમુદ્ર જ પોતે. આહા..હા..! સમય-સમયની સ્વતંત્રતા. નિમિત્ત હોવા છતાં તેની સ્વતંત્રતા લૂંટાતી નથી એમ સિદ્ધ કરે છે. કર્તા કોને કહીએ? સ્વતંત્રપણે કરે તે કર્તા. એમ કહે છે. એ દરિયામાં સ્વતંત્ર કર્તાપણે લહેર ઊઠે છે એની-અને લહેર બંધ થાય એ સ્વતંત્રપણે કર્તાથી લહેર બંધ થાય છે. પવનના કારણે લહેર ઊઠે અને બંધ થાય છે, વસ્તુના સ્વરૂપમાં એમ નથી, ભાઈ! એ અજીવતત્ત્વને અનંતપણે માન્યા નથી. અનંતપણે માને તો અનંતની પર્યાયમાં એક પર્યાય બીજાને કારણે થાય એમ માને નહિ. સમજાય છે? સાત તત્ત્વની શ્રદ્ધામાં અજીવની શ્રદ્ધા છે કે નહિ? તો અજીવની શ્રદ્ધાનો અર્થ શું? કે અજીવ જેટલા પ્રકારના તત્ત્વો જે અજીવ છે તે તેટલા પ્રમાણમાં રહીને પોતાની પર્યાયનું કાર્ય તે સમયે કરે છે. એ પર્યાય બીજાનું કરે વ્યાપ્ય-વ્યાપક (થઈને) તો અનંત અનંતપણે પૃથક્ રહેતા નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

**'સમુદ્ર જ પોતે અંતર્વ્યાપક થઈને ઉત્તરંગ અને નિસ્તરંગ અવસ્થાને...'** આ જુઓ ભાષા જુઓ, એ સમુદ્ર પોતે જ લહેર—મોજુ ઊઠે છે એમાં **'આદિ-મધ્ય-અંતમાં...'** ભાષા જુઓ પાછી. જરી પવનની આદ્ય હતી એટલે મોજું ઊઠ્યું. જરીક જરીક પ્રેરકપણું હતુંને પ્રેરકપણું થયુંને? ધક્કો વાગ્યો કે નહિ એનો? આ પવન આવ્યો ત્યારે આ ધજાની પૂંછડી આમ આમ ચાલે છે કે નહિ?

**શ્રોતા :-** જરાય નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું જરાય નહિ? તો આ ધજા ચાલી કેમ? પવન ન હોય આમ બેસી રહે. એય..! પવન આવ્યો તો પૂંછડી (હલી), પાછો જેની કોરનો પવન. પણ એ

તો કહે છે કે બાપુ! નિમિત્ત હોવા છતાં એ પવન વ્યાપક અને પૂંછડીની આમ અવસ્થા વ્યાપ્ય એવું ત્રણકાળમાં નથી. ભિન્ન-ભિન્ન પદાર્થ છે. આહા..હા..!

આ લીમડો જુઓને. એક માણસ કહેતો હતો. લ્યો આવું! સાંભળ તો ખરો પણ હવે, કીધું. આ લીમડો છેને જુઓ ઝાડ. હલ્યા કરે. નીચે છાયા ચાલે છે. છાયા ચાલે છે કે નહિ? મેં તો માથાનો દાખલો આપ્યો હતો રાતે. દીવો હતોને દીવો? અહીં આમ પડે છે ને. દીવો આમ હોયને તો માથું આમ પડેને. તો આમ-આમ થાય તો હાલે માથું ભીંત ઉપર કાળુ થઈને. આને લઈને ત્યાં થાય છે? ભીંત ઉપર પ્રકાશ આમ થાયને. આડું હોય ને દીવો ત્યાં હોય તો આમ આડશ આવે. ત્યાં દેખાણું એકદમ. ત્યાં જો શું થાય છે? તું આમ કર તો ત્યાં એમ થાય, તું આમ કર તો આમ થાય.

**શ્રોતા** :- દીવો હાથમાં લઈને ફેરવે તો ફરી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- દીવો કોણ હાથમાં લે? ભગવાન! એ વાતું બાપા, તત્ત્વની વ્યાયામશાળા જુદી છે. આ ઝાડ કીધુંને. એક સમડી આવી. સમડી-સમડી. સમડી સમજો છો? સમડી નથી હોતી? આમ પાણી હોયને દરિયામાં ઉપરથી પડે દરિયામાં છાયો પડે લ્યો. છાયો. અહીં છાયો પડે. સમડીને લઈને છાયો છે? નિમિત્ત હોવા છતાં વ્યાપ્યવ્યાપક નથી. એનું વ્યાપકપણું અહીં છાયાનું વ્યાપ્યપણું છે જ નહિ, એમ અહીં સિદ્ધ કરે છે. આ તો દૃષ્ટાંત છે એ માંહ્યલા, હોં! સમજાણું કાંઈ?

કહે છે, દરિયો પોતે સમુદ્ર મોજુ ઊઠવાની આદિમાં પોતે, મોજુ બંધ થવાની આદિમાં પોતે, મધ્યમાં પોતે અને અંતમાં પોતે. સમય એક જ, હોં! આદિ-મધ્યમાં એ પોતે જ છે દરિયો. '**વ્યાપીને ઉત્તરંગ અથવા નિસ્તરંગ એવા પોતાને કરતો થકો, પોતાને એકને જ કરતો પ્રતિભાસે છે...**' ભાષા જુઓ. એ પોતાને એકને કરતો પ્રતિભાસે છે. તને ક્યાંથી આવ્યું વળી આવું? ઓલો કહે, ના, ના, પણ અમને ભાસે છેને આ પવનથી થયું. અહીં તો કહે છે, '**પોતાને એકને જ કરતો પ્રતિભાસે છે...**' સમજાણું કાંઈ? '**અન્યને કરતો પ્રતિભાસતો નથી;...**' અન્યને કરતો એમ લીધું, ભાઈ! પવનને કરતો ભાસતો નથી. પવનને આમ લાવવું-આવવું એ કરતો ભાસતો નથી. એવી સ્વતંત્રતા. પદાર્થની પર્યાય સ્વતંત્ર થાય છે. નિમિત્ત હોવા છતાં વ્યાપ્ય-વ્યાપક નામ કર્તા-કર્મ છે નહિ. વિશેષ કહેશે... (**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી પરમાત્મપ્રકાશ, ગાથા-૯૬
## પ્રવચન નં.૭૩, તા.૨૬-૦૮-૧૯૭૬
## (૧૩)

'પરમાત્મપ્રકાશ', ૯૬ ગાથા. પહેલા ભાગની ૯૬. પહેલા ભાગની ૯૬ ગાથા, હોં! 'આગે **નિશ્ચયનયકર આત્મસ્વરૂપ હી સમ્યગ્દર્શન હૈ-**' મુદ્દાની વાત કરે છે.

९६) अप्पा दंसणु केवलु वि अण्णु सव्वु ववहारु।
एक्कु जि जोइय झाइयइ जो तइलोयहँ सारु।।९६।।

આહા..! ગાથા બહુ અલૌકિક છે!

**અન્વયાર્થ :-** 'केवलः आत्मा अपि' 'કેવલ...' 'एक' '**આત્મા હી સમ્યગ્દર્શન હૈ,...**' આહા..હા..! અર્થાત્ સમ્યગ્દર્શન માત્ર કેવળ આત્માના આશ્રયે થાય છે. ત્યાં કોઈ વ્યવહાર-બ્યવહારથી થાય છે એમ નથી. વાત તો એવી છે પણ અત્યારે ગડબડ એવી કરી નાખી છે. સમજાય છે કાંઈ? 'કેવળ **આત્મા હી.**' એમ છેને? આહા..હા..! '**केवलु वि आत्मा दर्शनं सम्यक्त्वं भवति**' આહા..હા..! એકલો આત્મા ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુના આશ્રયે જ સમ્યગ્દર્શન થાય છે. તો એ આત્મા જ સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ?

'अन्यः सर्वः व्यवहारः' '**દૂસરા સબ** વ્યવહાર **હૈ,...**' વ્યવહારનો અર્થ એના આશ્રયે સમ્યગ્દર્શન નથી થતું, એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? પોતાનો મોક્ષમાર્ગ—-દર્શન, જ્ઞાન, ચારિત્ર તો આત્મા જ છે અથવા આત્માના આશ્રયે ઉત્પન્ન થાય છે તો એ આત્મા જ છે. આગળ કહેશે, તો આ બીજો વ્યવહાર શું છે? અન્ય વ્યવહાર હો. બાહ્ય સહકારી કારણ તરીકે એને હો. વ્યવહાર દયા, દાન, વ્રતાદિના ભાવ કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ એ કેવળ મોક્ષના માર્ગમાં બાહ્ય સહકારી કારણ કહેવામાં આવે છે. બસ, એટલું. સમજાય છે કાંઈ? પણ ઉપાદાન તો આત્માથી જ સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે, એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? '**સબ** વ્યવહાર **હૈ,...**' એમ કહીને વ્યવહારના આશ્રયે સમ્યગ્દર્શન નથી થતું એમ હવે સિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** વ્યવહાર સાધક, નિશ્ચય સાધ્ય તો કહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સાધકનો અર્થ બાહ્ય સહકારીનો આરોપ દઈને સાધક કહ્યું, સાધક છે નહિ. આ વાત છે. આગળ ગાથામાં આવશે. પોતાના આત્માના અવલંબને, જેમાં

અનંતઆનંદ-જ્ઞાન આદિ ભર્યા છે, પ્રભુ! એના આશ્રયે, તેની પૂર્ણતાના સ્વીકારથી સમ્યગ્દર્શન થાય છે, તે જ મોક્ષનો માર્ગ છે. સાથે એને સાધક કહ્યું, બાહ્ય નિમિત્ત કારણને જોઈને. એ હમણાં આવશે. ૯૮માં? ૯૮માં આવશે. ૯૮છેને? ૯૮નો ભાવાર્થ.

'**વીતરાગનિર્વિકલ્પસમાધિરૂપ શુદ્ધભાવના નહીં હૈ, ઉસકે શાસ્ત્ર, પુરાણ, તપશ્ચરણાદિ સબ વ્યર્થ હૈં.**' છે? આ ભગવાનના ચોપડામાં તો આમ છે. આહા..! '**યહાં શિષ્ય પ્રશ્ન કરતા હૈ...**' જુઓ હવે. '**ક્યા બિલકુલ હી નિરર્થક હૈ?**' બિલકુલ નિરર્થક છે? આહા..હા..! '**ઉસકા સમાધાન ઐસા હૈ કિ બિલકુલ તો નહીં હૈ, લેકિન વીતરાગ સમ્યક્ત્વરૂપ નિજ શુદ્ધાત્માકી ભાવના સહિત હો, તબ તો મોક્ષકે બાહ્ય સહકારીકારણ હૈ...**' બાહ્ય સહકારી સાથે છે તો નિમિત્તકારણ કહેવામાં આવે છે. આહા..હા..! જુઓને એ! 'ટોડરમલે' ખુલાસો કર્યો છે એ વાત અહીંથી નીકળે છે. જે આત્મા પોતાના આશ્રયે... આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરે છે તો એ એક જ મોક્ષમાર્ગ છે, અન્ય બધું વ્યવહાર નામ મોક્ષમાર્ગ નથી એમ અહીંયા ચાલતી ગાથામાં કહેવું છે. એને અહીંયા કહ્યું કે અંતરમાં અભેદરત્નત્રય સ્વના આશ્રયે પ્રગટ થયા હોય તો એ બધાને બાહ્ય સહકારી જોઈને નિમિત્ત—સહકારી કારણ કહેવામાં આવે છે. બાહ્ય સહકારી કારણ, અંતરમાં નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? એક વાત (થઈ).

'**યદિ વે વીતરાગસમ્યક્ત્વકે અભાવરૂપ હો, તો પુણ્યબંધકે કારણ હૈં,...**' અંતર સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન થયું ન હોય અને એ વ્યવહાર હોય તો પુણ્યબંધનું કારણ છે. બે (વાત થઈ). '**ઔર જો મિથ્યાત્વ-રાગાદિ સહિત હો તો પાપબંધકે કારણ હૈં,...**' ત્રણ ખુલાસા કર્યા. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા જે પૂર્ણ શુદ્ધ ચૈતન્યની સન્મુખ થઈને-એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય છે. એ સમ્યગ્દર્શનની વાત મુખ્ય છે ને. તો સાથે એ વ્યવહાર હોય તો એને બાહ્ય સહકારી નિમિત્ત તરીકે કહો, જાણો. એમ કહે છે. અંતર સ્વભાવનો આશ્રય નથી અને એ વ્યવહાર હો તો મિથ્યાત્વસહિત પુણ્યબંધ થાય છે. આહા..હા..! અને ઈ ન હોય.. સમજાય છે કાંઈ? '**મિથ્યાત્વરાગાદિ સહિત હો તો પાપબંધકે કારણ હૈં,...**' આહા..હા..! વ્યવહારરત્નત્રય પણ મિથ્યાશ્રદ્ધા સહિત હો તો એ પાપબંધનું કારણ છે. જુઓ, જેને મોક્ષનું બાહ્ય સહકારી કહેતા હતા એ મિથ્યાત્વ-રાગાદિ સહિત હો તો એ પાપબંધના કારણ છે. આહા..હા..!

વીતરાગ સમકિત નથી અને એકલા દયા, દાન, વ્યવહાર શ્રદ્ધા, જ્ઞાન હો તો પુણ્યબંધનું કારણ છે.

**શ્રોતા :-** મિથ્યાત્વ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મિથ્યાત્વ તો સાથે છે જ, પણ અહીં તો હજી એને અભાવ છે એટલું લીધું છે. વીતરાગી સમકિત નથી પણ એનું જોર અંતર વલણ તરફ નથી. પણ

જરી એનો શુભભાવ છે તો એને બાહ્ય પુણ્યબંધનું કારણ કહ્યું છે. છે તો એ સમકિત વિના. કહ્યુંને? '**वीतरागसम्यक्त्वके अभावरूप हों...**' સમકિત તો નથી. '**तो पुण्यबंधके कारण हैं, और मिथ्यात्वरागादि सहित हों,...**' તદ્દન પરસન્મુખની દૃષ્ટિ અને પરસન્મુખનો રાગ હો તો તો પાપબંધનું કારણ છે. '**जैसे के रुद्र...**' શંકર આદિ '**विद्यानुवादनामा दसवें पूर्व तक शास्त्र पढकर भ्रष्ट हो जाते हैं.**' સમજાય છે કાંઈ? આહા..હા..!

એ તો અન્ય વ્યવહાર આવ્યું ને? '**आत्मा ही सम्यग्दर्शन है, दूसरा सब व्यवहार है,...**' આહા..હા..! ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, ભક્તિ, પૂજા, દાન, દયા, વ્રત, તપ આદિ હો, એ બધો વિકલ્પ છે અને બધો અન્ય વ્યવહાર છે એનો અર્થ કે મોક્ષમાર્ગ નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! અરે..! એને ઉદ્ધાર કરવાનો રસ્તો તો પ્રભુ આત્મા છે. એ આત્માનું અવલંબન લીધા વિના જે કંઈ કરે એ બધું નિરર્થક છે, મોક્ષમાર્ગમાં એ સાર્થક નથી. મોક્ષમાર્ગ માટે નિરર્થક, સંસાર માટે સાર્થક. આહા..હા..! આવી વાત છે, ભાઈ! ભાષા જુઓને! '**अन्यः सर्वः व्यवहारः**'. આહા..! ભગવાનઆત્મા અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન પ્રગટ કરે તો એ સમ્યગ્દર્શન આત્મા જ છે, એ સિવાય અનાત્મા છે, બધો વ્યવહાર અનાત્મા છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- મિથ્યાત્વના અભાવરૂપ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ, નહિ. અભાવ છે પણ જરી મંદ છે, તીવ્ર મિથ્યાત્વ નહિ. મંદ છે અને એની સાથે પુણ્યબંધ.

**શ્રોતા** :- સન્મુખતા છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સન્મુખ તો નથી. મંદ છે એટલું. મંદ તો થાય છેને. મિથ્યાત્વ, અનંતાનબંધીની મંદતા થાય છે. છતાં મંદ થાય એ કંઈ વસ્તુ નથી. સમજાય છે કાંઈ? પુણ્યબંધ થાય છે, એમ કહે છે. આહા..હા..! ગજબ વાત છે, ભાઈ! વીતરાગનો માર્ગ અત્યારે બહુ વીંખાઈ ગયો. ચારે કોર રાડેરાડ પાડે છે. અરે..! આ વ્યવહારનો તિરસ્કાર કરે છે, તિરસ્કાર કરે છે. વ્યવહારથી થાય છે એમ માનતા નથી, એકાંત છે. જૈન ગેજેટમાં બહુ આવે છે. અરે..! ભગવાન! તારી ચીજને છોડીને જે થાય છે એ આત્માના મોક્ષનું કારણ નથી. એ તો અનાત્મા છેને, પ્રભુ! આહા..હા..! અનાત્મા એ આત્માના મોક્ષના કારણમાં કેમ મદદ કરે? સમજાય છે કાંઈ? ભાષા જુઓને સિદ્ધાંત.

'**आत्मा ही...**' એમ શબ્દ છેને? ટીકામાં એમ છે, '**अप्पा दंसणु**'. આત્મા જ દર્શન છે. આહા..હા..! ભાઈ! લોકોને આત્માની કિંમત નથી. આત્મા અનંતઆનંદનો નાથ, અતીન્દ્રિય સહજાનંદ પ્રભુ, સહજાત્મસ્વરૂપ સહજ આત્મસ્વરૂપ ત્રિકાળ, એની સન્મુખ થઈને, એના આશ્રયે, સમ્યગ્દર્શન એના આશ્રયે થયું તો એ આત્મા છે, એમ કહે છે. આહા..હા..! ભાવમાં જરી વિચાર કરવો જોઈએ, ભાઈ! અહીં કહે છે, '**अप्पा दंसणू**' આત્મા જ સમ્યગ્દર્શન છે.

'अन्यः सर्वः व्यवहारः' છે. આહા..! એક લીટીમાં તો કેટલું નાખ્યું છે! આ સિદ્ધાંત કહેવાય. સમજાય છે કાંઈ? ગંભીરતાનો પાર નહિ. આહા..હા..! આ સંતોની વાણી રામબાણ વાણી છે. એક પંક્તિમાં આટલું ભરી દીધું છે.

ભગવાનઆત્મા વસ્તુ છેને. પરમાનંદ અનાકુળ શાંતરસનો કંદ પ્રભુ છે. એ સમ્યગ્દર્શન આત્મા છે. કેમકે એ આત્માના આશ્રયે ઉત્પન્ન થયું તો એ આત્મા છે. આહા..હા..! અને પરના આશ્રયે વ્યવહાર ઉત્પન્ન થાય એ અનાત્મા છે. આહા..હા..! વાત તો આવી છે, પ્રભુ! લોકોને પણ આ પદ્ધતિ—રીત નહોતી, નવી આવી એટલે એને લાગે છે. શાસ્ત્રમાં તો પહેલેથી પડી છે. આ નવું બનાવ્યું છે? આ સોનગઢનું છે? 'અમરચંદભાઈ'!

**શ્રોતા :-** એનો આપે ઉકેલ કરી દીધો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ જુદી વાત છે. આ છે. આહા..હા..! એ.. શેઠ! આ 'પરમાત્મપ્રકાશ' પહેલાંનું છે કે અહીંનું છે? પહેલાનું છે?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છપાવ્યું નથી, ઈ વાત સાચી. આ પ્રકાશન પણ ત્યાંથી આવ્યું છે, 'અગાસ'થી આવ્યા છે. હમણાં નવા આવ્યા છે, કોઈ કહે છે. કેટલા? ૨૫૦! ઓહોહો..! ૧૦૦૦ આવ્યા. પહેલા ૨૫૦, પછી ૧૦૦, પછી ૪૦૦, હવે ૨૫૦. ૧૦૦૦ થયા, ઘણા પડ્યા હશે. 'અગાસ'માં છપાવ્યા છે. શેઠ કહે છે એમ અહીં નથી છપાયું. આ તો બીજે ઠેકાણે છપાયા છે. આહા..! અહીં છપાયું હોય તોપણ શબ્દો તો ઈના ઈ છેને. આહા..હા..! ગજબ વાત છે! ૯૬ ગાથા, આહા..હા..! આહા..હા..!

'**आत्मा ही सम्यग्दर्शन है,...**' છે? આહા..હા..! '**केवल**' એમ લખ્યું છેને? આહા..! પાછી ખુબી શું છે? ભગવાન પૂર્ણાનંદ ઉપર જેની દૃષ્ટિ ગઈ... આહા..હા..! તો એ દૃષ્ટિનો આશ્રય તો ભગવાનઆત્મા થયો અને એ દૃષ્ટિ આત્માના આશ્રયે થઈ તો આત્માના આશ્રયે થઈ એ જ આત્મા છે. આહા..હા..! અને '**अन्यः सर्वः व्यवहारः**' ઓહોહો..! સંતો દિગંબર મુનિઓની વાણી તો દેખો! ઓહોહો..! એક પંક્તિમાં તો આખા ચૌદ બ્રહ્માંડનો સાર ભરી દીધો છે. નિશ્ચય અને વ્યવહાર, બેનો ફેંસલો કરી નાખ્યો છે. આહા..હા..! સમજાય છે કાંઈ? સંતો કેવળીઓનો કેડાયતો છે. એની કેડે-કેડે ચાલનારા અને અલ્પકાળમાં કેવળજ્ઞાન લેનારા! ચોક્કસ લેનારા! આહા..હા..!

કહે છે કે જેમાં સંપૂર્ણ શક્તિ અને સંપૂર્ણ આનંદ પડ્યો છે, સંપૂર્ણ જ્ઞાન છે, એવો ભગવાનઆત્મા જે ધ્રુવ સામાન્ય એકરૂપ સ્વભાવનો વિશેષે આશ્રય લીધો, એનો વિશેષ આશ્રય લીધો. સમ્યગ્દર્શન એ વિશેષ છે. આહા..હા..! સામાન્યનો આશ્રય લીધો. સામાન્યનું વિશેષે થયું તો માટે એ આત્મા છે. સમજાય છે કાંઈ? આહા..હા..! પુસ્તક છે. અમારે 'જયંતિભાઈ'ને નહોતું આપ્યું, અહીં પડ્યું હતું. 'જયંતિભાઈ'ને આપ્યું, એ.. 'મલૂકચંદભાઈ'! અહીં અમારી

પાસે એક હતું. એક ખાલી હતું તે આપ્યું હમણાં. વાંચે તો ખરા, પછી અહીં મૂકી દેજો. આવ્યા છે. આહા..હા..!

આ ભગવાનઆત્મા, જે વિકલ્પથી ખાલી અને અનંત-અનંત સ્વભાવથી ભરપુર. આહા..હા..! સમજાય છે કાંઈ? એ વર્તમાન પર્યાયથી પણ ખાલી છે અને અનંત ગુણથી ભરપુર ભરેલો ભંડાર છે. 'પોપટભાઈ'! તમારા બે કરોડના ભંડાર-ફંડારની તો અહીં કિંમત ન મળે. આ તો અંદર અનંતો ભંડાર ભર્યો છે.

**શ્રોતા** :- અખૂટ.. અખૂટ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અખૂટ. આહા..હા..! ખૂટે નહિ. કેવળજ્ઞાનની પર્યાય અનંતી કાઢે તોપણ ખૂટ નહિ. આહા..હા..! જેમાંથી કેવળજ્ઞાનની પર્યાય કાઢે, એક સમય, બે સમય એમ અનંત સમય કાઢે તોપણ એ ખૂટે નહિ એવો ભગવાન ભંડાર અંદર છે. આહા..હા..! શંકરનો ભંડાર છે ઈ. આ લોકો દુકાનમાં પેસતા પગે નથી લાગતા? દુકાનમાં અંદર પેસે ને? સવારે દુકાન ઉઘાડે ત્યારે. ઉંબરાને પગે લાગે. શંકરનો ભંડાર છે. એમ કે આજે પેદાશ ખુબ હજો. દુકાનમાં તમારે ત્યાં નથી કરતાં? સવારે દુકાન ખોલેને, સવારે દુકાન ખોલે (એટલે ઉંબરાને પગે લાગે). અમારે તો અહીં દુકાનમાં થાય છે. અમારે બીજા કરતાં હતા, આપણે કરતાં નહોતા દુકાન ખોલીએ ત્યારે. એમ કે આ શંકરનો ભંડાર છે. આ શંકર નામ સુખનો ભંડાર તો આ છે. શંકર નામ સુખ થાય છે. સુખનો ભંડાર ભગવાન અંતર પૂર્ણાનંદનો નાથ. આહા..હા..! જેનો જેણે આશ્રય લીધો એવું સમ્યગ્દર્શન, એ સામાન્યનું જ વિશેષ થયું. તો એ આત્મા જ છે. આ સિવાય અન્ય જેટલા વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના વિકલ્પ, અરે..! શાસ્ત્ર ભણવાનો વિકલ્પ, એ બધું અનાત્મા છે. આ આત્મા છે તો એ વ્યવહાર અન્ય છે તો અનાત્મા છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- ગુરુનો ઉપદેશ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ગુરુનો ઉપદેશ અનાત્મા છે. અહીં તો શેઠ! એવી વાત છે. આ તો ત્રણલોકના નાથ જિનવરદેવનો માર્ગ છે, પ્રભુ આ! આહા..હા..! વીતરાગી પ્રધાન દશા. આહા..હા..! જેમાં પરની સાથે સ્નેહનો સંબંધ નથી, રાગનો સંબંધ નથી. આહા..હા..! એવો ભગવાનઆત્મા... ઓહોહો..! એક લીટીએ તો ગજબ કર્યો છે!

'**अप्पा दंसणु केवलू**' એમ છેને? એટલે કેવળમાં એક આવી ગયું, ભાઈ! એકલું કેવળ આત્મા દર્શન છે. આહા..હા..! સમ્યગ્દર્શનને માટે ભગવાન એકલો આત્મા જ આશ્રય છે. માટે દર્શનને કેવળ આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! પુસ્તક સામે છેને? જુઓને! એને માટે તો રાખીએ છીએ. નહિતર કંઈ વાંચન અહીં થાય અને પુસ્તક નીચે હોય? પણ આ તો એને વિશેષ ખ્યાલ આવે એ ખાતર પુસ્તક રાખીએ છીએ. સમજાય છે કાંઈ? '**अन्यः सर्वः व्यवहारः**' બે ભાષા કરી. એક કોર ભગવાનઆત્મા સમ્યગ્દર્શન એકરૂપ આત્મા, અન્ય

સર્વ વ્યવહાર. આહા..હા..! ચાહે તો દયા, દાનના વિકલ્પ ઊઠે, ભગવાનની ભક્તિ, તીર્થંકર ગોત્રનો ભાવ (હો), બધો વ્યવહાર છે. આહા..હા..! પરના આશ્રયે ઉત્પન્ન થયા એ બધો વ્યવહાર છે. પોતાના આશ્રયે ઉત્પન્ન થયો એ આત્મા છે. આહા..હા..!

ભગવાન નિજ આંગણે આવ્યા, પર્યાયમાં આવ્યા. આહા..હા..! જે સ્વભાવમાં પૂર્ણાનંદમાં હતું, એનો આશ્રય લીધો તો એ પર્યાયમાં ભગવાન આવ્યા. આહા..હા..! ઓહોહો..! દર્શનની પર્યાયમાં આખા આત્માની શ્રદ્ધા થઈ. ભલે આત્મા પર્યાયમાં આવ્યો નહિ, પણ આખા આત્માની શ્રદ્ધા થઈ તો આત્મા આવ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ તો બાપુ! વીતરાગનો માર્ગ છે, ભાઈ! ચાહે તો ... ભાઈ નથી આવ્યા? 'છોટુભાઈ રાયચંદ'. એને બિચારાને બેય આંખ ગઈ છે. બહુ હિંમતવાળો માણસ. જામરને લઈને આંખ ગઈ. જામરની ખબરેય ન પડે કે આ છે. આહા..હા..! દેહની દશા.. ભગવાન કોઈ દિ' આંધળો થતો નથી. એ તો જ્ઞાનચક્ષુ ભગવાનઆત્મા. જેના જ્ઞાનચક્ષુ છે એવા ભગવાનનો જેણે આશ્રય લીધો, મોટાનું શરણ જેણે લીધું, એ પર્યાય પણ આત્મા થઈ ગઈ. આહા..હા..! સમજાય છે કાંઈ? જેણે નિમિત્ત અને પરનો આશ્રય લીધો એ અનાત્મા થઈ ગયા. આહા..હા..! ત્રણલોકના નાથનો આશ્રય લીધો તે આત્મા થઈ ગયો. સમજાય છે કાંઈ? પર્યાયમાં વારસો મળ્યો. દ્રવ્યની જેટલી શક્તિ છે તેનો પર્યાયમાં વારસો મળ્યો. તેથી તેને આત્મા કહે છે. આહા..હા..! અને વિકલ્પ વ્યવહારાદિ છે એ બધા આત્માથી ભિન્ન છે માટે અનાત્મા છે, એમ કહે છે. ભિન્ન કહ્યુંને અહીંયાં? આહા..હા..! ગજબ વાત, પ્રભુ! લોકોને બેસે ન બેસે, એકાંત માને ન માને, સ્વતંત્ર છે, ભાઈ! માર્ગ તો પ્રભુનો આ છે. પ્રભુના શ્રીમુખે દિવ્યધ્વનિમાં આ આવ્યું છે. સમજાય છે કાંઈ?

'**अन्यः सर्वः व्यवहारः**' ન્યાંથી નીકળવું કઠણ પડે છે. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનો જેણે આશ્રય લીધો એ આત્મા અને જેણે પરનો આશ્રય લીધો એ સર્વ વ્યવહાર અનાત્મા. હવે શું કરવું છે તારે? 'નવરંગભાઈ' છે હજી, રોકાણા છે, ઠીક. કહો, 'નવરંગભાઈ'! પાણીનું ગળવું ક્યાંય રહી ગયું. આ પાણી ગળવું આવ્યું. આહા..હા..! અરે..! વીતરાગદેવની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન, પંચ મહાવ્રતના પરિણામ... કહે છે કે આત્મા સમ્યગ્દર્શન છે, તો એ આત્મા નહિ. આહા..હા..! આમ બે ફડચા પાડ્યા છે. હવે એ અનાત્માથી આત્મા થાય? ભગવાન! એ ન હોઈ શકે. આહા..! ન્યાયસંગત નથી. પ્રભુ! તને ખ્યાલમાં તો આવવું જોઈએને. સત્ય શું છે અને અસત્ય શું છે, એની તુલના કરીને અંદર પ્રેમ તો આવવો જોઈએને. અનાત્માથી આત્મા થાય? આહા..હા..! આત્માથી આત્મા થાય, આત્માથી આત્મા થાય છે. અનાત્માથી અનાત્મા થાય છે. પરના આશ્રયે તો અનાત્મા થાય. આહા..હા..!

દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, ભક્તિ, પૂજા, વ્રત ભાવ આદિ.. ઓહોહો..! '**अन्यः सर्वः व्यवहारः**'. સર્વ વ્યવહાર, એમ પાછું. આહા..! બે જ ભાગ. એક કોર ભગવાનને આશ્રયે

થયો એ આત્મા અને પોતા સિવાય જેટલા પરના આશ્રયે થયા એ સર્વ વ્યવહાર-અનાત્મા. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ, આ? આવી વાત છે, ભગવાન! શું કરીએ? કડક પડે. પ્રભુ! માર્ગ તો આ છે, ભાઈ! લોકોને સમજમાં ન આવે, ન બેસે અને ઊંધે રસ્તે ચડી જાય એથી કાંઈ સત્ય નહિ પલટે. આહા..!

ત્રણલોકના નાથ દિવ્યધ્વનિમાં આવ્યું એને સંતોએ શાસ્ત્રમાં રચ્યું. એ દિગંબર મુનિઓ મહા પરમાત્મા તુલ્ય ભગવાન છે. એ પરમાત્મા જ છે. સંતો પરમાત્મા છે. આહા..હા..! પરમેષ્ઠી નહિ, પણ પરમાત્મા. એ સ્વરૂપ જ. પંચપરમેષ્ઠી જ પરમાત્મા છે. એક પૂર્ણ છે અને થોડું બાકી છે, પણ એ પૂર્ણતુલ્ય જ છે. આહા..હા..! 'નિયમસાર'માં લીધું છે. સંતો અને પરમાત્મામાં કિંચિત્ ફેર ન જોવો, ફેર જોવે એ જડ છે. એમ કહે છે. આહા..હા..! આવી વાણી તો જુઓ! એના ભાવ અંદર ઘા મારી જાય. આહા..હા..! ૯૬ ગાથાની એક લીંટી. '**अन्यः सर्वः व्यवहारः**' એમ શબ્દ પડ્યો છેને? '**अण्णु सव्वु ववहारु**' અન્ય સર્વ વ્યવહાર. ચાહે તો ત્રણલોકના નાથ તીર્થંકર ગોત્રની પ્રકૃતિ જે ભાવે બંધાય એ વ્યવહાર છે, અનાત્મા છે. કહો, 'સુજાનમલજી'! આવી વાતું છે, પ્રભુ! આહા..હા..! બહારના આચરણ અને બહારની ક્રિયાથી અંદરમાં જઈ શકશે એવું જે માને છે, પ્રભુ! એમ નથી, ભાઈ! એ વસ્તુ જ એવી નથી. નમાલો નથી એ કે જેને રાગની મદદ મળે તો અંતરમાં જાય અને અનુભવ થાય. આહા..હા..! એવો એ બળવાન આત્મા છે. આ પાંચ ઇન્દ્રિય છેને? ભાઈ! એ પંચેન્દ્રિયને બળવાન કીધી છે. 'પંચાસ્તિકાય'. પાંચ ઇન્દ્રિયમાં પાંચ ઇન્દ્રિય છે ખરીને? અને ક્ષયોપશમ એ પ્રમાણે છેને. બળવાન ભાષા મૂળ પાઠમાં છે. 'પંચાસ્તિકાય'. પાંચ ઇન્દ્રિય પૂરી થઈ એને બળવાન કીધી. અહીં તો અણીન્દ્રિય ભગવાન પૂર્ણાનંદનો નાથ,.. આહા..હા..! એના બળની શું વાત કરવી! સમજાય છે કાંઈ? એ તો એને એમ કે ક્ષયોપશમ વિશેષ છેને. ચાર ઇન્દ્રિય કરતાં પંચેન્દ્રિયને ક્ષયોપશમ વિશેષ છે, એટલી વાત. એને સમજવાનો જોગ હોય ત્યાં સમજે. બીજા મન વિનાના પ્રાણી અને પંચેન્દ્રિય હોય એને બિચારાને ક્યાં સાંભળવાનું પણ મળે નહિ. અરેરે..! આહા..! હવે શું કહે છે?

'ઇસલિયે...' એમ શબ્દ પડ્યો છે ટીકામાં. ટીકામાં એમ છે, જુઓ! '**आत्मा दर्शनं सम्यक्त्वं भवति। कथंभूतोऽपि। केवलोऽपि। अण्णु सव्वु ववहारु अन्यः शेषः सर्वोऽपि व्यवहारः**' આહા..હા..! ટીકાકાર.. '**तेन कारणेन**' તે કારણે. આહા..હા..! હે યોગી! સ્વરૂપમાં તારી દૃષ્ટિ પડી છે માટે તને યોગી કહીએ છીએ. આહા..હા..! હે સંત, યોગી! જેણે વર્તમાન પર્યાયને દ્રવ્ય સાથે જોડી દીધી છે એ યોગી છે. જે વર્તમાન પર્યાયને રાગ સાથે જોડે છે તે અયોગી ભ્રષ્ટ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? શું કહ્યું? આત્મા કેવળ સમ્યગ્દર્શન—એકલું સમ્યગ્દર્શન છે. એક જ આત્માનો આશ્રય લીધો માટે એ સમ્યગ્દર્શન તે આત્મા. '**अण्णु सव्वु**' અન્ય સર્વ. ટીકામાં '**शेषः**' લીધું છે. અન્ય શેષ ગમે તે હો.

પંચમહાવ્રતનો વિકલ્પ, તીર્થંકર ગોત્ર બાંધવાનો, સર્વાર્થસિદ્ધના આયુષ્યનો વિકલ્પ.. આહા..હા..! તીર્થંકર ગોત્ર બાંધવાનો ભાવ એ શેષ અન્ય વ્યવહાર છે. અન્ય '**शेषः सर्वोऽपि व्यवहारः**' એમ છેને? પાઠમાં સર્વ શબ્દ છે.

'**ઈસલિયે હે યોગી એક આત્મા હી ધ્યાન કરને યોગ્ય હૈ,...**' આહા..હા..! તું લાખ વાત કર, શાસ્ત્રની અનંત વાત કર, આ આત્મા છે એ ધ્યાન કરવાલાયક છે, બસ! બીજી કોઈ વસ્તુ નથી. આહા..હા..! ભગવાનઆત્માને દેવ-ગુરુ-શાસ્ત્રનું ધ્યાન કરવા લાયક નથી. એ તો પહેલું આવી ગયુંને? કાલે આવ્યું હતું. તું દેવને સેવ નહિ, ગુરુને સેવ નહિ. આચાર્યને જગતની ક્યાં પડી છે. સત્યને જાહેર કરે છે. કહે છે કે તીર્થમાં ન જાય. અરે..! પ્રભુ! પણ એટલો શુભભાવ છેને. સાંભળ, સાંભળ! ગુરુને ન સેવ, અરિહંતનું ધ્યાન ન કર. દેવ માનીને એનું ધ્યાન ન કર. તું પોતે દેવ, ગુરુ અને તીર્થ છો. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! આવી વાણી તો જુઓ સંતોની! રામબાણ છેને! બે ફેંસલા કરી નાખ્યા છે. એક આત્મા અને એક અનાત્મા, એક નિશ્ચય અને એક વ્યવહાર. આહા..હા..!

તે કારણે, આમ છે એ કારણે હે મુનિ, હે યોગી! આહા..હા..! '**एक एव ध्यायते**' જોયું! આત્મા કેવળ એક સમકિત છે, અન્ય સર્વ વ્યવહાર છે. તેથી 'એક આત્મા હી ધ્યાન કરને યોગ્ય હૈ,...' આહા..હા..! ધર્મ કરવો હોય એને તો ભગવાન પૂર્ણાનંદના નાથનું ધ્યાન કરવું એ એક જ ચીજ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એનો અર્થ હજી ચોથે પદે ખુલાસો કરશે. પહેલું તો કહ્યું, કેવળ સમ્યક્ આત્મા જ છે, અન્ય સર્વ શેષ વ્યવહાર છે. તેથી આત્માનું જ ધ્યાન કરવું. લાખ વાતની વાત.. 'છ ઢાળા'માં આવ્યું નહિ? લાખ નહિ, કરોડ઼ નહિ, અનંત વાતની વાત. છેને? લાખ વાતની વાત, નિશ્ચય નિર ઉર આણો. એ શું? આ. લાખ, કરોડ વાત શાસ્ત્રની (આવે) પણ એક આત્મા તરફ જા. બસ, એક જ વાત. બાકી બધું અસાર.. અસાર.. અસાર.

**શ્રોતા :-** છોડી સકલ જગ દ્વંદ્વ ફંદ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, દ્વૈત પણ છોડી દે. આ ગુણી ને આ ગુણ ને આ દ્રવ્ય ને આ પર્યાય ને એવા ભેદ પણ છોડી દે. આહાહા! એક નિજ આત્મ ઉર ધ્યાવો. નિજ આત્મા પાછો, એમ. ભગવાન છે એ નહિ. આ તો કંઈ દિગંબર સંતોને પડી છે કંઈ? આ વચનનો તુલના કરીને કોણ જૂઠા કહેશે, અમને પાગલ કહેશે.. હો, અમે તો પોકાર કરીને કહીએ છીએ કે તીર્થમાં જાવ નહિ, ગુરુની સેવા કરવી નહિ. આહાહા! અરે..! ભગવાન! ભાઈ! તેમાં તારો લાભ નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? એમાં આત્માનો લાભ નથી. ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, દાંડી પીટીને મોટે અવાજે જે કહેવું છે તે મુનિ કહી રહ્યા છે. આહા..હા..! સમાજમાં કેમ માનશે, કેમ કરશે.. સમાજ એને ઘરે રહ્યો. આહા..હા..!

ભાઈ! તું પરમાત્મસ્વરૂપ છોને! અને તારે આશ્રયે થયેલું સમ્યગ્દર્શન તે તું છોને!

આહા..હા..! તું છોને. એ આત્મા છે, પ્રભુ! આહા..હા..! એક કોર પૂર્ણાનંદના નાથને આત્મા કહ્યો, પર્યાયને પણ નહિ. ૩૮ (ગાથા). નિશ્ચય આત્મા, ત્રિકાળી તે નિશ્ચય આત્મા, પર્યાય નહિ. અહીં તો એને આશ્રયે થયું માટે આત્મા અને પરાશ્રય થયું માટે વ્યવહાર અનાત્મા છે એમ સિદ્ધ કરવા માટે (કહ્યું છે). આહાહા! સમજાય છે કાંઈ? કહો, 'વિમલચંદજી'! આવી વાત છે, ભગવાન! એ દુનિયા દુનિયાની જાણે, બાપુ! પાંચ-પચાસ લાખ થાય એટલે આમ ખુશી.. ખુશી.. ખુશી થઈ જાય. બાયડી સારી રૂપાળી મળેને.. અરે..! બાપુ! એ શું છે? બધા મસાણના હાડકા છે, ભાઈ! ત્રણલોકનો નાથ જ્યાં છે ત્યાં વિકલ્પની કિંમત નથી. આહાહા! ભગવાન પાસે પર ચીજની ક્યાં કિંમત છે, ભાઈ! સમજાય છે કાંઈ?

હે યોગી! **'एक एव ध्यायते'** પહેલું કીધું હતુંને? **'केवलः आत्मा अपि'** સમ્યક્. કેવળ આત્મા જ સમ્યગ્દર્શન છે. તો **'એક આત્મા હી ધ્યાન કરને યોગ્ય હૈ,...'** કેમ? **'यः त्रैलोक्यस्य सारः'** આહા..હા..! શેઠ! છે? ક્યાં છે? હજી હાથ નથી આવ્યું. **'यः त्रैलोक्यस्य सारः'** છે. ત્રણલોકમાં સાર ત્રણલોકનો નાથ પોતે સાર છે. આહા..હા..! **'તીન લોકમેં સાર હૈ.'** આહા..હા..! વ્યવહાર-ફ્યવહાર એ સાર નહિ. આહા..હા..! એ અસાર છે. સમજાય છે કાંઈ? શું થાય? ભાઈ! માર્ગ આ છે. દુનિયાને કઠણ લાગે પણ માર્ગ તો હોય એ હોયને. આહા..હા..! શિરો કરવો હોય તો પહેલા ઘીમાં લોટને શેકે છે, પછી ગોળનું પાણી નાખે. બહુ મોંઘું પડી જાય અને ગોળના પાણીમાં લોટ શેકે પછી ઘી નાખે તો શિરો થાય? શીરો બનાવવાની રીત તો એ જ છે. શીરો-હલવો. પહેલા લોટને ઘીમાં શેકવો. ભલે ઘી મોંઘું હોય, લોટ ચૂસી લે, પણ શીરો તો એ રસ્તે થશે. એમ ભગવાનઆત્મા પોતાના આશ્રયે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. ત્રણકાળમાં પરના આશ્રયે મોક્ષમાર્ગ થતો નથી. આહા..હા..! **'તીન લોકમેં સાર હૈ.'**

ભાવાર્થ :- **'વીતરાગ ચિદાનંદ અખંડ સ્વભાવ, આત્મતત્ત્વકા સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અુભવરૂપ જો અભેદરત્નત્રય યહી જિસકા લક્ષણ હૈ,...'** આહા..હા..! વીતરાગ ચિદાનંદ અખંડ સ્વભાવ આત્મતત્ત્વ. પહેલાં આત્મતત્ત્વની વ્યાખ્યા કરી. વીતરાગ ચિદાનંદ અખંડ સ્વભાવ. ભગવાનઆત્મા વીતરાગ અખંડ ચિદાનંદ સ્વભાવ આત્મતત્ત્વનું સમ્યક્ શ્રદ્ધાન, તેનું સાચું શ્રદ્ધાન, સાચું જ્ઞાન અને સાચા અનુભવની સ્થિરતા, એ **'અભેદરત્નત્રય યહી જિસકા લક્ષણ હૈ,...'** આહા..હા..! **'તથા મનોગુપ્તિ આદિ તીન ગુપ્તિરૂપ સમાધિમેં લીન...'** આહા..હા..! મન, વચનથી, કાયાથી, વિકલ્પથી ખસી સમાધિ—શાંતિ.. શાંતિ.. શાંતિમાં લીન.

**'નિશ્ચયનયસે નિજ આત્મા હી નિશ્ચયસમ્યક્ત્વ હૈ,...'** આહા..હા..! જુઓ, આ સમકિતની વ્યાખ્યા કરી. આહા..હા..! સમાધિ શાંતરસમાં લીન, શાંતરસ ભગવાનઆત્મા, એમાં શાંતરસની પરિણતિથી લીન. આહા..હા..! **'નિશ્ચયનયસે નિજ આત્મા હી નિશ્ચયસમ્યક્ત્વ

**है,...'** આહા..હા..! વ્યવહારશ્રદ્ધા કરો ને રુચિ કરો, એ નહિ. આ તો શ્રદ્ધા અને રુચિ એનું નામ છે કે જ્યાં આનંદના નાથની શુદ્ધ પરિણતિ આનંદની શાંતિ પ્રગટી એ નિશ્ચયસમકિત કહેવાય છે. આહા..હા..! પરથી ખસીને સ્વભાવના આનંદની લહેરમાં લીનતા કરે છે તેનું નામ આત્મા અને નિશ્ચયસમકિત છે. આહા..હા..! **'અન્ય સબ વ્યવહાર હૈ.'** 'દશરથલાલજી'! **'અન્ય સબ વ્યવહાર હૈ.'** આત્મા નહિ. આહા..! ભાઈ! થોડું પણ સત્ય હોવું જોઈએને. સમજાય છે કાંઈ? લાંબી મોટી-મોટી વાતું કરે ને આમ થાય ને આમ થાય ને આમ થાય. વ્યવહારથી આમ થાય, પરંપરાએ થાય. કોને થાય? ભાઈ! કઈ રીતે થાય? આહા..હા..! વ્યવહાર અનાત્મા, એનાથી પરંપરાએ આત્મા થાય.

એ તો વ્યવહાનયનું વાક્ય છે. તે કોને? સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ધર્માત્મા માટેની વાત છે. હજી અજ્ઞાની છે એને વ્યવહાર પરંપરા મોક્ષનું કારણ (નહિ). પરંપરા અનર્થનું કારણ, નરક નિગોદનું કારણ છે. આકરું કામ, બાપા! વીતરાગનો માર્ગ.. આહા..હા..! દરકાર કે દિ' કરી છે એણે આત્મા તરફની! એક તો આ બહાની હોળી આખો દિ' સળગી. આહા..હા..! પાપમાં પ્રપંચમાં પડ્યો એને પુણ્યના ઠેકાણા ન મળે. શ્રવણ, મનન, સ્તુતિ, ભક્તિ એ બધું પુણ્ય છે. એને માટે પણ વખત ન મળે. એને આ પુણ્યથી રહિત ભગવાનને ગોતવો હોય તો ક્યારે વખત મળે? આહા..હા..! સમજાય છે કાંઈ? પરદ્રવ્યની પંચાતમાં ફસી ગયો. અને એમ કરતાં આગળ ગયો તો વ્યવહાર એ પણ ખરેખર પરદ્રવ્ય છે, ત્યાં ફસાઈ ગયો. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા.. અહીં તો ગજબ વાત છે! સંતોને કંઈ પડી છે? તમે આ નિષેધ કરો છો (લોકોને બેસશે કે નહિ)? જાત્રા ન કરો, ગુરુની સેવા ન કરો, આવી તમારી નાગી ભાષા.

**શ્રોતા :-** કોઈ ગુરુની સેવા નહિ કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરતું હતું? એને ક્યાં પડી છે. જેને અંતરનું ભાન થાય તેને બહુમાન આવ્યા વિના રહે જ નહિ. સમજાય છે કાંઈ? પણ એ વચ્ચે ડખલ છે માટે એ ન કર, એમ અહીં તો કહે છે. એને દુનિયાની કંઈ પડી નથી. આ તો દિગંબર સંતો છે. બાદશાહ છે, નાગાએ આઘા. નાગા બાદશાહ છે એ તો. આહા..હા..! આનંદના બાદશાહ છે. આ વસ્તી ને મકાનના બાદશાહ કહેવાય, બહારના. આ આનંદના બાદશાહ છે. આનંદમાં ઝુલતા સંતો જગતને વાતું કરે છે. આહા..હા..! ભાઈ! તારો આનંદનો નાથ અંદર પડ્યો છેને, પ્રભુ! તને એ વ્યવહારની ક્રિયાકાંડના વિકલ્પથી તને લાભ થાય, તું ક્યાં ગયો? પ્રભુ! આહા..હા..! તારા સ્વભાવના એ બધા વેરીઓ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપનો વિકલ્પ છે, એ વિકલ્પ વેરી છે. 'પ્રવચનસાર'માં એમ કહ્યું, એ અનિષ્ટ છે. વિકલ્પો માત્ર અનિષ્ટ છે અને સ્વભાવ તે ઈષ્ટ છે. ભગવાને અનિષ્ટનો નાશ કરીને ઈષ્ટની પ્રાપ્તિ કરી છે.

આવે છેને? 'પ્રવચનસાર'માં આવે છે. આહા..હા..! અનિષ્ટનો નાશ કરીને ઈષ્ટની પ્રાપ્તિ કરી છે, એવો પાઠ છે. વ્યવહારમાત્ર અનિષ્ટ હતો તેનો નાશ કરી નાખ્યો છે. આહા..! પરમાત્મા આપે અનિષ્ટનો નાશ કરીને ઈષ્ટની પ્રાપ્તિ કરી. ઈષ્ટ તો પોતાનું સ્વરૂપ છે. એની નિર્મળ પરિણતિ એ જ ઈષ્ટ છે. આહા..હા..! વીતરાગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે ઈષ્ટ છે. રાગાદિ ભાવ તે અનિષ્ટ છે. ચોખ્ખી વાત છે. ભગવાન! પણ આ બહાર આવી ને લોકો એકદમ ભડક્યા. હતું નહિ, હતું નહિ. એ વાત સાચી. આહા..હા..!

**શ્રોતા :–** ... બહુ ભડકતા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રેલ આવી તો પૂજા કરતાં. 'ખસ'માં રેલની પૂજા કરતા. રેલ આવીને? એક કુંભાર હતો. અમે નીકળતા હતા. આ તો મોટી દેવી છે, એમ કહે. રેલ આવીને રેલ? આહા..! એંજિનથી ચાલ્યું. નહિ બળદ, નહિ ઊંટ, નહિ ઘોડા અને આ ચાલે! નળિયું.. નળિયું.. સમજ્યા? મકાન ઉપર (લગાવે છે). આટલા આટલા નળિયા (મૂકે). તમારે નળિયાનું નામ હશે. કેવલો. એમાંથી લઈ અગ્નિ નાખી ને ધૂપ નાખીને રેલની (આરતી) ઉતારતા હતા. આવા મૂઢ. એક જણો વળી એમ કહેતો હતો, સ્થાનકવાસી હતો, આ જીન ચાલે એમાં જીવ છે. 'અમદાવાદ'વાળા. આહા..હા..! વાણિયો. એ તો જડની પર્યાય છે. એમ કે આવું કામ! એકદમ ચાલે. કરોડ-કરોડ મણનો ભાર હોય. સડસડાટ ચાલે. એ કંઈ જીવ વિના ચાલે? અરે..! સાંભળ! એ કહેતો હતો. 'શાંતિભાઈ'નો સાળો હતોને? ઈ. આ તો જીવ છે, કહે. અરે..! પ્રભુ! આહા..હા..!

'**અન્ય સબ વ્યવહાર હૈ. ઈસ કારણ...**' ઈસ કારણ '**આત્મા હી ધ્યાવને યોગ્ય હૈ.**' આહા..! એક ભગવાન આનંદનો નાથ, ત્યાં દૃષ્ટિ દઈને ધ્યાન કરવા જેવું છે. આહા..હા..! તારું વલણ ફેરવી નાખ હવે. પર તરફના વલણમાં વળ્યો છો એ હવે સ્વ તરફના વલણમાં આવ, ભાઈ! આહા..હા..! આ વલણ નથી ચૂકવતા? સટ્ટાવાળાને. વાયદાનું એક દિવસ વલણ ચૂકવે. અહીં વલણ ચૂકવ, પ્રભુ! અહીં જા હવે. આહા..હા..! નિશ્ચયની પરમ સત્ય વાત લોકોને સાંભળવા મળી નથી. એમ ને એમ આ વ્રત કરવા ને અપવાસ કરવા ને તપસ્યાઓ કરવી... આહા..! અજ્ઞાનમાં સંથારા કર્યા.. મૂઢ છે, મરી જવાના બિચારા. નરક ને નિગોદમાં જાશે. આહા..હા..! જે પરાશ્રયભાવમાં હિત માનીને ચોંટ્યા છે, એ અનાત્માના પ્રેમી છે, એને આત્માનો દ્વેષ છે. આ વાત કોણ સાંભળે? ભગવાનઆત્મા પ્રત્યે જેને પ્રેમ છે એને વ્યવહાર પ્રત્યે રુચિ ઊડી ગઈ હોય છે. (વ્યવહાર) હોય છે, હોય છે (પણ). રુચિ ઊડી ગઈ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**એક આત્મા હી ધ્યાવને યોગ્ય હૈ,...**' લ્યો. આત્મા જ ધ્યાન કરવાલાયક છે. આહા..હા..! આ તો માખણ વાત હતી, બાપા! અરે..! ભાગ્ય વિના.. બાપા! એ વાત સાંભળવા ક્યાં મળે? આ તો વીતરાગનો માર્ગ છે, ભાઈ! ભગવાન એમ કહે, મારી સામું

જોતાં પ્રભુ! તને રાગ થાય. આહા..! ત્રણલોકનો નાથ એમ કહે. પ્રભુ! મારી સન્મુખ જોતાં તું તારા દ્રવ્યમાંથી ખસી જાય છે. તારી સન્મુખ જોને, પ્રભુ! દ્રવ્યમાં ઠર, ત્યાં ઠરવાનું છે. અહીં અમારી સામું જોઈને ઠરવા જઈશ તો રાગ આવશે. આહા..હા..! વીતરાગ એમ કહે, હોં! અમારે ચરણે આવ તારું કલ્યાણ થઈ જાય. અમારા સાધુને આહાર-પાણી દે, તને વૈકુઠમાં આહાર સારા મળશે. અરે..! ધૂડે ધૂળ. આહા..! શેઠ! આ માર્ગ છે. આ બધા ઠીક આમાં વળી ગયા. આ તો હિન્દી ચાલે છે. આહા..હા..!

'જૈસે દાખ, કપૂર, ચન્દન ઈત્યાદિ બહુત દ્રવયોંસે બનાયા ગયા જો પીનેકા રસ યદ્યપિ અનેક રસરૂપ હૈ, તો ભી અભેદનયકર એક પાનવસ્તુ કહી જાતી હૈ...' પીણું. શબ્દ પીણું કહે. હોય એમાં ઘણી વસ્તુ. 'ઉસી તરહ...' આહા..હા..! એ તો દૃષ્ટાંત થયો. **'શુદ્ધાત્માનુભૂતિરૂપ નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ અનેક ભાવોંસે પરિણત હુઆ...' 'શુદ્ધાત્માનુભૂતિરૂપ નિશ્ચયસમ્યગ્દર્શન...'** આહા..હા..! આ શુદ્ધાત્માનુભૂતિ ચોથે નથી? આ આઠમે છે? અરેરે..! પેલા 'વિકાસચંદજી'નો કાગળ આવ્યા જ કરે છે. હમણાં બે-ત્રણ દિ' આવ્યો. ચોથે ગુણસ્થાને નિશ્ચયસમકિત કહીને હળાહળ ઝેર પાવ છો. અરે..! પ્રભુ! બાપુ! શું કરે એ? એણે સાંભળ્યું નથીને. અહીં શું કહે છે? **'શુદ્ધાત્માનુભૂતિરૂપ નિશ્ચયસમ્યગ્દર્શન...'** તો શું શુદ્ધાત્માનુભૂતિ આઠમે થાય? આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એની શુદ્ધ અનુભૂતિ. એના તરફની શુદ્ધ અનુભવ દશા તે નિશ્ચયસમ્યગ્દર્શન છે. આહા..હા..! અરે..! પ્રભુ! આહા..! કહે છેને, લક્ષ્મી ચાંદલો કરવા આવી, હું મોઢું ધોઈ આવું તો ઠીક શોભશે. હવે કરવા દેને, પછી નહિ આવે. સાંભળ્યું છે? લક્ષ્મી ચાંદલો કરવા આવે છે. તમારે દૃષ્ટાંત તો હશે. તિલક કરવા. તો કહે, હું મોઢું ધોઈ આવું. પછી, ઓલી નહિ આવે, જતી રહેશે. ટાણા આવ્યા તો કહે, હમણાં નહિ, હમણાં થોડું બીજું કરી લઉં. આહા..હા..! ફરીને આવા ટાણા નહિ મળે, પ્રભુ! આહા..હા..! આવી વાત છે, બાપુ! આહા..હા..! ઓહો..! 'પરમાત્મપ્રકાશ' તે 'પરમાત્મપ્રકાશ' છેને! અને ખુબી તો એ છે કે આ ફેરી વાંચવા વખતે એક હજાર પુસ્તક 'પરમાત્મપ્રકાશ' (આવ્યા). એ નવું થયું. બહાર આવ્યું. વાંચશે તો ખરા, ભાઈ! વાંચે તો ખરા, બાપુ! અરે..! તું કોણ છો, એની વાત છે, ભાઈ! અને ક્યાં જવું? ક્યાં જવાથી તને ધર્મ થાય એની વાત છે. બહારમાં નીકળવાથી ધર્મ નથી. આહા..હા..! ઓહોહો..!

**'શુદ્ધાત્માનુભૂતિસ્વરૂપ નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાદિ અનેક ભાવોંસે પરિણત હુઆ આત્મા અનેકરૂપ હૈ,...'** એ વ્યવહાર થયો. **'તો ભી અભેદનયકી વિવક્ષાસે આત્મા એક હી વસ્તુ હૈ.'** એક કહ્યું હતુંને, **'યહી અભેદરત્નત્રયકા સ્વરૂપ જૈન-સિદ્ધાંતોંમેં હરએક જગહ કહા હૈ...'** બીજામાં આ અધિકાર આવ્યો છે. વિશેષ કહેશે..

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, ગાથા-૫
## પ્રવચન નં.૧૬, તા.૨૪-૦૯-૧૯૬૮
## (૧૪)

સમયસાર, જીવ-અજીવ અધિકાર, ૫મી ગાથા. આચાર્ય મહારાજ કહે છે કુંદકુંદાચાર્ય પોતે કે હું સમયસાર કહીશ એ મારા નિજવૈભવથી કહીશ. મારો નિજવૈભવ એટલે? આત્મા જે નિર્મળ વિજ્ઞાનઘન છે એમાં એકાકાર થવાથી જે મને સર્વજ્ઞની વાણીની સેવા-ઉપાસના નિમિત્ત તરીકે અને પછી સ્વ તરફના વલણથી મને જે આત્મવૈભવ પ્રગટ્યો એનાથી હું કહીશ. એક બોલ આવ્યો છેને? અરિહંતનો ઉપદેશ—સર્વજ્ઞ પરમેશ્વરનો ઉપદેશ, અરિહંતનો અવયવ એની ઉપાસના, એ સર્વજ્ઞની વાણી છે એમણે જે કહ્યું તેની સેવા એટલે કે એમણે કહ્યું તે મારા આત્મામાં મેં ઉતાર્યું છે. સમજાણું કાંઈ? એક વાત. એ પોતાના નિજવૈભવથી કહીશ. એ વૈભવ કેવો એની વ્યાખ્યા ચાલે છે.

જુઓ, સંત મુનિઓ, આચાર્ય મુનિ કેવા હોય છે, એની પણ ભેગી આ વ્યાખ્યા છે. સમજાય છે કાંઈ? મુનિ અથવા આચાર્ય સંત કેવા હોય છે? કે જેને સર્વજ્ઞની વાણીના નિમિત્તની સેવાથી આત્માનો આનંદ પ્રગટ્યો છે. સમજાય છે કાંઈ? આત્મવૈભવ પ્રગટ્યોને? વૈભવ અંદરમાં હતો. જ્ઞાન, આનંદ, શાંતિ એવા સ્વભાવનું સ્વરૂપ પોતાનું ત્રિકાળ એમાં ભગવાને એમ કહ્યું હતું વાણીમાં એમ કહે છે. ભગવાનની વાણીની સેવાનો અર્થ એ કે એમાં એ કહ્યું હતું કે આત્માના સ્વભાવસ્વરૂપ તરફ વળીને આનંદનો અનુભવ કરવો એમ ભગવાનની વાણીમાં એમ આવ્યું હતું. એની સેવા કરવાથી મને આત્મવૈભવ પ્રગટ્યો છે એટલે એમની વાણીમાં આત્મવૈભવ પ્રગટ કરવાનું આવ્યું હતું, એમ કહે છે. વજુભાઈ! આહા..હા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા દ્રવ્ય-ગુણથી તો પરિપૂર્ણ આનંદ અને વિજ્ઞાનઘન છે. અતીન્દ્રિય આનંદનું દળ છે એ આત્મા. એમાંથી ભગવાનની વાણીની સેવા કરવાથી એણે કહ્યું ભગવાનની વાણીમાં એમ એનો અર્થ આખો કે સર્વજ્ઞની વાણીના ઉપદેશમાં એ આવે છે કે આ ભગવાન આત્મા પૂર્ણાનંદ છે એક અખંડ એની સેવા કર એટલે એમાં એકાગ્ર થા તો તને આત્મશાંતિ, આત્મઆનંદ અને ધર્મ પ્રગટ થાય. સમજાણું કાંઈ? એ મને પ્રગટ્યો છે એમ કહે છે. મુનિ હોય સાચા, આચાર્ય સાચા એને એ દશા હોય છે એમ કહે છે. સમજાય છે કાંઈ?

**‘વળી તે નિજવિભવ કેવો છે? સમસ્ત જે વિપક્ષ’** ભગવાને કહેલો આત્મા કે

ભગવાને કહેલો માર્ગ એનાથી વિપક્ષ જેટલા માર્ગો છે જગતના '**અન્યવાદીઓથી ગ્રહણ કરવામાં આવેલ સર્વથા એકાંતરૂપ નયપક્ષ**' સર્વજ્ઞ પરમાત્માની વાણી સિવાય જેટલા અજ્ઞાનીઓએ કહેલા માર્ગો એમાં સર્વથા એકાંતરૂપ નયપક્ષ છે. કાં એકાંત નિત્ય જ માને, કાં એકાંત અનિત્ય જ માને, કાં એકાંત શુદ્ધ જ માને, કાં એકાંત પર્યાય અશુદ્ધ છે તો અશુદ્ધ જ માને, એક જ માને, અનેક જ માને વગેરે. વીતરાગ સર્વજ્ઞની વાણીના ઉપદેશ સિવાય જેટલા અન્યમતિઓ છે એ બધા એકાંતપક્ષ કહેનારા છે.

કહે છે કે '**એકાંતરૂપ નયપક્ષ તેમના નિરાકરણમાં સમર્થ જે અતિનિસ્તુષ નિર્બાધ યુક્તિ...**' અંતરના ન્યાયથી મેં સિદ્ધ કર્યું છે કે એ કુયુક્તિથી કહેનારા એ જૂઠાં છે. એ નિસ્તુષ અખંડ યુક્તિથી મેં સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ? '**સમસ્ત જે વિપક્ષ**' ભગવાન માર્ગથી વિપક્ષ. ઓહોહો..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય જેટલા પંથો છે જગતમાં એ બધા સ્વ-ચૈતન્યપક્ષથી અથવા આત્મપક્ષથી તદ્દન વિરૂદ્ધ પક્ષવાળા છે. એ વિરૂદ્ધ પક્ષવાળા અન્યવાદીઓને ગ્રહણ કરવામાં આવેલા એણે સર્વથા એકાંતરૂપ નયપક્ષ '**તેમના નિરાકરણમાં સમર્થ...**' શું? તેનો નિષેધ કરવામાં, તેનો નિર્ણય કરવામાં સમર્થ શું? '**અતિનિસ્તુષ નિર્બાધ યુક્તિ...**' અતિનિસ્તુષ. તુષ એટલે ફોતરા વિનાની અખંડ. અખંડ નિર્બાધ—બાધા વિનાની એવી યુક્તિ તેના અવબંલનથી મારા આત્મવૈભવનો જન્મ નામ ઉત્પત્તિ છે. સમજાય છે કાંઈ? અન્યમતિઓ જેટલું કહે છે એને મેં મારા અખંડ યુક્તિ દ્વારા નિર્ણય કરીને, એ ખોટા છે અને વાત બીજી છે એમ અખંડ નિર્બાધ યુક્તિથી મેં મારા આત્માનો વૈભવ પ્રગટ કર્યો છે. સમજાય છે કાંઈ? એનો અર્થ કે અજ્ઞાનીના જેટલા પંથો છે એ બધા મારા ખ્યાલમાં આવી ગયા છે અને મેં એનું નિરાકરણ કરી નાખ્યું છે કે એ વસ્તુ એમ નથી. સમજાય છે કાંઈ? ન્યાય યુક્તિ દ્વારા, અંતરના ન્યાય અને યુક્તિ દ્વારા, અખંડ યુક્તિ દ્વારા એમ.

નિસ્તુષ. '**નિર્બાધ યુક્તિ તેના અવલંબનથી...**' અસ્તિ-નાસ્તિ કરી. સર્વજ્ઞની વાણીના જેવા અને એ સિવાયના અજ્ઞાનીઓની વાણીનું નિરાકરણ (કર્યું છે) કે આ વસ્તુ એમ છે નહિ. એ રીતે મારો આત્માના આનંદનો, ધર્મનો, વીતરાગી પર્યાયનો મને ઉત્પન્ન—જન્મ થયો છે. સમજાણું કાંઈ? એનો અર્થ કે જેને આ ધર્મ પ્રગટ થાય એને આ રીતે જ થાય, એમ. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમાત્મા એની વાણીનો અવયવ મળે એનો નિર્ણય અને અજ્ઞાનીઓના નિર્ણયનો વિરોધ કરે કે આ નહિ... આ નહિ.. આ નહિ. સમજાય છે? એથી એને આત્માનું જ્ઞાન અને આત્મદર્શન અને આત્માનો સમ્યગ્દર્શન અનુભવ થાય. ન્યાય સમજાય છે કાંઈ? બે બોલ થયા.

'**તેમનાં નિરાકરણમાં સમર્થ...**' ન્યાય કરવામાં તેનો નિષેધ (કરે કે) આમ ન હોય. વસ્તુ ભગવાન કહે છે તે હોય. અજ્ઞાનીઓ કહે છે તેમ ન હોય. એવો જે આત્મા એનો મેં નિર્ણય અજ્ઞાનીઓની યુક્તિઓ સામે નિરાબાધ યુક્તિથી મેં એનું નિરાકરણ કરી નાખ્યું

છે. સમજાય છે કાંઈ? હવે એમાં એમ નથી કે આ અન્યમતિમાં આમ કાંઈક કહેતા હશે? આમ કહેતા હશે? બધું નિરાકરણ થઈ ગયું છે. સમજાણું કાંઈ?

'**વળી તે કેવો છે?**' મારો વૈભવ. વૈભવ (એટલે) આત્માની નિર્મળ વીતરાગી પર્યાયની આ વાત ચાલે છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ આત્માનો વૈભવ છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા તો પૂર્ણ દ્રવ્ય ગુણે તો પૂર્ણાનંદ પ્રભુ છે. એની અંદર સેવા કરવાથી જે સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર વીતરાગતા જે પ્રગટ થઈ એ આત્માનો નિજવૈભવ-પર્યાયની દશાનો નિજવૈભવ કહેવામાં આવે છે. શક્તિએ તો પૂર્ણ પડ્યું છે. સમજાણું કાંઈ? કરિયાવર દેખાડે છેને છોડીને વળાવે ત્યારે? કરિયાવર નથી આપતા? શું કહે છે તમારે? દહેજ. કે આટલું આપીએ છીએ.. આટલું આપીએ છીએ. આ પાંચ તોલા સોનું, આટલા ૧૦૧ સાડલા, ફલાણું-ઢીંકણું, આ સાંકળી આટલી, ઢીંકણું એમ કહે છેને બધું? પાથરે છેને પછી આમ ઢોલિયામાં.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો બતાવવા—ખોટા અભિમાન કરવા.

આ કહે છે કે મારો વૈભવ હું તમને બતાવું છું, ભાઈ! આ મારો વૈભવ મને આ રીતે પ્રગટ્યો છે. આ રીતે પ્રગટ્યો તે વૈભવથી હું આ વાત હવે કહીશ. સમજાય છે કાંઈ? ગજબ વાત છે. સમયસાર વસ્તુ. '**વળી તે કેવો છે?**' મારો વૈભવ? એટલે કે આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી દશા એ મારો વૈભવ. '**નિર્મળવિજ્ઞાનઘન જે આત્મા...**' પહેલી તો વ્યાખ્યા કરી આત્માની કે આત્મા કેવો? કે નિર્મળવિજ્ઞાનઘન. ભગવાન આત્મા નિર્મળ વિજ્ઞાનનો ઘન પ્રભુ છે. સમજાય છે? નિર્મળવિજ્ઞાનઘન ધ્રુવ છે. '**તેમાં અંતર્નિમગ્ન...**' એ પર્યાય છે. '**વિજ્ઞાનઘન જે આત્મા તેમાં અંતર્નિમગ્ન...**' એ વિજ્ઞાનઘનમાં અંતરમાં નિ વિશેષે મગ્ન થયા. '**પરમગુરુ-સર્વજ્ઞદેવ...**' સર્વજ્ઞ પરમાત્મા એ વિજ્ઞાનઘન આત્મા. સર્વજ્ઞ જે પરમાત્મા થયા એ વિજ્ઞાનઘન જે આત્મા (એમાં) અંતર્નિમગ્ન. એ સ્વરૂપના અંતરમાં નિ વિશેષ મગ્ન થઈ ગયા. એવી જે સર્વજ્ઞદશ, સમજાય છે કાંઈ? એનાથી કહેલો આ ઉપદેશ છે, એમ કહે છે. આહા..હા..! જુઓ, ઠેઠ સર્વજ્ઞથી લીધું.

વિજ્ઞાનઘન નિર્મળ પરમાત્મા પોતે આત્મા જ વસ્તુ વિજ્ઞાનઘન છે, દળ છે, ધ્રુવ છે. એમાં અંતર્નિમગ્ન. ભાષા ધ્યાન રાખજો. કેવળજ્ઞાનીને માટે જે શબ્દ વાપરે છે અને છદ્મસ્થ મુનિઓને માટે પણ એ શબ્દ વાપરે છે. થોડો ફેર છે એ વાત કાઢી નાખે છે. સમજાય છે કાંઈ? આત્મા એટલે એમ કહ્યું પાછું. આત્મા એટલે એમ પણ બતાવ્યું. એ આત્મા કાંઈ આ શરીર, વાણી, મન અને પુણ્ય-પાપના વિકલ્પો રાગ એ કાંઈ આત્મા નથી, તેમ એક સમયની પર્યાય જેટલો આત્મા નથી એમ પહેલું સિદ્ધ કરવું છે. એ તો જ્ઞાનઘન અને શિલા બરફની શિલા છે જેમ આમ. એમ આત્મા એકલો વિજ્ઞાનઘન આત્મા, નિર્મળવિજ્ઞાનઘન એ

વસ્તુ એમાં અંતર્નિમગ્ન. પર્યાય દ્વારા એમાં લીન થયા. અંતર્નિમગ્ન-અંતરમાં નિ વિશેષે મગ્ન થયાં એવા સર્વજ્ઞ પરમાત્મા. સમજાય છે કાંઈ? અને એ પરમગુરુ, એટલે સર્વજ્ઞદેવ.

**'અને અપરગુરુ ગણધરાદિકથી માંડીને...'** ભગવાન પરમાત્મા મહાવીર પરમાત્મા પછી ગણધર થયા તે ગણધર પણ નિર્મળવિજ્ઞાનઘન આત્મા તેમાં અંતર્નિમગ્ન હતા. સમજાય છે કાંઈ? ગણધર થયા એ પણ ભગવાન આત્મા નિર્મળવિજ્ઞાનઘનમાં ડૂબકી મારી હતી એમણે. અંતર્નિમગ્ન હતા એ. ઓહો..! આટલું બધું ઠેઠનું નક્કી કરી લીધું? બધાની પરીક્ષા કરી લીધી કે વીતરાગ આવા હતા, ગણધર આવા હતા, એના પછીના મુનિ આવા હતા, એના પછીના મુનિ આવા, એના પછી મુનિ આવા. તે અમારા ગુરુ પર્યંત બધા વિજ્ઞાન, નિર્મળવિજ્ઞાનઘન એમાં અંતર્નિમગ્ન હતા એમ અમે અનુભવ્યું છે—જાણ્યું છે, એમ કહે છે.

**શ્રોતા :-** વૈભવમાંથી જ આવ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ અમને પ્રગટ્યો છે આમ પણ એ આવા હતા. એણે અમને અનુસરીને અમને શિખામણ આપી છે. અમારા ઉપર મહેરબાની કરી પ્રસાદ આપ્યો અમને. આવા પરમાત્માએ અને પરંપરા થયેલા પછી ગણધર મુનિઓ આમ ધારાવાહી આહા..હા..! અમારા ગુરુપર્યંત પોતે છદ્મસ્થ છે, છતાં કહે છે એ બધા ઠેઠ પરમાત્મા નિર્મળવિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન હતા એમણે અમને મહેરબાની કરી અમને અનુસરીને અનુશાસન, મને અનુસરીને, અમને અનુસરીને ભગવાને કહ્યું હતું. કહો, સમજાણું કાંઈ?

**'અપરગુર ગણધરાદિકથી માંડીને અમારા ગુરુપર્યંત,..'** દેખો! ગુરુ આવા હોય, સાધુ આવા હોય, આચાર્ય આવા હોય એમ કહે છે. સમજાણું કાંઈ? જે ભગવાન આત્મા નિર્મળવિજ્ઞાનઘન છે, એમાં લીન છે, એમાં લીન છે એટલી જેને વીતરાગતા પ્રગટ થઈ છે, તેને ગુરુ કહીએ, તેને સાધુ કહીએ, તેને આચાર્ય કહીએ. સમજાણું કાંઈ? એમ એણે નથી કહ્યું કે એ અમારા ગુરુ પંચમહાવ્રતના પાળનારા હતા. પિયર, છ-કાયના પિયર. એ અમારે વળી ન્યાલભાઈના સંપ્રદાયનું. છ-કાયના રક્ષક, છ-કાયના ગોવાળ. મુનિ.. આહા..હા..! શું એક શૈલી પણ! સર્વજ્ઞ પરમેશ્વરથી માંડીને અમારા ગુરુ (પર્યંત). બે હજાર વર્ષ થયા અત્યારથી. પણ એનાથી છસ્સો વર્ષ લગભગ છે. થોડોઘણો એ તો ફેર. છસ્સો વર્ષ ઠેઠ ભગવાન પરમાત્મા મહાવીરથી માંડી. કારણ કે અમને પ્રગટ્યું છે એવું એમણે અમને કહ્યું હતું, એવું અમને પ્રગટ્યું છે તો એ એવા હતા. સમજાય છે કાંઈ? એવા પરમાત્માના મુખથી વાણી નીકળી. એ કેવા હતા? કે એ નિર્મળવિજ્ઞાનઘનમાં અંતર્નિમગ્ન હતા. કારણ કે અમે પણ એ વાણીની સેવા કરવાથી અમને આ પ્રગટ્યું છે, તો એ વાણીમાં એ આવ્યું હતું અને વાણીમાં નિમિત્ત કેવળજ્ઞાન સર્વજ્ઞ હતું. સર્વજ્ઞ. તો એ સર્વજ્ઞ અંતર્નિમગ્ન જ હતાં. સમજાણું કાંઈ? આહા..હા..!

અરે..! અહીં તો કહે છે.. એ તો ઉપદેશ એમનો નીકળે સર્વજ્ઞનો તે. પણ હવે ગુરુ

જે છે ગણધરથી માંડીને અત્યાર સુધી એ તો છદ્મસ્થ છે. ઉપદેશ વખતે તેને વિકલ્પ છે. ભાઈ! છતાં અમે કહીએ છીએ કે એ અમારા ગુરુ જે છે એ નિર્મળવિજ્ઞાનઘનમાં નિમગ્ન છે.

**શ્રોતા :-** ઉપદેશ વખતે પણ નિમગ્ન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉપદેશ વખતની વાત છેને. એ તો નિમગ્ન ત્યાં છે, વિકલ્પમાં આવ્યા જ નથી. સમજાણું કાંઈ? શું કથનની પદ્ધતિ પણ તે! અને તે અમારા અનુભવથી અમે કહીએ છીએ. કારણ કે એ વાણીમાં એ આવ્યું હતું. તે વાણીમાં નિમિત્તપણે સર્વજ્ઞ હતા અને અહીં ગુરુની વાણીમાં આવ્યું. એટલે વાણીમાં એનો ભાવ નિમિત્તપણે હતો એ ભાવ આવો હતો એમનો. આહા..હા..! સમજાય છે કાંઈ? આવી દેહની ક્રિયા કરતાં હતા એ અમારા ગુરુ અને સર્વજ્ઞ આવી વાણી કાઢતા હતા અને એને સમવસરણ હતું (એમ નથી કહ્યું). સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એ જ્ઞાનનો કંદ છે. જેમ શક્કરકંદ છે એકલું દળ છે જેમ, મીઠાશનું દળ છે, એમ આત્મા એકલો જ્ઞાન અને આનંદનું દળ. ઓલો રૂપી છે અને આ અરૂપી એટલું, બીજું કાંઈ નહિ. પણ છતાં આ મહાન પદાર્થ છે. કારણ કે એ જડને પણ જડપણાને પ્રસિદ્ધ કરાવનાર તો આ જ્ઞાન છે. સમજાય છે કાંઈ? એવો જે આ ભગવાન આત્મા નિર્મળ વિજ્ઞાનઘન આત્મામાં અંતર્નિમગ્ન સર્વજ્ઞપ્રભુ, ગણધરદેવ ત્યાંથી માંડીને અત્યાર સુધી છસ્સો વર્ષ થયા એ વખતે. અમારા ગુરુપર્યંત છે? '**અપગુરુ ગણધરાદિકથી માંડીને અમારા ગુરુ પર્યંત,...**' એ બધા વિજ્ઞાનઘન આત્મામાં અંતર્નિમગ્ન હતા. આહા..હા..! કેવી શૈલી છે! અમૃતચંદ્રાચાર્યે કહ્યુંને છેલ્લું કે ભાઈ! આ વિકલ્પમાં અમે આવ્યા. અમે તો સ્વરૂપગુપ્ત છીએ. અમે તો સ્વરૂપગુપ્ત છીએ. આ વાણી અમારી કરેલી જ નથી. વાણી તો જડથી બની છે. એ જ અહીં કહે છે. સમજાણું કાંઈ? મારા ગુરુ તો સ્વરૂપગુપ્ત હતા. સમજાય છે કાંઈ? એનો અર્થ અમે પણ કહેશું ત્યારે અમે પણ સ્વરૂપગુપ્ત જ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? અમે કહીએ છીએ તે કાળે પણ અમે નિર્મળવિજ્ઞાનઘન આત્મામાં અંતર્નિમગ્ન જ છીએ. એમ કહે છે, એય..! વજુભાઈ! આહા..હા..! વાત તો આમ કરે છે પણ આમ કહે છે પાછું. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ તો એમ જ હોય.

જ્ઞાનસ્વરૂપ છે પ્રભુ આત્મા. એમાં નિમગ્ન દશા તે આત્માપણું છે, તે આત્મા છે. વિકલ્પ ઊઠ્યો એ આત્મા છે? અને એમાં અમે છીએ? એમાં તો આસ્રવતત્ત્વ છે. વાણી ઊઠી એમાં અમે છીએ? એ તો અજીવતત્ત્વ છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે, કુંદકુંદાચાર્યે અને આણે અઠ્યાવીશ મળગુણ પાળ્યા, પંચમહાવ્રત પાળ્યા અને તમે કહો છો કે મહાવ્રત તે આસ્રવ છે, પુણ્ય છે, હેય છે. અરે.. ભગવાન! તેં સાંભળ્યું નથી પ્રભુ! એ પ્રભુના

પંથ તેં સાંભળ્યા નથી, નાથ! તું પણ પ્રભુ છો, હોં! ફક્ત નિમગ્નપણું પરમાં છે, ફેર એટલો છે.

વિજ્ઞાનઘન ભગવાન આનંદનો કંદ એને છોડીને રાગમાં નિમગ્ન છે, બસ. ભગવાન તો ભગવાન જ વસ્તુ છે. ભગવાનજીભાઈ! આહા..હા..! પણ ભાઈ! તું રાગમાં રાંકો થઈને એકાકાર થયોને, એ તું નહિ પણ હોં! એ તારી નાત નહિ, તારી જાત નહિ હોં ઈ. એ આત્મા નહિ હોં પ્રભુ! આહા..હા..! સમજાય છે? તું આત્મા નથી થયો. જેને રાગમાં લીનતા પુણ્યનો વિકલ્પ પણ નાનો છે, એમાં જેનું અસ્તિપણું અને એકત્વ માન્યું છે એ આત્મા નથી. એ ભગવાન તો ખરો વસ્તુએ, પણ પર્યાયે તે પામર અને અણાત્મા થઈ ગયો છે. આ તો દ્રવ્ય-ગુણે આત્મા અને પર્યાયે આત્મા એમ કહે છે અહીં. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ. 'વસ્તુ વહોરજો રે દોશીડાને હાટે' એવું કાંઈક આવે છે ને.

**શ્રોતા :-** એ તો લગનમાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ પણ લગ્ન છેને. એય..! એવું આવે છે ગાયન. આપણે સાંભળેલું હોય બાયું બોલતી હોયને ક્યાંક. વસ્તુ વહોરજો રે દોશીડાને હાટે. આ દોશી વેપાર કરતાં હોય. આહા..હા..! એ વસ્તુ વહોરજો રે. આ ભગવાનની પાટે બેસીને અંદરમાં કહે છે. આહા..હા..! સર્વજ્ઞનો નાથ પરમાત્મા પોતે બિરાજે છેને એ વસ્તુને વ્હોરજેને. એને વ્હોરને, એને લેને. સમજાણું કાંઈ?

ભગવાન કુંદકુંદાચાર્ય ફરમાવે છે કે હું સમયસાર કહીશ, હોં! મારા વૈભવથી કહીશ, પણ મારો વૈભવ પ્રગટ્યો છે એમાં નિમિત્ત કારણ કોણ હતું? અને તેનો ઉપદેશ કરનારા કેવા હતા? કેવા હતા? એ બધા ઓળખીને હું વાત કરું છું. આહા..હા..! લોકો કહે ને એ છદ્મસ્થે કાંઈ પરનું જણાય? છદ્મસ્થને અવધિજ્ઞાન નહિ, મનઃપર્યયજ્ઞાન નહિ. આ ગુરુ નિર્મળવિજ્ઞાનઘન છે એ કેમ નક્કી થાય? અરે.. ભગવાન! શું તું કહે છે? રહેવા દે.. રહેવા દે. સમજાય છે કાંઈ? એ વાણીના પ્રવાહમાં જે નૈમિત્તિકપણું આવ્યું એમાં નિમિત્તપણું કેવું હતું એનો એને જ્ઞાનમાં ખ્યાલ આવી જાય છે. સમજાય છે કાંઈ?

કહે છે, આહા..હા..! એ વીતરાગના માર્ગની પરંપરા કેવી હતી એ પણ બતાવી છે. આહા..હા..! આવા વીતરાગના કેડાયેતો બધા થયા છે. પરમેશ્વર પાછળ-પાછળ અમે થયા ત્યાં સુધી અને અમે. એમ પણ ભેળવીને એમ ન કીધા, પણ અમને આ મળ્યું એ વૈભવ પ્રગટ્યો છે અહીં. આહા..હા..! એવા જે અમારા ગુરુ પર્યંત.. એ બધા વિજ્ઞાનઘન આત્મામાં અંતર્નિમગ્ન હતા. એકલા નિમગ્ન એમ નહિ, અંતર્નિમગ્ન. મગ્ન એકલા નહિ, નિમગ્ન નહિ, અંતર્નિમગ્ન. અંતર-નિમગ્ન—આટલા શબ્દો વાપર્યા છે. અંતરમાં વિશેષે મગ્ન હતા. કેવળી અને મુનિઓની વાત છે ખરીને. સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિ આદિ એટલા બધા અંતર્નિમગ્ન એટલા બધા

ન હોય. ભાઈ! એમ બતાવવું છે. મુનિઓ અંતર-નિ-મગ્ન (છે). મુનિ કોને કહે? આહા..હા..!

અહીં તો બેય સરખા નાખ્યા. સર્વજ્ઞ પરમેશ્વર પણ વિજ્ઞાનઘન આત્મામાં અંતર્નિમગ્ન, મુનિ પણ સંત સાચા અમારા ગુરુ જે ગણધરથી માંડીને એ પણ વિજ્ઞાનઘન નિર્મળ આત્મામાં અંતર્નિમગ્ન છે. એમણે અમારા ઉપર મહેરબાની કરીને ઉપદેશ આપ્યો, એમ કહે છે. અમને પ્રસાદી આપી. એય..! કહો, સમજાણું કાંઈ? સત્યનારાયણની કથા આવે છેને? એમાં શીરો વહેંચે. એ પ્રસાદી લીધા વિના ન જાવું એમ ઓલા બોલે બ્રાહ્મણ. પ્રસાદી વિના ગયો હતો એક તો ફલાણું થયું હતું, એવું આવે છે. કથા સાંભળી હતી. આવે છે ને? કોક વહાણ ભરીને ગયા હતા અને એમાં.. એવી વાતું અમારે ત્યાં થાતી. સત્યનારાયણની કથા. એ સત્ નારાયણ આ સત્ નારાયણ. સમજાય છે કાંઈ? સત્યનારાયણ ભગવાન નરનો નારાયણ થવાને લાયક આત્મા છે. આહા..હા..! પરમેશ્વર નારાયણ થઈ ગયા, સત્ સ્વરૂપમાં મગ્ન થયા એ નારાયણ થઈ ગયા પરમાત્મા. એ નારાયણ હોં.

.. કહે છે '**અમારા ગુરુ પર્યંત,...**' છસ્સો છસ્સો વર્ષ ચાલ્યા ગયા. ભગવાનના વિરહ પડી ગયા કેવળજ્ઞાનના છતાં, અવધિ અને મનઃપર્યય નથી છતાં અમને અમારા ભાવથી ભાનથી અમે ચોક્કસ કહીએ છીએ. અમે સત્ય જાણનારા, સત્ય બોલનારા છીએ. સમજાય છે કાંઈ? નિઃસંદેહપણે સત્ય કહેનારા છીએ. અમારા ગુરુપર્યંત નિર્મળવિજ્ઞાનઘનમાં અંતર નિ-મગ્ન હતા. આહા..હા..! આ દશા જુઓ સાધુની. શુકનચંદજી! ભગવાન! અત્યારે એટલું ફેરવી નાખ્યું. હવે એને અહીં જ્યાં કહેવાય આમ. તો કહે એય.. તમે આમ કહ્યું. બાપા! આ અમે નથી કહ્યું, ભાઈ! વસ્તુનું સ્વરૂપ આવું છે. ભાઈ! તું છેતરાઈ જઈશ. સમજાય છે? રાગની ક્રિયા અને પુણ્યની ક્રિયામાં મુનિપણા માનીશ, શ્રદ્ધામાં માનીશ તો છેતરાઈ જઈશ, બાપા! હણાઈ જઈશ. તારો આરો નહિ આવે. સમજાય છે કાંઈ? ભાઈ! માર્ગ તો આ છેને બાપા! આ તારે માટે નથી. આ તો વસ્તુની સ્થિતિ જ આવી છે. સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગમાં આવો જ માર્ગ ચાલે છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

પોકાર... છદ્મસ્થ કુંદકુંદાચાર્ય ભગવાન પછીના છસ્સો વર્ષે અવધિજ્ઞાનીના વિરહ પડ્યા, મનઃપર્યયજ્ઞાનીના વિરહ પડ્યા, કેવળીના વિરહ પડ્યા, પણ અંતર્નિમગ્નનો વિરહ નથી પડ્યો, કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! વસ્તુ ભગવાન નિર્મળાનંદનો નાથ એમાં અંતર્નિમગ્ન .. અમે કહીએ છીએ અત્યાર સુધી કોઈને (વિરહ) પડ્યો નથી. મુનિઓને પડ્યો નથી હોં! આહા..હા..! ભલે મનઃપર્યય ન હોય, અવધિ ન હોય અને કેવળ ન હોય. વજુભાઈ! આહા..હા..! જુઓ, આ એક મુનિપણાની પરીક્ષા અને જ્ઞાન, મુનિપણાની મર્યાદાની હદ. એ નગ્નપણું મુનિપણું નહિ, અઠ્યાવીશ મૂળગુણ મુનિપણું નહિ. વિજ્ઞાનઘન નિર્મળમાં નિમગ્ન એનો અર્થ દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગતાની દશા, નિર્વિકલ્પ આનંદની રમણતા એ સાધુપણું છે. એ કેવળીનું કેવળજ્ઞાન પણ એવું છે અને આનું સાધુપણું પણ એવું જ છે એમ કહે છે. થોડો

ઉઘાડમાં સર્વજ્ઞને સર્વજ્ઞ છે અને આને શ્રુતજ્ઞાનનો ઉઘાડ છે. એની વાત ન લ્યો કહે છે. આહા..હા..! જુઓને, એય..! એ સર્વજ્ઞને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જણાય છે. આ શ્રુતજ્ઞાનમાં પરોક્ષપણે, ભલે પરોક્ષપણે જણાય. એ ભલે એનાથી અનંતમે ભાગે પરોક્ષપણું કહો, ઓછી શક્તિ કહો, પણ અમે તો એમ કહીએ છીએ કે નિર્મળવિજ્ઞાનઘન જેમાં પરમાત્મા, અનંતા પરમાત્મા પડ્યા છે એમાં એ નિમગ્ન છે, તો સર્વજ્ઞ નિમગ્ન છે એમ મુનિઓ પણ એમાં નિમગ્ન જ છે. સમજાણું કાંઈ?

ગુરુપર્યંત. છેને? મૂળ તો અપરગુરુ. '**પ્રસાદિકૃત,...**' હવે પ્રસાદિકૃત આવ્યું. એ '**પ્રસાદરૂપે અપાયેલા...**' એની ચીજનો તો શું પાર! પણ એક થોડીક પ્રસાદી આપી, નમૂનો. '**પ્રસાદરૂપે અપાયેલા,...**' શું અપાયેલ? પ્રસાદીરૂપે શું અપાયેલ? '**શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ,...**' શુદ્ધાત્મતત્ત્વનો અનુશાસન ઉપદેશ. અનુશાસન. મૂળ તો અનુશાસન. શુદ્ધાત્મતત્ત્વનો અમને અનુસરીને કહ્યું ... શિખામણ આપી. આહા..હા..! સર્વજ્ઞે પણ એમ આપ્યું, અમારા ગુરુએ અમને આપ્યું. પણ બીજો ઉપદેશ કેમ? બાપુ! વસ્તુ તો આ છે. સમજાય છે કાંઈ?

'**પ્રસાદરૂપે અપાયેલા, જે શુદ્ધાત્મતત્ત્વનો...**' પર્યાયમાં અશુદ્ધ છે. એ વસ્તુ શુદ્ધ આત્મા જે ત્રિકાળ. ત્રિકાળી શુદ્ધ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ એવો શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક, અનુગ્રહપૂર્વક મહેરબાની કરીને, અમને અનુસરીને, અમને લક્ષ કરીને. પાઠમાં અનુશાસન છે. પાઠમાં અનુશાસન છે. અનુશાસનનો અર્થ અનુગ્રહ કર્યો છે. અનુશાસન મૂળ છે. અમને અનુસરીને શિખામણ આપી. જુઓ, આ શુદ્ધાત્મતત્ત્વ, આ શુદ્ધાત્મ એમ કરીને. સમજાય છે? શુદ્ધાત્મ તત્ત્વનો અમને અનુસરીને ઉપદેશ આપ્યો છે. મને જ અનુસરીને ભગવાને આવો ઉપદેશ આપ્યો છે કે મારા ગુરુ... આહા..હા..! સમજાણું કાંઈ? શું પણ ટીકા! શું એની ગંભીરતા! શું અંદર વીતરાગના ભાવોની અદ્‌ભુતતા કે જેમાં આવી વાણી એને અનુરૂપ નીકળી. સમજાય છે કાંઈ? એ વાણીને એ ભાવ અનુકૂળ હતો, કર્તા-બર્તા નહિ.

કહે છે, શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ. આહા..હા..! જુઓ, હવે કોઈ કહે છે કે ભાઈ ઉપદેશ આપ્યો કહે અમારા ગુરુએ તો આ અમને ઉપદેશ આપ્યો કે દયા પાળો, આવા વ્રત પાળો, ભક્તિ કરો, ફલાણું કરો, એવો કાંઈ ઉપદેશ અમને તો આપ્યો નથી. અમને તો આ ઉપદેશ આપ્યો છે. એ તો આ ઉપદેશ આપવામાં ઓલું બીજું સમજાવે એ જ્ઞાન કરવા માટે છે. વસ્તુ આદરણીય માટે આ એક જ ચીજ છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

કહે છે, બસ! તમને એક જ એટલો જ ઉપદેશ આપ્યો? આખો દી ભેગા રહ્યા, ચર્ચા કરી, તમને આટલો જ ઉપદેશ? બાપા! એ સારમાં સાર આ જ હતો. સમજાણું કાંઈ? એ સર્વજ્ઞોએ એમ કહ્યું એમ કહે છે. સર્વજ્ઞે પણ અમારા ઉપર મહેરબાની કરીને આવો ઉપદેશ આપ્યો હતો. અમે તો કહીએ છીએ અમને અનુલક્ષીને એમણે તે દિ' કહ્યું હતું. આહા..હા..! એય..! અમે સંધિ કરીએ છીએને. અમને અનુલક્ષીને ભગવાને કહ્યું હતું. કહે, શું કહેવું છે

તારે? એય..! ન્યાલભાઈ! આહા..હા..!

**શ્રોતા** :- ક્રિયા વિના...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ કઈ ક્રિયા? આ ક્રિયા નથી? આ જ ક્રિયા. ઓલી તો થોથા ક્રિયા, ઝેરની ક્રિયા. રાગાદિની ક્રિયા તો ઝેરની ક્રિયા. આ તો અમૃતની ક્રિયા. જેમાં અમૃતપણું અને પોતે મરે નહિ અને જીવતો જાગતો ઊભો રહે એનું નામ અમૃતક્રિયા. રાગની ક્રિયામાં તો મરી જાય છે. આત્માની શાંતિનો નાશ થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અમૃતક્રિયા. નથી આવતી આમાં? એય..! પાંચ પ્રકારની આવે છેને. એ વળી જુદી જાતનું કહે છે. એને .. ક્રિયા. આ અમૃતક્રિયા.

કહે છે, અમારો વૈભવ પ્રગટ્યો છે એ અમારી અમૃતક્રિયા છે અને અમને કેવળીઓએ અમને લક્ષીને તે દી કહ્યું હતું એમ અમે કહીએ છીએ. એમાં સર્વજ્ઞદેવ, અપરગુરુ અનુશાસન ઠેઠ સુધી જાય કે નહિ? ભાઈ અમારે પંડિતજીને પાછું... અમરચંદભાઈ! અમે તો એમ કહીએ છીએ કે પરમેશ્વરના મુખમાંથી શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ આવ્યો એ અનુશાસન અમને લક્ષીને આવ્યો છે. એમના ઉપદેશમાં લક્ષ અમારા ઉપર હતું. સમજાણું કાંઈ?

અત્યાર સુધી અમારા ગુરુ શુદ્ધાત્મતત્ત્વનો અનુશાસન, પછી તો અનુશાસન ઉપદેશ, અનુશાસન જન્મા, બસ. અમને લક્ષીને કહેલું એમાંથી ઉત્પન્ન થયું. પરમેશ્વરે અમને લક્ષીને કહ્યું શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ, ગુરુએ અમને અનુલક્ષીને—અનુસરીને કહ્યું અનુશાસન. આ એમાંથી અમારો જન્મ થયો, એમાંથી અમારી શાંતિ અને આનંદ પ્રગટ્યો છે. સમજાય છે કાંઈ? આ સત્ નારાયણની કથા ચાલે છે આ. પ્રસાદી આવી છેને, જુઓને. આહા..હા..! આ કાંઈ વાતની વાત નથી ભાઈ! આ તો અલૌકિક વાતું છે. આહા..હા..! લક્ષ બાંધ્યા આત્માએ કહે છે, ભગવાને એને લક્ષ કરીને ઉપદેશ આપ્યો હતો અમને એમ અમે કહીએ છીએ. સમજાણું કાંઈ?

ભવ્ય જીવો અને જેને આત્માના લક્ષ થયા એવાને અનુસરીને ભગવાનનું કહેવાનું લક્ષ હતું. અમને અનુસરીને ભગવાને શીખામણ આપી છે હોં. આહા..હા..! અરે..! ભગવાનથી તો બહુ વિરહ હતાને તમને? એ આંતરો નથી અમે દેખતા કહે છે. એઈ..! સમજાણું કાંઈ? એ તો એક. પણ અહીં તો શુદ્ધાત્મતત્ત્વનો અનુશાસન ઉપદેશ અમને અનુસરીને શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો. આમ પુણ્ય કરજે અને વ્યવહાર કરજે અને આ થાશે, વ્યવહારથી આ થાશે એ વાત તો ભગવાને કીધી નથી અમને, કહે છે. આહા..હા..! એય..! જુઓ, એનો અર્થ એણે કીધું આ એમ કહે છે. એ તો વચ્ચે વ્યવહાર આવે છે, એમાં નિશ્ચયનું જ્ઞાન થયું છે તેમાં એ જણાઈ જાય છે, જણાઈ જાય છે, એ કહ્યું નથી, એ કાંઈ નવું જ્ઞાન કરવાનું નથી એને માટે. સમજાણું કાંઈ? એ શુદ્ધાત્મતત્ત્વનો ભગવાને ઉપદેશ આપ્યો છે, અમને લક્ષે એ અમને વૈભવ અમારો પ્રગટ્યો એ અમારો નિશ્ચય વૈભવ તે વૈભવ છે. આ વિકલ્પ

ઊઠ્યો છે એનું એ જાણવું એ અમારો વૈભવ છે. એ જાણવું એ સ્વના લક્ષે સ્વનું જ્ઞાન થતા તેને જાણવું એ અમારો વૈભવ છે, રાગ અમારો વૈભવ નથી. સમજાણું કાંઈ? અને ભગવાને એમ કહ્યું હતું એમ કહે છે. સમજાણું કાંઈ?

શુદ્ધાત્મતત્ત્વનો ભગવાનની વાણીમાં જ્યાં ઉપદેશ આવ્યો અમારા ગુરુએ અમને શુદ્ધાત્મ પરમાત્મસ્વરૂપ આ છે એમ કહ્યું. પોતે નિર્મળવિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા તો અહીંયાં આ આવ્યું. એમાં આમ કહ્યું. શુદ્ધાત્મતત્ત્વની અમને લક્ષીને વાત કરી છે એમાં આ આવ્યું છે. સમજાણું કાંઈ? એમાં વ્યવહાર આવ્યો છે અને વ્યવહાર અમને સમજાવ્યો છે, એના વાણીમાં વ્યવહાર આવ્યો હતો એમ નથી કહ્યું અહીંયાં, ભાઈ! આહા..હા..! બહુ ગજબ વાત છે! વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એનો અર્થ કે એ જાણવું એ કાંઈ નવું નથી. શુદ્ધાત્મ તત્ત્વનું જ્યાં ભાન થયું ત્યારે જે રાગ બાકી છે એનું જ્ઞાન, આ જ્ઞાન (થાય) એ પોતે એનો વૈભવ છે, રાગ-બાગ નહિ. સમજાણું કાંઈ?

ભગવાન! બાર અંગમાં તો ઘણો ઉપદેશ હતોને. અગિયાર અંગમાં .. ભાગ રહી ગયો થોડો. એમાં હતુંને આ. અમને તો ઘણું મળ્યું હતુંને. કહે છે કુંદકુંદાચાર્ય. એમાં આ હતું. એમાં આ હતું, હોં! એ દ્રવ્યસ્વરૂપ શુદ્ધાત્મ છે એને અમને અનુસરીને કહેલું ભગવાને. ગુરુએ એ કહ્યું હતું. એ બધી વાતમાં કહેવાનું આ હતું. સમજાય છે? એ અમને અનુભવમાંથી પ્રગટ્યો વૈભવ. એમાં એ વ્યવહાર જે વિકલ્પ ઊઠ્યો છે અને વચ્ચે પુણ્ય-પાપ હોય છે ઈ કંઈ અમારા અસ્તિત્વમાં નથી. સમજાય છે? એ અમારા અસ્તિત્વમાં નથી, એ અમારો વૈભવ નથી અને એ અમારું સ્વામીપણું નથી અને એ અમારામાં છે નહિ. સમજાણું કાંઈ? અમે તો નિર્મળવિજ્ઞાનઘન એમાં અંતર્નિમગ્ન છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ભર્યું છે પણ હોં. ઓહોહો..! આવતા-આવતા આવે એટલું આવે છે. કેટલું નાખ્યું છે આચાર્યે! ગજબ ટીકા છે હોં! ઓહોહો..! ગણધર જેવી ટીકા કરી છે અમૃતચંદ્રાચાર્યે! પાઠમાં એટલું સમાવ્યું છેને. નિજવૈભવથી કહીશ. એનો અર્થ ઉપદેશ પણ ધર્મીનો આવો હોય એમ આવે છે એમાં. ધર્મીનો ઉપદેશ જ આવો હોય એમ કહે છે.

એમાં આવે છેને, વીતરાગ.. વીતરાગ.. વીતરાગ.. મુહુ-મુહુ વીતરાગ. મુનિઓના મુખમાંથી તો વીતરાગનો જ ઉપદેશ આવે. ઓલામાં નથી આવતું છ ઢાળામાં? 'મુખ ચંદ્રમેં સે અમૃત ઝરે' આવે છેને છ ઢાળામાં? મુનિ કોને કહીએ? આહા..હા..! વિજ્ઞાનઘનમાં નિમગ્ન છે. આનંદ-આનંદ જેના ઝરણા ત્યાં છે. અતીન્દ્રિય આનંદના ઝરણા ફાટ્યા મુનિને. સમ્યગ્દર્શનમાં તો છે થોડું પણ આમાં વિશેષ છે. મુનિને તો અમંદ ઝરણા છે. એમ પાઠ એ છેને? અમંદ છે. એ પછી અમંદનો અર્થ પ્રચુર કર્યો. અમંદ છે અમારી પાસે. આહા..હા..! મંદ વેદન નથી. મુનિ છેને? અમંદ વેદન છે. આનંદનું અમંદ વેદન છે. મુનિને અતીન્દ્રિય આનંદનું અમંદ એટલે ઉગ્ર વેદન છે. કારણ કે મંદ વેદન આનંદનું તો ચોથે ગુણસ્થાને હોય સમકિતીને,

પાંચમે હોય, પણ આ તો મુનિ છે. મુનિની દશાને તો અમંદ નામ પ્રચુર આનંદનું વેદન હોય છે. આહા..હા..! એને મહાવ્રતનું વેદન હોય છે એ વિકલ્પનું એમ છે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે ગાથા પણ હોં. એક-એક ગાથા...! એમાંથી નીકળવું (કઠણ છે). કેટલું છે એય.. ન્યાલભાઈ! તમારા વ્યાજમાંથી કેટલું નીકળ્યા કરે જુઓને એમ ને એમ. બચડાના બચડા. વ્યાજનું વ્યાજ ચક્રવર્તી કાઢેને. આહા..હા..! ઉપદેશ કેવો હોય, મુનિ કેવા હોય, ઉપદેશમાં ખાસ ઉપદેશ આ હોય, વ્યવહારનો ઉપદેશ ને પુણ્યનો ઉપદેશ ને નિમિત્તનો ઉપદેશ ને નિમિત્ત મેળવવા ને વ્યવહાર કરવો.. કહે છે કે એ ઉપદેશ જ નહિ, એમ કહે છે અહીં તો. આહા..હા..! કારણ કે એ વચ્ચે આવે છે એનું તો અહીં નિશ્ચય સ્વતત્ત્વના અનુગ્રહથી જે દશા પ્રગટી એમાં એનું જ્ઞાન એ જાતનું ઉત્પન્ન થઈને આવે છે અહીંયાં. એટલે આ કરવું, વ્યવહારનું જાણવું કે વ્યવહારને કર એ અહીં (નથી કહ્યું). વ્યવહારને જાણવું એમ પણ નથી કહ્યું અહીં તો. કરવાની તો વાત નહિ, પણ વ્યવહારને જાણ એ પણ નહિ. શુદ્ધાત્મ તત્ત્વને તું જાણ—અનુભવ. બસ આટલું. સમજાણું કાંઈ? એમ. એ વ્યવહારને કર તો ઠીક એ તો નહિ, પણ વ્યવહારને જાણનો પણ ઉપદેશ નથી, અહીં તો એમ કહે છે. અહીં તો શુદ્ધાત્મતત્ત્વનો અમને લક્ષે ઉપદેશ આપ્યો એમાં એ શુદ્ધાત્મના લક્ષે જે વૈભવ પ્રગટ્યો એ અમારો વૈભવ. એ વ્યવહાર પણ નહિ અને વ્યવહાર સંબંધીનું અમારું અમારાથી ઉત્પન્ન થયેલું જ્ઞાન એ અમારો વૈભવ. સમજાણું કાંઈ? બીજ છે બીજ આજ.

'**શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ,...**' અમને લક્ષીને શિખામણ આપી છે કહે છે. અનુશાસન, શિખામણ અમને લક્ષીને અમને ગુરુએ શિખામણ આપી છે હોં! સમજાણું કાંઈ? પણ શિખામણમાં આ શુદ્ધાત્મતત્ત્વ. આહા..હા..! ભગવાન આત્મા.. જુઓ! ત્યાં પર્યાય ગૌણ થઈ ગઈ, રાગ ગૌણ થઈ ગયો, નિમિત્ત ગૌણ થઈ ગયું એનો અભાવ (થઈ ગયો). આ એકલો ભાવ રહી ગયો. શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો. અહીં તો એવા શુદ્ધાત્મતત્ત્વને અમે જાણ્યો. સમજાય છે કાંઈ? પૂર્વાચાર્ય અનુસાર ઉપદેશ.. એ તો ઉપરથી નાખ્યું છે. પણ એ આવી ગયાને. અપરગુરુમાં આવી ગયા. અપરગુરુ પરંપરા જે ગુરુની સંધિ હતી એમાં બધા આવી ગયા. જુઓ, વીતરાગ સંતો ને આચાર્યોનો આ ઉપદેશ પરંપરાનો છે એમ સિદ્ધ કરે છે. અમરચંદભાઈ! આ પરંપરા છે. બીજી પરંપરા વચમાં ગરી હોય તે પરંપરા સાચી નથી. આહા..હા..! અમારા કેવળજ્ઞાની પરમાત્મા અને ત્યાંથી માંડી ગણધરોથી માંડીને મુનિઓ, એની પરંપારના ઉપદેશમાં તો શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ જ આવ્યો છે. સમજાય છે? આ પંચમ આરાના મુનિ કહે છે? કોણ કહે છે આ? ચોથા આરામાં આવું હોય. પાંચમાં આરામાં તો... આરા-ફારાની અહીં વાત નથી, સાંભળને. આરો આરામાં ગયો. આરાનો પાર કર્યો ત્યાં આરો ક્યાં રહ્યો અંદર? સમજાણું કાંઈ?

શુદ્ધાત્મતત્ત્વનું અનુશાસન. બસ અનુશાસન. શિખામણ આપી એમ. ઉપદેશનો અર્થ કર્યો.

અમને લક્ષીને ઉપદેશ, શિખામણ આપી એમ. '**તેનાથી જેનો જન્મ છે.**' એમાં એ કહ્યું હતું. એ ઉપદેશમાં એ કહ્યું હતું. શુદ્ધાત્મતત્ત્વને અવલંબ, અનુભવ કર. એ રીતે કહ્યું હતું તેવું અમને થયું છે. સમજાણું કાંઈ? જેઠાલાલભાઈ! જુઓ આ. ઓલા કહે, પરંપરા તોડી નાખી. અરે.. ભગવાન સાંભળને, ભાઈ! આ પરંપરા તેં તોડી છે કે આત્માએ તોડી છે? આહા..હા..! ભગવાન ત્રિલોકનાથથી. આ તો સર્વજ્ઞથી લીધું અહીંથી મહાવીરથી. ઠેઠ અનાદિ કાળથી. આહા..હા..! અનાદિ કાળની તીર્થંકરદેવની વીતરાગમાર્ગની પરંપરામાં શુદ્ધાત્માનો ઉપદેશ તે એની પરંપરાનો ઉપદેશ છે. એ સુકનચંદજી! વાત આખી જુદી જાતની. આ ક્યાંય મેળ ખાય નહિ એટલે બિચારા ઓલા કરે.. હોં! અરેરે..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મુશ્કેલ પડે છે, પ્રભુ! હવે પણ તમારે શું છે? હવે ક્યાં ક્રિયામાં છો તમે? હવે તમે તો અહીં આવી ગયા છો. આ તો સમુચ્ચય વાત.. વાત સાચી છે. આહા..હા..! એ ક્રિયા હોય એની અહીં વાત નથી. અહીં તો એના સંબંધીનું સ્વનું જ્ઞાન થતાં જે જ્ઞાન હો તે આત્માનો વૈભવ છે. સમજાણું કાંઈ?

'**તેનાથી જેનો...**' જેનો એટલે અમારા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગ પર્યાય જે વૈભવ આનાથી છે. એનો અર્થ કે વીતરાગના ઉપદેશમાં વીતરાગી તત્ત્વનો જ ઉપદેશ આવે છે. વીતરાગભાવ પ્રગટ કર એનો અર્થ શુદ્ધાત્મતત્ત્વના આશ્રયે જાય. શુદ્ધાત્મતત્ત્વને આશ્રયે જા, વીતરાગતા થશે, એ પરંપરા વીતરાગનો માર્ગ છે. એ સિવાય આડુઅવળું કહે એ સર્વજ્ઞનો માર્ગ નહિ, ભાઈ! સર્વજ્ઞનો નહિ તો તારા ગુરુનો નહિ, તારા ગુરુનો નહિ તો તારો પણ નહિ. આત્મા એવો નથી. સમજાય છે કાંઈ? હવે પછી પોતાના વેદનની વાત કરે છે જરી. એ સમજવા જેવી આવશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, શ્લોક-૨૧૫
## પ્રવચન નં.૪૧૯, તા.૦૭-૧૨-૧૯૬૭
## (૧૫)

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર, ૨૧૫ કળશનો ભાવાર્થ છે.

**'શુદ્ધનયની દૃષ્ટિથી તત્ત્વનું સ્વરૂપ વિચારતાં અન્ય દ્રવ્યનો અન્ય દ્રવ્યમાં પ્રવેશ દેખાતો નથી.'** આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ છે એવી અંતર દૃષ્ટિથી જોતાં તેમાં રાગ અને કર્મનો પ્રવેશ નથી. **'શુદ્ધનયની દૃષ્ટિથી તત્ત્વનું સ્વરૂપ વિચારતાં...'** એટલે કે આત્મા ચૈતન્ય જ્ઞાયક શુદ્ધ છે એવી દૃષ્ટિથી જોતાં **'અન્ય દ્રવ્યનો અન્ય દ્રવ્યમાં પ્રવેશ દેખાતો નથી.'** એટલે કે શુદ્ધ ચૈતન્યદ્રવ્યમાં રાગ અને સંસારનો ભાવ વિકલ્પ કે શરીર કે કર્મ અંદર છે નહિ—અંદર દેખાતા નથી.

**શ્રોતા :-** દેખાતા નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છે નહિ તો ક્યાંથી દેખાય? હોય તો દેખાયને?

આત્મા.. સર્વવિશુદ્ધ અધિકાર છેને? સર્વવિશુદ્ધજ્ઞાન. તો આત્મા જે શુદ્ધ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ છે એમ અંતર જોતાં એ જ્ઞાનસ્વરૂપમાં રાગ ને વિકાર ને પુણ્ય ને પાપ ને શરીર, કર્મ હોતા નથી. હોતા નથી તે દેખાતા નથી. દેખાતા નથી તે એમાં પ્રવેશ થઈ ગયા નથી. કહો, સમજાય છે કાંઈ? **'અન્ય દ્રવ્યનો અન્ય દ્રવ્યમાં પ્રવેશ દેખાતો નથી.'** અંતર જ્ઞાનસ્વભાવમાં વિકાર અને પરવસ્તુ પ્રવેશ દેખાતો નથી.

**'જ્ઞાનમાં અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે...'** ત્યારે કહે, આ દેખાય છેને? ના પાડી કે દેખાતા નથી અને દેખાય છેને? દેખાય છે શું? એ તો જ્ઞાન સ્વપરપ્રકાશક શુદ્ધ સ્વભાવ છે એમાં રાગ આ છે, શરીર આ છે એમ જ્ઞાનમાં જણાય છે. એ તો જ્ઞાનની નિર્મળતાનો પ્રગટ પ્રકાશ છે. સમજાય છે કાંઈ? આત્મા જ્ઞાનપ્રકાશ છે, ચૈતન્યસ્વરૂપ છે એના પ્રકાશમાં અન્ય પ્રતિભાસતા નથી, અન્ય હોતું નથી. ત્યારે કહે, જ્ઞાન ભાસે છે ને જ્ઞાન એને કે આ રાગ છે, આ છે, આ છે. **'તે તો આ જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ છે;...'** જ્ઞાનનો નિર્મળતાનો એ સ્વભાવ છે કે આ રાગ છે, શરીર છે એને જાણે છે પણ એ મારામાં છે એમ જ્ઞાન માનતું નથી. કહો, સમજાય છે કાંઈ?

અંતર ધર્મદૃષ્ટિથી જોતાં, આત્માનો સ્વભાવ જોતાં... ધર્મ એટલે સ્વભાવ. આત્માનો ચૈતન્યપ્રકાશ સર્વવિશુદ્ધજ્ઞાન જોતાં તે વસ્તુમાં રાગાદિ કે શરીરાદિ દેખાતા નથી. ત્યારે કહે

દેખાય છેને? જણાય છેને? તો કહે છે, એ તો જ્ઞાનનો સ્વભાવ એવો છે કે સ્વચ્છતાને લઈને આ રાગ છે, શરીર છે એમ પૃથક્‌પણે જ્ઞેય તરીકે જ્ઞાનમાં લાવ્યા વિના અને જ્ઞાનમાં જ્ઞેય આવ્યા વિના જ્ઞાન તેને સ્વપરપણે જાણે છે. હું જ્ઞાન છું, આ રાગ છે. કહો, સમજાય છે કાંઈ? એનું નામ સમ્યગ્જ્ઞાન છે.

જે ચૈતન્યપ્રકાશસ્વરૂપ એ પોતે રાગાદિને જાણવાના કાળમાં પોતાના અસ્તિત્વમાં રહીને તે જાણવાનો સ્વપરપ્રકાશ સ્વભાવ છે એથી તે રાગાદિ એમ જાણે છે, પણ રાગાદિ મારામાં છે એમ જ્ઞાન જાણતું નથી. કેમકે એમ ક્યાં જાણે? એમાં છે નહિ ને કેમ જાણે? કહો, સમજાય છે કાંઈ? આખા સેટીકાનો સરવાળો આપ્યો છે આમાં.

ચૈતન્ય અરીસો પ્રભુ આત્મા એ તો જ્ઞાનનું બિંબ છે. તો એ જ્ઞાનબિંબમાં રાગ વિકાર અને પર છે નહિ, તો જ્ઞાનમાં પર છે એમ ભાસે ક્યાંથી? જ્ઞાનદૃષ્ટિ થતાં-સ્વભાવ દૃષ્ટિ થતાં-ધર્મદૃષ્ટિ થતાં તો જ્ઞાનસ્વરૂપમાં રાગ છે એ ભાસતું નથી કેમકે એમાં છે નહિ અને ભાસે છે એ તો જ્ઞાનનો શુદ્ધતાના સ્વપરપ્રકાશક સ્વભાવથી આ રાગ છે એમ એ જાણે છે. એ તો સ્વભાવની દ્વિરૂપતા, પ્રકાશની પ્રકાશતાનો સ્વભાવ છે. એથી કરીને રાગ એનો છે એમ નહિ. કહો, સમજાય છે કાંઈ? જુઓ તો ખરા એની લીલા!

જ્ઞાનમાં એવું ક્યાં છે કે રાગને આ માને એવું જ્ઞાનમાં છે? અને રાગ પુણ્યનો વિકલ્પ અને શરીર એમાં છે એવું છે? એ તો જણાવાલાયક એટલું એનું સ્વરૂપ છે. એમાં એવું છે કે આને મનાવી દે તો મારા, એવું એનામાં છે? આમ ન જાણતાં પોતે જ્ઞાનમાં એ રાગાદિ જણાય ત્યારે એને એમ થઈ જાય છે કે હું રાગરૂપ થઈ ગયો. એ એની ભ્રમણા છે. સમજાણું કાંઈ? જ્ઞાનમાં, ચૈતન્ય અરીસો છે આત્મા. એમાં એ રાગ-પુણ્ય-પાપના વિકલ્પ શરીરાદિ જણાય. જણાય છે. જણાય એ તો પોતાના સ્વભાવને લઈને જણાય છે એને લઈને જણાતા નથી, અને (એ) જણાતા અજ્ઞાનમાં 'આ હું છું રાગ' એટલે કે રાગ અને પર જાણે મારામાં આવી ગયા. ઓલા જણાણાને એટલે મારામાં આવી ગયા એમ બહિર્દૃષ્ટિ છે ત્યાં સુધી એમ માને છે, ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિનું મિથ્યાજ્ઞાન છે. સમજાણું કાંઈ?

'**કાંઈ જ્ઞાન તેમને સ્પર્શતું નથી...**' ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે તે રાગના, દયા-દાનના વિકલ્પને પણ અડતું નથી એવો એનો સ્વભાવ છે, તો પછી બહારના પૈસા, બંગલા, મકાન અને ધૂળને અડે એવું તો છે જ ક્યાં? એમ કહે છે. શેનો ગળે વળગ્યો પણ, કહે છે. પણ એ તો ખરેખર તો રાગનું સ્પર્શન.. રાગ જે નજીકમાં છે, એક પર્યાયમાં છે, એક ક્ષેત્રે છે, એક કાળે છે, છતાં ભાવ ભિન્ન છે. સમજાય છે કાંઈ? '**કાંઈ જ્ઞાન તેમને સ્પર્શતું નથી...**' ભગવાન ચૈતન્યસ્વરૂપ એ રાગને અડતો નથી. રાગને જાણવાના સ્વભાવથી સ્વમાં રહીને પરરૂપે જાણે એ તો એનો સ્વભાવ છે. '**તેમને સ્પર્શતું નથી...**' વિકલ્પ છે એને સ્પર્શતું નથી જ્ઞાન, તો વળી આ સ્ત્રીનું શરીર, માંસ, હાડકા, દાળ, ભાત, શાક ને ઊના-

ટાઢા, મરચા તીખા અને ટાઢાને સ્પર્શે શી રીતે આત્મા? કહો, સમજાણું કાંઈ? એ તો જ્ઞાનનો સ્વભાવ છે કે સ્વને જાણતા તે પ્રકારના પરને જાણવાનો પ્રકાશ વિકાસ થતાં, પ્રકાશનો વિકાસ થતાં તેમાં જાણે છે કે આ છે, પણ 'એ છે ઈ હું છું અને હું એ રૂપે થઈ ગયો છું' એવું તો વસ્તુમાં નથી. સમજાણું કાંઈ?

**'તેઓ જ્ઞાનને સ્પર્શતાં નથી.'** કાંઈ તેમને સ્પર્શતું નથી જ્ઞાન. બે. આત્મા ચૈતન્યસ્વરૂપ છે એમ જ્યાં વાસ્તવિક તત્ત્વ છે એમ અંતર જોતા કે એ જ્ઞાનમાં એ ચીજ છે નહિ રાગાદિ અને રાગરૂપે જ્ઞાન થયું નથી. જ્ઞાન ત્યાં એ રૂપે થયું નથી અને તે જ્ઞાનને સ્પર્શતાં નથી. રાગ છે એ જ્ઞાનને અડતો નથી. સમજાણું કાંઈ? આનું નામ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે.

ચૈતન્ય પ્રભુ જ્ઞાનસ્વભાવ પ્રકાશસ્વભાવ એ પ્રકાશનું ચૈતન્ય પોતે પોતામાં ભાવથી જાણતો, તેમાં રાગાદિ હોય તે પૃથક્પણે મારામાં નથી એમ સ્વપરપ્રકાશની સ્વચ્છતામાં જાણે છે; પણ જાણતાં કાંઈ રાગરૂપે જ્ઞાન થયું? જાણતાં કેવળજ્ઞાનમાં લોકાલોક જણાય એટલે કાંઈ કેવળજ્ઞાન લોકાલોકરૂપ થઈ ગયું છે? અને લોકાલોક કાંઈ કેવળજ્ઞાનની પર્યાયરૂપ થઈ ગયું છે? એમ જ્યાં જે પ્રકારે એની યોગ્યતા સ્વપરપ્રકાશની જાણવાની, સ્વને જોતાં જાણવાની પર્યાય પ્રગટી, સ્વને જોતાં જાણવાની પર્યાય પ્રગટી એ પ્રગટી એમાં તો રાગાદિને પર તરીકે જાણે છે. એ તો પર તરીકે જાણવું એ તો જ્ઞાનનો સ્વ-સ્વભાવ છે. એમાં જ્ઞાનના સ્વભાવમાં જાણતાં જ્ઞાન રાગરૂપ ક્યાં થઈ ગયું છે? આ નિર્મળ છે (અને) રાગ મેલ છે. સમજાણું કાંઈ? જ્ઞાન છે એ નિર્મળ છે અને પુણ્ય-પાપનો વિકલ્પ છે એ તો મેલ છે, તો મેલને જાણતા મેલરૂપ થયું છે? ત્યારે કહે છે કે મેલરૂપ થયું નથી અને મેલ જ્ઞાનરૂપ થયો નથી. સમજાણું કાંઈ?

એટલે કે આસ્રવતત્ત્વ અને અજીવતત્ત્વ છે અને આત્મતત્ત્વ છે—આ ત્રણ. તો આત્મતત્ત્વ છે એ જ્ઞાનમૂર્તિ છે એમ અંતર જોતાં શુદ્ધનયથી જોતાં એ જ્ઞાનસ્વરૂપ છે એમ જોતાં આત્મતત્ત્વ (છે). હવે એ આત્મતત્ત્વને આસ્રવ અને અજીવ એ જાણવાલાયક એમાં છે, એ જ્ઞાન જાણે છે; જાણતાં કાંઈ જ્ઞાનસ્વરૂપ આત્મા એ આસ્રવ અને અજીવરૂપે થયો છે? અને આસ્રવ અને અજીવ એ જ્ઞાનરૂપ થયું છે? આત્મરૂપ થયું છે? કહો, સમજાય છે કાંઈ? ભારે! છતાં કહે છે કે આ અજ્ઞાનીને શું થાય છે આ?

**'આમ હોવા છતાં,...'** વસ્તુની મર્યાદાની સીમા તો આવી છે અને આટલી છે. સમજાણું કાંઈ? વસ્તુની સીમા જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એની મર્યાદા તો સ્વને અને પરને જાણવાની સીમા છે. એવું અંતર દૃષ્ટિથી જોતાં એ તો સ્વપરપ્રકાશપણે જ પરિણમવું એ એનું સ્વરૂપ છે; અને તેમાં રાગાદિ અને કર્મ આદિ અજીવ આદિ એટલે આ રાગાદિ એટલે આસ્રવ અને શરીર, કર્મ આદિ એટલે અજીવ—એ જ્ઞેય છે એ જ્ઞાનમાં જણાવાલાયક છે એ જ્ઞાન

એને પર તરીકે જાણે છે. કેમકે એ પર તરીકે જાણવું એ તો સ્વપરપ્રકાશના પ્રકાશનો જ વિકાસ છે, એ તો પોતાનો વિકાસ છે. એ કાંઈ પરને કારણે છે અને પર અહીં આવી ગયું છે માટે વિકાસ છે એમ છે નહિ.

ભગવાન ચૈતન્યસ્વરૂપ એને જોતાં જ્યારે જ્ઞાન રાગને જાણતાં, શરીરને જાણતાં, આ બાહ્ય પદાર્થ છે એને જાણતાં શું એ જાણતા જ્ઞાન છે તે જ્ઞેયનું થઈ ગયું છે? એ રૂપે પરિણમ્યું છે? શરીરરૂપે પરિણમ્યું નથી (તો) એ રૂપે થયું ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? આનું નામ ભેદજ્ઞાન છે. જ્ઞાનસ્વરૂપ આત્મા પોતે પોતાને જ્ઞાનરૂપે જોતો, જાણતો, પરિણમતો એનામાં રાગ અને શરીરાદિ જણાણા એ રાગ અને શરીર કાંઈ જ્ઞાનરૂપ થઈને આવ્યા છે? રાગ અને શરીર ને બાહ્ય આ પૈસો આદિ ધૂળ એ જ્ઞાનરૂપ થઈને અહીં આવ્યા છે? એ તો એનારૂપ થઈને તે રહ્યા છે, આનારૂપ થઈને એ રહ્યો છે. એ તો જાણનાર જાણે છે કે આ છે. જ્ઞાનસ્વરૂપ તે રાગ ને લક્ષ્મીરૂપે થયા નથી, રાગ અને લક્ષ્મી—અજીવ તે અહીં જ્ઞાન સત્ત્વરૂપે થયા નથી. કહો, બરાબર છે આમાં? રસીકભાઈ! ભારે. પણ આ તો આ શું છે પણ? એ કહે છે જુઓ. શું થયું પણ આ? કહો, ન્યાલભાઈ!

'**આમ હોવા છતાં, જ્ઞાનમાં અન્ય દ્રવ્યોનો પ્રતિભાસ દેખીને...**' જુઓ, આમ હોવા છતાં ચૈતન્યપ્રકાશના નૂરમાં, પૂરમાં બીજી ચીજ જણાય છે. રાગ, શરીર, કર્મ, પૈસા જણાય છે. આમ અન્ય દ્રવ્યોનો પ્રતિભાસ દેખીને '**આ લોકો જ્ઞાનને પરજ્ઞેયો સાથે પરમાર્થ સંબંધ છે એવું માનતા થકા...**' હું જેને જાણું છું એની સાથે મારે ખરો સંબંધ છે. જ્ઞેયજ્ઞાયક સંબંધ છોડી દઈને.. એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્મા રાગાદિ, અજીવ આદિ જ્ઞેય. બસ! આ જ્ઞેયજ્ઞાયક છે. આટલો સંબંધ છોડી દઈને આ તે પરમાર્થ સંબંધ માને છે શું થઈ ગયું આ? જ્ઞાનને સ્પર્શતો... સમજ્યાને? '**આ લોકો જ્ઞાનને પરજ્ઞેયો સાથે...**' આ આત્માને... જ્ઞાન એટલે આત્માનું સ્વરૂપ ચૈતન્ય. એને પુણ્ય-પાપનો રાગ અને લક્ષ્મી, શરીરાદિની સાથે પરમાર્થ ખરેખર સંબંધ છે એવું માનતા થકા આ ભ્રમણાથી દુઃખી કેમ થાય છે?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ કહે છે, ભ્રમણા થઈ ગઈ.

'**માનતા થકા જ્ઞાનસ્વરૂપથી ચ્યુત થાય છે,...**' જોયું? આહા..હા..! કેવી શૈલીથી વાત લીધી છે! ચૈતન્ય ભગવાન ચૈતન્ય પ્રકાશની મૂર્તિ છે એ તો આત્મા. શુદ્ધનયથી એટલે અંતર સ્વભાવથી જોતાં એ તો જ્ઞાનની મૂર્તિ પ્રભુ આત્મા છે. સચ્ચિદાનંદ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનું સ્વરૂપ છે. એ રાગને, પુણ્ય-પાપના ભાવને, શરીરને જ્ઞેય તરીકે જણાવાયોગ્યને જાણનાર પોતામાં રહીને પોતાની સ્વચ્છતાથી જાણે એવો એનો સ્વભાવ છે. એ સ્વચ્છતાથી જાણનારું જ્ઞાન કાંઈ જ્ઞેયરૂપે થઈ જતું નથી. જેને જાણે એ રૂપે થતું નથી અને જેને જાણે

તે જ્ઞાનરૂપ થઈને અહીં જણાતા નથી, એના રૂપ થઈને જણાય છે, એના રૂપમાં રહીને જણાય છે. સમજાણું કાંઈ? ભેદજ્ઞાન કહે છે અહીં તો. શશીભાઈ! કહે છે, પણ આ શું થયું આ? નથી આવતું આમાં, આ નથી જાતું ત્યાં અને આમાં આવ્યું છે તો એ સંબંધીનું પોતાનું જ્ઞાન આવ્યું છે. આ જ્ઞાનમાં એ જણાણા એથી પોતે જ્ઞાન એ રૂપે થઈ ક્યાં ગયું પણ? તો આ થઈ ગયું એમ કેમ માને છે? શું છે આ? હું એનો થઈ ગયો અને આ મારા થયા આવી ભ્રમણા ઊભી કેમ કરી આણે? કહો, સમજાણું આમાં? કહો, ભગવાનભાઈ! આવું ઝીણું છે. આહા..હા..! એ બધા જૂના માણસ છે. સામાયિક ને પોષા ને પડિક્કમણા ખૂબ કરતા.

આહા..હા..! કહે છે, ભગવાન તારી સીમામાં, તારી મર્યાદાના ક્ષેત્રમાં... સૌની સીમા હોય છેને ક્ષેત્રમાં નથી સીમા? કે આ ખેતરની અમારી સીમા, આ ખેતરની હદ હોય છેને સૌને? વચ્ચે થોડું ઓલું હોય ખડ જામી ગયું હોય, શેઢો. કહે છે, ભગવાન તારી સીમાનો શેઢો એટલો કે તું સ્વને જાણ અને રાગાદિ પરને જાણ, એ તારો સીમાનો છેડો; પણ એ સીમાને ઓળંગીને તે પુણ્ય-પાપના રાગને જાણતો 'રાગ મારા છે' એવું ક્યાંથી આવ્યું આ? કો'કનું ખેતર તારામાં ક્યાં ખતવી નાખ્યું? એમ કહે છે. કહો, શશીભાઈ!

**શ્રોતા** :- ધરાહર ધણી થઈ ગયો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધરાહર છેને? ધરાહર ધણી થઈ ગયો. આહા..હા..!

જુઓને ભાઈ! તું તો ચૈતન્ય. શુદ્ધનયથી જો તો એ તો શુદ્ધ ચૈતન્ય છે, એ કાંઈ રાગ છે? શરીર છે? કર્મ છે? એ આત્મા નથી. આત્મા તો જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, શુદ્ધ સ્વભાવ સ્વરૂપ છે. એમ અંતર જોતાં તો એ ભગવાન જ્ઞાનસ્વરૂપમાં રાગાદિ પુણ્ય-પાપના ભાવ અને શરીરાદિ, લક્ષ્મી આદિ, બાયડી-છોકરા આદિ કે દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ એ જ્ઞાનમાં જ્ઞેય તરીકે જણાવાલાયક છે અને તું તને જણાવાલાયકનો ભાવ તારો પરિણમનનો છે. એમાં એ જાણવાલાયક આત્માનું જ્ઞાન જ્ઞેયને જાણતાં જ્ઞેયનું ક્યાં થઈ ગયું કે 'આ મારા છે' એમ તું માને છો? આહા..હા..! અને જ્ઞેય રાગાદિ ક્યાં તારા થઈ ગયા કે તું એમ માને છો કે હું એ રૂપે પરિણમી ગયો? સમજાણું કાંઈ?

સર્વવિશુદ્ધ અધિકાર છે. એટલે જ્ઞાનની સમય-સમયની પર્યાય સ્વના આશ્રયે સ્વના લક્ષે જે સ્વપરપ્રકાશનું પરિણમન થાય તે સમ્યગ્જ્ઞાન છે. એ સમ્યગ્જ્ઞાનમાં તો વિકારનો વ્યવહાર જેટલો વ્યવહારનયનો વિષય કહેવાય. દયા, દાન, ભક્તિ આદિ એ અને શરીર, કર્મ અને અવસ્થાઓ થાય તે પ્રકારો બધું જ્ઞેય. **બોધ્યતામ યતિ બોધ્યં** એમ કહે છેને ઓલામાં? બોધ છે એ બોધ. બોધ બોધરૂપે ન થાય, જ્ઞાન જ્ઞાનરૂપે ન થાય ત્યાં સુધી રખડવાનું છે કહે છે. સમજાણું કાંઈ? તારી પુંજીમાં, તારી મૂડીમાં, તારા હોવાપણામાં, તારા હોવાપણામાં તો આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ છે તેમ તારું જાણવું એવું તારું હોવાપણું છે. એવા

જાણવામાં, રાગને જાણતા, પુણ્ય-પાપને જાણતા, શરીરની ક્રિયા આમ થાય, ભગવાનની પૂજા આદિમાં આમ થાય. એ તો બધા ભગવાન સર્વજ્ઞનો આત્મા અને સર્વજ્ઞની પ્રતિમા તે કાળે જણાવાયોગ્ય છે અને તે પણ તેના થઈને રહ્યા છે. જણાવતા તારા થઈને જણાવાયોગ્ય છે એમ નથી. એના થઈને જણાવાયોગ્ય તને છે અને તું પણ તારો થઈને જાણવાલાયક તું છો એનો ને પરનો. આહા..હા..!

કહે છે કે આમ છે છતાં આ ભગવાન મારા, આ બાયડી મારી, આ પૈસો મારો અને રાગ મારો. આ થઈ શું ગયું? એમ કહે છે. એય..! કહો, ભીખાભાઈ! આ એમ કહે છે. એય..! ન્યાલભાઈ! આ ન્યાલ થવાનો આ માર્ગ છે. આહા..હા..! ભગવાન! તારી પુંજીમાં તો જ્ઞાનસ્વરૂપ પડ્યું છે. ચૈતન્યના પ્રકાશનું નૂર છે ત્યાં. એ ચૈતન્યમાં વળી આ પુણ્ય-પાપનો વિકાર અને આ બાયડી, છોકરા, દેવ-ગુરુ-શાસ્ત્ર અહીં ક્યાં આવી ગયા છે? એ તો ત્યાં છે, એના અસ્તિત્વમાં છે. એના અસ્તિત્વમાં છે. એના અસ્તિત્વનું તારા અસ્તિત્વમાં જણાય એ તો જ્ઞાન જાણ્યું છે. એ કાંઈ એને આ છે એમ જાણ્યું નથી. હું આ છું એમ જાણ્યું છે? એ તો આ છે અને હું આ છું એમ જાણ્યું છે. એવું જાણવાનો સર્વવિશુદ્ધ ચૈતન્યમૂર્તિ પરિણમન હોવા છતાં આને તને કેમ થઈ ગયું? શું થયું? આ રાગ જણાણો તો હું એનો થઈ ગયો? અને રાગને મેં જાણ્યું માટે રાગ મારામાં આવી ગયો? આ શું થયું છે? આશ્ચર્ય કહે છે આચાર્ય. આ તો આશ્ચર્ય થાય છે. સ્વભાવમાં નથી અને આ શું મેળવણી તેં કરી? આવી મેળવણી કાઢી ક્યાંથી તેં? એમ કહે છે. એય..! શું થયું હવે ઓલા બંગલાનું? એણે બંગલામાં બેઠા .. આમ જાળીયું નીચે-ઉપર. ઉપર આમ પાછું. નીચે વળી કોઈ આવી જાય. કૂતરા આવે તો ખબર પડી જાય. .. આહા..હા..! દાદરા સુંવાળા પાછા આમ ભાત પાડતા. આમ .. જરી લ્યો તમે.

કહે છે કે પણ આ મારા અને મેં કર્યા એવું ક્યાંથી તને થયું? એમ કહે છે. એ તો જ્ઞેય છે. એ મકાન, એ દાદરા, એ દાગીના, એ ઝેવર, એ કપડા, એ બાયડી-છોકરા આદિ આત્મા અને એના શરીર એ બધા તારા જ્ઞાનમાં પર તરીકે, જ્ઞેય તરીકે રહીને, જ્ઞાન જ્ઞાન તરીકે રહીને તેને જાણે એવો તારો સ્વભાવ છે. આ લોજિકથી વાત છે કે નહિ? ચીમનભાઈ! પણ એણે કોઈ દી દરકાર કરી જ નથી. તત્ત્વને સમજવું નથી અને કરવો (છે) ધર્મ એને. કહો, સમજાય છે કાંઈ? એ જણાય છે એ તો જણાવાયોગ્ય એનો સ્વભાવ છે અને જાણનાર જાણવાના સ્વભાવથી જાણવામાં જાણે છે. જાણનાર જ્ઞેયનો થઈને જ્ઞેયરૂપ થઈને જાણે છે એમ છે નહિ અને જ્ઞેય જ્ઞાનમાં આવ્યું છે માટે જ્ઞેય જ્ઞાનરૂપ પરિણમન થઈ ગયું છે એમ છે નહિ. એ તો જ્ઞાનરૂપ પરિણમન છે સ્વપરપ્રકાશ તો. કહો, સમજાણું આમાં?

અરે..! એ પોતે પર મારામાં ભાસતા '**અન્ય દ્રવ્યોનો પ્રતિભાસ દેખીને...**' ફક્ત ભાસે છે. ભાસે છે તો એનું જ્ઞાન, જ્ઞેય સંબંધીનું જ્ઞાન; પણ આનું જ્ઞાન એવું જ્ઞાન અહીં

ભાસીને આ '**જ્ઞાનને પરજ્ઞેયો સાથે પરમાર્થ સંબંધ છે...**' મારે અને રાગને, પરને પરમાર્થે ખરેખર સંબંધ છે. જ્ઞેયજ્ઞાયકસંબંધને છોડી દઈને, બેપણામાં એકપણાનો સંબંધ છે '**એવું માનતા થકા...**' સમજાણું કાંઈ? બેપણામાં એકપણાનો સંબંધ છે એમ માનતા થકા. જ્ઞેયજ્ઞાયક તો બે-બે ભિન્ન-ભિન્નપણાનો સંબંધ છે એ તો. સમજાણું કાંઈ? બહુ બાપુ! તત્ત્વ એવું છે કે એને અંતરમાં જોતા આવડે તો એની એને ખબર પડે. આ તો એવી વાત છે. આ કાંઈ કોઈથી ઉધારી લે તો લઈ શકાય એવી નથી.

વસ્તુ ચૈતન્ય પ્રભુ જ્ઞાનમૂર્તિ પ્રભુ આત્મા એને શુદ્ધનયથી જોતાં. એમ કહ્યુંને? એને સ્વભાવની દૃષ્ટિથી જોતાં, એમ. જેવો સ્વભાવ છે તેની દૃષ્ટિથી અસ્તિપણે જોતાં તો એ જાણનાર છે. એ તો જાણવાનો સ્વભાવ છે. જ્ઞેયો જણાય એ તો જ્ઞાનનો સ્વભાવ છે. જ્ઞેય જણાય એ જણાવાયોગ્ય એનો સ્વભાવ છે. એનો જણાવાયોગ્ય સ્વભાવ જાણવાયોગ્યમાં પેસતો નથી. જાણવાનો જાણનાર સ્વભાવ જ્ઞેયરૂપે થઈને જ્ઞેયને જાણતો નથી. છતાં આ પરમાર્થે સંબંધ માની બેઠા છે કહે છે. અરે..! મારા જ્ઞાનમાં જણાણાને? માટે મને એમ થયું. મારા જ્ઞાનમાં એ કેમ ચીજ જણાણી અત્યારે? આ જ્ઞાનમાં આ જ કેમ જણાણું? આ જ કેમ જણાણું? મારા જ્ઞાનમાં એ જણાણું કે આ શરીર છે, આ સ્ત્રી છે, આ રાગ છે, એવું જ્ઞાનમાં કેમ જણાયું? માટે જ્ઞાન જ્ઞેયરૂપ છે એમ માનીને લોકો આકુળતા ને કેમ આ દુઃખી થઈ રહ્યા છે આકુળતાથી?

**શ્રોતા** :- આકુળતા ઉત્પન્ન કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ આકુળતા ઉત્પન્ન કરે છે. કહો, જેઠાલાલભાઈ!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ બીજું શું છે પણ?

આ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે તે જાણનાર-દેખનારને જાણનાર-દેખનારપણે રાખીને, જણાવાયોગ્યને જણાવાપણે રાખીને જાણે-દેખે તો તો અનાકુળતાનું જ્ઞાન, શાંતનું જ્ઞાન છે. એ તો શાંતિ સાથેનું જ્ઞાન છે. સમજાણું કાંઈ? આ ધર્મ અને અધર્મની આટલી વાતમાં ફેર છે. કહો. ભગવાન આત્માનો સ્વભાવ ચૈતન્યબિંબ પ્રકાશ છે એ એનો જાણવાનો ધર્મ છે. એ જાણવાના ધર્મને જાણવા તરીકે રાખે અને જ્ઞેયને જ્ઞેય તરીકે રાખે તો તો એને શાંતિ અને સુખ અને સમ્યક્‌શ્રદ્ધાજ્ઞાન પ્રગટે એ ધર્મ. જેનો જે ધર્મ તેને તે રીતે માનીને જાણીને પરિણમે તો તે ધર્મ. પણ એ જ્ઞાનરૂપ ભગવાન એને એમ ન જાણતા, એ રાગાદિ જણાય એ મને એ જ કેમ જણાય છે? પણ એ જણાવાનો સ્વભાવ તારો તે કાળે તે જણાય તે છે. આ કેમ જણાણા? એમ કહે. કહે છે ને આ લાકડા કેમ જણાણા? વચ્ચે લાકડું અને આ બે છે. અત્યારે જ્ઞાનમાં આમ નજર કરી ત્રણ ને બે. ત્રણ બે થઈ ગયું. પણ જ્ઞાનમાં ત્રણ અને બે આવ્યું એ તો એ જે ચીજ છે એ અહીં આવ્યા વિના બે

એક વિના જણાય કેમ? સમજાણું કાંઈ? માટે આ જ્ઞાન અને બે ચીજ એક છે. એમ માનનારા અજ્ઞાન છે કહે છે. મારી વસ્તુ જુદી છે એ. સમજાણું કાંઈ? એ વખતે જ્ઞાનના પર્યાયનો તે જ પ્રકારના જ્ઞેયને જાણવાનો સ્વભાવ સ્વને જાણતા છે. તો તે પ્રકાર કેમ જણાણો? તે પ્રકાર કેમ જણાણો? તે પ્રકારે જ્ઞાન યથાર્થ છે કે અયથાર્થ? તો જેનું જે હોય તે પ્રકારે યથાર્થ જ્ઞાન થાય. જ્યારે રાગ થયો તો રાગનું જ જ્ઞાન થયું તો એમ કેમ થયું? મને એ વખતે દ્વેષનું કેમ ન થયું? માટે નક્કી હું રાગરૂપ થયો છું—એમ અજ્ઞાનીને ભ્રમ પડે છે. સમજાણું કાંઈ?

દાખલો નહોતો આપ્યો એક ફેરી? શ્રીમદ્દે લખ્યો છે એ. ભાઈ! આમ ૫૦ ઘર છે શેરીમાં. ૫૦ ઘર. ખરેખર તો જ્ઞાન જાણે છે પોતાને અને પરને કે આ છે... આ છે.. આ છે... બસ એમ જાણે છે. હવે એ ઉપરાંત આ ઘર જ્યાં એનું માનેલું આવ્યું ને (તો કહે), આ મારું. એ ક્યાંથી આવ્યું? કહે છે.

**શ્રોતા :-** એના પૈસા નથી આપ્યા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૈસા ક્યાં એના હતા?

જ્ઞાન એનો સ્વભાવ છે કે જેવું તે કાળે જે રીતે જેમ છે તેમ જાણે. એ કાળે એમ જાણે. યથાર્થ જ્ઞાન છે કે નહિ? ત્યારે આમ જાણતા એને આમ થયું. આ ઘર... આ ઘર... આ ઘર... બધું જાણ્યું. આ મારું. આ થયું ક્યાંથી? તારે ને એને સંબંધ શું છે? એ તો જ્ઞેય જણાવાયોગ્ય અને જાણવાયોગ્ય એટલો સંબંધ છે. એને ઠેકાણે મારું એવું લાવ્યો ક્યાંથી? એમ કહે છે. કહો, બરાબર છે? ૫૦ છોકરા ઊભા હોય જ્યાં એમાં હીરાલાલ ઊભા. અહીં તો નેમિદાસભાઈનો છોકરો નથી પણ એનું કાંઈક હશે તો ખરુંને. પણ ૫૦ છોકરા ઊભા હોય લ્યો. પણ એના .. હવે હમણા. ૫૦ છોકરા હોય લ્યો. આમ જોવે. એનો જણાવાયોગ્ય સ્વભાવ, તારો જાણવાયોગ્ય સ્વભાવ. એ સિવાય ત્રીજો ક્યાંથી આવ્યો આમાં કે આ મારો? પણ આ મારો અને આ મારો નહિ એ આવ્યું ક્યાંથી? એ તો બધું જણાવાયોગ્યની લાયકાતવાળી ચીજ છે અને તું તેનો જાણનાર છો. આટલો સંબંધ છે. એ સિવાય ત્રીજો લાવ્યો ક્યાંથી? એમ કહે છે. કહો, સમજાણું આમાં?

એ કહે છે કે તારા જ્ઞાનને તું જ દુઃખી કરે છે એમ કહે છે. ભાઈ! આ આકુળતા કરે છે એનો અર્થ કે દૂષિત કરે છો. એ જણાવાયોગ્ય પદાર્થ જણાવાયોગ્ય જ લાયક છે. એમાં કાંઈ .. તે નથી માન્યો કે આ તારો છે. ચીમનભાઈ! બરાબર છે? છે એમાં? નંબર માર્યો છે કે આ ભીખાભાઈનો છોકરો છે એમાં? આ મલૂકચંદભાઈનો પુનમ છે એમાં? એય..! વજુભાઈ! શું હશે આ? આહા..હા..! ભગવાન કુંદકુંદાચાર્યે એટલી ભેદજ્ઞાનની વ્યાખ્યા કરી. આહા..હા..! ભાઈ! તું ચૈતન્ય પ્રકાશના નૂરનું અસ્તિત્વ છો કે તે તારા પ્રકાશમાં બીજું જણાય એ રૂપે તારું અસ્તિત્વ છે? અને તે અસ્તિત્વ છે એ તારારૂપ થઈને તને જણાય છે? એનું

અસ્તિત્વ એનારૂપે થઈને તું તારા અસ્તિત્વમાં રહીને તેને જાણે છો? આ તો વસ્તુનો સ્વભાવ છે. એ ઉપરાંત આ મારું અને હું એનો આ ક્યાંથી આવ્યું? કહે છે. આવો પરમાર્થ સંબંધ છે એવું લાવ્યો ક્યાંથી? આહા..હા..! સમજાણું કાંઈ? અ મિથ્યાભ્રમ-અજ્ઞાન છે કે જે દુઃખદાયક છે. સમજાણું કાંઈ? બધેથી ઊઠાવ દુકાન, કહે છે. એ છે તો એવો જ પણ માન્યતામાં ફેર છે એમ કહે છે અહીં તો. કલ્પનામાં એણે ઊભું કર્યું છે, કહે છે. એ માને તો કાંઈ એ રાગ એના થઈ જાય અને રાગનો આત્મા થઈ જાય કોઈ દી બનતું નથી અને માને તો એ દીકરાનો આત્મા થઈ જાય અને દીકરો એના આત્માનો થઈ જાય એમ કોઈ દી બનતું નથી. બન્યું નથી, બનતું નથી, બનશે નહિ ત્રણકાળમાં. એને ધર્મ થઈ ગયો. એય.. શશીભાઈ! આહા..હા..! લ્યો, આ મારો પ્રભુ ભગવાન. પણ આ ભગવાન જાય છે એમ કહે છે અંદર. એય..! આ ભગવાન આત્મા.. આ મારો ગયો. આ મારો ગયો. પણ મારો હતો કે દી? શું થયું પણ તને આ? સમજાણું? નહોતું કહ્યું?

**શ્રોતા :-** ભ્રમણા થઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભ્રમણા થઈ તને કે આ થયું શું પણ આ? નહોતું કહ્યું એક ફેરી ઓલા જેતપુરનું? જેતપુરનું કહ્યું હતું નહિ? પહેલા દીક્ષા લઈને ગયેલાને. એ બશ આ માગશર, પોષ સુદ, પોષ સુદ હશે. પોષ સુદ. (સંવત) ૧૯૭૦ની. ૫૪ વર્ષ થયા. દીક્ષા ૫૪ માગશર સુદ નોમની થઈ હતીને? આ માગશર નોમને રવિવાર. એ માગશર નોમને રવિવાર હતો તે દી. એ ૭૦ના માગશર સુદ નોમને રવિવાર. આ માગશર સુદ નોમને રવિ આવે છે આ. ૫૪ પૂરા થાશે. ૫૫. તે દી દીક્ષા થઈને ત્યાં ગયેલા. એમાં બિચારા એક પગે લાગવા આવતો .. કંદોઈનો દીકરો સ્થાનકવાસી. સ્થાનકવાસી કોઈ કહે, દેરાવાસી હતા. ઓલા જેતપુરનો અપાસરો છેને? છત્રી નથી છત્રી? છત્રીવાળો અપાસરો. એ છત્રીવાળો. એ સામે .. કામદારનો. ત્યાં પગે લાગવા આવે. મહારાજ! હું પશુ છું, હોં! ભગુ પશુ છે. એમ બોલ્યો. એનું નામ ભગવાનજી, પણ ઘરમાં પશુ-પશુ જેવું કહેને બૈરા-બૈરા અને એના મા-બાપ કહે. જો ભાઈ! આ પશુ જેવો છો એની સામું ન જોવું. તોફાન ન કરે. બુદ્ધિ ઓછી. બુદ્ધિ ઓછી. જો ભગુ પશુ જેવો છો એને ખાવા-પીવામાં ધ્યાન રાખવું. એમ મા-બાપ કહેને? એ અહીં આવીને કહે, મહારાજ! ભગુ પશુ છે હોં! હીરાજી મહારાજ અને અમે ચાર જણા હતા. ૭૦ની વાત. મહારાજ! ભગુ પશુ છે. એટલે અમને એમ થાય કે આ ભગુ પશુ શું કહે છે આ? એટલે ઓલા પૂછે કે એ કંદોઈનો દીકરો છે એનું નામ ભગવાન. કીધું, ભગવાન થઈ ગયો પશુ?

એમ આત્મા ભગવાન જ્ઞાનમૂર્તિ મહિમાવંત છે પણ એ આત્મા રાગને પોતાના માને, પરને પોતાના માને એ પશુ જેવી વૃત્તિ છે. આહા..હા..! પશુ કીધું હતુંને ઓલા ચૌદ બોલમાં? એકાંત માને છે. જ્ઞેય જ્ઞાનનું થઈ જાય. જ્ઞાન જ્ઞેયનું થઈ ગયું. આ માનનારા પશુ જેવા

છે. પશુ છે. કેમકે મિથ્યાત્વને સેવે છે અને મિથ્યાત્વને સેવતા એના ફળરૂપે તો નિગોદ દશા આવશે, નિગોદદશા. અને એક બટાટામાં અનંતા જીવ ત્યાં જઈને વસશે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે જેને તત્ત્વનું આરાધન નથી અને તત્ત્વનું વિરાધન છે (તે નિગોદમાં જવાના).

ભગવાન જ્ઞાનસ્વરૂપ છે એ બધા આખી દુનિયાથી જણાવાયોગ્ય તે કાળે તે તે પ્રકારે જ્ઞાન થયું તો તે જણાવાલાયક છે. એટલી મર્યાદા છોડી દઈને.. સીમાની એટલી હદ છે. એ સિવાય બીજી સીમા કરવા જાય છે કે આ મને જણાણા માટે એનો હું થઈ ગયો અને એ જણાણા માટે હું એ રૂપ થઈ ગયો. આવો પરમાર્થ સંબંધ તેં ક્યાંથી કાઢ્યો? એને ક્યાંય સંબંધ નથી.

**‘એવું માનતા થકા જ્ઞાનસ્વરૂપથી ચ્યુત થાય છે,...’** ભગવાન આનંદ અને જ્ઞાનથી ભ્રષ્ટ થાય છે. આહા..હા..! એ પોતાના શુદ્ધ સ્વરૂપથી ભ્રષ્ટ થાય છે. ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા એ પરને જણાવાલાયકને મારા માને છે. મને જણાણા કેમ એ કાળે? પણ એ તો તારો જ્ઞાનનો સ્વભાવ એ જ જણાય એવો સ્વભાવ છે. કહો, સમજાય છે? મોઢામાં મરચું આવ્યું મરચું, તો જ્ઞાનમાં જણાય એવું કે આ તીખું છે. એમ જ જણાય કે બીજું જણાય? ખારું છે એમ જણાય? ખારું છે એમ જણાય? જ્ઞાન તો યથાર્થ છે. જ્ઞાન સ્વને જાણતા તીખું છે એમ જ્ઞાન જાણે, પણ જ્ઞાન જાણતા તીખારૂપ થઈને જ્ઞાને જાણ્યું છે? તીખારૂપ થાય તો તીખું જડ છે અને જ્ઞાન તો ચૈતન્ય છે. સમજાણું? અને તીખું જ્ઞાનમાં આવી ગયું છે? જડ જ્ઞાનમાં આવી ગયું છે? (આવી જાય) તો જ્ઞાન તીખું જડ થઈ જાય. આહા..હા..!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જ્ઞાન તીખું થઈ જતું હશે જડ. એમને?

**શ્રોતા** :- ....

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- તો આ શું કીધું? આ શું કહેવાય છે? તીખાના જ્ઞાનરૂપે પરિણમ્યું છે. જ્ઞાન તીખા સંબંધીના જ્ઞાનરૂપે પરિણમ્યું છે કે તીખારૂપે પરિણમ્યું છે? તીખા સંબંધીનું પોતાનું જ્ઞાન છે કે આ તીખું એમ પરિણમ્યું છે. તીખાપણે પરિણમ્યું છે? તો તો જડ થઈ ગયો.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ના, ના, એ તીખાનો અનુભવ જ નથી. લ્યો! આમાં મોટો ફેર છે. જડનો અનુભવ હોય જીવને?

**શ્રોતા** :- જ્ઞાનની પાસે જે તીખાશ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તીખું કાંઈ કર્યું નથી. એ જ અહીં કહે છે. તેં કર્યું નથી અને ભ્રમણા થઈ ગઈ છે તને. એ તો જ્ઞેય તરીકે જણાય છે. જ્ઞાનમાં તીખું છે એમ ભિન્ન તરીકે જણાય છે. એમ ન કરતાં અને તીખું જ્ઞાનરૂપ થઈને જણાય છે એમ પણ નથી

અને જ્ઞાન તીખારૂપ થઈને એને જાણે છે એમ પણ નથી. એ માટે તો માંડી છે આ. ત્યારે થઈ શું ગયું? એને જણાતા એમ થઈ જાય કે હું તીખો થઈ ગયો અને તીખું મારામાં આવી ગયું.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જ્ઞાન તો ભિન્ન પડી ગયું. એ વાત ભિન્ન થઈ ગઈ. એમાં તીખું ક્યાં આવ્યું? એમ નથી આ. એ તો ચાલે છે આ. પોણા કલાકથી તો ચાલે છે આ. આહા..હા..! કહો, આમાં સમજાય છે? આ તો સાદી ભાષામાં એમાં કાંઈ બહુ એવું વ્યાકરણ ને સંસ્કૃત ને મોટું ભણવા જેવું નથી.

ભગવાન આત્મા આમ ચૈતન્ય. અરીસો લ્યો એક અરીસો. અરીસો છે, સામે મરચા છે તો અરીસાની અવસ્થા લાલરૂપ અહીં દેખાય છે. એ મરચાની અવસ્થા છે? મરચાની છે? એ તો અરીસાની છે. અરીસો મરચારૂપે થયો છે? અગ્નિ છે અહીં આમ ઝળહળ અગ્નિ. એમાં દેખાય છે આ. એ અરીસાની અવસ્થા આમ-આમ દેખાય છે એ અગ્નિરૂપ છે? અગ્નિરૂપ થઈ છે? અગ્નિરૂપ થાય તો હાથ અડાડો તો ઊનું ક્યાં છે ત્યાં? એ તો અરીસાની અવસ્થા સ્વચ્છની છે. અરીસો અગ્નિરૂપે થઈને પરિણમ્યો નથી અને અગ્નિ અરીસારૂપે થઈને પરિણમી નથી. કહો, બરાબર છે? આ તો સાધારણ છોકરાને સમજાય એવું છે.

આ અગ્નિ અને અરીસો બે છે. હવે અરીસો છે આમ દેખાય છે આમ અગ્નિપણે. આમ દેખાયને આમ-આમ થાય છે. એ અગ્નિપણે પરિણમ્યો છે? એ તો અરિસાની સ્વચ્છતાનું પરિણમન છે અને અગ્નિ અગ્નિપણે છે. એ અગ્નિ અરીસાપણે થઈને રહી છે? અરીસો અહીં પરિણમ્યો છે તો અગ્નિપણે થઈને પરિણમ્યો છે? એમ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા તીખો.. કહો, પ્રતિબિંબ પણ નથી. એ તો પોતાનું પરિણમન છે. સાંભળો-સાંભળો. તમને બધું ફેર પડશે તમારે. બધો ફેર પડશે તમારે. બુદ્ધિમાં ફેર છેને ઘણો. એય.. સમજાય છે કાંઈ? આટલું સ્પષ્ટ થાય છે તો પણ હજી પકડાતું નથી?

આત્મા જ્ઞાનરૂપે રહીને રાગને જાણે છે. આત્મા જ્ઞાનરૂપે રહીને તીખાશને જાણે છે કે આત્મા જ્ઞાનરૂપ તીખાશ થઈને તીખાને જાણે છે? તીખાશ થઈને જાણે તો તીખું તો જડ છે. અને તીખું જ્ઞાનરૂપ થઈને અહીં જણાય છે? કે તીખું તીખાપણે રહીને જણાય છે? તીખું તીખાપણે રહીને જ્ઞાનમાં જણાય છે. ફક્ત માને છે કે એ મને તીખું લાગ્યું, એ હું તીખો થઈ ગયો, એ મને તીખાનો સ્વાદ આવ્યો. સ્વાદ કે દી તીખાનો હતો? એ તો રાગનો સ્વાદ છે. તીખાને જાણતા એ સારું છે, ખરાબ છે એવો રાગનો સ્વાદ છે. તીખાનો જડનો સ્વાદ અહીં આવતો હશે? સમજાણું કાંઈ? કહો.

એ કહે છે, જ્ઞાનસ્વરૂપથી ચ્યુત થાય છે એ એમનું અજ્ઞાન છે, લ્યો! કહો, હજી તો ભાવાર્થ પૂરો થાતો નથી. ભાવાર્થ જ સમજતો નથી એમ કહે છે. ભાવ અર્થ શું છે એ

એને સમજતો નથી. ભગવાન અરૂપી જ્ઞાનઘન અને સામી ભલે રૂપી હો કે અરૂપી વસ્તુ હોય લ્યોને. ચાહે તો રૂપી હોય અને ચાહે તો અરૂપી. પણ અરૂપી અને રૂપી એનામાં અસ્તિત્વપણું રહ્યું છે કે આત્માના જ્ઞાનમાં એનું અસ્તિત્વ આવી ગયું છે? અને આનું અસ્તિત્વ એનારૂપે થઈને રહ્યું છે? કે જ્ઞાનનું અસ્તિત્વ જ્ઞાનરૂપે થઈને રહ્યું છે? બસ! જ્ઞાન તે અરૂપી આ છે એમ જાણતા અરૂપી જે ચીજ તે ખ્યાલમાં આવી બીજો આત્મા કે કેવળજ્ઞાની આત્મા કે અરિહંત, દેવ-ગુરુ આત્મા કે આ આત્મા છે એમ ખ્યાલમાં આવ્યો. એ ખ્યાલમાં આવ્યો એનું જ્ઞાન આવ્યું અહીંયાં એ તો પોતા સંબંધીનું જ્ઞાન છે. એ જ્ઞાનમાં અરિહંતનો પર્યાય અહીં આવ્યો છે? અને આ જ્ઞાન અરિહંતની પર્યાય થઈને જાણે છે? સમજાણું કાંઈ? આહા..હા..! કોઈ દી એણે વિચાર જ કર્યો નથી. એમ ને એમ આંધળે દોડે મુઠીયું વાળીને ચાલ્યો છે. કાંઈ તત્ત્વની ખબર ન મળે અને કહે કે અમને ધર્મ થાય. શું ધૂળમાં ધર્મ થાતો હશે?

ભગવાન આત્મા જ્ઞાનપુંજ પ્રભુ છે એને જાણતા બીજી ચીજ જણાય તે બીજાપણે રહીને જ્ઞાન તેને જાણે છે, બીજાપણે થઈને એ જ્ઞાન જાણે છે એમ છે નહિ અને બીજું આ પણે થઈને જણાય છે એમ છે નહિ. બસ! જ્ઞાન જ્ઞાન થઈને જાણે, બીજું એનું રહીને જણાય. આટલો મેળ સંબંધ છે. એ સિવાય બીજો સંબંધ ક્યાંથી કાઢ્યો? કહે છે. એય..! નેમિચંદભાઈ! નેમિદાસભાઈ! શું કાઢ્યું આ? આ કંચન ને કંચન બે મારા એ કાઢ્યું ક્યાંથી? એમ કહે છે. બે કંચન. ભારે આ. એય..! વજુભાઈ!

**શ્રોતા** :- ગોળ ખાય ગળ્યો લાગે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ ગોળ હોવો જોઈએને. ગોળને ઠેકાણે છાણું હોય તો? છાણું આમ નરમ ફર્સ્ટ ક્લાસ (હોય). ગોર કહેવાય છેને ગોર નથી કહેતા? ઓલો ભૂકો કરે ત્યારે. આહા..હા..!

અહીં તો સ્વતત્ત્વ તે જ્ઞાનરૂપ છે, એની પ્રધાનતાથી આખું કથન સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં (ચાલ્યું છે). તેમાં અનંતા ગુણો ભેગા આવી ગયા. પણ જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે એથી બીજી ચીજને જાણે છે એ વાત સિદ્ધ કરવા આ વાત લીધી છે જ્ઞાનમાં. સમજાય છે? આનંદ ને શાંતિ ને એ કાંઈ બીજાને જાણતા નથી. એટલે એ દ્વારા બીજાને સમજાવી શકાય નહિ. એટલે જ્ઞાન દ્વારા પર અને સ્વની જુદાઈને જણાવી શકાય છે, માટે જ્ઞાનપ્રધાન કથનથી આ વાત બધી ચાલે છે. એટલે આત્મા જ જ્ઞાન છે એમ કહે છે. ભગવાન આત્મા જ્ઞાન છે. એ જ્ઞાન પરવસ્તુને જાણતા પરવસ્તુનો થઈને જાણતો નથી. પરવસ્તુ આમાં જણાય તે આત્માની થઈને તે વસ્તુ જણાતી નથી. આવો જ્ઞેય-જ્ઞાયકસંબંધ જાગતી જીવંત જ્યોતિ છે. આ ઉપરાંત કહે છે કે આ મારા અને હું એનો, આ તીખારો જે થઈ ગયો, પૈસા મારારૂપ થઈ ગયો, મકાન મારારૂપ થયા અને હું એનો થયો—આ બે ક્યાંથી આવ્યું? કહો, ભીખાભાઈ! શું કરવું આમાં? આહા..હા..!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શું કાઢી નાખે એમ કીધું?

અહીં તો ત્રણલોકના નાથ પરમેશ્વર સમવસરણમાં બિરાજે છે અને આત્મા તેને જાણે. કહે છે કે જાણતા એ જ્ઞેય તારા જ્ઞાનમાં આવી ગયું છે અને તું એને જાણે છો? અને તારું જ્ઞાન તે ભગવાનરૂપે થઈને જાણે છે? કે તારા રૂપે થઈને તેને જાણે છે? આહા..હા..! છતાં આ ભગવાન અમારા અને હું એનો, બે ક્યાંથી આવ્યું? એમ કહે છે. એય..! અહીં તો એ વાત છે. આ તો સાધારણ વાત છે એના બધા દૃષ્ટાંતો જુઓ તો બધા એકથી એક બધા ઊભા થાય એવું છે. આહા..હા..! કહો, અમુલખભાઈ! બરાબર છે?

આમ લાકડા ઊંચા હોય કેટલાક .. તમારે ત્યાં જ્ઞાનમાં લાકડા જ આવે છે. ત્યાં સોનું આવે છે? ત્યાં કાંઈ સોનાના પાટા ઊભા છે એમ જાણે? ત્યાં નક્કી કાંઈક લાકડા અને જ્ઞાનને સંબંધ છે કે નહિ? એમ કહે છે. એ જ્ઞાનનો પર્યાય, બાપુ! તારો સ્વભાવ છે કે તને જાણતા તે પર્યાયમાં તે જણાય એવો તારો સ્વભાવ છે. તે અહીં આવીને જણાણું છે અને આ ત્યાં જઈને જણાવાયોગ્ય થયો છે? એ તો કોઈ દી ત્રણકાળમાં થયું નથી. કહો, ભગવાનજીભાઈ! આહા..હા..!

કહે છે કે આ રીતે જો જાણે કે જ્ઞેય જ્ઞેયરૂપે છે, જ્ઞાન જ્ઞાનરૂપ છે, તો તો જ્ઞાનનો સ્વાદ એને આવે, તો તો જ્ઞાનનો, શાંતિનો, આનંદનો સ્વાદ આવે; પણ આ રાગ જણાતા હું એ રૂપે થયો માટે જણાણોને? એ રૂપે થયો માટે જણાણોને? તીખારૂપ થયો માટે જણાણુંને? ગળ્યારૂપે થયો તો મને જણાણુંને? આ ભ્રમણા તો તને દુઃખરૂપની ઉત્પત્તિ કરે છે. લ્યો! જેઠાલાલભાઈ! આહા..હા..!

**'જ્ઞાનસ્વરૂપથી ચ્યુત થતાં...'** એટલે જાણવા-દેખવાના સ્વભાવથી ભ્રષ્ટ થતાં પરના સંબંધમાં આ મને સંબંધ છે પર સાથે, આવા મિથ્યાત્વભાવનું જે અજ્ઞાન છે એ દુઃખરૂપ છે, એ સંસાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ભ્રમણા છે ભ્રમણા. કીધું નહોતું એક ફેરી ઓલા છોકરાનું? એક છોકરો મરી ગયો નહિ? એની મા કહે, બાળવા ન દઉં, બાંધવા ન દઉં ઠાઠડી. બહુ નાની ઉંમરનો જુવાન ૨૨ વર્ષનો જુવાન. એની મા રોવે... રોવે... રોવે... બાપ જરી ડાહ્યો .. એ કહે છે, જો ત્યારે આપણે નથી બાળવોને એને? આપણે પેટી કરીને રાખીએ. લાકાડાની પેટી કરાવીને રાખીએ. તોય ના. પણ તારે શું કરવું છે? બાળવા દેવો નથી, પેટી કરીને રાખીએ તો રાખવા દેવો નથી.

**શ્રોતા** :- ઘરમાં રાખવો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઘરમાં રાખવો નથી. ત્યારે શું કરવું છે પણ ત્યારે? હવે એનો કોઈ નિવેડો છે કાંઈ? એનો ધણી પૂછે છે. એમાં ઓલો છોકરો મરી ગયો હતોને જુવાન પચ્ચીસ વર્ષનો અને પરિણામ વૈરાગ્ય થઈ ગયા. આહા..હા..! કોઈ ન મળે આમાં મારું.

આહા..હા..! હું જુદો. એવા કોઈ શુભભાવ થઈ ગયા જરી. પુણ્ય બાંધેલું. વ્યંતર થયેલો વ્યંતર-ભૂતડું. ઈ આવ્યો. કહે, અરે.. મા-બાપ! શું કરવા તમે રોવો છો? કહે છે, મારો દીકરો મરી ગયો. આ હું એ છું. મારા પરિણામ જરી (મંદ) થયા તો હું વ્યંતર—ભૂત થયો છું. કહો તો તમારી હયાતીમાં તમને ૪૦-૫૦ વર્ષ થયા છે અને કહો તો ૮૦ વર્ષ, તમે કહો ત્યાં સુધી હું તમારી સાથે રહું. આમાં આવું. ના ભાઈસાહેબ એમ નહિ. નથી બાળવા દેવું, નથી રાખવો. ઓલો આત્મા આવ્યો તોપણ રાખવો નથી હવે. ભાઈસાહેબ એ તો વહેમ પડે અમને આખો દી. એય..! ચીમનભાઈ! આહા..હા..! ..ભાઈ! પણ આ હું છું. તમે કહો એ દાખલા આપું. જુઓ! હમણા ગયો છું અને અડધા કલાકમાં આવ્યો. જો આ પેટીમાં જુઓ મારો ખાનગી દાગીનો છે, જુઓ, લાકડા આ લઈ આવ્યો હતોય ફલાણું છે જુઓ આ. હા. આ એ હું છું. આ રોવો નહિ. હવે રોવું બંધ કરો અને હું અહીં ૨૫ વર્ષ મડદામાં રહું. કામકાજ કરું તમે કહો એટલું. કહો હવે? ભાઈસાહેબ પણ એ .. અમે બીએ. લે! મફતનો સંબંધ માન્યો છે. બસ! આટલી વાત છે. એ સંબંધ માન્યો એ જ્યાં બહાર ગયો તો કહે, હવે મારે આ સંબંધ રહ્યો નહિ મારે ને તમારે, લે.

એમ અજ્ઞાની પર જણાય છે ત્યાં વળગી પડે છે માળો એને. આ મારો, બાપુ! તો મારો થઈને અમે રહીએ? કહે ના, ભાઈ! અમારા થઈને રહેવાય નહિ તમારે. ભૂતડા-બુતડા જ્ઞાનમાં જણાય. તારા થઈને રહે? કે ના. ભૂતડા જુદાં રહ્યા. ગાંડા માણસ જાણે જ્ઞાનમાં. ગાંડો કહે અમે તમારા થઈને રહીએ તો? કહે ના ભાઈ સાહેબ. એને જ્ઞાન કે દી તારું ગાંડાનું? પણ ગાંડો અમારો થઈને આવશે.. એમ.. પણ શું છે તને આ ભ્રમણા?

'**તેમના પર કરુણા કરીને આચાર્યદેવ...**' છેને? અરેરે..! આ શું થયું ભગવાન તને? પરની સાથે જ્ઞેયજ્ઞાયકસંબંધ સિવાય ત્રીજો સંબંધ (નાખે છો), મારે ખરેખર આને મેળ છે એવો સંબંધ તેં ક્યાંથી ઊભો કર્યો? જેમાં નથી ને તેં ઊભું કર્યું. '**આચાર્યદેવ કહે છે કે આ લોકો તત્ત્વથી કાં ચ્યુત થાય છે?**' અરેરે..! ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ પ્રભુ, એનાથી ભ્રષ્ટ થઈને આ મારા એવો મિથ્યાત્વભાવ કેમ ઊભો કરે છે? કહો, સમજાણું આમાં? જુઓ, કરુણા કરીને હોં! વિકલ્પ છેને? છદ્મસ્થ છેને? મુનિ છે. ક્યાં કેવળી છે એ. વિકલ્પ છે કરુણા આવે. અરે..! આ જીવ શું કરે છે? અરે..! આત્માને દુઃખી કેમ આમ કરે છે? જ્યાં સુધી રાગનો ભાગ છે ત્યાં સુધી કરુણા આવવી સંભવે છે. છતાં તે કરુણાને પણ જ્ઞાતાના જ્ઞેય તરીકે જાણે છે. એ કરુણાને જાણનાર જ્ઞાની છે. કરુણારૂપે થતાં નથી અને કરુણાની પર્યાય જ્ઞાનરૂપે થતી નથી. એમ છે.

આ એમાં એ છે હોં! આ છેને એમાં છે. કીધુંને છેલ્લું શું કીધું? 'किं द्रव्यान्तरचुम्बनाकुलधियस्तत्त्वाच्च्यवन्ते जनाः।' અરે.. શું કરે છે આ? આ શું કરે છે આ? સમજાણું? તારા સ્વભાવમાં તારો સ્વભાવ તો તું અને પર જેવા છે એવો તારામાં રહીને

જાણવાનો સ્વભાવ છે. છતાં તારા જ્ઞાનમાં જે જણાય એનું જાણપણું આવતા તને એ રૂપે હું થઈ ગયો કે એ મારામાં આવી ગયા (એમ લાગે છે). આ શું થયું તને આ? સમજાણું કાંઈ? કરુણા કરીને દુઃખી થઈને કહે છે કે ભાઈ! તેં આ શું કર્યું? તારા તત્ત્વના સ્વભાવથી ચ્યુત થઈને આ દુઃખને ક્યાં વહોર્યું તેં? કહો, સમજાણું આમાં? કહો, કીર્તિભાઈ! આ સમજવા જેવું છે કે નહિ કાંઈ? એય..! વીરચંદભાઈ! એ બરાબર બેય જણા.. આહા..હા..!

'**ફરીને આ જ અર્થને દઢ કરે છે :–**' બીજો કળશ કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી ઈષ્ટોપદેશ, ગાથા-૪૬-૪૭
## પ્રવચન નં.૫૨, તા.૩૧-૦૫-૧૯૬૬
## (૧૬)

'ઇષ્ટોપદેશ' ૪૬ ગાથાનું હિન્દી. છેલ્લું હિન્દી છે.

दोहा - पुद्गलको निज जानकर, अज्ञानी रमजाय।
चहुँगतिमें ता संगको, पुद्गल नहीं तजाय।।४६।।

બહુ ટૂંકામાં (વાત કરી છે). ભગવાનઆત્મા **'પુદ્ગલ કો નિજ જાનકર..'** પોતાના ઉપયોગમાં રાગને પોતાનો જાણીને, અજ્ઞાની રાગમાં રમે એ પુદ્ગલ. પરમાણુમાં ક્યાં રમે છે? સમજાણું કાંઈ? ઉપયોગ-ભૂ. ભગવાનઆત્મા, પોતાના જ્ઞાનાદિ વેપારમાં રાગમાં રમે, રાગમાં એકત્વ કરે તે મિથ્યાત્વ છે, તે સંસાર છે. સમજાણું કાંઈ? પછી ગુલાંટ કરીને આત્મામાં રમે એમ પછીની ગાથામાં વાત કરશે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાનો મહાન જ્ઞાન, દર્શન, આનંદ, કાયમી અસલી સ્વભાવ છે એને ભૂલી અને વર્તમાન જ્ઞાન, દર્શનના, પરિણામ ભાવમાં, ઉપયોગમાં—કર્મ તરફનાં આ પુદ્ગલ મારા, એવો રાગ (કરી) એ રાગમાં રમે એને પુદ્ગલ સંગ નહિ છોડે. પુદ્ગલ સંગ નહિ છોડે. પોતે પુદ્ગલનો સંગ છોડતો નથી માટે પુદ્ગલ સંગ નહિ છોડે, એમ. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પોતાની વર્તમાન પર્યાય, ઉપયોગ, વેપારમાં રાગાદિમાં રમે; રાગ શબ્દે બધા કષાયભાવ બધા, એ રાગમાં રમે તે પુદ્ગલમાં જ રમે છે. સમજાણું કાંઈ?

**'પુદ્ગલ કો નિજ જાનકર..'** એ રાગાદિને પોતાના જ્ઞાનસ્વરૂપમાં પોતાના માની, પોતાના જાણી (પુદ્ગલમાં રમે છે). સમજાણું કાંઈ? આ શ્લોકો તો બહુ ટૂંકામાં સાર અને અસાર બંને બતાવે છે. **'हेयोपादेय'** કહ્યું હતુંને માથે (ટીકામાં)? અવિદ્વાન. ભગવાનઆત્મા બેહદ સ્વભાવી છે. સમજાય છે?

સવારમાં જંગલમાં પ્રશ્ન થયો હતો. એક પરમાણુ એક સમયમાં ચૌદ બ્રહ્માંડ જાય, તો પહેલે રાજે જાય, બીજે રાજે જાય, ત્રીજે રાજે જાય એટલો તો ફેર પડેને? ક્યાં ગયો 'અરુણ'? ક્યાં ગયા 'ચીમનભાઈ'? તમારા ચિરંજીવીનો પ્રશ્ન હતો. 'કિરિટ'નો હતો પણ પૂછયો હતો તો તેં. આ 'કીરીટ' આ 'ત્રિભુવનભાઈ'નો. એક પરમાણુ કાળના સૂક્ષ્મ એક સમયમાં ચૌદ બ્રહ્માંડ જાય. પહેલે સમયે તે પ્રદેશમાં સ્થિત, બીજે સમયે ચૌદ બ્રહ્માંડ ચીરે. શું એને ખબર છે? એને ખબર છે કે બીજા સમયમાં મને આમ થશે? ખબરની અહીંયાં

જરૂર નથી. સમજાણું કાંઈ? તેનો પર્યાયસ્વભાવ કેટલો છે? એક સમયમાં પર્યાય સ્વભાવ, પહેલે સમયે એક પ્રદેશમાં રહેવાનો હતો અથવા એક પ્રદેશથી બીજા પ્રદેશમાં ગતિ કરવાનો એક સમય હતો. પર્યાય સ્વભાવ, હોં! દ્રવ્ય-ગુણ એક બાજુ રહો. બીજા સમયમાં... આ તો સ્વભાવની વાત જ અલૌકિક વાત છે. એ દ્રવ્ય-ગુણ એવા ને એવા હોવા છતાં, એક સમયમાં તે પરમાણુ અચેતન જડ, બિલકુલ જેને કંઈ ખબર નથી કે હું કોણ છું, એવો પરમાણુ, ભાઈ ! પરમાણુનો જડ સ્વભાવ, એક પર્યાય એક સમયમાં એક પ્રદેશથી બીજા પ્રદેશમાં ગતિ કરે એવો એક પર્યાયનો સ્વભાવ, તો બીજી પર્યાયનો એવો સ્વભાવ કે એક સમયમાં ચૌદ બ્રહ્માંડ ચીરી નાખે એવો સ્વભાવ. ચીરે એટલે સમજાય છે? ગતિમાં ચાલ્યો જાય. એમાં પહેલા સમયમાં આઠ રાજૂ, ચૌદ રાજૂ છે તો ચૌદ સમય છે એમ છે નહિ. આહા..હા..!

વાત તો દ્રવ્યસ્વભાવ, ક્ષેત્રસ્વભાવ, કાળસ્વભાવ, ભાવસ્વભાવની છે. એ વસ્તુ જ અલૌકિક સ્વભાવ છે. સમજાણું કાંઈ? તો એક પરમાણુ એક સમયમાં ચૌદ બ્રહ્માંડમાં ખંડ પડ્યા વિના ચાલ્યો જાય. સમજાણું કાંઈ? અને એ જ પરમાણુ એક સમયમાં અનંત કાળા ગુણપણે પર્યાયમાં પરિણિત હતો, તે જ પરમાણુનું બીજે સમયે અનંત સફેદપણે પરિણમન થયું એ પર્યાયનો એવો જ સ્વભાવ—ધર્મ છે.

જેમ ક્ષેત્રાંતર થવાનો પર્યાયનો સ્વભાવ એક સમયમાં અચિંત્ય દેખાય છે, એમ તેમાં ભાવાંતર થવું, પર્યાયાંતર થવું (તે પણ પર્યાયસ્વભાવ છે). સમજાણું કાંઈ? એક સમયમાં અનંતગુણ.. કાળા કહે છેને? કાળો રંગ તો બીજા સમયે અનંતગુણા સફેદ ગુણ—સફેદ પર્યાય. ભગવાન! એ પર્યાયસ્વભાવ, ક્ષેત્રસ્વભાવ એ સ્વભાવ કોઈ અચિંત્ય છે! એવો ભગવાનઆત્મા,.. સમજાણું કાંઈ ? ક્ષેત્રસ્વભાવ પણ એવો છે કે એક આકાશના પ્રદેશમાં, બધા પરમાણુ સ્થુળ સ્કંધ સૂક્ષ્મ-સૂક્ષ્મ થઈ જાય, તો એક પ્રદેશ અવગાહન દેવામાં નિમિત્ત થવાની તાકાત રાખે છે. આહા..હા..!

**શ્રોતા :-** એક પ્રદેશમાં અનંત પરમાણુ આવી જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આખો લોક આવી જાય. જો સૂક્ષ્મ થઈ જાય. સૂક્ષ્મ થતા નથી એ બીજી વાત છે. અજર થઈ જાય. એક પ્રદેશમાં આખું ચૌદ બ્રહ્માંડ રહી શકે, એવી અવગાહન શક્તિની તાકાત એક પ્રદેશમાં છે. ક્ષેત્રમાં એટલી તાકાત છે. સમજાણું કાંઈ? પરમાણુની એક સમયની આમ તાકાત અને આમ રૂપાંતર થવાની તાકાત છે. ઓહોહો..! સમજાણું કાંઈ? આકાશનો અચિંત્ય સ્વભાવ, ક્યાંય નથી એમ નથી. છે, છે એમ દશે દિશામાં ચાલ્યો જાય. છે.. છે.. છે... પછી નથી, પછી નથી એમ ક્યાંય આવે જ નહિ. અનંત છે.. છે.. એમ ચાલ્યો જાય. છે... છે... છે... છે...

**શ્રોતા :-** અનંતકાળ ... ચાલ્યો પણ જાય તો તેનો અંત નહિ આવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંત ક્યાંથી આવે? પણ એ છે... છે... છે... એનો પ્રશ્ન શું? સમજાણું કાંઈ? ઓહો..! એવો તો ક્ષેત્રનો સ્વભાવ, પરમાણુનો સ્વભાવ, આકાશનો સ્વભાવ, અરે...! ભગવાનના આત્માના જ્ઞાનની એક સમયની પર્યાય... આ બધા પ્રશ્ન ઊઠ્યા ક્યાંથી? કે પેલું આવ્યું હતુંને? ભાઈ! **'जाणदि पस्सदि'** ત્રિકાળ કેમ છે આ? કાલે બપોરે આવ્યું હતું ને. રાત્રે પ્રશ્ન થયો હતો આજે વળી રસ્તામાં એ ચાલ્યું હતું. એ ('નિયમસાર'ની) ૯૭મી મી ગાથા આવી હતીને. **'जाणदि पस्सदि सव्वं'** કારણપરમાત્મા કહો. પોતાનો કારણ પ્રભુ, ત્રિકાળી દ્રવ્ય એમાં જ્ઞાન, દર્શન ત્રિકાળ સ્વભાવ એવો છે કે કારણપરમાત્માને જાણે છે-દેખે છે. જાણવું-દેખવું એ વળી શું આવ્યું? ભગવાન એ વસ્તુ, એ પદાર્થમાં જ્ઞાન, દર્શન એવો સ્વભાવ છે કે કારણપરમાત્મા, અનંતગુણરૂપ આત્મા (છે તેને જાણે-દેખે). એક જ્ઞાનમાં અનંતી કેવળજ્ઞાનની પર્યાયવાળું જ્ઞાન, તે જ્ઞાન કારણપરમાત્માને જાણે અને દર્શન તે કારણપરમાત્માને દેખે એવો અંતર એનો સ્વભાવ ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ.. આહા..હા..! ગજબ વાત છે. અદ્‌ભૂતાદ્ અદ્‌ભૂતમ્!

એમ ભગવાનઆત્મા એક સમયમાં ઉપયોગ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે. સમજાણું કાંઈ? એ પછી ૪૭માં શ્લોકમાં લેશે. પોતાના સ્વરૂપમાં સ્થિત થઈને કેવળજ્ઞાન લે. જેવો અંદર બેહદ જ્ઞાન, દર્શન કારણપરમાત્માને દેખનાર પડ્યો છે. આહા..હા..! સ્વભાવ... સ્વભાવ... સ્વભાવના મહિમાની મહિમા શું કહેવી? સમજાણું કાંઈ? એ ભગવાનનો દરબાર અનંતગુણથી ભરેલો છે. આત્મભગવાનમાં દરબાર પડ્યા છે. કહે છે કે તેની એક સમયની દશા ત્રણકાળ, ત્રણલોક એક સમયમાં જાણે એ કોઈ અતિશય-વિશેષતા નથી. સમજાણું કાંઈ? એક પરમાણુ પણ એક સમયમાં કાળાનો અનંતગુણો ધોળો થઈ જાય. ભગવાન ! એ વસ્તુનું સ્વરૂપ જ કોઈ અચિંત્ય, અલૌકિક છે. સમજાણું કાંઈ? એમ ભગવાનઆત્મા એક સમયમાં રાગમાં રોકાઈ જાય,.. સમજાણું કાંઈ? તો પણ અનંત સંસાર ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ? 'પ્રવિણભાઈ'! એવું છે કે નહિ? છે કે નહિ? છે એમાં નહિ એમ ક્યાંય નહિ આવે. છે.. છે... છે... સમજાણું કાંઈ?

એવો ભગવાનઆત્મા પોતાના તરફનું લક્ષ, આશ્રય છોડીને પુદ્‌ગલને નિજ જાણીને... આહા..હા..! દૃષ્ટિ ગુલાંટ ખાઈ ગઈ. આહા..હા..! અચિંત્ય અનંત મહાત્મ્યવંત પ્રભુ ! જેના દરબારમાં અનંતા પરમાત્મા બિરાજમાન છે. જેના દરબારમાં અનંતા પરમાત્મા બિરાજમાન છે. આહા..હા..! આ દિવનખાનામાં તો રાજાને ૨૫-૫૦-૧૦૦-૫૦૦-૧૦૦૦-૫૦૦૦-૧૦૦૦૦ આવતા હશે. ચક્રવર્તીના મહેલમાં ૩૨ હજાર. કેટલા? કેટલા પણ? બોલતા કેમ નથી? ખબર નથી. ૩૨ હજાર. ૩૨ હજાર દેશ છેને. ૩૨ હજાર રાજા. ચક્રવર્તી જેવો રાજા. આ પેલો ઇન્દ્ર લ્યો ઉપર, અસંખ્ય દેવ, લ્યોને! અસંખ્ય દેવ એના દરબારમાં. મોટું વિમાન હોય, અસંખ્ય દેવનો દરબાર ભરાય. ભગવાનઆત્માના દરબારમાં અનંતા અનંતા પરમાત્મા

બિરાજે છે.

**શ્રોતા :-** પેલી બધી સ્થિતિ બહારની અને આ માલીપા (અંદરમાં)...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બહારમાં ધૂળમાં પણ નથી. એ માટે તો અહીં કહે છે. આહા..હા..!

ભગવાનઆત્મામાં અસંખ્ય પ્રદેશમાં અનંતા પરમેશ્વર આમ બિરાજે છે. એવો ભગવાનનો દરબાર છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** બોલવામાં તો થોડું કહેતા જાજુ સમજાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દાખલામાં થોડું કહેતા જાજુ સમજાય. 'ચીમનભાઈ'! એમ કહે છે, બહારની વાત થોડી કહે તો ઘણું સમજાય અને અંદરમાં જાજુ કહે તો પણ બરાબર નથી સમજાતું એમ કહે છે. આહા..હા..! રુચિ અનુયાયી વીર્ય. જેની જરૂરિયાત જાણે તહાં વીર્ય વળ્યા વિના રહે નહિ. વળ્યા વિના રહે નહિ સમજો છો? ઝુકાવ. જેની જરૂરિયાત જણાય તેમાં વીર્ય ઝુક્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ?

ભગવાન એવો આત્મા, બધા અનંત.. એક વાત વળી બીજી આવી કે જે સાધુ હતોને? પોતે સાધુ થાય ને? આચાર્ય થાય, ઉપાધ્યાય થાય એની જે એ બધી નિર્મળ પર્યાય છે ને? એ નિર્મળ પર્યાય ભગવાનમાં બિરાજે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મામાં તે સાધુપદની પર્યાય સમ્યગ્દર્શનથી માંડીને, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-આનંદની પર્યાય ચોથા ગુણસ્થાનને યોગ્ય ૬૬ સાગર આદિ રહે. પાંચમાં ગુણસ્થાનને યોગ્ય દશા રહે, છઠ્ઠાને યોગ્ય દશા રહે, સાતમાને યોગ્ય દશા રહે. એ બધી દશાઓ ભગવાન આત્મામાં બિરાજમાન છે. આહા..હા..! ભગવાનનો દરબાર પણ કેવડો મોટો ! આહા..હા..! સમજાણું કાંઈ ?

જેટલી સાધક પર્યાય અલ્પ, અધિક અને પૂર્ણ એ બધી પર્યાયો ભગવાનઆત્મામાં બિરાજમાન છે. અનંત સાધુઓ આત્મામાં બિરાજમાન છે. આહા..હા..! 'ચીમનભાઈ'! સમજાય છે કાંઈ આમાં? આહા..હા..! અરે..! ભગવાન! આત્મામાં કેવળજ્ઞાન થાય એમ તું માન, તો તો એનો અર્થ એ થયો કે જેટલી સાધકપર્યાય અને કેવળજ્ઞાનની અનંતી પર્યાય એના જ્ઞાનગુણમાં બધી વર્તમાન પડી છે. એમાં વર્તમાન પડી છે. એવા એવા એક ગુણની અનંતી અનંતી સાધકપર્યાય અને પૂર્ણપર્યાય, એમ આનંદની સાધક અપૂર્ણ પર્યાય અને પૂર્ણ પર્યાય, વીર્યની આવી પર્યાય.. આહા..હા..! એની સ્વચ્છતાની, પ્રભુતાની, વિભુતાની, કર્તા-કર્મ-કરણાદિની સાધકની જે નિર્મળ પર્યાય અને પૂર્ણ (નિર્મળ પર્યાય), એ બધી ભગવાનના દરબારમાં પડી છે. આહા..હા..! આ ભગવાન ક્યો? સમજાણું કાંઈ ?

એવા દરબારને ભૂલીને, એક રાગનો કણ, મલિન કષાય, પોતાના ઉપયોગમાં... '**अभिनन्दति**' છેને અહીં? એની વ્યાખ્યા છેને આ? સમજાણું કાંઈ? એ તો ટૂંકા શબ્દ કર્યા છે. '**अविद्वान पुद्गलद्रव्यं अभिनन्दति**' એનો અર્થ કર્યો. ભગવાન આત્મા પૂર્ણાનંદ આવા અનંત અનંત દરબાર—ગુણથી ભરેલા પ્રભુને વિસારીને રાગને અભિનંદે છે, રાગની

પ્રશંસા કરે છે. દયા, દાનના રાગના એક સૂક્ષ્મ કણને પણ હિતકર સ્વીકારે છે, પોતાના ઉપયોગમાં એકત્વ કરે છે. (તેને) પુદ્‌ગલ સંગ નહિ છોડે. કેમકે તું સંગ નથી છોડતો તો એ સંગ શું કામ છોડે? આહા..હા..! સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? 'રવિભાઈ'! આ બધું સાહિત્ય બીજી જાતનું છે. આહા..હા..!

'**પુદગલ કો નિજ જાનકર,...**' એનો અર્થ એ કે પોતાનું સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ, તેનો આદર ન કરતાં અને રાગના સૂક્ષ્મ કણને પણ અભિનંદન આપ્યા, અભિનંદન આપ્યા, પ્રશંસા કરી, શ્રદ્ધા કરી, તે હું છું એવી એકત્વબુદ્ધિ કરી, તો '**અજ્ઞાની રમજાય.**' પોતાના સ્વરૂપનો બેભાની અને રાગમાં ભાનવાળો એ હું છું, એમ રમે '**ચહુંગતિમેં તા સંગકો,..**' ચાર ગતિના સંગમાંથી છુટવાનો તેને ભાવ નથી, તો ચાર ગતિનો સંગ તેને છોડતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

**શ્રોતા :-** અભિનંદનનો અર્થ એ સારો છે એટલું જ કહેવું છે, સાથે રહેવાનું કાંઈ કીધું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સારું કહે એનો અર્થ થયો કે મારી સાથે રહેજે. બહુ સારો છે તું. એનો અર્થ શું થયો? મારો સાથી રહેજે, મારી સાથે રહેજે. તેનો અર્થ એ. મારી શ્રદ્ધા છે તારા ઉપર. વિશ્વાસ છે. અભિનંદનનો અર્થ એમ કર્યો, જુઓને! સમજ્યા? '**देहादिकमभिनन्दति श्रद्धत्ते**' છેને ભાઈ! નીચે સંસ્કૃતમાં છે. '**श्रद्धत्ते**' વિશ્વાસ.. વિશ્વાસ... તું પણ મારો સાથી છે, તું પણ મારો સાથી છે. તું પણ મારો સગો છે, તું પણ મારો (સગો છો). ઓહો..! સ્વ છે. મારો નામ તું મારો સ્વ છે અને હું તારો સ્વામી છું. 'પંડિતજી'! આહા..હા..!

**શ્રોતા :-** પછી શા માટે છૂટે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નોકરી શું કામ છોડે? રાગ હું છું, રાગ મારો છે અને હું તેનો સ્વામી છું. રક્ષા કરો. સમજાણું?

**दोहा – पुद्गलको निज जानकर, अज्ञानी रमजाय।**
**चहुँगतिमें ता संगको, पुद्गल नहीं तजाय।।४६।।**

એ વિકાર તેને છોડશે નહિ. વિકારનો આદર કરે છે તો વિકાર છોડશે નહિ. વિકાર રહેશે તો ચાર ગતિ તેને પ્રાપ્ત થશે. તેને સંસાર છોડશે નહિ. ઓહોહો..! 'હરિભાઈ'! ત્યાં 'મુંબઈ'માં શું હતું? રૂપિયા રળવામાં હતું કાંઈ ત્યાં? ધૂળમાં હતું, ધૂળ. 'મોહનભાઈ'! કહે છે કે આહા..હા..! તારી પર્યાય... ઉપાદાનની યોગ્યતાનો અર્થ કે રાગમાં રમે તો રાગનું ફળ બંધ અને બંધનું ફળ સંયોગ. સંયોગ તેને છોડશે નહિ. સંયોગીભાવને પોતાના માનનારને સંયોગ—પદાર્થ તેને અસંગ નહિ રાખે. તેના સંગમાં જોડી દીધા. આહા..હા..! 'પૂજ્યપાદસ્વામી' કેટલા થોડા શબ્દમાં (વાત કરે છે)! '**પુદ્‌ગલ નહીં તજાય.**' લ્યો. હવે એ કહ્યું. હવે સવળું

લે છે. હવે જે સ્વભાવ વખાણના કર્યાને, (એની વાત કરે છે).

'આચાર્ય કહે છે :' જુઓ, **'આત્મસ્વરૂપમેં તત્પર રહનેવાલેકો ક્યા હોતા હૈ?'** પહેલા કહ્યું કે રાગમાં તત્પર રહેનારને ચાર ગતિ નહિ છૂટે, પુદ્ગલ સંગ તેને છોડશે નહિ; તો આત્મામાં તત્પર થવાથી શું થશે? સમજાણું કાંઈ? **'આત્મસ્વરૂપમેં તત્પર રહનેવાલેકો ક્યા હોતા હૈ? આચાર્ય કહતે હૈં :'**

दोहा – आत्मानुष्ठाननिष्ठस्य, व्यवहारबहिःस्थितेः।
जायते परमानन्दः, कश्चिद्योगेन योगिनः।।४७।।

**'દેહાદિક સે હટકર અપને આત્મામેં સ્થિત રહનેવાલે...'** પહેલાં પરદ્રવ્યનું લક્ષ છોડીને, એટલું સાધારણ લીધું. શરીર, કર્મ આદિ બધા બાહ્ય પદાર્થ, તેનાથી હટીને. **'અપને આત્મામેં...'** ભગવાનઆત્મા, જેના દરબારમાં અનંત આનંદ, અનંત આનંદરૂપી દરબાર પડ્યો છે. અનંત જ્ઞાન-શાંતિ-આનંદ એવો પોતાનો સ્વભાવ અચિંત્ય, મહાત્મ્યવંત (છે). તેમાં જે **'દેહાદિક સે હટકર અપને આત્મામેં...'** જુઓ, પોતાના આત્મામાં, હોં! **'સ્થિત રહનેવાલે...'** અંદર ભગવાન આત્મામાં **'સ્થિત રહનેવાલે...'**

**'તથા પ્રવૃત્તિ-નિવૃત્તિ લક્ષણવાલે વ્યવહારસે બાહિર દૂર રહનેવાલે...'** જુઓ, આ વ્યવહારની વ્યાખ્યા. કોઈ કહે કે ભાઈ! પ્રવૃત્તિ એ વ્યવહારનું લક્ષણ છે, નિવૃત્તિ વળી બીજું લક્ષણ છે, નિશ્ચયનું લક્ષણ છે. અશુભની નિવૃત્તિ અને શુભમાં પ્રવૃત્તિ બન્ને વ્યવહારનું લક્ષણ છે. સમજાણું કાંઈ? અશુભથી નિવૃત્તિ તે સંવર હોય છે, પ્રવૃત્તિ તે રાગ છે, એમ નથી. ભગવાન આત્મા,.. એનો અર્થ તો બહું ટૂંકો હિન્દીમાં કરશે. **'ગ્રહણ-ત્યાગ સે શૂન્ય જો,...'** છેને ભાઈ એમાં? ગ્રહણ-ત્યાગ. પ્રવૃત્તિ અને નિવૃત્તિ. ગ્રહણ એટલે પ્રવૃત્તિ અને ત્યાગ એટલે નિવૃત્તિ. અશુભથી નિવૃત્તિ અને શુભમાં પ્રવૃત્તિ. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસનાથી નિવૃત્તિ અને દયા, અહિંસા, સત્ય, દત્તના વિકલ્પમાં પ્રવૃત્તિ, બન્ને વ્યવહારના લક્ષણ છે. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ?

એ વળી એક તેરાપંથી એમ કહે કે પરને બચાવવાનો ભાવ છે એ પાપ છે. તેને દુઃખ ન દેવાનો ભાવ તે પુણ્ય છે, ન દેવાનો ભાવ. અહીંયાં તો કહે છે કે પરને સુખ દેવાનો ભાવ તે પણ પુણ્ય વ્યવહાર છે અને દુઃખ નહિ દેવાનો ભાવ તે શુભ વ્યવહાર જ છે. એવી વાત છે. ઓહોહો..! સમજાણું કાંઈ? કહો, સમજાણું કાંઈ? આ શું ચાલે છે? કે ભગવાન આત્મા જેમ બહિર્ રાગમાં સ્થિત હતો તો સંસાર તેને છોડશે નહિ અને જે વ્યવહારની પ્રવૃત્તિથી બહાર છે તેને મોક્ષ આવ્યા વગર રહેશે નહિ. સમજાણું કાંઈ? શું કહ્યું?

**'દેહાદિકસે હટકર અપને આત્મામેં સ્થિત રહનેવાલે તથા પ્રવૃત્તિ-નિવૃત્તિ લક્ષણવાલે વ્યવહારસે બાહિર...'** અંદર સંસ્કૃતમાં છેને? પંડિતજીને હમણાં પૂછ્યું હતું. કીધું, બહિર સ્થિતિ અને બાહ્ય, બે શબ્દ પડ્યા છે. બહિર સ્થિતિ એટલે બહાર. બાહ્યસ્થિતિ

છે એટલે કે બહાર. એટલે પછી અહીંયાં એમ કહ્યું કે બાહિર સ્થિતિ છે અર્થાત્ કે દૂર, દૂર રહેવું. સમજાણું કાંઈ? બહિર્ સ્થિતિથી દૂર રહેનાર. ઓહોહો..! સમજાણું કાંઈ? જે કોઈ આત્મા પ્રવૃત્તિ-નિવૃત્તિનો વિકલ્પ જે શુભ-અશુભ છે, અશુભથી નિવૃત્તિ અને શુભથી પ્રવૃત્તિ છે તે, પણ તેનાથી હટીને. કેમકે પ્રવૃત્તિ-નિવૃત્તિનો ભાવ જ વ્યવહાર છે. વ્યવહાર જ બંધ છે. વ્યવહાર એ જ બંધ છે, એ જ સંસાર છે. સમજાણું કાંઈ? તે ભાવબંધ છે.

અશુભથી નિવૃત્તિ, શુભમાં પ્રવૃત્તિ તે ભાવબંધ છે. ભગવાન દુઃખની જેલમાં તે પડે છે. સમજાણું કાંઈ? આનંદ પ્રભુ, અતીન્દ્રિય આનંદ ભગવાન આત્મા એ બહારમાં રોકાય છે (તો) જેલમાં પડે છે. ધર્માત્મા તે બહારમાંથી નીકળી જાય છે. સમજાણું કાંઈ? આ તો અલૌકિક વાત છે. 'ચીમનભાઈ'! આહા..હા..! ત્યાં તો આવું ખોલ્યું હોય તો ફટ-ફટ પૈસા આવે. ઢગલા લ્યો. વળી પાછી ભીંસ પડે તો પણ ખબર ન પડે. કેમ ચુકવવું ને કેમ થવું? શું કરવું આ બધું? વર્તમાનમાં સરકારના ભારે આકરા કામ છેને? આટલું આપો. ઈન્કમ ટેક્સ.

**શ્રોતા :-** એની ઓથ છે તો નિરાંતે બેસાય છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની ઓથે બિલકુલ બેસતો નથી. કલ્પના છે કે મારી પાસે છે તો હું નિવૃત્તિ લઈ શકું છું. એ જ કહે છે કે નિવૃત્તિ અને પ્રવૃત્તિ બન્ને વિકલ્પ બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પ્રવૃત્તિ, નિવૃત્તિ બન્ને જેલ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જેલ છે. આહા..! 'એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે' આવે છેને એ? એનો પહેલો શબ્દ શું છે?

**શ્રોતા :-** નિર્દોષ સુખ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** 'નિર્દોષ સુખ, નિર્દોષ આનંદ લ્યો ગમે ક્યાંથી ભલે...' આહા..હા..! ૧૬ વર્ષે (લખે છે), હોં! 'ચીમનભાઈ'! કેટલા વર્ષ થયા?

**શ્રોતા :-** ૧૭.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ સોળ વર્ષની વાત છે. સમજ્યા? સોળ વર્ષ અને ચાર મહિના. ૧૦૮ પાઠ બનાવ્યા. એમાંનો એક પાઠ આ. 'નિર્દોષ સુખ નિર્દોષ આનંદ લ્યો ગમે ત્યાંથી ભલે, એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે.'

**શ્રોતા :-** ગમે ત્યાંથી એટલે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગમે ત્યાંથી શું ધૂળમાં. ગમે એટલે જ્ઞાન (છે) ત્યાંથી. સમજાણું કાંઈ? આ લજ્જા થાય છે. અર..ર..! સોળ વર્ષ અને ચાર મહિનમાં આમ કહે છે. એય..! 'પોપટભાઈ'! સોળ વર્ષ, હોં ! સોળ વર્ષ એટલે? અને ચાર માસ. 'શ્રીમદ્' છેને? કહે છે, અરે..! પ્રભુ! આહા..હા..! અંદરથી પોકાર ઊઠ્યો છે. 'નિર્દોષ સુખ નિર્દોષ આનંદ લે

ગમે ત્યાંથી ભલે...' અંતરમાં એકાકાર થઈને કોઈપણ ક્ષેત્ર અને કોઈપણ કાળમાં હો, પણ અંતરમાં એકાકાર થઈ આનંદને પ્રગટ કર. 'એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નિકળે.' એ દિવ્ય શક્તિમાન ભગવાન જેલમાંથી નીકળે.

આ પ્રવૃત્તિ-નિવૃત્તિનો વિકલ્પ એ જેલ છે. જેલ છે અને ઝેર છે. સમજાણું કાંઈ? એ પ્રવૃત્તિ-નિવૃત્તિના વિકલ્પો એ જેલના મોટા સળિયા આડા પડ્યા છે. છોડ.. છોડ.. કહે છે. આહા..હા..! પેલા કહે છે કે વ્યવહારથી આમ થાય. અહીં તો કહે છે કે સાંભળ તો ખરો, પ્રભુ! એ પ્રવૃત્તિનો, શુભનો કોઈપણ જાતનો વિકલ્પ ઊઠે અને અશુભથી નિવૃત્તિનો, તે બધાનું વ્યવહાર જ લક્ષણ છે. બન્નેના વ્યવહાર જ લક્ષણ છે. એમાં એકની નિવૃત્તિ નિશ્ચય લક્ષણ અને પ્રવૃત્તિ વ્યવહાર લક્ષણ એમ છે નહિ. આહા..હા..!

જુઓને, 'આશાધરજી' પણ એને મુનિ મળી ગયા છે. એમના શબ્દો ઉપરથી આ ટીકા વધારે સ્પષ્ટ કરી છે. મુનિ પણ સમર્થ છે એમ લખ્યું છે, આગળ વિનયનું આવશે. શું કીધું? વિનય. સાગરચંદ નામક મુનિ છે વિનયચંદ્ર. વિનયચંદ્ર મુનિ હશે. એના વચન. સમજ્યા? **'વિનયચંદ્ર નામક મુનિ કે વાક્યો કા સહારા લેકર...'** એના વાક્યનો સહારો લીધો. મુનિ કહેતા હશે એનું આમ.. એનું આમ.. ટીકામાં ... ઓહો..! 'આશાધરપંડિત' ગૃહસ્થાશ્રમમાં પંડિત છે, હોં!

કહે છે, ભગવાનઆત્મા ચાહે હું આમ કરું, આવો વિકલ્પ હોય અથવા તેનાથી છૂટું એવો વિકલ્પ હોય. સમજાણું કાંઈ? પરથી હટુ એવો શુભરાગ હોય કે પરમાં દયા આદિ, બ્રહ્મચર્ય પાળુ એવો શુભરાગ હોય, બધા પ્રવૃત્તિ લક્ષણ વ્યવહારનું સ્વરૂપ છે. તેનાથી 'બાહિર દૂર...' એવો શબ્દ લીધો છે. કીધુંને? બહિર સ્થિતિનો અર્થ બહાર કર્યો અને બાહ્યનો અર્થ દૂર કર્યો. એટલે બાહ્યમાં રહ્યો. બહારમાં રહ્યો હતો, બહારમાં રહ્યો હતો, દૂર કરી નાખ્યો, ગુલાટ ખાઈ ગયો છે. બાહ્યથી દૂર થઈ ગયો. સમજાણું કાંઈ? બહારમાં જે સ્થિર હતો તેનાથી દૂર થઈ ગયો. ઓહોહો..! વ્યવહારથી દૂર, વ્યવહારથી બહાર અર્થાત્ વ્યવહારથી દૂર. સમજાણું કાંઈ? હવે આ કહે કે વ્યવહાર કરતાં-કરતાં કંઈક થશે. ધૂળમાં પણ નથી, સાંભળ તો ખરો. ભગવાન ચિદાનંદને જેલમાંથી કાઢવાની તને ખબર નથી. સમજાણું કાંઈ?

**'વ્યવહાર સે બાહિર દૂર રહનેવાલે...'** એટલું. હવે કોણ? **'ધ્યાની યોગી...'** પોતાના આનંદસ્વરૂપમાં એકાગ્ર થનાર યોગી. યોગી એટલે સમ્યગ્દૃષ્ટિ—જ્ઞાની. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ પ્રભુ ! જેના અંતર દરબારમાં અનંતા પરમાત્મા પડ્યા છે એનો ભેટો કરનાર જ્ઞાની, વ્યવહારથી હટીને પોતામાં લીન. જુઓ !

**'ધ્યાની યોગી...'** પોતાનું શુદ્ધ આનંદસ્વરૂપ, એકાગ્રરૂપ યોગ જોડનાર, એકાગ્રરૂપ યોગજોડાણ કરનાર પુરુષને—એવા આત્માને. **'પુરુષકો...'** એટલે કાંઈ પુરુષ અને સ્ત્રી એમ નહિ. એવા આત્માને. સમજાણું કાંઈ? શાંત થઈને બહારની પ્રવૃત્તિ, વિકલ્પાદિથી દૂર થઈને,

બહારથી દૂર થઈને, અંતરમાં સમીપમાં આવીને, બહારથી દૂર થઈને, અંતર ભગવાન અતીન્દ્રિય આનંદ પ્રભુ તેની સમીપમાં આવનાર, તેનું નામ ધ્યાની-યોગી. સમજાણું કાંઈ? આહા..હા..!

**'આત્મ-ધ્યાન કરનેસે...'** ભગવાનઆત્મા પૂર્ણાનંદ અને અનંત પરમાત્મસ્વરૂપ એવો પોતાનો કારણપરમાત્મા, તેનું ધ્યાન કરવાથી, ઉપયોગ અંતર વાળવાથી, ઉપયોગમાં જે રાગની એક્તા હતી તેનાથી દૂર હટીને, ભગવાનની સાથે એક્તા થવાથી, શુદ્ધ ચૈતન્ય પરમાત્મા નિજ સ્વરૂપ, આઠ વર્ષની બાળિકાનું શરીર હો કે દેડકાનું શરીર હો. દેડકાને શું કહે છે? મેંઢક. પોતાની પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ વિકલ્પથી હટીને, પોતાનો ભગવાનઆત્મા, ક્ષેત્રથી શરીરપ્રમાણ ભલે થોડું ક્ષેત્ર હો, એની સાથે સંબંધ છે જ નહિ.

એક પરમાણુનો અસ્તિત્વગુણ પણ એક પરમાણુમાં આખો પૂર્ણ રહે છે અને એક અસ્તિત્વગુણ આખા આકાશમાં પણ પૂરો રહે છે, તો એ અસ્તિત્વગુણ મોટો છે અને આ નાનો છે એમ છે નહિ. સમજાણું કાંઈ? એક અસ્તિત્વસત્તા નામનો ગુણ એક રજકણમાં એક ક્ષેત્રમાં, એક પ્રદેશમાં વ્યાપીને પૂર્ણ ગુણ રહે છે. અને એક સત્તા નામનો ગુણ સર્વવ્યાપક આકાશમાં પૂર્ણ ગુણ રહે છે. ક્ષેત્ર મોટું છે તો સત્તાગુણ મોટો છે એમ છે નહિ. રહેવાનું છે એમાં નાનું-મોટું શું? સમજાણું કાંઈ? એક પ્રદેશમાં, રજકણમાં અસ્તિત્વગુણ રહે છે તો એ નાનો (છે એમ નથી), પણ છે એમાં નાના-મોટાની શું વાત છે? છે. આ છે.

એમ ભગવાનઆત્મા દેડકાના શરીરમાં અસંખ્યપ્રદેશી હો કે સવા પાંચસો ધનુષનું શરીર 'બાહુબલીજી' નું હોય. સમજાણું કાંઈ? તો ક્ષેત્ર નાનું-મોટું થવાથી અંતરમાં (સ્વભાવ) નાનો-મોટો નથી. ભાવ તો મોટો બધામાં સરખો જ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ પણ અંતરમાં આમ (ઉપયોગને) વાળે છે. આ પાંચસો ધનુષવાળા જીવ પણ પોતાને આમ અંતરમાં વાળે છે. ક્ષેત્ર ભલે મોટું હોય, ભાવ તો બંનેનો પરિપૂર્ણ સરખો જ છે. સમજાણું કાંઈ?

એવા પોતાના આત્મામાં ધ્યાન કરવાથી... તે પણ ધ્યાન હતું. રાગમાં એકત્વ એ પણ ધ્યાન હતું આર્તધ્યાન (હતું). સમજાણું કાંઈ? આ ભગવાન જ્ઞાયક અનંતગુણનો પ્રભુ, તેમાં એકાગ્ર થવાથી **'કોઈ એક વચનોંકે અગોચર...'** અરે...! જગતના રસના સ્વાદની વાત ન કહી શકે (તો) આ આત્માના અતીન્દ્રિય વચન-અગોચર આનંદની શું વાત! એમ કહે છે. સમજાણું કાંઈ? સાધારણ એક ચુરમાનો લાડુ ખાય છે તો તેનો સ્વાદ કેવો છે? લાવો બતાવો. તમારા ખ્યાલમાં છે એ ચિતરામણ કરીને બતાવો.

મુમુક્ષુ : ખાંડની બદલે મીઠું નાખી દે એટલે ખબર પડી જાય.

ઉત્તર : એ તો પેલાને ખબર પડે, આણે શું બતાવ્યું?

ભગવાનઆત્મા... એક રસનો, સંસારી રસનો, જડ રસનો... કેરીનો રસ લ્યો. સમજ્યા? બહુ મીઠી, નાની અને ગોઠલી નાની, ઉપરની છાલ પાતળી. એવી કેરી હોય છેને? કેરી ઘણી જાતની હોય છે. એ... જમુભાઈ! એ કેરીનો રસ સ્વાદમાં આવ્યો તે બતાવજો, ભાઈ!

તારા ખ્યાલમાં એ ચીજ આવી છેને? કેવી છે બતાવો. લાવો, શબ્દમાં લાવો. મીઠી ભારે હતી પણ, ભાઈ! ઓહોહો..! અને ઘીની પૂરી અને આ રસ. ધૂળના રસનો ખ્યાલ પણ પૂરો આપી ન શકે. એ તો ધૂળ છેને? શું છે?

**શ્રોતા** :- વર્ણન સાંભળતા તો મોઢામાં પાણી છૂટે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમ આ સાંભળતા આનંદ છૂટવો જોઈએ એમ કહે છે. આહા..હા..! ભગવાનઆત્મા... કહે છે, ચૈતન્ય લાડવો મારે ખાવો છે. કાલે ભાઈ વિમલ કહેતો હતો. ધીરૂભાઈનો. મેં કીધું, આત્મા શું કહે છે? બોલ. પેલા બોલ આવડે છેને? આ છોકરા બોલશે થોડું. છોકરાઓ છે કે નહિ? આત્મા ચૈતન્યપિંડ છે. ચીમનભાઈએ કર્યું છેને? ક્યાં ગયા ચીમનભાઈ? એ છોકરાઓને થોડું (શીખવ્યું છે), આત્મા ચૈતન્યપિંડ છે. મારો કોઈ કર્તા નથી. એને કીધું, તારો બાપ નથી આ ધીરુ? એ તો સૌને બાપ છે, કહે. તું કહે છા ને મારો કોઈ કર્તા નથી અને વળી આ કર્તા ક્યાંથી લાવ્યો આ? ચૈતન્યપિંડ છે. તો પિંડ તો લાડવો પણ છે. લાડવો પણ જડનો પિંડ આવો છે. એ ખાઈ શકે છે? તો કહે હા. તો આત્મા ખાઈ શકે છો? ના ના, એ નહિ. ખાઈ શકે છે કીધું. સાંભળ તો ખરો. ભગવાન આનંદપિંડના ખોરાકની વાત ચાલે છે, જુઓ ! સમજાણું કાંઈ? પહેલાં એ ચીજ નજરમાં આવ્યા વિના એકાગ્ર ક્યાં થશે? તે ચીજ કેવી છે એ લક્ષમાં, દૃષ્ટિમાં આવ્યા વિના એકાગ્ર ક્યાં થવું? કોનું ભોજન કરવું?

**શ્રોતા** :- એને લાડવો ખવરાવ્યો કે નહીં પછી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો છોકરું, બાળક છે. એને પાછો જીતુ કાનમાં લડાવતો હતો. ક્યાં ગયો જીતુ? એને કાનમાં લડાવતો હતો. કોઈક એમ કહે, ભૂખ લાગી છે. મને અત્યારે દે. સાંજે ભૂખ લાગીને, ખાવા જાવાનો હતોને એટલે. થોડોક લાડવો.. કીધું, લાડવો છે પણ નજર તો કર. લાડવો ક્યાં છે એ નજર કર્યા વિના તને ખાવાનું શી રીતે દેવું? ક્યાં ભગવાન બિરાજે છે? કેટલા ગુણસંપન્ન તેની નજર થયા વિના, નજર પડ્યા વિના એકાગ્ર કઈ રીતે થશે? એકાગ્ર થવું તે ચૈતન્યના લાડવાનો અનુભવ છે. સમજાણું કાંઈ? છોકરા શું કરે બિચારા? આહા..હા..! અરે..! છોકરા ક્યાં છે? ઉપરનું શરીર જોવું છોડી દેને. ઉપરના શરીરને જોવાનું છોડી દે અને એમાં રાગ થાય છે એ જોવાનું પણ છોડી દે અને એક સમયની અવસ્થાને જોવાનું છોડી દે. ભગવાન અંદર પૂર્ણાનંદનો નાથ તું બિરાજે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એવો પોતાનો ભગવાનઆત્મા, તેમાં વ્યવહારથી હટીને... વ્યવહારને સાથે લઈને (નહિ), સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ પ્રવૃત્તિભાવ છે. કુગુરુથી નિવૃત્તિ થઈ પણ એ નિવૃત્તિ શુભરાગ છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા તેનાથી હટીને, દૂર રહીને પોતામાં (સ્વમાં) ધ્યાન કરવાથી '**કોઈ એક વચનોંકે અગોચર**...' વચન શું કહે? કેરીના

રસનો સ્વાદ વચન શું કહે? જુઓ, આ તમારું ભણતર છે કે નહિ? અંગ્રેજી ભણ્યા છો કે નહિ? વાંચ્યું છે કે નહિ? બતાઓ. લાવો. ચિતરામણ કરીને બતાવો કે ભાષા દ્વારા બતાવો કે અમારું અંગ્રેજીનું જ્ઞાન. આ સંચાનું, આ મોટા-મોટા સંચા ચલાવતા આમ આવડે. હજારના પગારદાર, બે હજારના પગારદાર. એનું આમ કરી દે, એનું આમ કરી દે. લાવ બતાવો એ જ્ઞાન. ક્યાં છે ઈ? ભાઈ ! મને ખબર પડે, પણ હું કેમ બતાવું?

એમ અહીંયા કહે છે કે વચનથી કોઈ અગમ્ય આનંદ છે. દુનિયાની કળા પણ વચનથી કહી શકે નહિ—દુનિયાની કળા, તો ભગવાનઆત્મા આનંદમૂર્તિ પ્રભુ (એના આનંદને કઈ રીતે કહી શકાય)? સમજાણું કાંઈ? લાડવામાં તો ગોળ, ઘી ભેગા થવા છતાં અંદરમાં થોડો થોડો આકાશ રહી જાય છે. રહે છેને? શું કીધું? ચુરમાનો લાડુ હોયને એમાં પણ આકાશ-પ્રદેશ એકબીજાને અડતા નથી એવા અંદર રહી જાય છે, ખાલી ભાગ ઘણો રહે છે.

**શ્રોતા :-** ભીંસીને વાળે તો પણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભીંસીને વાળે તો પણ ભાગ રહી જાય છે. આહા..હા..! ભાઈ! અહીં તો આત્માની નિવૃત્તિ બતાવવી છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...દબાવે તો..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ દબાવે તો પણ અંદર (ખાલી) ભાગ રહે છે. આ આત્મા અનંતગુણની ગાંઠડી છે. એમાં બિલકુલ અવકાશ નથી. એકબીજા ગુણમાં નજર કરે તો કાંઈ ન દેખાય. નિબિડ છે. સમજાણું કાંઈ? ભગવાન અનંતગુણની ગાંઠડી. પેલા ગાંઠડી નથી બાંધતા? તો પણ એમાં અવકાશ હોય છે. આ મીલમાં રૂની ગાંઠડી બાંધેને? મીલ કહે? શું કહેવાય? પ્રેસ. આવડું મોટું ધોકડું. મોટું પચીસ મણનું ધોકડું આટલામાં. દસ-દસ મણની ગાંઠડી બાંધે છેને. લોઢાની પટ્ટી મારીને. તો પણ અંદર એમાં પોલાણ છે, આકાશનો ખાલી ભાગ છે. ભગવાનઆત્મા અનંતગુણની ગાંઠડીમાં એક પ્રદેશનો અવકાશ ખાલી ક્યાંય નથી. એવા અનંતા ગુણ ઠસોઠસ ભર્યા છે. ચીમનભાઈ!

**શ્રોતા :-** પ્રદેશ જુદા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો એનું સ્વરૂપ જુદું, પણ અહીં અભેદ એકાકાર અસંખ્ય પ્રદેશમાં, કોઈ એક પ્રદેશ ખાલી-બાકી છે, એમાં અવકાશ છે એમ નથી. એવા ભગવાનઆત્માને એકાકાર થવાથી નિબિડ પ્રભુ, તેમાં એકાકાર થવાથી '**વચનોંકે અગોચર પરમ જો દૂસરોંકો નહીં હો સકતા ઐસા આનંદ ઉત્પન્ન હોતા હૈ.**' (આને) સંસાર ઉત્પન્ન થાય છે, પુદ્‌ગલ ઉત્પન્ન થાય છે, આને આનંદ ઉત્પન્ન થાય છે—બે વાત કરી. સમજાણું કાંઈ? અરે..! આ તે ક્યાંની વાત? પરદેશની હશે? સ્વદેશની છે. ક્યાંક પેલો દેશ હશે અને એમાં આવું હશે, આવું હશે. ભગવાન તારા આત્માસ્વદેશની વાત ચાલે છે. પોતાના સ્વદેશમાં નિવાસ કરવાથી વચનથી અગોચર ભગવાનમાં આનંદ પડ્યો છે, તેનો પરમ આનંદ બીજાને નથી

થઈ શકતો. એટલે? પોતાના સ્વરૂપમાં એકાગ્ર થનારને હોય છે, બીજાને એમ થતું નથી.

**'ઐસા આનંદ ઉત્પન્ન હોતા હૈ.'** ઓહો..! વાત આનંદથી લીધી, જુઓ! સમજાણું કાંઈ? પોતાનો ભગવાનઆત્મા, તેને છોડીને, તેનાથી વિરુદ્ધભાવ, વિભાવભાવ, તેને સ્વીકારવાથી સંસારસંગ, પુદ્ગલ પરિભ્રમણ, ચતુર્ગતિ નહિ છૂટે. અને ભગવાનઆત્મા પુણ્ય-પાપની, પ્રવૃત્તિ-નિવૃત્તિના વ્યવહાર લક્ષણથી દૂર થઈને પોતાના શુદ્ધ સ્વભાવમાં ધ્યાન કરીને, એનો અર્થ સમીપ થઈને, જે સ્વભાવથી દૂર હતો અને વિભાવથી નજીક હતો, તે વિભાવથી દૂર થઈને, સ્વભાવની નજીક થઈને જે અંતર આનંદ આવે છે એ વચનથી અગોચર છે. સમજાણું કાંઈ? આહા..હા..!

પેલા કહેતા હતા. શંકરાચાર્ય હતાને શંકરાચાર્ય. એ શંકરાચાર્યનો એક મોટો રાજા. કોણ રાજા? પેશવા રાજા. આમ બેઠા હતા. પેશવા રાજા આમ પગ ધોવે છે. મોટો રાજા પગ ધોવે. દૂધથી પગ ધોવે. તો રાજાને એમ થઈ ગયું.. ઓહોહો..! આ 'શંકરાચાર્ય' કેટલા ભાગ્યશાળી કે પેશવા દરબાર દૂધથી પગ ધોવે છે, એને કેટલું સુખ હશે! તો રાજા જરી મરકી ગયા. તો 'શંકરાચાર્ય' કહે છે કે રાજા! તમે પગ ધોવો છો અને મને સુખ છે એમ તમે કહો છો, પણ અમારા શાસ્ત્રની આંટી-ઘૂટી કોઈ સૂક્ષ્મ હોય અને આખું શિષ્યમંડળ વિચારમાં પડી જાય અને એની ખીલવટ લક્ષમાં આવી જાય એ વખતે જે આનંદ છે, એવો આનંદ-ફાનંદ (બીજે) છે જ નહિ. સમજાણું કાંઈ? શાસ્ત્રનું કોઈ ગૂઢ રહસ્ય ન સમજાણું હોય તેની ખીલવટ કરવા પાંચ-પચ્ચીસ શિષ્યમંડળ વિચારમાં પડી જાય. કેમ થશે? કઈ રીતે નીકળે? હજી તો પરલક્ષી અર્થ, હોં! તે પણ તેના વિપરીત જ્ઞાનવાળો. અરે...! પેશવા! એ જ્ઞાનની ખીલવટમાં જ્યાં એનો ખ્યાલ આવે કે આ તેનો અર્થ છે. એની એમને મજા આવે છે. તારી આ મજા કાંઈ છે જ નહિ.

અહીં તો કહે છે એ મજા પણ ધૂળ ને દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? એ તો વિકલ્પથી એનો અર્થ એમ છે એમ ખ્યાલમાં આવી ગયું તો ખુશ થઈ ગયો. એ તો વ્યવહાર છે, દુઃખરૂપ છે, ઝેર-દુઃખ છે. એનાથી છૂટીને ભગવાનના દરબારમાં સમીપ આવ્યો, ત્યાંથી છૂટી અહીં સમીપમાં આવ્યો, અહીંથી છૂટે તો રાગનો સંગ (થાય). બે વાત છે. સમજાણું કાંઈ? કહો, પ્રવિણભાઈ!

**'ઐસા આનંદ ઉત્પન્ન હોતા હૈ.'** બીજાને નથી થઈ શકતો. એટલે કે પેલા શંકરાચાર્યએ કહ્યું તેમ આ આનંદ છે એવો આનંદ બીજાને નથી હોતો. લાખ શાસ્ત્રના વિચાર કરીને મગજમાં કાંઈક ખીલવટ આવે અને કહે કે આહા..હા..! આ શાસ્ત્રનો અર્થ છે. એ બધું વિકલ્પ છે. સમજાણું કાંઈ? વિકલ્પમાં પણ આવી મજા માને છે તો કહે છે કે નિર્વિકલ્પ આનંદ આવો છે. એવો આનંદ બીજો હોતો જ નથી. સમજાણું કાંઈ?

**ગ્રહણ-ત્યાગ સે શૂન્ય જો, નિજ આતમ લવલીન;**
**યોગી કો હો ધ્યાન સે, કોઈ પરમાનંદ નવીન**

કહો, શેઠ! પાંચ લાખ મળ્યા, દસ લાખ મળ્યા. આહા..હા..! લાપસી મૂકો. ધૂળમાં પણ છે નહિ, સાંભળને હવે. આ આનંદની રુચિ થાય તો બધું છૂટી જાય. આખું ચક્રવર્તીનું રાજ ધૂળ.. ધૂળ... ધૂળ... આહા..હા..! ઈન્દ્રનું રાજ અમારા અમૃત આગળ ઝેરનું બધું નિમિત્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વિના આમ છોડીને બેઠા. શું છોડે? ધૂળ? અમે ત્યાગી થયા; પણ કોના? પણ વસ્તુના સ્વરૂપનું ભાન તો છે નહિ. સમજાણું કાંઈ? અંતર લગની આનંદ ઉપર લાગી નથી તો આ લગની કેમ છૂટે? પછી કહે કે અમારી (બહારની લગની) છૂટી (ગઈ છે). ખોટી વાત છે. સમજાણું કાંઈ?

'**ગ્રહણ ત્યાગસે શૂન્ય જો, નિજ આતમ લવલીન**' હું આવી દયા પાળું કે આવી હિંસા ન કરું—એ બધી પ્રવૃત્તિથી, ગ્રહણ-ત્યાગથી ભિન્ન. શુભનું ગ્રહણ અને અશુભના ત્યાગથી શૂન્ય. આમ કરું, ઉપદેશ દઉં કે આમ લઉં, એ બધા વિકલ્પ છે. ઉપદેશ દેવાનો વિકલ્પ એ પણ પ્રવૃત્તિ રાગ છે. એમાં પણ આત્માનો આનંદ અને સ્વરૂપ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**યોગીકો હો ધ્યાનસે...**' આત્મામાં જોડાણ કરનાર, યોગ-યોગ, અંતરમાં સમીપ આવનારને જે આનંદ છે તે '**કોઈ પરમાનન્દ નવીન.**' અનંતકાળમાં નથી થયો, એમ કહે છે. અનંતકાળમાં નથી થયો એવો નવીન આનંદ તેને આવે છે કે જે આનંદ જન્મ-મરણનો નાશ કરવાનો ઉપાય છે. સમજાણું કાંઈ ? ૪૭ આવશે. એક કલાક થઈ ગઈ.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, ગાથા-૧
## પ્રવચન નં.૫, તા.૩-૧૨-૧૯૭૫
## (૧૭)

સમયસાર, પહેલી ગાથા છે, જીવ-અજીવ અધિકાર. કુંદકુંદાચાર્ય, ભગવાન કુંદકુંદાચાર્યની ગાથા (છે). 'હવે **મૂળગાથાસૂત્રકાર શ્રી કુંદકુંદાચાર્ય ગ્રંથના આદિમાં મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરે છે :-**'

वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते।
वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं।।१।।

**ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને**
**વંદી કહું શ્રુતકેવળીભાષિત આ સમયપ્રાભૃત અહો! ૧.**

'**ગાથાર્થ :- આચાર્ય કહે છે : હું ધ્રુવ,...**' આ સિદ્ધગતિની વાત છે. પર્યાયની વાત છે. '**હું ધ્રુવ, અચળ અને અનુપમ—એ ત્રણ વિશેષણોથી યુક્ત ગતિને પ્રાપ્ત થયેલ...**' આવા ત્રણ (વિશેષણને) જે પ્રાપ્ત થયેલ '**એવા સર્વ સિદ્ધોને નમસ્કાર કરી,...**' બધા સિદ્ધને **નમસ્કાર** કરી '**અહો!**' એ શબ્દ વાપર્યો છે. '**श्रुतकेवलिभणितम्**' '**શ્રુતકેવળીઓએ કહેલા...**' શ્રુતકેવળી અને કેવળી બેય, એના કહેલા '**આ સમયસાર નામના પ્રાભૃતને કહીશ.**' ભગવાન શ્રુતકેવળી અને કેવળી, એમણે જે આ કહ્યું એ હું કહીશ, એમ કહે છે.

'**ટીકા :- અહીં (સંસ્કૃત ટીકામાં) 'अथ' શબ્દ મંગળના અર્થને સૂચવે છે.**' એટલે? કે સાધક ધર્મની શરૂઆત થાય છે એમ મંગળિક કરે છે. અનાદિથી જે અજ્ઞાનમાં ભાવ હતો એનો નાશ કરીને સાધકભાવ દ્રવ્યના આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન થાય એ સાધક શરૂઆત થાય છે ત્યારથી મંગળિક થાય છે અને શરૂઆત થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**अथ' શબ્દ મંગળના અર્થને સૂચવે છે.**' હવે પ્રથમ શબ્દ પડ્યો છે સંસ્કૃતમાં. '**ગ્રંથના આદિમાં...**' એ આદિ-પ્રથમ. '**સર્વ સિદ્ધોને ભાવ-દ્રવ્ય સ્તુતિથી પોતાના આત્મામાં...**' આહા..! અનંત સિદ્ધોને પોતાના આત્મામાં ભાવથી સ્થાપીને અને દ્રવ્યથી સ્તુતિ, બેય છે. ભાવ અને દ્રવ્ય બેય સ્તુતિ કરે છે. '**તથા પરના આત્મામાં...**' આહા..! સાંભળનારના આત્મામાં પણ અનંત સિદ્ધોને સ્થાપીને. જ્ઞાનની પર્યાય અલ્પજ્ઞ છે પણ એમાં અનંતા સિદ્ધોનો સત્કાર કરે છે. આહા..હા..! અનંત અનંત કેવળજ્ઞાન પ્રાપ્ત પરમાત્મા એનું એક સમયમાં સ્થાપન કરે છે, એ એનું વંદન કરે છે, એને '**वंदित्तु**' કહેવામાં આવ્યું છે.

આહા..હા..! સમજાણું કાંઈ? '**वंदित्तु**'નો અર્થ એ. અનંત સિદ્ધોને પર્યાયમાં સ્થાપે તે 'वंदित्तु' છે.

**શ્રોતા** :- પર્યાયમાં સિદ્ધને શી રીતે સ્થાપવા?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સ્થાપે એટલે અહીંયાં જ્ઞાનની પર્યાયમાં આમ રાખે. રાખે એટલે એનું સાધ્ય છે ને સિદ્ધ? સિદ્ધ સાધ્ય છે ને માટે સાધ્યને પર્યાયમાં સ્થાપે છે. જ્ઞાયકપણાની પર્યાયમાં એને સ્થાપે છે-રાખે છે. તેથી એ સાંભળનારને અને કહેનાર બેયને, સિદ્ધની પર્યાયનું સ્થાપન કરીને સંભળાવવાની વાત કરે છે. સાધ્ય ઈ છે ને? સમજાણું કાંઈ?

**શ્રોતા** :- કંઈ ન સમજાણું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ન સમજાણું? એ તો આગળ આવશે ને. ત્રણ—જ્ઞાન, દર્શન અને ચારિત્ર એની સેવા કરવી એમ આવ્યું ને? આવે છે ને? આવ્યું ને? કાલે પણ આવ્યું હતું ને? કાલે આવ્યું હતું ને એમાં? ... દર્શન, જ્ઞાન, ચારિત્રની ભક્તિ કરે છે, એ વ્યવહારનું કથન છે. લોકો પર્યાયના ભેદથી જાણે છે, માટે પર્યાયથી કથન કર્યું છે. એઈ..! કહેવો તો છે આત્મા, ત્રણ ભેદ નહિ. ત્રણ ભેદ તો પર્યાય થઈ ગઈ, વ્યવહાર થઈ ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન જે એક સ્વરૂપે છે એને સેવવો છે, એકને સેવવો છે; પણ લોકો વ્યવહારજીવો પર્યાયબુદ્ધિથી સમજે છે, માટે ભેદથી-પર્યાયબુદ્ધિથી કથન કર્યું છે. જાણવા માટે કથન કર્યું છે, આહા..હા..! આદરવા માટે નહિ. આહા..હા..! ધન્નાલાલજી! સમજાણું કાંઈ? એમાં સિદ્ધને સ્થાપ્યા છે પર્યાયમાં એ જ્ઞાન કરવા માટે સ્થાપ્યા છે. એનું જ્ઞાન આવું પૂર્ણ છે ઈ. ધ્યેય તો દ્રવ્ય છે. આહા..!

**શ્રોતા** :- ભેદ શું પાડ્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભેદ પાડ્યો ઈ કે વસ્તુ જ્ઞાન કરવા માટે બધું બરાબર છે, પણ ધ્યેય માટે તો એક જ દ્રવ્ય છે. એ પણ ભાઈ લાવ્યા હતા ને કાલે ખુલાસો? નહિ? નવલચંદભાઈ. કાલે લાવ્યા હતા ને? કહ્યું હતું ને? મેં કીધું, સર્વ પરિણામ ક્યાંક આવે છે. બરાબર ખ્યાલ ન આવ્યો, પણ ઈ સવિકલ્પમાં આવ્યું. મોક્ષમાર્ગ પ્રકાશકમાં. મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવ્યું ઈ. મેં કીધું ક્યાંક આવ્યું હતું ખરું. ભાઈ દેવીલાલજીએ બધાને કંઈક દાખલો આપ્યો હતો, પણ આધાર આપ્યો હતો ને એટલે ક્યો ગ્રંથ એ રહી ગયું અંદરથી. ત્યાં તો એમ જ કહ્યું છે કે ચિન્મય આત્મા ભગવાન એક સ્વરૂપે છે, એમાં સર્વ પરિણામ ત્યાં આગળ એકાગ્ર થાય છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! સવિકલ્પી જ્યારે નિર્વિકલ્પ ધ્યાનમાં જાય છે એનું સ્વરૂપ કથન કર્યું છે. એ ચિન્માત્ર ભગવાન તો એક સ્વરૂપે જ ભગવાન છે, ત્રણ રૂપ નહિ એના. આહા..હા..! ત્રણ રૂપે પરિણમવું એ પણ એક અસત્યાર્થ કહેવામાં આવે છે. આહા..હા..! દ્રવ્યાર્થિકનયની મુખ્યતા કરતાં તે એકના જ સેવનની વ્યાખ્યા હોય

છે, જ્યારે પર્યાયમાં ત્રણપણે પરિણમવું એ ગૌણ કરીને એને વ્યવહાર કરીને એને અસત્યાર્થ કીધો છે. સમજાણું કાંઈ? ભારે વાત આ!

ત્રણપણે પરિણમન નિર્મળ દશા, હોં! એ પણ એકપણાની દૃષ્ટિ કરાવવામાં મુખ્યપણે દ્રવ્યાર્થિક-શુદ્ધદ્રવ્યાર્થિકનો વિષય કહીને, પરિણામના ત્રણ ભેદોને એનું સેવન કરવું એ કહ્યું એ તો પર્યાયથી વ્યવહારી લોકો સમજે માટે કહ્યું છે. બાકી ત્રણનું સેવન કરવું એ અસત્યાર્થ છે. આહા..હા..! આવી વાતું, બાપુ! આ તો... છે ઓલામાં-૧૬મી ગાથામાં અસત્યાર્થ કહ્યું છે. ભાઈ! ૧૬ના શ્લોકમાં કહ્યું છે. છે ને? આમાં ને? આમાં આમાં. '**આત્મા એક છે તોપણ વ્યવહારદૃષ્ટિથી જોઈએ તો...**' (૧૭મો) શ્લોક છે. પાનું-૪૮. '**આત્મા એક છે તોપણ વ્યવહારદૃષ્ટિથી જોઈએ તો ત્રણ-સ્વભાવપણાને લીધે...**' જોયું! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ વ્યવહારદૃષ્ટિથી કથન છે. આહા..હા..! સમજાય છે? એને દ્રવ્ય સાથે પર્યાયને ન ભેળવાય. કારણ કે એ ત્રણનું પરિણમન વ્યવહાર છે. એ '**ત્રણ-સ્વભાવપણાને લીધે અનેકાકારરૂપ ('મેચક') છે, કારણ કે દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ત્રણ ભાવે પરિણમે છે.**' ભાવાર્થમાં ખુલાસો છે, જુઓ!

'**શુદ્ધદ્રવ્યાર્થિક નયે આત્મા એક છે;...**' શુદ્ધદ્રવ્યાર્થિક નયે આત્મા એક છે. ત્રણપણાનું પરિણમન એ પણ વ્યવહારમાં જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**આ નયને પ્રધાન કરી કહેવામાં આવે ત્યારે પર્યાયાર્થિક નય ગૌણ થયો...**' એટલે? '**એકને ત્રણરૂપ પરિણમતો કહેવો તે વ્યવહાર થયો,...**' આહા..હા..! સદ્ભુત વ્યવહાર છે ને ઈ. રાગ છે એ તો અસદ્ભુત વ્યવહાર, પણ આ ત્રણ પણ સદ્ભુત વ્યવહાર થઈ ગયો. આહા..હા..! આ વસ્તુ! સમજાય છે કાંઈ? અને એ ત્રણરૂપ પરિણમતો કહેવો, ત્રણરૂપ પરિણમતો કહેવો, સમ્યગ્દર્શન, જ્ઞાન નિર્મળ પર્યાયપણે પરિણમતો કહેવો, નવલચંદભાઈ! એ પણ વ્યવહાર થયો. '**અસત્યાર્થ પણ થયો.**' છે? છે અંદર? આહા..હા..! ત્રણપણે પરિણમનની નિર્મળ દશા એ પણ અસત્યાર્થ થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? તો એ દ્રવ્યને નિર્મળ પર્યાય સાથે લઈને વિષય બનાવવો એ તો ઘણી સ્થુળ વિપરીત દૃષ્ટિ થઈ ગઈ! ઘણી વિપરીત દૃષ્ટિ! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** જ્યારે નયથી કથન કરે ત્યારે કાંઈક બાકી રહેવું જોઈએ ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ બાકી રહ્યું ને. પર્યાયના ત્રણ ભેદો ગૌણ રહ્યા, આ મુખ્ય થઈ ગયો. એક નયનો વિષય આવ્યો તો એક નય રહી ગઈ. પર્યાયના ભેદો ત્યાં ગૌણમાં રહી ગયા. સમજાણું કાંઈ? જો દ્રવ્ય અને નિર્મળ પર્યાયને ભેગા લઈએ તો તો એક વિષય બાકી ન રહ્યો, અશુદ્ધતાનો બાકી રહ્યો, પર્યાયનો બાકી ન રહ્યો બહાર તો એ નય જ ન થઈ. સમજાણું કાંઈ? નિશ્ચયનયનો વિષય એક અંશ છે, એ પ્રમાણ નથી. એથી એ દ્રવ્યાર્થિકનો વિષય જે એકરૂપ છે તે એનો વિષય છે. આ તો સ્પષ્ટ કરવાની જરૂર પડી. ગોટો ઊઠ્યો

છે ને. વાત આમ છે, ભાઈ! કલ્પીને ગમે એ રીતે માને પોતાની દૃષ્ટિએ, વસ્તુ બીજી છે આખી. સમજાણું કાંઈ?

એક વસ્તુને દ્રવ્યાર્થિક નયે જ્યારે એક કહ્યું ત્યારે એક નય બાકી રહી ગઈ. કારણ કે નયનો વિષય તો એકરૂપ ત્રિકાળ એક થયો. ઈ એક અંશ થયો, બીજો અંશ બાકી રહ્યો, નહિતર એક નય કહેવાય જ નહિ. બીજો નય ક્યો બાકી રહ્યો? કે ત્રણપણે જે પરિણમે છે એનો જે નય વ્યવહારનયનો વિષય એને ગૌણ કરીને તે નથી, અસત્યાર્થ છે એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! ધન્નાલાલજી! તેથી ત્યાં કહ્યું સવિકલ્પમાં, અંતરમાં ચિન્માત્ર એકલો આત્મા ભાસે. ઈ ચિન્માત્ર ભાસે એટલે એવો વિકલ્પ નહિ. ભાસે છે પર્યાયમાં આ ચિન્માત્ર દ્રવ્ય. પર્યાયનો વિષય ચિન્માત્ર દ્રવ્ય, એકલું દ્રવ્ય. એમાં સર્વ પરિણામ તેમાં એકાગ્ર થાય છે. નિર્મળ પરિણામ આદિ તે દ્રવ્યમાં એકાગ્ર થાય છે. ઈ કાઢ્યું હતું ચાર-પાંચ દિ' પહેલાં, ભૂલાઈ ગયું પાછું. નવલચંદભાઈ રાત્રે લાવ્યા. સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ. મેં કીધું, પરિણામ ક્યાંક આવ્યું છે. સર્વ પરિણામ... અને જ્યારે પહેલું આવ્યું હતું ભૂતાર્થ નયમાં.. સમજાય છે? ત્યારે પણ એ વિચાર તો અંદર આવ્યો હતો કે આ એક શ્રદ્ધાની પર્યાય નમે છે કે બધી? કોઈ આધાર વિના... સમજાણું? વાત તો એવી કે બધી પર્યાય નમે છે આવવું તો એમ જોઈએ; અને અહીં તો એમ કહ્યું, ભૂતાર્થ આશ્રિત સમ્યગ્દર્શન થાય છે. ત્યારે સમ્યગ્દર્શનની પર્યાય જ એના તરફ ઢળી છે એકલી? આખા પરિણામ ઢળ્યા છે. આહા..હા..! જેટલા નિર્મળ પરિણામ છે... મલિન પરિણામ તો બહાર રહી ગયા, ભેદમાં. જેટલા નિર્મળ પરિણામ છે એ સર્વ દ્રવ્યમાં એકત્ર થયા. એકત્ર થયા, આવ્યું ને? કહ્યું ને.

**શ્રોતા** :- એટલે કે બે એક થઈ ગયા ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એક નહિ, એક થાવાની ક્યાં વાત છે? એ તો ભિન્ન રહે છે. એનું કાંઈ નથી. એ તો બે ભિન્ન થઈ ગયા. એમાં કાંઈ વાંધો નથી. પણ ઈ પર્યાય જે છે, ઈ એકમાં ત્રણ જે કહેવા એ અસત્યાર્થ થઈ ગયું. નિર્મળ પર્યાયને ત્રણ.. એ ત્રણ થઈને એક પર્યાય ગણે તોપણ એ પર્યાયભેદ થઈ ગયો, સદ્ભૂત વ્યવહારનય થઈ ગયો. તેથી તેને અસત્યાર્થ કીધો. ત્રિકાળ સત્યાર્થ ભગવાન પૂર્ણાનંદ ચિન્મય એકરૂપ સ્વરૂપ છે એને સત્યાર્થ કહી અને એને દ્રવ્યાર્થિક નયનો વિષય, એને નિશ્ચયનયનો વિષય, એને સમ્યગ્દર્શનનો વિષય કહ્યો. સમજાણું કાંઈ? આ વસ્તુ બાપુ, એવી ઝીણી છે. એ અંતર વસ્તુને સમજ્યા વિના બધા ગોટા ઊઠ્યા વિના રહે જ નહિ. આહા..હા..! જુઓ! આમાં કહ્યું, શું કહ્યું?

**શ્રોતા** :- હવે તો બધા સમાઈ જશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હવે તો સમાઈ જશે. ગોટા મોટા રહેશે ક્યાંક, પણ આ ગોટો ઊઠ્યો હતો ને એટલે બહાર આ સ્પષ્ટ કરવું પડે છે. એકને ત્રણરૂપ પરિણમવો કહેવો— દર્શન-જ્ઞાન-ચારિત્રપણે પરિણમવો કહેવો એ વ્યવહાર થયો. દ્રવ્ય એકલું દૃષ્ટિમાં લેવું એ નિશ્ચય

થયો. આહા..! દ્રવ્યની સાથે પર્યાયને ભેગી લેવી એ વ્યવહાર થયો. બે થયા એટલે વ્યવહાર થઈ ગયો. બીજી રીતે કહીએ તો પર્યાય સદ્દભૂત વ્યવહાર છે અને પેલો નિશ્ચય છે, તો બે થઈ ગયા તો એ પ્રમાણનો વિષય થયો. પ્રમાણ છે તે વ્યવહારનો વિષય થઈ ગયો. પ્રમાણ એ વ્યવહારનો વિષય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રમાણ પોતે વ્યવહાર છે, પ્રમાણ પોતે વ્યવહારનયનો વિષય છે. આહા..હા..! પંચાધ્યાયીમાં લીધું છે ને, પ્રમાણ પોતે વ્યવહારનો વિષય છે. આહા..હા..! બે થયા એવું પ્રમાણ એ વ્યવહારનો વિષય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભઈ આ તો માર્ગ વીતરાગનો અપૂર્વ અનંત કાળમાં નથી પકડ્યો એવો માર્ગ અલૌકિક છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ! શું કીધું અહીં?

એને અસત્યાર્થ (કહ્યું). ત્રણ પર્યાયપણે પરિણમે, નિર્મળ પર્યાયપણે પરિણમે તે અસત્યાર્થ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને દ્રવ્ય અને પર્યાયને ભેગુ નાખીને વિષય બનાવવો એ તો બહુ જ સ્થૂળ મિથ્યાદૃષ્ટિ છે! તદ્દન વિપરીત દૃષ્ટિ છે! અહીં તો ચોખ્ખી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? માને ગમે એ રીતે, પણ વસ્તુ તો આ છે. આહા..હા..! **'તેથી એકને ત્રણરૂપ પરિણમતો કહેવો તે વ્યવહાર થયો, અસત્યાર્થ પણ થયો, એમ વ્યવહારનયે આત્માને દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પરિણામોને લીધે 'મેચક' કહ્યો છે.'** આહા..હા..! સમજાણું કાંઈ?

પર્યાયનું સેવન ઘણે ઠેકાણે કહ્યું છે, ઈ બધું વ્યવહાર નયથી લોકો સમજે છે તેથી તે રીતે કહ્યું છે. બાકી સેવવો તો એક જ આત્મા. સમજાણું કાંઈ? એનો સરવાળો આ છે. આહા..હા..! ઈ આવશે આમાં ઘણે ઠેકાણે. ૧૬મી ગાથામાં. એક જ સેવવો, એક જ સેવવો, એમ. ઈ તો ત્રણ પ્રકારે પર્યાયથી, વ્યવહારથી લોકો સમજે છે તો સમજાવ્યું છે. ઈ ત્રણ આશ્રય કરવા લાયક છે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! સર્વ પરિણામ તેમાં એકાગ્ર થાય છે. નિર્મળ પરિણામ પણ એ બાજુ આમ દ્રવ્ય ઉપર ઢળી ગયા છે, એમ કહે છે. આહા..હા..! એ પરિણામમાં એકલો ચિન્માત્ર આત્મા ભાસે છે. સમજાણું કાંઈ? ચિન્માત્ર એકરૂપ ભાસે છે. નિર્મળ પર્યાય તેને ભાસે, પણ નિર્મળ પર્યાય અને ચિન્મય એ બે એમ પરિણામમાં ભાસે છે એમ નથી. ઝીણી વાત બહુ, બાપુ! આ તો મૂળ.. મૂળ.. મૂળ માર્ગની શરૂઆતની વાત છે! આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કીધું ને, જુઓને! તેથી અહીં કહે છે, અમે સિદ્ધને નમસ્કાર કરીએ છીએ, એ વ્યવહારથી વાત ઉપાડી છે. સમજાણું કાંઈ? વંદન અનંત સિદ્ધો. આહા..હા..! પર્યાયમાં સ્થાપન કર્યું છે ને! અનંત અનંત કેવળીઓ, અનંત અનંત કેવળીઓ, મતિની પર્યાયમાં અનંત અનંત કેવળીઓને સ્વીકાર્યા. આહા..હા..!

**શ્રોતા :-** એનો લાભ શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનો લાભ છે, ઈ ઢળે છે દ્રવ્ય ઉપર માટે. એના ઉપર આટલું

બધું જોર આવે છે ત્યાં એનું લક્ષ દ્રવ્ય ઉપર જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવી વાત છે.

અહીં તો ઈ વાત છે, ભાઈ! એક જ છે. પહેલેથી કહેતા આવ્યા છીએ, એ કાંઈ નવું નથી. આ તો સ્પષ્ટ કરવાની જરૂર પડી. લખાણમાં બહુ વિપરીત આવ્યું ને, ઘણું વિપરીત આવ્યું. આ ફેરી છેલ્લામાં આત્મધર્મમાં તો ઘણું વિપરીત (આવ્યું). આગળ-પાછળ મેળ વિનાનું. લોકોને ભ્રમ ઊપજે છે. લોકો તો હવે સમજી ગયા છે. એમાં આ લખાણ આવ્યું ને (જીતુ)ભાઈનું, કારતક મહિનાનું આત્મધર્મ, એમાં બધો ખુલાસો થઈ ગયો. આહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ બાપા! આ તો કંઈ વીતરાગનો માર્ગ છે! એમાં ધણી થઈ પડે વિપરીત દૃષ્ટિએ, એ ન ચાલે. આહા..!

અહીં કહે છે, '**अथ**' નામ મંગળના અર્થે. આહા..હા..! જે અનંત કાળમાં થયું નથી એની શરૂઆત થઈ ગઈ. દ્રવ્યને આશ્રયે સાધકભાવની. આહા..!

**શ્રોતા :-** એનું નામ મંગળિક?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનું નામ મંગળિક છે. સમજાણું કાંઈ? આહા..હા..! ટીકા તે ટીકા છે ને! આ તો હવે ૧૮મી વાર વંચાય છે. નૌતમભાઈ! શરૂઆતમાં વંચાઈ ગયું છે ને! ઘણાં પડખા આવ્યા ને એટલે વધારે સ્પષ્ટ થાશે. આહા..હા..! '**ગ્રંથના આદિમાં...**' એ પ્રથમ શબ્દ છે ને સંસ્કૃતમાં, '**अथ प्रथमत**' ઈ બે શબ્દ. ન્યાંથી શરૂ કર્યું છે. પ્રથમ ક્યાં આવ્યું? ગ્રંથની આદિમાં પ્રથમ આવે છે, કીધું. એ વિના ક્યાંય આવતું નથી. દરેક શબ્દનો અર્થ જે ટીકાકાર અમૃતચંદ્રાચાર્યે કર્યો... મહામુનિ! આહા..હા..! એની ટીકા એટલે ભરતક્ષેત્રમાં આવી ટીકા (ક્યાંય નથી). દિગંબરમાં આવી ટીકા નથી, આ આવી છે ઈ! અહીં છે એવી બીજા ગ્રંથોમાં નથી. બીજા અન્યમતમાં તો શેની હોય, શ્વેતાંબર અને સ્થાનકવાસીમાં! આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે '**ગ્રંથના આદિમાં સર્વ સિદ્ધોને...**' ભાવથી નમસ્કાર કરું છું. જોયું! અંદર ભાવથી નમસ્કાર કરું છું, નિર્મળ એકાકાર થઈને.

**શ્રોતા :-** આત્માની સન્મુખ થઈને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, સન્મુખ થઈને અને દ્રવ્યથી-વિકલ્પથી. આહા..હા..! બેય છે. '**સ્તુતિથી પોતાના આત્મામાં...**' આવી સ્તુતિથી પોતાના આત્મામાં સ્થાપીને. '**वंदित्तु**' શબ્દ છે ને? આહા..હા..! ભાવથી નમસ્કાર અને દ્રવ્યથી નમસ્કાર. શુદ્ધ ચૈતન્યઘન તરફનું નિર્મળ પરિણમન થવું એ ભાવનમસ્કાર અને વિકલ્પ ઊઠવો કે ભગવાન સિદ્ધ આવા છે એ દ્રવ્યનમસ્કાર. આહા..હા..! આ તો તીર્થંકર પરમેશ્વરના કેડાયતો સંતો એની ટીકા એટલે શું! એ કંઈ સાધારણ વાત છે? આહા..હા..! સમજાણું કાંઈ? 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ' કાલે કહ્યું હતું, નહિ?

**શ્રોતા :-** કાલે દવા આવી હતી, દવા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દવા, જિનવચનની દવા-ઔષધ. વિષયની વાસનાનો વિરેચન-રેચ કરાવી દે, પરમાં સુખબુદ્ધિને ઉડાડી દે એવી જિનવચનની દવા છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને અમેયભૂત એમ આવ્યું હતું ને? અમૃતભૂત, અમૃતસ્વરૂપ. એ વાણી છે ઈ અમૃતસ્વરૂપ છે. અમૃતને બતાવે માટે અમૃતસ્વરૂપ જ છે ઈ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! કાલે બપોરે આવ્યું હતું ને? આહા..!

અહીં કહે છે કે એ '**ભાવ-દ્રવ્ય સ્તુતિથી પોતાના આત્મામાં તથા પરના આત્મામાં...**' ભાષા શું (કરે)? તમારે ઈ શું કામ છે? હું કહેવા માંગુ છું માટે... કારણ કે '**वोच्छामि**' કહેવું છે ને. હું કહું છું, કહું છું. કોને? શ્રોતાને. શ્રોતાને શું કરું છું? અનંતા સિદ્ધોને ત્યાં સ્થાપુ છું, સ્થાપના કરું છું. ઈ આગળ એને સિદ્ધ થાવું છે અને મારે પણ સિદ્ધ થાવું છે આગળ. આ સ્થાપના નથી કરતા ચાલે ત્યારે? મંગળ કે વાર એવો હોય ને પછી સ્થાપના કરે છે ને શેરીમાં? શેરીમાં કરી રાખે. વાર-કવાર હોય ને બહાર જાવું હોય તો પહેલું બહાર રાખી મૂકે. પછી વાર બીજો હોય તો ત્યાંથી લઈને ચાલ્યા જાય. સાંભળ્યું નથી? પસ્તાનુ, પસ્તાનુ. ઈ પસ્તાનુ કહેવાય છે. પંકજભાઈ! આવે છે નહિ? વાર-કવાર એવો હોય કે નીકળવું છે તે દી, તો પસ્તાનુ મૂકી આવે. ન્યાંથી લઈને બીજે ચાલ્યા જાય. આ પસ્તાનુ મૂકે છે.

પર્યાયમાં અનંતા સિદ્ધોને પ્રસ્તાવમાં મૂકે છે હવે. હવે હું સિદ્ધમાં જવાનો છું. આહા..હા..! આહા..હા..! સમજાણું કાંઈ? શ્રોતાને પણ કહે છે. પાંચમી ગાથામાં આવ્યું છે ને ત્યાં, પ્રમાણ કરજો. '**जदि दाएज्ज पमाणं**'. જો હું દેખાડું અને દેખાડવાનું બની જાય તો પ્રમાણ કરજે. અનુભવથી પ્રમાણ કરજે. દ્રવ્યનો આશ્રય કરીને અનુભવ કરીને પ્રમાણ કરજે. હા પાડવાની વિકલ્પથી એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાયને દ્રવ્ય તરફ વાળીને અનુભવથી પ્રમાણ કરજે. આહા..હા..! સમયસાર અને એની ટીકા સાક્ષાત્ કેવળીઓ ઉતર્યા છે ઉપરથી! એવી વાત છે. આહા..હા..! દુકાનમાં પણ નફો-બફો થાય ને? વકરો થયો છે દસ લાખનો. હવે પૈસા કેટલા? અઢાર આના લાભમાં ઉતર્યું છે? એમ ગણે. રૂપયે બે આનાનો.. શું કહેવાય? નફો. બે આનાનો લાભ. અઢાર આના થયું છે?

અમારે દુકાનમાં એમ કરતાં. કુંવરજીભાઈ હોય ને. મોટી દુકાન ઈ હતી. આટલા લાખનું થયું. હવે રૂપયે બે આના લાભ ઉતર્યો એમાં બધો થઈને સરવાળો? એમ ગણે. અઢાર આના થયા હોય તો ઓલું કહેવાય. ત્યાં અમારે કુંવરજીભાઈ દુકાને કરતા. રૂપયે બે આનાનો લાભ. રૂપિયાનો માલ વેંચે એમાં અઢાર આના. એ.. ભગવાનજીભાઈ! આહા..હા..! અહીં અઢાર આનાનો લાભ થવાનો છે. આહા..હા..! આ તો દુકાનનું યાદ આવી ગયું. દુકાનમાં કરતા ને. એક ફેરી ત્રણ વર્ષમાં સોળ હજારનો.. તે દી, આ તો ઘણાં વર્ષ પહેલાં. ત્રણ વર્ષમાં સોળ હજાર પેદા કરેલા દુકાનમાં. બાર મહિને સરવાળો કરતાં. પણ એકવાર ત્રણ

વર્ષે કાઢ્યો. એની દુકાને. સોળ હજાર પેદા થયેલા ત્રણ વર્ષમાં. આ તો ઘણાં વર્ષની વાત, હોં! ખુશાલભાઈ ભેગા હતા ત્યારે. પછી તો બે-બે લાખની પેદાશ હતી. વર્ષની ત્રણ લાખની.

**શ્રોતા :-** આપને વધારે પેદાશ થઈ કે એને વધારે પેદાશ થઈ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળની પેદાશ નથી અહીંયાં. આ તો આંકડો.

અહીં તો ભગવાન આત્મા.. આહા..હા..! હવે કહે છે કે અમે સિદ્ધની સ્થાપના, સિદ્ધની પ્રસ્તાવના મૂકીએ છીએ, ભાઈ! તને અને મને બેયને, હોં! એટલે મને પહેલું મૂક્યું છે. પોતાના આત્મામાં અને પરના આત્મામાં. આહા..હા..! સિદ્ધપણું અમે પ્રસ્તાવનામાં પર્યાયમાં મૂક્યું, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સંતો મુનિ, બાપુ! મુનિ કોને કહેવા લોકોને ખબર નથી. મુનિ પરમેશ્વર છે! જેને ત્રણ કષાયનો અભાવ થયો, બાપુ! એ શું ચીજ છે? સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન શું ચીજ છે એ તો અલૌકિક, પણ ચારિત્ર શું છે એ તો એનાથી પણ અલૌકિક! મહા અલૌકિક!! ઓહો..હો..! એવી ચારિત્ર દશાવંત સંત જે આ ટીકા કરે છે... આહા..હા..! અમૃત વરસાવે છે.

શ્રીમદ્‌માં આવે છે ને?

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત.
ગુણવંતા રે જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમકાળમાં..
એ.. ગુણવંતા રે જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમકાળમાં.

એવું આ અમૃત (છે). અમૃતચંદ્રાચાર્યના અમૃત વચનો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..!

'**આ સમય નામના પ્રાભૃતનું...**' હવે આ રીતે અનંતા સિદ્ધોને પર્યાયમાં પ્રસ્તાવના તરીકે મૂકીને (સમયસાર કહેશું). કારણ કે સિદ્ધ થવાનો કાળ હજી મારે નથી. સમજાણું કાંઈ? એમ સાંભળનારને પણ સિદ્ધ થવાનો કાળ નથી, પણ સિદ્ધની પ્રસ્તાવના તો અમે મૂકીએ છીએ. આહા..હા..! '**આ સમય નામના પ્રાભૃતનું...**' આહા..હા..! '**ભાવવચન...**' ભાવવચન એટલે નિર્મળ દશા અને '**દ્રવ્યવચન...**' એટલે વિકલ્પ. આહા..હા..! '**પરિભાષણ શરૂ કરીએ છીએ...**' આહા..હા..! પરિભાષણ શરૂ કરીએ છીએ, કહે છે. આ તો વાણી છે ને. સમજાણું કાંઈ? '**એમ શ્રી કુંદકુંદાચાર્ય કહે છે.**' આહા..હા..! એમ શ્રી કુંદકુંદાચાર્ય કહે છે. આહા..!

'**એ સિદ્ધ ભગવંતો સિદ્ધપણાને લીધે,...**' સિદ્ધ પૂર્ણ દશા પ્રાપ્ત થઈ ગઈ છે એને લીધે '**સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને છે,...**' હે સિદ્ધ! એમ બોલેને? ત્યારે આત્મા પણ હે સિદ્ધ! તું સિદ્ધ છો. આહા..હા..! હે ભગવાન તમે તારજો. સામે આમ આત્મામાં અવાજ આવે, હે ભગવાન તું તરજે! પ્રતિચ્છંદ કીધો ને? શું કીધું? '**પ્રતિચ્છંદના સ્થાને...**' પ્રતિચ્છંદ સમજાય છે? પડઘો. હે ભગવાન! એમ કહે ત્યાં સામેથી પડઘો આવે,

હે ભગવાન! રાણપુરમાં છે ને મોટી? પાંચસો વર્ષની. રાજાનો મહેલ છે. જૂનો મહેલ એકલો પત્થરનો. નદીને કાંઠે. અહીંથી અવાજ કરે તો ત્યાંથી અવાજ આવે. બંદુક અહીં વાગે ગામમાં તો અવાજ ત્યાંથી પાછો આવે બંદુકનો. પડઘો, પ્રતિઘાત. અવાજનું પાછુ પડવું. એમ હે સિદ્ધ! એમ બોલે ત્યાં હે સિદ્ધ! અહીં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'સિદ્ધ ભગવંતો સિદ્ધપણાને લીધે,...'** ઈ કેમ સિદ્ધ ભગવંતો પ્રતિચ્છંદને સ્થાને છે? એ સિદ્ધપણું પ્રગટ્યું છે એ કારણે. આહા..હા..! **'સાધ્ય જે આત્મા...'** સાધવો છે તો આત્માને. **'તેના પ્રતિચ્છંદના સ્થાને છે,...'** એના પડઘાને સ્થાને છે. આહા..!

**શ્રોતા :-** એનો નમૂનો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નમૂનો. આહા..હા..! આને પ્રસિદ્ધ અહીં કરવો છે ને. હે સિદ્ધ! સિદ્ધા સિદ્ધિ મમ દિસંત્તુ. આવે છે ને? લોગસ્સમાં આવે છે. લોગસ્સ કર્યો છે? નહિ કર્યો હોય. નવા આવ્યા છે આમાં. પેલા લાકડા નહોતા એને. લોગસ્સ આવે છે ને? શ્વેતાંબરમાં આવે લોગસ્સ. એમાં એ આવે છે, સિદ્ધા સિદ્ધિ મમ દિસંત્તુ. હે સિદ્ધ ભગવાન! મને સિદ્ધપદ દેજો. અહીં કહે છે, હે સિદ્ધ ભગવાન! મને સિદ્ધપદ પર્યાયમાં હો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'એ સિદ્ધ ભગવંતો, સિદ્ધપણાને લીધે, સાધ્ય જે આત્મા તેને પ્રતિચ્છંદના સ્થાને છે, જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો ચિંતવન કરીને,...'** સિદ્ધ ભગવાનના સ્વરૂપનું જ્ઞાનમાં ચિંતવન કરીને **'તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાઈને,...'** જુઓ, હવે આવ્યું. આહા..હા..! તે સમાન પોતાનું સ્વરૂપ છે એમ ધ્યાવે-ધ્યાન કરે. આહા..હા..! આહા..હા..! તે સમાન ભગવાન. 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. આવે છે ને? **'પોતાના સ્વરૂપને ધ્યાઈને...'** પોતાનું સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્યઘન આનંદઘન સિદ્ધ સ્વરૂપ એનું ધ્રુવ, એને ધ્યાઈને-એનું ધ્યાન કરીને. સમજાણું કાંઈ? આહા..હા..! ભઈ, આ કાંઈ કથા નથી. આ તો અમૃતના વ્હેણલા વાયા છે! આહા..હા..! આ ટીકાના ભાવ રહી ગયા છે. જગતના ભાગ્ય કે આવું સમયસાર એક રહી ગયું! આહા..હા..! સમજાણું કાંઈ? **'જેમના સ્વરૂપનું....'**

**શ્રોતા :-** સિદ્ધ સમાન એટલે સિદ્ધ જેટલો કે સિદ્ધ જેવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સિદ્ધ જેવું જ છે દ્રવ્ય, પર્યાયની વાત નથી ત્યાં. સિદ્ધ સમાન મારું દ્રવ્ય છે. એ તો કહ્યું. પર્યાય ક્યાં છે? સિદ્ધ સ્વરૂપે જ મારું દ્રવ્ય છે. શક્તિરૂપે સ્વભાવરૂપે હું સિદ્ધ જ છું. ઈ તો આવ્યું નથી? નિયમસારમાં ન આવ્યું? બધા સંસારી જીવો સિદ્ધ સમાન છે, અષ્ટ મૂળગુણથી પુષ્ટ છે, ભાઈ! ભાઈએ અર્થ નથી કર્યો? અષ્ટ મૂળગુણથી પુષ્ટ છે. આ સ્વભાવ. આવ્યું છે ને નિયમસારમાં? છેલ્લી ગાથા પાછળ. સિદ્ધ સમાન છે એટલે પર્યાય છે સિદ્ધ જેવી? દ્રવ્ય સિદ્ધ સમાન છે. એવું જ સિદ્ધ સ્વરૂપ જે ભગવાન આત્મા એનું ધ્યાન કરીને, એને ધ્યાઈને. આહા..હા..!

'**તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાઈને,...**' પોતાના સ્વરૂપનું ધ્યાન કરીને. સમજાણું કાંઈ? આહા..હા..! ધ્યાનમાં પોતાનું ત્રિકાળ સ્વરૂપ છે એમ ધ્યાન કરીને, એમ કહે છે. સમજાણું કાંઈ? '**તેમના જેવા થઈ જાય છે...**' આહા..હા..! તેના સમાન પોતાનું સ્વરૂપ ધ્યાવીને નિર્મળ પર્યાયમાં તેનું ધ્યાન કરીને... કોનું? દ્રવ્યનું, હોં! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ક્યા દ્રવ્યનું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ દ્રવ્યનું. આહા..હા..! પૂર્ણ આનંદ સ્વરૂપ એકરૂપ જેનું સ્વરૂપ છે. આહા..હા..! એનું ધ્યાન એટલે પર્યાય. પર્યાયમાં એનો વિષય બનાવીને. આહા..હા..! ધ્યાન વિષય કુરુ, આવે છે. પરમ અધ્યાત્મ તરંગિણીમાં. તરંગિણી છે ને? એમાં ત્રણ ઠેકાણે આવે છે. પર્યાયમાં વિષય બનાવ દ્રવ્યને. આહા..હા..! એનો અર્થ કે આ પર્યાય છે અને એને દ્રવ્યમાં વાળું છું, એમ પણ નથી. ઈ પર્યાય દ્રવ્યમાં વળી છે એ જ દ્રવ્યનું ધ્યાન છે. આહા..હા..! હવે તો ભઈ નિરાંત થઈ ગઈ, હળવે હળવે ચાલે છે આ તો. ચાલીસ વર્ષ થઈ ગયા હવે. ચાલીસ તો ... થઈ ગયા. હળવે હળવે જરી સાંભળનારને અંદરમાં વિચારમાં રોકાવું પડશે કે નહિ એને? આહા..!

'**તેમના જેવા થઈ જાય છે...**' આહા..હા..! અહીં તો સિદ્ધનું ધ્યાન કરું, એવો હું છું, એનું ધ્યાન કરનાર સિદ્ધ જેવા થઈ જાય જ છે, ન થાય એ પ્રશ્ન નથી. આહા..હા..! પણ આ રીતે હોય તો. સમજાણું કાંઈ? આહા..! '**અને ચારે ગતિઓથી વિલક્ષણ...**' ચારે ગતિ છે એનાથી આ વિલક્ષણ છે. '**પંચમગતિ મોક્ષ તેને પામે છે.**' લ્યો, પંચમગતિ એવો જે મોક્ષ તેને પામે છે. બીજી ગતિ તો વિકારવાળી છે અને ત્યાંથી પાછું આવવું પડે છે. આ તો ગતિ થઈ ઈ થઈ. આહા..હા..! સાદિ અનંત અનંત સમાધિસુખમાં. એવી જે સિદ્ધગતિ (તેને) પામીને પંચમગતિ મોક્ષને પામે છે. હવે એ કેવી છે પંચમગતિ? એની વ્યાખ્યા ચાલે છે. આહા..હા..! ધ્રુવ તો ઉપાડ્યું પહેલું. ઈ પર્યાયની ધ્રુવતા. આવી છે અંદર ધ્રુવમાંથી. સમજાણું કાંઈ? ધ્રુવમાંથી ધ્રુવપર્યાય-સિદ્ધપર્યાય થઈ છે. આહા..હા..! ઉપાડ્યું છે પર્યાય ધ્રુવ, હોં! સિદ્ધપર્યાય ધ્રુવ. સિદ્ધને અહીં વંદન કરવું છે ને. સિદ્ધની વ્યાખ્યા (ચાલે છે). આહા..!

'**કેવી છે તે પંચમગતિ? સ્વભાવભાવરૂપ છે...**' એ તો સ્વભાવભાવરૂપ છે. છે પર્યાય, પણ સ્વભાવભાવરૂપ એ પર્યાય છે. ચાર ગતિ તે વિભાવભાવરૂપ વિકારી અવસ્થા છે. સમજાણું કાંઈ? સ્વભાવભાવરૂપ. ભાષા દેખો! એટલે કે સ્વભાવભાવ જે જીવનો-આત્માનો હતો એમાંથી સ્વભાવભાવ પર્યાય આવેલી છે. સ્વભાવભાવ આત્માનો ત્રિકાળ. આ પર્યાયની વાત છે અહીં. આહા..હા..! સ્વભાવભાવરૂપ છે. નિર્મળ પર્યાય સિદ્ધ ભગવાનની સ્વભાવભાવરૂપ છે. એ પર્યાય પણ સ્વભાવભાવરૂપ છે '**તેથી ધ્રુવપણાને અવલંબે છે.**' એટલે કે ધ્રુવપણું રાખે છે. સ્વભાવભાવપણાને લીધે જ ધ્રુવપણું રહે છે, એમ કહે છે.

પેલું તો અધ્રુવ છે, ગતિ તો ફરી જાય. આહા..હા..! ધ્રુવપણાને અવલંબે છે એટલે ધ્રુવપણે રહે છે. આહા..હા..! કેમકે સ્વભાવભાવરૂપ છે તેથી. આહા..! સમજાણું કાંઈ?

'**ચારે ગતિઓ પરનિમિત્તથી થતી હોવાથી ધ્રુવ નથી,...**' લ્યો, એની સામે કહ્યું. ચારે ગતિ, એ પોતે ખુલાસો કર્યો છે. '**પરનિમિત્તથી થતી હોવાથી...**' કર્મના નિમિત્તથી ચાર ગતિ (થાય છે). સ્વર્ગની ગતિ (હોય) તોપણ કર્મના નિમિત્તથી (થાય છે). એ કાંઈ સ્વભાવભાવની પર્યાય નથી. આહા..હા..! '**પરનિમિત્તથી થતી હોવાથી ધ્રુવ નથી, વિનાશિક છે;...**' ચારે ગતિ વિનાશિક છે. આહાહા..! '**ધ્રુવ' વિશેષણથી પંચમગતિમાં એ વિનાશિકતાનો વ્યવચ્છેદ થયો.**' ધ્રુવ વિશેષણથી પંચમગતિમાં એ વિનાશિકતાનો વ્યવચ્છેદ થયો. વિનાશિક કાંઈ છે નહિ હવે. લ્યો, પર્યાય વિનાશિક છે. એક કોર પર્યાય વિનાશિક કીધી. મોક્ષની પર્યાય પણ નાશવાન છે, એમ આવ્યું હતું? અહીં નાશવાનનો અર્થ એ પર્યાય છે એ અપેક્ષાએ. આ પર્યાય હવે એમ ને એમ રહેવાની છે માટે વિનાશિક નથી, એમ. છે?

'**પંચમગતિમાં એ વિનાશિકતાનો વ્યવચ્છેદ થયો.**' પેલી જે ચાર ગતિ છે એ ફરે છે એવું ફરવું અહીં નથી. એનું ગતિનું પરિણમન ભલે હો સિદ્ધનું, પણ એવું ને એવું છે એથી એને વિનાશિકતારહિત કહેવામાં આવી છે. આહા..હા..! '**વળી તે ગતિ કેવી છે? અનાદિ કાળથી અન્ય (પર) ભાવના નિમિત્તથી થતું પરમાં ભ્રમણ...**' અચલ લેવું છે ને અચલ? ધ્રુવ, અચલ, અનુપમ ગતિ એવા ચાર બોલ છે. ધ્રુવનું વિશેષણ થયું. '**તે ગતિ કેવી છે? અનાદિ કાળથી અન્ય (પર) ભાવના નિમિત્તથી થતું પરમાં ભ્રમણ તેની વિશ્રાંતિ (અભાવ) વશ...**' એ વિશ્રાંતિ છે. પરમાં ભ્રમણનો અભાવ થયો. એથી વિશ્રાંતિના અભાવવશ-પરમાં વિશ્રાંતિનો અભાવ. '**અચલપણાને પામી છે.**' અચળ થઈ ગઈ. સિદ્ધગતિ અચળ છે. ગતિની વાત છે, હોં આ. પર્યાયની વાત છે. આહા..!

'**આ વિશેષણથી, ચારે ગતિઓને પરનિમિત્તથી જે ભ્રમણ થાય છે તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો.**' લ્યો. પરનિમિત્તથી વ્યવચ્છેદ થાય છે, ગતિ ફરી જાય છે, આ કાંઈ ફરતી નથી. માટે અચળ છે. સિદ્ધગતિને અચળ કહેવામાં આવી છે. સિદ્ધગતિને ધ્રુવ કહેવામાં આવી છે. આહા..હા..! સ્વભાવભાવ થયો ને ઈ? સ્વભાવભાવ. ધ્રુવ સ્વભાવમાંથી આવી છે એટલે પર્યાય સિદ્ધ પૂર્ણ થઈ ગઈ, ધ્રુવ થઈ ગઈ. અચળ સ્વભાવમાંથી આવી છે માટે એ પર્યાય અચળ છે, ફરતી નથી. અહીં જેમ અચળ છે એમ ત્યાં પર્યાય અચળ થઈ ગઈ. ધ્રુવ, અચલં ઉપમા હતી ને બે? '**वंदित्तु सव्वसिद्धे धुवमचलम**' બે ... થયા.

'**વળી તે કેવી છે? જગતમાં જે સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો છે તેમનાથી વિલક્ષણ અદ્ભુત માહાત્મ્ય હોવાથી...**' આ ત્રીજું વિશેષણ. ધ્રુવ, અચલ, અનુપમ. અનુપમ છે. ઓહો..! સિદ્ધપર્યાય, બાપુ! શું વાત કરવી! '**સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો છે તેમનાથી**

**વિલક્ષણ અદ્ભુત માહાત્મ્ય હોવાથી...**' ઓહો..! ગતિના લક્ષણથી વિપરીત લક્ષણવાળી અદ્ભુત માહાત્મ્ય હોવાથી '**તેને કોઈની ઉપમા મળી શકતી નથી.**' સિદ્ધને ઉપમા સિદ્ધની. બીજાની ઉપમા એને મળી શકતી નથી. આહા..હા..! અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનની પૂર્ણતા. આહા..હા..! એક સમયમાં અતીન્દ્રિય અનંત આનંદ, એક સમયમાં અતીન્દ્રિય કેવળજ્ઞાન અનંત, એક સમયમાં દર્શન અનંત, વીર્ય અનંત, આહા..! સ્વચ્છતા અનંત, પ્રભુતા અનંત. એને શું કહેવું? એને કોની ઉપમા દેવી? એને કોની ઉપમા દેવી? અનુપમ છે. આહા..હા..!

'**ચારે ગતિઓમાં જે પરસ્પર કથંચિત્ સમાનપણું મળી આવે છે તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો.**' ચારે ગતિમાં તો કાંઈક કહેવાય કે મોટા ચક્રવર્તી જેવું સુખ છે, સ્વર્ગ જેવું સુખ છે ચક્રવર્તીને એમ કહેવાય ને? એ કંઈ પણ કહી શકાય (છે). આને કાંઈ ઉપમા આપી શકાય એવી નથી. આહા..! કંઈક સમાનતા પણ છે એમ કહે છે. મનુષ્યગતિ ચક્રવર્તી.. સમજાણું? સ્વર્ગની. સ્વર્ગના જેવા સુખો, નથી કહેતા? ચક્રવર્તીમાં આવે છે. સ્વર્ગના જેવા. એવી કથંચિત્ પરસ્પર સમાનતા છે ગતિમાં, સિદ્ધમાં છે નહિ. અનુપમ ગતિ છે. આહા..હા..! હવે આવ્યું. '**वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं**'. ગતિ શબ્દ પડ્યો છે ને? ઈ ગતિનો હવે અર્થ કરે છે. એક એક શબ્દનો અર્થ કરે છે. '**વળી તે કેવી છે? અપવર્ગ તેનું નામ છે.**' સિદ્ધગતિને અપવર્ગ નામ છે.

**શ્રોતા :–** મૂળ ગાથામાં અપવર્ગ શબ્દ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભલે (ન હોય). ગતિનો અર્થ કાઢ્યો. મૂળ શબ્દ ગતિનો અર્થ જ આ કાઢ્યો. ગતિ એટલે શું? કે અપવર્ગ. ધર્મ, અર્થ અને કામથી ભિન્ન ગતિ છે આ. ધર્મ, અર્થ અને કામ વર્ગમાં જાય છે. વર્ગ, વર્ગ. આ અપવર્ગ. ધર્મ એટલે પુણ્ય, પુણ્ય. ધર્મ એટલે પુણ્ય, અર્થ એટલે લક્ષ્મી અને કામ (એટલે) વિષયની વાસના. એ ત્રણ વર્ગ છે. પુણ્ય, લક્ષ્મી અને કામ એ ત્રણ વર્ગ કહેવાય છે.

'**મોક્ષગતિ આ વર્ગમાં નહિ હોવાથી...**' મોક્ષગતિ એ વર્ગમાં નથી '**તેથી તેને અપવર્ગ કહી.**' લ્યો, આહા..હા..! આ તો મંગળિક, હજી તો સિદ્ધ ભગવાનને વંદન કરીને મંગળિક કરે છે. આદર કર્યો છે અંદરમાં એનું નામ વંદન. સમજાણું કાંઈ? એનું જ્ઞાન કર્યું છે કે આવા સિદ્ધ છે. જ્ઞાન કરીને વંદન કર્યું છે. ઓઘે-ઓઘે ણમો સિદ્ધાણં, ણમો સિદ્ધાણં એમ નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આખો સંસારનો અભાવ, ચોર્યાસીના અવતારનો અભાવ. અને જે સિદ્ધગતિ ઉત્પન્ન થઈ એ વ્યય વિનાની ઉત્પન્ન થઈ છે. આવે છે ને પ્રવચનસારમાં? પ્રવચનસારમાં આવે છે. સંસારનો વ્યય થયો એ ઉત્પાદ વિનાનો વ્યય થયો સિદ્ધને. શું કીધું ઈ? સંસારનો જે નાશ થયો એ ઉત્પન્ન વિના-હવે ઉત્પન્ન નહિ થાય એ રીતે વ્યય થયો અને સિદ્ધગતિ ઉત્પન્ન થઈ એ વ્યય વિનાનો ઉત્પન્ન થયો. હવે એ ઉત્પન્ન થયો એ વ્યય નહિ થાય. પ્રવચનસારમાં છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**આવી**

**પંચમગતિને સિદ્ધ ભગવંતો પામ્યા છે.'** એ અપવર્ગ કહી. **'આવી પંચમગતિને સિદ્ધ ભગવંતો પામ્યા છે.'** લ્યો, એ વર્ગમાં નથી. એવી ગતિને પામ્યા છે. ગતિની વ્યાખ્યા કરી. ગતિ છે ને? ગતિ જુઓને! ધ્રુવ, અચલ, અનુપમ અને ગતિ પ્રાપ્તં. ગતિ પ્રાપ્તં-થયેલ. આ ગતિ આવી. ધર્મ, અર્થ અને કામથી ભિન્ન એવો અપવર્ગ. વર્ગથી ભિન્ન એવો અપવર્ગ એ મોક્ષ, એને એ પામ્યા છે. આહા..હા..! **'આવી પંચમગતિને સિદ્ધ ભગવંતો પામ્યા છે.'** લ્યો. ફરીને એ તો ન્યાં લીધું હતું ને, એનો ખુલાસો કરે છે.

**'તેમને પોતાના તથા પરના આત્મામાં સ્થાપીને, સમયનો (સર્વ પદાર્થોનો અથવા જીવપદાર્થનો) પ્રકાશક...'** આહા..હા..! સર્વ પદાર્થોનો અથવા જીવપદાર્થનો પ્રકાશક. સમય છે ને એટલે. **'એવો જે પ્રાભૃત નામનો અર્હત્પ્રવચનનો અવયવ (અંશ)...'** છે આ. અર્હંત્ ભગવાનના શ્રીમુખે નીકળેલી વાણી-દિવ્યધ્વનિ-પ્રવચન એનો એક આ અંશ છે. આહા..હા..! **'તેનું, અનાદિ કાળથી ઉત્પન્ન થયેલ મારા અને પરના મોહના નાશ માટે,...'** મારા નામ પોતાને પણ જે થોડી અસ્થિરતા છે ને? એ મોહ લેવો. બીજાનો મોહ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એ લેવો. સમજાણું કાંઈ? સામાન્ય રીતે મારે પણ હજી મોહ છે, એમ કહે છે. અસ્થિરતા છે ને? રાગનો ભાગ. એના નાશને માટે, આહા..હા..! એ તો અમૃતચંદ્રાચાર્યે કહ્યું એ આવ્યું. આ ટીકા કરતા મારી અશુદ્ધતા નાશ થશો. એ જ અમૃતચંદ્રાચાર્યની આ ટીકા છે. આહા..હા..!

**'મારા તથા પરના મોહના નાશ માટે, હું પરિભાષણ કરું છું.'** આહા..! હું પરિભાષણ, એની વ્યાખ્યા ભાવાર્થમાં કરશે. પરિભાષણ શબ્દ કેમ લીધો? હવે એ અર્હંત્નો પ્રવચન કેવો છે? એ વિશેષ લેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

૨૪૦તા'

## શ્રી સમયસાર, ગાથા-૯૨
## પ્રવચન નં.૧૫૮, તા.૧૭-૦૮-૧૯૭૬
## (૧૮)

સમયસાર, ૯૨-ગાથા. અહીંયા આવ્યું છે. જેમ શીત-ઉષ્ણ પર્યાય પુદ્ગલની છે તો શીત-ઉષ્ણપણે ચૈતન્યનું પરિણમન થવું અશક્ય છે. કેમકે શીત અને ઉષ્ણ ભાવ એ તો જડની દશા છે. જડની દશા પોતાના જ્ઞાનસ્વભાવના અનુભવમાં નિમિત્ત હો, સમજાણું કાંઈ? પણ એ જડની દશાનો અનુભવ, આત્મા એ-રૂપે થઈને ઠંડો-ગરમ થઈને પરિણમે એ તો અશક્ય છે. સૂક્ષ્મ વાત છે. તેવી રીતે... અહીં આવ્યુંને?

**'જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે...'** આહા..હા..! ગજબ વાત, પ્રભુ! પુણ્ય અને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, કામ ને ક્રોધ એવા જે રાગ-દ્વેષના પરિણામ છે, **'આત્મા વડે પરિણમવું અશક્ય છે...'** આહા..હા..! કેમકે આત્મા તો જ્ઞાનાનંદ સ્વભાવ છે. એવી દૃષ્ટિ જ્યાં થઈ તો એનું પરિણમન તો શુદ્ધ આનંદકંદની દશા એની થાય છે. આહા..હા..! એ કારણે આત્મા રાગ અને દ્વેષ અને સુખ-દુઃખ આદિ **'અજ્ઞાનાત્મા વડે...'** આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ છે, આનંદ છે એવી દૃષ્ટિનો અભાવ છે એ મિથ્યાદૃષ્ટિ રાગ અને દ્વેષપણે, પુણ્ય-પાપપણે, અજ્ઞાનપણે પરિણમતો એને ભાસે છે. અજ્ઞાનીને એમ ભાસે છે. આહા..હા..! સૂક્ષ્મ વાત. ક્યાં ઠંડી-ગરમ અવસ્થા જડ, ક્યાં પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિના પરિણામ એ જડ. આહા..હા..! જેમ ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ પ્રભુ એનું શીત-ઉષ્ણપણે પરિણમવું અશક્ય છે, એમ શુભ-અશુભભાવ એ પણે થવું અશક્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે એ તો જ્ઞાયકભાવ છે. જ્ઞાયકભાવ એ રાગ અને દ્વેષપણે જે અચેતન છે, આહા..હા..! એ આસ્રવભાવ છે. પુણ્ય અને પાપ અને મિથ્યાત્વભાવ એ મલિનભાવ, આસ્રવભાવ, જડભાવ, દુઃખરૂપ છે. આહા..હા..! એ વિકારપણે પરિણમવું એ અશક્ય છે.

કહ્યું હતુંને છઠ્ઠી ગાથામાં કે જે શુભ-અશુભભાવપણે જ્ઞાયક આત્મા પરિણમે તો એ જડ થઈ જાય. આહા..હા..! છઠ્ઠી ગાથામાં કહ્યું હતું. **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।'** ભગવાન આત્મા એ તો જ્ઞાયકસ્વરૂપ ચૈતન્યબિંબ પ્રભુ એ પુણ્ય અને પાપના ભાવ જે અચેતન-જડ છે. આહા..હા..! ગજબ વાત! ભાઈ! એ વ્રત-અવ્રતના પરિણામ ઉઠે છે એ બધા અચેતન છે. કેમકે રાગમાં જાણવાની તાકાત નથી. આહા..હા..!

એ રાગ બીજા વડે જણાય છે તેથી રાગને અચેતન જડ કહેવામાં આવ્યા છે. આહા..હા..! શેઠ! આવી વાત અલૌકિક બીજી છે. આહા..હા..! ભગવાન આત્મા જેમ ઠંડા અને ગરમ અવસ્થાપણે થવું અશક્ય છે, આહા..હા..! એમ ભગવાન જ્ઞાયકસ્વરૂપ પ્રભુ એ મિથ્યાત્વ અને પુણ્ય ને પાપપણે પરિણમવું અશક્ય છે. વસ્તુ કઈ રીતે વિકારપણે પરિણમે? આહા..હા..! સમજાણું કાંઈ? એમ '**અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો...**' પણ પોતાના સ્વરૂપનું ભાન નથી તો જ્ઞાનનું જ્ઞાનપણે પરિણમન થવું જોઈએ એને છોડીને '**અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો...**' આહા..હા..! એ રાગ અને પુણ્ય-પાપપણે પરિણમિત એ અજ્ઞાનપણે પરિણમે છે. એ અજ્ઞાનભાવ છે. ઝીણી વાત, ભાઈ! બહુ સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ?

પરનો કર્તા અને પરનું કાર્ય એ તો ક્યાંય રહી ગયું. શરીર, વાણી, મન, જગતની વ્યવસ્થા કરવી.. કહો, શેઠ! તમાકુ લાવવા, તમાકુને આમ કરવું ને તેમ કરવું એ ક્રિયાની તો અહીં વાતેય નથી. ભગવાન આત્મા દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો વિકલ્પ જે રાગ ઉઠે છે, આહા..હા..! એ રાગપણે જ્ઞાયકભાવ પરિણમવો અશક્ય છે. આહા..હા..! છતાં અજ્ઞાની અજ્ઞાનભાવ જે પુણ્ય-પાપના ભાવ એ અજ્ઞાનભાવ છે. અજ્ઞાનભાવનો અર્થ એ પુણ્ય-પાપના ભાવમાં જ્ઞાનનો અંશ નથી. આહા..હા..! વિજાતીય, જડ, અચેતન છે. આહા..હા..! રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ અને શુભાશુભ આદિ એ પોતાને તો જાણતા નથી, એ બીજા દ્વારા જણાય છે તેથી એ પુણ્ય અને પાપના ભાવને અચેતન-જડ કહેવામાં આવે છે. આહા..હા..! છતાં અજ્ઞાની પોતાના જ્ઞાનસ્વભાવપણે પરિણમવું છોડીને, પોતાની દૃષ્ટિ જ્ઞાયકસ્વભાવથી હટીને પુણ્ય અને પાપપણે અજ્ઞાનપણે પરિણમતો ભાસે છે. આહા..હા..!

'**અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો (અર્થાત્...**' 'અજ્ઞાનપણે, રાગપણે પરિણમું છું' એમ માનતો થકો. આહા..હા..! 'શુભરાગપણે હું પરિણમું છું' એ અજ્ઞાનભાવે પરિણમતો માનો, પણ જ્ઞાયકભાવ કોઈ દિ' રાગરૂપે થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભગવાન! આહા..હા..! એ ચૈતન્ય ભગવાન જ્ઞાનનો દરિયો, પ્રજ્ઞાબ્રહ્મ ભગવાન આત્મા જ્ઞાનસમુદ્ર પ્રભુ! એ જ્ઞાનનો સ્વભાવ રાગરૂપે કેવી રીતે પરિણમે? પણ અજ્ઞાની 'રાગરૂપે પરિણમું છું' એમ ભાસતા 'હું રાગી છું, હું રાગરૂપે પરિણમું છું' એમ અજ્ઞાની માને છે. આહા..હા..! જ્ઞાતાની દૃષ્ટિ છોડીને, સમ્યગ્દર્શન છોડીને... આહા..હા..! ઝીણી વાત ભારે આકરી. કહો, પંડિતજી! માર્ગ આવો છે, ભાઈ!

ભગવાન તો જ્ઞાયકસ્વરૂપ છેને. એ જ્ઞાયકસ્વરૂપ ચૈતન્યરસ, ચૈતન્યરસ એ રાગપણે કેમ થાય? પણ અજ્ઞાનીને જ્ઞાયકભાવ તરફ દૃષ્ટિ નહિ હોવાથી એ પુણ્ય-પાપના રાગના ભાવ મારા છે એમ માનીને અજ્ઞાનપણે પરિણમે છે. અજ્ઞાન નામ રાગ-દ્વેષપણે પરિણમવું એ અજ્ઞાનપણે પરિણમવું છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! વ્યવહારના રસિયા તો ક્યાંય ઊડી ગયા આમાં. આહા..હા..! સમજાણું કાંઈ? અમે વ્યવહાર તો કરીએ છીએ ને. પડિમા પાળીએ

છીએ, વ્રત પાળીએ છીએ, બ્રહ્મચર્ય પાળીએ છીએ, દયા પાળીએ છીએ. અરે ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! એ બધો વિકલ્પ-રાગ છે. 'રાગરૂપે હું પરિણમું છું' એવું અજ્ઞાનીને અજ્ઞાનપણે ભાસે છે. આહા..હા..! ક્યાં વાત લઈ ગયા! ઠંડું એ જડની દશા, એમ પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ એ પુદ્ગલના પરિણામ, ચૈતન્ય જ્ઞાયકભાવ, ચૈતન્ય જ્ઞાયકભાવ એના એ પરિણામ નથી. આહા..હા..! અહીં તો વ્યવહાર થોડો કરે ને આમ કરે ને દયા પાળે, વ્રત કરે, પડિમા લ્યે (એટલે) થઈ ગયા ધર્મી. સમજાણું કાંઈ?

અહીંયા તો પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવની દિવ્યધ્વનિમાં આવ્યું એવું કુંદકુંદાચાર્યે શાસ્ત્ર રચ્યું, એવી અમૃતચંદ્રાચાર્યે ટીકા કરી. આહા..હા..! આ ટીકા અમૃતચંદ્રાચાર્યની છે. પ્રભુ! તારું સ્વરૂપ જ્ઞાન અને આનંદ છેને, તો જ્ઞાન અને આનંદપણે થવું એ તો તારી ચીજ છે, પણ દયા, દાન, વ્રત, ભક્તિના રાગપણે પરિણમવું એ તારી ચીજ નહિ. આહા..હા..! અમરચંદભાઈ! આવી વાત છે, ભાઈ! કહે એકાંત કહે, નિશ્ચયાભાસી કહે. કહો, પ્રભુ! તારી પ્રભુતાની તને ખબર નથી. સમજાણું કાંઈ? તારી પ્રભુતા તો આનંદ અને જ્ઞાનમાં તારી પ્રભુતા છે. શું રાગરૂપ થવું એ તારી પ્રભુતા છે? આહા..હા..!

જુઓ, કેટલી વાત કરે છે! આ..હા..હા..! જ્ઞાયકભાવ, જ્ઞાનરસસ્વરૂપ પ્રભુ એ તો જ્ઞાનપણે પરિણમે એવી શક્તિ છે એની, પણ વ્યવહારરત્નત્રયનો રાગ છે... આહા..હા..! એવો વ્યવહારરત્નત્રયનો રાગ પણ અનંતવાર કર્યો. વ્યવહારરત્નત્રય અનંતવાર કર્યો છે, એ કોઈ નવી ચીજ નથી. આહા..હા..! કહે છે કે વ્યવહારરત્નત્રયરૂપ જે રાગ છે એ-રૂપે જ્ઞાયક આત્માથી પરિણમવું તો અશક્ય છે, છતાં અજ્ઞાની જ્ઞાયકભાવની દૃષ્ટિ છોડીને રાગ ઉપર જેની રુચિ છે એ રાગરૂપે અજ્ઞાનપણે એ પરિણમે છે. આહા..હા..! રાગરૂપે પરિણમવું એ અજ્ઞાનપણે પરિણમવું કહેવામાં આવે છે. અને જ્ઞાનપણે પરિણમવું એને જ્ઞાનપરિણામ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે માર્ગ, ભાઈ! વીતરાગમાર્ગ તો આવો છે. આહા..હા..! નવમી ગ્રૈવેયક અનંતવાર (ગયો). 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.'

આહા..હા..! એ પંચમહાવ્રતના પરિણામ, સાધુના અઠ્યાવીશ મૂળગુણના પરિણામ એ તો રાગ છે, વિકાર છે, વિભાવ છે. એ અમૃતસ્વરૂપ ભગવાન વિભાવ નામ ઝેરપણે કેમ પરિણમે? આહા..હા..! એમ કહે છે. જ્ઞાનનો અમૃતસ્વરૂપ પ્રભુ એ રાગના ઝેરપણે કેમ પરિણમે? પણ અજ્ઞાની જ્ઞાયકભાવની દૃષ્ટિનો અભાવ કરીને એકલી પર્યાયબુદ્ધિમાં 'પુણ્ય અને પાપ હું કરું છું, પુણ્ય-પાપ એ હું છું'... 'હું ત્રિકાળી જ્ઞાયક છું' તો તારું પુણ્ય-પાપરૂપે પરિણમવું અશક્ય થઈ ગયું. સમજાણું કાંઈ? 'હું ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ છું' એવી જે દૃષ્ટિ સમ્યક્ થઈ તો તો રાગપણે હું રાગ છું અને રાગપણે પરિણમું છું એ દૃષ્ટિ રહેતી નથી. આહા..હા..! ત્યારે તો જ્ઞાતા-દૃષ્ટાની દૃષ્ટિ થઈ જાય છે. સમકિતીની જ્ઞાતા-દૃષ્ટાની દૃષ્ટિ થઈ જાય છે. હજી

મૂળની ખબર ન મળે અને આ વ્રત લઈને બેસે, ચારિત્ર થયા, વ્રતધારી થયા. અરે..! મરી જઈશ, બાપુ! ચોર્યાસીના અવતારમાં ઘોદા ખાઈ ખાઈને દુઃખી થયો છો. આહા..હા..! ઝીણી વાત છે, દરબાર! ન્યાં આવું ક્યાંય સમજાય એવું નથી. હજી તો સમજવાના ઠેકાણા ન મળે.

જ્ઞાનમાં એવી દૃષ્ટિ નથી કે જ્ઞાનપણે પરિણમવું એ જ આત્મા. જ્ઞાનપણે પરિણમવું છોડીને રાગપણે પરિણમવું એ અણાત્મા અને અજ્ઞાની છે. આહા..હા..! કેમકે રાગભાવ વ્રતાદિનો એ તો અચેતન છે. કેમકે રાગમાં પોતાથી જાણવાની શક્તિ નથી. રાગ પોતાને જાણતો નથી, રાગ જ્ઞાયકસ્વરૂપ ભગવાન સમીપમાં પડ્યો છે એને પણ જાણતો નથી. એ રાગ પરથી જ્ઞાનથી જણાય છે, માટે રાગ એ અચેતન છે. એ અચેતનપણે જ્ઞાયકભાવ પરિણમે એ અજ્ઞાનપણે પરિણમે છે. અથવા અજ્ઞાનપણે પરિણમતો માને છે. એમ લીધુંને? છે? '**અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો (અર્થાત્ પરિણમ્યો હોવાનું માનતો થકો),...**' આહા..હા..! 'હું રાગરૂપે પરિણમું છું' એમ અજ્ઞાની માનતો થકો '**જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો,...**' આહા..હા..! ટીકા તે ટીકા. ભરતક્ષેત્રમાં આવી ટીકા ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? અન્યમતમાં તો છે જ નહિ, પણ જૈનમતમાં દિગંબરમાં આ સિવાય આવી વાત સ્પષ્ટ ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન! માર્ગ ગંભીર છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો,...**' અર્થાત્ ભગવાન આનંદ અને જ્ઞાનસ્વરૂપ હોવા છતાં જ્ઞાનનું પ્રગટપણું નહિ કરીને જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરે છે. આહા..હા..! દયા, દાનના ભાવ અજ્ઞાન છે એ અજ્ઞાનપણે પ્રગટ કરતો થકો. આહા..હા..! ગજબ વાત છે, પ્રભુ! એવી વાત છે. કહો, શાંતિભાઈ! સમજ્યા વિના થઈ ગયા સાધુ, લ્યો. વ્યવહારના પણ ક્યાં ઠેકાણા? નિશ્ચયદૃષ્ટિ તો નહિ, પણ વ્યવહારશ્રદ્ધામાં (ઠેકાણા નથી). જ્ઞાનપણે પરિણમવું એ વસ્તુસ્થિતિ. જ્ઞાનમાં અજ્ઞાનપણે પરિણમવું એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનસ્વભાવનું રાગપણે થવું એ તો અજ્ઞાનભાવ છે. જ્ઞાનનું.. છે? '**અજ્ઞાનત્વ...**' અજ્ઞાનપણું, રાગપણું, અજ્ઞાનપણું, પુણ્ય-પાપભાવ તે અજ્ઞાનપણું એ અજ્ઞાનત્વપણે પરિણમતો થકો. આહા..હા..! ભાષા તે ટીકા તે ગજબ છેને! આહા..હા..! સમજાણું કાંઈ? એ દિગંબર સંતો સિવાય આ વાત બીજે (ક્યાંય નથી). આહા..હા..! સમજાણું કાંઈ?

'વ્યવહારરત્નત્રનયનો જે વિકલ્પ છે એ પણે હું પરિણમું છું' એ જ્ઞાનના અજ્ઞાનપણે પરિણમે છે. આહા..હા..! આ તે વાત! સમજાણું કાંઈ? ચૈતન્યજ્યોત ભગવાન અવિકારી અતીન્દ્રિય જેનો સ્વભાવ (છે) એવી દૃષ્ટિ છોડીને અજ્ઞાની જ્ઞાનમાંથી 'અજ્ઞાનપણે પરિણમું છું, હું રાગપણે પરિણમું છું, હું રાગી છું અને રાગપણે હું પરિણમું છું. કેમકે રાગી છું તો રાગપણે પરિણમું છું.' 'હું જ્ઞાતા છું તો જ્ઞાનપણે પરિણમું છું' એ વસ્તુ તો રહી નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! પોપટભાઈ! આ ઝીણું છે હોં! ઓલા પૈસા-બૈસામાં થોથામાં

કાંઈ ન મળે. હેરાન થઈ ગયા છે બધા ત્યાં. વાત સાચી. રુચિ કરે, એ બાજુ વલણ કરે. પકડાય તો ખરુંને પહેલું, શું કહે છે અને કઈ રીત છે? પદ્ધતિ કઈ છે? ઈ કહેશે હમણાં. ઈ કહેશે. વિધિ આ છે. પાઠ જ લેશે. આહા..હા..! આ બે લીટીમાં તો આખા જૈનદર્શનનો સાર ભરી દીધો છે. આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્યબિંબ જ્ઞાયકભાવથી ભરપુર પડેલો પ્રભુ, એ તો જ્ઞાનપણે પરિણમવું, વિકારપણે નહિ અને અવિકારપણે પરિણમવું એ એની શક્યતા અને સામર્થ્યતા છે, પણ એ દૃષ્ટિનો અભાવ હોવાથી પુણ્યના પરિણામ જે શુભરાગ છે એ જ્ઞાનનો ભાવ પ્રગટ નહિ કરીને પુણ્યનો ભાવ અજ્ઞાન પ્રગટ કરતો થકો (પરિણમે છે). આહા..હા..! વાત આવી છે. આહા..હા..!

પુરુષ છે એ સ્ત્રીનો વેષ પહેરે છે તો જાણે સ્ત્રીનો ચાળો કરે અને સ્ત્રીપણે જાણે થઈ ગયો એમ માને. લોકો હોં! એ તો ન માને. એ તો જાણે કે હું તો પુરુષ છું. આ તો પોતે માને—સ્વયં માને કે હું રાગપણે થયો અને રાગી હું છું. આહા..હા..! સમજાણું કાંઈ? શરીરપણે હું અને શરીરનો કર્તા એ વાત તો ક્યાંય રહી ગઈ, એ તો પરચીજ. પરપણે તો કદી થઈ શકતો નથી, પણ પોતાની પર્યાયમાં જે શુભરાગનો વિકાર થાય છે (તે પણે પણ થતો નથી). મૂળ તો શુભરાગમાં રોકાણો છે. સમજાણું કાંઈ?

એ '**જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો,...**' એટલા શબ્દમાં ઘણી ગંભીરતા છે. ભગવાન જ્ઞાનસ્વરૂપ છે એને અજ્ઞાનત્વપણે, રાગપણે પરિણમતો થકો, અજ્ઞાનત્વપણે પરિણમતો થકો. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! જૈનમાં જન્મ્યા હોય એણે સાંભળ્યું પણ નથી તત્ત્વ. દિગંબર અમે જૈન છીએ. શું જૈન છે? શું ચીજ છે એ સાંભળવા ન મળે એને શું લાભ થાય? સમજાણું કાંઈ? આહા..હા..! શું વાત! રાગ-દ્વેષ, સુખ-દુઃખ કલ્પના સુખ-દુઃખની. સંસારના વિષય સંબંધીમાં સુખ છે અને વીંછીએ ડંખ માર્યો, સર્પ કરડ્યો એમાં દુઃખ છે. એ ચીજ દુઃખ નથી, એના લક્ષમાં દુઃખ છે એ દુઃખરૂપે પરિણમતો આત્મા, આહા..હા..! અજ્ઞાની છે. ઝેરના ડંખપણે તો આત્મા પરિણમતો જ નથી. સમજાણું કાંઈ? એમ શરીરમાં ક્રૂર રોગ થયો, તો આત્મા રોગપણે તો પરિણમતો જ નથી. પણ એ તરફનો દ્વેષ થતાં 'દ્વેષપણે હું પરિણમું છું. હું રાગી છું, હું દ્વેષી છું, હું વિકારી છું.' એટલે વિકારપણે પરિણમતો. હું તો વિકારપણે પરિણમું છું. વિકારપણે પરિણમું છું તો હું વિકારી છું 'એમ અજ્ઞાની માને છે.' આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન! માર્ગ આવો છે, ભાઈ! એને સાંભળવા ન મળે એ ક્યારે સ્વસન્મુખ થાય? આહા..હા..! શું હું કરું છું અને શું થાય છે એની ખબર નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ઓહો..હો..! શું કહે છે?

'**શીત-ઉષ્ણરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે તેમ), જેમના રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે...**' આહા..હા..! શુભરાગપણે પરિણમવું જીવને અશક્ય છે, સમર્થાઈ નથી. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો શુભરાગ એ પણે આત્મા પરિણમે

એ અશક્ય છે. કેમકે આત્મામાં કોઈ શક્તિ વિકારી નથી. આહા..હા..! એટલે દ્રવ્યદૃષ્ટિથી તો વિકારપણે પરિણમવું એ છે જ નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? પણ પર્યાયદૃષ્ટિમાં રાગને માને છે અને ત્રિકાળી સ્વરૂપ છે એને દૃષ્ટિમાંથી છોડી દીધું. આહા..હા..! ભગવાન આત્મા એકલો આનંદ અને જ્ઞાયકનો રસ છે, એની દૃષ્ટિ તો છોડી દીધી, એ જ્ઞાનસ્વભાવરૂપે પરિણમવું છોડી દીધું અને જ્ઞાનને અજ્ઞાનપણે પ્રગટ કરતો થકો, આહા..હા..! અર્થાત્ ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રજ્ઞાબ્રહ્મ જ્ઞાતા-દૃષ્ટા એને જ્ઞાતા-દૃષ્ટાની દૃષ્ટિ નહિ હોવાથી એ જ્ઞાનનું અજ્ઞાનત્વ, અજ્ઞાનત્વ—અજ્ઞાનપણું. રાગપણે પરિણમવું એ અજ્ઞાનપણે પરિણમવું છે. આહા..હા..! કેમકે રાગમાં જ્ઞાન નથી. જ્ઞાનમાં રાગ નથી અને રાગમાં જ્ઞાન નથી. આહા..હા..! આવી વાત તો આવી ગાથા આવે ત્યારે કહેવાયને. આહા..હા..! બરાબર ગાથા આવી છે. સાંભળવા જિજ્ઞાસુ આવ્યા છેને. ત્યાંથી છોડી-છોડીને ક્યાં દહેરાદુન ને ક્યાં... શું કહેવાય? સહરાનપુર ને ક્યાં દિલ્હી. બહુ દૂરથી આવ્યા છે બધા. આ ફેરી ૬૦૦ માણસ થઈ ગયા અને ૨૦૦-૩૦૦ બાયું છે. એ તો અહીંયાં.. ક્લાસમાં નહિ.

સુખની વ્યાખ્યા શું? .. ઘણા વર્ષ થઈ ગયા. ... વેવાઈ હતા. ચુડગર હતા. નહિ? થાન. એ તો માણેકચંદભાઈ. એ તો એમ કે આ દ્રવ્યદૃષ્ટિ (એટલે) પૈસાવાળાની દ્રવ્યદૃષ્ટિ? દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ એમ લખીને.. એ થાનવાળા. અને આ વઢવાણવાળા ચુડગર. આવ્યા હતાને. ઘણા વર્ષ થઈ ગયા, હોં. એ તો કહે, અમારા વેવાઈ સુખી છે. સુખની વ્યાખ્યા શું? પૈસા છે એ સુખની વ્યાખ્યા છે? અનુકૂળ પરિવાર છે, આબરુ ઘણી સારી છે, પૈસા ઠીક છે, શરીર નિરોગ છે અને દીકરો પણ સારો થયો અને પેદાશ કરે છે એ સુખની વ્યાખ્યા છે? સુખની વ્યાખ્યા તો ભગવાન આત્મા આનંદમાં જઈને આનંદની દશા પ્રગટ કરે એ સુખી છે. જ્યાં ખાણ પડી છે. ખાણમાં ખોદવાથી, જેમ સોનાની ખાણ હોય એને ખોદે તો સોનું નીકળે, એમ ભગવાન આનંદની ખાણ છે ત્યાં એકાગ્રતા કર તો એમાંથી આનંદ નીકળશે. રાગમાં એકાગ્ર થઈશ તો દુઃખ ઉત્પન્ન થશે. સમજાણું કાંઈ? કહો, માણેકચંદભાઈ! આ બધા પૈસાવાળાને કોરડા પડે છે અહીં તો. આહા..હા..!

અહીં તો આ બે લીટીમાં તો કેટલું સમાડ્યું. ઓહો..હો...! '**જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો,...**' આહા..હા..! પ્રગટ કરતો થકો. ભગવાન જ્ઞાનસ્વરૂપી જ્ઞાતા-દૃષ્ટા, એને છોડીને રાગરૂપે (પરિણમતો) એ અજ્ઞાનત્વભાવ છે. કેમકે રાગમાં જ્ઞાનનો અભાવ (છે). એવા અજ્ઞાનત્વપણે પરિણતો થકો... આહા..હા..! '**પોતે અજ્ઞાનમય થતો થકો,...**' હવે વિશેષ કહ્યું. '**પોતે અજ્ઞાનમય થતો થકો,...**' કોઈ કર્મને કારણે—દર્શનમોહ (ને કારણે), એમ પણ નહિ. આહા..હા..! લોકો તો આવી વાત આવે એટલે કહે, જ્યાં સુધી કર્મનું જોર છે તો અમારે અજ્ઞાનપણે પરિણમવું પડે. પણ વાત એમ કહે છે? પોતાની ભૂલ પોતે કરે છે અને કર્મ ઉપર નાખી દે છે? સમજાણું કાંઈ? એવી અનીતિ સંભવે નહિ. મોક્ષમાર્ગ પ્રકાશકમાં

આવ્યું છે. તે દિ' ત્યાં કહ્યું હતું. ઈસરી. ૧૯ વર્ષ પહેલાં. ટોડરમલજીએ કહ્યું છે. અપરાધ તું કર અને કર્મ ઉપર નાખી દે એવી અનીતિ જૈનદર્શનમાં સંભવે નહિ. ટોડરમલજી કહે છે. એવી અનીતિ, અજ્ઞાનપણે વિકાર કરે અને તું કહે કે કર્મને લઈને થાય છે, એવી અનીતિ કર્મ ઉપર નાખવી એ અનીતિ જૈનમાં સંભવે નહિ. છેને? તે દિ' કહ્યું હતું ત્યાં. ૨૦૧૩ની સાલ. વર્ણીજી બધા બેઠા હતા. ભાઈ હતાને બંસીધરજી. એ તો ઊભા થઈ ગયા. એ વખતે તો બિચારા નવા.. આહા..હા..! પછી ઠરી જાય. એ વખતે તો આહા..હા..!

આ તો કુંદકુંદાચાર્યના વચન છે. એમાં દોષ કાઢવો એ તો કુંદકુંદચાર્યનો દોષ કાઢે છે. ભાષણ કર્યું હતું. સ્વામીજી કહે છે એ કુંદકુંદાચાર્યના વચન છે. એમાં દોષ કાઢવો એ કુંદકુંદાચાર્યનો દોષ કાઢવા બરાબર છે. એકાંત છેને. એકાંત માની લે. અરે..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા ભાવ એ પોતાનો નહિ? ના. પોતાના ક્યાંથી? વિકાર પોતાનો ક્યાંથી હોય? આત્મા તો અવિકારી સ્વરૂપ છે. સમજાણું કાંઈ? અવિકારી ધન અને સંપદા એની છે. એ અવિકારી ધન અને પોતાની સંપદાની દૃષ્ટિ છોડીને અજ્ઞાની અજ્ઞાનપણું પ્રગટ કરતો થકો, આત્માને જ્ઞાનસ્વભાવમાં અજ્ઞાનપણું પ્રગટ કરતો થકો હું અજ્ઞાની છું. **'પોતે અજ્ઞાનમય થતો થકો,...'** આહા..હા..! કેટલું સ્પષ્ટ છે! કર્મથી અજ્ઞાની થયો અને પૂર્વે દોષ કર્યો માટે અજ્ઞાની થાય છે એમ નથી. વર્તમાન **'પોતે અજ્ઞાનમય થતો થકો,...'** સમજાણું કાંઈ? શેઠ! આવી વાત છે, ભગવાન! આ મોટા શેઠ છે, આ નાના શેઠ છે. બે ભાઈઓ છે. રામ અને લક્ષ્મણ. આહા..હા..! રામ અને લક્ષ્મણને બહુ પ્રેમ હતો. રામ અને લક્ષ્મણ હતાને.

જુઓ, પછી શું કહે છે? **'પોતે અજ્ઞાનમય થયો થકો,...'** ઓહો..હો..! ગજબ ટીકા છે! એ સંતો વિના દિગંબર સંતો વિના કહી શકે નહિ કોઈ. સમજાણું કાંઈ? જેને દુનિયાની પરવા નથી કે આ વાત દુનિયા જીલશે કે નહિ? સમાજ સમતોલ રહેશે કે નહિ? સમાજમાં વિષમતા થશે કે નહિ? તું તારી જાણ. પંડિતજી! આહા..હા..! નાગા બાદશાહથી આઘા. નગ્ન મુનિ તો બાદશાહથી આઘા. એને દરકાર સમાજની નહિ. આવી વાત સમાજમાં મૂકવાથી સમાજ સમતોલ નહિ રહે કે અનાદર કરશે અરેરે..! જૈનદર્શન આવું ન હોય. તારી મરજી. અમે તો આમ કહીએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? હેમચંદજી! બ્રહ્મચારી છે. બાળ બ્રહ્મચારી. સાડા આઠસોનો પગાર છે. એમાં પગાર-ફગારમાં શું? આઠ હજારનો પગાર છે ભાઈને. રામજીભાઈના દીકરા છેને સુમનભાઈ. ૪૯ વર્ષ થયા હજી. આઠ હજાર માસિક. હવે કોઈને પાંચ લાખ માસિક હોય. એમાં ધૂળમાં છે શું?

**શ્રોતા :—** તો પછી પહેલું કહેવું શું કરવા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એમ કહેવું છે કે બીજી પાસે એવું ન હોય અને એની પાસે આવું હોય તો બીજાએ જરી અભિમાન છોડી દેવું. સમજાણું કાંઈ?

અહીંયાં (કહે છે), **'જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો,...'** છે? **'પોતે અજ્ઞાનમય થતો**

**થકો,..'** રાગરૂપે જ એકલું પરિણમન કર્યું, બસ. આહા..હા..! નવમી ગ્રૈવેયક ગયો અનંતવાર, પંચમહાવ્રત પાળ્યા, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા, નગ્ન દશા (લીધી) પણ રાગના અજ્ઞાનમય ભાવપણે પરિણમતો હતો. સમજાણું કાંઈ? આહા..હા...! **'પોતે અજ્ઞાનમય થતો થકો, આ હું રાગી છું...'** જુઓ, ઈ શું કહે છે? 'હું જ્ઞાયક છું' એ દૃષ્ટિ છૂટી ગઈ છે એની, છે જ નહિ. સમજાણું કાંઈ? હું રાગી છું. રાગ કરું છું અને રાગ મારું કર્તવ્ય છે માટે હું રાગી છું. આહા..હા..! સમજાણું કાંઈ? ગજબ ટીકા છે. આહા..હા..! એમાં છે એવો ભાવ ભર્યો છે. શું કહે છે?

**'આ હું રાગી છું...'** આહા..હા..! શુભરાગપણે પરિણમતો થકો અજ્ઞાની હું રાગી છું. આ રાગ છે એ હું રાગી છું. રાગપણે પરિણમું છું. હું રાગી છું તો રાગ થાય છે. આહા..હા..! ભગવાન રાગી ક્યાં? ભગવાન આત્મા તો જ્ઞાયકસ્વરૂપ છે. સમજાણું કાંઈ? એ ગાથા હોય ત્યારે નીકળેને વાત. આઘી-પાછી જાય ત્યારે તો એટલું સ્પષ્ટીકરણ ન (આવે). આ તો સામે ચીજ છે. ધર્મલાલજી! આ માર્ગ આવો છે. આહા..હા..! પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. આહા..હા..! તારી ગતિ ક્યાં ગઈ? તારી ગતિ ક્યાં જવી જોઈએ અને ક્યાં ગઈ? તું પ્રભુ જ્ઞાયક છોને. એ જ્ઞાયક ઉપર ગતિ જવી જોઈએ. એમાંથી તો જ્ઞાન અને આનંદની પર્યાયનું પરિણમન થવું એવી તારી ચીજ છે. આહા..હા..! પણ આ તો રાગરૂપ થયો થકો અજ્ઞાનમય સ્વયં થયો થકો હું રાગી છું એમ માને છે. 'હું જ્ઞાયક છું' એમ નહિ. સમજાણું કાંઈ? જ્ઞાયક છું એવી દૃષ્ટિ છૂટી ગઈ. વસ્તુ તો જ્ઞાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ? કંઈ પણ વિકલ્પ ઉઠાવ્યો કોઈ કામનો 'એ રાગી હું છું' એ રાગ મારી ચીજ છે, એ રાગનો કર્તા હું છું' દૃષ્ટિ ત્યાં રહી એકલી. સમજાણું કાંઈ? આહા..હા..!

**'આ હું રાગી છું...'** ભાષા તો જુઓ, દૃષ્ટિ ત્યાં છેને એમ કહે છે. શુભરાગપણે પરિણમે છે, એ હું રાગી છું. આ રાગ તે મારી ચીજ છે. આહા..હા..! **'(અર્થાત્ આ હું રાગ કરું છું)...'** પછી અર્થ કર્યો. એ રાગનો કર્તા હું છું. 'રાગને જાણનાર જ્ઞાયક છું' એ દૃષ્ટિ રહી નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ. પરમસત્ય વીતરાગના અમૃત વરસે છે. આહા..હા..! આ આત્મખ્યાતિ. ટીકાનું નામ આત્મખ્યાતિ છે. આત્મખ્યાતિ, આત્મપ્રસિદ્ધિ. અહીં અજ્ઞાનપ્રસિદ્ધિ કરી અજ્ઞાનીએ. આત્માની પ્રસિદ્ધિ છોડીને, ભગવાન આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે, એવી દૃષ્ટિ છોડીને આત્મખ્યાતિ પ્રગટ ન કરી (અને) અજ્ઞાનત્વ પ્રગટ કર્યું. આહા..હા..! રાગરૂપે પરિણમતો થકો હું રાગી છું એ કારણે હું રાગ કરું છું, એમ. સમજાણું કાંઈ? આહા..હા..! ગજબ વાત છે, ભાઈ! દિગંબર સંતોના કથનો અંદર સમજવા, એ અંદર બેસવા, બાપુ! આહા..હા..! અમરચંદભાઈ! એવી વાત છે, ભાઈ! બહારથી ભલે ત્યાગ કરે, હજારો રાણી છોડે. સમજાય છે? કરોડો-અબજો રૂપિયા હોય ને છોડે એમાં શું થયું? ગ્રહણ-ત્યાગ છે જ નહિ.

અહીંયાં તો આત્મામાં રાગ નથી અને જ્ઞાયકભાવ રાગરૂપે થયો નથી એવા જ્ઞાયકભાવને દૃષ્ટિમાંથી છોડીને... આહા..હા..! આ રાગી હું છું તો રાગ કરું છું, એમ. હું રાગી છું તો રાગ કરું છું, હું જ્ઞાયક છું તો જ્ઞાયક ચૈતન્ય કરું છું, તો જ્ઞાનની દશા કરું છું. એવી વાત છે. પણ એ તો દૃષ્ટિ છે નહિ. સમજાણું કાંઈ? પંડિતજી! પંડિતજી ઠીક આવ્યા. બેંગ્લોરથી આવ્યા છે. ત્યાં હિન્દીમાં ભાષણ કરતાં હતાને તો એ લોકો મરાઠીને.. કેવા કહેવાય? કન્નડી. એ પંડિતજી પા કલાક અર્થ કરતાં હતા. માણસ ઠંડા છે. પા કલાક કન્નડીને? કન્નડી કરતાં હતા. અમે કાંઈ સમજીએ નહિ. પણ એ અને બીજા એક પંડિત હતા. બે પંડિત છે. બીજા. એ પણ નરમ પંડિત છે. સ્વામીજી આમ કહે છે. એની ભાષામાં કહેતા હતા. એ લોકો કન્નડી ભાષા સમજેને? અહીં તો કન્નડ-બન્નડ આવડે નહિ. અહીં તો હિન્દી માંડ માંડ. પછી પા કલાક સ્પષ્ટીકરણ કરતાં હતા. બેંગ્લોર પંચકલ્યાણક હતાને? આહા..હા..! બાર લાખનું મકાન થયું છે—મંદિર. આપણા દિગંબરનું. બાર લાખ. એક કરોડપતિ છે જુગરાજજી સ્થાનકવાસી. એણે ચાર લાખ નાખ્યા. માન્યતા આ છે. અને એક શ્વેતાંબર છે ભભુતમલ. બે કરોડ રૂપિયા એની પાસે. ભભુતમલ. એણે આઠ લાખ નાખ્યા. અને બન્યું એવું કુદરતી. સોળ દિવસ અમે રહ્યા. સોળ દિવસને? નહિ? કોટામાં આઠ દિ'. કોટામાં સોળ દિવસનું હતું. ત્યાં આઠ દિવસ રહ્યા. અહીં સોળ દિવસ. તો સોળ દિવસ અમે રહ્યા. એની પાસે બે કરોડનું સ્ટીલ પડ્યું હતું. સોળ દિવસ અમારી પાસે રહ્યા તો એનું સ્ટીલ એમને એમ પડી રહ્યું. ચાલીસ લાખ વધી ગયા. ચાલીસ લાખની પેદાશ વધી ગઈ. આઠ લાખ ખર્ચ્યા ને ચાલીસ લાખ (કમાણા). લોકો એમ કહે, આહા..હા..! જુઓ, આ સ્વામીજી ત્યાં અંદર... અમારી તો ભાઈ આ વસ્તુ છે. પૈસા મળવા એ અમે કહેતા નથી. છેને દલીલ છેને? કે સ્વામીજી કોઈ ઉપર આમ જાદુની લાકડી ફેરવે તો પૈસા થઈ જાય. ધૂળેય નહિ. આ તો લાકડી પરસેવો હાથમાં ન થાય અને પરસેવો શાસ્ત્રને અડે તો અશાતના થાય છે પરસેવાથી. માટે લાકડી હાથમાં રાખવાનું એ કારણ છે. એ લાકડી પણ એક ખોવાઈ ગઈ. એક લઈ ગયા. ભાઈ! લાકડીમાં કાંઈ છે નહિ. આ તો લાકડી જડ છે. લોકો માને છે. એ ખુલાસો કર્યો. આપણે છાપામાં આવ્યું છે. મુંબઈમાં હુકમચંદજીએ ખુલાસો કર્યો કે આપને માટે ઘણા લોકો આમ કહે છે. ભાઈ! અમે તો કોઈને કહેતા નથી કે પૈસા મળશે, લાકડી-બાકડી ફેરવે તો. અમે તો કદી કહ્યું નથી. પણ હા, એટલું છે કીધું કે આ વાત પરમસત્ય દિવ્યધ્વનિ સર્વજ્ઞની વાણી જે કોઈ બે-ચાર મહિના સાંભળે અને એનું પુણ્ય બંધાઈ જાય. એને કદાચિત પૂર્વના પુણ્ય હોય તો લક્ષ્મી મળી જાય. સમજાણું કાંઈ? વાત તો એવી છે, બાપુ! અમારી પાસે બીજી નથી.

**શ્રોતા :—** આપની નજર ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ નજરમાં પણ કાંઈ નથી. એ તો વસ્તુમાં છે. આહા..હા..! એવું લોકોને થઈ ગયું છે. અમારે પાલેજમાં દુકાન હતીને, તો એ લોકો પણ પૈસાદાર છે.

આ ભાઈ આવ્યા હતાને. એ લોકો ત્રણ છોકરા આવ્યા હતા. ત્રણ ભેગા હતા. ૩૦ લાખ. ત્રણ લાખની આમદાની-પેદાશ છે. એને પૈસા થયા. અમારે એક ભાઈનો દીકરો છે ત્યાં મુંબઈ. એને તો વિરોધ છે, પણ છોકરા છે એની પાસે પૈસા ચાર ભાઈ વચ્ચે ૬૦ લાખ. તો સગા પૈસાવાળા, અહીં આવનારા શેઠ જેવા આવે એ પૈસાવાળા. તો લોકોને એમ થઈ જાય કે બધા પૈસાવાળા થાય છે તો એમની લાકડીથી થાય છે. ધૂળેય નથી ભાઈ. અને અમારા હીરાભાઈના બાપ તો એમ જ કહેતા હતા. એ વાંચનાર હુશિયાર છે ત્યાં મુંબઈમાં. ૩૦ રૂપિયાનો પગાર હતો માસિક. અત્યારે લાખો થઈ ગયા. એ તો કહે, ગમે તે મહારાજ કહે પણ અમને તો મહારાજના ઓલાથી પૈસા પછી થયા છે. હીરાભાઈના બાપ નહોતા કહેતા? ભાઈ! પૈસાની ક્યાં વાત?

**શ્રોતા :—** વિરોધી લોકો કહે છે કે ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અહીં ક્યાં પૈસા અમારી પાસે છે તો દઈએ. લોકો એમ માને છે. સત્યની રુચિ જામતી નથી તો એમ કે દુનિયાને પૈસા દઈને એની તરફ કરે છે. અહીં ક્યાં પૈસા? અમારા રામજીભાઈ પાસે પૈસા પડ્યા છે? ગરીબ બાઈ ઘણી છે. અહીં રહે છે. બધાને પૈસા કેમ ન થયા? આહા..હા..! અને પૈસા હોય તો એ કોઈ પૂર્વનું કોઈ પુણ્ય હોય અને એનો ઉદય આવે તો આવી જાય તો આવી જાય. એમાં આત્માને તો નુકસાન છે. મારા પૈસા, મને પૈસામાં મજા, એ તો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! જડ મારા છે, અજીવને જીવ માને. આહા..હા..! ભગવાન જીવ ચૈતન્યસ્વરૂપી અજીવ મારી ચીજ માને, મોટો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીંયાં કહે છે કે હું રાગ કરું છું. આહા..હા..! '**ઈત્યાદિ વિધિથી...**' જુઓ, '**ઈત્યાદિ વિધિથી...**' લીધું છે. આ વિધિ છે. આહા..હા..! '**રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે.**' આ વિધિથી કર્તા અજ્ઞાની રાગનો કર્તા પ્રતિભાસે છે. વિધિ આ કહી. જેમ ઠંડી અને ગરમી એ જડની દશારૂપે આત્મા થઈ શકે નહિ, એમ રાગની દશારૂપે આત્મા થઈ શકે નહિ. એ તો ભગવાન શુદ્ધ ચૈતન્યઘન છે, પણ પોતાના સ્વભાવની દૃષ્ટિ છોડીને '**જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો, પોતે અજ્ઞાનમય થયો થકો,...**' રાગનો કર્તા પ્રતિભાસે છે. 'હું રાગી છું તો રાગ કરું છું' એવું અજ્ઞાનીને ભાસે છે. ચાહે તો જૈન દિગંબર સાધુ હોય અને અઠ્ઠાવીશ મૂળગુણ પાળતો હોય, પણ જ્યાં સુધી એની રાગ ઉપર દૃષ્ટિ છે અને રાગનો કર્તા માને છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અમે પડિમા પાળીએ છીએ ચોથી, પાંચમી ને છઠ્ઠી. ધૂળેય નથી. સાંભળને હવે. વ્યવહારસમકિતના પણ ઠેકાણા નથી ત્યાં નિશ્ચય ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ?

અહીંયાં તો પ્રભુનો માર્ગ આવો છે, ભાઈ! આહા..હા..! ' હરિનો માર્ગ છે શુરાનો, એ કાયરના નહિ કામ જો ને, એ વીરનો રે માર્ગ છે વીરાનો, વીરનો રે માર્ગ છે વીરાનો,

એ કાયરના નહિ કામ જો ને.' કાયરના કામ ત્યાં નથી. સમજાણું કાંઈ? બાયલા જેવા એં... એં... એં... રાગથી ધર્મ થાય. અરે..! નપુંસક છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપ (અધિકારમાં) લીધું છે. પુણ્ય-પાપમાં લીધું છે. રાગને કર્તા માને એ પ્રાણી નપુંસક છે. કેમકે આત્મામાં વીર્ય નામનો જે ગુણ છે એ વીર્યગુણથી તો નિર્મળ પરિણતિ ઉત્પન્ન થાય છે, એનાથી રાગ ઉત્પન્ન નથી થતો. રાગને ઉત્પન્ન કરનારી પર્યાયને નપુંસક કહેવામાં આવે છે. આહા..હા..! પાવૈયા છે, હીજડા છે, ચૈતન્યની શક્તિનું સામર્થ્ય ન જોયું તેં અને રાગની શક્તિમાં સામર્થ્ય છે વ્યવહારમાં કાંઈક લાભ થવાનો. હીજડો છો. માણેકચંદભાઈ! અહીં તો એ વાત છે ભગવાન! આહા..હા..!

કહ્યુંને ત્યાં. ૪૪ ગાથામાં આવ્યું છે સમયસારમાં. પહેલાં ૪૪માં આવ્યું છે અને પછી પુણ્ય-પાપના અધિકારમાં આવ્યું છે. નપુંસક કહ્યું છે. જોવું છે? ૪૪ ને? પહેલી એની શરૂઆત. હિન્દીમાં પાનું-૮૨. '**આ જગતમાં આત્માનું અસાધારણ લક્ષણ નહિ જાણવાને લીધે...**' છે ટીકા? ૩૯ થી ૪૪ ગાથાની ટીકા. આ તો સિદ્ધાંત બતાવીએ છીએ કે આ શાસ્ત્ર કહે છે. આત્માનું અસાધારણ લક્ષણ આનંદનું જ્ઞાન લક્ષણ છે એને '**નહિ જાણવાને લીધે નપુંસકપણે...**' છે? નપુસંકતાથી. પાઠમાં '**क्लीव**' છે. સંસ્કૃતમાં '**क्लीव**' છે. અર્થમાં નપુંસક છે. એની કડક ભાષા કરીને અમે એને હીજડા કહીએ છીએ. પાવૈયા છે. જુઓ, આચાર્ય કહે છે હોં! મૂળ પાઠ છે. '**तदसाधारणलक्षणाकलनात्कलीवत्वेना**' '**कलीवत्वेना**' '**क्लीव**' '**क्लीव**' '**क्लीव**' એટલે નપુંસક. આચાર્ય કહે છે કે નપુંસક! રાગની રુચિ કરીને રાગનું પરિણમન કરે છે તો નપુંસક છે તું. શુભરાગની રચના કરવી એ પણ નપુંસક છે એમ કહે છે. શુદ્ધનું પરિણમન કરવું એ આત્મા પુરુષ છે. આહા..હા..! સમજાણું કાંઈ? નપુંસકને વીર્ય હોતું નથી તો પુત્ર નથી થતો. એમ શુભભાવની તાકાતમાં કોઈ ધર્મ નથી થતો. સમજાણું કાંઈ? એ નપુંસક છે. આહા..હા..! છેને? નપુસંક. પછી પુણ્ય-પાપમાં એક છે. પુણ્ય-પાપ અધિકાર છેને? કેટલામું પાનું છે? ટીકા.

'**દુરંત કર્મચક્રને પાર ઊતરવાની નામર્દાઈને લીધે...**' કહે છે કે શુભભાવથી ખસવું નપુંસક છે તો નીકળી નથી શકતો. આહા..હા..! સમજાણું કાંઈ? આચાર્યને ક્યાં પૈસા લેવા હતા કે દુનિયાને રાજી કરવી છે? ચોથી લીટી છે. '**સમયસારસ્વરૂપ છે તેની પ્રતિજ્ઞા લઈને પણ,...**' પ્રતિજ્ઞા લે છે કે અમારે સમયસાર પ્રગટ કરવો છે, આનંદ પ્રગટ કરવો છે. '**દુરંત કર્મચક્રને પાર ઊતરવાની નામર્દાઈને લીધે (અસમર્થતાને લીધે) પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર જે સામાયિક તે સામાયિકસ્વરૂપ આત્મસ્વભાવને નહિ પામતા થકા, જેમને અત્યંત સ્થૂલ સંક્લેશપરિણામરૂપ કર્મો નિવૃત્ત થયાં છે અને અત્યંત સ્થૂળ વિશુદ્ધપરિણામરૂપ કર્મો પ્રવર્તે છે...**' સામાયિકની પ્રતિજ્ઞા સમયસારની લે છે કે અમારે આનંદ પ્રગટ કરવો છે. પ્રતિજ્ઞા લીધી પણ અશુભથી છૂટ્યો, પણ સ્થૂળ જે શુભભાવ

છે એ નપુંસકતાને કારણે એને છૂટતા નથી. આહા..હા..! કેમ પોપટભાઈ! છે? બે ઠેકાણે કહ્યું. ૩૯ ગાથા અને ૧૫૪. આહા..હા..! '**ઈત્યાદિ વિધિથી...**' ભાષા તો જુઓ, ઓ..હો..હો..! આ બધી વિધિ છે અજ્ઞાન પ્રગટ કરવાની. આ એની રીત છે. આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાનાનંદસ્વભાવ, જ્ઞાતા-દૃષ્ટાની દૃષ્ટિ છોડીને રાગપણે પરિણમું છું, જ્ઞાનમાં અજ્ઞાનપણું પ્રગટ કરતો થકો એ આત્મામાં હું રાગી છું અને હું રાગને કરું છું એ વિધિથી અજ્ઞાની રાગનો કર્તા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- રાગદ્વેષસુખદુઃખાદિ અવસ્થા પુદ્‌ગલકર્મના ઉદયનો સ્વાદ છે;...**' ખરેખર એ વિકાર પરિણામ પુદ્‌ગલનો સ્વાદ છે, આત્માનો આનંદસ્વાદ એ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ગાથા બહુ સારી આવી ગઈ છે. આ તમારા બધા ક્યાંયથી બિચારા આવ્યા છે આઘેથી. ગાથા આ આવી ગઈ. ૯૩ ગાથા પણ સારી આવશે. આહા..હા..! રાગ એટલે પુણ્ય પરિણામ કે પાપ પરિણામ. દ્વેષ એ પણ પુણ્ય અને પાપ બેય આવે છે. '**સુખ-દુઃખાદિ અવસ્થા પુદ્‌ગલકર્મના ઉદયનો સ્વાદ છે; તેથી તે, શીત-ઉષ્ણતાની માફક, પુદ્‌ગલકર્મથી અભિન્ન છે...**' આહા..હા...! અને ભગવાન જ્ઞાયકથી ભિન્ન છે. '**આત્માથી અત્યંત ભિન્ન છે.**' જુઓ, અત્યંત ભિન્ન છે. એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આત્માથી અત્યંત ભિન્ન છે, પુદ્‌ગલથી અભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અને આત્માથી અત્યંત ભિન્ન છે.**'

'**અજ્ઞાનને લીધે આત્માને તેનું ભેદજ્ઞાન નહિ હોવાથી...**' રાગથી મારી ચીજ ભિન્ન છે એવું ભેદજ્ઞાન નહિ હોવાથી '**તે એમ જાણે છે કે આ સ્વાદ મારો જ છે;...**' રાગ ચીજ મારી જ છે. આહા..હા..! રાગ મારો? તો તારી ચીજ તો જ્ઞાયક છે. 'જ્ઞાયક એ મારો છે' એમ હોવું જોઈએ, એને ઠેકાણે 'રાગ મારો છે' એ મિથ્યાદૃષ્ટિ છે. '**કારણ કે જ્ઞાનની સ્વચ્છતાને લીધે રાગ-દ્વેષાદિનો સ્વાદ, શીત-ઉષ્ણપણાની માફક, જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં,...**' જેવો રાગ આવ્યો એ જ્ઞાનમાં જણાય છે, પ્રતિબિંબિત થાય છે. પણ એમ પ્રતિભાસે છે કે હું રાગ-દ્વેષરૂપ થઈ ગયો. આહા..હા..! '**પ્રતિબિંબિત થતાં, જાણે કે જ્ઞાન જ રાગ-દ્વેષ થઈ ગયું હોય...**' હું આત્મા રાગ-દ્વેષરૂપ થઈ ગયો. આહા..હા..! એ તો તારો જ્ઞાતાનો વિષય છે, પરજ્ઞેય છે. આહા..હા..! એમ નહિ માનતા '**રાગદ્વેષ થઈ ગયું હોય એવું અજ્ઞાનીને ભાસે છે.**' મિથ્યાદૃષ્ટિને 'રાગરૂપ હું પરિણમું છું' એમ ભાસે છે. '**તેથી તે એમ માને છે કે હું રાગી છું, હું દ્વેષી છું, હું ક્રોધી છું, હું માની છું ઈત્યાદિ. આ રીતે અજ્ઞાની જીવ રાગ-દ્વેષાદિનો કર્તા થાય છે.**' પણ પોતાના જ્ઞાતા-દૃષ્ટાનું ભાન કરતો નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી કળશટીકા, કળશ-૪૪-૪૫
## પ્રવચન નં.૪૨, તા.૧૭-૦૫-૧૯૬૫
## (૧૯)

આ કળશટીકા, અજીવ અધિકાર. જીવ અને અજીવના ભિન્નતાના ભાન વિના અનંત કાળથી આત્મા ચોર્યાસી લાખ યોનિમાં રખડે છે, એનું શું કારણ છે એ બતાવે છે.

'अस्मिन् अविवेकनाटये पुद्गलः एव नटति' જુઓ, શું કહે છે? 'अस्मिन्' **'અનંતકાળથી વિદ્યમાન છે એવો જે, જીવ-અજીવની એકત્વબુદ્ધિરૂપ મિથ્યા સંસ્કાર...'** ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદમૂર્તિ આત્મા છે અને એમાં પુણ્ય-પાપના વિકલ્પ, રાગાદિની એકત્વબુદ્ધિ, અશુદ્ધ પરિણામની એકત્વબુદ્ધિ એ સંસ્કારથી ચાર ગતિમાં અનાદિથી રખડે છે. સમજાણું કાંઈ? **'જીવ-અજીવની એકત્વબુદ્ધિરૂપ મિથ્યા સંસ્કાર...'** ભગવાન જ્ઞાન ચૈતન્યજ્યોત પરમ આનંદના પ્રકાશનું સ્વરૂપ (છે). એમાં પુણ્ય-પાપની અશુદ્ધ પરિણતિ વિકારી, કર્મ-બંધનનું નિમિત્ત અને અશુદ્ધ વિકાર એની સાથે એકત્વ માનવું, એ એકત્વ-સંસ્કાર એ રૂપ **'ધારાસંતાનરૂપ વારંવાર વિભાવપરિણામ, તેમાં પુદ્‌ગલ અર્થાત્ અચેતન મૂર્તિમાન દ્રવ્ય નિશ્ચયથી અનાદિકાળથી નાચે છે,...'** શું કહે છે? કે ભગવાન આત્મા તો જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ (છે). એની દૃષ્ટિમાં પુણ્ય-પાપની અશુદ્ધ પરિણતિ સાથે એકત્વ સંસ્કારબુદ્ધિ હોવાને કારણે અનાદિથી વિકારની અને સ્વભાવના એકત્વ સંસ્કારરૂપી ધારાપ્રવાહ ચાલે છે એમાં પુદ્‌ગલ જ નાચે છે, આત્માનો સ્વભાવ એમાં આવ્યો નથી. સમજાણું કાંઈ?

**'ધારાસંતાનરૂપ વારંવાર...'** એટલે? પુણ્ય અને પાપની એક્તાબુદ્ધિ અનંતકાળથી ચાલી આવે છે. નિગોદથી માંડીને. અનાદિ (કાળમાં) જૈન સાધુ થયો, દિગંબર મુનિ થયો તો પણ ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ, એની અંતર દૃષ્ટિ કર્યા વિના એ પંચમહાવ્રત આદિના શુભ પરિણામ ધારાવાહી (ચાલ્યા આવે છે). એ જ મારી ચીજ છે, એનાથી મને લાભ થશે એવો અનાદિ વારંવાર (પ્રવાહ ચાલ્યો આવે છે). પાછું એમ કીધુંને, વારંવાર. અનંત કાળમાં એક સમયમાત્ર અશુદ્ધ પરિણતિની સ્વભાવમાં એકત્વબુદ્ધિ, બીજે સમયે બીજી, ત્રીજે ત્રીજી (ચાલે જ છે). સમજાણું કાંઈ? એ જ સંસ્કાર એક સમયમાં નથી રહેતા.

**શ્રોતા :-** પુદ્‌ગલ નથી નાચતો અને જીવ નાચે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પુદ્‌ગલ નાચે છે, જીવ નાચતો નથી એમ કહે છે. ઊંધું છે અહીં. ચૈતન્ય તો જ્ઞાનાનંદસ્વરૂપ છે. એની દૃષ્ટિની ખબર નથી, તેથી પુણ્ય-પાપની પરિણતિને એકત્વ

માનીને પુદ્ગલ—જડ નાચે છે, અજીવનો ખેલ છે. આત્મા તો જ્ઞાનાનંદસ્વરૂપ છે. એની એને ખબર નથી તો અજીવ નાચે છે એમ કહે છે. ઊંધું છે આ, જયચંદભાઈ!

જીવ તો ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદ સ્વભાવ છે એને આત્મા કહે છે. આત્મામાં જે એકત્વબુદ્ધિ થઈ એ તો અજીવભાવ થયો. પુણ્ય અને પાપ, દયા ને દાન, વ્રત અને ભક્તિ, કામ અને ક્રોધ એવો રાગ એ મને લાભદાયક છે, એ મારી ચીજ છે એવી એકત્વબુદ્ધિ મિથ્યાત્વભાવ છે, એ બધા પુદ્ગલના ભાવ છે, જીવનો સ્વભાવ નથી. મોતીરામજી! સમજાણું કાંઈ? આહા..હા..! એ અચેતન મૂર્તિમાન દ્રવ્ય. એ વિકાર, ચૈતન્ય ભગવાન પ્રકાશની મૂર્તિ એમાં વિકારની એકત્વબુદ્ધિ એ બધા પુદ્ગલના પરિણામ છે, અચેતન છે, એમાં ચેતન નથી માટે પુદ્ગલ કહ્યા. આહા..હા..! બ્રહ્મચારીજી!

ભગવાન! કહે છે કે તારી દૃષ્ટિમાં ચૈતન્ય શુદ્ધ સ્વરૂપને તેં લીધું જ નથી કદી. જ્યાં ત્યાં પુણ્ય ને પાપ, શુભ ને અશુભભાવ એ અશુદ્ધપરિણતિ મલિન છે, એને પોતાના સ્વભાવની એકત્વબુદ્ધિ જે મિથ્યાત્વ છે એ મિથ્યાત્વભાવ અચેતન છે, પોપટભાઈ! ચેતન નથી. સમજાણું કાંઈ? એવા અચેતનભાવને મૂર્તિમાન પુદ્ગલ ગણીને પુદ્ગલ જ નાચે છે. ભગવાન શુદ્ધ ચિદાનંદ મૂર્તિ અંતરમાં એકરૂપ રહે છે. સમજાણું કાંઈ?

'**નિશ્ચયથી અનાદિકાળથી નાચે છે,...**' નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક ગયો અનંત વાર. અજ્ઞાનભાવ, મિથ્યાત્વભાવ, ભ્રમભાવ, સંસ્કાર એકત્વબુદ્ધિના ભાવ એ બધા અચેતનભાવ છે, એ ચૈતન્યની જાગૃતિથી વિપરીત ભાવ છે. તો અચેતનનો એ ચોર્યાસીમાં નાચ છે, ચૈતન્યનો નાચ નથી. ભાઈ! એવી વાત છે. સમજાણું કાંઈ? 'न अन्यः' '**ચેતનદ્રવ્ય નાચતું નથી.**' જુઓ, અનેકાંત કર્યું. ભગવાન ચૈતન્ય તો આનંદકંદ શુદ્ધ છે, એને ચૈતન્યદ્રવ્ય કહેવું. અનાકુળ શાંત અને જ્ઞાનની મૂર્તિ એને ચૈતન્ય કહેવું. એ ચૈતન્યદ્રવ્યમાં તો અચેતનપણું છે જ નહિ. મિથ્યાત્વના સંસ્કાર વસ્તુમાં નથી. પર્યાયમાં ઊભા કર્યા છે એ તો અચેતનભાવ છે, ભગવાન ચૈતન્યનો સ્વભાવ એ નહિ. વિકારી થયો તો એને અચેતન કહ્યું છે. સમજાણું કાંઈ? '**નિશ્ચયથી અનાદિકાળથી નાચે છે, ચેતનદ્રવ્ય નાચતું નથી.**' સમજાણું કાંઈ?

**શ્રોતા :–** કઈ ભૂલ થઈ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ આ ભૂલ મિથ્યાત્વ છે. આ રાડ નાખે છે. જરી શરીરમાં રોગ થાય અને જરી .. એં.. એં.. થઈ જાય ઈ. જયચંદભાઈ! અહીં તો સૂક્ષ્મ વાત છે. એટલી (જાડી) વાત નથી. એ તો સ્થૂળ બુદ્ધિ છે. પણ અંતરમાં રાગની અશુદ્ધ પરિણતિ શુભની ઉત્પન્ન થાય... એ કહેશે આગળ કે અશુદ્ધપણાને કારણે બુદ્ધિને ભ્રમ થાય છે. આગળ કહેશે. સમજાય છે? એ આઠમી-દસમી લીટી છે. '**અચંબો પણ નથી, કેમકે અશુદ્ધપણાના કારણે બુદ્ધિને ભ્રમ થાય છે.**' પછી આવે છે. હજી અચંબો કહીને પાછો અચંબો ઉડાવશે. એક અપેક્ષાએ અચંબો છે. ભગવાન જ્ઞાનમૂર્તિ ચૈતન્યજ્યોત એમાં આ એકત્વબુદ્ધિ સંસ્કાર

આવ્યા ક્યાંથી? અજ્ઞાનપણે અજ્ઞાનીએ અનાદિથી બાહ્ય ત્યાગ કર્યો, મુનિપણું લીધું અનંત વાર પણ રાગ અને પુણ્ય-વિકલ્પ એકત્વબુદ્ધિના સંસ્કાર એને અહીંયાં ભગવાન અચેતન કહે છે. અચેતનને કારણે પુદ્ગલ નાચે છે, ભગવાન ચેતનદ્રવ્ય તો શુદ્ધ છે. એ પર્યાયમાં અચેતપણું ઉત્પન્ન કર્યું એને તો આત્મા જ નથી કહ્યો. સમજાણું કાંઈ?

કહે છે, **'ભાવાર્થ આમ છે કે ચેતનદ્રવ્ય અને અચેતન દ્રવ્ય અનાદિ છે,..'** બેય અનાદિ વસ્તુ છે. ભગવાન અખંડાનંદ પ્રભુ જ્ઞાયક શુદ્ધ ચૈતન્ય એ અનાદિ છે અને વિકારના સંસ્કાર પણ અનાદિ છે. અનાદિ છે. પુણ્ય-પાપનો વિકલ્પ શુભાશુભ મારો છે, મને લાભદાયક છે, હું કરું છું. હમણા આવશે પાછળ. મારું કાર્ય છે. અહીંયાં અસ્તિત્વની વાત છે. મારા અસ્તિત્વમાં પુણ્ય-પાપ, વિકાર એ મારા અસ્તિત્વમાં છે એવી એકત્વબુદ્ધિ માનીને અજ્ઞાનપણે અજ્ઞાની (પરિણમી રહ્યો છે). ચેતન અને અચેતનદ્રવ્ય અનાદિ છે. **'પોતપોતાના સ્વરૂપે છે,...'** કોઈ પદાર્થ પોતાનું સ્વરૂપ (છોડતો નથી). **'આવો અનુભવ પ્રગટપણે સુગમ છે;...'** આવો અનુભવ પ્રગટપણે સુગમ છે. ભગવાન જ્ઞાનજ્યોતિ ચૈતન્યપ્રભુ અને એ વિકાર, શરીર, કર્મ આદિ પર અચેતન. એમ ભિન્ન પાડીને પોતાનો અનુભવ કરવો એ તો સહજ સ્વભાવ છે, એ તો સુગમ છે. સમજાણું કાંઈ?

**'જેને એકત્વસંસ્કારરૂપ અનુભવ છે તે અચંબો છે.'** શું કહે છે? અહો..! ભગવાન ચૈતન્યપ્રભુ જ્ઞાનાનંદ પ્રભુ એ જ્ઞાનના આનંદનો અનુભવ કરે અને વિકારથી ભિન્ન પડે એ તો વસ્તુનું સ્વરૂપ છે, સુગમ છે. એ તો પોતાનો સ્વભાવ છે એમાં સુગમ છે, એમ કહે છે. શું કહ્યું સમજાણું કાંઈ? **'પરસ્પર ભિન્ન છે. આવો અનુભવ...'** ભિન્ન છેને, એમ કહે છે. ભિન્ન છે તો આવો અનુભવ પ્રગટ સુગમ છે. બેય ભિન્ન છે. વિકલ્પ, રાગાદિ પરિણતિ અશુદ્ધ, સ્વભાવ શુદ્ધ ત્રિકાળ એ બેય ભિન્ન છે, તો ભિન્નનો અનુભવ સુગમ જ છે.

**'જેને એકત્વસંસ્કારરૂપ અનુભવ છે તે અચંબો છે.'** અરે..! આચાર્ય મહારાજ કહે છે, આ શું અચંબો થયો? વિકાર અને શરીરથી ભિન્ન ભગવાન, એવી ચૈતન્યની જાતનો અનુભવ કરવો એ સહજ સ્વભાવ છે તો સુગમ છે. આ અચંબો શું થયો? **'જેને એકત્વસંસ્કારરૂપ અનુભવ છે...'** પણ એ પુણ્ય-પાપના વિકલ્પ, શરીરની ક્રિયા મારી, એવા અસ્તિત્વમાં સંસ્કાર જે પરને પોતાનું માન્યું એવો અનુભવ અચંબો છે. રાગ ને પુણ્ય ને શરીર મારું છે એવી એકત્વબુદ્ધિના સંસ્કાર એ અચંબો છે. કેમકે એ સ્વરૂપમાં છે નહિ. આમ કરી નાખ્યું.

ભગવાન સહજાનંદ પ્રભુ ચૈતન્ય શુદ્ધ પવિત્ર આનંદકંદ એ તો રાગ, પુણ્ય-વિકલ્પ, શરીર, વાણીથી ભિન્ન છે. એવો સહજ ભિન્ન છે તો એનો અનુભવ સહજ સુગમ છે. અચંબો. આ એકત્વસંસ્કાર અનુભવ અચંબો છે. અરેરે..! આ શું થયું? આચાર્ય કહે છે. શુભ-અશુભ વિકલ્પ જે અચેતન વિકાર છે. અચેતન છે એમાં ચૈતન્ય સૂર્યના પ્રકાશનો અંશ નથી. રાગ-

વ્યવહારરત્નત્રય આદિ જે રાગ છે એ અચેતન છે. એની સાથે એકત્વસંસ્કાર અચંબો છે, અચંબો છે. આશ્ચર્ય થાય છે એમ કહે છે. દુનિયામાં આશ્ચર્ય કહે છેને? દુનિયાની ચીજમાં આશ્ચર્ય (થાય છે). આ આશ્ચર્ય થયું તને. આહા..હા..!

ભગવાન જ્ઞાયકમૂર્તિ ચૈતન્યસૂર્ય, પરમ ચૈતન્યના પ્રકાશનો પુંજ પ્રભુ એમાં વિકલ્પ-રાગ અશુદ્ધતા છે જ નહિ. એવી અશુદ્ધતાથી શુદ્ધતા ચીજ ભિન્ન છે. અશુદ્ધતા અજીવ છે, એથી શુદ્ધતા ભિન્ન છે. એ તો સુગમ છે, સહજ છે. છે આવી ચીજ તો સુગમ છે અને એમાં નથી એની સાથે એકત્વ સંસ્કાર થયા એ અચંબો છે એમ કહે છે, ભાઈ! શું કહ્યું સમજાય છે? છે અંદરમાં શુદ્ધતા પરમાનંદ મૂર્તિ એનો અનુભવ થવો તો સુગમ છે કે છે. અને વિકાર એમાં છે નહિ અને એકત્વસંસ્કાર એમાં છે નહિ એ એકત્વસંસ્કાર અચંબો છે. પોપટભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન તારામાં છે જ નહિને? આ શું અચંબો તેં ઉત્પન્ન કર્યો? નાટક. આ નાટક તેં શું કર્યું? એમ કહે છે. આહા..હા..!

સહજ વસ્તુ ત્રિકાળી ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સમાન પવિત્ર આનંદકંદ એ શુદ્ધ છે. એમાં અશુદ્ધતા અંતરમાં આવી નથી. વિકલ્પ દયા, દાન, વ્રતાદિના અશુદ્ધ પરિણામ મિથ્યાત્વ એમાં આવ્યા જ નથી. એવી શુદ્ધ ચીજની દૃષ્ટિ કરવી, અનુભવ કરવો એ તો સહજ વસ્તુ છે તો સુગમ છે; પણ સુગમને છોડી અચંબો ઉત્પન્ન કર્યો. ભગવાન આત્મામાં એ પુણ્ય-પાપ, વિકલ્પ, શરીર, કર્મ છે જ નહિ. એણે પોતાની સાથે એકત્વબુદ્ધિ માનીને અચંબો ઉત્પન્ન કર્યો, આશ્ચર્ય ઉત્પન્ન કર્યું રખડવા માટે. સમજાય છેને ભાઈ? પદ્મનાથજી! સમજાય છે કે નહિ? આહા..હા..!

કહે છે, ભગવાન! તારી ચીજ તો અંદર નિર્લેપ શુદ્ધ અખંડ આનંદ છેને અને છે એનો અનુભવ તો સુગમ છે અને વિકલ્પ અને પુણ્ય-પાપ તો તારી ચીજમાં નથી. એના એકત્વસંસ્કાર (ઊભા કર્યા). અહીં તો ભાઈ, જીવ-અજીવને ભિન્ન પાડવું છેને? અજીવ છે જ નહિ અને તેં સંસ્કારથી ઉત્પન્ન કર્યા તે અચંબો છે. આશ્ચર્ય ઉત્પન્ન કર્યું તેં. મોટી કરીને મૂકી હશે ને એણે? કહેશે. આગળ બધું કહેશે. થોડું વિપરીતપણું નથી. આગળ કહેશે ૪૫ પાને. ઘણું વિપરીતપણું ઊભું કર્યું છે. ૪૫ પાને બીજી લીટીમાં કહેશે. ઘણું વિપરીતપણું ઊભું કર્યું છે. ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત સૂર્ય પ્રકાશમય મૂર્તિ છે. એમાં રાગ-દ્વેષ, દયા-દાનના વિકલ્પ છે જ નહિ અને એકત્વબુદ્ધિ માનીને ઘણું વિપરીતપણું ઊભું કર્યું છે એણે. અજ્ઞાનપણે ચેતનને અચેતન માનીને વિપરીતપણું ઘણું ઊભું કર્યું છે—પ્રગટ કર્યું છે. કહો, સમજાણું?

**'એવું કેમ અનુભવે છે?'** હવે કહે છે કે **'એવું કેમ અનુભવે છે? કેમકે એક ચેતનદ્રવ્ય, એક અચેતનદ્રવ્ય—એ રીતે અંતર તો ઘણું.'** જુઓ, બે વચ્ચે અંતર તો ઘણું છે. ક્યાં ભગવાન જ્ઞાનમૂર્તિ અને ક્યાં રાગાદિ અચેતન જડ દ્રવ્ય આદિ ભિન્ન, અંતર તો ઘણું, ભેદ તો ઘણું, ફેર તો ઘણો (છે). એકત્વ થવાની લાયકાત એનામાં નથી. એવું

વસ્તુનું સ્વરૂપ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અંતર તો ઘણું. ક્યાં સૂર્ય ચૈતન્ય અને ક્યાં રાગાદિ અંધકાર. શુભાશુભ પરિણામ એ અંધકાર અને ક્યાં ચૈતન્યસૂર્ય પ્રકાશ બેમાં ઘણું અંતર છે, ઘણું અંતર છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે '**અંતર તો ઘણું. અથવા અચંબો પણ નથી,...**' હવે ન્યાય આપે છે.

'**કેમકે અશુદ્ધપણાના કારણે બુદ્ધિને ભ્રમ થાય છે.**' પુણ્ય-પાપના મલિન પરિણામ જાણે ચૈતન્યમાં થયા—મારામાં થયા એવો ભ્રમ અજ્ઞાનીને થાય છે. ભારે ભ્રમ છે. સમજાણું કાંઈ? ચૈતન્યસૂર્ય પ્રકાશની મૂર્તિ એમાં અચંબો (ઊભો કર્યો). પહેલાં કહ્યું કે એકરૂપ સંસ્કાર તો અચંબો છે, અચંબો છે; પણ અચંબો નથી. કેમકે એ મલિન પરિણામ શુભ-અશુભ આદિ છે એ મારા છે એવી અશુદ્ધ પરિણતિને કારણે બુદ્ધિને ભ્રમ થઈ ગયો છે. સમજાણું કાંઈ? જુઓ, આ શરીર, વાણી કે કર્મ નથી લીધા. પુણ્ય-પાપની મલિન અશુદ્ધ દશા એની પર્યાયમાં છે તો એને ભ્રમ થયો કે આ મારી ચીજ છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ નજરમાં આવે છે. શુદ્ધ ચિદાનંદ ભગવાન નજરમાં આવતો નથી. સમજાણું કાંઈ? આ તો અલૌકિક વાત છે.

**શ્રોતા :-** જાણનારને ભૂલી ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, જાણનારને ભૂલી ગયો અને અચેતનને પોતાના માન્યા. ભગવાન! સમજ્યા? શુભ-અશુભભાવ એ અચેતન છે. એને પોતાના માન્યા અને જાણનારને ભૂલી ગયો અને અશુદ્ધતામાં તારી ભ્રમબુદ્ધિ થઈ ગઈ કે મારી છે.. મારી છે... મારી છે. ભગવાન! એ તારી ચીજમાં નથી. શુભાશુભ પરિણતિ જે ઊઠે છે—અશુદ્ધ પરણતિ એ તારી ચીજમાં નથી, તારી ચીજ નથી. ચૈતન્યની મોજૂદગીમાં એ ચીજ છે જ નહિ. એવું ઉત્પન્ન કરીને અશુદ્ધપણાને કારણે બુદ્ધિને ભ્રમ થાય છે. જુઓ ભાષા! ટીકા પણ એવી ટીકા કરી છેને! આહા..હા..!

ભગવાન! તારી ચીજ તો પ્રભુ જ્ઞાનસૂર્યનો પ્રકાશ એ ચૈતન્ય. એમાં જે આ અશુદ્ધતા ઉત્પન્ન થઈ એમાં તને ભ્રમ થયો કે એ પણ મારી વસ્તુમાં છે. એ પણ મારી મોજૂદગીમાં છે, એ જ તારો મિથ્યાભ્રમ—મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અશુદ્ધપણાને કારણે ભગવાન શુદ્ધસ્વરૂપ ત્રિકાળ છે, પણ પોતે પર્યાયમાં જ્યાં અશુદ્ધ થયો તો અશુદ્ધના એકત્વસંસ્કાર એ અચંબો થયો, પણ અશુદ્ધપણું છેને એની એકત્વબુદ્ધિ કરી અને ભ્રમ થયો કે એ મારી ચીજ છે.

**શ્રોતા :-** ....

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અજીવ છે, અચેતન છે. અશુદ્ધ પરિણામ અજીવ છે, અચેતન છે. ચૈતન્યમાં વિકૃત ચેતનાભાસ જેવા ઉત્પન્ન થાય છે. પોતાના માને છે એ જ મિથ્યાદષ્ટિ

છે. પૈસા-બૈસા તો ક્યાંય રહી ગયા ધૂળ ને આ શરીર. આ તો અંદરમાં. અંદર સંસ્કાર અનાદિ નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી ગયો જૈન સાધુ દિગંબર થઈને મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી. સમ્યગ્દૃષ્ટિ હોય અને આત્માનું ભાન થયું હોય એને તો ગણવામાં આવ્યા જ નથી. અનાદિ પંચમહાવ્રત નવમી ગ્રૈવેયક અઠ્યાવીશ મૂળગુણ જે અશુદ્ધ પરિણતિ છે. એ અશુદ્ધ પરિણતિને ચૈતન્યમાં 'આ મારી છે' એવો ભ્રમ થઈ ગયો છે એને. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જેવી રીતે...**' દૃષ્ટાંત આપે છે. '**ધતૂરો પીતાં દૃષ્ટિ વિચલિત થાય છે,...**' વિચલિતતાનું નિમિત્ત ધતૂરો છે. વિચલિત એના ઉપાદાનથી થાય છે. '**શ્વેત શંખને પીળો દેખે છે,...**' જુઓ, શું કહે છે? શંખ તો સફેદ છે. ધતૂરો પીતાં શંખને પીળો જોવે છે. ધોળો છે એને પીળો દેખે છે. ધ્યાન રાખજો! '**પણ વસ્તુ વિચારતાં આવી દૃષ્ટિ સહજની તો નથી,...**' એ દૃષ્ટિ સહજસ્વભાવની નથી. શંખ ધોળો છે એને પીળો દેખે છે એ દૃષ્ટિ સહજની નથી, સ્વભાવિક નથી. '**દૃષ્ટિદોષ છે,...**' દૃષ્ટિદોષ છે, ધતૂરો નિમિત્ત છે અને પીળાપણાનો ભ્રમ થયો શંખને દેખવામાં એ દૃષ્ટિદોષ છે. સહજભાવ નથી. બરાબર છે? '**દૃષ્ટિદોષને ધતૂરો ઉપાધિ પણ છે;...**' નિમિત્ત છે. અહીં તો સિદ્ધ આ કરવું છે. '**દૃષ્ટિદોષને ધતૂરો ઉપાધિ પણ છે;...**' નિમિત્ત. અને અંદર દૃષ્ટિદોષ થયો એને. શું? એ સહજદૃષ્ટિ નથી, સ્વભાવિક નથી. ચિદાનંદને ભૂલીને, અશુદ્ધને પકડીને બહિર્બુદ્ધિમાં અશુદ્ધ થયો. બહિર્બુદ્ધિથી પુણ્ય-પાપના ભાવ, દયા-દાન, વ્રત-ભક્તિ, તપ-જપનો વિકલ્પ ઊઠ્યો એ પોતાની અશુદ્ધ પરિણતિને ધતૂરાનું નિમિત્ત અને એવી દૃષ્ટિભ્રમ (થાય છે) એમ અજ્ઞાનીની દૃષ્ટિ થવામાં કર્મનું નિમિત્ત (છે). સમજાણું કાંઈ? ઓહોહો..!

'**તીવી રીતે જીવદ્રવ્ય અનાદિથી...**' એ દૃષ્ટાંત દીધું. '**કર્મસંયોગરૂપે મળેલું જ ચાલ્યું આવે છે;...**' નિમિત્ત છેને કર્મ? '**મળેલું હોવાથી વિભાવરૂપ અશુદ્ધપણે પરિણમી રહ્યું છે,...**' ભગવાન ચિદાનંદ પ્રભુ પોતાની મોજૂદગી ચૈતન્ય પ્રકાશ અનાકુળ આનંદ એની મોજૂદગીને નહિ દેખતાં, નહિ જોતો, નહિ માનતો અને નહિ અનુભવતો '**વિભાવરૂપ અશુદ્ધપણે પરિણમી રહ્યું છે,...**' કાંઈ કર્મરૂપ પરિણમ્યો નથી આત્મા. શરીરરૂપ થયો નથી, કર્મરૂપ થયો નથી. આ (વિભાવ) રૂપે તો થયો છે. સમજાણું કાંઈ? શુભ અને અશુભ પરિણામ જે અશુદ્ધ છે એ રૂપે પરિણમી રહ્યો છે.

'**અશુદ્ધપણાને કારણે જ્ઞાનદૃષ્ટિ અશુદ્ધ છે,...**' અશુદ્ધપણાને કારણે જ્ઞાનદૃષ્ટિ અશુદ્ધ છે. શુદ્ધને તો દેખતી નથી. 'ત્રિકાળ જ્ઞાયક ભગવાન છું' એવી દૃષ્ટિથી અજ્ઞાની જોતો નથી. '**તે અશુદ્ધદૃષ્ટિ વડે ચેતનદ્રવ્યને પુદ્‌ગલકર્મની સાથે એકત્વસંસ્કારરૂપ અનુભવે છે**' એ અશુદ્ધદૃષ્ટિ દ્વારા ભગવાન જ્ઞાનમૂર્તિને પુદ્‌ગલ કર્મની સાથે અથવા રાગાદિની સાથે એકત્વસંસ્કારરૂપ અનુભવે છે. કર્મ અને હું આત્મા એક થઈ ગયા, રાગ અને આત્મા બેય

એક થઈ ગયો. વિકલ્પ તદ્દન અચેતન છે શુભાશુભ પરિણામ. હું એક થઈ ગયો એમ અનુભવે છે. સમજાણું કાંઈ?

'**આવો સંસ્કાર તો વિદ્યમાન છે,...**' હોં પાછું. ભ્રમ છે પણ ભ્રમ છે. જેમ વેદાંત કહે છે કે પર્યાય થઈ એમાં ભ્રમ નથી, અશુદ્ધતા નથી એમ નથી. દૃષ્ટિદોષ છે. વિદ્યમાન છે અજ્ઞાનીમાં. સમજાણું કાંઈ? (આવો) સંસ્કાર વિદ્યમાન છે. '**પણ વસ્તુસ્વરૂપ વિચારતાં આવી અશુદ્ધદૃષ્ટિ સહજની તો નથી,...**' ભગવાન ચિદાનંદ ચૈતન્યજ્યોતની દૃષ્ટિથી જોતાં એ અશુદ્ધ પરિણતિના સંસ્કાર એ મારી સહજદૃષ્ટિ નથી. એ તો વિકારીદૃષ્ટિ છે, વિપરીતદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? અશુદ્ધ છે, દૃષ્ટિદોષ છે. દેખો! એ દૃષ્ટિદોષ છે. કર્મનો દોષ નથી, સ્વભાવમાં નથી. ફક્ત અશુદ્ધ પરિણતિની એક સમયની અવસ્થા જોઈને એ મારી ચીજ છે, મારામાં છે, મારું કાર્ય છે એવો અજ્ઞાનીને ભ્રમ થઈને દૃષ્ટિદોષ થયો છે. કહો, સમજાણું કાંઈ? '**અને દૃષ્ટિદોષને પુદ્‌ગલપિંડરૂપ મિથ્યાત્વકર્મનો ઉદય ઉપાધિ પણ છે.**' એ ધતૂરાનો કેફ હતોને? એમાં ધતૂરો નિમિત્ત છે. ધોળાને પીળું દેખે એ દૃષ્ટિદોષ. એ એની પોતાની પર્યાય છે અને ધતૂરો નિમિત્ત છે, એમ દૃષ્ટિદોષમાં કર્મ નિમિત્ત છે.

'**હવે જેવી રીતે દૃષ્ટિદોષથી શ્વેત શંખને પીળો અનુભવે છે તો પછી દૃષ્ટિમાં દોષ છે, શંખ તો શ્વેત જ છે,...**' દૃષ્ટિમાં દોષ છે. શંખ તો શ્વેત જ છે. '**પીળો દેખતાં શંખ તો પીળો થયો નથી;...**' ધ્યાન રાખજો. '**તેવી રીતે મિથ્યાદૃષ્ટિથી ચેતનવસ્તુ અને અચેતનવસ્તુને એક કરીને અનુભવે છે...**' જૂઠી દૃષ્ટિથી શુદ્ધ પરમાત્મા પોતાનો નિજ આનંદ અને અચેતન રાગાદિ બેને એક કરીને અનુભવે છે તો પછી દૃષ્ટિનો દોષ છે, વસ્તુ તો જેવી ભિન્ન છે એવી જ છે. એ તો દૃષ્ટિનો દોષ છે, વસ્તુ ફરી જાતી નથી. ચૈતન્યમૂર્તિ આનંદકંદ અનાકુળ રસકંદ જે દ્રવ્ય છે એ તો એવું ને એવું છે.

'**મિથ્યાદૃષ્ટિથી ચેતનવસ્તુ અને અચેતનવસ્તુને એક કરીને અનુભવે છે તો પછી દૃષ્ટિનો દોષ છે, વસ્તુ જેવી ભિન્ન છે તેવી જ છે.**' દૃષ્ટિનો દોષ છે એટલે વસ્તુ ફરી જાય છે? ચૈતન્યસૂર્ય આનંદકંદ ધ્રુવ ધાતુ, અનાદિઅનંત ચૈતન્યચંદ્ર. ચૈતન્યચંદ્ર તો જેવો છે એવો છે. સમજાણું કાંઈ? માત્ર દૃષ્ટિની ભૂલ છે. આવે છેને, શ્રીમદ્‌માં આવે છે. વસ્તુ જેવી ભિન્ન છે તેવી જ છે. શું કહે છે? આ સમજાવવામાં જીવ-અજીવ અધિકાર છેને? ભગવાન ચૈતન્યજ્યોત જ્ઞાયકમૂર્તિ એ જ આત્મા છે અને એ આત્માને આત્મા અનાદિથી નહિ જાણતો કર્મના નિમિત્તના સંયોગમાં અશુદ્ધ પરિણતિ પુણ્ય-પાપ આદિ મિથ્યાભ્રાંતિની ઉત્પન્ન થઈ એ અશુદ્ધ પરિણતિનો ભાસ 'મારો છે' એવી ભ્રમ બુદ્ધિ થઈ, એ ભ્રમબુદ્ધિને કારણે એમાં ભ્રમનો જ અનુભવ કરે છે, વસ્તુ તો ભિન્ન છે. ભ્રમ થયો પણ વસ્તુ તો ભિન્ન છે. '**એક કરીને અનુભવે છે...**' પણ એક નથી થઈ. એ અશુદ્ધ પરિણતિને એક કરીને અનુભવે છતાં આત્મા અશુદ્ધ થયો નથી. આહા..હા..! એ તો પર્યાયમાં થયો છે.

વસ્તુ અશુદ્ધ થઈ નથી. વસ્તુ તો છે ઈ છે. સમજાણું કાંઈ? '**એક કરીને અનુભવતાં એક થતી નથી,** કેમકે ઘણું અંતર છે.' આહા..હા..! જુઓને, પહેલું કહ્યું હતું કે નહિ?

**શ્રોતા :-** અંતર છે નહિ, અંતર ચાલ્યું આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે..! ઘણો આંતરો ને ભગવાન! તું તો ચિદાનંદ શુદ્ધ જ્યોતિ છો અને પુણ્ય-પાપનો વિકાર, વિકાર મેલ અશુદ્ધ રંગ મેલ છે. ઘણું અંતર છે બેમાં. એ અંતર છે, પણ સ્વભાવ તરફની દૃષ્ટિ નથી એટલે અંતર દેખાતું નથી એમ કહે છે. ચૈતન્યની દૃષ્ટિ કરાવવી છેને? અજીવભાવ અચેતન જે ઉત્પન્ન થયો અને તારો ચૈતન્યભાવ બેયમાં ઘણું અંતર છે, ઘણું અંતર છે.

'**કેવું છે અવિવેકનાટ્ય? અનાદિથી એકત્વ સંસ્કારબુદ્ધિ ચાલી આવી છે-**' એ તો અનાદિનું ચાલ્યું આવે છે. સમય... સમય... સમય.. સમય... થઈને નવા-નવા થઈને. તદ્દન નવું નથી, એમ. પહેલાં પર્યાયમાં સંસ્કાર નહોતા અને નવા ઉત્પન્ન થયા છે એમ નથી. અનાદિથી છે. જેમ શુદ્ધ ચૈતન્ય ભગવાન અનાદિથી છે, એમ ભૂલ પણ અનાદિથી છે એમ કહે છે. સમજાણું કાંઈ? પહેલાં તો પર્યાયમાં શુદ્ધ હતો પછી અશુદ્ધ ભ્રમ થયો, એમ છે જ નહિ. અનાદિથી પુણ્ય-પાપ આદિ અશુદ્ધ પરિણતિ પર્યાયને એકત્વબુદ્ધિથી અનુભવે એ અનાદિની વાત છે. '**ચાલી આવે છે-એવું છે.**'

'**વળી કેવું છે અવિવેકનાટ્ય? જેમાં થોડુંક વિપરીતપણું નથી, ઘણું વિપરીતપણું છે.**' ક્યાં ચૈતન્ય સૂર્યપ્રકાશની મૂર્તિ અને ક્યાં પુણ્ય-પાપના ભાવ અંધકારની મૂર્તિ, અચેતનમૂર્તિ! બેને એક માન્યા, ઘણો વિપરીતભાવ છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! અહીં તો વળી શરીર અને વાણી તો ક્યાંય નાખ્યા નથી. એ તો પુણ્ય અને પાપની કૃત્રિમ વૃત્તિ અશુદ્ધતા ઉત્પન્ન થાય છે અને શુદ્ધ ચૈતન્યપ્રભુ આખું દળ ચૈતન્ય છે. (બે વચ્ચે) ઘણું અંતર છે. અને એકપણું માનવું ઘણું વિપરીતપણું છે! ઘણું વિપરીતપણું છે! ઘણું વિપરીતપણું છે!! આહા..હા..! સમજાણું કાંઈ? ઘણો મિથ્યાત્વભાવ, ઘણું વિપરીતપણું છે કહે છે. ઓહોહો..! એ શુભ-અશુભ પરિણામ મને લાભ કરશે, મારી ચીજમાં છે, મારી મોજૂદગીમાં એ પણ છે એવી માન્યતાનો ભાવ ઘણો વિપરીત છે. થોડું વિપરીતપણું નથી. '**महति**' શબ્દ પડ્યો છેને? મોટું નાટક તેં ઊભું કર્યું, ભાઈ! આહા..હા..!

'**કેવું છે પુદ્ગલ? સ્પર્શ, રસ, ગંધ, વર્ણગુણથી સંયુક્ત છે.**' એ બધા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિથી સંયુક્ત છે. પુદ્ગલ છેને રાગાદિ બધા. '**અને આ જીવવસ્તુ આવી છેઃ...**' જુઓ, પુદ્ગલમાં બધા નાખ્યા હોં અચેતન. ભગવાન તો '**રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ એવા અસંખ્યાત લોકમાત્ર અશુદ્ધરૂપ જીવના પરિણામ અનાદિ બંધપર્યાયથી વિભાવપરિણામ તેમનાથી રહિત છે...**' જુઓ, એ પુણ્ય અને પાપના વિકલ્પો અશુદ્ધપરિણતિ પુદ્ગલ છે અને ભગવાન આત્મા દયા, દાનનો રાગ અથવા

દ્વેષ, ક્રોધ, માન, કપટ, લોભ એવા અસંખ્યાત લોકપ્રમાણે **'અશુદ્ધરૂપ જીવના પરિણામ...'** દેખો, શુભાશુભપરિણામના અસંખ્ય પ્રકાર છે. દયા, દાન, ભક્તિના શુભપરિણામ, હિંસા, જૂઠાંના અશુભ પરિણામ, એવા અસંખ્ય પ્રકાર છે. શુભ-અશુભ ભેદ અસંખ્ય પ્રકારે છે. **'અશુદ્ધરૂપ જીવના પરિણામ અનાદિ બંધપર્યાયથી વિભાવપરિણામ તેમનાથી રહિત છે...'** એ અસંખ્ય લોકપ્રમાણ શુભ-અશુભપરિણામની અશુદ્ધ જાતથી શુદ્ધ પ્રભુ ભિન્ન છે એવી દૃષ્ટિ અજ્ઞાની કરતો નથી અને એકલા પુણ્ય-પાપની ભાવની ક્રિયા કરે છે અને માને છે કે મારું આત્મકલ્યાણ થઈ જશે. મોટો અચંબો છે! તારી ઘણી વિપરીત બુદ્ધિ છે એમ કહે છે. રાગ-દ્વેષમાં બધું આવી ગયું, હોં! રાગ-દ્વેષ એટલે શુભ-અશુભરાગ બેય. પુદ્ગલ-વિકાર. એ જીવના પરિણામ પુદ્ગલ-વિકાર. અનાદિ બંધપર્યાય, કર્મના પર્યાયમાં નિમિત્તમાં વિભાવ પરિણામ છે. એવી પર્યાયથી ભગવાન રહિત છે. શુદ્ધ ચૈતન્ય ભગવાનમાં તો અશુદ્ધ પરિણામ છે જ નહિ.

**'એવી, નિર્વિકાર છે એવી શુદ્ધ ચિદ્રૂપ વસ્તુ...'** દેખો! એ તો નિર્વિકાર છે શુદ્ધ ચિદ્રૂપ જ્ઞાનરૂપ પડ્યો છે. **'તે-રૂપ છે...'** દેખો! મય શબ્દ પડ્યો છેને? **'શુદ્ધ ચિદ્રૂપ વસ્તુ તે-રૂપ છે...'** વિકારરૂપ નથી. **'સર્વસ્વ જેનું...'** એ તો નિર્વિકારી ભગવાન સર્વસ્વ-બધું એનું પવિત્રતા જ્ઞાન, આનંદ ચૈતન્ય ભગવાન અનંત પવિત્ર ગુણ જેના સર્વસ્વ છે. વિકાર-ફિકાર એમાં છે જ નહિ. પુણ્ય-પાપ, દયા, દાનના વિકલ્પ, પંચમહાવ્રતના વિકલ્પ પણ એનામાં નથી. ઓહોહો..! અંદરમાં અજ્ઞાનીને સૂક્ષ્મ પ્રેમ અંદર પુણ્ય પરિણામનો રહી જાય છે એ બતાવે છે. એ અચેતનનો પ્રેમ છે, જડનો પ્રેમ છે, ચૈતન્યની રુચિ-દૃષ્ટિ નથી. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આ પ્રમાણે છે કે જેમ પાણી કાદવ મળતાં મેલું છે,...'** બીજું દૃષ્ટાંત આપ્યું. પહેલાં ધતૂરાનું દૃષ્ટાંત હતું. **'પાણી કાદવ મળતાં...'** કાદવ. **'મેલું છે, ત્યાં તે મેલાપણું રંગ છે,...'** તે મેલાપણું રંગ છે. **'રંગને અંગીકાર નહિ કરતાં બાકી જે કાંઈ છે તે પાણી જ છે;...'** રંગને અંગીકાર ન કરે તો બાકી જે કાંઈ પાણી છે. **'તેમ જીવને કર્મબંધપર્યાયરૂપ અવસ્થામાં રાગાદિ ભાવ રંગ છે,...'** એ કાદવનો રંગ છે પાણીમાં, એવો પુણ્ય-પાપ, દયા-દાન, ભક્તિ, વ્રત-તપનો વિકલ્પ એ આત્મામાં રંગ છે. રાગાદિ રંગ છે, મેલ છે. ભગવાન નિર્મળાનંદ પ્રભુ છે. પાણી જેવો છે. રંગ કાઢી નાખો તો એકલું પાણી નિર્મળ ચિદાનંદ છે. સમજાણું કાંઈ? રાગાદિ ભાવ રંગ છે. પુણ્ય-પાપના વિકલ્પ છે એ રંગ છે. કાદવનો રંગ જેમ પાણીમાં દેખાય છે, એમ ભગવાન આત્મામાં પુણ્ય-પાપના પરિણામ તો કાદવ જેવા, કીચડ જેવો રંગ છે. **'રંગને અંગીકાર નહિ કરતાં...'** એ અશુદ્ધ પરિણામરૂપી રંગને અંગીકાર નહિ કરતાં **'બાકી જે કાંઈ છે તે ચેતનધાતુમાત્ર વસ્તુ છે.'** એનાથી રહિત ચેતનધાતુ માત્ર વસ્તુ છે. ચૈતન્યધાતુ જ્ઞાનધાતુ, જેણે જ્ઞાન ધાર્યું છે. જાણપણું સર્વજ્ઞસ્વભાવને જેણે ધાર્યો છે. સર્વજ્ઞસ્વભાવ જેમાં પડ્યો છે. ભગવાન

સર્વજ્ઞસ્વભાવ આત્મા છે. સર્વજ્ઞસ્વભાવ આત્મા એ ચૈતન્યધાતુ છે. વિકાર-ફિકાર અશુદ્ધમાત્ર એ જીવ નથી. એવી જીવની દૃષ્ટિ જેને નથી એ પુણ્ય-પાપને પોતાના માનીને મિથ્યાદૃષ્ટિ ચાર ગતિમાં રખડે છે. કહો, સમજાણું કાંઈ?

**'આનું નામ શુદ્ધસ્વરૂપ-અનુભવ જાણવું,...'** શું કહે છે? હવે સરવાળો લે છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સર્વજ્ઞસ્વભાવી ચૈતન્યધાતુ, જેમ સોનું ધાતુ છે તો સોનાપણું એણે ધારી રાખ્યું છે, એમ ભગવાન આત્મા ચૈતન્યધાતુ, જાણન-દેખનસ્વભાવ પરિપૂર્ણથી ભરેલો છે. એવો ભગવાન આત્મા, **'આનું નામ શુદ્ધસ્વરૂપ-અનુભવ જાણવું...'** એવા દ્રવ્યની અંતર્મુખ થઈને પુણ્ય-પાપની અશુદ્ધ પરિણતિને લક્ષમાંથી છોડીને એના અસ્તિત્વની મોજૂદગીની રુચિ છોડીને ચૈતન્યદ્રવ્યની મહાન સત્તા મોજૂદગી ઉપર દૃષ્ટિ રાખીને આ અનુભવ જાણવો **'કે જે સમ્યગ્દૃષ્ટિને હોય છે.'** એ વાત મિથ્યાદૃષ્ટિને હોતી નથી. આહા..હા..! મિથ્યાદૃષ્ટિ તો કોઈપણ પ્રકારે અંદરમાં 'શુભ-અશુભ પરિણામની પરિણતિ મારી છે' એમ માનીને એનો જ અનુભવ કરે છે. અચેતનનો અનુભવ અજ્ઞાનીનો છે અનાદિનો. અચેતનનો અનુભવ છે, ચેતનનો નહિ.

ભગવાન આત્મા ચેતનમાત્રધાતુ, ચૈતન્યધાતુમાત્ર. માત્ર કેમ કહ્યું? એ રાગાદિ નહિ. એમાં આનંદ આદિ ભલે હોય, પણ એ વિકલ્પ જેનાથી તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? વસ્તુ ભાવબંધથી પણ નિરાળી છે એને ચૈતન્યધાતુ અને આત્મા કહે છે. નવ તત્ત્વમાં ભગવાન આત્મા એકલી ચૈતન્યધાતુ વસ્તુ જ્ઞાનબિંબ સૂર્ય છે. એમાં વિકલ્પ જે આવે છે તીર્થંકરબંધનો કે જે ભાવે આહારક શરીરાદિ (બંધાય) એ બધા અજીવભાવ છે, અચેતનભાવ છે. એ અચેતનભાવથી ભિન્ન એકલી ચૈતન્યધાતુમાત્ર ભગવાન આત્મા છે. એને જાણીને શુદ્ધ સ્વરૂપનો અનુભવ જાણવું. એનો અનુભવ કરવો આ સમ્યગ્દૃષ્ટિને હોય છે. મિથ્યાદૃષ્ટિને અશુદ્ધ પરિણતિનો અનુભવ છોડીને શુદ્ધનો અનુભવ હોતો નથી. આહા..હા..!

ભગવાન! તારું પરિભ્રમણ, તારી અશુદ્ધ પરિણામની એકત્વબુદ્ધિથી થયું છે, કર્મથી નહિ, કર્મને તો નિમિત્તમાત્ર કહ્યું. પેલા રાડ નાખે છે કે નહિ, કર્મથી રખડે છે. અરે..! સાંભળ, ભગવાન! પરદ્રવ્યથી કોઈ દ્રવ્ય રખડે છે? તારી અશુદ્ધ પરિણતિ તારામાં તેં ઉત્પન્ન કરી એમાં કર્મ નિમિત્ત હોય. એ અશુદ્ધ પરિણતિમાં એકત્વબુદ્ધિ કરી જે ચૈતન્યસ્વભાવમાં નથી. એની સાથે એકત્વબુદ્ધિ માનીને એ પુદ્ગલ અચેતન નાચે છે. ચોર્યાસીના પરિભ્રમણ અચેતન નાચે છે. ભગવાન ચૈતન્ય નાચે? ભગવાન તો બધાને દેખવા-જાણવાના સ્વભાવમાં રહે. સમજાણું કાંઈ?

ચૈતન્ય પ્રભુ, ચૈતન્યમાત્ર ધાતુ એના સ્વરૂપની દૃષ્ટિ કરીને, એનો અનુભવ થવો કે આ ચેતન છે. અશુદ્ધપરિણતિ નહિ, પુણ્ય-પાપ અશુદ્ધપરિણતિ પર્યાય મારામાં નથી અને હું શુદ્ધ આનંદ જ્ઞાયકધાતુ છું' એવો અનુભવ સમ્યગ્દૃષ્ટિને થાય છે. મિથ્યાદૃષ્ટિને એવો અનુભવ થતો

નથી. કેમકે એની અશુદ્ધપરિણતિ ઉપર એકત્વબુદ્ધિ અનાદિથી પડી છે. તો એનાથી ભિન્ન થઈને શુદ્ધ ચૈતન્યનો અનુભવ થતો નથી અને અનુભવ થયા વિના સમ્યગ્દર્શન થતું નથી અને સમ્યગ્દર્શન વિના ધર્મની પહેલી શ્રેણી પણ પ્રગટ થતી નથી. ઓહોહો..! કેટલી વાત કરી જુઓ! કેટલા પ્રકારથી! આહા..હા..!

**શ્રોતા** :- ઠોસ વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઠોસ વાત છે.

હવે છેલ્લો ૧૩મો. આ અજીવનો છેલ્લો કળશ છે. જીવના ૩૨ હતા અને અજીવના ૧૩. કુલ ૪૫. કર્તાકર્મ ત્યાં આપણે રાજકોટથી ચાલ્યું છે પણ અહીંયાં ફરીથી લેવું છે. હિંમતભાઈ નહોતાને ત્યારે હિંમતભાઈ. હોય તો પણ ફરીને લેવું જોઈએ.

૧૩મો કળશ, સળંગ ૪૫મો. અજીવ અધિકારનો છેલ્લો કળશ.

**इत्थं ज्ञानक्रकचकलनापाटनं नाटयित्वा**
**जीवाजीवौ स्फुटविघटनं नैव यावत्प्रयातः।**
**विश्वव्याप्य प्रसभविकसद्व्यक्तचिन्मात्रशक्त्या**
**ज्ञातृद्रव्यं स्वयमतिरसात्तावदुच्चैश्चकाशे।।१३-४५।।**

છેલ્લો પૂર્ણ આત્માનો પ્રકાશ અસ્તિપણે સિદ્ધ કર્યો. '**ज्ञातृद्रव्यं तावत् स्वयं अतिरसात् उच्चैः चकाशे**' હવે અજીવના અભાવસ્વરૂપ ચૈતન્યદ્રવ્ય સમ્યગ્દર્શનમાં પ્રગટ થયું. એ કેવી ચીજ છે? '**ચેતનવસ્તુ...**' એ તો જ્ઞાતૃદ્રવ્ય છે. જાણક... જાણક... જાણક પદાર્થ છે. જાણક ચૈતન્યસૂર્ય સ્વભાવ ચૈતન્યદ્રવ્ય છે. '**વર્તમાનકાળે પોતાની મેળે...**' દેખો! ભગવાન આત્મા એ શુભપરિણામ કે વિકલ્પને કારણે પ્રગટ નથી થયો. એમ કહે છે. શું જીવસ્વભાવ અજીવસ્વભાવના આશ્રયે ઉત્પન્ન થાય છે? સમજાણું કાંઈ?

'**વર્તમાનકાળે પોતાની મેળે અત્યંત પોતાના સ્વાદસહિત...**' વિકલ્પ દયા, દાન આદિ અશુદ્ધપરિણતિ છે એનો સ્વાદ તો મેલો છે એને આશ્રયે આત્માની દૃષ્ટિ-અનુભવ થતો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? પોતાની મેળે. '**स्वयमतिरसात्**' '**अतिरसात्**' જુઓ! જે અશુદ્ધપરિણતિ મેલનો અનુભવ, કલુષિત અનુભવ, ક્લેશનો અનુભવ હતો. ચૈતન્ય ભગવાન પોતાના નિજ સ્વરૂપમાં અંતર દૃષ્ટિ કરતાં પોતાની મેળે, કોઈના આધાર વિના, પોતાના આનંદનો સ્વાદ લેવામાં કોઈનો આધાર નહિ. ઓહોહો..! ભગવાન પોતાનું નિજ સ્વરૂપ પ્રગટ કરવામાં આનંદનો અનુભવ કરતાં વિકલ્પ નામ એ વ્યવહાર-વિકલ્પાદિ અચેતન છે એનો બિલકુલ આધાર નથી. સમજાણું કાંઈ?

ચોથું ગુણસ્થાન પ્રગટ્યું પછી કેવળજ્ઞાન સુધી લઈ જશે. '**अतिरसात्**' શબ્દ પડ્યો છેને. '**અત્યંત પોતાના સ્વાદસહિત...**' એટલે ખાસ અતીન્દ્રિય આનંદનો ભગવાન પ્રગટ થયો. અંતર્મુખ અશુદ્ધપરિણતિનો પ્રેમ છોડીને, એકત્વબુદ્ધિ છોડીને ભગવાન શુદ્ધ ચિદાનંદ આત્મા,

એનાથી એકત્વ થઈને અતિરસાળ, અત્યંત પોતાના આનંદ સ્વાદસહિત **'उच्चैः' 'સર્વ પ્રકારે પ્રગટ થઈ.'** જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનેક પર્યાયથી પ્રગટ્યો. સમજાણું કાંઈ? એકલો આનંદ નહિ પણ આનંદ સાથે અને જ્ઞાન, દર્શન, વીર્ય આદિની પર્યાય પ્રગટ (થઈ), શુદ્ધ કરીને પ્રગટ થયો. કહો, સમજાણું કાંઈ?

**'સર્વ પ્રકારે પ્રગટ થઈ.'** અનંત જેટલા શુદ્ધ ગુણ છે (તે બધા પ્રગટ થયા). સમ્યગ્દર્શનમાં પણ સર્વગુણાંશ તે સમકિત. સમ્યગ્દર્શનમાં અનંત જેટલા શુદ્ધ ગુણ છે, એની દૃષ્ટિ અને અનુભવ થયો તો જેટલા શુદ્ધ છે તે બધાનો નિર્મળ અંશ પ્રગટ થયો. સર્વ ગુણની નિર્મળ નિર્વિકલ્પ વીતરાગી પરિણતિ પ્રગટ થઈ, સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં. ચૈતન્યધાતુ પૂર્ણ જ્ઞાયક પ્રભુ. જ્યાં શરીર, વાણી, મનની ક્રિયા એ તો ક્યાંય રહી, અશુભપરિણામ તો નહિ, શુભપરિણામનો ભેદ, આ ગુણી આત્મા અને આ ગુણ એવો વિકલ્પ ઊઠે એ પણ અચેતન છે. એવો વિકલ્પનો પણ આધાર નહિ અને એકલો સીધો જ્ઞાયક ભગવાન સ્વયં પોતાના અંતરમાં, પોતાના અવલંબને અતિ આનંદનો રસ લઈને સર્વ પ્રકારે એ આત્મા અનંત શક્તિનો ભંડાર, સર્વ પ્રકારે પર્યાયમાં પ્રગટ થયો. સમજાણું કાંઈ? **'अतिरसात् उच्चैः चकाशे'**

**'શું કરીને?' 'विश्वव्याप्य' 'સમસ્તજ્ઞેયોને પ્રત્યક્ષપણે પ્રતિબિંબિત કરીને.'** એ તો સમ્યગ્જ્ઞાન થયું તો આખું વિશ્વ જ્ઞેયરૂપ થઈ ગયું જ્ઞાનમાં. કેવળજ્ઞાનમાં તો થાય જ છે. સમજાણું કાંઈ? શ્રુતજ્ઞાનમાં પણ પ્રત્યક્ષ સમ્યગ્જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ (ત્યાં) આખું વિશ્વ જ્ઞેયરૂપ થઈ ગયું. સ્વજ્ઞેય અને પરજ્ઞેય બેયનું સર્વ જ્ઞાન પ્રગટ્યું. સમજાણું કાંઈ? **'व्याप्य' 'સમસ્ત જ્ઞેયોને...'** જુઓ, સમસ્ત જ્ઞેય. પોતાનું અને પર બધું **'પ્રત્યક્ષપણે પ્રતિબિંબિત કરીને.'** ત્રણલોકને જેના દ્વારા જાણીને પ્રકાશમાન છે. **'ત્રણલોકને કોના વડે જાણે છે? બલાત્કારથી પ્રકાશમાન છે...'** આહા..હા..! જોરથી જ્ઞાયક પ્રગટ્યો અંદરમાં. એકાકાર ચિદાનંદ છું. વિકલ્પમાત્ર મારામાં નથી, વ્યવહારમાત્ર મારી ચીજમાં નથી. એવા જ્ઞાયકસ્વરૂપ ઉપર અંતર અનુભવ-દૃષ્ટિ કરતાં બળાત્કાર—જોરથી જ્ઞેયને જાણે છે, કહે છે.

**'પ્રકાશમાન છે પ્રગટપણે એવો છે જે...'** ચૈતન્યમાત્ર સત્તા. **'જ્ઞાનગુણસ્વભાવ તેના વડે જાણ્યા છે...'** શક્તિ છેને? જ્ઞાનગુણની શક્તિ પ્રકાશ ચૈતન્યજ્યોત પોતાને જાણે અને પરને જાણે એવો ચૈતન્ય ભગવાનનો અનુભવ કરતાં વિકારની પરિણતિનો પ્રેમ છોડ, ભગવાન ચિદાનંદની અંતર રુચિમાં પરિણમન થયું (તો) અનંત શક્તિ પર્યાયમાં વિકાસમાન થઈ. ઓહોહો..! સમજાણું કાંઈ? **'चिन्मात्रशक्त्या'** જ્ઞાનગુણસ્વભાવ. શક્તિનો અર્થ એ કર્યો. એ સ્વભાવ જ જ્ઞાનગુણ જેનો પ્રકાશમય સર્વજ્ઞસ્વભાવ, સર્વદર્શીસ્વભાવ પોતાના નિજ સ્વભાવમાં પડ્યો છે. ભગવાન આત્મામાં અંતરમાં સર્વજ્ઞસ્વભાવ, સર્વદર્શીસ્વભાવ અંતરનો અનુભવ કરતાં અનંત ગુણની પર્યાય વિકાસમાન થઈ ગઈ અને પોતાની શક્તિ દ્વારા જાણ્યા છે ત્રણલોક જેણે. ત્રણલોક જેણે જાણ્યા છે. ઓહોહો..! સમજાય છે કાંઈ?

'વળી શું કરીને?' '**इत्थं ज्ञानक्रकचकलनात् पाटनं नाटयित्वा**' '**પૂર્વોક્ત વિધિથી ભેદબુદ્ધિરૂપી કરવતના વારંવાર અભ્યાસથી...**' લ્યો! ભેદબુદ્ધિ. ચિદાનંદ ભગવાન જ્ઞાનમૂર્તિ છે, વિકલ્પથી પર છે એવી ભેદબુદ્ધિ દ્વારા. એ કરવત-કરવત—આરી. કરવત મૂકતાં બે ટૂકડા થઈ જાય, એમ ભગવાન ચિદાનંદ પ્રભુ અને રાગ ભિન્ન છે, વિકલ્પ ભિન્ન છે, નિમિત્ત ભિન્ન છે અને સ્વભાવમાં પોતાની નિર્મળ પર્યાય આત્મા સાથે અભિન્ન (છે) એવો વારંવાર અભ્યાસ કરવાથી. આ ભેદજ્ઞાનનો અભ્યાસ કરવાથી. કોઈ દાયા, દાનનો વિકલ્પ કરવાથી આ થાય છે એમ નથી. એનાથી ભેદજ્ઞાન કરતાં થાય છે એમ કહ્યું. સમજાણું કાંઈ? કોઈ એમ કહે કે ના, ના; એ વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... કરતાં નિશ્ચય થાય છે, વ્યવહારથી નિશ્ચય થાય એની ના પાડે છે. એ વ્યવહાર અચેતન-વિકલ્પ છે. એનાથી તો ભેદ પાડવો છે. જેનાથી ભેદ પાડવો છે એનાથી લાભ થાય? સમજાણું કાંઈ? પહેલી ભૂમિકા શું છે એને સમજી તો લે, નિર્ણય તો કરે. એ વિના એને સમ્યગ્દર્શન ક્યાંથી થશે? અને સમ્યગ્દર્શન વિના ધર્મની શરૂઆત ત્રણકાળમાં, ત્રણલોકમાં થતી નથી. વ્રત કરે, ક્રિયાકાંડ કરે, બ્રહ્મચર્ય પાળે શરીરે એની સાથે કાંઈ આત્માને સંબંધ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કરવતના વારંવાર અભ્યાસથી જીવ-અજીવની ભિન્ન બે ફાડ કરીને.**' બે ફાડ કરીને. એક કોર જ્ઞાયક ભગવાન, એક કોર અશુદ્ધપરિણતિ અચેતન—(બેનું) ભેદજ્ઞાન કરીને. શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા એમાં રાગાદિ નથી, એવી ભેદજ્ઞાનની કરવત દ્વારા બે ફાડ કરીને, ફાડ એટલે ભાગ પાડીને. ફાડી નાખ્યું. આમ બે લાકડા નથી ફાડી નાખતા? ચીરી નાખ્યું ચીરી. લાકડું ફાડી નાખે છેને. લાકડાના બે ફાડીયા. કુહાડો મારે. બે ફાડ પડી ડાય. એમ કહે છે કે ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનઘનની જ્યાં દૃષ્ટિ થઈ અને પુણ્ય-પાપના વિકલ્પથી ભેદજ્ઞાનનો અભ્યાસ વારંવાર કર્યો તો બે ફાડ થઈ ગઈ. એક કોર ભગવાન ચૈતન્ય રહી ગયો, એક કોર રાગ રહી ગયો. સમ્યગ્દૃષ્ટિ રાગથી મુક્ત છે. સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી મુક્ત છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ વ્યવહારથી મુક્ત થઈ ગયો. ફાડ થઈ ગઈને? સમજાણું કાંઈ? લોકોએ સમ્યગ્દર્શનને તો એવી મૂળા અને ભાજી જેવી ચીજ બનાવી દીધી છે. ભાઈ, આ માનો, આ માનો થઈ ગયું. અરે.. ભગવાન! તને ખબર નથી સમ્યક્ શું છે? કેમ? ઓમપ્રકાશજી!

'**કરવતના વારંવાર અભ્યાસથી...**' ભેદજ્ઞાન. ભાષા શું છે જુઓ, ભેદબુદ્ધિરૂપી કરવત. રાગ અને ભગવાન એકબુદ્ધિથી અથવા રાગથી લાભ થાય એમ છે જ નહિ. એ વિકલ્પ ઊઠે છે એ અચેતનભાવ છે, ભગવાન ચૈતન્ય છે. એ તરફ વારંવાર ઢળવાથી, જ્ઞાયકભાવ તરફથી વારંવાર ઢળવાથી, વારંવાર રાગથી ભિન્ન પાડવાથી એવી બે ફાડ થઈ ગઈ. ચેતન એક બાજુ રહી ગયો, એક કોર રાગ રહી ગયો. ભિન્ન છે. સમજાણું કાંઈ? પર્વત ઉપર

પત્થર હોય છેને પત્થર? મોટો પત્થર હોય એમાં સાંધ હોય છે, રગ-રગ. એમાં સુરંગ નાખે છેને સુરંગ? નહિ? દારૂ નાખે છે. દારૂ નાખે. લાખો પત્થર નીકળી જાય લાખો મણ. એવો મોટો પત્થર હોય ને ડુંગરમાં, પર્વતમાં. એમાં રગ હોય છે જીણી. એ રગ હોય છે જીણી દોરા જેવી. એમાં સુરંગ નાખે. પત્થરની વચ્ચે ન નાખે. સાંધમાં નાખે. નીચેનું જુદું, ઉપરનું જુદું. સંધિ છે. સંધિ, નિઃસંધિ નથી થઈ. પહેલાં આવી ગયું છે ક્યાંક. રાગ અને આત્માની સંધિ છે, નિઃસંધિ એકરૂપ નથી થયા કોઈ દી. એ આવ્યુંને? કર્તાકર્મમાં આવ્યું છે ક્યાંક આવ્યું છે. ક્યાંક આવી ગયું છે એ. સંધિ નિઃસંધિ નથી થઈ. જીવમાં હશે. ત્યાં વાંચ્યુંને હમણાં. સમજ્યા?

જેમ મોટો પત્થર હોયને લાખો મણનો, કરોડો મણનો. એમાં એવી ઝીણી રગ હોય છે. એમાં સુરંગ દારૂ નાખે દારૂ. પછી અગ્નિ લગાવે તો લાખો મણ ઊડી જાય. એમ ભગવાન આત્મા ચૈતન્ય અને પુણ્ય-પાપના વિકલ્પ વચ્ચે સંધિ છે. સમજાણું કાંઈ? નિઃસંધિ થયા નથી. એક થયા જ નથી કોઈ દી. એમાં એકાકાર થઈને બે ફાડ કરીને, બેને જુદાં કરે.

'**કોઈ પ્રશ્ન કરે છે કે જીવ-અજીવની બે ફાડ તો જ્ઞાનરૂપી કરવત વડે કરી, તે પહેલાં તેઓ કેવા રૂપે હતા?**' સમજાણું કાંઈ? ભગવાન ચિદાનંદ પ્રભુ ચૈતન્યપ્રકાશનો પુંજ પ્રભુ, એમ રાગ અને વિકલ્પથી ભિન્ન પાડીને બે ભાગ તો કર્યા. તે પહેલાં કેવા હતા? '**અનંતકાળથી માંડીને જીવ અને કર્મનો એકપિંડરૂપ પર્યાય પ્રગટપણે ભિન્ન-ભિન્ન થયો નહોતો.**' સંધિ છે પણ પ્રગટ રૂપે ભિન્ન થયા નથી. જુદાં પ્રગટરૂપે નથી. છે ભિન્ન, પ્રગટરૂપે નથી થયા.

'**ભાવાર્થ આમ છે કે જેવી રીતે સુવર્ણ અને પાષાણ મળેલાં ચાલ્યાં આવે છે, અને ભિન્નભિન્નરૂપ છે...**' ખાણમાં, ખાણમાં. '**તોપણ અગ્નિના સંયોગ વિના પ્રગટપણે ભિન્ન થતાં નથી,...**' અગ્નિના સંયોગ વિના પ્રગટપણે ભિન્ન થતાં નથી. '**અગ્નિનો સંયોગ જ્યારે પામે ત્યારે જ તત્કાળ ભિન્ન-ભિન્ન થાય છે; તેવી રીતે જીવ અને કર્મનો સંયોગ અનાદિથી ચાલ્યો આવે છે, અને જીવ-કર્મ ભિન્ન-ભિન્ન છે તોપણ શુદ્ધસ્વરૂપ-અનુભવ વિના...**' ઓલી અગ્નિ હતી. '**શુદ્ધસ્વરૂ-અનુભવ વિના...**' ચિદાનંદ ભગવાન પૂર્ણ શુદ્ધના અનુભવ વિના '**પ્રગટપણે ભિન્ન-ભિન્ન થતાં નથી;...**' ભિન્ન હોવા છતાં અંતરમાં ભગવાન જ્ઞાયકમૂર્તિ શુદ્ધ એનો અનુભવ-સમ્યગ્દર્શન વિના ભિન્ન થતાં નથી. '**જે કાળે શુદ્ધસ્વરૂપ-અનુભવ થાય છે તે કાળે ભિન્ન-ભિન્ન થાય છે.**' લ્યો! ખલાસ થઈ ગયું. જીવ-અજીવ બે ભિન્ન પડી ગયા. '**જે કાળે શુદ્ધસ્વરૂપ-અનુભવ થાય છે...**' દૃષ્ટિ લગાવીને થયો તે કાળે શુદ્ધ થાય છે, બે ભિન્ન થઈ ગયા અને મુક્તિ થઈ ગઈ. સમ્યગ્દર્શનમાં મુક્તિ થઈ તો ક્રમે-ક્રમે સ્થિર થઈને કેવળજ્ઞાન પામશે. એકલો જીવ રહ્યો. એકલો જીવ રહી ગયો. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રી સમયસાર, ગાથા-૭૫**
**પ્રવચન નં.૧૩૮, તા.૧૬-૦૫-૧૯૬૯**
**(૨૦)**

ધર્મી જ્ઞાનીની દૃષ્ટિ પોતાના ત્રિકાળ ધ્રુવ ઉપર હોવાથી, ધ્રુવ સ્વભાવનું પરિણમન અશુદ્ધ નથી થતું. સમજાણું કાંઈ? અહીંયા ધર્મીની વાત ચાલે છે. ધર્મી આત્મા પુણ્ય-પાપના રાગથી અને કર્મથી અને શરીરથી એટલે ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મથી ભિન્ન પોતાનું શુદ્ધ ચૈતન્ય ધ્રુવસ્વરૂપ છે એમ દૃષ્ટિમાં આવતા ધર્મીને શુદ્ધપરિણમન થાય છે. સમજાણું કાંઈ? જે કાંઈ અશુદ્ધ રહ્યું ઈ કહે છે જુઓ, આવ્યુંને ત્યાં? **'પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક...'** હવે પછી ધર્મીને એમ કહેવું એ વ્યવહાર છે. પણ એની દશામાં કહેવું એ પણ વ્યવહાર છે. પણ ભાષા (શું કરે?) સમજાણું કાંઈ?

ધર્મીની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ચૈતન્ય આનંદધામ ભગવાન, ધ્રુવ નિત્યસ્વભાવ એના ઉપર દૃષ્ટિ હોવાથી એને ધર્મી કહેવામાં આવે છે. એ ધર્મીની પર્યાયમાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે તો શુદ્ધ પરિણમન જ છે. ધર્મીનું તો જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ આદિની પર્યાયનું પરિણમન છે. એ એનું કર્મ છે અને એનો કર્તા આત્મા છે. હવે બાકી રહ્યો રાગ, બાધકરૂપ જે વચ્ચે રાગ આવે છે દયા, દાન, વ્રત, ભક્તિ આદિના વિકલ્પો એ પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક થઈને... આત્માની નિર્મળ નિશ્ચય દશાની અપેક્ષા રાખ્યા વિના એ રાગ સ્વતંત્ર કર્મ વ્યાપક, કર્મ પ્રસરીને વિકાર થાય છે એવું અહીંયાં દૃષ્ટિના વિષયમાં એ નથી એ અપેક્ષાથી વિકાર કર્મવ્યાપક છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? પાછા કહે જુઓ, કર્મ વ્યાપક છે તો થઈ રહ્યું. નિમિત્તે કરાવ્યો એને વિકાર. એ નિમિત્તે કરાવ્યું એ પ્રશ્ન અહીં છે નહિ. અહીં તો વસ્તુના સ્વભાવમાં ચૈતન્યમાં રાગ નથી તો એવી દૃષ્ટિ જ્યાં ધર્મીની થઈ, તો બાકી રહેલો રાગ એ પરદ્રવ્ય છે. એ રાગ એ પરદ્રવ્ય છે અને રાગનો કરનાર પુદ્‌ગલ પણ પરદ્રવ્ય છે. તો પરદ્રવ્યથી ઉત્પન્ન થયેલો રાગ એ પરદ્રવ્યનું જ કાર્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્‌ગલપરિણામનો કર્તા છે...'** પુદ્‌ગલ પરિણામનો અર્થ શુભ-અશુભરાગની દશા અને શરીર, વાણીની દશા એ બધાની દશાનો કર્તા એ પુદ્‌ગલપરિણામનો કર્તા પુદ્‌ગલ છે અને પુદ્‌ગલપરિણામ પુણ્ય અને પાપનો વિકલ્પ રાગ અને શરીર, વાણીની અવસ્થા એ પુદ્‌ગલપરિણામ છે. એ વ્યાપકથી—એ કર્મ અને પુદ્‌ગલના વ્યાપકથી—પુદ્‌ગલના પ્રસરવાથી સ્વયં વ્યાપ્ય હોવાને લીધે... એ વિકારી પર્યાય અને જડની

અવસ્થા સ્વયં વ્યાપક હોવાથી પુદ્‌ગલનું કર્મ છે, એ આત્માનું કર્મ નથી. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

આ મંદિર બને છે. ધર્મીનો જીવ એમાં નિમિત્ત કહેવામાં આવે છે, એ પણ નહિ એમ અહીં તો કહે છે. કેમકે પરમાણુ જગતની ચીજ છે એ પલટીને એની વ્યાપ્ય અવસ્થા પુદ્‌ગલની છે, પુદ્‌ગલ વ્યાપક છે અને પુદ્‌ગલનું મંદિર બનવું એ વ્યાપ્ય અવસ્થા પુદ્‌ગલની છે. આત્માની નહિ અને આત્મા એને કરતો નથી. અને એમાં જે શુભભાવ થયો એ શુભભાવનો વ્યાપક પુદ્‌ગલ છે અને વ્યાપ્ય શુભભાવ છે. વસ્તુ એવી છે. એમ નહિ કે કર્મે વિકાર કરાવ્યો એ પ્રશ્ન અહીંયા નથી. અહીં તો કર્મ અને વિકાર અવસ્થા બેય પરમાં છે, આત્મામાં નથી એ અપેક્ષાએ પુદ્‌ગલપરિણામ પુણ્યભાવને પણ પુદ્‌ગલપરિણામ કહ્યા અને મંદિરની અવસ્થાને પુદ્‌ગલપરિણામ કહ્યા. બેય પુદ્‌ગલપરિણામ છે. એ પુદ્‌ગલપરિણામ સ્વયં વ્યાપક થઈને પુદ્‌ગલનું સ્વયં કર્મ થાય છે, આત્માનું ધર્મીનું એ કર્મ નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ભારે કામ આકરું. અમે ન હોય તો આ થાય? લ્યો, આટલા ખરડા થયા જુઓ, મક્ષીમાં કેટલા થયા. જોયું? ૭૦ હજાર. એક અડધા કલાકમાં ૭૦ હજાર રૂપિયા. ધડધડાટ.

**શ્રોતા :-** બધું આપના પુણ્ય પ્રતાપે થયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પુણ્ય પ્રતાપે થયું એમ લોકો કહે છે. પુણ્યવાળા છે?

અહીં તો કહે છે કે વ્યવહાર-રાગવાળો આત્માને કહેવો ધર્મીને એ પણ સત્ય નથી. આહા..હા..! વ્યવહાર-આસ્રવ જે રાગ છે શુભરાગ, વ્યવહાર વચ્ચે આવે છેને? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રત આદિનો વિકલ્પ ભક્તિનો આવ્યો એ રાગવાળો આત્માને કહેવો ધર્મીને એ પણ મિથ્યાત્વભાવ છે. બીજો માને તો અને એ માને તો પણ મિથ્યાત્વ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

પુરુષાર્થસિદ્ધિ ઉપાયની ગાથા બતાવી હતીને ૧૪મી, ૧૪મી. આ જગતમાં '**असमाहितोऽपि**' ભગવાન આત્મા વિકાર પરિણામ અને કર્મ અને શરીર એનાથી રહિત છે, છતાં '**बालिशानां**' અજ્ઞાનીને સહિત ભાસે છે એ જ મિથ્યાત્વ ભવનું બીજ છે. આહા..હા..! '**असमाहितोऽपि युक्त इव प्रतिभाति**' ૧૪મી ગાથા છે પુરુષાર્થસિદ્ધિ ઉપાયની. ધર્મીને વ્યવહારવાળો હું છું (એમ માને તો) હું આસ્રવવાળો છું એમ થયું. સમજાણું કાંઈ? એવી વાત છે. એ વાત અહીં લીધી છે, જુઓને! ત્યાં પુરુષાર્થસિદ્ધિ-ઉપાયમાં એ શ્લોકના કર્તા અમૃતચંદ્રાચાર્ય છે. આ ટીકાના કર્તા અમૃતચંદ્રાચાર્ય છે.

કહે છે કે અજ્ઞાનીને વસ્તુના સ્વભાવની ખબર નથી તો સ્વભાવ ઉપર દૃષ્ટિ નથી અને વિકૃત અવસ્થા ઉત્પન્ન થાય એથી પોતાના અજ્ઞાનને કારણે 'તે હું છું તો એનો કર્તા હું અને એ મારું કર્મ' એમ પર્યાયબુદ્ધિમાં થાય છે, વસ્તુના સ્વભાવનું અજ્ઞાન હોવાને કારણે. સમજાણું કાંઈ? તો વિકારી પરિણામ અજ્ઞાનીનું કાર્ય અને અજ્ઞાનનો એ કર્તા. પરવસ્તુનો

કર્તા તો એ અજ્ઞાની પણ નથી. મંદિર આદિ બનવું, વાણી આદિ થવી, શરીરનું ચાલવું એ ક્રિયાનો કર્તા તો અજ્ઞાની પણ નથી. અજ્ઞાની એના સ્વભાવની મર્યાદા છોડીને, જ્ઞાનસ્વરૂપ ચિદ્દ્ઘન છે, એકલો જ્ઞાયકભાવ નિત્ય ધ્રુવ એ સ્વભાવનો અનાદર કરીને પુણ્ય અને પાપના રાગરૂપ હું છું, એ રાગરૂપ છે નહિ છતાં રાગરૂપ છું, એવી અજ્ઞાનીની માન્યતા રાગનું કર્મ એનું અને અજ્ઞાન કર્તા એમ અજ્ઞાનીને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**પુદ્‌ગલપરિણામ તે વ્યાપક વડે...**' પુદ્‌ગલથી. વ્યાપક એટલે પુદ્‌ગલથી '**સ્વયં વ્યાપતું હોવાથી...**' એ પુણ્યના-પાપના ભાવ સ્વયં પુદ્‌ગલપરિણામ, પુદ્‌ગલ વ્યાપકથી વ્યાપ્ત થાય છે, આત્માથી બિલકુલ નહિ. ધર્મી આત્માથી રાગ વ્યાપ્ત થાય અને વ્યાપક ધર્મીનો આત્મા થાય એમ નથી. ધર્મી આત્માનો વ્યવહાર-વિકલ્પ જે છે એ વ્યાપ્ય છે અને આત્મા એનો વ્યાપક છે એમ નથી. આહા..હા..! લ્યો, આ વ્યવહારની રાડ પાડે છે લોકો. વ્યવહાર.. અરે..! પણ તારો વ્યવહાર માનવો એ જ મિથ્યાત્વ છે. સાંભળ તો ખરા. અહીં તો ઈ કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન અખંડાનંદ ચૈતન્ય આનંદકંદ મહા-આનંદની મૂર્તિ અનંત-અનંત આનંદ આદિ ચતુષ્ટય જે પ્રગટે છે પરમાત્માને, એવા અનંત-અનંત આનંદ ચતુષ્ટય જેમાં અંતર ભર્યા છે એવી ચીજ છે એ ચીજનો આદર નથી, દૃષ્ટિ નથી, અજ્ઞાન છે એ વિકારનો કર્તા થઈને વિકારનું કર્મ પોતાનું માને છે. વ્યવહાર મારું કાર્ય છે અને વ્યવહારનો હું કર્તા છું એમ અજ્ઞાની વ્યવહારી મિથ્યાદૃષ્ટિ પર્યાયબુદ્ધિ માને છે. સમજાણું કાંઈ?

વસ્તુ સત્‌ચિદાનંદ સત્‌સ્વરૂપ મહા સત્‌સ્વરૂપ. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રનો સત્‌સમાગમ કરવો કે નહિ? તું સત્ નથી? શું તું સત્ નથી? તારી અપેક્ષાએ તો દેવ-ગુરુ, આ અપેક્ષાથી અસત્ છે. એની અપેક્ષાએ સત્ છે અને તારી અપેક્ષાએ અસત્ છે. આહા..હા..! તો તારું સત્ નથી તારી પાસે? તું સત્ નથી? આહા..હા..! પરિપૂર્ણ કૃતકૃત્ય ચિદાનંદ સ્વરૂપ એવી સત્‌ની દૃષ્ટિ થઈ તો એણે સત્‌સમાગમ કર્યો. સમજાણું કાંઈ? તો એ સત્‌સમાગમમાં રાગનું કર્તવ્ય મારું, વ્યવહારનું કર્તવ્ય મારું એમ હોતું નથી. આહા..હા..! ભારે વાત, ભાઈ!

'**તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી કર્મ છે.**' ત્યાં સુધી આવ્યું હતું કાલે. '**તેથી...**' કાલે આવ્યા હતાને? એ શ્વેતાંબરના પ્રમુખ હતા. અહીં નહોતા બેઠા? .. અહીંયાં ભાવનગરમાં શ્વેતાંબરના પ્રમુખ-શેઠ છે. એને અહીંનો પ્રેમ છે. પ્રમુખ ત્યાંના છે, પ્રેમ અહીંયાંનો છે. વાત આ સાચી છે. ૨૦ હજાર માણસ છે ત્યાં શ્વેતાંબરમાં.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, અહીંયાં આવે છેને, ઘણીવાર આવે છે. વાત સાચી છે. શું કરે? વાડામાંથી નીકળવું ભારે કઠણ!

'**તેથી પુદ્‌ગલદ્રવ્ય વડે કર્તા થઈને...**' જુઓ, આમાં આવે ખરુંને? કે જ્ઞાનીનો રાગ

તો પુદ્‌ગલ દ્વારા કર્તા છે. હવે અહીં કહે છે અને તમે કહો કે ના, ના, પણ એ કઈ અપેક્ષાએ કહ્યું છે? સાંભળ તો ખરો.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પુદ્‌ગલ. પણ કઈ અપેક્ષાએ? અહીંયાં આત્મદ્રવ્યનું કાર્ય નથી એ અપેક્ષાએ દ્રવ્યદષ્ટિવંતને દ્રવ્યનું કાર્ય નથી તો દ્રવ્યદષ્ટિવંતને રાગ દ્રવ્યનું કાર્ય નથી, એ તો પુદ્‌ગલનું કાર્ય છે એમ કહેવામાં આવે છે. આહહા..!

જેમ અજીવ આત્માથી ભિન્ન છે એમ વિકારી ક્ષણિક પર્યાય પણ આત્માથી ભિન્ન છે, અત્યંત અભાવ છે. જેમ પરવસ્તુનો આત્મામાં અત્યંત અભાવ છે, એમ પુણ્યનો વ્યવહાર વિકલ્પ ઊઠે છે એનો આત્મામાં અત્યંત અભાવ છે. આ .. ચીજ પરની અને પોતાના સ્વભાવવાળી ચીજ એમ જ્યાં દષ્ટિ થઈ તો એ વિકારભાવ આત્માનું કાર્ય નહિ પણ પરનું કાર્ય છે અને જ્ઞાતાનું વ્યવહારે જ્ઞેય થાય છે એમ કહેવામાં આવે છે. હું જ્ઞેય કરું એમ નહિ. સમજાણું કાંઈ? ચીજ એવી છે. વસ્તુસ્થિતિ એવી છે. એ કોઈએ કરી કરાવી નથી. એ સ્વરૂપ જ એવું છે. એમ ન હોય તો બીજું સ્વરૂપ શી રીતે હોઈ શકે?

'**તેથી પુદ્‌ગલદ્રવ્ય વડે કર્તા થઈને...**' જુઓ, શરીરની પર્યાય જેમ પુદ્‌ગલ દ્વારા થઈ, એમ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ પુદ્‌ગલ દ્વારા થયો એમ કહે છે, આત્મ દ્વારા નહિ. આત્મામાં ક્યાં છે રાગ તે આત્મા દ્વારા થાય? સમજાણું કાંઈ? '**પુદ્‌ગલદ્રવ્ય વડે કર્તા થઈને...**' સ્વદ્રવ્ય દ્વારા કર્તા નથી તો પુદ્‌ગલદ્રવ્ય વડે કર્તા થઈને એમ ભિન્ન પાડીને વાત કરી છે. ભેદજ્ઞાનીની વાત છે અહીંયાં. વિકાર ઉપાદાન પોતાનું છે ત્યારે કર્મ નિમિત્ત છે, એમ વાત તો બરાબર છે; પણ અહીંયાં તો અશુદ્ધ વિકાર છે એ શુદ્ધ ઉપાદાનમાં નથી. અશુદ્ધ ઉપાદાન વિકાર પોતાનું છે તો કર્મ નિમિત્ત છે. પણ કર્મથી થયું એમ નથી. પણ અહીં તો શુદ્ધ ઉપાદાનની દષ્ટિ જ્યાં થઈ એ અપેક્ષાએ અશુદ્ધ ઉપાદાનને પણ પરમાં નાખી દીધું છે. સમજાણું કાંઈ? કેમકે સ્વભાવ ચૈતન્ય જ્ઞાતા આનંદસ્વભાવ એનાથી એ રાગ, વિકલ્પ-વ્યવહાર એ તો વિપરીત છે. વિપરીત ગણીને એને અચેતન ગણીને એ અચેતનનું કાર્ય છે, ચૈતન્યસ્વભાવનું કાર્ય નથી એમ કહેવામાં આવ્યું છે. કર્મથી થયું છે એમ અહીંયાં સિદ્ધ કરવું છે એમ વાત નથી. સ્વભાવથી ઉત્પન્ન થતું નથી તો પરથી ઉત્પન્ન થાય છે એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? જીવદ્રવ્ય જે છે, વસ્તુ છે, ભગવાન ચિદાનંદ કંદ, જ્ઞાનનો કંદ આનંદસ્વરૂપ ધ્રુવ ચૈતન્યસ્વભાવ એવી ધ્રુવ વસ્તુ નિત્યાનંદ, સદાનંદ એવી ચીજ ઉપર જ્યાં દષ્ટિ થઈ તો એ સદાનંદ આત્મા રાગરૂપે થાય એમ ક્યાંથી બને? રાગ ક્યાં એમાં છે? સમજાણું કાંઈ?

'**જે સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્‌ગલપરિણામ...**' સમસ્ત. પુણ્ય-પાપના પરિણામ, સુખ-દુ:ખની કલ્પનાના પરિણામ, હરખ-શોકના પરિણામ અને શરીર, વાણીની પર્યાયના પરિણામ

એ બધા પુદ્‌ગલપરિણામ છે. **'તેને જે આત્મા પુદ્‌ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ...'** સ્વતંત્ર પુદ્‌ગલદ્રવ્ય, સ્વદ્રવ્ય આત્મા સિવાય પુદ્‌ગલદ્રવ્ય. સ્વદ્રવ્ય પરિણમે તો તો શુદ્ધરૂપે પરિણમે છે તો સ્વદ્રવ્યનું પરિણમન તો શુદ્ધ છે. તો શુદ્ધમાં જે અશુદ્ધ છે એ પરદ્રવ્યનું પરિણમન છે એવું ભેદજ્ઞાનમાં દેખાય છે. સમજાણું કાંઈ? આહા..!

ધર્મીને રાગ થયો એમ કહેવું એ પણ નથી. એ પણ વ્યવહારથી બતાવવું છે નિમિત્ત તરીકે. આહા..હા..! એને નથી, છે પુદ્‌ગલમાં, આત્મામાં નથી. આત્માના દ્રવ્યમાં નથી, એની શક્તિમાં નથી, એની પર્યાયમાં નથી. આવી વાત છે. છે ખરો, પણ ભિન્ન ચીજ છે. વ્યવહાર છે ખરો, પણ એ વ્યવહાર વ્યવાહર તરીકે આત્માના નિશ્ચયથી ભિન્ન છે. ભારે વાત, સમજાણું કાંઈ?

કહે છે કે એ પુદ્‌ગલપરિણામ છે પુણ્ય-પાપના ભાવ, શરીરની ક્રિયા આદિ. એ આત્મા **'પુદ્‌ગલપરિણામને...'** એટલે એ પુદ્‌ગલપરિણામને **'અને આત્માને...'** એ પુદ્‌ગલપરિણામ એટલે વ્યવહારરત્નત્રયના પુદ્‌ગલપરિણામને અને આત્માને **'ઘટ અને કુંભારની જેમ...'** ઘટ અને કુંભારની જેમ **'વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...'** ઘટની વ્યાપ્ય અવસ્થા અને કુંભાર વ્યાપક એમ છે નહિ. માટી વ્યાપક અને ઘટ વ્યાપ્ય એમ છે, પણ ઘટ વ્યાપ્ય અને કુંભાર વ્યાપક એમ કુંભાર અને ઘટની વચ્ચે વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ છે. સમજાણું કાંઈ? કુંભાર પ્રસરીને ઘટ થયો છે એમ છે? કુંભાર વિસ્તરીને, પ્રસરીને ઘડો થયો છે એમ નથી. એ તો માટી પ્રસરીને ઘડો થયો છે. તો જેમ ઘડા અને કુંભારમાં વ્યાપ્ય એટલે અવસ્થા, કુંભાર વ્યાપક એનો અભાવ છે. બરાબર છે? શું કહ્યું?

જેમ **'આત્મા પુદ્‌ગલપરિણામને...'** એટલે પુણ્ય-પાપના પરિણામ અને દેહની અવસ્થા એટલે બહારની અવસ્થા **'અને આત્મા...'** એ ભિન્ન આત્મા, બેની વચ્ચે **'ઘટ અને કુંભારની જેમ...'** ઘડા અને કુંભારની જેમ **'વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...'** ઘટ અને કુંભારની વચ્ચે અવસ્થા અને અવસ્થાયીપણાનો અભાવ છે. ઘટ પરિણામ અને કુંભાર પરિણામી એમ છે? ઘટ પરિણામ અને કુંભાર પરિણામી એમ છે?—એમ નથી. માટી પરિણામી અને ઘટ પરિણામ એમ છે, તો માટી અને ઘટ વચ્ચે વ્યાપ્યવ્યાપકનો સદ્‌ભાવ હોવાથી, માટી વ્યાપક છે અને ઘડો કૃત કર્મ છે. એમ કુંભાર અને ઘટ વચ્ચે જેમ વ્યાપ્યવ્યાપકનો અભાવ છે, એમ જ્ઞાનીને પુદ્‌ગલપરિણામ અને આત્મા વચ્ચે વ્યાપ્યવ્યાપકનો અભાવ છે. ભારે વાત ભાઈ! કઠણ છે.

**શ્રોતા :-** કુંભારથી ઘડો ન થાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન થાય, ન થાય. પણ કોણ કુંભાર પ્રસરે છે? લાંબો થઈને ઘડો થાય છે કે માટી લાંબી થઈને ઘડો થાય છે? એમ અહીંયાં લેવું છે. કુંભાર અને ઘડાની વચ્ચે વ્યાપ્ય એટલે અવસ્થા અને અવસ્થાયી અથવા ઘટ પરિણામ અને પરિણામી એનો

સદ્‌ભાવ નથી તેથી ઘટ કર્મ અને કુંભાર કર્તા એમ છે નહિ. ઘટ કર્મ અને કુંભાર કર્તા એમ છે નહિ, એમ પુદ્‌ગલ પરિણામ પુણ્ય-પાપ, દયા-દાન, વ્રતના પરિણામ અને આત્મા, બે વચ્ચે વ્યાપ્ય-વ્યાપકનો અભાવ હોવાથી વિકારી પરિણામ વ્યાપ્ય અને આત્મા વ્યાપક એનો અભાવ હોવાથી વિકારી પરિણામનો કર્તા આત્મા, વિકારી પરિણામ કર્મ એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

એનો અર્થ શું છે? કે અશુભભાવ આવ્યો, થયો. ધર્મીની દૃષ્ટિ અશુભભાવ ઉપર નથી. ધર્મીની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. તેથી અશુભ પરિણામ એનું કાર્ય નથી એમ કહ્યું. અશુભપરિણામ કર્તા થઈને કરે, દૃષ્ટિ રાખીને કરે અને એમ કહે કે અશુદ્ધપરિણામ પુદ્‌ગલના પરિણામ અને પુદ્‌ગલ સાથે સંબંધ રાખે છે, મારી સાથે નહિ. પણ તેં સંબંધ તો તોડ્યો નથી. રાગ હું નહિ, હું તો જ્ઞાયક ચિદાનંદ છું એવી દ્રવ્યદૃષ્ટિ થયા વિના અશુભરાગનું કાર્ય મારું નથી અને પુદ્‌ગલનું છે એ આવ્યું ક્યાંથી? સમજાણું કાંઈ? કેમકે અશુભ-શુભ પરિણામ ઉપર જ્યાં દૃષ્ટિ છે, દૃષ્ટિ તો ત્યાં છે, મીઠાશ તો ત્યાં છે. અશુભ રાગ આવ્યો, પ્રેમ અને રસ તો ત્યાં છે અને કહે છે કે અશુભપરિણામ મારું કાર્ય નથી. પણ કાર્ય નથી એ ક્યાંથી આવ્યું તને? એ અશુભપરિણામ ઉપર તો તારી દૃષ્ટિ છે પર્યાયબુદ્ધિમાં. અશુભપરિણામથી ખસીને દ્રવ્યદૃષ્ટિ જ્ઞાયક ઉપર દૃષ્ટિ છે અને દૃષ્ટિનો વિષય નથી એનો એ સ્વામી નથી, સ્વચૈતન્યનો સ્વામી ધર્મી છે. એ કારણે રાગ આવ્યો એ રાગનું કર્મ પુદ્‌ગલનું છે અને પુદ્‌ગલ એનો કર્તા છે. આત્મા કર્તા છે અને આત્માનું કર્મ વિકાર છે (એમ ધર્મીને નથી). ધર્મીની દૃષ્ટિમાં ધર્મી આત્મા દૃષ્ટિમાં આવ્યો છે તેથી. સમજાણું કાંઈ? વજુભાઈ! આ ઓલા પાછા ગડબડ કરશે. મારે તો ભાઈ એ બસ, દેહની ક્રિયા થવાની હતી તે થઈ. તમે નહોતા કહેતા કે એ પોતાની ક્રિયા નથી અને અશુભરાગ પણ આત્માનો નથી. બરાબર છે. અશુભરાગ આત્માનો નથી, આત્માનો નથી એમ ભિન્ન પાડ્યું છે તેં? ભિન્ન પાડ્યું હોય તો તારી દૃષ્ટિ તો જ્ઞાયક ચિદાનંદ ધ્રુવ આનંદ ઉપર હોય. આનંદની ઉપર દૃષ્ટિ હોય, તો તો રાગ ઉત્પન્ન થયો એનાથી તારી દૃષ્ટિ ભિન્ન થઈ ગઈ. સમજાણું કાંઈ?

ઘણા એમ કહે કે લ્યો! તમે નહોતા કહેતા કે જ્ઞાનીને (રાગ નથી). અમે પણ જ્ઞાની છીએ બસ, અમારે અશુભરાગ આવે એ અમારું કામ નથી. અશુભરાગને અમે જાણીએ છીએ. એને જ્ઞેય તરીકે જાણીએ છીએ. બરાબર છે. જ્ઞેય તરીકે ક્યારે જણાયું કહેવાય? કે જ્યારે ચૈતન્ય જ્ઞેય અખંડાનંદ પૂર્ણ ધ્રુવ છે એને જ્ઞાનમાં જ્ઞેય બનાવ્યું હોય એને રાગ વ્યવહારે જ્ઞેય તરીકે જાણવામાં આવે છે, એ પણ વ્યવહારથી. બાકી એને જાણવાનું પણ નથી. એ સંબંધી પોતાનું જ્ઞાન છે એને જ્ઞાની જાણે છે. અરે..! શું થાય? સમજાણું કાંઈ?

ઓલું આવ્યું છેને જરી? એમ આવ્યું છે, લ્યો આ, પ્રવચન બહાને ટોડરમલનું પણ ખંડન કરે છે. અરે.. ભગવાન! તને ખબર નથી, ભાઈ! એમ કે કર્મજનિત શુભાશુભભાવ.

આવે છેને? કર્મજનિત શુભાશુભભાવનો પણ જ્ઞાની કર્તા નથી અને શરીર આશ્રયે વ્રતાદિ ક્રિયાનો કર્તા થાય તો મિથ્યાદૃષ્ટિ છે. એ પરમાર્થ-વચનિકામાં આવે છે. ત્યાં તો કર્મજનિતનો અર્થ દ્રવ્યસ્વભાવજનિત નહિ, એમ કહેવું છે. નહિ કે કર્મથી ઉત્પન્ન થયું છે. એ તો પરદ્રવ્ય છે. કર્મ તો પરદ્રવ્ય છે. પણ નિમિત્તને આધીન જે ભાવ થયો એ એનો છે એમ કહીને જ્ઞાની એનો કર્તા નથી, જ્ઞાની એને જાણનાર છે. એને જાણનાર કહેવો એ પણ વ્યવહાર છે. જ્ઞેય બનાવવો. રાગને જ્ઞેય બનાવવો. શું બનાવે? આ વ્યવહારને જ્ઞેય બનાવ્યો. શું જ્ઞેય બનાવ્યું?

પોતાનું સ્વરૂપ ચૈતન્ય જ્ઞાયક દૃષ્ટિમાં લીધો છે તો પર્યાયમાં સહજ સ્વપરપ્રકાશક પર્યાય જ્ઞાનીને ઉત્પન્ન થાય છે. તો એમાં પર નામ રાગનું જ્ઞાન પોતાથી પોતામાં રાગ ઉપર લક્ષ કર્યા વિના ઉત્પન્ન થાય છે તો રાગને જાણે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા..! ભારે કામ! સમજાણું કાંઈ? ભારે આવું. ધર્મ સમજવામાં આટલી બધી મહેનત કરવી પડતી હશે? પાધરો ધર્મ ન થઈ જાય? જાવ ભક્તિ કરો, ભગવાનની ભક્તિ કરો, પૂજા કરો, જાત્રા કરો. ભગવાન પણ તું છો કોણ? તું તો સમજણ-જ્ઞાનનો પિંડ છો. જ્ઞાનનો પિંડ કોઈ વિકલ્પ ઊઠાવે એવો સ્વભાવ છે એમાં? જ્ઞાનનો પુંજ, રસકંદ છે, એકલો કેવળજ્ઞાનનો કંદ છે એ આત્મા તો. એમાં વિકલ્પ ઊઠાવવો એ સ્વભાવ છે? પરનું કરવું એ સ્વભાવ છે? પરને કરવાનો અર્થ? પરમાં એક થાય છે તે કરે? રાગનો કર્તા જ્ઞાની નથી. કેમકે રાગ સાથે એક નથી. રાગ સાથે એક નથી માટે રાગનો કર્તા નથી. પણ રાગ સાથે એક માનીને રાગ કરે અને (માને કે) રાગ મારું કાર્ય નહિ. મૂઢ છે તો તો.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ દૃષ્ટિની તારતમ્યતા છે. ધર્મીની દૃષ્ટિ જ્ઞાયક વસ્તુ ઉપર પડી છે. તેથી દ્રવ્યનું પરિણમન જ શુદ્ધ થઈ ગયું. પછી જે વિકાર થયો એ વિકારનો જ્ઞાની જ્ઞેય વ્યવહારે કહેવામાં આવે છે. સ્વને જ્ઞેય બનાવ્યું તો જ્ઞાનમાં સ્વપ્રકાશક અને રાગ આવ્યો એને પરપ્રકાશક એવી પર્યાય ઉત્પન્ન થાય છે. તો પરને જાણ્યું એમ કહ્યું. તોપણ અહીં કહેશે, પરને કર્મ બનાવીને પોતાને જાણે. કર્મ તો જ્ઞાન પોતાનું કર્મ છે. રાગનું કર્મનું જ્ઞાન જ્ઞાનીને છે, તો જ્ઞાનને જાણે છે જ્ઞાની, રાગને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. ભારે વાત! સમજાણું કાંઈ?

‘**પુદ્‌ગલપરિણામને...**’ એટલે કર્મ, નોકર્મ પુદ્‌ગલપરિણામ ‘**પુદ્‌ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપક...**’ એટલે પરિણામ-પરિણામી અથવા અવસ્થા-અવસ્થાયી અથવા... સમજ્યા? બદલનારા અને બદલતી અવસ્થા એ બેનો અભાવ હોવાથી ‘**કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી,...**’ ઘટ કર્મ છે અને કુંભાર કર્તા છે એવી સિદ્ધિ નથી. એમ વિકારી પરિણામ કર્મ છે અને આત્મા ધર્મી એનો કર્તા છે એમ છે નહિ.

સમજાણું કાંઈ? ભારે વાત! હજી સમજણમાં પણ ખબર નથી શું ચીજ છે, કેવી છે, કેમ છે અને ધર્મ થઈ જાય. શું કરે?

અહો..! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ જ્યાં દૃષ્ટિમાં આવી અથવા દૃષ્ટિ જ્યાં જામી ગઈ ધ્રુવ ઉપર, તો નિર્મળ પરિણામની ઉત્પત્તિનો કર્તા ધર્મી છે. મલિન પરિણામ.. એક પર્યાયના બે ભાગ. ઓહોહો..! એક ચારિત્રપર્યાયના બે ભાવ. એક નિર્મળ પર્યાયનો કર્તા અને મલિન પર્યાયનો જ્ઞાતા વ્યવહારે. બાપુ! ભેદજ્ઞાન ચીજ એવી સૂક્ષ્મ છે. ચારિત્રગુણની વિકૃત પર્યાય તો એ સમયે જ્ઞાનીને ચારિત્રગુણની અવિકૃત પર્યાય પણ છે. વસ્તુ ઉપર દૃષ્ટિ છે જ્ઞાયક ઉપર તો સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે, સ્વરૂપાચરણની પર્યાય ચારિત્રની છે. તો એ સ્વરૂપાચરણની પર્યાયમાં એ વ્યાપ્ય અને આત્મા વ્યાપક એ તો બરાબર છે, પણ એ પર્યાયમાં બીજો ભાગ જે રાગ રહે છે, એક સમયની પર્યાયના બે ભાગ. આહા..હા..! જે પર્યાયનો અંશ પર તરફના લક્ષે ઉત્પન્ન થયો એ આત્મા કર્તા અને એ આત્માનું કર્મ એમ નથી. એ રાગની સાથે નિર્મળ અવસ્થા જે ઉત્પન્ન થઈ છે એ પોતાનું કર્તવ્ય અને આત્મા કર્તા છે, પણ સાથે મલિનતાનો અંશ જે વ્યવહારરત્નત્રયનો ઉત્પન્ન થયો, એક જ પર્યાયના બે ભાગ, તો બીજો ભાગનો આત્મા કર્તા નથી, બીજા ભાગમાં વ્યાપક નથી, બીજો ભાગ એનું વ્યાપ્ય નથી. આહા..હા..! બીજું કહ્યું એ તો ભિન્ન થઈ ગયો. સમજાણું કાંઈ? ધન્નાલાલજી!

'**કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, પરમાર્થે કરતો નથી,...**' જુઓ, ધર્મી જીવ પોતાનો આનંદ સ્વરૂપ ભગવાન, અતીન્દ્રિય આનંદની મીઠાશની દૃષ્ટિમાં પડ્યો છે તો ભગવાન આત્મા પોતાના આનંદથી વિપરીત જે વિકલ્પ જે દુઃખરૂપ છે એ પરમાર્થે દુઃખનો કર્તા આત્મા નથી. ઘણો એમાં સૂક્ષ્મ પુરુષાર્થ છે. એને પુરુષાર્થની ગતિની ખબર પડતી નથી. આ બહારનો પુરુષાર્થ (માને છે), આમ કર્યું ને આમ કર્યું, વ્રત લીધા ને તપ કર્યા ને.. શું કર્યું? સાંભળ તો ખરો, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

શું કહે છે? '**પરમાર્થે કરતો નથી,...**' તો વ્યવહારથી કર્તા છે કે નહિ? કોઈ વળી એમ કહે. વ્યવહારથી પરિણમન છે એમ કહેવામાં આવે છે, પણ એ પરિણમનનો પણ જાણનાર છે. કર્તૃત્વનય આવે છે ખરીને, નયમાં. રાગરૂપ પરિણમન છે એમ જ્ઞાન જાણે, જાણે, એનું નામ વ્યવહાર. પરમાર્થે કર્તૃત્વ પરિણમન મારું નથી. આહા..હા..! ભારે વાત! સમજાણું કાંઈ?

વસ્તુ ભગવાન આત્મા મહાપદાર્થ સ્વભાવનો સાગર છેને. અનંત આનંદ, અનંત જ્ઞાન એવો સ્વભાવ પોતાના અસંખ્ય સ્વદેશમાં ભરેલો છે, પ્રભુ! એવી દૃષ્ટિ થઈ તો આત્મા વસ્તુ છે એ તો કૃતકૃત્ય જ છે. પર્યાયમાં જરી નિર્મળતા ઉત્પન્ન થઈ તો એનો કર્તા-કર્મ કહેવામાં આવે છે. કેમકે વ્યાપ્યવ્યાપકનો સંબંધ હોવાથી. કેમકે પરિણામી વસ્તુ અને પર્યાય વ્યાપ્ય પરિણામ એ અપેક્ષાએ કર્તા-કર્મ કહો; પણ વિકારના પરિણામ વ્યાપ્ય અને આત્મા વ્યાપક એ ધર્મીનો આત્મા એવો છે જ નહિ. આહા..હા..! ધર્મી વ્યવહાર કરે છે એમ છે

જ નહિ. એમ કહે છે. આહા..હા..! ચરણાનુયોગની ક્રિયાનો, રાગનો ધર્મી કર્તા છે એમ છે નહિ, એમ કહે છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! ભારે વાત! ઓહોહો..!

'**પરમાર્થે કરતો નથી, પરંતુ...**' હવે કર્તા નથી ત્યારે છે શું? કાંઈક વસ્તુ તો છે તો એ શું છે ત્યારે? '**(માત્ર) પુદ્ગલપરિણામના જ્ઞાનને...**' શું કહે છે જુઓ હવે. પુદ્ગલપરિણામ નામ જે રાગ આવ્યો વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ એ પુદ્ગલપરિણામ. એ વખતે દેહની ક્રિયા થઈ એ પણ પુદ્ગલપરિણામ. એ પુદ્ગલપરિણામના જ્ઞાનને. અહીં પુદ્ગલપરિણામના જ્ઞાનને કહ્યું એ પણ વ્યવહારથી કહ્યું છે. એ કર્તા-કર્મ નથી તો પુદ્ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે એમ કહેવું છે, એ પણ નિમિત્તથી કથન છે. એ જ્ઞાન કંઈ પુદ્ગલપરિણામનું નથી. જ્ઞાન તો પોતાનું છે. પણ પોતામાં સ્વનું જ્ઞાન થયું એ જ સમયે જ્ઞાનની પર્યાય એવી છે કે જેવો રાગ-દ્વેષ જેવો વિકલ્પ છે એ સંબંધીનું જ્ઞાન સ્વમાં સ્વપરપ્રકાશક સ્વતઃ ઉત્પન્ન થાય છે, પણ એમાં એ રાગ નિમિત્ત છે તે અપેક્ષાથી રાગનું જ્ઞાન, રાગનું જ્ઞાન એમ કહેવામાં આવે છે. ઓહોહો..! કહો, હિંમતભાઈ! સમજાય છે કે નહિ આમાં? તમારી મેળે સમજાય એવું છે?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ નથી સમજાય એવું તો ક્યાં સુધી નથી સમજાય એવું રાખવું છે? એમ મારે તો કહેવું છે. આહા..હા..!

'**(માત્ર) પુદ્ગલપરિણામના...**' એટલે? અર્થાત્ પુણ્ય-પાપનો વ્યવહાર-વિકલ્પ જે ઉત્પન્ન થાય છે અને તે સમયે શરીરની અને વાણીની અવસ્થા થાય છે, બેયને પુદ્ગલપરિણામ કહે છે. એના જ્ઞાનને '**(આત્માના) કર્મપણે કરતો...**'. એટલું સિદ્ધ કરવું છેને. વ્યવહાર રાગ થયો એ સંબંધીનું જ્ઞાન એ જ્ઞાનરૂપી કર્મ નામ કાર્ય તેનો કર્તા થયો. કર્મરૂપે કર્તા થયો. રાગનું કર્મ મારું છે એમ કર્તા થયો નહિ, પણ રાગનું જાણપણું એવું જ્ઞાન પોતાનું એ જ્ઞાનનો કર્તા કર્મપણે ભાસે છે. જ્ઞાન મારું કર્મ છે એવું જ્ઞાનીને ભાસે છે, રાગ મારું કાર્ય છે એમ ભાસતું નથી. સમજાણું કાંઈ?

જાણેલો પ્રયોજનવાન છે લ્યો એ કીધું. .. વાત કરે છે. જાણેલો પ્રયોજનવાન એ શું? પણ એવી દશા, આત્માના જ્ઞાનસ્વભાવનું અંતર ભાન થતાં જ્ઞાનીની પર્યાય એવી ઉત્પન્ન થાય છે કે એટલી મર્યાદા કે સ્વ અને પર જે રાગાદિ છે એને જાણે. એવી પર્યાય ઉત્પન્ન થાય છે તો એમાં પરને જાણે છે, તો પરને જાણવારૂપી પોતાનું કર્મ છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે કઠણ જગતને! તત્ત્વ અભ્યાસ અને અભ્યાસ એવી ચીજ..

'**પુદ્ગલપરિણામના જ્ઞાનને...**' પુદ્ગલપરિણામનું જ્ઞાન? અર્થાત્ આત્માનું. એ જ્ઞાન આત્માનું કર્મ છે, એમ. રાગનું જ્ઞાન. વ્યવહારરત્નત્રય ઉત્પન્ન થયો વિકલ્પ એ તો પુદ્ગલના પરિણામ છે, એનું જ્ઞાન. એ જ્ઞાન આત્માનું પરિણામ છે, એ આત્માનું કાર્ય છે. જ્ઞાન આત્માનું

કર્મ છે. સમજાણું કાંઈ? ન્યાયથી સમજાય છે કે નહિ? પછી બેસે ન બેસે એ જુદી વાત છે. પણ આમ કહે છે એટલો તો ખ્યાલ આવે છેને? આહા..હા..!

**'પુદ્ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે...'** આત્માના કાર્યરૂપે કર્તા થયો **'પોતાના આત્માને જાણે છે,...'** જુઓ, ભાષા. રાગને જાણે છે એમ ન કહ્યું, વ્યવહારને જાણે એમ પણ ન કહ્યું. વ્યવહાર આવ્યો એ સંબંધીનું એ સમયમાં પોતાનું જ્ઞાન જે ઉત્પન્ન થયું એ જ્ઞાનની પર્યાયનો કર્મરૂપે કર્તા થયો થકો આત્મા પોતાને જાણે છે. સમજાણું કાંઈ? કેટલી ટીકા કરી છે! ઓહોહો..! ગજબ વાત છેને! દિગંબર સંતોએ તો કેવળજ્ઞાનના ધોધ વહેવરાવ્યા છે. એ વાત બીજે ક્યાંય હોઈ શકે નહિ. ક્યાંય ન હોય. સંતો, દિગંબર મુનિઓએ ભેદજ્ઞાન કરીને ચારિત્રદશામાં આવી ટીકા બનાવી છે. આહા..હા..! નિમિત્ત રૂપે કહે ને. વિકલ્પના કર્તા નથી તો શાસ્ત્રના કર્તા ક્યાંથી થાય? કેટલો ક્ષયોપશમ! કેટલી એની હદ છે! વિકલ્પ છેને શાસ્ત્ર બનવામાં. તો કહે છે કે વિકલ્પ પણ કર્મનું પરિણામ છે, મારું નહિ. એ વિકલ્પ સંબંધી મારું જે જ્ઞાન છે એ જ્ઞાન મારું કર્મ છે અને જ્ઞાન મારું કાર્ય છે અને જ્ઞાન મારું કાર્ય છે તો પોતાને જાણતો એવો હું આત્મા છું. રાગને જાણતો હું આત્મા એમ પણ નથી કહ્યું અહીંયાં તો. સમજાણું કાંઈ? કેમ કે પોતાની પર્યાયમાં પોતાનું સ્વ ચૈતન્ય અખંડ અભેદ છે એનું જ્ઞાન થયું છે અને એ જ સમયે જેમ સર્વજ્ઞનું સ્વનું જ્ઞાન પૂર્ણ થયું અને લોકાલોકનું છે. એને પૂર્ણ છે. તો વચ્ચે સાધકમાં પોતાનું જ્ઞાયક પૂર્ણ દ્રવ્ય છે એનું જ્ઞાન થયું અને તે સમયે બાધક રાગાદિ જે છે એનું પણ અલ્પ જ્ઞાનની પર્યાયમાં સ્વપરપ્રકાશક પર્યાય ઉત્પન્ન થઈ. તો રાગસંબંધીનું પોતાનું જ્ઞાન પોતાથી ઉત્પન્ન થયું છે એને કર્મરૂપે કરવાથી એને આત્મા જાણે છે. પોતાના જ્ઞાનને આત્મા જાણે છે એમ કહે છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! હજી તો શું કહે છે એ પકડવું મુશ્કેલ પડે છે. દીપચંદજી! ચાલો સમ્યગ્જ્ઞાન થઈ ગયું. જાવ. હવે ચારિત્ર લઈ લ્યો. હજી સમ્યગ્જ્ઞાન કોને કહે છે, ભગવાન! એની ખબર નથી.

પરમેશ્વર આ તો સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરના ઘરની વાત છે આ તો અને તારા ઘરની વાત છે એ. સમજાણું કાંઈ? તારા ઘરમાં તો ભગવાન! જ્ઞાન અને આનંદ ભરેલો છે. તો નિજ ઘરમાં જ્યાં આત્મા આવ્યો તો એને તો સ્વ-પરની (જાણનારી) જ્ઞાનની પર્યાય થાય છે. એ સ્વ-પરની પર્યાયને જાણવું એ એનું કાર્ય છે અને પોતાને જાણતો થકો પોતાનું કર્મ કરે, રાગને જાણતો થકો પોતાનું કાર્ય કરે એમ પણ નથી, એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા :–** જ્ઞાનનો આનંદ છે, રાગનું દુઃખ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રાગનું દુઃખ છે જ નહિ. દુઃખનું અહીં જ્ઞાન છે એ જ્ઞાનના કર્તા છે. દુઃખ-બુખ છે નહિ. દુઃખ પોતામાં છે જ નહિ—પોતાની પર્યાયમાં નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :–** પ્રદેશભેદથી કહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પ્રદેશભેદ છે અહીંયાં, અંશ ભેદ છે. એ પણ અંશભેદ છે. જેટલી અંશમાં અશુદ્ધતા થઈ એ અંશ પ્રદેશ ભિન્ન છે, ભાવ ભિન્ન છે, ફળ ભિન્ન છે, બધું ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો શાંતિથી નિજઘરની ચીજ શું છે એ સમજવા જેવી ચીજ છે, ભાઈ! આ કોઈ વાદવિવાદ કરવાથી કે કોઈ .. હું સમજાવી દઉં કે એવી કોઈ ચીજ નથી. સમજાણું કાંઈ?

અહીંયાં તો આત્મા પોતાના નિજઘરની સંભાળમાં આવ્યો કે મારું ઘર તો જ્ઞાન અને આનંદનો પુંજ છે. એવી દૃષ્ટિ જ્યાં થઈ તો એ દૃષ્ટિમાં તો પૂર્ણ આત્મા પડ્યો છે. એ પૂર્ણ આત્માને કારણે પર્યાયમાં તો જ્ઞાન ને આનંદ ને શાંતિ ઉત્પન્ન થાય છે. તો એ સમયે રાગ આવ્યોને? એ નિમિત્તપણે દેહની ક્રિયા થાય છે ને? એ સંબંધીનું એ સમયે સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાય હો. એ પરપ્રકાશની પર્યાય, પરસંબંધી જ્ઞાન કહ્યું પણ પોતાનું કર્મ (–કાર્ય) તો જ્ઞાન છે, રાગ પોતાનું કર્મ નથી. રાગસંબંધી જ્ઞાન થયું એ પોતાનું કાર્ય છે, પણ રાગ પોતાનું કાર્ય નથી. વ્યવહાર પોતાનું કાર્ય નથી, વ્યવહાર સંબંધીનું જ્ઞાન છે એ પોતાનું કાર્ય છે એમ કહે છે. આહા..હા..! ઝીણી વાતું. સમજાય છે કે નહિ? ઘણું સૂક્ષ્મ. જૈનદર્શન એવી ચીજ છે, પરમ સત્યદર્શન છે. આ તો વિશ્વદર્શન છે. જૈનદર્શન કોઈ સંપ્રદાય નથી, વાડો નથી. વસ્તુનું સ્વરૂપ એવું છે. લોકોએ વાડો બાંધીને કહે છે, અમારા આ જૈન, તમારા આ. તમારા-અમારા નહિ, આ તો વસ્તુનું સ્વરૂપ જ એવું છે. આહા..હા..!

કહે છે, કર્મરૂપથી કર્તા થતો પુદ્‌ગલપરિણામનું જ્ઞાન એ પોતાના કાર્યરૂપે કરતો થકો પોતાના આત્માને જાણે છે. ભાષા દેખો! ઓહોહો..! એ વ્યવહાર સંબંધીનું જ્ઞાન, એ જ્ઞાનને આત્મા જાણે છે. આહા..હા..! વ્યવહાર સંબંધીનું કહ્યું એ પણ નિમિત્તથી કહ્યું છે. છે તો પોતાનું જ્ઞાન, એનું જ્ઞાન ક્યાં છે! પણ આ તો એ સંબંધમાં પોતાના જ્ઞાનમાં જેવી ચીજ છે એવું જ જ્ઞાન પોતામાં થયું તો એ સંબંધી જ્ઞાન પોતાનું એને કાર્યરૂપ કરતો થકો પોતાને જાણે છે.

'**તે આત્મા (કર્મનોકર્મથી) અત્યંત ભિન્ન...**' લ્યો! આ આત્મા પુણ્ય-પાપના પરિણામ અને દેહની ક્રિયા, વાણીની ક્રિયા, મનની ક્રિયાથી અત્યંત ભિન્ન '**જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે.**' લ્યો! આહા..હા..! એ જ્ઞાનસ્વરૂપ થયો થકો, જ્ઞાનસ્વરૂપ થયો થકો, રાગરૂપ થયો થકો, પરરૂપ થયો થકો (એમ નહિ). કેમકે પરથી તો ભિન્ન થયો. તો પરરૂપ થયો થકો એમ પણ નહિ, રાગરૂપ થયો થકો એમ પણ નહિ, પણ રાગ અને પરની ક્રિયા સંબંધી એ સંબંધી પોતાના જ્ઞાનરૂપ થયો થકો, પોતાના જ્ઞાનમાં પોતાના જ્ઞાનરૂપ થયો થકો. સમજાણું કાંઈ? જ્ઞાની છે. આહા..હા..! સમજાણું કાંઈ? પૂછ્યું હતું કે જ્ઞાનીનું લક્ષણ શું? કે જ્ઞાનીનું આ લક્ષણ. ધર્મીનું શું લક્ષણ? આ ધર્મી થયો, આ સમ્યગ્દૃષ્ટિ થયો એનું શું ચિહ્ન? કે આ ચિહ્ન. આહા..હા..! સમજાણું કાંઈ?

અરે..! આવી સત્ય વાત સાંભળવામાં ન મળે અને વિચારવામાં મળે નહિ એટલે એને

એમ થઈ જાય કે આ શું? અરર..ર..! એકાંત નિશ્ચય છે. પણ ભગવાન! સમ્યક્ એકાંત વિના અનેકાંતનું સાચું જ્ઞાન થતું નથી. આ સ્વ તરફ ઢળ્યા વિના રાગનું પણ જ્ઞાન યથાર્થ થતું નથી લ્યો, ઠીક! એકાંત નિજ દ્રવ્ય તરફ ઢળ્યા વિના પર્યાયનું અને રાગનું પણ જ્ઞાન યથાર્થ થતું નથી. પોતાના દ્રવ્ય તરફ સમ્યક્ એકાંતમાં ઢળવાથી પર્યાય કેટલી શુદ્ધ છે અને કેટલી અશુદ્ધતા છે, એનું જ્ઞાન જ્ઞાનીને સ્વદ્રવ્યનો આશ્રય છે તો યથાર્થ જ્ઞાન થાય છે. એટલે સમ્યક્ એકાંતમાં આવવાથી અનેકાંત જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ શ્રીમદ્‌નું વાક્ય છેને? સમ્યક્ એકાંત એવા નિજ પદની પ્રાપ્તિ સિવાય... એ મહા વાક્ય છે. વસ્તુસ્વરૂપ (ઈ છે). પણ એ લોકો એમાં અર્થ સમજતા નથી. એની વ્યાખ્યા કરી હતી ત્યારે, (સંવત) ૨૦૦૩ની સાલ. ભાઈએ કહ્યું હતું, વનેચંદભાઈએ. ઓહોહો..! આવો અર્થ! આવો અર્થ તો શ્રીમદ્‌ને સમજવા હોય તો અહીં આવવું પડશે એમ કહેતા હતા એ. એ તો બિચારા ગુજરી ગયા. ગુજરી ગયાને તરત? તરત ગુજરી ગયા ત્રીજી સાલમાં. વંચાતું હતું. ત્રીજી સાલમાં પોષ સુદ બીજે ગુજરી ગયા તરત. આ લોકો એક ટૂકડાનો અર્થ સમજે તો શુદ્ધ ઉપાદાનની એકાંત દૃષ્ટિ થયા વિના નિમિત્ત અને અશુદ્ધ ઉપાદાનનું જ્ઞાન યથાર્થ થતું નથી અને એનું જ્ઞાન થાય એ અનેકાંત. શુદ્ધ ઉપાદાનનું જ્ઞાન થયું તો પછી અશુદ્ધ ઉપાદાનનું નિમિત્ત શું છે એનું જ્ઞાન થવું એનું નામ અનેકાંત. પણ સમ્યક્ એકાંત તરફ ઢળતાં અનેકાતનું જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ?

**'તે આત્મા (કર્મનોકર્મથી) અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે.'** પુદ્‌ગલપરિણામ રાગ અને કર્મની પર્યાય અથવા શરીરની પર્યાય એનાથી અત્યંત ભિન્ન. અત્યંત ભિન્ન, દેખો! અત્યંત ભિન્ન. રાગ-વ્યવહારથી જ્ઞાની અત્યંત ભિન્ન છે. આહા..હા..! એ વ્યવહારનો વિકલ્પ આવે છે, હો. હોય છે. પણ કહે છે કે એનાથી અત્યંત ભિન્ન.. અત્યંત ભિન્ન.. બે એક નથી. બે એક હોય તો વ્યવહાર-નિશ્ચય બે રહેતા નથી. જીવ-અજીવ બે ભિન્ન ન હોય તો બે રહેતા નથી. જીવ-અજીવ એક નથી એમ નિશ્ચય અને વ્યવહાર એક નથી. સમજાણું કાંઈ? બહુ સૂક્ષ્મ!

**'અત્યંત ભિન્ન...'** વ્યવહારરત્નત્રયનો વિકલ્પ અને ભગવાન આત્મા અત્યંત ભિન્ન છે. એને પુદ્‌ગલના પરિણામ ગણીને એ સંબંધીનું જ્ઞાન પોતામાં પોતાનું જ્ઞાન થયું એને જાણે છે તો અત્યંત ભિન્ન છે, રાગથી-વ્યવહારથી અત્યંત ભિન્ન જ્ઞાની છે. વ્યવહાર કરે છે અને વ્યવહાર એનો છે એમ છે નહિ. સમકિતી વ્યવહાર કરે છે અને વ્યવહાર એનો છે એમ છે નહિ. એનો છે નહિ અને એનો કર્તા નથી.

**શ્રોતા :-** જાણે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જાણે છે એને પણ વ્યવહાર કહેવામાં આવ્યું. એ સંબંધીનું પોતાનું જ્ઞાન કરતો થકો પોતાને જાણે છે. આહા..હા..! ભારે વાત! આહા..હા..! આ વાત...

સમજાણું કાંઈ?

**શ્રોતા** :- અપૂર્વ વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અપૂર્વ વાત છે.

અહીં તો ટીકા કરનારા જરીક કાંઈક વાત નિશ્ચયની આવે તો.. એય..! આગમનો વિપરીત અર્થ કર્યો. ભગવાન બાપુ! તને ખબર નથી, ભાઈ! આગમ કોને કહેવું અને આગમ શું કહે છે, બાપુ! પરમાત્માના આગમ. સમજ્યાને? પરમ-આગમ. અધ્યાત્મ પરમાગમ. એય..! આનું નામ શું દેવું એમ વિચાર આવ્યો. આ બનવાનું છેને તમારે? કાલે આવ્યા હતાને ઓલા મિસ્ત્રી. આહા..હા..!

'(**પુદ્‌ગલપરિણામનું જ્ઞાન આત્માનું કર્મ કઈ રીતે છે તે સમજાવે છે** :-)' એ સ્પષ્ટ કરે છે. પુદ્‌ગલપરિણામનું જ્ઞાન અર્થાત્ ધર્મી જીવની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર હોવાથી ધર્મીને પોતાનું અને વ્યવહારનું જ્ઞાન થાય છે. તો વ્યવહાર જે રાગ છે એનું જ્ઞાન ધર્મીનું કર્મ-કાર્ય કઈ રીતે છે? એ સ્પષ્ટ કરે છે. સમજાણું કાંઈ? '(**પુદ્‌ગલપરિણામનું જ્ઞાન...**' એ પણ નિમિત્તથી કથન. આત્માનું કર્મ એમ લેવું છેને? અહીં તો એ સિદ્ધ કરવું છેને? જે રાગાદિ આવ્યો એ સંબંધીનું જ્ઞાન. કેમકે સ્વ તરફ આશ્રય દૃષ્ટિ છે તો પોતાનું જ્ઞાન કર્યું તો રાગનું પણ જ્ઞાન પોતામાં રહીને પોતાથી થાય છે. રાગમાં રહીને અને રાગની અપેક્ષા રાખીને જ્ઞાન થાય એમ નથી. સમજાણું કાંઈ? રાગમાં રહીને તો નહિ પણ રાગની અપેક્ષા રાખીને જ્ઞાન થાય છે એમ પણ નથી. છતાં શબ્દ એમ લીધો છે.

'(**પુદ્‌ગલપરિણામનું જ્ઞાન...**' અથવા વ્યવહારરત્નત્રય સંબંધી પોતાનું જ્ઞાન એ '**આત્માનું કાર્ય કઈ રીતે છે?**' આત્માનું કર્મ કઈ રીતે છે? '**તે સમજાવે છે** :-) **પરમાર્થે પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' ખરેખર તો વ્યવહારરત્નત્રયના રાગના જ્ઞાનને અને પુદ્‌ગલને. સમજાણું કાંઈ? '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને અને પુદ્‌ગલને...**' એ પાછા પુદ્‌ગલપરિણામને જ્ઞાન લીધું એ જ પુદ્‌ગલપરિણામને અહીં પુદ્‌ગલ લીધા. ફરીને. '**પરમાર્થે પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' પુદ્‌ગલપરિણામનું જ્ઞાન અર્થાત્ જે પુણ્ય-પાપના વિકલ્પ છે અને દેહની ક્રિયા છે એ પુદ્‌ગલપરિણામ, એનું જ્ઞાન આત્મામાં (થાય છે). એ '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને અને પુદ્‌ગલને...**' સમજાણું કાંઈ? પુદ્‌ગલ નામ એ પુણ્ય-પાપના પરિણામ પુદ્‌ગલ, એને. '**ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી...**' શું કહ્યું? પુદ્‌ગલપરિણામના જ્ઞાનને, વ્યવહારત્નત્રય—રાગના જ્ઞાનને અને એ પુદ્‌ગલપરિણામ એ પુદ્‌ગલ છે. એ જ્ઞાન અને એ પુદ્‌ગલને એમ. એ જ્ઞાન અને પુદ્‌ગલને. સમજાણું કાંઈ?

જે અહીંયાં પુદ્‌ગલપરિણામ પહેલાં કહ્યા, તેને અહીંયાં પુદ્‌ગલ કહ્યા. વ્યવહારરત્નત્રયનો શુભરાગ થયો એ પુદ્‌ગલપરિણામ છે અને એ પુદ્‌ગલપરિણામને અને જ્ઞાનને અને પુદ્‌ગલપરિણામના જ્ઞાનને અને પુદ્‌ગલને એટલે કે એ પુદ્‌ગલપરિણામને અહીંયાં પુદ્‌ગલ કહી

દીધું. એ જ્ઞાનને અને પુદ્‌ગલને ઘટ-કુંભારની જેમ, ઘટ-કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી. એ પુણ્ય-પાપના ભાવ પુદ્‌ગલ કહ્યા. પહેલાં પુદ્‌ગલના પરિણામ કહ્યા હતા એને જ પુદ્‌ગલ કહ્યા એને જ પુદ્‌ગલ કહ્યા. પુદ્‌ગલ અને પુદ્‌ગલ સંબંધી પોતાનું જ્ઞાન (એ) બે વચ્ચે ઘટ અને કુંભારની જેમ પરિણામ-પરિણામીનો અભાવ હોવાથી, ઘટ પરિણામ અને કુંભાર પરિણામી એમ નહિ હોવાથી, એમ પુદ્‌ગલપરિણામ જે રાગાદિ છે અને એનું જ્ઞાન છે, તો જ્ઞાન પરિણામી અને રાગ પરિણામ છે એવો બે વચ્ચે અભાવ હોવાથી, વ્યાપ્યવ્યાપકનો અભાવ હોવાથી કર્તાકર્મ નથી.

'**વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી કર્તાકર્મપણાની અસિદ્ધિ છે...**' ભારે ઝીણું. એક એક શબ્દમાં કેટલી વાત ભરી છે, જુઓ! આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય પણ... આહા..હા..! કહે છે કે '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' એ પોતાનું જ્ઞાનનું કર્મ કરે છે તો કહે છે એ કર્મ થયું. પુદ્‌ગલપરિણામ સંબંધીનું જ્ઞાન.. પુદ્‌ગલપરિણામ જે પુણ્ય-પાપના ભાવ એને પુદ્‌ગલ કહ્યા. એ પુદ્‌ગલને અને એ સંબંધીના જ્ઞાનને, આ જ્ઞાન અહીંયા થયું, પુદ્‌ગલ ત્યાં રહ્યું. તો બે વચ્ચે ઘટ-કુંભારની જેમ, ઘટ જે પર્યાય અને કુંભાર પર્યાયવાન એમ નથી, તો વિકારી પર્યાય પોતાની—કાર્ય પોતાનું અને જ્ઞાન કર્તા એમ છે નહિ. સમજાણું કાંઈ? એય.. પ્રેમચંદજી!

ફરીને. જેમ ઘટ અને કુંભાર બેની વચ્ચે પરિણામ-પરિણામી નહિ હોવાથી વ્યાપ્યવ્યાપક (નહિ હોવાથી), વ્યાપ્ય એટલે પરિણામ અને વ્યાપક એટલે પરિણામી દ્રવ્ય, એ કુંભાર અને ઘડાની વચ્ચે પરિણામ અને પરિણામી, વ્યાપ્ય અને વ્યાપકનો અભાવ હોવાથી ઘટ કર્મ અને કુંભાર કાર્ય એમ છે નહિ. એમ વિકારી પરિણામ જે થયા એ પુદ્‌ગલપરિણામને પુદ્‌ગલ કહ્યા. એ પુદ્‌ગલને, એ સંબંધીનું અહીંયાં ધર્મીને જ્ઞાન થયું, ઈ જ્ઞાનને અને પુદ્‌ગલને, બે વચ્ચે પરિણામ-પરિણામીનો અભાવ હોવાથી. રાગ એ પરિણામ અને જ્ઞાન એ પરિણામી એમ છે નહિ. જ્ઞાન તે વ્યાપક અને રાગ તે વ્યાપ્ય એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**પુદ્‌ગલને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી કર્તાકર્મપણાની અસિદ્ધિ છે...**' એ વ્યવહારરત્નત્રયનું આત્માનું જ્ઞાન કરતા. આત્માનું જ્ઞાન હોં! આત્માને એક કોર રાખ્યો, ભાઈ! જ્ઞાન. જે જ્ઞાનની પર્યાય થઈને? એ જ્ઞાનની પર્યાય રાગસંબંધીનું જ્ઞાન થયું. તો એ જ્ઞાનપર્યાય કર્તા-વ્યાપક અને રાગ વ્યાપ્ય એનો બે વચ્ચે અભાવ છે, ઘટ અને કુંભારની જેમ. બરાબર છે? યાદ રહેવું મુશ્કેલ. ભાવ તો (ક્યાંથી પકડાય). એ વસ્તુ એવી છે. સહજ છે, સરળ છે, સહજ છે પણ હવે સમજાવવાની કેટલી ભાષા મૂકી! ઓહોહો..! '**અને જેમ ઘડાને અ માટીને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી...**' ઘડા અને કુંભાર વચ્ચે વ્યાપ્યવ્યાપકભાવનો કર્તાકર્મ છે. એમ આત્મપરિણામ અને આત્માને વ્યાપ્યવ્યાપકભાવનું કર્તાકર્મપણું છે. એ વિશેષ ખુલાસો આવશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

# શ્રી સમયસાર, ગાથા-૯૩
# પ્રવચન નં.૧૫૯, તા.૧૮-૦૮-૧૯૭૬
# (૨૧)

ભગવાન આત્મા રાગથી ભિન્ન પોતાની દશાને જાણી, વિકલ્પથી ભિન્ન પોતાનું સ્વરૂપ સમ્યગ્દર્શનમાં પ્રતીતમાં આવ્યું, જ્ઞાનમાં ભેદજ્ઞાન થયું તો જ્ઞાનીને રાગ ઉત્પન્ન થતો નથી. 'રાગ મારો છે' એમ ઉત્પન્ન નથી થતું. સમજાણું કાંઈ? એ કહે છે.

परमप्पाणमकुव्वं अप्पाणं पि य परं अकुव्वंतो।
सो णाणमओ जीवो कम्माणमकारगो होदि।।९३।।
**પરને ન કરતો નિજરૂપ, નિજ આત્મને પર નવ કરે,**
**એ જ્ઞાનમય આત્મા અકારક કર્મનો એમ જ બને. ૯૩.**

'**ટીકા :- જ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ જાણતો હોય...**' હું તો જ્ઞાનાનંદસ્વરૂપ છું, રાગાદિ છે એ અચેતન જડ છે, ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? જડ-ચૈતન્ય ભિન્નનું ભાન સમ્યગ્દર્શનમાં થયું. રાગ—વિકલ્પ ચાહે તો મહાવ્રતનો હોય કે દયા-દાનનો, ભક્તિનો હોય પણ એ રાગ છે. રાગ એ આસ્રવ છે, રાગ એ દુઃખદાયક છે. મારી ચીજ આનંદદાયક ભિન્ન છે. આહા..હા..! એમ આત્મામાં પોતાનું અને પરનું અંતર જાણે છે. પોતાનું આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ અને રાગનું દુઃખ અને આકુળતાસ્વરૂપ એ બેનું પરસ્પર અંતર, રાગથી હું ભિન્ન અને મારાથી રાગ ભિન્ન... આહા..હા..! ભેદજ્ઞાન સમ્યગ્દર્શનમાં. સમજાણું કાંઈ? '**જાણતો હોય ત્યારે પરને પોતારૂપ નહિ...**' રાગને પોતારૂપ '**અને પોતાને પર નહિ કરતો,...**' આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેને રાગરૂપ નથી કરતો. રાગને પોતારૂપ નથી કરતો, પોતાને રાગરૂપ નથી કરતો. આહા..હા..! જુઓ, આ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન. ભેદજ્ઞાનની ભૂમિકા. આહા..હા..!

'**પોતે જ્ઞાનમય થયો થકો,...**' ભગવાન આત્મા તો જ્ઞાન ચૈતન્યસ્વભાવ, જાણનસ્વભાવમય થયો થકો એમ કહ્યુંને? 'રાગમય હું છું' એવું જે અજ્ઞાન હતું એનો નાશ કરીને 'હું તો જ્ઞાનમય છું, રાગમય નહિ.' આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રયનો જે રાગ છે એ પણ હું નહિ. સમજાણું કાંઈ? જ્ઞાનીને વ્યવહાર આવે છે, પણ 'આ મારો છે' એમ નથી માનતા. એનો હું જાણનાર છું. રાગ આવ્યો તો જ્ઞાનીને તે સમયે જાણેલો પ્રયોજનવાન છે. આહા..હા..! આવો માર્ગ છે. સમજાણું કાંઈ? આ વાણી કુંદકુંદાચાર્યની છે. વાણી ઉપરથી

દેખે તો એને ખબર પડે કે આ કાંઈક અલૌકિક વાત છે. સમજાણું કાંઈ? અને એમ કહી દેવું કે કપોળ કલ્પિત છે. પ્રભુ! આ દુનિયામાં ચાલે ભાઈ હોં. અરેરે..! વાંચતા તો એવું અંદરમાં થઈ ગયું. આંસુ આવી ગયા પહેલા. અરેરે..! આ શું કરે છે? પ્રભુ! આ શું કરે છે? આહા..હા..! અંદર મેં આ વાંચ્યું. આહા..હા..! સાક્ષાત્ સીમંધર ભગવાન પાસે ગયા હતા. શાસ્ત્રમાં છે કે નહિ? એ તો જોવે પહેલાં. ભલે અહીંની વાત ન માને. સમજાણું કાંઈ? આહા..હા..! પણ સિદ્ધાંતશાસ્ત્રમાં આચાર્ય કહે છે એ તો એણે માનવું કે નહિ? સમજાણું કાંઈ? આહા..હા..! અહીંયાં આ વાણી તો જુઓ. આહા..હા..!

જેણે પોતાનો જ્ઞાનાનંદસ્વભાવ રાગમય સ્વભાવથી ભિન્ન કર્યો એ જ્ઞાનમય થયો થકો હું તો જાણનાર છું. આહા..હા..! રાગ હો, દ્વેષ હો, વિષયવાસના હો, હું તો જાણનાર છું. મારા જ્ઞાનમાં રાગ નથી અને રાગમાં હું નથી. આહા..હા..! અર્થાત્ હું જ્ઞાનમય સ્વરૂપ છું અને રાગ અચેતન છે, તો ચેતન અચેતનમાં કેમ હોય? આહા..હા..! અને અચેતન એ ચેતનમાં ક્યાંથી હોય? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ કહે છે. જુઓ,

'**પોતાને પર નહિ કરતો, પોતે જ્ઞાનમય થયો થકો,...**' પોતે જ્ઞાનમય થયો થકો એનો અર્થ કે કોઈ કર્મ ખસ્યા અને આમ થયું એમ પણ નહિ. હું સ્વયં જ્ઞાનમય આત્મા શુદ્ધ ચૈતન્યઘન છું. વિજ્ઞાનઘન મારી ચીજ છે. આહા..હા..! સવારે નહોતું આવ્યું? ભાવલિંગી મુનિપણાની દશા જે મોક્ષની સાધક એ પણ દ્રવ્યમાં નથી. ઈ દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. સમજાણું કાંઈ? હું.. નિર્વિકલ્પ સાચો નિશ્ચયમોક્ષમાર્ગ. મોક્ષમાર્ગની અપેક્ષાએ નિશ્ચય, પણ દ્રવ્યની અપેક્ષાએ વ્યવહાર. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! માર્ગ બહુ અલૌકિક છે. જૈનદર્શન એટલે તો ઓહો..હો..! વિશ્વદર્શન. જગતનું શરણ છે ઈ. સમજાણું કાંઈ? એ વિશ્વદર્શન. વિશ્વ નામ બધા કહે છે એ પણ ધર્મ છે એવું વિશ્વદર્શન નથી. આહા..હા..!

કહે છે કે હું તો જ્ઞાનમય સ્વયં થયો થકો. આહા..હા..! અર્થાત્ રાગ છે તો રાગનું જ્ઞાન પણ રાગ છે તો થયું એમ નથી. હું '**પોતે જ્ઞાનમય થયો થકો,...**' આહા..હા..! શું કહ્યું સમજાણું? એમાં મર્મ છે. '**પોતે જ્ઞાનમય થયો થકો, કર્મોનો અકર્તા પ્રતિભાસે છે.**' અર્થાત્ રાગ છે એનું જ્ઞાન થયું એ હું સ્વયં જ્ઞાનમય થયો છું. રાગ છે માટે એનું જ્ઞાન થયું એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! વીતરાગતાની છાપ પડે છે અંદર. હું તો આત્મા છું. 'હું રાગને જાણું છું' એમ પણ નહિ. હું તો સ્વયં જ્ઞાનમય થાઉં છું. પોતાનું જ્ઞાન અને પરનું જ્ઞાન એ હું પોતે કરું છું. રાગ છે તો જ્ઞાન કરું છું એમ પણ નથી. આહા..હા..! અરે..! પ્રભુ! માર્ગ તો જો તારો. આહા..હા..!

'**પોતે જ્ઞાનમય થયો થકો, કર્મોનો અકર્તા...**' રાગ જે છે કર્મ એ કર્મ હોં! જડ કર્મની અહીં વાત નથી. પુણ્યનો ભાવ છે નિશ્ચયથી તો અટક્યો છે એમાં. દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો શુભભાવ છે, જ્ઞાની એનો અકર્તા પ્રતિભાસે છે. 'મારું કર્તવ્ય છે અને મારું

કાર્ય છે' એમ ભાસતું નથી. આહા..હા..! **'તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે :- જેમ...'** સ્પષ્ટ પ્રત્યક્ષ થાય એમ બતાવે છે. આહા..હા..! ભગવાન! તું શું છે? ચૈતન્યમૂર્તિ છેને નાથ! તારી રક્ષા કરનાર તું છે. સમજાણું કાંઈ? રાગ આવ્યો માટે આત્મામાં જ્ઞાન થયું એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

દૃષ્ટાંત કહે છે. **'જેમ શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ...'** શું કહે છે? શીત અને ઉષ્ણ એનું આત્મામાં જ્ઞાન થાય છે એને કરાવવામાં નિમિત્ત છ,. આત્મામાં જ્ઞાનમાં નિમિત્ત છે, જ્ઞાન કરાવવામાં નિમિત્ત છે. આહા..હા..! આ તો અલૌકિક માર્ગ છે, ભાઈ! શાંતિથી આ તો સમજવાનું છે.

**શ્રોતા :–** એ કરાવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કરાવેનો અર્થ એ. જ્ઞાન પોતાથી થાય તો રાગ જ્ઞાન કરાવે છે એવો વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? લોકાલોકનું જ્ઞાન થાય છે તો લોકાલોક કરાવે છે એમ કહેવામાં આવે છે. એનો અર્થ કે જ્ઞાનમાં લોકાલોક નિમિત્ત છે. આહા..હા..! પોતાનો ભગવાન આત્મા, જેમ ઠંડી અને ગરમ અવસ્થાનો અનુભવ કરવામાં સમર્થ છે. અનુભવનો અર્થ એનું જ્ઞાન કરવામાં સમર્થ છે, પણ શીત-ઉષ્ણપણે અનુભવ કરવો એ અશક્ય છે. જડની અવસ્થા કેમ આત્મા અનુભવે? આહા..હા..! સમજાણું કાંઈ?

**'શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ...'** કોણ? ઠંડી-ગરમ અવસ્થા. જ્ઞાનમાં ઠંડી-ગરમ અવસ્થાનું જ્ઞાન થાય છે તો એ કરાવવામાં સમર્થ છે એમ કહેવામાં આવ્યું. આહા..હા..! **'એવી શીત-ઉષ્ણ પુદ્‌ગલપરિણામની અવસ્થા...'** ઠંડી અને ગરમ તો પુદ્‌ગલની-જડની અવસ્થા. **'પુદ્‌ગલથી અભિન્ન...'** છે. પુદ્‌ગલથી એ ઠંડી-ગરમ અવસ્થા અભિન્ન છે-એકમેક છે. એ કારણે **'આત્માથી સદાય અત્યંત ભિન્ન છે...'** આહા..હા..! **'અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ...'** એ શું કહે છે? શીત-ઉષ્ણનું જે અહીં જ્ઞાન થયું એ અનુભવ, અનુભવનો અર્થ. એ અનુભવમાં શીત-ઉષ્ણણાનું જે નિમિત્ત છે એ પુદ્‌ગલથી અભિન્ન છે શીત-ઉષ્ણ અને આત્મા સદાય અત્યંત ભિન્ન છે. **'અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ...'** શીત-ઉષ્ણનું જે જ્ઞાન થયું એ અનુભવ નામ અર્થ જ્ઞાન. શીત-ઉષ્ણનું જ્ઞાન થયું એ જ્ઞાન આત્માથી અભિન્ન છે. શીત-ઉષ્ણ એ આત્માથી ભિન્ન છે, પુદ્‌ગલથી અભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? હજી તો આ દૃષ્ટાંત છે હોં!

**'આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે,...'** શું કહ્યું? શીત-ઉષ્ણ છે એનું અહીંયા જ્ઞાન થયું. એ પણ જ્ઞાન સમ્યગ્જ્ઞાનીને થાય છે. સ્વરૂપગ્રાહી જ્ઞાન તો શીત-ઉષ્ણનું જ્ઞાન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ લીધું છે કળશમાં. કળશ (ટીકામાં) લીધું છે. શાક હોયને? તરકારી. એ શાક મીઠે મોળું છે, ખાટું છે અને અંદર મીઠું

પડ્યું છે-લવણ એ ખારું છે એનું જ્ઞાન કોને થાય છે? જેને સ્વરૂપગ્રાહી જ્ઞાન થયું હોય એને જ એવું જ્ઞાન થાય છે. પરનું જ્ઞાન પણ સ્વરૂપગ્રાહી જ્ઞાનમાં પરપ્રકાશનું જ્ઞાન થાય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કળશમાં છે. આહા..હા..! આ તીખું છે અને ખાટું છે કે ખારું છે. ખારું કહે છેને? અને શાક મોળું છે. એ બેનું જ્ઞાન, પરનું જ્ઞાન સ્વપરગ્રાહી જેને સ્વરૂપનું ગ્રહણ થયું છે એને પરનું જ્ઞાન યથાર્થ થાય છે. સમજાણું કાંઈ? મારગડા બાપુ તારા જુદા, ભાઈ! આહા..હા..! ધર્મનો માર્ગ કોઈ અલૌકિક છે. લોકોએ સાધારણ કલ્પી નાખ્યો છે. પ્રભુ! એ માર્ગ નહિ. આહા..હા..! જેનાથી જન્મ-મરણનો અંત આવે અને સંસારનો કાંઠો નજીક થઈ જાય. આહા..હા..! એ ધર્મની ચીજ એવી છે, ભગવાન! આહા..હા..! '**તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે, તેવી રીતે...**' એ શીત-ઉષ્ણનું દૃષ્ટાંત આપ્યું.

'**તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ એવી રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિરૂપ પુદ્‌ગલપરિણામની અવસ્થા...**' આહા..હા..! શુભરાગ કે અશુભરાગ અને હરખ-શોકની અવસ્થા એ પુદ્‌ગલની અચેતન છે. જેમ શીત-ઉષ્ણ અચેતન છે, એમ આ રાગની સુખ-દુઃખની કલ્પના એ જ્ઞાનના અભાવથી અચેતન છે. આહા..હા..! પોતાના પરિણામ હોં! આહા..હા..! એ રાગ-દ્વેષ અને સુખ-દુઃખની અવસ્થા પુદ્‌ગલજન્ય છે એ પોતાનું જ્ઞાન કરાવવામાં સમર્થ છે. છે? '**તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ...**' છે. એ કેમ લીધું? જેવા રાગ અને દ્વેષ છે અને જેવી સુખદુઃખની કલ્પના છે તેવું જ્ઞાન. જ્ઞાનનો સ્વભાવ તો એવો છેને, જે હોય એનું જ્ઞાન થાય. એ કેમ લીધું? '**તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ...**' સમજાણું કાંઈ? એમાં આવ્યું હતું. તે પ્રકારનો અનુભવ. આહા..હા..! અહીંયા એવો અનુભવ કરાવવામાં. એટલે? જેવો દયા-દાનનો વિકલ્પ આવ્યો કે હરખ-શોકના પરિણામ થયા, કર્મચેતનાના પરિણામ થયા કે કર્મફળચેતનના થયા એમ કહે છે. કર્મ એટલે જડની અહીં વાત નથી. પુણ્ય-પાપના ભાવ એ કર્મચેતના અને એના ભોક્તા થવું હરખ-શોક એ કર્મફળચેતના. જડની વાત અહીંયા નથી. આહા..હા..!

શુભ-અશુભભાવ એ કર્મચેતના અને એનું ફળ સુખ-દુઃખ વેદવું એ પણ કર્મફળચેતના, પુદ્‌ગલની અચેતન અવસ્થા છે. અચેતનની અપેક્ષાએ ત્યાં પુદ્‌ગલ પરિણામ કહ્યા. અને એ પુદ્‌ગલ પરિણામ '**તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ એવી રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિરૂપ પુદ્‌ગલપરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે...**' આહા..હા..! બે વાત. એક કોર આત્મા અને એક કોર પુદ્‌ગલ. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ પુદ્‌ગલ અહીં તો કીધા છે. ભગવાન આત્મામાં ઈ ક્યાં છે? '**પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે...**' આહા..હા..! પંચમહાવ્રતના પરિણામ, દયા, દાન, ભક્તિના પરિણામ એમાં જ્ઞાન નથી. અહીં તો જ્ઞાનમય આત્માની સાથે ભેદજ્ઞાન છેને? તો જ્ઞાનમય આત્મા છે એ રાગમય

નથી. રાગમય તો અચેતનમાં જાય છે. આહા..હા..! આવો માર્ગ, ભાઈ! આહા..હા..! એ થાય છે ચૈતન્યની પર્યાયમાં. પણ નિમિત્તની ઉપાધિથી થયા તો એ અચેતન પુદ્ગલમાં નાખી દીધા. આહા..હા..! ભગવાન આત્માના અંતર આનંદથી એ પર્યાય ઉત્પન્ન નથી થઈ. એમાં ઉત્પન્ન થાય તો જ્ઞાન અને આનંદ ઉત્પન્ન થાય. સમજાણું કાંઈ?

'**તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ...**' જેવા રાગ-દ્વેષ અને કર્મફળ છે એમાં જ્ઞાનચેતનામાં એ અનુભવ કરાવવામાં સમર્થ, એમ કહે છે. જ્ઞાનચેતના જે જ્ઞાન જ્ઞાનમાં એકાગ્ર થાય છે એમાં રાગ-દ્વેષ, સુખ-દુઃખ જ્ઞાનચેતનાના અનુભવમાં નિમિત્ત છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે આકરી વાત. '**પુદ્ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે...**' આહા..હા..! જો આત્માની ચીજ હોય તો નીકળી કેમ જાય? તો નીકળી જાય એ ચીજ પોતાની નથી, એ પુદ્ગલની છે, આહા..હા..! આગંતુક છે. પંચાધ્યાયીમાં એમ કહ્યું છે, પુણ્ય અને પાપ આગંતુક (ભાવ છે). જેમ મહેમાન આવેને? એમ આગંતુક છે. ત્રિકાળી ચીજમાં એ તો આગંતુકભાવ છે. અહીંયાં તો એને અચેતન કહીને પોતાના જ્ઞાનસ્વભાવમાં અનુભવ કરાવવામાં એ જ્ઞાનમાં સમર્થ છે નિમિત્ત. જ્ઞાનનો અનુભવ પોતાથી થાય છે. એ તો પહેલાં કહ્યું સ્વયં. એમાં રાગ-દ્વેષનું જ્ઞાન કરાવવામાં નિમિત્ત છે. જ્ઞાન રાગને કરે એવી એ ચીજ નથી. આહા..હા..! ભારે વાતું ભાઈ, આવી. ક્યાં શીત-ઉષ્ણ પુદ્ગલની પર્યાય એમ રાગ-દ્વેષ, સુખ-દુઃખની કલ્પના પુદ્ગલની પર્યાય.

ભગવાન આત્મા જ્યાં રાગથી ભિન્ન થઈને જ્ઞાનમય થયો, જ્ઞાનમય તો છે જ પણ ભિન્ન પાડીને રાગથી જ્ઞાનમય ભિન્ન થયો એ જ્ઞાનમાં હરખ-શોક રાગાદિ ભાવ કર્મચેતના અને કર્મફળચેતના એ જ્ઞાનચેતનામાં અનુભવ કરાવવામાં નિમિત્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાનું જ્ઞાન સ્વપરપ્રકાશક જ્ઞાન જે છે એ સ્વપરપ્રકાશમાં રાગ-દ્વેષાદિ પરિણામ જ્ઞાનમાં નિમિત્ત છે. જ્ઞાન કરાવવામાં એ સમર્થ છે, પણ હીણી દશા કરાવવામાં એ સમર્થ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ...**' રાગ અને દ્વેષ દયા, દાન ભાવ થયા અને એમાં હરખ-શોક થયો એનું જે અહીંયા જ્ઞાન થયું એ જ્ઞાનથી એ ભિન્ન છે અને પુદ્ગલથી અભિન્ન છે. આહા..હા..! કેટલું ચીરી નાખ્યું છે. રાગ અને આત્માને ચીરી નાખીને બે કટકા કરી નાખ્યા છે. કરવત હોય છેને કરવત? આમ કરે તો બે ટૂકડા થઈ જાય. એમ ભેદજ્ઞાનરૂપી કરવત અંદર પડી... આહા..હા..! પ્રજ્ઞાછીણી જેને કહી. આહા..હા..! જ્ઞાન જ્ઞાન તરફ વળ્યું, રાગથી ભિન્ન થઈ ગયું. તો એ જ્ઞાનની પર્યાયમાં રાગાદિ-દ્વેષાદિ જે પરિણામ થયા એ તો નિમિત્ત થયા, જ્ઞાનમાં નિમિત્ત છે. આહા..હા..! અને તે પણ જ્ઞાનમાં નિમિત્ત છે એનો અર્થ? જ્ઞાન તો પોતાથી સ્વપરપ્રકાશરૂપ પરિણમે છે એમાં નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પરપ્રકાશક પરિણમે છે તો એ રાગ છે માટે પરપ્રકાશકપણે

પરિણમે છે એમ નથી. આહા..હા..! કેટલી ધીરજ જોઈએ. આહા..હા..!

આ બહાર ધમાધમ છેને. બિચારાએ કોઈકે લખ્યું છે હમણા. ૨૫ વર્ષ બધાએ ઉજવ્યા ધમાધમમાં એમાં આત્મામાં કેટલી દૃષ્ટિ થઈ અને એકાગ્રતા થઈ એની તો કાંઈ ખબર નથી. આ ધમાધમ પૈસા થયા અને આમ દસ લાખ થયા, ધર્મચક્ર ફર્યા. બસ, માણસ દેખાવ થયા, ઘણા અન્યમતિ પણ આવ્યા. પણ એમાં તારા આત્મામાં શું આવ્યું? સમજાણું કાંઈ? આહા..હા..! એ લેખ લખ્યો છે કોઈએ. આમાં આવ્યો છે. ધમાધમ ચારે કોર. આહા..હા..! આટલા પૈસા આપ્યા અને આટલા પૈસા ઊપજ્યા. આહા..હા..! એય શેઠ! આ તમારા વહુ યાદ આવ્યા. ડાલચંદજીની. એમાં આવ્યું હતું એકવાર ધર્મચક્રમાં. ૨૫ હજારની બોલી બોલી હતી. એ તો આવ્યું હતું. તમને તો ખબર હોય ને. એનો મોટો દીકરો છેને. એની સ્ત્રી. ધર્મચક્ર તમારું હતું કે એનું? ઓલાનું. એમાં આવ્યું હતું, છાપામાં આવ્યું હતું. કાંઈક નામ આપ્યું હતું. આપણને નામ ખબર નહિ. એ નામ હતું. ડાલચંદજીની સ્ત્રી એટલું. ડાલચંદજીને જાણીએ એટલે પછી બૈરાને કોણ ઓળખે છે. એણે પહેલા વધાવ્યા. ધર્મચક્ર ૨૫ હજાર. બાયું પણ સ્વતંત્ર છે કે નહિ રાગ ઘટાડવામાં. પછી તો એ પૂછવું પડ્યું. પહેલા હું બોલું? એમ પૂછવું પડે ઘરના ધણીને. આ દશા જુઓ. માસિક પાંચસોના પગારવાળો એક નોકર રાખે તો બાર મહિને છ હજાર થાય. ૨૫ વર્ષમાં કેટલા થયા? એક લાખ? દોઢ લાખ. તો એ દોઢ લાખ નોકરને ચડે તો એ સ્ત્રીને દોઢ લાખ નહિ? એણે ધણીને પૂછવું પડે કે સાસરાને પૂછવું પડે. ડાલચંદજી એના બાપને પૂછે અને ડાલચંદજીને એની વહુ પૂછે. આ તો એક જાણવાની ચીજ. ઘરે ઘરે એમ બનતું હોયને. એક નોકરને પણ સોનો પગાર હોય તો બાર મહિને કેટલો થાય? ૧૨૦૦. પચાસ વર્ષમાં ૫૦ હજાર, ૬૦ હજાર થાય. તો આની ૨૫ વર્ષ તારે ઘરે રહી તો એને કાંઈ ખરચવાનો કાંઈ સ્વતંત્ર મોખ જ નહિ? એય પોપટભાઈ! નામ આપે એ પછી રંભાબેન.. પોતે પણ. પણ એની સ્વતંત્રતા છે કે નહિ? આ તો દાખલો. એમ બને છેને. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે આત્મા સ્વતંત્ર જ્ઞાન કરવામાં સમર્થ છે. રાગ થયો તો જ્ઞાન થયું એમ પણ નહિ. આહા..હા..! ગજબ તો જુઓ, '**નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે...**' શું કહ્યું? રાગ-દ્વેષ, દયા, દાન, વ્રતના પરિણામ અને હરખ, શોકના ભાવ એ પોતાના જ્ઞાનમાં નિમિત્ત છે. જ્ઞાન છે એ આત્માથી અભિન્ન છે, વસ્તુ છે એ આત્માથી ભિન્ન છે અને પુદ્ગલથી અભિન્ન છે. આહા..હા..! ગજબ વાત છે! દયા, દાન, વ્રતના પરિણામ પુદ્ગલથી અભિન્ન છે. છગનલાલજી! આવી વાત છે. આહા..હા..! જુઓ તો ખરા પરમાત્માની વાણી. સંતોની વાણી એ પરમાત્માની છે. પરમેષ્ઠી છેને. આચાર્ય, સાધુ પરમેષ્ઠી છેને. પાંચેય પરમેષ્ઠી છેને. આહા..હા..! પરમેષ્ઠી પરમેશ્વર છે. પંચપરમેશ્વર છે. અને એમાં જ્યારે નમસ્કાર કરે છે ત્યારે તો આહા..હા..! પહેલા કહ્યું હતું એકવાર, નહિ?

'નમો લોએ સવ્વ અરિહંતાણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં.' એવો શબ્દ આવે છે શાસ્ત્રમાં. નમો લોએ ત્રિકાળવર્તી સર્વ અરિહંતાણં. પછી ટૂંકા શબ્દો કરી નાખ્યા છે, નહિતર પાઠ તો આવો છે ધવલમાં. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. ઓહો..હો..! અને ત્રિકાળવર્તી અને સર્વ. નમો લોએ ત્રિકાળવર્તી સર્વ અરિહંતાણં. પ્રભુ! નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં. એવા પાંચ નવકાર છે. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં. ત્રિકાળ ભવિષ્યમાં થશે એ હજી નરકમાં હશે. ભવિષ્યમાં તીર્થંકર થશે, સિદ્ધ થશે એને હું અત્યારે નમસ્કાર કરું છું. આહા..હા..! સમજાણું કાંઈ? નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવજ્ઝાયાણં. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં. એવો વિકલ્પ આવ્યો, અહીં તો હજી એમ કહેવું છે, એ વિકલ્પનું પણ અહીં જ્ઞાન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પંચપરમેષ્ઠીની ત્રિકાળવર્તીના અસ્તિત્વનો સ્વીકાર. આહા..હા..!

અનંત અરિહંત થયા, વર્તમાન છે અને ભવિષ્યમાં થશે; એમ અનંત સિદ્ધ થયા, વર્તમાન છે અને ભવિષ્યમાં થશે; એમ સંખ્યાત આચાર્ય છે, અનંત થઈ ગયા, સંખ્યાત છે અને ભવિષ્યમાં થશે. બધાના અસ્તિત્વનો સ્વીકાર કરીને, આહા..હા..! ત્રિકાળી આનંદના નાથનું અસ્તિત્વ જ્યાં દૃષ્ટિમાં આવ્યું ત્યારે વિકલ્પ ઉઠ્યો તો આવા ત્રિકાળ પંચપરમેષ્ઠીના અસ્તિત્વને નમસ્કાર કર્યા. એ રાગ પણ પુદ્‌ગલનો ભાવ છે એમ કહે છે. આહા..હા..! ગજબ વાત છે. આવી વાત છે. અને એ પુદ્‌ગલના પરિણામ પોતાનું જ્ઞાન કરાવવામાં નિમિત્તરૂપે સમર્થ છે, પણ છે તો એ પુદ્‌ગલપરિણામ પુદ્‌ગલથી અભિન્ન છે અને ભગવાને એનું જ્ઞાન કર્યું એ જ્ઞાનથી ભિન્ન છે અને જ્ઞાન કર્યું એ જ્ઞાન આત્માથી અભિન્ન છે. આહા..હા..! આવો નવકાર ગણ્યો એ વિકલ્પ છેને? પરદ્રવ્યને નમસ્કાર એ તો વિકલ્પ રાગ છે. સ્વમાં અનુભવમાં અંદરમાં લીન થવું એ નિશ્ચયનમસ્કાર છે. નિર્વિકલ્પદશાથી પોતામાં રહેવું એ નિર્વિકલ્પ નમસ્કાર છે. આહા..હા..! અહીં તો કહે છે કે પંચપરમેષ્ઠીને વંદન કરવાનો જે વિકલ્પ ઉઠ્યો, આહા..હા..! એ તો પરદ્રવ્ય છે તો નમસ્કાર કરવાનો વિકલ્પ આવ્યો. આહા..હા..! એ વિકલ્પ કર્મચેતના છે અને એમાં હરખ થવો એ કર્મફળચેતના છે. આહા..હા..! એ પર્યાય પુદ્‌ગલથી અભિન્ન છે. ગજબ વાત નાથ! તારી ઋદ્ધિ તો જો. તું તો એનું જ્ઞાન કરવામાં સમર્થ છે. રાગ કરવો આ તારી શક્તિ નથી. આહા..! સમજાણું કાંઈ? અરે..! આ વસ્તુ સાંભળવા મળે નહિ એ પંથમાં કેમ જાય? આહા..હા..!

આ તો એક વિચાર આવ્યો હતો. ભાઈ! આ લીંબડા બહુ થયા છે હમણા. આ વરસાદ ઘણોને. એક પાંદડામાં અસંખ્ય શરીર, એક એક શરીરમાં એક એક જીવ આમ ઠસોઠસ ભર્યા છે. નીમ નીમ. આહા..હા..! એક પાંદડું. પત્ર સમજો છો? પત્તા. એક પાંદડામાં અસંખ્ય ઔદારિક શરીર છે. આ તો ઠસોઠસ ભર્યા છે. ઓલો પાણીનો વિચાર આવ્યો હતોને. ત્યાં બેસીએને, લીંબડો દેખાય છે મોટો. આમ આમ ઊંચો. આહા..હા..! એક એક પાંદડામાં અસંખ્ય

શરીર, એક એક શરીરમાં જીવ અને એક એક જીવનું કાર્મણ અને તૈજસ શરીર બધાનું જુદું. આહા..હા..! એવા અસ્તિત્વને જ્ઞાની સ્વીકારી શકે.

મને તો એવો વિચાર આવ્યો હતો કે આહા..હા..! એ અસંખ્ય શરીર આમ ભીડમાં એકસાથે પડ્યા છે. આંતરો નથીને વચ્ચે. એક એક શરીરમાં અનંત જીવ નિગોદવાળા. આમાં એક શરીરે એક જીવ. લીલ-ફૂગ એટલી લીલ-ફૂગ. આહા..હા..! કાઈમાં એક રાય જેટલી કાઈ લ્યો તો એમાં અસંખ્ય શરીર છે, શરીર અનંત નહિ, ઔદારિક હોં! એમાં તેજસ-કાર્મણ અનંત. સમજાણું કાંઈ? આહા..હા..! આ વસ્તુ અસ્તિનો સ્વભાવ વ્યવહાર કેવો છે વીતરાગનો! આહા..હા..! એ વાત વીતરાગ સિવાય ક્યાં છે? એક આત્મા નિશ્ચય વ્યાપક છે ને આમ છે ને તેમ છે. ધૂળેય નથી. આહા..હા..! પાખંડની પ્રતીતિ છે એ તો. ભગવાન આત્મા. આ તો એટલામાં રહે છે અને બધાના પરિણામ ભિન્ન ભિન્ન છે. આહા..હા..! પોતાના પરિણામ પર આત્મા સાથે છે એને સ્પર્શતા નથી, પર આત્માના પરિણામ એને પરના પરિણામ સ્પર્શતા નથી. ઓહોહો..! પ્રભુ! તારી ગંભીરતા તો જો જ્ઞાનના વિષયની! આહા..હા..! એને જ્ઞાન કબુલ કરે છે. એ વસ્તુ મારા જ્ઞાનમાં નિમિત્ત છે. જ્ઞાન તો હું મારું મારાથી કરું છું. સમજાણું કાંઈ? આહા..હા..! એ કહ્યું.

'**તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ એવી રાગ-દ્વેષ,સુખ-દુઃખાદિરૂપ પુદ્ગલપરિણામની અવસ્થા...**' ગજબ વાત છે, ભાઈ! જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય એ પુદ્ગલની દશા છે. આહા..હા..! કેમકે એનાથી પુદ્ગલ બંધાય છે અને એનાથી પુદ્ગલનો સંયોગ થાય છે. એ આત્મભાવ નહિ. આહા..હા..! જ્ઞાનીને તો એ તીર્થંકરગોત્રનો જે ભાવ આવ્યો, ઈ પોતાના જ્ઞાનમાં ભાવ નિમિત્ત છે જ્ઞાન કરાવવામાં. સમજાણું કાંઈ? અને એ ભાવ પુદ્ગલની સાથે અભિન્ન છે અને આત્માથી ભિન્ન છે અને એ સંબંધી જે જ્ઞાન પોતામાં થયું એ જ્ઞાન આત્માથી અભિન્ન છે અને એ જ્ઞાન પુદ્ગલથી ભિન્ન છે, રાગથી ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ અસ્તિત્વ એના વિષયનું જ્ઞાન એટલું છે. જેની જ્ઞાનની પર્યાયમાં અનંત અસ્તિત્વ જાણે એવો એનો વિષય છે. આહા..હા..! એ છે એટલે જાણે છે એમ નહિ. આહા..હા..! શાસ્ત્રમાં આવે તો એને ખ્યાલ તો આવેને, પણ એ તો વિકલ્પ છે. પણ એ વિકલ્પ છે એ જ્ઞાનથી ભિન્ન છે. આ વાત! હવે આ સમન્વય કરવો છે બધાએ. સમન્વય કરો, એમ અત્યારે સમન્વય કરો એવી હવા ચાલી છે. બધા ધર્મ સાથે સમન્વય કરો. અરે પ્રભુ! કોઈ ધર્મ સાથે વિરોધ ન કરવો, દ્વેષ ન કરવો, પણ કોઈ સાથે સમન્વય આ ચીજ સાથે થતો જ નથી. અરે..! તીર્થંકરગોત્રનો રાગ આવ્યો એની સાથે જ્ઞાનમાં એકતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય.. લોકોને એમ થઈ જાય

કે આહા..હા..! અને એ તીર્થંકરગોત્ર બાંધ્યું માટે તીર્થંકર થશે; એ એને કારણે થશે? એ તો રાગનો ભાવ આવ્યો તો બંધ થઈ ગયો. પછી સ્વનો આશ્રય લઈને રાગ તૂટશે ત્યારે તીર્થંકરગોત્રનો ઉદય થશે. કેવળજ્ઞાનમાં ઉદય થશે. એમાં એણે શું કર્યું? સમજાણું કાંઈ? આવી વાત છે આ. અરેરે..! એ દુઃખી થઈને રાગ મારો અને હું એનો એવી કર્તાબુદ્ધિમાં દુઃખી છે, દુઃખી છે. કેમકે રાગ એ દુઃખ છે અને આત્મા આનંદમૂર્તિ પ્રભુ છે. એ આનંદનો નાથ પ્રભુ 'દુઃખ મારું છે' એમ માનીને દુઃખી છે.

અહીં તો ભેદજ્ઞાન જ્યાં કર્યું તો દુઃખના પરિણામ પુદ્‌ગલની સાથે અભિન્ન છે અને દુઃખ જે પરિણામ છે પોતાને જ્ઞાન કરાવવામાં નિમિત્ત છે. તો જ્ઞાન જે થયું એ આત્માથી અભિન્ન છે અને રાગ આ જ્ઞાનની પર્યાયથી ભિન્ન છે અને રાગ એ પુદ્‌ગલથી અભિન્ન છે અને અનુભવથી ભિન્ન છે. આહા..હા..! ક્યાં દુનિયાને ક્યાં જોવું તારે શું કામ છે? અરે..! આહા..હા..!

**શ્રોતા :—** ભેદજ્ઞાન થાય નહિ ત્યાં સુધી તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ત્યાં સુધી રખડવાનો. એ સરવાળામાં રખડે. ત્યાંથી સરવાળો આવશે ઊંધો પાછો. આખી જિંદગી પાપ ને આ ને આ. આહા..હા..! ખેતી કરી. ખેતીમાં આટલા પૈસા આવ્યા અને મોલ આમ પાકે ઈ જોવા જાય તો આમ રાજી-રાજી થઈ જાય. મોલ સમજો છો? બાજરો, જુવાર, કપાસ. અમારે પાલેજમાં તો કપાસ આટલા આટલા. કપાસ હોય છેને. એ લોકોને કપાસનું કહેવાય છેને. કાલા. કાલાનું ત્યાં બહુ પાલેજમાં. વોરા મુસલમાન. બહુ પાકે. દસ-દસ હજાર, વીસ-વીસ હજાર, પચ્ચીસ-પચ્ચીસ હજાર, લાખ-લાખની પેદાશ. કાલા. કાલા એટલે કપાસ થાય છેને. એ કાંઈક કહે છે. કાચુ સોનું કહે છે. ગુજરાતનું કપાસ કાચુ સોનું. પૈસા એટલા આવે. એક એક ગાડુ આવે હજાર-હજારની ઊપજ જેની. આહા..હા..!

અહીં તો એમ કહેવું છે એ ચીજ પણ પર છે. અમે આમ કપાસ જોવા જઈએને આટલા-આટલા મોટા. એ લોકો કાનમમાં માણસ ન દેખાય આવડા મોટા ઊંચા છોડ હોય. જોવે તો ખુશ થાય. આહા..હા..! ઓણ બહુ પાકશે. કોનો પાક? એનો વિકલ્પ આવ્યો એ દુઃખરૂપ છે. એ દુઃખરૂપ પર્યાય નિશ્ચયથી તો પરમાત્માથી ભિન્ન છે અને એનું જ્ઞાન થયું એ આત્માથી અભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

૯૨-૯૩ ગાથા. શીત-ઉષ્ણની જેમ પુણ્ય-પાપના ભાવને પુદ્‌ગલમાં નાખ્યા છે. કેમકે અચેતન છેને. શીત-ઉષ્ણ પરમાણુની પર્યાય છે અને આ રાગ-દ્વેષ પર્યાય છે જીવની, પણ એ અચેતન છે. એ પરમાણુ નથી, એમાં રંગ, ગંધ, રસ નહિ. સમજાણું કાંઈ? કર્મની પર્યાય જે છે એ તો રંગ, ગંધ, રસ, સ્પર્શવાળી. સમજાણું કાંઈ? અને રાગની પર્યાય રંગ, ગંધ, રસ, સ્પર્શ નહિ, પણ એમાં જ્ઞાનનો અભાવ માટે અચેતન કહીને રંગ, ગંધ, રસવાળી પર્યાય

સાથે જોડી દીધી. આહા..હા..! સમજાણું કાંઈ? શાંતિભાઈ! આહા..હા..!

**'તે પ્રકારનો અનુભવ...'** **'અભિન્નપણાને લીધે આત્માથી...'** આહા..હા..! **'તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ...'** જુઓ, અહીં નિમિત્ત લીધું પાછું. એમાં એમ કહ્યું હતું, એ પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ છે. એમ કીધુંને? **'તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ...'** એમ કહ્યું હતું. રાગ-દ્વેષ, સુખ-દુઃખની કલ્પના પોતામાં જ્ઞાન કરાવવામાં સમર્થ. એ જે સમર્થ લીધું તે અહીં નિમિત્ત લઈ લીધું. નિમિત્ત તરીકે સમર્થ એમ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! સમયસાર અજોડચક્ષુ, અદ્વૈતચક્ષુ. આહા..હા..! ભરતક્ષેત્રના ભગવાન છે એ તો. શું કીધું?

**શ્રોતા :—** ઉપર સમર્થ કીધું હતું એને અહીં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** જે સમર્થ કીધું હતું એને નિમિત્ત કહ્યું. કોઈ કહે કે પછી આ સમર્થ આનું કરાવવામાં સમર્થ (એમ નહિ) પણ નિમિત્તરૂપે સમર્થ. આહા..હા..!

જેમ શીત-ઉષ્ણનું જ્ઞાન પોતામાં થાય છેને. તો એ શીત-ઉષ્ણ જ્ઞાન કરાવવામાં સમર્થ એમ કહ્યું હતું, પણ એનો અર્થ નિમિત્ત. એમ રાગ-દ્વેષ, સુખ-દુઃખની કલ્પના પોતામાં જ્ઞાન કરાવવામાં સમર્થ, અનુભવ કરાવવામાં સમર્થ. એનો અર્થ? અનુભવ તો પોતાથી ઉપાદાનથી પોતામાં થાય છે, પણ એમાં નિમિત્ત છે તો જ્ઞાન કરાવવામાં સમર્થ છે, વિકાર કરાવવામાં સમર્થ નથી એમ કહે છે. આહા..હા..! એ કરાવવાનો અર્થ ઈ. સમજાણું કાંઈ? આહા..હા..! આ શરીર ને પૈસા ને આબરુ ને બધી ધૂળ. આહા..હા..! કહ્યું હતુંને એકવાર? નહિ? આવ્યા હતા ને ભાઈ આ? ચીમનભાઈના બનેવી નહિ? ચીમન ઠાકરશી. ના, ચીમન ઠાકરશી નહિ. ભાઈના બનેવી. શાંતાબેનના બનેવી. એટલે આ રસીકભાઈ નહિ? રાજકોટવાળા. એના બનેવી. એની પાસે પાંચ કરોડ રૂપિયા ... મખમલ પાથરેલા. સાડા પાંચ લાખનું તો મખમલની ઓલી શું કહેવાય તમારા? ગાલિચા અને ફર્નિચર. સાડા પાંચ લાખનું તો ફર્નિચર. અરેરે..! આમાંથી નીકળવું ભારે પડશે કીધું. ગાલિચામાં બધે પગલા કરાવ્યા.

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** મહારાજના પગલા થાય તો એમ.. આહા..હા..! આત્માની લક્ષ્મીની જરૂર છે કે તારે ધૂળની જરૂર છે? એવી તો અનંતવાર મળી છે, ભાઈ! આહા..હા..!

અહીં તો કહે છે... આ..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવમાં જ્ઞાનસ્વભાવનો અભાવ છે. તેથી તેને અચેતન કહીને પુદ્‌ગલની પર્યાય કહી દીધી છે. આહા..હા..! પંડિતજી! સમજાય છેને? આહા..હા..! હવે એ અચેતન છે એ નિશ્ચયમાં ચેતનને કારણ થાય? અચેતન ચેતનની નિર્મળ પર્યાયમાં કારણ થાય, નિમિત્ત હો, પણ એનાથી નિશ્ચય ઉત્પન્ન થાય (એમ ત્રણકાળમાં નથી). આહા..હા..! અચેતન કારણ અને ચેતનની પર્યાય કાર્ય એમ બને? આહા..!

અહીંયાં તો સ્વપરપ્રકાશક રાગથી ભિન્ન થઈને જે જ્ઞાનની પરિણતિ થઈ એમાં રાગાદિ

પરિણામ છે તેને નિમિત્ત કહેવામાં આવ્યા છે. તો એ જ્ઞાનની સ્વપરપ્રકાશક પર્યાય પણ પોતાથી થઈ છે, એ રાગ છે માટે થઈ છે એમ પણ નથી. આહા..હા..! હવે એને અહીંયાં અચેતન રાગ નિશ્ચયસમ્યગ્દર્શનાદિમાં કારણ થાય.. અરે..! પ્રભુ એ ન હોય. એનો અભાવ કારણ છે. સમજાણું કાંઈ? સવારે આવ્યુંને? નિર્વિકલ્પ અનુભવદશા એ જીવ નહિ. જીવનો એ તો ઉપચારભાવ છે, પર્યાયભાવ છે. આહા..હા..! હવે જે પર્યાયભાવ છે એ પણ દ્રવ્યમાં નથી. સમ્યગ્દર્શનનો વિષય છે એ દ્રવ્ય છે. એ મોક્ષના માર્ગની પર્યાય સમ્યગ્દષ્ટિની પર્યાય સમ્યગ્દષ્ટિને વિષય નથી કરતી. પોતાની પર્યાય પોતાનો વિષય નહિ. આહા..હા..! સમ્યગ્દર્શનની પર્યાયનો વિષય દ્રવ્ય છે. મોક્ષમાર્ગની પર્યાયનો વિષય મોક્ષમાર્ગ નથી, એ તો પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સમજાય એવી વાત છે. આમાં કોઈ એવું વ્યાકરણ ને (એવું નથી). સમજાણું કાંઈ? ઓહો..હો..!

સમ્યગ્દર્શનની પર્યાય એ પોતાની પર્યાયને વિષય નથી કરતી. એ પર્યાય ત્રિકાળી દ્રવ્યને વિષય કરે છે કે જે દ્રવ્યમાં મોક્ષનો માર્ગ નિર્વિકલ્પ આનંદની દશાનો પણ જેમાં અભાવ છે. આહા..હા..! કેટલું કહ્યું એમાં! આહા..હા..! અહીં તો રાગ છે, વ્યવહારરત્નત્રય છે એ નિશ્ચયનું કારણ છે એમ કહો, અથવા અજ્ઞાનીને.. અજ્ઞાનીને એને વ્યવહારત્નત્રય પરંપરા મોક્ષનું કારણ છે એમ કહો. અરે પ્રભુ! આજે લેખ આવ્યો છે. આહા..હા..! ભાઈ! એમ નથી.

રાગ મોક્ષના કારણમાં પરંપરા કારણ રાગ. આહા..હા..! એ તો આસ્રવ છે. બાર ભાવનામાં તો ત્યાં લીધું છે કુંદકુંદાચાર્યે કે આસ્રવ છે એ તો નિંદ્ય છે, પરંપરા અનર્થનું કારણ છે. શબ્દ નિંદ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ આસ્રવ મોક્ષને માટે પરંપરા કારણ! બાપુ! એ તો સમ્યગ્દષ્ટિને રાગથી ભિન્ન પડ્યો પ્રભુ, એના ભાનવાળા અનુભવીને રાગ છે એમાં અશુભ ટળ્યો છે અને ક્રમે-ક્રમે શુભ ટાળીને શુદ્ધમાં જાશે એ અપેક્ષાએ પરંપરા કહેવામાં આવ્યું છે. હવે એની વ્યાખ્યા જ એ. વ્યવહારનયનું વચન છે એ તો. સમજાણું કાંઈ? એમાં આમ ખુશી-ખુશી. લોકોને પણ ખુશી કરે. જુઓ ભાઈ વ્યવહાર કરતાં-કરતાં (થાય છે). પાછું એમાં વળી થોડું બીજું કહે, બધાને હોય નહિ પણ કોઈને હોય. પણ કોઈને હોય તો નિયમ ક્યાં રહ્યો? નિયમ સિદ્ધાંત ક્યાં રહ્યો? કોઈને એમ કે વ્યવહારથી નિશ્ચય પામે જ એમ નહિ, પણ કોઈ પામે. તો સિદ્ધાંત તો રહ્યો નહિ. આહા..હા..! વ્યવહારથી ત્રણકાળમાં કોઈ નિશ્ચય પામે નહિ, એ નિયમ અને એ સિદ્ધાંત છે. કેમકે વ્યવહાર અચેતન છે. એ ચૈતન્ય ભગવાન આત્માની શાંતિને માટે કારણ છે? આહા..હા..! એ તો અચેતન છે એ જ્ઞાનમાં નિમિત્તરૂપે છે. જ્ઞાન એને જાણનાર છે એવું જ્ઞાનમાં સામર્થ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આત્માથી અભિન્નપણાને લીધે પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે...'** કોણ? રાગ-દ્વેષ સુખ-દુઃખની કલ્પના. **'અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ...'** એ

પ્રકારનું જ્ઞાન. એ પ્રકારનું જ હોયને. જે કાળે યથાર્થ જે સમયે જાણેલો પ્રયોજનવાન, જેવો રાગ છે, જેવી કલ્પના સુખ-દુઃખની છે એ પ્રકારનું જ્ઞાન કરાવવામાં જીવ સમર્થ છે. '**અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે. જ્યારે જ્ઞાનને લીધે આત્મા તે રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ જાણતો હોય...**' દેખો. જ્યારે ભગવાન આત્માનું જ્ઞાન અને રાગ-દ્વેષ અને સુખ-દુઃખની કલ્પના. આહા..હા..! શરીરની યુવાન અવસ્થા હોય અને આમ અલમસ્ત શરીર હોય, ૨૦ વર્ષની જુવાન સ્ત્રી હોય અને એની સુંદરતા અને એની નમણાઈ દેખીને. આહા..હા..! પ્રભુ! એમાં મજા પડે છે એમ માને. અરે મૂઢ! શું કરે છે આ તું? સમજાણું કાંઈ? મજા પડે છેને કહે છેને. અરે પ્રભુ! શું થાય છે? ભાઈ! એ તરફનો જે રાગ થયો એ તો દુઃખરૂપ છે. આહા..હા..! ખરેખર તો જ્ઞાનીને એ રાગ જ્ઞાનમાં નિમિત્ત છે. જ્ઞાની જાણે છે કે આ તો દુઃખ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઇન્દ્રિયના વિષયથી નિવૃત્તિ ન હોય હજી ચારિત્ર નથી એટલે, તો રાગ આવે. આહા..હા..!

પંચમ ગુણસ્થાન સુધી તો રૌદ્રધ્યાન હોય છે, પણ એ રૌદ્રધ્યાન અહીં જ્ઞાન કરાવવામાં નિમિત્ત છે, એમ કહે છે જ્ઞાનીને. રૌદ્રધ્યાનના પરિણામ પુદ્‌ગલ સાથે અભિન્ન છે. આહા..હા..! આવી વ્યાખ્યા અને આવું આ. લોકોને મળ્યું નથીને એટલે આ નવું લાગે એને કે આવું ક્યાં કાઢ્યું? એ કરતા અમે કરીએ છીએ એ કરવા દ્યોને. કોણ પણ ના પાડે છે? તું કરને જે કરે છે એ, પણ માર્ગ આ છે. કહો, શેઠ! એ ત્યાં અગ્રેસર હોય જ્યાં ત્યાં એ શેઠ તો લ્યો. અન્યમતિમાં પણ અગ્રેસર થવા જાય. મોઢા આગળ દેખાય, માન મળે, મોટા માણસ આવે તો આપણી સારી શોભા તો થાય સભાની. ત્યાં પણ જાય. એવું સાંભળ્યું હતું એક ફેરી. રામજીભાઈ બચાવ કરે છે. આહા..હા..! ત્યાં ભલે પૈસા ન આપે પણ બેઠા હોય એક શેઠ ભગવાનદાસ શોભાલાલની કંપની. એક શેઠ આવ્યા તો બધા આવે. બધા ગામના. અરે ભાઈ! શું છે? બાપા! શેઠ—શ્રેષ્ઠ તો પ્રભુ ચૈતન્ય આનંદનો નાથ છેને. એને પર્યાયમાં પધરાવને. આહા..હા..! એને ગાદીએ બેસાડ. સમજાણું કાંઈ? એમાં તારી શોભા છે. તને આનંદ આવશે. આહા..હા..! પણ અવ્યક્ત ચીજ એનું એને માહાત્મ્ય આવતું નથી. કેમકે એક સમયની પર્યાયમાં એ આવતી નથી અને અનાદિની પર્યાયમાં રુચિ, પર્યાય મૂઢા. આહા..હા..! અનાદિ સંસ્કાર. આહા..હા..! ગજબ વાત છે ૯૨-૯૩ ગાથા. શીત-ઉષ્ણની પેઠે રાગ-દ્વેષને નાખી દીધા. શીત-ઉષ્ણમાં તો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે, પણ આ રાગ-દ્વેષ, સુખ-દુઃખની કલ્પનામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી. પણ અચેતન છે તો આ પણ અચેતન છે એમ કરીને પુદ્‌ગલના પરિણામ (કહી દીધા).

**શ્રોતા :—** અચેતનની અપેક્ષાએ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બસ અચેતન. આહા..હા..!

ભગવાન તો ચૈતન્યસ્વરૂપ છેને, પ્રભુ! એ તો જ્ઞાનનો સાગર છેને. એમાં ઊછળે તો જ્ઞાનની પર્યાય ઉછળે. આહા..હા..! નદીમાં તરંગ ઉઠે તો એ પાણીના તરંગ પાણીના ઉઠે. એમાં ખારા અને કાળા અફીણના તરંગ ઉઠે? એમ ભગવાન આત્મા નિર્મળ જ્ઞાનથી ભરેલો પ્રભુ, એ ઊછળે કલ્લોલ કહો તો એમાં જ્ઞાનની પર્યાય ઉઠે છે. રાગની પર્યાય એમાંથી ઉઠે? આહા..હા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ તો છે, પ્રભુ! શું કરે? માર્ગ તો આ છે, ભાઈ! માર્ગનું સ્વરૂપ એવું છે. અનંત તીર્થંકરોએ આમ કહ્યું છે, દિગંબર સંતોએ આડતિયા થઈને જગતને જાહેર કર્યું. એ માલના આડતિયા છે. આડતિયા કહે છેને? આહા..હા..! આવો માર્ગ પ્રભુ તારો. તારી મહત્તા તો જો તારી જ્ઞાનની પર્યાયમાં.

આજે તો ઓલા લીંબડા દેખીને (થયું) કે આહા..હા..! અનંતા રજકણો, અનંતા એટલામાં એક જીવ. એક પાંદડામાં અસંખ્ય શરીર, એક શરીરમાં એક જીવ, એક જીવને તેજસ અને કાર્મણ (શરીર) બધાથી ભિન્ન. આટલામાં તો અનંતા તેજસ અને અનંતા કાર્મણ (શરીર) છે.. આહા..હા..! એ સ્વભાવિક વસ્તુ છે, ભાઈ! આ પરમાણુ આવડો નાનો એમ ન લેવું. એ સ્વભાવિક જડ વસ્તુ છે. ચૈતન્ય એક સ્વભાવિક ચૈતન્યવસ્તુ છે. આહા..હા..! આટલી આંગળીના અસંખ્યમા ભાગમાં અનંતા તેજસ-કાર્મણ અને નિગોદના શરીર હોય તો ત્યાં તો એક આટલા શરીરમાં અનંત જીવ (રહે છે). આહા..હા..!

અહીંયાં તો એમ કહેવું છે કે પોતાની જ્ઞાનની પર્યાય જે જ્ઞેય છે, દયા પાળવી કે એ પ્રશ્ન અહીં નથી, પણ જ્ઞાનની પર્યાયનો વિષય કેટલો છે? અનંત. એ અનંતનું આત્મા જ્ઞાન કરે છે. સમજાણું કાંઈ? અનંતની દયા પાળે છે એમ નહિ. અનંતને મારે અને દયા (પાળે) એ નહિ, એ તો એના અધિકારમાં છે નહિ. સમજાણું કાંઈ? એ જ્ઞાન વસ્તુ ભગવાન ચૈતન્યપ્રકાશ એની પર્યાયની મહત્તા કેટલી? કે જે અનંત નિગોદ અને અનંત સિદ્ધોને જ્ઞાનમાં લે! આહા..હા..! એ જ્ઞાનની મહત્તા અનંત-અનંત જ્ઞેય છે એમ નહિ, પણ જ્ઞાનની મહત્તા એટલી છે. સમજાણું કાંઈ? નિગોદના જીવની દયા પાળવી એમ નથી. પાળે કોણ કોની? પણ એ અનંતા જીવ છે જ્ઞાનમાં વિષય છે એટલી તો જ્ઞાનની પર્યાયની અધિકતા છે. આહા..હા..! તો એવી એવી પર્યાયનો પિંડ ભગવાન આત્મા, જેમાં પર્યાય નહિ, પણ એકલો દ્રવ્ય પરમપારિણામિક ભાવસ્વભાવ. આહા..હા..! પરિણમે સો પારિણામિકભાવ આવ્યુંને, ભાઈ! પંચાસ્તિકાયમાં ભાઈ પાંચ ભાવનું વર્ણન આવ્યુંને. ૫૬, ૫૭, ૫૮ ત્યાં એમ લીધું. ચાર ભાવ ઉદયભાવ આદિ છે એ કર્મના નિમિત્તની અપેક્ષાથી થયા છે. છે ઉપાદાન એનું, પણ કર્મની અપેક્ષા છે ચાર ભાવમાં—ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક. પરમપારિણામિકભાવમાં નિમિત્ત અને નિમિત્તના અભાવની અપેક્ષા નથી. એવો નિરપેક્ષ ભગવાન પરમસ્વભાવ. ક્ષેત્ર મોટું એની કોઈ જરૂર નથી એને. સમજાણું કાંઈ? આહા..હા..!

એવું ભેદજ્ઞાન જ્યારે રાગથી થયું તો એ જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય સ્વપરપ્રકાશકમાં રાગ

નિમિત્ત છે, પણ એ રાગ તો પુદ્‌ગલની સાથે અભિન્ન છે. ભગવાનનું જ્ઞાન જે થયું એનું પોતા સંબંધીનું એનું એ જ્ઞાનથી આત્મા અભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આવો માર્ગ. માણેકચંદભાઈ! ઓલા પૈસાવાળાને એમ હોય કે જાણે દાન કરીને ધર્મ થઈ જશે. ભાવ હોય, આવે છે. આ તીર્થ ફંડની રક્ષા કરીએ તો ધર્મ થઈ જશે. એમ હશે? કહો, જાંજરીજી! લ્યો, એ ત્યાં મક્ષીના મંત્રી છે. આહા..હા..! એ તો એક વિકલ્પ હો, એ કોઈ ધર્મ છે એમ નથી. આહા..હા..!

**શ્રોતા :—** ધર્મનો અનુરાગ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અનુરાગ છે એ પણ જાણવાલાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'તેઓ એક નથી...' આહા..હા..! '**રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિનો અને તેના અનુભવનો પરસ્પર વિશેષ જાણતો હોય ત્યારે, તેઓ એક નથી પણ ભિન્ન છે એવા...**' ભેદજ્ઞાનને કારણ.. વિશેષ કહેશે હવે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

# શ્રી સમયસાર, ગાથા-૩૩૨થી ૩૪૪
## તા.૨૬-૭-૧૯૭૦
## (૨૨)

કર્તાકર્મ ચાલે છેને? શું આવ્યું આમાં? થોડી વાત તો કરી હતી કાલે હોં! મલૂકચંદભાઈ! ગોપવી રાખી. કાલે વાત કરી હતી થોડી. અહીંયા એમ કહેવામાં આવ્યું કે આ જે આત્મા છે વસ્તુ એ તો અનંત જ્ઞાયકભાવ આદિ સ્વભાવથી ભરેલો પદાર્થ છે. વસ્તુ છેને. તો કહે છે કે એ વસ્તુ જે દ્રવ્ય છે અને એ અસંખ્ય પ્રદેશી ચીજ છે અને જ્ઞાયકભાવથી ગુણથી-શક્તિથી ભરેલો પદાર્થ છે. વાંધા આવે છે, વાંધો ઊઠ્યો છે એને.

આત્મામાં જે વિકાર થાય છે, જ્ઞાનની હીનતા થાય, જ્ઞાનનો વિકાસ થાય એ બધી પર્યાયો છે. દર્શન અને નિંદ્રા આદિ આવે અને નિંદ્રાનો અભાવ થાય, રાગ-દ્વેષ થાય, મિથ્યાત્વ થાય એ બધા પર્યાયો છે. વસ્તુ શુદ્ધ છે માટે દ્રવ્ય જે શુદ્ધ છે એ તો કાંઈ એને કરે નહિ. ગુણ શુદ્ધ છે. તો વિકાર કરે છે કોણ? એટલે અજ્ઞાની કહે છે કે વિકારનો કરનાર કર્મ છે. સમજાણું કાંઈ? એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ થાય છે એનો કર્તા કર્મ છે એમ કહે છે.

ત્યારે આચાર્યે કહ્યું કે ભાઈ! આત્માને તું વિકારની પર્યાયનો અકર્તા ઠરાવે છે તો સિદ્ધાંત તો એમ કહે છે કે કથંચિત્ કર્તા છે જીવ. એ કર્તાપણું શેમાં નાખીશ તું? સમજાણું કાંઈ? એણે એ વિચાર્યું છે કે દી? એ તો ઓઘે ઓઘે કાંઈક આપણે કરીએ અને આપણે કાંઈક ટાળીએ એમ અનાદિથી અજ્ઞાનથી માની બેઠો છે. સમજાણું કાંઈ? ત્યારે શિષ્યને કહ્યું, ભાઈ! જો એ વિકારભાવ કર્મ કરાવે અને કર્મ પ્રમાણે વિકાર થાય તો તો ભગવાને કહ્યું છે કે આત્મા કર્તા છે એટલું કહ્યું ભગવાને. તો એ કર્તાપણે તો તે ઉડાવી દીધું. તો વિકારનું કર્તાપણું કર્મમાં નાખ્યું. એમાં જિનવાણીનો વિરોધ છે તારા ઉપર. ત્યારે એ કહે કે ભલે કર્તા અમે ઠરાવીએ. જેટલો જ્ઞાનની હીણી કે વિકાસ દશા છે એ બધા કર્મને લઈને (છે). રાગ-દ્વેષ થાય એ બધું કર્મને લઈને. તો કથંચિત્ કર્તા છેને? વસ્તુ પોતે છે એ આત્મા આત્માને કરે. ત્યારે એને આચાર્યે કહ્યું કે ભાઈ! આત્મા આત્માને કરે એટલે શું? એ તો વસ્તુ નિત્ય છે, ત્રિકાળ છે. ત્રિકાળને કરવું શું? અને અસંખ્ય પ્રદેશી છે એમાં ઓછા-વત્તુ કરવાપણું શું? એટલે એ રીતે તો કર્તાપણું તો ઠરતું નથી. અને તું એમ કહે કે આત્મા તો જ્ઞાયકભાવ ચૈતન્યસ્વભાવભાવ ધ્રુવસ્વરૂપ છે તો એ જ્ઞાયકભાવ વિકારને કેમ કરે? એમ જો તું કહે તો

તો વિકારનો કર્તા કર્મ એમ તારે ઠરાવવું હોય તો એ તારી વાત ખોટી છે. સમજાણું કાંઈ? જ્ઞાયકભાવ ચૈતન્યસ્વભાવભાવ હોવા છતાં.. કહે છે, જુઓ!

'**જ્ઞાયકભાવ સામાન્ય અપેક્ષાએ જ્ઞાનસ્વભાવે અવસ્થિત હોવા છતાં...**' પેરેગ્રાફ છેને? જ્ઞાયકભાવ... એને હાથ નહિ આવે.

**શ્રોતા :-** સામાન્ય અપેક્ષાએ જ્ઞાનસ્વભાવે અવસ્થિત હોવા છતાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બસ એ. સમજાણું કાંઈ?

આત્મા જ્ઞાયકભાવ સામાન્ય અપેક્ષાએ, ધ્રુવસ્વરૂપ જે જ્ઞાયકભાવ છે એ તો ધ્રુવ છે. એ અપેક્ષાએ તો અવસ્થિત સ્થિર છે. એવો ને એવો ધ્રુવ... ધ્રુવ... ધ્રુવભાવ છે. છતાં હવે ભૂલ કેમ થાય છે? અને એ કર્તા કેમ કહ્યો ભગવાને એને? એ વાત સાંભળ, કહે છે. કર્મથી ઉત્પન્ન થતાં મિથ્યાત્વાદિ ભાવો એટલે કે દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના જે વિકલ્પ ઊઠે છે, એ રાગ જે થાય છે એ ભાવોના જ્ઞાન સમયે, ખરેખર તો તે વિકાર પરિણામના જાણવાના કાળે, જાણવાના કાળે, ખરેખર તો એ રાગનો જાણનાર છે પર્યાયમાં પણ. પણ એને જાણવા કાળે અનાદિ કાળથી જ્ઞેય-જ્ઞાનના ભેદજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે..

ચૈતન્ય જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ છે અને રાગ ભિન્ન છે, એવું કોઈ દી અનાદિકાળથી જાણ્યું નથી. સમજાણું કાંઈ? શુભ-અશુભભાવ એ રાગ છે, જ્ઞેય છે, પર છે. આત્મા તેનો જાણનાર જ્ઞાનની પર્યાયમાં છે એમ કોઈ દી અનંતકાળમાં એણે ભેદજ્ઞાન કર્યું નથી. નવમી ગ્રૈવેયકે અનંતવાર જૈન દિગંબર સાધુ થઈને ગયો. અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા, પંચ મહાવ્રત પાળ્યા પણ એ ભેદજ્ઞાનનો એને અભાવ (છે). એ રાગનો ભાગ છે એ હું છું, એમ દૃષ્ટિ પર્યાયમાં પરમાં હોવાથી એ જ્ઞેય-જ્ઞાનના ભેદજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે.. રાગનો મેલભાવ અને ભગવાન આત્મા નિર્મળ જ્ઞાનસ્વભાવ—બેની જુદાઈના જ્ઞાનને અભાવે પરને આત્મા તરીકે જાણતો. અહીંયાં વાત છે. એ રાગને પોતાપણે માનતો. આહા..હા..! ઝીણી વાત છે.

રાગ જે થાય શુભરાગ કે અશુભ એ બધો વિકાર છે, પર છે, એ આસ્રવતત્ત્વ છે, ભાવબંધતત્ત્વ છે. એને અને આત્મા જ્ઞાયક છે એને જુદાઈનું અનંતકાળથી જ્ઞાન નહિ હોવાથી એ રાગને આત્મા તરીકે જાણતો. જ્ઞાન તરીકે જ્ઞાન જાણવું જોઈએ, ચૈતન્યના સ્વલક્ષમાં આવીને જ્ઞાન તરીકે હું છું અને રાગના જ્ઞાતા તરીકે હું છું, રાગ પર છે એમ જાણવું જોઈએ એને ઠેકાણે પરને આત્મા તરીકે જાણતો. લ્યો, પ્રકાશદાસજી! આ સ્વપરનું જ્ઞાન સવારે પૂછતાં હતાને? એમ ને એમ આંધળી દોડે ચાલ્યો ગયો છે અનંતકાળથી.

સ્વ એટલે જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય અને પર એટલે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ બધા પર છે. કહો, ભીખાભાઈ! સમજાણું કાંઈ? કારણ કે આત્મા ચૈતન્યતત્ત્વ છે અને રાગ છે તે અજ્ઞાનતત્ત્વ છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો, વ્રતનો વિકલ્પ ઊઠે

પણ એ રાગ અજ્ઞાન છે, જ્ઞાન નથી. અજ્ઞાન એટલે? એમાં રાગમાં જ્ઞાન નથી અને આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. ઝીણી વાત છે. કોઈ દી એણે જાણ્યો નથી એને. છોકરા, બાયડી તો ક્યાંય રહી ગયા હવે, પણ ઓલો દયા, દાનનો વિકલ્પ ઊઠે છે રાગ એ જ્ઞાનની જાતની વાત એ નથી, એ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે રાગમાં જ્ઞાન નથી. છતાં તે પરને આત્મા તરીકે એ રાગ જે અજ્ઞાન છે એને જ્ઞાન તરીકે જાણતો. સમજાણું કાંઈ? ભારે ઝીણું, ભાઈ! એ ચૈતન્ય અરીસો ભગવાન આત્મા તો છે. એના જ્ઞાનમાં તો-એ રાગ છે એ પર છે અને હું એનો જાણનારો પરથી જુદો છું એમ અંતરમાં ભાન થવું જોઈએ અને સમ્યગ્જ્ઞાન થવું જોઈએ; એને ઠેકાણે રાગ જે પર છે એટલે પોતાની જ્ઞાનજાતિથી રાગની જાત જુદી છે. સમજાણું કાંઈ? એને પોતા તરીકે, પરને આત્મા તરીકે જાણતો. કારણ કે જુદું તો જાણ્યું નથી. સમજાણું કાંઈ?

એવો તે જ્ઞાયકભાવ, ભગવાન ચૈતન્ય સ્વભાવભાવ ધ્રુવ એને રાગના ઉત્પત્તિ કાળમાં તેના જ્ઞાનના કાળે તેનું જ્ઞાન થવું જોઈએ એને ઠેકાણે રાગ અને જ્ઞાનની એકતાને કારણે રાગ અને જ્ઞાનની ભિન્નતાના અભાવને કાળે.. આહા..હા..! '**વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો...**' બહુ વાત છે. અલૌકિક વાત છે. જે સામાન્ય જ્ઞાયકભાવ ધ્રુવ છે એ વર્તમાનમાં જે રાગ અજ્ઞાન છે, એ જ્ઞાનને અજ્ઞાનરૂપે પરિણમાવતો. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ઝીણું છે, ...દાસજી! આહા..હા..! એવો માર્ગ છે. આ બધા કહે, વ્રત પાળવા, અનુકંપા કરવી, અણુવ્રત પાળવા અને મહાવ્રત પાળવા અને મહાવ્રત પાળીને પછી અણુવ્રતનો ઉપદેશ દેવો. આ તો દાખલો (આપ્યો).

અહીં તો કહે છે કે એ મહાવ્રતનો જે વિકલ્પ-રાગ અને અણુવ્રતનો વિકલ્પ-રાગ એ અજ્ઞાન છે એટલે કે આત્માના જ્ઞાનની જાત નથી. સમજાણું કાંઈ? એવા પરને આત્મા તરીકે જાણતો, પરને ભિન્ન તરીકે જાણવું જોઈએ એને ઠેકાણે પરને આત્મા તરીકે જાણતો. આહા..હા..! તે જ્ઞાયકભાવ, ચૈતન્યસ્વભાવ નિત્યાનંદ પ્રભુ વિશેષ અવસ્થાના કાળમાં, એ વિશેષ અપેક્ષાએ એની વિશેષ દશામાં અજ્ઞાનરૂપે જ્ઞાનપરિણામને કરતો. એ જાણવાનું જે જ્ઞાન થવું જોઈએ, જ્ઞાનનું પરિણામ થવું જોઈએ એને ઠેકાણે રાગને જ્ઞાનપરિણામપણે કરતો, અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો, રાગને જ્ઞાનપરિણામરૂપ કરતો. સમજાય છે કાંઈ? ભગવાનજીભાઈ! બહુ ઝીણું આમાં.

કહે છે કે ચૈતન્યસ્વભાવ, ચૈતન્યની જાત જે જાગૃત જાત છે અને રાગ તો અજાગૃત જાત છે. ચાહે તો મહાવ્રતનો વિકલ્પ અને અણુવ્રતનો હો, પણ એ તો અજાગૃત જાત છે. એ અજાગૃત જાત અજ્ઞાન છે. એને પોતાના તરીકે માની અને અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો એટલે રાગરૂપ જ્ઞાનના પરિણામને કરતો, જ્ઞાનના પરિણામને જ્ઞાનરૂપ કરતો (-કરવાનું) છોડતો, સમજાણું કાંઈ?

અંદરમાં ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી ચૈતન્યબિંબ પ્રકાશમૂર્તિ છે. એ પ્રકાશના પરિણામ વર્તમાનમાં જે કાંઈ રાગ-દ્વેષના વિકલ્પ ઊઠે તેનું જ્ઞાન કરવાના પરિણામવાળો એ છે. ભિન્ન જ્ઞાનના અભાવને લઈને અંતર્મુખના સ્વભાવ સન્મુખના લક્ષ વિના બહિર્મુખનો જે રાગ ઉત્પન્ન થયો તેને એ અજ્ઞાનરૂપ છે રાગ, એની જ્ઞાનની જાત નથી, આત્માની જાત નથી એ. આહા..હા..!

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છેને. વિશુદ્ધ જ્ઞાન જે અંદર છે એ વિશુદ્ધજ્ઞાન, રાગના વિકલ્પથી ભિન્ન પડીને, ભિન્ન છે એમ ભિન્ન પડીને તેનું જ્ઞાનના પરિણામ વિશેષપણે, ધ્રુવપણે જ્ઞાયક છે એના વિશેષ અવસ્થામાં જ્ઞાનપરિણામ થવા જોઈએ એટલે કે ત્યાં સંવર-નિર્જરાની શુદ્ધતા થવી જોઈએ એને ઠેકાણે એ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો. આ સંધિ એની છે. એ રાગને, રાગ અજ્ઞાનરૂપ છે. એ રાગમાં જ્ઞાનજાત છે નહિ. જ્ઞાનનો કણ નથી, જ્ઞાનનો અંશ નથી એમાં. દયા, દાન, વ્રત, ભક્તિ, વિકલ્પ જે ઊઠે એ રાગ અજ્ઞાનરૂપ છે એને જ્ઞાનપરિણામ કરતો, એ જ્ઞાનની પરિણામ જાત છે એમ બનાવતો, '**જ્ઞાન પરિણામને કરતો હોવાથી અજ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન...**' અજ્ઞાનરૂપ એવી જે જ્ઞાનની અવસ્થા તેને કરતો હોવાથી તેને કર્તાપણું સંમત કરવું. આહા..હા..! સમજાણું કાંઈ? દુનિયાના અભ્યાસ અને દુનિયાના શાસ્ત્રના અભ્યાસ કરી-કરીને મરી ગયો કહે છે, પણ આ અભ્યાસ કર્યો નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે રાગનો વિકલ્પ એ ચૈતન્યની જાતથી કજાત છે. એ કજાતને ચૈતન્યની જાતના પરિણામપણે પરિણમાવતો એ મિથ્યાત્વ પરિણામ છે એમ કહે છે મૂળ તો. સમજાણું કાંઈ? એ રાગને પર તરીકે નહિ માનતા, પરને પોતા તરીકે જાણતો એ મિથ્યાત્વભાવરૂપે પરિણમે છે. આહા..હા..! સમજાણું કાંઈ આમાં? ભારે ભાઈ! આવું મિથ્યાત્વ! શાંતિભાઈ! આ અધર્મ કેમ કરે છે અનાદિથી? એ અધર્મ કેમ કરે છે અનાદિથી? રાગ અને ચૈતન્યના ભેદજ્ઞાનના અભાવને લઈને એ રાગને પોતાના ભાવ જાણતો અને રાગરૂપે પરિણમતો એ મિથ્યાદષ્ટિપણે પરિણમતો તે રાગનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું આવું. ઓલું તો કહે, દયા પાળો તસ્સ મિચ્છામી દુક્કડમ કરી નાખો લ્યો. જીવીયા વહોરોવિયા તસ્સમિચ્છામી દુક્કડમ. એય..! માવાણી! ઈચ્છામી પડિક્કમણામાં આવતું હતુંને? એ પણ નથી ભણ્યા? ઈચ્છામી પડિક્કમણામાં આવતું હતું. જીવિયા વહોરવિયા તસ્સમિચ્છામી દુક્કડમ. આવતું હતું કે નહિ? તસ્સુકરણે .. જાણેણં અપ્પાણં.

એ અહીં કહે છે કે અપ્પાણં એટલે? રાગરૂપે પરિણમન જે અશુદ્ધ છે એને વોસરાવું છું એમ કહે છે એમાં. અને મારા જ્ઞાનપરિણામમાં એકાગ્ર થાઉં છું એનું નામ કાયોત્સર્ગ અને એનું નામ સમકિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલું તો કહે, વિશેષ દશા થાય. સામાન્યમાં તો નથી એ વિકારદશા. આ કહો વિકાર ક્યાંથી આવ્યો? માટે અમે ઠીક કહીએ છીએ કે એ વિકારનો કર્તા કર્મ છે. અરે..! ગૃહીતમિથ્યાત્વમાં પુષ્ટિ છે તારી. અગૃહીત તો

છે, પણ વધારે પુષ્ટિ કરે છે. આટલી લીટીમાં તો આખું જૈનદર્શનનું વિપરીતપણું કેમ માને છે એને સમાડી દીધું છે. આહા..હા..!

વીતરાગસ્વભાવ આત્મા, વીતરાગી સ્વભાવ આત્મા એને રાગભાવે પરિણમાવતો, જે રાગ પર છે એને વીતરાગભાવને રાગભાવે પરિણમાવતો તે મિથ્યાત્વભાવે થતો એ મિથ્યાત્વભાવનું પરિણમન તે તેનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! પહેલું તો હજી પકડવું કઠણ, સમજાવું કઠણ એ સમજવામાં આવ્યું પણ ન હોય કોઈ દિ' ભણી–ભણીને ભણ્યો હોય તોપણ. એય..! ભગવાનજીભાઈ! આહા..હા..!

**શ્રોતા** :– આ ભણતર જ જુદી જાતનું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ભણતર જુદી જાતનું છે. વાત સાચી. આહા..હા..! ભગવાનના ઘરનું ભણતર છે આ તો. પરમેશ્વર ત્રિલોકનાથ ચૈતન્ય પ્રભુ આત્મા પોતે દેવ છે. એને કહે છે કે અંદરમાં.. આહા..હા..! રાગ અને આ જ્ઞાયકભાવની વચમાં સંધિ છે. સાંધ છે એ આવી ગયું છે પહેલું. છતાં એ સાંધને ન જાણતો એ રાગના જ્ઞાનકાળે હોવું જોઈએ જ્ઞાન, એને ઠેકાણે રાગને પોતાપણે માની અને જ્ઞાનસ્વરૂપને રાગરૂપે પરિણમાવતો એ કર્તા છે. ભગવાને આ રીતે અજ્ઞાનીને કર્તા કહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જ્ઞાનનું પરિણમન તેને કરતો હોવાથી તેને કર્તાપણું સંમત કરવું અર્થાત્ તે કર્તા છે એમ સ્વીકારવું. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાયકભાવ શુદ્ધ ચૈતન્ય. અહીં તો આ અટક્યો. ઓલામાં તો એવી વાત આવી સવારમાં કે જીવ જે છે એ તો ધ્રુવ છે તેને જીવ કહ્યો છે. પર્યાયને, નિર્મળ પર્યાયને જીવ કહ્યો નથી, અહીં તો એવી વાત છે. આહા..હા..! એય..! એક અંશ નજીવો જેવો એક અંશ. જીવો. જીવ ન કરે મોક્ષના પરિણામને, જીવ ન કરે બંધના પરિણામને, જીવ ન કરે મોક્ષના કારણરૂપ ભાવને. આહા..હા..! એમ કહેવું હતું કે જીવદ્રવ્ય છે તે પર્યાયને ન કરે પણ જીવ ન કરે? એય..! જીવ જેને સ્વરૂપ કહીએ ત્રિકાળી એ પર્યાયને કરે નહિ. સમજાણું કાંઈ? પર્યાય પર્યાયને કરે એ વાત તો ક્યાંય રહી ગઈ. એય..! હીરાભાઈ! આહા..હા..!

જીવ વસ્તુસ્વરૂપ, જીવસ્વરૂપ.. કહે છે કે બંધના પરિણામ અને મોક્ષના પરિણામ એનાથી રહિત એવો જે જીવ ન મોક્ષના પરિણામને કરે, ન બંધના પરિણામ કરે. જીવ ન કરે ભગવાન આવા પર્યાયને, એને જિનવરદેવે જીવ કહ્યો છે. સમજાણું કાંઈ? કહે છે, અહીં તો હજી તને રાગનું પરિણમન મારું કર્તવ્ય છે ત્યાં સુધી તું ચોટ્યોં છો. સમજાણું કાંઈ? આહાહા! એવો જીવ છે નહિ. રાગને કરે એ જીવદ્રવ્ય જ નહિ. આહાહા! એ અનાત્મા થઈને રાગને કરે છે અજ્ઞાનભાવે માટે તેને અજ્ઞાનભાવે રાગનો કથંચિત્ કર્તા એમ સિદ્ધ કરવું. ભાનભાવે તો રાગનો કર્તા છે નહિ. આહાહા! સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો સાંભળવા મળે નહિ. એય, ભીખાભાઈ! સાંભળ્યો હશે આટલા વર્ષમાં ક્યાંય? આ વસ્તુનું સ્વરૂપ આવું

છે. આ કાંઈ આચાર્ય કહે છે માટે અને ભગવાન કહે છે. એ તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે.

ભગવાન આત્મા વસ્તુ તરીકે ધ્રુવ ચૈતન્યસ્વરૂપ એ જ સ્વરૂપ જીવ છે. જીવ એ સ્વરૂપ છે. એ જીવનું સ્વરૂપ એવો જીવ એ મોક્ષના પરિણામ કરે નહિ, જીવસ્વરૂપ એ સ્વરૂપ નથી એનું. આહા..હા..! ગજબ વાત છે! એય..! નવનીતભાઈ! એને ઠેકાણે આ તો હજી વાત બહુ સાધારણ છે.

કહે છે કે એને તો એમ અહીં તો કહ્યું. જ્ઞાનને સમયે અહીં તો પર્યાયની વાત કરી છે કે રાગ જે થાય એને સ્વના લક્ષમાં આવતો રાગના જ્ઞાનના પરિણમનપણે પરિણમે. જ્ઞાન સમયે કહ્યું હતુંને? જ્ઞાયકભાવ એવો એમ ભાષા લીધી છેને? જુઓ, જ્ઞાયકભાવ એવો, જ્ઞાનસ્વભાવે અવસ્થિત હોવા છતાં રાગના જ્ઞાનને કાળે. એ પર્યાય લીધી છે. સમજાણું કાંઈ? કહે છે કે જે એનો જ્ઞાયકભાવની વિશેષરૂપ પર્યાય એ જ્ઞાનરૂપ થવી જોઈએ. એ રાગ અને આત્માની વિશેષ પર્યાય બેની જુદાઈની ખબર નથી તેથી તે જ્ઞાનની વિશેષ પર્યાયને ન કરતો, રાગભાવ જે જ્ઞાનની પર્યાયથી અન્ય જાત છે એને અજ્ઞાનરૂપ ભાવને જ્ઞાનપરિણામપણે કરતો, મિથ્યાત્વના પરિણામનો કર્તા થાય છે. આહાહા! સમજાણું કાંઈ? એમ કર્તાપણું સંમત કરવું. સમજાણું કાંઈ? કર્મ વિકાર કરાવે છે એમ છે નહિ. તું પર્યાયબુદ્ધિએ વિકાર અને સ્વભાવના અભેદપણાની દૃષ્ટિને લઈને વિકારપણે પરિણમે છો તે તારું કર્તૃત્વ છે. એ અજ્ઞાનભાવે તું કર્તા છો. આટલી વાત પણ જેને કબુલાત ન થાય એને આત્મા રાગથી ભિન્ન પડીને સમ્યગ્દર્શન થાય નહિ, એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આહાહા!

જ્ઞાનસ્વભાવ ચૈતન્યસ્વભાવ આત્મા ચૈતન્યસત્તા હોવાવાળો પદાર્થ પરિણમે તો કહે છે કે પર્યાય જ્ઞાનપણે પરિણમે એમ કહે છે. સમજાણું કાંઈ? જે એમાં જાત છે તે પણે પરિણમે. અહીં તો એવું લેવું છેને. સમજાણું? એ જ્ઞાનના સમયે લીધુંને. મિથ્યાત્વ આદિ ભાવોના જ્ઞાન સમયે. કાળ તો એને ખરેખર એ દ્રવ્યનો, એ રાગને જાણવાનો સ્વકાળ છે. સમજાણું કાંઈ? ભિન્ન તરીકે રાગને જાણવું એવો એનો સ્વકાળ છે, પણ એ રીતે ન જાણતા એની અહીં ભૂલ થાય છે, ક્યાં? પછી આવી ભૂલ કરીને ગમે તે રીતે દયા ને દાન ને વ્રત ને તપ કરે એ બધા મિથ્યાત્વના પરિણામ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! આવો માર્ગ સાંભળવા મળે નહિ તે કે દી સમજે? કે દી વિચારે? અને કે દી જુદો પાડે? સમજાણું કાંઈ? સ્વપરની જુદાઈ... સ્વપરની જુદાઈ એમ કહે છેને? પણ સ્વપરની એટલે શું?

જ્ઞાયક ચૈતન્યભાવ તે સ્વ અને રાગાદિ ભાવ તે પર. એવા બેને જુદાં જાણતા જ્ઞાનભાવે આત્મા પરિણમે પણ રાગપણે પરિણમે નહિ ત્યારે એને સ્વપરને જાણ્યાનું પરિણામ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે વાતું! એથી માણસને મોંઘુ પડે છે. પેલા કહે, કરો ભગવાનની ભક્તિ. ઓલો કહે કે ઈશ્વર કર્તા. આપણને કાંઈક આપી દે. હે ભગવાન! પ્રાર્થના કરે. પ્રભુ! તારજે હવે. બુડાડ્યા તેં, હવે તારજે. એ ઈશ્વરને ચોંટ્યા. ઓલો વળી (એમ માને), હે

ભગવાન! દયા, દાન, વ્રત, ભક્તિ, આ ભગવાનની ભક્તિ કરી, તારી ભક્તિથી કલ્યાણ થાશે. .. વાળા કહે, જાત્રા, આ કરવું.. આ કરવું... એમાંથી કલ્યાણ થાશે. એય..! સમ્મેદશિખર ને શેત્રુંજય અને જ્યાં ત્યાં આથડવું. એનાથી કલ્યાણ થાશે. ઓલો કહે કે દયા પાળવાથી થાશે. અમારો ધર્મ દયાનો છે. ઓલો કહે કે ભક્તિ કરવાથી થાશે, ઓલો કહે, ઈશ્વર કર્તાથી થાય છે. ઓલો કહે અપવાસ કરીએ તો ધર્મ થાય. કર્મ બાંધેલા પડ્યા છે તે (એમ છૂટી જાય)? તપેલાને કાટ ચોંટ્યો હોય તો એ કાટ ઉખેડવા માટે કાથી ને કાચ જોઈએ કે નહિ? કાથી ને કાંકરી જોઈએ તમારી વઢવાણની. લઈ જાય છે. થેલા લઈને ભરી જાય છે. આપણે અહીં લાવે છે. શું કહેવાય એ? વેળુ-રેતી. થેલી ભરીને અહીં લાવ્યા હતા ઠામ ઉટકવા. એ રેતી લઈ જાય છે બધા. ઝીણી હોયને. કાથી હોયને કાથી? કાથી સમજ્યા? દોરી ઘસે તો નીકળી જાય. એમ કર્મ બાંધેલા છે તો અપવાસ કરે, લીલોતરી ખાય નહિ, રસ ત્યાગ કરે તો એવો ત્યાગ-તપસ્યા કરે તો ખપે. ભગવાનજીભાઈ! તને ખબર નથી કર્મ કેમ ટળે એની, સાંભળને! એ તો બધી વિકલ્પની જાત હતી આ કરું... આ કરું ને આ કરું. એ વિકલ્પની જાત અને ચૈતન્યની જાત બે જુદાં છે એમ ન જાણતા ચૈતન્યના પરિણામ રાગને જાણવાના અને સ્વને જાણવાના થવા જોઈએ એનું નામ સમ્યક્ ધર્મ અને જ્ઞાન છે. એને ઠેકાણે રાગના પરિણામપણે જ્ઞાનને પરિણમાવ્યું, જ્ઞાનપણે જ્ઞાનને ન પરિણમાવતા જ્ઞાનને રાગપણે પરિણમાવ્યું, અજ્ઞાનપણે પરિણમાવ્યું. રાગ એ અજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, શાંતિભાઈ! એવું આવ્યું હતું તમારે સમજણમાં ત્યાં ક્યાંય?

**શ્રોતા :-** દુકાન જ જુદી જાતની એમાં આ ક્યાંથી હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ઘણાને સમજાવતા હતા કલકત્તામાં. એય..! તમારા વખતમાં નહિ હોય ઈ.

આ માર્ગ આવો છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? અને રાગના વિકલ્પથી ભિન્ન પડેલું જ્ઞાન એ જ્ઞાનની પરિણતિને કરે પણ રાગને કરે નહિ. આહા..હા..! શું કહે છે? કે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જે રાગ છે વ્યવહારસમકિત ને વ્યવહારજ્ઞાન ને વ્યવહારચારિત્ર એ તો વિકલ્પ છે, શુભરાગ છે. એ શુભરાગને પોતાપણે માનીને પરિણમે છે તો મિથ્યાત્વપણે પરિણમે છે. સમજાણું કાંઈ? પણ એ શુભરાગને પર તરીકે જાણી, જ્ઞાનને પરથી જુદું જાણી અને જ્ઞાન—રાગ સંબંધીનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન એવા જ્ઞાનપણે પરિણમવું એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ધર્મ છે. સમજાણું કાંઈ? એ કર્તા સંમત કરવો. એ ક્યાં સુધી? જુઓ હવે. ક્યાં સુધી સંમત કરવું?

**'જ્યાં સુધી ભેદવિજ્ઞાન આદિથી જ્ઞેય-જ્ઞાનના ભેદવિજ્ઞાનથી પૂર્ણ થવાને લીધે,...'** પૂર્ણનો અર્થ એ કે રાગથી ભિન્ન પાડતા રાગથી ભિન્ન પડી ગયો તો પૂર્ણ જ્ઞાન થઈ ગયું રાગથી જુદું. ભેદવિજ્ઞાનની પૂર્ણતા. સમ્યગ્દર્શન થયું (એટલે) ભેદવિજ્ઞાનની પૂર્ણતા થઈ ગઈ.

આહા..હા..! ભારે ઝીણું આમાં. ત્યાં સુધી તેને (સંમત કરવું) કે જ્યાં સુધી ભેદવિજ્ઞાનની આદિ, વિકલ્પની જાત સૂક્ષ્મમાં સૂક્ષ્મ એનાથી ભગવાન આત્મા જુદો છે એમ જ્યારે ભેદજ્ઞાન થાય તે પહેલાં સુધી રાગનો, વિકારનો જીવને કર્તા માનવો. આહા..હા..! સમજાણું કાંઈ?

ત્યાં સુધી કે જ્યાં સુધી ભેદવિજ્ઞાનની આદિથી. આદિ એટલે? એ ભેદવિજ્ઞાન આદિ થઈ-શરૂઆત. એ આદિ અને અંત ત્યાં ને ત્યાં છે. સમજાણું કાંઈ? એ શુભરાગ અને ભગવાન આત્મા બે જુદાં ભિન્ન પાડીને ભિન્ન પાડ્યો તે જ એની આદિ અને તે એનો અંત. આહા..હા..! એવું કામ છે, ભાઈ! વીતરાગનો માર્ગ તો વીતરાગતાથી ઉત્પન્ન થાય કે રાગથી ઉત્પન્ન થાય? એટલે કહે છે કે જે રાગ છે—ચાહે તો મહાવ્રતનો હોય, અણુવ્રતનો હોય, ભગવાનની ભક્તિનો હોય પણ રાગથી ભિન્ન જ્યાં સુધી ભેદજ્ઞાન ન થાય, જુદો પડીને સ્વભાવમાં આરૂઢ ન થાય અને રાગનું આરૂઢપણું છૂટે નહિ ત્યાં સુધી રાગને કર્તાપણે સંમત કરવું. ભેદવિજ્ઞાન થયા પછી રાગનો કર્તા જ્ઞાની-ધર્મી છે નહિ. સમજાણું કાંઈ? આ કથંચિત્ કર્તા સાબિત કર્યું અને પછી ઉડાડ્યું ભેદવિજ્ઞાન થયું એટલે એનો કર્તા નથી. પછી અકર્તા છે. આહા..હા..!

અમારે ત્યાં સુધી ચાલતું, જોઈને બરાબર (ચાલવું), ઈર્યાસમિતિમાં જોઈને ચાલવું એ ધર્મ. કહો, સમજાણું કાંઈ? અમારા સંપ્રદાયમાં તો એવું ચાલતું હતું, લ્યો! હીરાજી મહારાજને. મૂળચંદજી તો વળી એકવાર ત્યાં સુધી કહેતા હતા કે આ એક મેલ હોયને મેલ શરીર ઉપર. મેલને આમ જત્નાએ મૂકે તો સંવર થાય. ધૂળમાંય સંવર નથી, સાંભળને! એ તો બહારની ક્રિયા થઈ. આહા..હા..! ઠાણાંગમાં પાઠ છે પણ હોં એવો. ઠાણાંગજીનો પાઠ છે દસમે ... જતનાથી આમ મૂકે. બધી કથન શૈલી જ (ફરી ગઈ). શ્વેતાંબરના શાસ્ત્રમાં આખું કથન જ તદ્દન વ્યવહારપ્રધાન બધી શૈલી છે. સમજાણું કાંઈ? એટલે બિચારા એ કહેતા, જુઓ! દસ પ્રકારે સંવર થાય અને દસ પ્રકારે આસ્રવ થાય. એક તણખણલાનો કટકો પણ અહીં ચોંટ્યો હોય અને એને ઉખેડીને જતનાથી મૂકે નીચે તો એને સંવર થાય, અજતનાથી મૂકે તો આસ્રવ થાય. બેય વાત જૂઠી. એ ક્રિયા જે બહાર થાય છે એ તો જડની છે. એમાં વિકલ્પ ઊઠ્યો છે કે આમાં બીજાને થાય મૂકું વિકલ્પ એ રાગ છે અને રાગપણે પોતે રાગનો કર્તા થઈને પરિણમે છે એ મિથ્યાત્વ છે. ત્યાં સંવર-નિર્જરા ક્યાં આવ્યો? એય.. રતિભાઈ! ઈ જોડે રહેનારા હતા. અપાસરાની જોડે. કહો, સમજાણું કાંઈ? બિચારા ડોસા સાંભળે અમૃતલાલભાઈ ને પોપટભાઈ ને બધા. મહારાજ ..

**શ્રોતા :-** એ જ ચાલતું હતુંને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ ચાલતું હતું. ખબર જ નહોતી આખી વાતની.

અહીં તો કહે છે કે જતના ક્યાં કરવાની છે? કે રાગ અને આત્મા બે ભિન્ન પાડીને આત્મામાં એકાગ્ર થવું એ જતના છે. જ્ઞાનની યત્ના કરવી, જ્ઞાનને જ્ઞાનપણે રાખવું એ જ્ઞાનની જતના. જ્ઞાનને રાગપણે માનીને પરિણમવું એ આત્માની અજતના—મિથ્યાત્વભાવ છે. આહાહા!

સમજાણું કાંઈ? '**ત્યાં સુધી કે જ્યાં સુધી ભેદવિજ્ઞાનની આદિથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનથી પૂર્ણ...**' રાગનો વિકલ્પ ચાહે તો વ્યવહારરત્નત્રયનો હોય તોપણ તે રાગ છે અને હું એનો ભિન્ન જાણનારો ચૈતન્ય જુદો છું—એવું ભેદવિજ્ઞાન થતાં, પૂર્ણ થતાં '**આત્માને જ આત્મા તરીકે જાણતો.**' ઓલો રાગને આત્મા તરીકે જાણતો પરિણમતો હતો એ મિથ્યાત્વભાવ હતો. સમજાણું કાંઈ? આવી ઝીણી વાતું! એય! કલકત્તામાં સાંભળ્યું હતું ત્યાં? ગપ્પેગપ્પ મારતા ત્યાં મંત્રી તરીકે. મંત્રી કે શું હતું? સેક્રેટરી. ગપ્પા મારનારા.

**શ્રોતા :-** એક જ વાત કરી ત્યાં તો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક જ વાત હતી. વાત સાચી છે. આ તો હતી નહિ. એક જ વાત હતી. બીજું પડખું જ નહોતું. આહાહા! સમજાણું કાંઈ? આ વાત તો સાચી. આહાહા!

આ તો મહાભાગ્યનો યોગ હોય એને આવા તત્ત્વની વાત કાને પડે. એવી આ તો અમૃતની વાતું છે, ભાઈ! ભગવાન અમૃતનું સરોવર છે. એ ક્યાંક આવ્યું હતું હમણાં મારે વાંચવામાં. આમાં હશે જયસેનાચાર્યની ટીકામાં. એ તો અમૃતના જળનું સરોવર છે ભગવાન. આહા..હા..! એમાં ડૂબકી માર, તને આનંદનું વેદન થશે, અને રાગમાં એકાકાર થઈને પરિણમે એકલું દુઃખનું વેદન છે એમ કહે છે. ચાહે તો દયાનો, દાનનો, વ્રતના પરિણામ હો પણ એ રાગ વિકલ્પ છે અને એના રૂપે પરિણમવું તે મિથ્યાત્વભાવ છે. આહા..હા..! રાડ નાખી જાય. એય, પોપટભાઈ! ભગવાન ત્રણલોકના નાથ પરમાત્મા એની વાણીમાં આ આવ્યું છે. સમજાણું કાંઈ? જુઓને, પણ ન્યાયથી બેસે છેને? ન્યાયથી અંદર (બેસે એવું છે). ભાઈ! આ આત્મા જે છે, વસ્તુ ભગવાન આત્મા એ તો જ્ઞાન અને આનંદનો સરોવર છે. એમાંથી ટીપું નીકળે તો જ્ઞાન અને આનંદનું નીકળે.

**શ્રોતા :-** ટીપું એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ટીપું એટલે પર્યાય. સમજાણું કાંઈ? એવી જ્યાં દૃષ્ટિ નથી અને ફક્ત એ દયા, દાન, વ્રત અને ભક્તિના પરિણામ શુભ છે, એના ઉપર દૃષ્ટિ રાખીને, એને જ્ઞાનસ્વભાવને રાગ એ અજ્ઞાન છે, અજ્ઞાન એટલે એમાં જ્ઞાનનો કણ નથી. રાગ આંધળો છે. ચાહે તો દયા, દાનનો, વ્રતનો, ભક્તિનો કે મહાવ્રતનો હો પણ એ રાગ એ આંધળો છે, એ જ્ઞાન જાગતી જ્યોત રાગને અને પોતાને એકપણે માની અને રાગના અંધારાપણે એ પરિણમે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમ ત્રણલોકના નાથ તીર્થંકરદેવનું સમવસરણમાં આમ ફરમાન છે. સમજાણું કાંઈ? એય..! ભીખાભાઈ! આહા..હા..!

કહે છે એ રાગનો-વિકલ્પનો કર્તા અજ્ઞાનભાવે (થાય છે). અજ્ઞાન એટલે એ રાગ વિકલ્પ ઉઠે છે મહાવ્રત કે અણુવ્રતનો એ આસ્રવતત્ત્વ, ભાવબંધતત્ત્વ, અંધારુ તત્ત્વ, અજાગૃત તત્ત્વ, અચેતનતત્ત્વ, અજ્ઞાનતત્ત્વ (છે), આહા..હા..! એને જ્ઞાયકભાવ ચૈતન્યની સાથે એ પ્રકાશ

અને અંધારાને એક કરી (અજ્ઞાનભાવે પરિણમે છે). એય! પ્રકાશદાસજી! આ પ્રકાશ આવ્યો. ભગવાન તો પ્રકાશની મૂર્તિ છે. ચૈતન્યના પ્રકાશની મૂર્તિ છે. એવા પ્રકાશને આ રાગ સાથે એકત્વ કરવો એ મિથ્યા અંધકાર અજ્ઞાન છે કહે છે. આહા..હા..! સાંભળવું કઠણ પડે. એય, કાંતિભાઈ! સરસ છે? આહા..હા..! બાપુ! માર્ગ તો આ છે, ભગવાન! ભગવાનનો કહેલો માર્ગ આ છે. આ સિવાય બાકી જે કાંઈ માને એ બધું ઊલટું છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે એમાં જુઓને પણ. છે પાઠ કે નહિ એમાં? આહા..હા..! એય.. ..લાલજી! પાઠ છે કે નહિ એમાં? બ્રહ્મચારી છેને બધા. સમજાણું કાંઈ? આહા..હા..!

બ્રહ્માનંદ ભગવાન આત્મા જે અતીન્દ્રિય આનંદના સરોવર સમાન પ્રભુ છે એને રાગના અંધકારનો કોલસો એની સાથે ભેળવવો એ મિથ્યાત્વભાવ છે, એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! માટે જ્યાં સુધી ભેદજ્ઞાન નથી ત્યાં સુધી તેને મિથ્યાત્વ અને રાગભાવનો, અજ્ઞાનભાવ છે ત્યાં સુધી કર્તા (માનવો). એટલે કર્તા એટલે ત્યાં સુધી એનું પરિણમન છે એમ. પણ રાગ અને આત્મા ચૈતન્ય બે ભિન્ન તત્ત્વ છે એમ ભેદજ્ઞાન થયે આત્માને જ આત્મા તરીકે જાણતો. ત્યારે તો ભગવાન આત્મા જાણક સ્વભાવથી ભરેલો એ જાણનારને... જાણનારને... જાણનાર તરીકે જાણતો, જાણનારને રાગ તરીકે જાણતો નહિ. આહા..! સમજાણું કાંઈ? આત્માને જ આત્મા તરીકે (માનતો). એનો અર્થ શું થયો? કે ઓલો જે રાગ છે એ આત્મા નથી. રાગ તો આસ્રવ છે, ભાવબંધ છે, અચેતન છે, એમાં ચૈતન્યની જાતનો કણ નથી. સૂર્યસ્વરૂપી પ્રભુ છે. એનું કોઈ કિરણ રાગનું નીકળે એવો એ આત્મા નથી. આહા..હા..!

કહે છે, આત્માને જ આત્મા તરીકે જાણતો એવો જ્ઞાયકભાવ વિશેષ અપેક્ષાએ પણ.. એમ. આમ સામાન્યપણે તો જ્ઞાયક ચૈતન્ય ધ્રુવ અનાદિઅનંત ભગવાન છે ચૈતન્યની મૂર્તિ. અનાદિ અનંત અણકરેલું, અણનાશ. કોઈએ કર્યો નથી, નાશ થઈને ક્યાંય ભળે એવો નથી એવો જે ભગવાન આત્મા જ્ઞાનની સત્તાનું સત્ત્વ એવો જે આત્મા વિશેષ અપેક્ષાએ પણ.. વસ્તુ આવી ધ્રુવ હોવા છતાં જ્યારે રાગ અને વિકલ્પથી ભિન્ન પાડ્યો ત્યારે જ્ઞાયકભાવ સામાન્યપણે જેવો છે એવો વિશેષપણે પણ જ્ઞાનરૂપ જ જ્ઞાનપરિણામને પરિણમાવતો. ઓલો વિશેષપણે રાગરૂપે પોતાને પરિણમાવતો હતો. હવે આ જ્ઞાનને જ્ઞાનરૂપે પરિણમાવતો. શું કહે છે આ? સમજાણું કાંઈ? આવી ધર્મકથા હોય? અપવાસ કરો. ઓલા પર્યુષણ આવેને આઠ દી, આઠ દીના અપવાસ કરી નાખો, ઓળી કરો, આ કરો તે કરો, ચોવિહાર કરો. એવું હોય તો સમજાય કાંઈક. બાપુ! કરવું શું છે એની તને ખબર નથી. આહા..હા..! કરવાનું એને તો રાગનો વિકલ્પ ઊઠે એનાથી ભિન્ન પાડીને જ્ઞાનના પરિણામ કરવા એ કરવાનું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કર્તૃત્વ ભાસે નહિ એટલે પછી પરના કર્તૃત્વમાં રોકાઈને જિંદગી ચાલી જાય.

ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજ એમણે કહેલા ભાવને અમૃતચંદ્રાચાર્ય કરુણા કરીને સ્પષ્ટ

ને. એ રાગના વિકલ્પ ઊઠે એ કાંઈ તારી જાતની જાત નથી, એ તો કજાત છે, કલંક છે તને. આહા..હા..! સમજાણું કાંઈ? માટે એવા કલંકી ભાવથી નિષ્કલંક થઈને જુદો પડ. સ્વસન્મુખમાં આવ. પરસન્મુખની દૃષ્ટિ ફેરવી દે. લ્યો, આ ધર્મ આનું નામ. ભારે ભાઈ, ધર્મ!

**'આત્માને જ આત્મા તરીકે...'** જુઓ, એમાં જ છે. સમજાણું? ઓલામાં પણ જ હતો. જ છેને? રાગને જ કરે છે. જ્ઞાન પરિણામને કરતો હોવાથી તે જ્ઞાનપરિણમનનું તેને કર્તાપણું સંમત કરવું. આહા..હા..! જ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન. જ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન એટલે શું? કે દયા, દાન આદિના ભાવ એ વિકલ્પ છે, રાગ છે, વૃત્તિનું ઉત્થાન છે. એનાથી જુદો પડેલો આત્મા, એનું જ્ઞાન થતાં જ્ઞાનરૂપે પરિણમવું, સમ્યગ્દર્શનરૂપે પરિણમવું, શાંતિપણે પરિણમવું, આનંદપણે પરિણમવું એ જ્ઞાનનું પરિણમન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એની વિધિની ખબર ન હોય. સમજાણું કાંઈ? શીરો સોંઘો કરવો હોયને તો પહેલા ગોળના પાણીમાં લોટ સેકવો. ઓલા તો લોટમાં ઘી પી જાય પહેલું. લોટમાં શેકે તો ઘી પી જાય. અને પછી નાખવું સાકરનું પાણી તો શીરો થાય, પણ આ તો મોંઘો પડે, ભાઈ! કરે સોંઘો. શું થાશે? ગોળનું પાણી પાછળથી નાખવું છે. એને નાખવું તો છેને. પહેલા ગોળના પાણીમાં લોટને શેકો. ઉપર નાખો ઘી. લૂપરી પણ નહિ થાય. તારા ત્રણેય જાશે. લોટ, ઘી ને ગોળ ત્રણેય જાશે. આહાહા! એ મોંઘું પડે એ મોંઘું તે સાચી ચીજ છે. આ સોંઘું કરવા જાઈશ ત્યાં ત્રણેય જાશે. એમ આવું સમજવું એને કઠણ પડે. માટે ઊંધું મારો હવે આ બધું આ કરવું ને આ કરવું. એય! પ્રકાશદાસજી! અત્યાર સુધી શું કર્યું ત્યારે તમે?

**શ્રોતા :-** બધા કરે છે એમ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જેમ ચાલે છે એમ. આહા..હા..!

અહીં તો પરમાત્મા તીર્થંકરદેવ કેવળજ્ઞાની એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણનારા એણે ફરમાવ્યું એ રીતે સંતો ફરમાવે છે. સમજાણું કાંઈ? એના ઘરનું કાંઈ છે નહિ. છે તો ઘરનું, પણ કલ્પનાનું નથી, એમ. આહા..હા..! કહે છે કે સામાન્યપણે તો ભગવાન.. સામાન્ય એટલે? પર્યાય વર્તમાન અવસ્થા સિવાય સામાન્ય કાયમ રહેનારની અપેક્ષાએ તો એ પોતે ધ્રુવ જ્ઞાયક જ છે, ચૈતન્યબિંબ છે. હવે એની વિશેષ અવસ્થા કાળમાં રાગના વિકલ્પથી ભિન્ન પાડી અને વિશેષપણે જ્ઞાનનું પરિણમન કરવું એટલે કે એ ધર્મનું પરિણમન કરવું એટલે કે જ્ઞાનને જ્ઞાતાપણાના પરિણમનને શ્રદ્ધાપણાના પરિણમનને, સ્થિરતાપણાના પરિણમનમાં પરિણમાવવું એનું નામ ભેદજ્ઞાન અને એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ?

**'વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ જ્ઞાનપરિણામ પરિણામે પરિણમતો થકો...'** જ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન તે રૂપે પરિણમતો થકો, **'કેવળ જ્ઞાતાપણાને લીધે સાક્ષાત્**

અકર્તા છે.' સ્વભાવ તો અકર્તા હતો પણ ભેદજ્ઞાન થયું ત્યારે સાક્ષાત્ અકર્તા થયો. એ શું કહ્યું હવે? સાક્ષાત્ અકર્તા કેમ કહ્યો? કે વસ્તુ જે છે ચૈતન્યસ્વરૂપ એ તો રાગનો અકર્તા જ છે. વસ્તુ છે એ તો રાગની અકર્તા જ છે પદાર્થ ચૈતન્ય ભગવાન ધ્રુવ, પણ જ્યારે રાગથી ભિન્ન પાડીને જ્યારે ભેદજ્ઞાન થયું ત્યારે સાક્ષાત્ પર્યાયમાં પણ રાગનો અકર્તા થયો. સમજાણું કાંઈ? આવું ત્યાં ક્યાં હતું? એડનમાં ક્યાં હતું? નહિ? પહેલા બાર વર્ષ તો કહે વિચારમાં ગાળ્યા કે શું કરવું? સાંભળવાનું ઘણાએ અટકાવી નાખ્યું બિચારાને. માંડ ટાણુ મળ્યું સત્યનું. બંધ કરો, ત્યાં જાશો તો આમ થાશે. અરે.. ભગવાન! સાંભળને ભાઈ! બાપા! માર્ગની રીતની તને ખબર નથી. સમજાણું કાંઈ?

પરમાત્મા ત્રિલોકનાથ એમ કહે છે કે જ્યારે તું રાગના વિકલ્પથી ભિન્ન પાડી અને જેવો ત્રિકાળી જ્ઞાનસ્વભાવ છે તેવો જ વર્તમાન વિશેષ પર્યાયમાં રાગરૂપે પરિણમન એકત્વબુદ્ધિથી જે થતું એ ભિન્ન બુદ્ધિએ એકલું જ્ઞાનનું પરિણમન થવું એનું નામ આત્માનો ધર્મ અને ભેદજ્ઞાન કહેવામાં આવે છે, ત્યારે રાગનો કર્તા નથી, રાગ થાય છતાં તેનો કર્તા નથી. રાગનું જ્ઞાન કરે એ જ્ઞાનની પર્યાયનો કર્તા વ્યવહારે કહેવાય. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો કહે, દ્રવ્ય છે તે પર્યાયનો કર્તા નથી. હવે એ તો ક્યાંય.. આ તો પોતે વસ્તુ છે. એ તો આવી ગયું ઘણીવાર આત્મધર્મમાં. જીવ પર્યાયનો દાતા નથી. એ આત્મધર્મમાં આવ્યું છે, પણ આત્મધર્મ ઘણે ઠેકાણે .. બિચારાને કેટલાને ખબર ન હોય. કાલે આવ્યા છે ક્યાંકથી ૧૦૦, ૧૦૦ આત્મધર્મનના ગ્રાહક.

**શ્રોતા** :- ગ્વાલિયર.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ગ્વાલિયરમાંથી સો ગ્રાહક થઈને આવ્યા છે આત્મધર્મના. હિન્દી-હિન્દી. હિન્દી છેને ત્યાં. બહુ શિબિર ચાલી ત્યાં. શિબિર જ કહેવાયને શું કહેવાય એ? શિક્ષણ. શિબિર એટલે શું? એનો અર્થ ન આવડે એટલે તમે સૌ બોલે એમ બોલી ગયા. શિક્ષણ-શિબિર એટલે શું પણ? શિક્ષણની છાવણી એમ. લશ્કર થાયને. પણ ભણવાના છોકરા કેટલા ૬૦૦ આવ્યા. ૬૦૦ છોકરા અને ૧૧૩ અધ્યાપકો ભણનારા. આ શીખવા માટે ત્યાં. બાપુ! આ વસ્તુ સમજવા જેવી, શીખવા જેવી છે અને આ જાણ્યા વિના બધું જાણે એ બધું એકડા વિનાના મીંડા છે.

**'પરિણમતો થકો, કેવળ જ્ઞાતાપણે...'** એટલે શું સમજાણું? સાક્ષાત્ ચોથું ગુણસ્થાન થતાં, સમ્યગ્દર્શન થતાં, રાગથી ભિન્ન પડતાં આત્મા રાગનો સાક્ષાત્ પર્યાયમાં પણ અકર્તા છે. દ્રવ્ય અને ગુણમાં તો અકર્તા હતો. સમજાણું કાંઈ? વસ્તુ જે ત્રિકાળી ભગવાન આત્મા અને એની શક્તિઓ એ તો ધ્રુવ છે. એ તો રાગની કર્તા હતી જ નહિ, પણ ભેદજ્ઞાન થતાં વર્તમાન પર્યાય નિર્મળ છે એ પણ રાગની કર્તા છે નહિ. ત્યારે તું અકર્તા રાગનો છો એમ નક્કી કરવું. લ્યો! થઈ ગયો... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, શ્લોક-૬૦-૬૧,
## પ્રવચન નં.૧૬૭, તા.૨૬-૦૮-૧૯૭૬
## (૨૩)

સમયસાર, ૬૦ કળશ.

'હવે, જે કાંઈ જણાય છે તે જ્ઞાનથી જ જણાય છે એમ કહે છે :—'

ज्ञानादेव ज्वलनपयसोरौष्ण्यशैत्यव्यवस्था
ज्ञानादेवोल्लसति लवणस्वादभेदव्युदासः।
ज्ञानादेव स्वरसविकसन्नित्यचैतन्यधातोः
क्रोधादेश्च प्रभवति भिदा भिन्दती कर्तृभावम्।।६०।।

'શ્લોકાર્થ :- ज्वलन-पयसोः औष्ण्य-शैत्य-व्यवस्था' (ગરમ પાણીમાં) **અગ્નિની ઉષ્ણતાનો અને પાણીની શીતળતાનો ભેદ...**' જુઓ, આહા..હા..! '**અગ્નિની ઉષ્ણતાનો અને પાણીની શીતળતાનો ભેદ જ્ઞાનથી જ પ્રગટ થાય છે.**' કળશટીકામાં તો એમ કહ્યુંને, સ્વરૂપગ્રાહી જ્ઞાન ન્યાય આપ્યો છે. આહા..હા..! શું કહે છે? પાણી ઠંડુ અને ઉષ્ણ અગ્નિનું નિમિત્ત. પણ ઉષ્ણતા અને શીતળતાનું જ્ઞાન, પરદ્રવ્યનું ઉષ્ણતાનું અને શીતળતાનું જ્ઞાન પોતાના સ્વરૂપની દૃષ્ટિ થઈ હોય એને ઉષ્ણતા અને ઠંડાનું જ્ઞાન પર તરફનું યથાર્થ થાય છે. શું કહ્યું? સમજાણું કાંઈ? પાણી ઠંડુ અને ઉષ્ણતા એ બેની ભિન્નતાનું જ્ઞાન, બેની ભિન્નતાનું જ્ઞાન પરપ્રકાશનું જ્ઞાન, સ્વપ્રકાશનું જેને ભાન થયું છે એને પરપ્રકાશકનું યથાર્થ જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા પોતાના સ્વરૂપના આશ્રયે જે સમ્યગ્જ્ઞાન થયું, એ જ્ઞાનમાં સ્વપરપ્રકાશક સ્વભાવ છે તો સ્વતઃ જ્ઞાન થયું એ સમયે પાણી ઠંડુ અને ગરમ ઉષ્ણતા એ ભિન્ન ચીજ છે એનું વાસ્તવિક જ્ઞાન, સ્વરૂપનું જ્ઞાન સ્વપરપ્રકાશક થયું હોય તેને જ પરપ્રકાશકનું જ્ઞાન યથાર્થ થાય છે. સમજાણું કાંઈ?

એવું કળશટીકાકારે તો એ લીધું, '**જ્ઞાનથી જ પ્રગટ થાય છે.**' 'ज्ञानात् एव' આહા..હા..! સ્વરૂપ જ્ઞાન જે પોતાનું સ્વરૂપ છે એ જ્ઞાનનું અંતર જ્ઞાન થયું, જ્ઞાનનું જ્ઞાન થયું એ જ્ઞાન પાણી ઠંડુ અને ઉષ્ણતાની ભિન્નતા, એનું જ્ઞાન, સ્વરૂપગ્રાહી જ્ઞાનીને પરનું વાસ્તવિક જ્ઞાન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? શિખંડમાં સાકરની મીઠાશ અને દહીંની ખટાશ બેનું ભેદજ્ઞાન યથાર્થ જેને, પોતાના જ્ઞાનસ્વરૂપનું ભાન થયું છે એને જ ખાટા અને મીઠાનું જ્ઞાન એને જ યથાર્થ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમ લૌકિકમાં નાખે એ જુદી વાત

છે. આ તો લોકોત્તર દૃષ્ટિથી વાત કરી છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા... અહીં તો એ કહ્યું, પછી કહેશે એનો સિદ્ધાંત કહેશે. '**लवणस्वादभेदव्युदासः**' વ્યંજનના સ્વાદની, મીઠાના સ્વાદની સર્વથા ભિન્નતા, શાક.. શું કહે છે? તરકારી અને એમાં લવણનો સ્વાદ એ બેની ભિન્નતાનું જ્ઞાન જ્ઞાનીને થાય છે. અજ્ઞાનીને સ્વના જ્ઞાનનું ભાન નથી તો પરનું પ્રકાશક જ્ઞાન ક્યાંથી થાય એને? આહા..હા..! સમજાણું કાંઈ? '**લવણના સ્વાદભેદનું નિરસન જ્ઞાનથી જ થાય છે...**' '**ज्ञानात् एव**' '**જ્ઞાનથી જ પ્રગટ થાય છે.**' આહા..હા..! કોનું જ્ઞાન? કે જેને પોતાના જ્ઞાનનું જ્ઞાન થયું છે એને વ્યંજન અને લવણ બેના ભિન્ન સ્વાદનું ભાન થાય છે. સમજાણું કાંઈ? શું કહ્યું? શાક જે વ્યંજન છે અને લવણની ખારાશ એ બેની ભિન્નતાનું જ્ઞાન ખરેખર જેને પોતાનું જ્ઞાન થયું છે એને જ પરનું જ્ઞાન યથાર્થ થાય છે. આરેરે.. આવી વાત. સમજાણું કાંઈ? દૃષ્ટાંતમાં સિદ્ધાંત છે. એ દૃષ્ટાંતમાં સિદ્ધાંત છે અને પછી સિદ્ધાંતમાંથી સિદ્ધાંત કાઢશે. આહા..હા..!

પોતાનો જ્ઞાનસ્વરૂપી ભગવાન, જ્ઞાનનું જ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન, જે આત્મસ્વભાવ અને આત્મારૂપ જ્ઞાન, એ જ્ઞાનમાં લવણ અને વ્યંજન એની ભિન્નતાનું પરપ્રકાશકજ્ઞાન, સ્વપ્રકાશક જેને થયું છે એને પરપ્રકાશકનું યથાર્થ જ્ઞાન થાય છે. આહા..હા..! અને એ પરનું કહેવું એ પણ એક અસદ્ભુતવ્યવહારનયનું કથન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો દૃષ્ટાંત દેવું હોય તો શું કરે? પોતાના સ્વપરપ્રકાશક સ્વભાવમાં એ પરનું જ્ઞાન થાય છે અને પરને જાણે છે એમ કહેવું એ બધો અસદ્ભુતવ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જેમ 'ભગવાન કેવળજ્ઞાની લોકાલોકને જાણે છે' એમ કહેવું એ અસદ્ભુતવ્યવહારનયનું કથન છે. પોતાની પર્યાયને જાણે છે, જેની સાથે તન્મય છે એને જાણે છે એ નિશ્ચય છે. લોકાલોકને તન્મય થઈને જાણતા નથી. એમ.. આહા..હા..! ગજબ વાત છે. પોતાના જ્ઞાનસ્વરૂપમાં તન્મય જેની દૃષ્ટિ થઈ છે એ દૃષ્ટિવંતનું જ્ઞાન પર વ્યંજન અને લવણ એનું ભેદજ્ઞાન એને થાય છે. આહા..હા..! એ વ્યવહારથી કહ્યું છે. સમજાણું કાંઈ? અહીં તો બતાવવું છે કે ક્રોધનું જ્ઞાન થાય છે એમ બતાવવું છે. એ ઉપર આ દૃષ્ટાંત છેને. આહા..હા..!

'**स्वरसविकसन्नित्यचैतन्यधातोः च क्रोधादेः भिदा**' હવે આવ્યું. આ સિદ્ધાંત આવ્યો. '**નિજ રસથી વિકસતી નિત્યચૈતન્યધાતુનો...**' આહા..હા..! આ માર્ગ આવો, ભાઈ! આ સ્વતંત્ર છે. '**નિજરસથી વિકસતી નિત્યચૈત્નયધાતુનો...**' નિત્યચૈતન્યધાતુ છે એ તો નિત્ય છે એ પર્યાયમાં વિકસે છે. આહા..હા..! કમળ જેમ ખીલે છે એમ આત્મા નિત્ય ચૈતન્યધાતુ પર્યાયમાં ખીલે-પ્રગટ થાય છે. આહા..હા..! જૈનદર્શન બાપુ ભારે, અહીંયાં તો કહે છે કે એ '**નિજરસથી વિકસતી નિત્યચૈતન્યધાતુ...**' શું કહે છે? કે એ સમયે વ્યવહારરત્નત્રયનો રાગ છે એને એ જાણે છે. સમજાણું કાંઈ? એ '**નિજરસથી વિકસતી...**' પર્યાયથી જાણે છે. રાગ છે એને જાણે છે, તો એ રાગ છે માટે જાણે છે એમ નથી

એમ કહે છે. આહા..હા..! એ તો નિજરસથી વિકસેલું સ્વપરપ્રકાશકજ્ઞાન એ રાગને જાણે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા..! ગજબ વાત, ભાઈ!

ફરીને. સિદ્ધાંત તો એ લેવો છે. પેલા બે તો દૃષ્ટાંત છે. વ્યવહારે જાણેલો પ્રયોજવાન છે એમ કહ્યુંને ૧૨મી ગાથામાં? પોતાનો ભૂતાર્થ ત્રિકાળી જે ભગવાન આત્મા, આહા..હા..! એના આશ્રયે જે જ્ઞાન થયું એ જ્ઞાન નિજરસથી વિકસ્યું છે. એ શક્તિ જે છે એ પોતાની શક્તિથી વિકસીત થઈ છે. એ રાગ છે તો જાણવાનો ભાવ થયો એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત બહુ બાપા! તારો સ્વભાવ એવો છે. આહા..હા..! છે?

**'નિજરસથી વિકસતી નિત્ય ચૈત્યધાતુનો...'** પરિણમતો થકો. આહા..હા..! **'અને ક્રોધાદિ ભાવોનો ભેદ, કર્તૃત્વને (કર્તાપણાને ભાવને) ભેદતો થકો...'** આહા..હા..! એ વ્યવહારનો રાગ આવ્યો એનું જ્ઞાન કરે છે અને કર્તાનો ભેદ કરે છે. એ રાગનું કર્તૃત્વ મારું નહિ. રાગનું જ્ઞાન કરવું એ પોતાના નિજરસથી પ્રગટ થયું તેનાથી હું જ્ઞાન કરું છું. શું કહ્યું સમજાણું? ચૈતન્યધાતુ ભગવાન આત્મા વર્તમાન પર્યાયમાં ખીલવટ જે વિકાસ થાય છે એ પોતાની શક્તિથી વિકાસ થયો છે. સ્વપરપ્રકાશકની પર્યાય થઈ એ પોતાના નિજરસની શક્તિથી વિકાસ થયો છે. આહા..હા..! એ સ્વપરપ્રકાશક શક્તિથી—જ્ઞાનથી... છે? અને ક્રોધાદિ ભાવ એટલે વિકારભાવ. એનું ભેદજ્ઞાન **'એનો ભેદ, કર્તૃત્વને ભેદતો થકો—'** આહા..હા..! એ રાગના કર્તૃત્વને છેદતો થકો એ સ્વપરપ્રકાશક શક્તિથી રાગને જાણે છે. આહા..હા..! અમરચંદભાઈ! આહા..હા..! આ કાયદા બહુ જુદાં છે, ભાઈ, નટુભાઈ! એ તમારા કાયદા સરકારે કર્યા એ માર્યા હોય ગપ પંદર. આહા..હા..!

પ્રભુના કાયદા તો જુઓ, પ્રભુ નામ તું તારી ચીજના કાયદા-નિયમ તો જો. તારી ચીજનો નિયમ શું છે? આહા..હા..! જે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઉઠે છે એ પોતાના સ્વરસથી શક્તિ વિકસીત થઈ, 'એ મારું છે' એવા કર્તૃત્વને છેદીને પોતાની પર્યાયમાં નિજરસની શક્તિથી જાણે છે. આહા..હા..! આમાં ફેર પડે તો ફેરફાર થઈ જાય. આહા..હા..! શું પ્રભુનો માર્ગ! પ્રભુ એટલે તું હોં! સમજાણું કાંઈ? ગજબ વાત કરે છે! અહીંયાં તો કહે છે કે જે વ્યવહાર રાગ આવ્યો એનાથી નિશ્ચય થયો જ નથી. નિશ્ચય જે પોતાથી થયો છે એ નિજરસની શક્તિ વિકસીત પર્યાય પોતાથી થઈ છે. રાગને જાણે છે માટે રાગ કારણ થયો અને પર્યાય પ્રકાશી એમ પણ નથી. રાગનું કર્તૃત્વ જે છે—હું કર્તા છું એ વાત ઊડી ગઈ. ભેદ કર્યોને. વ્યવહારરત્નત્રયના રાગનો અને ભગવાન જ્ઞાનસ્વરૂપી આત્માના જે નિજરસથી શક્તિ વિકસીત થઈ એ જ્ઞાન રાગને પોતાનો નહિ માનીને, પોતાનો માને તો કર્તૃત્વ થાય છે, ભિન્ન જાણીને એનો જ્ઞાતા-દૃષ્ટા થાય છે. આહા..હા..! ગજબ વાત છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા આહા..હા..! જેમ પાણીની ઠંડી અને ઉષ્ણતા એમ.. શું કીધું એ? શાક. શાક એ વ્યંજન. વ્યંજનને સંભાર્યું મીઠાએ. શાક આ વ્યંજન છે અને આ ખારું છે

એનું જ્ઞાન—વાસ્તવિક જ્ઞાન એ નિજસ્વરૂપગ્રાહીજ્ઞાનવાળાને જ્ઞાન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કળશ બહુ અલૌકિક છે! આહા..હા..! સંતોની વાણી ગજબ, બાપા! અંદર ઊતરી જા, તને ખબર પડે. આ રાગ-વ્યવહાર આવ્યો એને ક્રોધ કીધો અહીંયાં. એના સ્વરૂપમાં નથી એથી વિરુદ્ધ. એ ક્રોધને એટલે રાગને અને જ્ઞાનને ભિન્ન જાણતું જ્ઞાન, કર્તૃત્વને છેદતું જ્ઞાન એટલે ભિન્ન જાણતુંનો અર્થ કર્તૃત્વ રહ્યું નહિ. પરનું કર્તૃત્વ ન રહ્યું, પણ પરનું સ્વપરપ્રકાશકશક્તિમાં પરનું જ્ઞાન થયું, પણ એ પરનું જ્ઞાન પણ પર છે માટે છે, એમ નથી. આહા..હા..! એ સમયની નિજપરપ્રકાશકશક્તિના વિકાસથી રાગને જાણે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! ભગવાન! તારું બળ ઘણું, તારી સામર્થ્ય શક્તિ ઘણી પણ એણે પામર તરીકે માની લીધું છે. આહા..હા..! પોતાના જ્ઞાનની શક્તિનું એટલું સામર્થ્ય છે કે પોતાના સ્વભાવના જ્ઞાનમાં આ રાગનું જ્ઞાન છે એ પણ સ્વભાવના સ્વપરપ્રકાશક વિકસીત જ્ઞાનથી 'રાગ અને હું ભિન્ન છું' એટલે કર્તૃત્વ છોડતો થકો 'રાગથી હું ભિન્ન છું' એવું જ્ઞાન સ્વપરપ્રકાશને કારણે પરનું જ્ઞાન કરે છે. આહા..હા..!

એ જ ૧૧મી ગાથામાં લીધું છે એ જ લીધું છે. સમજાણું કાંઈ? શું શૈલી! સંતોની શૈલી તો જુઓ, ૧૧મી ગાથામાં એ કહ્યું કે પોતાનો ભૂતાર્થ ભગવાન આત્મા, પોતાની ત્રિકાળ ચીજ જે છે અસ્તિ, એના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે, એ તો નિશ્ચય કહ્યો. ત્યારે હવે પર્યાયમાં રાગ અને અલ્પતા, શુદ્ધતા આદિ છે એનું શું? ત્યારે કહે છે કે વ્યવહારે તે સમયે જાણેલો પ્રયોજનવાન છે. આહા..હા..! અર્થાત્ એ સમયનું જ્ઞાન જ એ પ્રકારે સ્વપરપ્રકાશકરૂપે પરિણમ્યું છે એથી તે પરને જાણે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! આ તો ધીરાના કામ છે, બાપા! આ કાંઈ... આહા..હા..! એય.. પોપટભાઈ! આહા..હા..!

આ છોકરા મારા છે એ તો નહિ, પણ છોકરાનું જ્ઞાન થાય છે પોતાની સ્વપરપ્રકાશક શક્તિમાં, એ છોકરા છે માટે સ્વપરપ્રકાશક પર્યાયમાં પરને જાણે છે એમ નથી. આહા..હા..! સંભળાય છે બરાબર? જયંતિભાઈ! સંભળાય છે? ઠીક. આહા..હા..! અરે ભગવાન! તારી શક્તિ તો જો. તારી શક્તિ 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી તાતૈ વચનભેદ ભ્રમભારી, જ્ઞેયશક્તિ દ્વિવિધા પ્રકાશી, નિજરૂપા પરરૂપા ભાસી.' એ પરરૂપા જે જ્ઞેય છે એ સિદ્ધ કરવા, પણ પરરૂપનું જ્ઞેયનું જ્ઞાન થયું એ પોતાના કારણે થયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આમાં શું આ તે કહેવું છે? ભાઈ! તારી શક્તિની સામર્થ્યતા તે સમયમાં સ્વપરપ્રકાશનું જ્ઞાન જ સહજ પ્રગટે છે, સહજ પ્રગટ થાય છે. એ રાગ આવ્યો તો રાગને કારણે (જ્ઞાન થયું એમ નથી). રાગ એ સમયે છે અને એ સમયે જ્ઞાનની પર્યાય થઈ, એમાં પછી રાગથી જ્ઞાન થયું એમ ક્યાં આવ્યું? સમજાણું કાંઈ? આહા..હા..! એ જ સમયે એક કાળે રાગની ઉત્પત્તિ, ભાવ ભિન્ન. એક કાળે ઉત્પત્તિ અને એક ક્ષેત્રે ઉત્પત્તિ. આહા..હા..! ભાઈ! મારગડા જુદાં, બાપા! તારા માર્ગને અંદરમાં સમજવો ભાઈ... આહા..હા..!

એક જ સમયે રાગને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. વ્યવહાર જાણેલો (પ્રયોજનવાન) પણ એ જાણવાની શક્તિ એવી સ્વપરપ્રકાશની એ સમયે પોતાથી એવી પર્યાય ઉત્પન્ન થઈ છે. આહા..હા..! રાગના કાળમાં રાગને જાણવું અને સ્વને જાણવું એવું પોતાની શક્તિથી પ્રગટ થયું છે. આહા..હા..! અરેરે..! તકરાર ઝઘડા એટલા બધા આવે છેને. અરે પ્રભુ! શું કરે છે? ભાઈ! આ નિમિત્તવાદીઓ કરતા ઉપાદાનવાદીઓ ભારે. નિમિત્તને માને અને વળી કહે છે કે અમે માનતા નથી. અરે.. પ્રભુ! આહા..હા..!

અહીંયાં તો કહે છે કે રાગને જાણે છે એ રાગ નિમિત્ત થયો માટે જાણે છે એમ પણ નથી, એમ કહે છે. નિમિત્ત હો, પણ એનાથી આત્મા જાણે છે એમ નથી. નવરંગભાઈ! આ ભગવાન આત્મા છે પૂર્ણાનંદનો નાથ અંદર અનંત જ્ઞાનથી ડોલી રહ્યો છે પ્રભુ! આહા..હા..! જેના જ્ઞાનનો દરિયો ઊછળી રહ્યો છે અંદર. આહા..હા..! કહે છે કે એવું જે જ્ઞાન પોતાથી થયું... આહા..હા..! એ ક્રોધનું જ્ઞાન કરીને કર્તૃત્વને તોડે છે. કેમકે 'રાગ મારો છે' એ તો કર્તૃત્વ થયું અને રાગનો ભેદ કરે છે એ તો કર્તૃત્વ છૂટી ગયું. આહા..હા..! સમજાણું કાંઈ? થોડું ઝીણું છે, ભગવાન! પણ માર્ગ આ છે. નટુભાઈ! આહા..હા..!

રાગતત્ત્વને કારણે સ્વપરપ્રકાશક પર્યાયતત્ત્વ છે? સમજ્યા? 'રાગને જાણે છે' એમ કહેતા રાગની એકતા તૂટી ગઈ, કર્તૃત્વ તૂટી ગયું, પણ રાગને અને જ્ઞાનને ભિન્ન જાણે છે. આહા..હા..! એ જ્ઞાનની પર્યાયમાં તે ક્ષણે સ્વપરપ્રકાશક એ પોતાનો અને જે પ્રકારના રાગ-દ્વેષાદિ હોય એ જ પ્રકારનું જ્ઞાન સ્વયં પ્રકાશે છે અને એ વખતે રાગ છે, પણ ભિન્ન છે. આહા..હા..! હવે આ ચીજને.. સમજાણું કાંઈ? અહીં તો વ્યવહારના ઝઘડા અને નિમિત્તના ઝઘડા મોટા. બેયમાં આવ્યું છે. કાલે આવ્યું 'જૈન ગેજેટ'માં, આજે આવ્યું 'જૈન સંદેશ'માં.

**શ્રોતા :–** અંદરની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અંદરની અને આ જ સત્ય છે. સત્‌નું સ્વરૂપ જ આ છે.

જ્યારે ભગવાન આત્મામાં સ્વપરપ્રકાશકશક્તિ છે ત્રિકાળી તો પર્યાયમાં જ્યારે સ્વપરપ્રકાશક પર્યાય તે કાળે પોતાથી થઈ છે, એટલે રાગે—નિમિત્તે જ્ઞાનને ઉત્પન્ન કર્યું ઈ ક્યાં આવ્યું? આહા..હા..! કુંદકુંદાચાર્ય એમ કહે છે કે માટીથી ઘડો થયો છે. કુંભારથી થયો એ તો અમે જોતા નથી. આહા..હા..! ગજબ વાત છે. 'સર્વ દ્રવ્યની પર્યાય' એમ શબ્દ છેને ભાઈ! ત્યાં? ૩૭૨. સર્વ ગુણ. ગુણ એટલે પર્યાય. સર્વ દ્રવ્યની પર્યાય પોતાથી થાય છે. આહા..હા..! પર નિમિત્ત હો, પણ નિમિત્તથી થયું નથી. આહા..હા..! માટીમાંથી ઘડો થયો એ માટીના સ્વભાવને કારણે એવી ઘડાની પર્યાય થઈ છે. કુંભારના સ્વભાવથી ઉત્પન્ન થઈ છે? આહા..હા..!

એમ અહીંયાં પરમાત્મા તો એમ કહે છે કે પ્રભુ! તારી શક્તિ સ્વરૂપ જ્યાં દૃષ્ટિમાં આવ્યું એ રાગથી ભિન્ન થઈને આવ્યું. રાગની એકતામાં તો રાગનું જ્ઞાન મિથ્યાજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? ત્યાં સ્વ તો રહી ગયો; અને સ્વનું જ્ઞાન થયું ત્યાં પરના જ્ઞાનની પર્યાય એવી ઉત્પન્ન

થાય છે. એ રાગ છે માટે ઉત્પન્ન થઈ છે એમ નથી. અહીંયા જરી ક્રોધ આવ્યો જ્ઞાનીને, લ્યોને. એ ક્રોધનું જ્ઞાન ક્રોધ છે એ જ પ્રકારનું જ્ઞાન ક્રોધને લઈને નહિ. આહા..હા..! છે? આવી વાત છે, બાપા! અરે.. પ્રભુ! આ જાવું છે ક્યાં ભાઈ, તારે? આહા..હા..! એ સત્‌ની શક્તિની આટલી પ્રતીતિનો ભરોસો ન આવે તો તારે ક્યાં જાવું છે? પછી ઠરે ક્યાં એ? કહો, સમજાય છે કાંઈ? ..ભાઈ! આહા..હા..! છોકરાઓ એના બાપથી વધી ગયા છે. પોપટભાઈથી વધી ગયા. આ વસ્તુ બાપા... આહા..હા..! અરે..! દુનિયા ગમે તે કહો, વસ્તુ તો આમ છે. દશરથલાલજી! અહીં તો નિમિત્તનો નિષેધ થઈ ગયો. રાગ નિમિત્ત છે ઉપાદાનમાં. ઉપાદાન પોતાનું છે, પણ એનાથી જ્ઞાન નથી થયું એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા :—** નિમિત્તે કર્યું શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નિમિત્તે કર્યું નિમિત્તમાં. રાગમાં રાગ થયો. આહા..હા..! અને જ્ઞાનમાં જ્ઞાન થયું. સ્વ અને પરના જ્ઞાનમાં જ્ઞાન થયું, રાગમાં રાગ થયો. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..! ગજબ વાત છે, ભાઈ! તારું સામર્થ્ય તો જો. આહા..હા..!

એ સ્વપરપ્રકાશક શક્તિ જ્યાં પ્રગટ થઈ, પોતાની દૃષ્ટિ અને રુચિમાં જ્યાં ભગવાન આવ્યો, આહા..હા..! તો એ સ્વપરપ્રકાશક તે ક્ષણની તે પ્રકારની પર્યાય ઉત્પન્ન થતો રાગ પણ તે કાળે ઉત્પન્ન થતો કે તે પ્રકારની વાસના કે વગેરે તે પ્રકારનું અહીંયા જ્ઞાન, તે ક્ષણે તેનો આશ્રય લીધા વિના (પોતાથી થાય છે). આહા..હા..! રાજમલજી જેવાએ ટીકા જુઓ કેવી કરી! એ સ્વરૂપગ્રાહીજ્ઞાન કહીને ગજબ કર્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? પછી ઊતાર્યું છે રાગમાં, ક્રોધમાં. જેમ એ શાક—વ્યંજન અને ખારપ એની ભિન્નતાનું જ્ઞાન વાસ્તવિક સ્વપરપ્રકાશક શક્તિ પ્રગટી છે એને એનું પરપ્રકાશકનું જ્ઞાન યથાર્થ થાય છે. આહા..હા..! કહો, કાંતિભાઈ! ત્યાં તમારે પ્લેનમાં હતાને. આમાં આમ કરવું ને તેમ કરવું. આ તો જ્ઞાનનું પ્લેન ઉડે છે અંદરથી. આહા..હા..! જેને રાગ થયો તે કાળે જ્ઞાન એટલે રાગની પણ જરૂર નહિ. આહા..હા..! હીરાભાઈ! આવો છે ભગવાન! તારું સ્વરૂપ પ્રભુ તને માહાત્મ્ય આવતું નથી. આહા..હા..!

એ સમંતભદ્રાચાર્ય તો ભક્તિનો વિષય છેને એટલે નિમિત્તને ભેગું લીધું છે; પણ એને એમ કહેવું છે કે નહિ, બેથી થાય એમ કહો. અરે..! એકથી જ થાય, બેથી થાય કહેવું એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? અહીંયા પણ જે પ્રકારનો રાગ થયો, એ પ્રકારનું જ્ઞાન રાગને કારણે નહિ. આહા..હા..! આવો માર્ગ પ્રભુ! પણ એને સાંભળવા મળ્યો નહિ. અરેરે..! ચોર્યાસીની આ ઘાણી... આહા..હા..! રાગને લઈને જ્ઞાન થયું,

રાગને લઈને જ્ઞાન થયું એ તો અહીંયાં જ્ઞાનની સામર્થ્યતાનો એણે નાશ કર્યો. આહા..હા..! કુંભારથી ઘડો થયો તો માટીમાં જે ઘડો થવાનું સામર્થ્ય હતું એનો નાશ કર્યો. એનાથી થયો.. એનાથી થયો. આહા..હા..! સમજાણું કાંઈ? ધીમે-ધીમે સમજવું, ભગવાન! આ તો વીતરાગનો

માર્ગ નાથ. જિનવરદેવનો માર્ગ છે, પ્રભુ! આહા..હા..! જેને ત્રણ જ્ઞાનના ધણી એકાવતારી ગણધરો એ ભવ મોક્ષગામી અને ઈન્દ્રો એકાવતારી (સાંભળે), અરે.. એ વાણી કેવી હોય? પ્રભુ! આહા..હા..! એમાં સત્‌ની સિદ્ધતા સાબિત કેટલી હોય, દશરથલાલજી! આહા..હા..! જુઓ,

કેવળી લોકાલોકને જાણે એ અસદ્‌ભુતવ્યવહાર છે. આહા..હા..! ત્યારે શું તે જાણતા નથી? નિશ્ચયથી પરને જાણતા નથી? નિશ્ચયથી પરને જાણતા નથી. નિશ્ચયથી પરને જાણે તો તન્મય થઈ જાય, પણ પરને જાણવાની શક્તિ પોતાની પોતાથી થઈ છે સ્વપરપ્રકાશક. એમાં લોકાલોક સંબંધી પોતાના જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ એને જાણે છે. સમજાણું કાંઈ? કહો, માસ્તર! તમારી દલીલ તો આ છે. આહા..હા..! ભગવાન માસ્તર છે. સમજાણું કાંઈ?

'**નિજરસથી વિકસતી નિત્ય ચૈતન્યધાતુનો અને ક્રોધાદિ ભાવોનો ભેદ,...** ' આહા..હા..! એ રાગને જાણવું કહેવું એ પણ વ્યવહાર કહે છે અહીં તો. આહા..હા..! તો રાગથી નિશ્ચય થાય પ્રભુ એ તો ક્યાંય બહાર રહી ગયું, ભાઈ! સમજાણું કાંઈ? પોતામાં જ્ઞાનશક્તિને કારણે સ્વ તરફનો આશ્રય હોવાથી પર્યાયમાં તે જ પ્રકારનું તે સમયે તે સ્વપરપ્રકાશકની પર્યાય પોતાની શક્તિથી પોતામાં થઈ છે. રાગને કાળે રાગ જેટલો છે એટલા પ્રકારનું જ્ઞાન (થાય), પણ એ રાગને કારણે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ ભાઈ! જિનવરનો માર્ગ બાપા, સૂક્ષ્મ છે. એક-એક તત્ત્વ પોતાનું સ્વતઃ છે. આત્માનું જ્ઞાન સ્વતઃ સ્વપરપ્રકાશક સ્વભાવ છે. પર છે તો સ્વપરપ્રકાશક છે એમ નથી. આહા..હા..! કાંતિભાઈ! આવો માર્ગ છે, પ્રભુ! આહા..હા..!

સત્‌ની પ્રસિદ્ધિ, સત્‌નો ઢંઢેરો પીટ્યો છે. ભગવાન! એકવાર ભૂલી જા બહારની વાત. તું અને તારો સ્વભાવ જ્ઞાનસ્વભાવ પ્રભુ! તું જ્ઞાનસ્વભાવી છોને. એ તો તારો સ્વભાવ છે. એ સ્વભાવનો આશ્રય લેવાથી જે પર્યાય થઈ, એ સવારે કહ્યું હતુંને કે આત્મા દર્શન છે. આ જ્ઞાન થયું એ આત્મા જ્ઞાન છે. આહા..હા..! સવારમાં બહુ સરસ આવ્યું હતું. આહા..હા..! '**अप्पा दंसणं**' બીજો વ્યવહાર છે. આહા..હા..! અહીં એ કહે છે કે વ્યવહારને જાણે છે એ પણ પોતાની પર્યાયની તાકાતથી જાણે છે. એ પર આવ્યું એનું એવું જ જ્ઞાન થયું એ તો પરને કારણે થયું છે આહા..હા..! તે સમયની જ્ઞાનની પર્યાય તે જ પ્રકારના ઉત્પાદરૂપે ઉત્પન્ન થઈ છે, એ પોતાનો ઉત્પાદસ્વભાવ છે એનાથી થઈ છે, એ રાગને કારણે થઈ છે (એમ નથી). આહા..હા..! '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' તો જ્ઞાનગુણનો જે ઉત્પાદ થયો... આહા..હા..! પર્યાયમાં, એ દ્રવ્યના લક્ષે જે ઉત્પાદ થયો એ જ્ઞાન સ્વપરપ્રકાશક પર્યાયની ઉત્પત્તિ પોતાથી થાય છે. આહા..હા..! રાગથી રાગના જ્ઞાનની ઉત્પત્તિ થઈ (એમ નથી). આહા..હા..! ગજબ વાતું કરે છેને! સમજાણું કાંઈ?

અહીં તો '**स्वरसविकसन्नित्यचैतन्यधातोः**' નિત્યચૈતન્યધાતુ એ વિકસીત પોતાથી થઈ

છે એમ કહે છે. છેને? ભાઈ! પંડિતજી! નિત્યચૈતન્યધાતુ એ તો ધ્રુવ, પણ સ્વરસ વિકસીત, પોતાની શક્તિથી વિકસીત થઈ છે પર્યાયમાં. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ..ભાઈ! આવું સાંભળવું મુશ્કેલ પડે, ભગવાન! આવું થઈ ગયું છે. શું થાય? ભગવાનના વિરહ પડ્યા અને ખળભળાટ ઊભો થઈ ગયો.

પ્રભુ! માર્ગ તો આ છે. એ પરનો કર્તા તો નથી, રાગનો હોં! શરીરાદિની અહીં વાત પણ નથી, પણ રાગનું જ્ઞાન થયું એ પણ રાગને કારણે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! આ ઝઘડા ક્યાં પ્રભુ તારામાં છે? આહા..હા...! તારી શક્તિ એટલી છે કે સ્વપરપ્રકાશના સામર્થ્યમાં જેટલો તારો સ્વનો પ્રકાશ છે એટલી જ તારી પરની પ્રકાશક શક્તિ તારાથી થઈ છે. આહા..હા..! એવું રાગનું કર્તૃત્વ છોડીને, રાગને આત્માથી ભિન્ન કરીને પોતાની પર્યાય સ્વપરપ્રકાશક તરીકે પોતાના સામર્થ્યથી રાગને જાણે છે એમ વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે રાગમાં જ્ઞાન તન્મય થઈને જાણે છે? તન્મય થઈને જાણે તો રાગને જાણે છે એમ ન આવ્યું. આહા..હા..! જ્ઞાનની પર્યાયમાં તન્મય થઈને જાણે છે. રાગસંબંધી જ્ઞાન અને પોતાનું જ્ઞાન પણ પોતામાં તન્મય થઈને જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઘરમાં શાસ્ત્ર પડ્યા હોય વાંચે કોણ નવરાશે. શેઠ! પણ વાંચે તો પહેલા ખબર તો પડે. આહા..હા..! સત્ જ એવું છે. આહા..હા..! વાત બહુ ફરી ગઈ, ભાઈ! અરેરે..! શું કરે છે?

અહીં તો કહે છે, પ્રભુ! તારે આત્માની શ્રદ્ધા કરવી છે? તો આત્મા સ્વપરપ્રકાશક પર્યાયવાળો છે, ગુણ એવો છે એવી પ્રતીતિ થાય તો સમ્યગ્દર્શન થશે. રાગને કારણે સ્વપરપ્રકાશક (જ્ઞાન) થયું તો તેં આત્માની યથાર્થ પ્રતીતિ કરી જ નથી. સમજાણું કાંઈ? થોડું સૂક્ષ્મ છે, ભગવાન! આ ગાથા એવી આવી ગઈ છે અને એમાં સ્વરૂપગ્રાહીજ્ઞાન કહ્યું રાજમલે! આહા..હા..! કમાલ કરી નાખી છે. ગૃહસ્થાશ્રમમાં રહ્યા અને આવી ટીકા! આત્માને ક્યાં ગૃહસ્થાશ્રમ હતો! આહા..હા..! હવે એવાઓને ઊડાડી દેવા છે બધાને. આહા..હા..! પ્રભુ! એમાંથી તો સમયસાર નાટક બનાવ્યું. સમયસાર નાટક અધ્યાત્મની ભાંગ પીને (બનાવ્યું છે એમ કહે છે). પ્રભુ! આ શોભે નહિ, ભાઈ! તારા આત્માને ઠીક નહિ પડે, બાપા! તને દુઃખ થશે. આહા..હા..! એ દુઃખ વેઠ્યા કઠણ પડશે, નાથ! આહા..હા..! સ્વતંત્ર સુખના પંથને મૂકી અને પરતંત્ર પંથને માનવો... આહા..હા..! મિથ્યા અભિપ્રાયનું દુઃખ વર્તમાન... દશરથલાલજી! અને મિથ્યા અભિપ્રાયનું દુઃખ ભવિષ્યમાં ઘણું થશે, પ્રભુ! અત્યારે દુનિયા રાજી થાય, દુનિયા લોકો માને એથી શું? આહા..હા..!

અહીં તો કહે છે કે આસ્રવને જાણે છે, રાગ કહો કે આસ્રવ કહો અથવા ભાવબંધ રાગ એ અબંધદૃષ્ટિવંત જ્યારે જાણે છે. આહા..હા..! ભગવાન આત્મા તો અબદ્ધસ્પૃષ્ટ છે એમ જાણ્યું એ જ જૈનશાસન છે. આહા..હા..! એની ચર્ચા હતી પહેલી. કેવા? સમજ્યા?

જુગલકિશોર. દિલ્હીના મુખત્યાર. બસ! અબદ્ધસ્પૃષ્ટ છે તો બદ્ધસ્પૃષ્ટ શું? અરે..! બદ્ધસ્પૃષ્ટ વ્યવહારમાં રહ્યું છે એનું જ્ઞાન કરે છે, સાંભળને. એ આવ્યું હતું એક ફેરી. (સંવત) ૨૦૧૪ની સાલ લાઠીમાં. પોરબંદર જતા હતા ત્યાં આવ્યા હતા. ત્રણ બોલ છે, પાંચ બોલ એમાં નથી; પણ ભાઈ ટીકામાં પાંચેય લીધા છે અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય.. આહા..હા..! અને એ જાણવું એનું નામ જૈનશાસન કહ્યું.

પોતાની વીતરાગી પર્યાયથી અબદ્ધસ્પૃષ્ટ દૃષ્ટિમાં આવ્યો અને અબદ્ધસ્પૃષ્ટ દૃષ્ટિમાં આવ્યો ત્યારે વીતરાગી પર્યાય થઈ. આહા..હા..! છે? એ વીતરાગી પર્યાય અબદ્ધસ્પૃષ્ટના આશ્રયે થઈ છે. માટે એ પર્યાય છે એ આત્મા છે અને એ જૈનશાસન છે. આ ૧૫મી ગાથા. 'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।' 'तं सुद्धणयं वियाणीहि' એ ૧૪મી.

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।**
**अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।**

આહા..હા..! બાર અંગ અને જૈનશાસનનું એને જ્ઞાન થયું, કહે છે. સમજાણું કાંઈ? જેણે ભગવાન આત્માને અબદ્ધસ્પૃષ્ટ દ્રવ્યસ્વભાવ, અનન્ય અનેરી-અનેરી નહિ, એકરૂપ, સામાન્યરૂપ અને પુણ્ય-પાપના દુઃખથી ભિન્ન સુખરૂપ એવું જેણે જાણ્યું એણે જૈનશાસન જાણ્યું. એ બાર અંગમાં આ કહેવું છે એ જાણી લીધું. સમજાણું કાંઈ? બાર અંગનો અભ્યાસ ભલે ન હોય. આહા..હા..! તેણે જૈનશાસન જાણ્યું અર્થાત્ રાગથી હટીને અબદ્ધસ્પૃષ્ટની દૃષ્ટિ જ્યાં થઈ એ વીતરાગી પર્યાય થઈ. વીતરાગી પર્યાયમાં જ્ઞાનની સ્વપરપ્રકાશક પર્યાય પ્રગટ થઈ, તો બદ્ધસ્પૃષ્ટ જેટલું છે એનું જ્ઞાન કરે છે, પણ એ બદ્ધસ્પૃષ્ટ છે માટે એનું જ્ઞાન કરે છે એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાય એટલું સમજવું, પ્રભુ! ત્રણલોકના નાથના આ વેણ છે, ભાઈ! આહા..હા..! દિવ્યધ્વનિમાં ભગવાન આમ કહેતા હતા. સત્‌ને સત્ રીતે સિદ્ધ કરતાં હતા. આ શું કહે છે?

તારું સત્, જ્ઞાન સત્ એ જ્ઞાન સત્‌ની પર્યાય જ્ઞાનની પર્યાય સત્‌રૂપે ઉત્પન્ન થઈ. કેમ કે 'उत्पादव्ययध्रुवयुक्तं सत्'. જ્ઞાન ધ્રુવ સત્, જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ એ ઉત્પાદ સત્. આહા..હા..! અને એ ઉત્પન્ન થઈ તે તારા કારણે દ્રવ્યથી થઈ છે. વ્યવહારાદિ રાગ છે તો ઉત્પન્ન થઈ છે એ સ્વપરપ્રકાશક પર્યાય (એમ નથી). આહા..હા..! સમજાણું કાંઈ? કહો, બાબુભાઈ! સમજાય છે? આહા..હા..! અરે..! ભાગ્યશાળી જીવો છે, બાપા! આ વાત ક્યાં છે, ભાઈ! આહા..હા..! ભગવાન એમ ફરમાવે છે.

'नित्यचैतन्यधातुनो...' હવે ઓલી વિકસીત પર્યાય બે ભેદ પાડે છેને, ભાઈ! એમ કહે છે. વિકસીત પર્યાય ભેદ પાડે છે. એક કોર નિત્ય ચૈતન્યધાતુ એક કોર રાગ, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? રાખે તો આખું દ્રવ્ય રાખ્યું પાછુ એક બાજુ. સમજાણું

કાંઈ? આહા..હા..! આ સંતોની વાણી તો જુઓ. આ પ્રત્યક્ષ મોક્ષગામી જીવો. આહા..હા..! એની શબ્દની શૃંખલા તો જુઓ, પ્રભુ! આહા..હા..! જેના આત્મામાં સત્‌નો ભણકાર વાગે. અરે..! હું સત્, જ્ઞાન સત્. એમાંથી જે નિજરસ શક્તિ ધ્રુવ, એમાંથી ઉત્પન્ન થયેલી જે વિકસીત ચૈતન્યપર્યાય. આહા..હા..! એ ચૈતન્યપર્યાય નિત્યચૈતન્યધાતુનો... આહા..હા..! પાગલ થઈ જવાય એવું છે આ તો ભાઈ! દુનિયાથી તો જુદી વાત છે, બાપા. દૂર દૂરથી આવ્યા છેને સાંભળવા. આ માર્ગ આવો છે, ભાઈ! એની એકવાર હા તો પાડ, પ્રભુ! એ સત્‌ની હા છે, ભાઈ! આહા..હા..!

‘**નિજરસથી વિકસતી નિત્યચૈતન્યધાતુનો...**’ કોણ? સ્વરસ વિકસીત પર્યાય. સ્વરરસ શક્તિથી સ્વપરપ્રકાશક ચૈતન્યપર્યાય ઉત્પન્ન થઈ એ ચૈતન્ય ધ્રુવનો ‘**અને ક્રોધાદિ ભાવોનો...**’ એમ આવ્યુંને? ભાઈ! આહા..હા..! સવારમાં ઓલું આત્માદર્શન અને બધું વ્યવહારમાંથી નીકળવું કઠણ પડતું હતું. એમ આ પણ. આહા..હા..! આજ તો સવારનું... આજ તો ભાદરવા સુદ એકમ છેને. આહા..હા..! ‘**अप्पाणं दंसणं**’ બાકી બધો વ્યવહાર. એમ અહીં ચૈતન્યધાતુથી પ્રગટ થયેલી ચૈતન્યશક્તિ—પર્યાય એ ચૈતન્યધાતુને અને ક્રોધને ભિન્ન જાણે છે. સમજાણું કાંઈ? ભાઈ! આ તો વીતરાગના મંત્રો પ્રભુ છે. આ કાંઈ સાધારણ વાત નથી. આહા..હા..!

‘**નિજરસથી વિકસતી નિત્યચૈતન્યધાતુનો...**’ પહેલા તો દૃષ્ટાંત આપ્યું હતું. આ તો સિદ્ધાંત હવે સિદ્ધ કરે છે. આહા..હા..! જેમ વ્યંજન અને લવણની ભિન્નતા વાસ્તવિક જ્ઞાન સ્વનું થયું છે તે એનું વાસ્તવિક જ્ઞાન કરે છે, એમ નિજરસની શક્તિથી સમ્યગ્જ્ઞાન થયું. ચૈતન્યની પર્યાયમાં વિકસીત એ જ્ઞાન નિજચૈતન્યધાતુ ત્રિકાળી અને રાગ એને ભિન્ન જાણે છે. એ ભિન્ન જાણવાનો સ્વભાવ જ એવો થઈ ગયો છે. સમજાણું કાંઈ? આહા..હા..!

‘**નિજરસથી વિકસતી...**’ ભાષા તો સાદી છે, ભગવાન! ન સમજાય એવું કાંઈ નથી. ધ્યાન રાખે તો શું કહે છે એ સમજાય. દશરથલાલજી! આહા..હા..! આમાં પંડિતાઈની જરૂર નથી, અંતરની રુચિની જરૂર છે. સમજાણું કાંઈ? જૈનધર્મ એટલે વસ્તુનો સ્વભાવ. એને જૈનશાસન કહ્યુંને? વસ્તુ જે અબદ્ધસ્પૃષ્ટ છે એનું પર્યાયમાં ભાન થવું એ જૈનશાસન. ચોથે ગુણસ્થાનથી જૈનશાસનનું ભાન થઈ ગયું. સમજાણું કાંઈ?

‘**નિજરસથી વિકસતી...**’ આ ચૈતન્યધાતુ છે અને આ રાગ છે. એ નિજરસ શક્તિ જે ચૈતન્યની વિકસીત એ પર્યાય સ્વ અને પરને જાણે છે. આહા..હા..! ‘**જ્ઞાનથી જ પ્રગટ થાય છે.**’ આહા..હા..! ‘**કર્તૃત્વને ભેદતો થકો...**’ અર્થાત્ ચૈતન્યધાતુ પર જે દૃષ્ટિ-જ્ઞાન થયા એ જ્ઞાન ચૈતન્યધાતુ અને રાગને ભિન્ન જાણે છે. કર્તૃત્વ છૂટી ગયું. ‘રાગ મારો છે અને હું કરું છું’ એ વાત છૂટી ગઈ. વ્યવહારરત્નત્રયનો કર્તા એ પણ મિથ્યાત્વ છે અને વ્યવહારરત્નત્રયનું જ્ઞાન કરે એ પણ પર અપેક્ષિત વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રયનું જ્ઞાન થાય છે એ તો સ્વપરપ્રકાશક પોતાની શક્તિથી જ્ઞાન એને જાણે છે.

આહા..હા..! સમજાણું કાંઈ?

**'જ્ઞાનથી જ પ્રગટ થાય છે.'** જોયું, 'ज्ञानात् एव' એમ શબ્દ છેને? 'एव'નો અર્થ નિશ્ચય કર્યો—જ. અને બીજે ઠેકાણે આવે છે 'एव'નો અર્થ સર્વ પ્રકાર કરે છે. આપણે આવ્યો હતો અને આમાં પણ સર્વ પ્રકારે છે. **'જ્ઞાનથી જ પ્રગટ થાય છે.'**

**'હવે, અજ્ઞાની પણ પોતાના જ ભાવને કરે છે, પરંતુ પુદ્‌ગલના ભાવને કદી કરતો નથી—એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક કહે છેઃ—'**

अज्ञानं ज्ञानमप्येवं कुर्वन्नात्मानमञ्जसा।
स्यात्कर्तात्मात्मभावस्य परभावस्य न क्वचित्।।६१।।

આહા..હા..! પરની દયા.. પરની દયા.. એ ભગવાનનો ધર્મ છે. એ આવ્યું છે, બહુ આવ્યું છે. અરે ભગવાન! એમ કે પર જીવે છે એ એના ઉપાદાનથી, જીવાડનારનો ભાવ છે એ એમાં નિમિત્ત છે. બે થઈને ત્યાં કાર્ય થાય છે—એમ છે નહિ.

કાર્ય એનાથી થાય. પરથી શું થાય? પર તો નિમિત્ત છે. નિમિત્તથી થાય તો તો ઉપાદાનમાં નિમિત્ત ઘૂસી ગયું. નિમિત્ત હાજર રહ્યું, પણ પરનો કર્તા થતું નથી. આહા..હા..! અનુકૂળ. નિમિત્તને અનુકૂળ કહ્યું છેને. પાણીનો પ્રવાહ જાતો હોય અને અનુકૂળ કાંઠા હોય, કાંઠા બે. બસ, છે એટલું; પણ કાંઠાને લઈને પાણી ચાલે છે (એમ નથી). અનુકૂળ એમ આવ્યુંને? કુળ નામ કાંઠા. શું કહેવાય? આ નદીના કિનારા બે. કિનારો છે એટલે પાણી ચાલે છે? સમજાણું કાંઈ? કેમકે એટલો કિનારો હોય તો પાણી આટલું ચાલે, થોડો કિનારો હોય તો આટલું ચાલે, વધારે હોય તો નીકળી જાય. પણ કિનારો તો તટસ્થ છે. સમજાણું કાંઈ? પાણીનું ચાલવું તો પોતાથી છે. એમ નિમિત્ત અનુકૂળ છે એ કાંઠે પડ્યું છે, તારા ઉપાદનમાં એ કામ કરે છે એમ છે નહિ. ઉપાદાન તો પોતાના પ્રવાહથી ચાલે છે. આહા..હા..! ભારે કામ આકરું, અમરચંદભાઈ! આવી વાત છે, ભાઈ! તારા સત્‌ની બલિહારી છે, નાથ! તું કોણ છો? કેવડો છો? એ તને બતાવે છે, પ્રભુ! કેટલો છે? ક્યાં છે? કેવો છો તું? આહા..હા..! 'હું આવો છું, હું જ્ઞાનસ્વરૂપ છું અને રાગને જાણવું એ રાગથી નહિ પણ મારી પર્યાયથી હું જાણું છું' એમ કહેવામાં આવે છે. પોતાની તાકાતથી સ્વપરપ્રકાશકની પોતાની તાકાત છે. આહા..હા..! એ અજ્ઞાની પણ હવે એ કહે છે. અજ્ઞાની પણ અજ્ઞાન કરે કાં જ્ઞાન કરે જ્ઞાની, એ સિવાય પરનો તો કર્તા થતો નથી એમ સિદ્ધ કરે છે.

अज्ञानं ज्ञानमप्येवं कुर्वन्नात्मानमञ्जसा।
स्यात्कर्तात्मात्मभावस्य परभावस्य न क्वचित्।।६१।।

**'શ્લોકાર્થ :- આ રીતે ખરેખર પોતાને અજ્ઞાનરૂપ કે જ્ઞાનરૂપ કરતો...'** બસ, એક જ વાત. કાં રાગનો કર્તા થાય છે એ પણ પોતાથી અને રાગને જાણે છે એ પણ

પોતાથી, એ સિવાય પરનો તો કર્તા છે નહિ. કર્મનો, શરીરનો, વાણીનો, દેશની સેવા આદિનો... આહા..હા..! સમજાણું કાંઈ? **'આ રીતે ખરેખર...'** **'अञ्जसा'**નો અર્થ કર્યો. **'પોતાને અજ્ઞાનરૂપ કે જ્ઞાનરૂપ...'** **'आत्मा आत्मभावस्य कर्ता स्यात्'** જુઓ, અજ્ઞાનને પણ આત્મભાવ કહ્યો અહીંયાં. એની પર્યાય છેને? **'आत्मा आत्मभावस्य कर्ता'** **'આત્મા પોતાના જ ભાવનો કર્તા છે,...'** ચાહે તો રાગભાવનો કર્તા હોય અને ચાહે તો જ્ઞાનનો કર્તા હોય, પણ પોતાના ભાવનો કર્તા છે. પરનું, પુદ્ગલનું, કર્મ બંધનનું, શરીરનું, વાણીનું, દેશનું કંઈ કિંચિત્ કરી શકતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

**'પરભાવનો (પુદ્ગલના ભાવોનો)...'** અહીં પરભાવ શબ્દે પુદ્ગલ લેવું છે. વિકારભાવ નહિ, વિકારભાવ તો પોતાનો લેવો અહીંયા. સમજાણું કાંઈ? **'(પુદ્ગલના ભાવોનો) કર્તા તો કદી નથી.'** કર્મબંધન થાય છે એનો કર્તા આત્મા અજ્ઞાનભાવે ત્રણકાળમાં નથી. આહા..હા..! વાણીનો કર્તા નથી, શરીરની હલન-ચલનની ક્રિયાનો કર્તા નથી. આહા..હા..! અહીં કહે, ઉપાદાન અને નિમિત્ત બે થઈને કાર્ય થાય છે. તત્ત્વાર્થ રાજવાર્તિકમાં આવે છે, ઉત્પાદ બે પ્રકારે છે—સ્વ અને પરથી. એ તો પરચીજનું જ્ઞાન કરાવે છે, પ્રભુ! આહા..હા..! રાગને ઉત્પન્ન કરો કે જ્ઞાનની ઉત્પત્તિ કરો, તું સ્વતંત્ર છો. પરનો કર્તા કિંચિત્ એક રજકણને હલાવવો, આંખની પાંપણ આમ કરવી એ તારું કર્તવ્ય નથી. સમજાણું કાંઈ? તું રાગ કર કે જ્ઞાન કરો, અજ્ઞાન કર કે જ્ઞાન કર, પણ શરીરની ક્રિયાનો કર્તા તો ત્રણકાળમાં નથી. આત્મા પરભાવનો કર્તા માનવો એ તો વ્યવહાર... એ આવ્યુંને? **'પરભાવનો કર્તા તો કદી નથી.'** **'એ જ વાતને દૃઢ કરે છે :—'** ૬૨માં કહેશે.

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, ગાથા-૧૦૦
## પ્રવચન નં.૧૬૯, તા.૨૮-૦૮-૧૯૭૬
## (૨૪)

સમયસાર, ગાથા-૧૦૦. ટીકા ફરીને. ૧૦૦-૧૦૦.

'ખરેખર...' ખરેખર તો એવી સ્થિતિ છે કે ઘટ, વાસણ, મકાન, પટ એ પરપદાર્થ અને અંતરમાં નવા કર્મ બંધાય જડ જડ, એ બેય ચીજ પર છે. શું કહ્યું ઈ? કે આત્માથી ઘટ, વસ્ત્ર, મકાન આદિ કે આ દેહની ક્રિયા એ બધા પરદ્રવ્ય છે. ઘટમાં એ જાય છે અને 'તથા ક્રોધાદિક પરદ્રવ્યસ્વરૂપ...' અંદરમાં કર્મનું બંધાવું એ ક્રોધાદિ જડની વાત છે આ. સૂક્ષ્મ વાત છે. એ ક્રોધ જે જડકર્મ બંધાય અને ઘટ, પટ, વસ્ત્ર, રોટલી, મકાન આદિ બને એ 'પરદ્રવ્યસ્વરૂપ કર્મ છે...' એ પરદ્રવ્યસ્વરૂપ કાર્ય છે. સમજાણું કાંઈ? કર્મબંધન થવું એ પણ પરદ્રવ્યસ્વરૂપ કાર્ય છે. ઘટપટનું થવું, મકાનનું થવું, ભાષાનું થવું એ બધું પરદ્રવ્યસ્વરૂપ કાર્ય છે. 'તેને આ આત્મા વ્યાપ્યવ્યાપકભાવે તો કરતો નથી...' આહા..હા..! સમજાય છે આમાં? આ તેલને સાફ કરવાની ક્રિયા થાયને, એ પરદ્રવ્યક્રિયા છે એમ કહે છે. આહા..હા..! કુંભાર ઘડો બનાવે છે એમ નથી. ઘડો માટીથી થાય છે એ માટીનું પરદ્રવ્યનું કાર્ય છે. એમ કર્મ બંધાય છે એ પરદ્રવ્યનું કાર્ય છે. આહા..હા..!

'તેને આ આત્મા વ્યાપ્યવ્યાપકભાવે તો કરતો નથી...' શું કહે છે? કે જડકર્મ ઘટનું, પટનું, રોટલીનું, દાળ, ભાત, શાક આદિ એ કર્મ પરિણામ જીવના અને જીવ એનો કર્તા પરિણામી એમ હોતું નથી. એ જડ કર્મ આત્માનું વ્યાપ્ય, વ્યાપ્ય એટલે કાર્ય અને આત્મા એનો કર્તા એમ છે નહિ. ઝીણી વાત છે ૧૦૦ ગાથા. સમજાણું કાંઈ? 'આત્મા વ્યાપ્યવ્યાપકભાવે તો કરતો નથી...' અર્થાત્ પરનું કાર્ય—પરિણામ આત્માનું અને આત્મા એનો પરિણામી—કર્તા એ રીતે તો બનતું નથી. કેમકે પરની પર્યાય આત્માનું વ્યાપ્ય થઈ શકે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? 'કારણ કે જો એમ કરે તો તન્મયપણાનો પ્રસંગ આવે;...' ઘડો કરે, રોટલી કરે, દાળ-ભાત-શાક કરે, મકાન બને, તેલ સુધરે સુમનભાઈનું. ભાઈ! ત્યાં તો એના ઓલા છે. શું કહેવાય? મેનેજર. આઠ હજારનો પગાર મફત આપતા હશે ત્યાં? આહા..હા..! આ તો દૃષ્ટાંત છે. એમ કાપડવાળાનો ધંધો, કાપડ છેને. આમ ફેરવે ને આમ કરે એ બધી ક્રિયા પરદ્રવ્યની ક્રિયા છે. આ રોટલી બને એ પરદ્રવ્યની ક્રિયા છે. દાળ-ભાત-શાક બને એ પરદ્રવ્યની ક્રિયા છે. એ પરદ્રવ્યની ક્રિયા આત્માનું કર્મ નહિ, કર્મ

નામ કાર્ય નહિ. કેમકે પરદ્રવ્ય જો કર્મ એનું હોય તો વ્યાપક પરમાં તન્મય થઈ જાય. પરદ્રવ્યની ક્રિયામાં આત્મા તન્મય નામ એમાં ભળી જાય, જુદો રહી શકે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? કહો, પોપટભાઈ! એ લાદી જે થાય છે એ લાદીની ક્રિયા એ બધી પરદ્રવ્યની ક્રિયા છે. કારીગર અને પોપટભાઈ કાંઈ કરે નહિ. પોપટભાઈ જોવે ત્યાં. છોકરા એ કાર્ય ન કરી શકે એમ કહે છે. કેમકે એ કાર્ય છે એ વ્યાપ્ય તો પરદ્રવ્યનું વ્યાપ્ય છે, પરદ્રવ્યનું કર્મ છે. વ્યાપ્ય કહો કે કર્મ કહો કે કાર્ય કહો. એ પરદ્રવ્યનું કાર્ય છે. એને આત્મા જો કરે તો પરદ્રવ્યમાં ભળી જાય અને જુદો રહી શકે નહિ. તન્મય થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :—** આવી વાત છોકરા સાંભળે તો ઢીલા પડી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઢીલા શેના પડે? વસ્તુ સમજે તો.. એમાં થવા કાળે થાય છે એને કરે કોણ? આહા..હા..!

એવો એક છોકરો હતો કે મહારાજ કહે છે કે શરીરની ક્રિયા આત્મા ન કરી શકે. મારે ધબો એ હું નથી કરતો. એ શરીરની ક્રિયા છે. એવું થયું છે અહીં. મહારાજ કહે છે કે આ શરીરની ક્રિયા મેં ક્યાં કરી છે? પણ તને શરીરની ક્રિયાનો વિકલ્પ થયો કે હું કરું, વિકલ્પનો કર્તા થયો, રાગનો કર્તા થયો તો એમાં નિમિત્તકર્તા પણ તને એમાં કહેવામાં આવે છે. નિમિત્તકર્તા, ઉપાદાન તો હાથ આમ થયો એ તો એની ક્રિયા તો હાથથી થઈ. સમજાણું કાંઈ? પણ જેણે રાગ કર્યો, રાગનો કર્તા થયો એ પરની ક્રિયાકાળે નિમિત્તકર્તા અજ્ઞાનીને કહેવામાં આવે છે, ઉપાદાનકર્તા તો એને કારણે થાય છે. આહા..હા..! આ વાતું. સમજાણું કાંઈ? આ ૧૦૦ ગાથા અલૌકિક છે. એવી વાત જૈનદર્શનમાં બીજે ક્યાંય છે નહિ. આહા..હા..!

જ્યાં અનંત પદાર્થ હોય ત્યાં આ પ્રશ્ન ઉઠે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય ન કરે. એ તો બીજું દ્રવ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! જીવ પરદ્રવ્યની દયાનો ભાવ કરે, ભાવનો કર્તા થાય, પણ પરની દયામાં નિમિત્તકર્તા એને કહેવામાં આવે, નિમિત્તકર્તા. કેમકે રાગનો કર્તા થયો. યોગ અને રાગનો કર્તા જે થાય છે એ પરની ક્રિયાકાળે તેને નિમિત્તકર્તા કહેવામાં આવે. ઉપાદાન તો એની પર્યાયનો કાળ છે તો એનાથી થયું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ઘટ, પટાદિ ગાડું, પટ, વસ્ત્ર, લાડવા, દાળ-ભાત-શાક. સમજાણું કાંઈ? આમ લાડવા બનેને એ બધી પરદ્રવ્યની ક્રિયા, પરદ્રવ્યનું કાર્ય, પરદ્રવ્યનું એ વ્યાપ્ય અને એનો વ્યાપક એ પરદ્રવ્ય. સમજાણું કાંઈ? આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! સર્વજ્ઞ વીતરાગે અનંત પદાર્થ દેખ્યા, તો કહે છે, એક પદાર્થ બીજાનું કાર્ય કરે તો એ કાર્ય તો એનાથી થયું છે. એનાથી થયું ત્યાં આ કરે? મિથ્યાદૃષ્ટિ તન્મય થઈ જાય પર સાથે તો તો, પોતે ભિન્ન રહી શકે નહિ. આહા..હા..! '**તેને આ આત્મા વ્યાપ્યવ્યાપકભાવે તો કરતો નથી કારણ કે**

**જો એમ કરે તો...**' આહા..હા..! '**તન્મયપણાનો પ્રસંગ આવે;...**' મહાસિદ્ધાંતો છે આ. આ કાંઈ સાધારણ વાર્તા નથી. સમજવું બહુ કઠણ છે, ભાઈ! આહા..હા..! જેટલા આત્મા સિવાય પરપદાર્થ કર્મ, શરીર, વાણી, મન, ઘટ, પટ, મકાન એ બધા કાર્યો જડના પરના છે. એ પરનું કાર્ય જો આત્મા કરે તો વ્યાપ્ય એનું થઈ જાય અને વ્યાપક એ થઈ જાય અને એમાં તન્મય થઈ જાય. એમ તો બનતું નથી. કહો, શેઠ! સમજાણું કાંઈ? આ બહુ ઝીણી વાત છે.

**શ્રોતા :—** સમજવા માટે આવ્યા છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અમે તો એમ કહેતા હતા, બરાબર આ ટાણે આવ્યા છો. સો ગાથા ટાણે. શેઠ! કીધું ભાઈ સો ગાથા ટાણે આવ્યા છે અહીંયાં. આ સોમી ગાથા છેને. સમજવાની ચીજ છે. આહા..હા..! મુદ્દાની રકમ. ચૈતન્ય શું કરી શકે? આહા..હા..!

કહે છે કે '**આત્મા વ્યાપ્યવ્યાપકભાવે તો કરતો નથી...**' અથવા કર્તા આત્મા અને કર્મ એ જડની ક્રિયા એમ તો થતું નથી. આહા..હા..! આ રોટલીના અંદર મોઢામાં ટૂકડા થાય છે એ દાંતથી તો ટૂકડા નથી થયા, પણ ટૂકડાનું કાર્ય રોટલીથી થયું એ કર્મ આત્મા ન કરી શકે. દાંતથી એ ટૂકડો થયો નથી, ટૂકડાની પર્યાયનું કાર્ય તો એ રોટલીથી થયું છે. આહા..હા..! આ વાત. દશરથલાલજી! છે? આહા..હા..! હવે કાલે મોટો દિવસ છે પર્યુષણનો. પહેલો દિવસ છે રવિવારને. સમજાણું કાંઈ? બપોરે કાલે આલોચના થશે. વર્ષો વર્ષ ચાલે છેને. સવારમાં દસલક્ષણી પર્વમાં ઉત્તમ ક્ષમાનું થોડું ચાલશે. પછી પરમાત્મપ્રકાશ ચાલશે. આહા..હા..!

કહે છે કે જે ભાષાની પર્યાય થઈને એ ભાષા તો પરમાણુનું કાર્ય છે. એ કાર્ય જો આત્માનું હોય તો આત્મા ભાષાના પરમાણુ સાથે તન્મય એકાકાર થઈ જાય. સમજાણું કાંઈ? આહા..હા..! આ બીડી વળે છેને આમ એ ક્રિયા તો પરમાણુનું કાર્ય છે. ટીમરુનું મોટું પાંદડું એક હોય અને આપ્ટાના બે-ત્રણ નાખે નાના-મોટા. એ તો અમારે દુકાને ચાલતું હતુંને. દુકાનમાં ધંધો પહેલો એ હતો કુંવરજીભાઈને. ૬૪-૬૫, પાંચ-પાંચ હજારની તમાકુ રાખતા. ૬૪-૬૫, કુંવરજીભાઈની દુકાનમાં પાંચ-પાંચ હજારની તમાકુ લાવતા ત્યાંથી આગળ કે નડિયાદ બીજેથી. પછી બીડી વાળીને અહીં દેશમાં મોકલતા. બીડી વાળે ઘણા રાખે અને દેશમાં મોકલતા. આહા..હા..! કહે છે કે બીડી જે આમ વળે છે એ ક્રિયા તો પરમાણુનું કાર્ય છે. એ કાર્ય જો આત્માનું હોય તો આત્મા જડની પર્યાયમાં એકમેક તન્મય થઈ જાય. નવરંગભાઈ! સમજાણું કાંઈ? બીડી બની જાય. આહા..હા..! સમજાણું કાંઈ?

કપડા હોય છેને કપડા? દસ, પચાસ હજાર, લાખના કપડા પડ્યા હોય દુકાનમાં. ઘરાક આવે, તાકો ઉતારે નીચે અને લ્યો આ. એ કાર્ય તો પરમાણુનું કાર્ય છે, હાથનું નહિ, આત્માનું નહિ. આહા..હા..! એ કાર્ય કાળે એ કાર્યનો કર્તા એ પરમાણુ છે. એ કાર્યનો કર્તા જો આત્મા

હોય તો જડની પર્યાયમાં તન્મય થઈ જાય. આહા..હા..! ગજબ વાત છે.

આ પહેલો એક બોલ કે આત્મા સિવાય જેટલા પરદ્રવ્ય છે એ પરદ્રવ્યની જો તે સમયે એની પર્યાય થાય છે એ પર્યાયને કર્મ કહેવામાં આવે છે. એ પરદ્રવ્યસ્વરૂપ કર્મ. એમ કહ્યુંને? એ પરદ્રવ્યસ્વરૂપ કર્મ. આહા..હા..! એ કર્મ જો વ્યાપ્યવ્યાપકભાવે કરે તો આત્મા એમાં તન્મય થઈ જાય. માટે વ્યાપ્યવ્યાપકથી કરતો નથી. વ્યાપ્યવ્યાપકનો અર્થ કે એ કાર્ય પરિણામ અને આત્મા પરિણામી એમ છે નહિ. એ પદાર્થ પરિણામી અને એનું પરિણામ થયું એ પરિણામીનું કાર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એથી વ્યાપ્યવ્યાપક નામ કર્તાકર્મ, વ્યાપ્ય એટલે કર્મ અને વ્યાપક એટલે કર્તા. કર્તાકર્મપણાના ભાવથી તો કરતો નથી. આહા..હા..! ક્યાં ગયા હિંમતભાઈ? આ શું તમારે ઓલા લોઢાના ફરે છે તે? અમારે હસમુખ છે એને પણ લોઢાનો ધંધો છે. લોઢું આમ ફરે, કહે છે કે એ તો પરમાણુનું કર્મ છે, પરમાણુનું કાર્ય છે.

**શ્રોતા :—** જુદી જુદી જાતની જાળી બનાવવી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ બધા પરમાણુના કાર્ય છે. આહા..હા..! હા, હા, છેને એ બધી ખબર છેને. આહા..હા..! નકશા બનાવે એના કે આ પ્રમાણે કરવું, આમ કરવું. એ નક્શાની પર્યાય જે થઈ એ તો પરમાણુનું કાર્ય છે. એ પરમાણનું કાર્ય આત્મા કરે તો પરિણામી-પરિણામ એક થઈ જાય, પરના પરિણામ અને પરિણામી એક થઈ જાય. સમજાણું કાંઈ? કહો, હસમુખભાઈ! આવું છે આ. કોઈ દિ' બાપ-દાદાએ સાંભળ્યું ન હોય એણે.

**શ્રોતા :—** એન્જિનિયરને બોલાવવા નહિ હવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઈજનેર કોણ બોલાવતું હતું? આહા..હા..! એવી વાત છે, બાપુ! આ મકાનનું કાર્ય છે એ પરમાણુનું કાર્ય છે એમ કહે છે. એય ગીરધરભાઈ! હવે ગીરધરભાઈને માથે નાખ્યું છેને થોડું રસોડાનું? આહા..હા..!

શું પરમાત્માની તત્ત્વની સ્થિતિ અસ્તિત્વની સિદ્ધિની યુક્તિ! આહા..હા..! પરપદાર્થ જે છે એની વર્તમાન પરિણતિ તો એનાથી થઈ છે. એ પરિણતિ એ એનું કાર્ય અને પરિણામી એ પદાર્થ એનો કર્તા, પણ એનો આત્મા કર્તા થાય તો એ પરિણામ અને પરિણામી જેમ અભેદ છે, એમાં પરિણામ આ આત્મા કરે તો બે અભેદ થઈ જાય, એની સાથે તન્મય થઈ જાય, આહા..હા..! વાતું ભારે, ભાઈ! અરે બાપુ! તારું સ્વરૂપ શું છે એની એને ખબર ન મળે. અને જ્યાં ત્યાં અમે આ કામ કરીએ, અમે આમ કામ કરીએ. વ્યવસ્થિત કામ કરીએ. બહુ ડાહી બાઈ હોયને એને સેવ કરતા બહુ આવડે. ઓલી સેવ હોયને સેવ-સેવ. પાટીયા ઉપર. બધું જોયું છેને અમે તો બધું ઘણું જોયું છે. જોતા વખતે અમને વિચાર તો બધા ઘણા આવતા ત્યાં. ઓલા ખાટલામાં નાખેને. સૂકવી નાખો, જાવ સૂકવી નાખો. એ શું કીધું સમજાણું? સેવ-સેવ. સેવ સમજો છો? ઘઉંની થાય છેને ઘઉંની. સેવ હોય છે, વડી હોય છે, વડી-વડી. વડી નહિ? આટલી આવે. એ કાર્ય તો પરમાણુનું કાર્ય છે.

સુમનભાઈ! આહા..હા..! એ પરમાણુનું પરિણામ છે, એ પરમાણુનું વ્યાપ્ય છે, એ પરમાણુનું કાર્ય છે. આહા..હા..! એને આત્મા જો કરે તો આત્મા પરના પરિણામમાં પરિણામી અભેદ થઈ જાય, તો એમ બની શકે નહિ. આહા..હા..! આ તો વાસ્તવિક તત્ત્વની પ્રતીતિ કેવું તત્ત્વ છે એની પ્રતીતિ કરાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો વાત એક કોર રાખો, કહે છે. તન્મય થઈ જાય.

'**વળી નિમિત્તનૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી...**' શું કહે છે? એ જે કામ કર્યું એમાં આત્મા નિમિત્ત અને એ નૈમિત્તિક એમ પણ નથી. આહા..હા..! હજી ધીમેથી. '**નિમિત્તનૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી...**' અર્થાત્ પરના કાર્યકાળમાં ઉપાદાન તો એનાથી થયું કાર્ય, પણ જે દ્રવ્ય છે આત્મા એ નિમિત્તકર્તા પણ નથી. આહા..હા..! દ્રવ્ય નિમિત્તકર્તા નહિ, ઉપાદાનકર્તા તો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તત્ત્વની વાત ઝીણી બહુ, ભાઈ! આહા..હા..! હમણા કહ્યું હતુંને તંબોળીએ કહ્યું હતું. એક શ્વેતાંબર સાધુ છે. એ સમયસાર વાંચીને કહે ઓહો..હો..! આ સમયસાર, ઘણું કરીને તો એ છે. આ રિખવદાસના ગામમાં વિરોધ કર્યો હતો ઈ. જંબુસર. એ સમયસાર વાંચીને કહે, ઓહો..હો..! સમયસાર સમજ્યા વિના સત્ય નહિ સમજાય, એમ કહ્યું. સમજાણું કાંઈ? અને તે પોતાની દૃષ્ટિ છોડે તો સમજાય. આહા..હા..! આ કૈલાસસાગર લ્યો, પુસ્તક લઈ જાય છે બધા વાંચવા ત્યાં. અહીં નહોતા ભાઈ, શિહોર.

**શ્રોતા :—** એનો હેતુ જુદો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, એ જુદો-જુદો. વાંચીને અમને આવડે છે. એ છેને એ તો. મહેસાણાના ભાઈ આવ્યા છેને. એ કહેતા હતા મારી પાસે પુસ્તક હોય એ લઈ જાય છે બધા. કૈલાસસાગર લઈ જાય છે વાંચવા. વાંચીને પછી અમને પણ આવડે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ આકરું કામ, બાપા! અરેરે..! જગતને આ રીતે કહેવું.. પ્રભુને ગાળ દેવી છે એને. પ્રભુ! તું પરનો કર્તા? મિથ્યાત્વની ગાળ છે ભાઈ, તને. આહા..હા..! અરે..! એ તો નહિ, પણ તે તે દ્રવ્યના તે તે કાળે તે ક્રમબદ્ધના કાળે જે જે પરમાણુમાં પર્યાય થઈ રહી છે તે આ આત્માની કે બીજા આત્માની પણ જે પર્યાય થઈ રહી છે એનો આત્મા નિમિત્તકર્તા પણ નથી. કેમ?

'**કારણ કે જો એમ કરે તો નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવે.**' શું કહ્યું? કે પરદ્રવ્યની પર્યાય તે કાળે તેનામાં થઈ, તો પરદ્રવ્યની પર્યાયનું કાર્ય પરદ્રવ્યનું છે. આત્મા જો એનું કાર્ય કરે તો તન્મય—એકમેક થઈ જાય. એવું તો કદી બનતું નથી. એક વાત. હવે અહીંયાં જે પરદ્રવ્યનું કાર્ય થાય છે ત્યાં આત્માને નિમિત્તકર્તા કહો, તો જ્યાં-જ્યાં કાર્ય થાય ત્યાં તેની ઉપસ્થિતિ હોવી જોઈએ. કસાઈખાનાની ક્રિયા થાય છે એ એનું કર્મ છે કસાઈખાનાનું. જો દ્રવ્ય આત્મા નિમિત્ત હોય તો એ કસાઈખાના વખતે પણ એની હાજરી—ઉપસ્થિતિ

હોવી જોઈએ. આહા..હા..! ઝીણી વાત છે થોડી. સમજાય છે કાંઈ? આહા..હા..! થોડી ગુજરાતી આવી જાય અંદર. જયંતિભાઈ ગયા? સમજાણું કાંઈ? આહા..હા..!

પ્રભુ! તું કોણ છો? આત્મા. એમ! બહુ સારી વાત છે. તો એ આત્મા પરદ્રવ્યનું કાર્ય થાય તે કરી શકે? એ તો નહિ કરે પણ પરદ્રવ્યના કાર્યકાળે એ આત્મા નિમિત્ત હો? આહા..હા..! નિમિત્ત પણ નથી. કેમકે '**નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવે.**' તો આત્માને નિત્ય પરની ક્રિયા વખતે એની હાજરીમાં નિત્યકર્તૃત્વ રહે. કદી રાગથી ભિન્ન થઈને પોતાનું ભેદજ્ઞાન કરી શકે નહિ. આહા..હા..! ઝીણી વાત છે બહુ! ૧૦૦મી ગાથા. ગાથા-૧૦૦. પૂર્ણ બતાવ્યું તત્ત્વ ત્યાં તો. આહા..હા..! કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય ગજબ કામ છે, ભાઈ! આ સંતો જગતને.. ઈ એમ કહે છે કે આ અક્ષર જે બને છે, શાસ્ત્રના અક્ષર બને છે એની પર્યાયના અમે કર્તા તો નથી, પણ એ પર્યાયકાળે અમારું દ્રવ્ય પણ નિમિત્ત નથી. આહા..હા..! કેમકે જો દ્રવ્ય નિમિત્ત એ કાર્યમાં હોય તો દરેક કાર્યમાં તેની હાજરી રહે, નિત્યકર્તૃત્વ પ્રસંગ આવે. પરના કાર્યમાં નિમિત્તપણે નિત્યપણે એને રહેવું જોઈએ. ન્યાય સમજાય છે? આહા..હા..! ધીમે-ધીમે સમજવું, ભગવાન! આ તો અંતરના માર્ગ છે, બાપા! અને તે સર્વજ્ઞથી સિદ્ધ છે અને ન્યાયમાં બેસી શકે એવું છે. જરી વિચારે ન્યાયથી તો એને બેસી જાય. આહા..હા..! ભગવાન! તારી ચીજ જે આત્મા છે—દ્રવ્ય, એ જગતના કાર્યકાળે નિમિત્ત હોય તો તો નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવે. જે જે કાર્ય જ્યાં જગતના થાય ત્યાં ત્યાં એની નિમિત્તપણે હાજરી રહેવી જોઈએ. તો નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવતા કદી રાગથી ભિન્ન પડવાનો પ્રસંગ એને રહે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ત્યારે છે શું હવે?

'**અનિત્ય (અર્થાત્ જે સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી એવા)...**' આત્મામાં જે જોગ થાય છે—કંપન્ન અને જે રાગ. ઉપયોગ એટલે રાગ ત્યાં લેવો. '**યોગ અને ઉપયોગ...**' નામ રાગ. છે? '**નિમિત્તપણે તેના કર્તા છે.**' શું કહ્યું ઈ? ઘડો બને છે એ તો એને કાળે બને છે અને માટીથી બને છે, એટલે ઘડાનું કાર્ય તો આત્મા કરી શકે નહિ. એક વાત. અને ઘડાના કાર્યકાળે દ્રવ્યને નિમિત્ત કહો તો જ્યાં જ્યાં એવું કાર્ય હોય ત્યાં નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવે. જીવ પરનો નિત્યકર્તા થઈ જાય. નિમિત્તપણે હોય તોપણ નિત્યકર્તા થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યારે છે શું? આહા..હા..!

'**અનિત્ય (અર્થાત્ જે સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી એવા)**' શું કહે છે? આત્મામાં જે કંપન્ન થાય છે અને રાગ જે થાય છે ઈચ્છા, એ રાગ અને ઈચ્છા, પરનું કાર્ય તો તેને કાળે તેનાથી થયું છે, પણ આ બાજુમાં જે યોગ અને રાગનો કર્તા થાય છે એ એવા કાર્યકાળે તેને નિમિત્તકર્તા અજ્ઞાનીને કહેવામાં આવે છે. આવી વાતું હવે. શું કહે છે? એ ઘડો બને છે, રોટલી બને છે, દાળ-ભાત બને છે, સેવ બને છે એનું કર્મ-કાર્ય તો એ

પરમાણુનું. આત્મા દ્રવ્ય જો એનું નિમિત્ત હોય, ઉપાદાન તો એ જ છે, પણ દ્રવ્ય જો નિમિત્ત હોય તો ત્રિકાળી કર્તૃત્વ નિમિત્તમાં થઈ જાય. જ્યાં જ્યાં કાર્ય હોય ત્યાં ત્યાં એની નિમિત્તપણે કર્તાની હાજરી હોવી જોઈએ. ન્યાય સમજાય છે? આહા..હા..! ત્યાર છે શું? જીવનો જે યોગ, કંપન્ન અને ઈચ્છા-રાગ એ પરના કાર્યકાળે (નિમિત્ત છે). પરનું કાર્ય આનાથી થયું એ તો પ્રશ્ન નથી, પણ પરના કાર્યકાળે, પરનું કાર્ય તો તે સમયે તેનાથી થાય જ છે, આહા..હા..! એ કાળે યોગ અને રાગને નિમિત્ત કહેવામાં આવે છે. યોગ અને રાગને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. દ્રવ્યને નહિ. ન્યાય સમજાય છે કાંઈ? આહા..હા..!

**શ્રોતા :—** આત્મા હોય તો ત્રણે કાળે થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આત્મા હોય તો ત્રણે કાળે એને નિમિત્તપણે કર્તાની હાજરી રહેવી જોઈએ. બોકડા કાપે ત્યાં પણ નિમિત્તપણે હાજરી રહેવી જોઈએ. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! જિનનો માર્ગ આ તો શુરાનો માર્ગ છે. આહા..હા..!

કહે છે કે એ કાર્ય તો કાર્યકાળે થયું છે એનાથી. આહા..હા..! ઘડાનું કાર્ય તો માટીથી થયું છે અને એ સમયે થનારી એ પર્યાય થઈ તો આત્મા તો એનો કર્તા નથી. પરિણામ પરિણામિકભાવે. હવે દ્રવ્ય પણ કર્તા નથી. કેમકે દ્રવ્ય જો કર્તા હોય તો વિકારી કાર્યકાળમાં પણ નિમિત્ત એનું હોવું જોઈએ. ત્યારે છે શું? એ કાર્યકાળે જે ઘડો થાય છે એ વખતે કુંભારના જે યોગ અને રાગ છે એને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. કેમ? કે અજ્ઞાની યોગ અને રાગનો કર્તા છે, યોગ ને રાગનો કર્તા અજ્ઞાની (છે), એ રાગ ને યોગને રોટલી, ઘડો બનવા કાળે નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

રોટલી બને છે એ તો એના પરમાણુનું કાર્ય અને કર્મ છે તો બને છે. એક વાત. હવે એ પરિણામ રોટલીનું કાર્ય જીવનું તો નથી. એ છોડી દીધું, પણ એ કાર્યકાળે જીવદ્રવ્ય નિમિત્ત છે એમ પણ નથી. નિમિત્ત હોય તો કાર્યકાળે એની નિત્યપણે હાજરી રહેવી જોઈએ. તો જગતના જેટલા કાર્ય થાય જ્યાં-જ્યાં ત્યાં-ત્યાં એની હાજરી રહેવી જોઈએ. આહા..હા..! નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવે. ત્યારે છે શું? યોગ અને રાગ જે ઉપયોગ છે, શબ્દ ઉપયોગ લીધો છે પણ રાગ, એ યોગ અને રાગ એ રોટલી કાળે, ઘડા કાળે, મકાન કાળે, અક્ષર લખવાને કાળે એ અક્ષરથી જે આ શાસ્ત્રની રચના થઈ એ તો પરમાણુની પર્યાય છે. એમાં દ્રવ્ય તો કાંઈ કરતું નથી, પણ દ્રવ્ય એને નિમિત્ત પણ નથી. આહા..હા..! દ્રવ્ય નિમિત્ત નથી તો નિમિત્ત છે કોણ? બીજી કોઈ ચીજ છે કે નહિ ત્યાં? એ અક્ષર બનવાને કાળે, રોટલી બનવાને કાળે, ઘડો બનવાને કાળે, સેવ બનવાને કાળે, બોલવાની પર્યાયને કાળે... આહા..હા..! આવું અત્યારે ઓલા સમજે નહિ ને ઈચ્છામી પડિક્કમણા ઈરિયા.. તસ્સમિચ્છામી થઈ રહ્યું જાવ. એય પોપટભાઈ! કર્યું હતું કે નહિ તમે? આહા..હા..!

અહીં તો કહે છે કે અપ્પાણં વોસરામી જે ભાષા છે એ તો ભાષાને કાળે ભાષા થઈ

છે. એનો આત્મા તો વ્યાપ્યવ્યાપકભાવે કર્તા તો નથી, પણ દ્રવ્ય નિમિત્તથી કર્તા નથી. ભાષાની પર્યાયનો આત્મદ્રવ્ય નિમિત્ત છે માટે કર્તા છે એમ નથી. આહા..હા..! ગજબ વાત છે. ત્યારે છે શું? કે યોગ અને રાગ એ કાર્યકાળ તો કાર્ય એનું છે. યોગ અને રાગથી થયું નથી, પણ એ થયું છે, છે એમાં યોગ અને રાગને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. કેમકે યોગ અને રાગનો કદાચિત્ અજ્ઞાનભાવે કર્તા આત્મા છે. એ અજ્ઞાનભાવે કર્તા છે રાગ અને યોગનો એ યોગ અને રાગ બીજામાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! જુઓ, મારગડા. એ જિનવરના માર્ગ તો જુઓ, ભાઈ! આહા..હા..! બીજાનું કરી દઈએ.. બીજાનું કરી દઈએ.. ઓલા ટી.જી. શાહ હતાને વઢવાણવાળા? એ અહીં બહુ કહેતા, મહારાજ! તમે મોક્ષ-મોક્ષ કરો છો. સિદ્ધ કરે શું? મેં કીધું કાંઈ કરે નહિ કોઈનું. એ તો આનંદનો અનુભવ કરે. કોઈનું કાંઈ નહિ? હેં! એવા મોટા પુરુષ કાંઈ ન કરે? અમે સાધારણ તોપણ કેટલું કરીએ છીએ. અરે ભગવાન! એમ ને એમ ભવ હારીને ચાલ્યા ગયા. આહા..હા..! પ્રભુ! એને ખબર નથી, બાપુ! પાત્ર હોય તો આવું મળેને ભાઈ! આહા..હા..! કહો, કાંતિભાઈ! સમજાય છે કાંઈ? આહા..હા...!

જુઓ આ, એ કાર્ય તો પરમાણુ કરે તો એ પરિણામ જીવના નહિ, એ તો જડના. એટલે પરિણામ પરિણામીભાવે વ્યાપ્યવ્યાપકભાવે તો કર્તા નથી, પણ એ પરિણામકાળે જીવ દ્રવ્યકર્તા કહો તો જ્યાં જ્યાં આવી ક્રિયા થાય છે ત્યાં તો જીવને નમિત્ત ત્રિકાળ કર્તૃત્વ રહેશે. જીવ તો નિત્ય છે. આહા..હા..! ત્યારે છે શું? નિમિત્ત કોઈ ચીજ છે કે નહિ? છેને, પણ નિમિત્ત થયું તો કાર્ય થયું એ તો પ્રશ્ન ઊડાડી દીધો. એમાં આત્મા નિમિત્ત છે એ પ્રશ્ન ઊડાડી દીધો. ત્યારે છે કોણ? રાગ અને યોગનો ભાવ તે કાર્યકાળે નિમિત્તકર્તા કહેવામાં આવે છે. કોના? કે જે રાગ અને યોગનો કર્તા અજ્ઞાની થાય છે એના યોગ અને રાગ કાર્યકાળમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ?

આ સુમનભાઈ બરાબર આવી ગયા આમાં. ભાઈને વળી ૯૪ વર્ષ બેસે છે. આ ગાથા બહુ ઊંચી છે. આહા..હા..! ભગવાનથી સિદ્ધ થયેલી, ત્રણલોકના નાથ કેવળીએ દિવ્યધ્વનિમાં કહેલી આ વાતું છે. સમજાણું કાંઈ? આહા..હા..! પ્રભુ! અને એમાં તો એમ સિદ્ધ થાય છે કે એક જ દ્રવ્ય નથી. એક દ્રવ્ય હોય તો બીજા દ્રવ્યનું કાર્ય આ કરે કે ન કરે એ પ્રશ્ન ઉઠતો નથી. એટલે દ્રવ્ય અનંત છે એમ સાથે સિદ્ધ થયું અને અનંત દ્રવ્યની પરિણતિ તે કાળે તેને કારણે પોતાથી થાય છે. આહા..હા..! તો એ પરિણામનો કર્તા ભગવાન આત્મા નથી, પણ એ પરિણામકાળે નિમિત્તકર્તા દ્રવ્ય નથી. ત્યારે છે શું? કાર્યકાળ તો કાર્યકાળે જ થાય છે. હવે એ વખતે નિમિત્તકર્તા કોને કહેવા? સમજાણું કાંઈ? આહા..હા..! છે?

'**સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી...**' આત્મામાં. આત્મામાં યોગ અને રાગ દરેક અવસ્થામાં નથી વ્યાપ્યા. સમજાણું કાંઈ? '**(અર્થાત્ સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી**

એવા) યોગ અને ઉપયોગ જ...' આહા..હા..! '**નિમિત્તપણે તેના (-પરદ્રવ્યસ્વરૂપ કર્મના)** કર્તા છે.' આહા..હા..! મોટી તકરાર આ. હવે આવું પંડિતો એવું કહે કે પરદ્રવ્યનો કર્તા ન માને એ મિથ્યાદષ્ટિ દિગંબર જૈન નથી. અહીં તો કહે છે કે પરદ્રવ્યનો કર્તા તો નથી, પણ નિમિત્તપણે કર્તા હોય તે પણ યોગ અને રાગનો કર્તા તે અજ્ઞાની છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો આ પર્યુષણનો દિવસ છેને કાલે, ભાઈ! આહા..હા..! સાચા પર્યુષણ એ છે. ચારિત્રનું આરાધન છે. દસ પ્રકાર એ ચારિત્ર છે. સમકિતસહિત ચારિત્રનું આરાધન એ પર્યુષણ છે. આહા..હા..! શ્વેતાંબરના પર્યુષણ તો કલ્પિત. એમાં એક પાંચમ છે પછી સાત દિવસ લગનમાં કરે છેને જેમ? પાંચમે દિવસે લગન હોય તો પાંચ વર્હીએ નાખે માંડવા. એમ લૌકિક પેઠે. પાંચમનું પર્યુષણ એને સાત દિવસ મોઢા આગળ કરીને બનાવી દીધા. અહીં તો દસ પ્રકારના દસ લક્ષણ ધર્મ. આહા..હા..! સમ્યક્ આત્માના અનુભવસહિત ક્ષમા કરવી એનું નામ ઉત્તમક્ષમા કહેવામાં આવે છે. હવે એ ઉત્તમક્ષમાવંત પ્રાણી એ પરના કાર્યકાળે નિમિત્તકર્તા પણ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! નિમિત્તકર્તા તો જે યોગ અને રાગનો કર્તા અજ્ઞાની થાય છે, એ યોગ અને રાગ પરના કાર્યકાળે નિમિત્તકર્તા કહેવામાં આવે છે. કર્તાનો અર્થ કે એમાં ઉપાદાન થાય છે તો આને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. એનાથી, નિમિત્તથી પરમાં કાંઈ થયું છે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? (ટીકા) ઘણી ગંભીર છે. પોપટભાઈ! ત્યાં કાંઈ મુંબઈમાં મળે એવું નથી. આહા..હા..! ભગવાનની દુકાન તો આ છે, પ્રભુ! ત્રણલોકના નાથ જગતને જાહેર કરે છે.

ભગવાન! તું આત્મા છોને, પ્રભુ! પરદ્રવ્યથી ભિન્ન છોને. તું ભિન્ન છો અને તારાથી પરદ્રવ્ય ભિન્ન છે, તો કોઈપણ પરદ્રવ્યનું કાર્ય તું કર એમ તો બનતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો નથી, પણ પરદ્રવ્યનું કાર્ય તો પરદ્રવ્યથી થયું, એમાં આત્મા નિમિત્તકર્તા પણ નથી, તો ત્રિકાળી આત્મામાં નિત્યકર્તૃત્વ પ્રસંગ આવે. આહા..હા..! ત્યારે કોણ કર્તા છે? નિમિત્તકર્તા કોને કહેવામાં આવ્યો? કે જે પ્રાણી રાગ અને યોગનો કર્તા પર્યાયબુદ્ધિવાળો છે, આહા..હા..! જેની દષ્ટિ દ્રવ્યથી ખસી ગઈ છે, ભગવાન જ્ઞાયકમૂર્તિ ચૈતન્યમાંથી જેની દષ્ટિ ખસી ગઈ છે. ખસી ગઈ સમજો છો? હટી ગઈ છે. એ યોગ અને રાગના ઈચ્છાનો કર્તા અજ્ઞાની થાય છે. એ યોગ અને રાગ પરના કાર્યકાળે નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! શ્રીપાળજી! આવી વાતું છે, ભગવાન! આહા..હા..! જુઓ તો મારગડા પ્રભુના! આ તો પરનું કરી દઈએ, પરનું આમ કરીએ, બીજાને સુખ દેવું, બીજાને આ કરવું ને બીજાને આ કરવું ભગવાને એમ કહ્યું હતું. આહા..હા..! એક શબ્દ છે.

**શ્રોતા :—** એ શબ્દે ભગવાને લોકોને ઉદ્ધાર્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો વિકલ્પ હતો. કહે છેને. ઋષભદેવ ભગવાને અસિ, મસિ

અને કૃષિ કર્યા. કરે કોણ, બાપા? તને ખબર નથી, ભાઈ! એનો યોગ અને ઈચ્છાના કર્તા એ નથી. સમકિતી તો યોગ અને રાગનો કર્તા નથી, એ પરના કાર્યકાળે નિમિત્ત પણ હોઈ શકે નહિ. આહા..હા..! યોગ અને રાગ નિમિત્ત નહિ. કેમકે યોગનો રાગનો કર્તા આત્મા નથી. આહા..હા..! એટલે કોના યોગ અને રાગ નિમિત્તપણે કર્તા? કે જે કોઈ રાગ ને યોગનો કર્તા માને એના. સમજાણું કાંઈ? કાંતિભાઈ! આવી વાત છે આ. કાંતિભાઈ આ વખતે રોકાણા ઠીક કર્યું. માર્ગ બાપા, શું કહીએ? આહા..હા..!

ઓહો..! ગજબ કામ એક સો ગાથાએ તો! આહા..હા..! ભગવાન આત્મા તો પોતાના જ્ઞાતાદૃષ્ટાના પરિણામને કરે એ પણ ઉપચારથી. રાગ અને યોગનો કર્તા તો જ્ઞાની આત્મા નથી. પણ આત્મા જ્ઞાનના પરિણામને કરે એ પણ વ્યવહાર ને ભેદ પાડ્યો. અને પરનો કર્તા તો ઉપચારથી પણ નથી. આહા..હા..! ત્યારે કહે કર્તા કહેવામાં આવે છેને પર કાર્યકાળે? હા. જે કોઈ યોગ અને રાગની બુદ્ધિ જેની છે, ભગવાન જ્ઞાતા-દૃષ્ટા સહજાત્મસ્વરૂપની દૃષ્ટિ નથી. આહા..હા..! જેના અસ્તિત્વમાં રાગ અને યોગ જ અસ્તિત્વ જેણે માન્યું છે, આહા..હા..! જેણે યોગ અને રાગથી ભિન્ન ભગવાન જ્ઞાયકમૂર્તિ સર્વજ્ઞસ્વભાવી એની જેને દૃષ્ટિ થઈ નથી, આહા..હા..! એ યોગ અને રાગનો કર્તા થઈને, પરના કાર્યકાળે તો તે સમયે પરથી કાર્ય થયું છે પણ, એને યોગ અને રાગનો એને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સુજાનમલજી! આહા..હા..! અરે..! ભગવાનનો માર્ગ તો જુઓ, આ તો કહે, પરની દયા પાળવી એ ધર્મ. ગજબ બાપા! ભાઈ! તને શું કહેવું? પરની દયા, જીવવું, ટકવું તો એને કારણે છે. એનું કાર્ય તો એનાથી છે. એમાં તું દયા પાળવાનું કાર્ય કર એમ પરિણામ-પરિણામી, વ્યાપ્યવ્યાપક હોઈ શકે નહિ. આહા..હા..!

હવે કહે છે કે પરની દયાનું કાર્ય પરમાં થયું એમાં આત્મા નિમિત્ત છે એમ કહો તો આત્મા તો નિત્ય છે તો પરના કાર્યકાળે તેને નિમિત્તપણે રહેવું પડે, તો નિમિત્ત પણ નથી આત્મા. આહા..હા..! કહો. આ પાણી ગળવાનું આવ્યું. ભાગ્યશાળી. એના બાપથી ભાગ્યશાળી છે. એને આવું બધું સાંભળવાનું નહોતું મળ્યું. આહા..હા..! ભાઈ! માર્ગ આ છે ભાઈ, હોં.

**શ્રોતા :–** ભાગ્ય હોય એને મળે એમ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આહા..હા..!

પ્રભુ તું કોણ છે? શું તું રાગ છો? કંપન્ન તું છો? તું તો આત્મા જ્ઞાનસ્વરૂપ છેને. આહા..હા..! એ જ્ઞાનસ્વરૂપ ભગવાન જેને જ્ઞાનમાં આવ્યો એ તો પરના કાર્યકાળે નિમિત્તકર્તા પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પરનું કાર્ય તો તેને કાળે તેના પરમાણુથી કે તેના જીવથી થયું છે. સમજાણું કાંઈ? પરમાં પર્યાય જ્ઞાનની થાય છે, એ કાર્ય તો (પર)જીવનું છે. જાણવાનું કાર્ય થયુંને? હવે એ (પર જીવના) જાણવાના કાર્યનો આત્મા તો કર્તા નથી,

પણ જાણવાના પરિણામનો દ્રવ્ય કર્તા નથી. દ્રવ્ય કર્તા નથી, પણ જાણવાના પરિણામનો નિમિત્તકર્તા કોણ? આહા..હા..! કે જે કોઈ રાગ અને યોગનો કર્તા થાય તે રાગ અને યોગ તે કાર્યમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! કહો, રિખવદાસજી! આ તમારા ગામમાં મોટી તકરાર થઈ હતી. એ બિચારા આવ્યા, પાછા બધા આવ્યા હોં! મહારાજ! ફરીને આવો, નહિતર ગામમાં સાધુને ઘૂસવા નહિ દે કોઈ. અમે તો ચાલ્યા ગયા. અમારે કાંઈ નહિ, બાપા! અમે વયા જશું હોં. તોફાન કર્યા. વયા જાવ અહીંથી. બાપુ! જાશું હોં! આહાર કરી અને અહીંથી જશું. પછી આખા ગામે વિરોધ કર્યો કે સ્વામીજી જો અહીં ન આવે તો ગામમાં શ્વેતાંબર કોઈ સાધુને ગરવા નહિ દઈએ. સમજાણું કાંઈ? એ રિખવદાસના ગામમાં. આહા..હા..! એ આવ્યા ભાઈ, .. હતા તો બધા વિનંતી કરવા. ભાઈ! અમે આવશું હોં, બાપુ! અમને કાંઈ છે નહિ. એ લોકો બધા વિરોધી આવ્યા વિનંતી કરવા. મહારાજ! આવશુ બાપુ! અમે કાલે સવારમાં. સવારમાં ત્યાં તમારે ગામ આવશું. અમને કાંઈ છે નહિ. મહારાજ! આપ નહિ પધારો તો આમ થશે. આવશું. ગયા તો લોકોએ બહુ પ્રેમથી.. માથે ચડાવેને? માટીના ઘડા ને એવું. અને વ્યાખ્યાનમાં પછી વધારે માણસ. આહા..હા..! બાપુ! આ વસ્તુ, ભાઈ! આહા..હા..!

જેના યોગ એટલે કંપન્ન અને ઉપયોગ એટલે રાગ કે દ્વેષ. એ ભાવનો જે કર્તા અજ્ઞાની છે, એ ભાવનો અજ્ઞાની કર્તા છે, રાગ અને યોગનો કર્તા અજ્ઞાની છે. જ્ઞાની રાગ-યોગનો કર્તા નથી, રાગ-યોગનો જ્ઞાતા છે. આહા..હા..! એ ધર્મીજીવ રાગ અને કંપન્નનો કર્તા છે નહિ. અરેરે..! એ પરના કાર્ય કરે? આહા..હા..! અને ભગવાને એમ કહ્યું છે, પરને સુખ આપો બહારનું. આહા..હા..! આના અર્થમાં ત્યાં બંધ અધિકારમાં ... હમણા જોતો હતોને ઈ કે જ્ઞાની પરનું કાર્ય છે એમાં એને સંયોગ મળે. દાળ-ભાત આપે ને. એ એના પુણ્યને કારણે આપે છે. સમજાણું કાંઈ? તો જ્ઞાની જાણે કે હું તો નિમિત્ત છું, નિમિત્તકર્તા નહિ. દાળ-ભાત આપે, પૈસા આપે, કપડા આપે એ ક્રિયા તો જડની. સમજાણું કાંઈ? પણ એ જડની ક્રિયામાં જ્ઞાની યોગ અને રાગનો કર્તા નથી તો યોગ-રાગનો કર્તા નથી તે જ્ઞાની પરનો નિમિત્તકર્તા પણ નથી. અમરચંદભાઈ! આહા..હા..!

**શ્રોતા :—** જ્ઞાનીને દેશનાલબ્ધિમાં એમ કહે છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ કાંઈ છે નહિ. કાર્ય એનાથી થાય નહિ એમ કહે છે. દેશનાલબ્ધિ તો પરમાણુ પડ્યા કાને. તે કાળે જ્ઞાન તો પોતાથી થયું છે અને એ જ્ઞાનનો કર્તા એનો આત્મા છે. એનો કર્તા મેં દેશના કરી માટે જ્ઞાન એને થયું (એમ નથી). નિમિત્તકર્તા પણ નથી દ્રવ્ય. અને જે યોગ અને રાગનો કર્તા છે એ એના જ્ઞાનની પર્યાયનો નિમિત્તકર્તા થાય છે. ગજબ વાત છે, ભાઈ! આહા..હા..! ત્રણલોકના નાથ તીર્થંકરદેવ પૃથક્ પદાર્થની ક્રિયાનો પૃથક્ પદાર્થ કર્તા નહિ, પણ પૃથક્ આત્મા દ્રવ્ય એ પણ એનો નિમિત્તપણે કર્તા નહિ, પણ

યોગ અને કંપન્ન જે અનિત્ય અને ક્ષણિક છે એ પરના કાર્યકાળે તે યોગ ને રાગને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. કોના? કે જે રાગ અને યોગનો કર્તા થાય છે એના. એય અમરચંદભાઈ! આહા..હા..! છે?

'**(-પરદ્રવ્યસ્વરૂપ કર્મના) કર્તા છે. (રાગાદિવિકારવાળા ચૈતન્યપરિણામરૂપ) પોતાના વિકલ્પને અને (આત્માના પ્રદેશોના ચલનરૂપ) પોતાના વ્યાપરને કદાચિત્ અજ્ઞાનથી આત્માને કરતો હોવાથી...**' આહા..હા..! અજ્ઞાની કદાચિત્ રાગ જે ઇચ્છા અને યોગ અને કંપન્ન એનો કર્તા અજ્ઞાનકાળે થાય છે. એ અજ્ઞાની પોતે રાગ અને યોગનો કર્તા છે એ યોગ અને રાગ પરના કાર્યકાળે નિમિત્તકર્તા કહેવામાં આવે છે. જ્ઞાનીને પરના કાર્યકાળે એ જ્ઞાની આત્મા તો કર્તા નથી, એનો યોગ-ઉપયોગ પણ કર્તા નથી, કારણ કે યોગ-ઉપયોગ આત્માના નથી. આહા..હા..! સાંભળો! પોતાના જ્ઞાનસ્વભાવનું ભાન થયું છે તો યોગ અને રાગનો કર્તા નથી, પણ જે જ્ઞાનની પર્યાય પોતાથી થઈ છે એમાં રાગ અને યોગ ને પરની ક્રિયા નિમિત્ત આમ કહેવામાં આવે છે. નિમિત્ત. આહા..હા..! આવું લોજિક ક્યાં તમારે તેલમાં હતું ત્યાં! આહા..હા..! અરે..! સત્યને સમજે નહિ અને ધર્મ થઈ જાય. અહીંયાં તો કહે છે કે એ ઇચ્છાનો કર્તા જે થાય છે એ અજ્ઞાની છે. પરનો કર્તા તો નહિ, પણ ઇચ્છાનો કર્તા થાય છે એ અજ્ઞાની છે, એ ઇચ્છા પરના કાર્યકાળે તેને નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! ગજબ વાત! આવી વાત છે ક્યાં? શેઠ! સમજાય એવી છે. ભાષા કાંઈ એવી (કઠણ) નથી. આહા..હા..! અમારે ... માસ્તર છે. માર્ગ તો ભગવાન આવો છે. એમાં કોઈ ના પાડી શકે નહિ. આહા..હા..! અરે..! લોકો એમ કહે કે આ તો નિશ્ચયની (વાત છે). પણ સાંભળને નાથ. આ નિશ્ચય એટલે સત્યની વાત છે પ્રભુ, આ. જ્યાં યોગ અને રાગનો ઇચ્છાનો કર્તા ભગવાન નહિ એનું નામ સત્ય છે અને એ રાગ અને યોગનો કર્તા જ્ઞાની સમકિતી નહિ. માટે સમકિતીના યોગ અને રાગ નિમિત્તકર્તાપણે પણ નહિ. પણ એ આત્મા જ્ઞાતા-દૃષ્ટાનું ભાન થયું છે એ યોગ અને રાગના જ્ઞાનનું ઉપાદાન તો પોતાથી થયું છે. જ્ઞાનમાં યોગ અને રાગને જાણવું અને પોતાનું જાણવું એ પોતાથી થયું છે. એ જ્ઞાન પોતાથી થયું છે એ જે જ્ઞાનીનું કાર્ય છે તેમાં યોગ અને રાગ અને પરની ક્રિયા જ્ઞાનમાં નિમિત્ત કહેવામાં આવે છે. એય સુમનભાઈ! ઠીક બરાબર આવ્યા છે. આહા..હા..! પ્રભુ! તું સાંભળતો ખરો, નાથ! તારી કેટલી શક્તિની કેટલી બલિહારી છે! આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! છે એમાં?

'**(રાગાદિવિકારવાળા ચૈરન્યપરિણામરૂપ)...**' જોયું! પાછા ચૈતન્યના પરિણામ એ. જેણે રાગ અને યોગને આત્માના પરિણામ માન્યા છે એથી ચૈતન્યના પરિણામ એ. આહા..હા..! સમજાણું કાંઈ? છે? આ તો ગજબ વાત છે! આત્મા તો જ્ઞાયક છે. એનો સ્વભાવ જાણવું-દેખવું છે, બસ. હવે એ જાણવા-દેખવાનું કાર્ય તો પોતાથી થાય છે અને જાણવા-દેખવાના

કાર્યનો કર્તા જીવ એ ઉપચારથી કહેવામાં આવે છે. ખરેખર તો જાણવા-દેખવાનું કાર્ય પર્યાયથી થયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? જાણવા-દેખવાનું સમકિતીનું કાર્ય પણ દ્રવ્યથી નહિ. દ્રવ્યનું કાર્ય તો ઉપચારથી કહેવામાં આવે છે. આહા..હા..! ધન્ય નાથ! તો રાગનું કાર્ય તારું અને પરના કાર્ય તારાથી થયા એ પ્રભુ ક્યાં રહે છે વાત? આહા..હા..! સમજાણું કાંઈ? બાબુભાઈ! આવી વાત છે. આહા..હા..! આ પર્યુષણના દિવસનો આગલો દિવસ છેને આ. આહા..હા..! ભાષા તો સાદી છે, ભાવ જરી ભલે સૂક્ષ્મ હો, પણ પકડાય એવા છે એમાં કાંઈ (અઘરા નથી). ખ્યાલમાં આવી શકે છે કે 'આમ કહે છે' એમ તો એણે જાણવું જોઈએને. આહા..હા..!

'**(રાગાદિવિકારવાળા ચૈતન્યપરિણામરૂપ) પોતાના વિકલ્પને અને (આત્માના પ્રદેશોના ચલનરૂપ) પોતાના વ્યાપારને કદાચિત્ અજ્ઞાનથી આત્મા કરતો હોવાથી...**' આહા..હા..! યોગનું કંપન્ન અને ઈચ્છાનો ઉપયોગ એ કદાચિત્ નામ અજ્ઞાનભાવે કરે છે. સમજાણું કાંઈ? તો અજ્ઞાનભાવે કરે છે રાગ અને યોગ એ પરના કાર્યકાળે, કાર્ય તો એનાથી થયું છે, પણ યોગ અને રાગનો કર્તા થાય છે એ અજ્ઞાની, કદાચિત્ કેમ કહ્યું? અજ્ઞાન કાંઈ સદાય નથી રહેતું. આહા..હા..! સમજાણું કાંઈ?

જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી રાગ અને યોગનો કર્તા છે, ત્યાં સુધી પરના કાર્યકાળમાં એ યોગ અને રાગનો કર્તા જે થાય છે એ યોગ અને રાગ પરમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! બહુ ધ્યાન રાખવું પડે શેઠ! આ કાંઈ ઓલી બીડી અને તમાકુ જેવું નથી. આહા..હા..! આવી વાત છે. આ તો 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' શકટ-ગાડુ ચાલતું તો હોય બળદથી, નીચે કૂતરું હોયને, ઠાઠું અડે એટલે મારાથી ગાડુ ચાલે છે. ભાઈ! તું મરી જઈશ જો ગાડુ પડશે તો. તારાથી શું ચાલે? એમ આ જગતના બધા કામો મારાથી થાય, મારાથી થાય. સમજાણું કાંઈ? આહા..હા..! એ જરીએ ન થાય એ વાત કહે છેને. .. શું? હા, એ કરે. યોગ અને રાગનો કર્તા થાય. યોગ અને રાગનો કર્તા અજ્ઞાની થાય. બસ. એનાથી આગળ કોઈ વાત હોઈ શકે નહિ. આહા..હા..! આ પોકાર કરે છેને. જુઓ, પાંચ-છ લીટીમાં કેટલું ભર્યું છે! આહા..હા..!

'**(રાગાદિવિકારવાળા...**' રાગ, દ્વેષ, વિષય, વાસના વગેરે એનો જે અજ્ઞાની કર્તા થાય છે... આહા..હા..! ગજબ વાત છે, પ્રભુ! વિષયના ભોગ કાળે શરીરની જે ક્રિયા થાય છે એ પરમાણુનું કાર્ય છે, આત્માનું નહિ. પરમાણુના કાર્યકાળે જીવ નિમિત્ત પણ નહિ. નિમિત્ત હોય તો ત્રિકાળી કાર્યમાં નિમિત્ત હોવું જોઈએ; અને યોગ અને રાગ અજ્ઞાનીના, જે યોગ અને રાગનો કર્તા થાય છે એના યોગ અને રાગ પરના એ જડની ક્રિયા છે એમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે. આહા..હા..! વિશેષ આવશે...

(શ્રોતા :— પ્રમાણ વચન ગુરુદેવ!)

## બહેનશ્રીના વચનામૃત, બોલ-૪૧૧
## પ્રવચન નં.૧૭૦, તા.૨૬-૧૨-૧૯૭૮
## (૨૫)

વચનામૃત ૪૧૧. અડધો પેરેગ્રાફ ચાલ્યો હતો તે દિ'. ફરીને.

**'અનંત કાળથી જીવ ભ્રાંતિને લીધે પરનાં કાર્ય કરવા મથે છે,...'** કહ્યું હતુંને સવારમાં? આત્માની સત્તા વડે પર પ્રવર્તે. ત્યાં એમ રહે કે આત્માની સત્તાને લઈને આ શરીર, વાણી, મનના કાર્યો થાય છે. એમ નથી. તે જડના કાર્ય પણ તે સમયે તે પર્યાય ઉત્પન્ન થવાની એની જન્મક્ષણ હોય છે, તે પ્રકારે એને શરીરને આમ હાલવું-ચાલવું આદિ જે પર્યાય છે તેની ઉત્પત્તિને ક્ષણે—કાળે તે ઉત્પન્ન થાય છે. ખરેખર તો એ પર્યાયની એ પરમાણુને કાળલબ્ધિ છે. જન્મક્ષણ કહો, કાળલબ્ધિ કહો, ભગવાને જ્ઞાનમાં દીઠું છે કે આ સમયે આ પર્યાય આને થશે એ કહો બધું એક જ છે. એટલે પરપદાર્થ એક પરમાણુ કે શરીર કે વાણી—જડ એનું આત્મા કાંઈ કરી શકતો નથી. આ દાઢ પણ હલાવી શકતો નથી ખાવાની ક્રિયા વખતે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરમાણુની પર્યાય છે. કહ્યુંને પહેલું. દાઢ રોટલી વખતે રોટલી ટૂકડા કરે છે એથી દાઢ હલે છે એ આત્મા હલાવે છે એમ નથી. આહા..હા..! એ દાઢના રજકણો એની એ સમયે જન્મક્ષણ છે આમ-આમ થવાની, એથી તે પર્યાય એનામાં એનાથી થાય છે, આત્માથી નહિ. આહા..હા..! આટલું સંકેલવું? નિમિત્તનો અર્થ જ કે એ કરતું નથી. એનો અર્થ જ છે. નિમિત્તનો અર્થ જ એ છે. નિમિત્ત એને કહીએ કે કાંઈ કરી શકે નહિ. પરનું હોં પરનું, ત્યારે એને નિમિત્ત કહેવાય. આહા..હા..! આ તો આ પ્રશ્ન થયો હતો કે આત્માની સત્તા વડે આ પરપ્રવર્તાય.

આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે, એનો સ્વપરપ્રકાશક સ્વભાવનો જન્મક્ષણ છે, તે કાળે તે પરને જાણે છે તેમ કહેવામાં આવે છે. ખરેખર તો એ પોતે પોતાની પર્યાયને જાણે છે. આહા..હા..! આમ સંકેલી લેવી દૃષ્ટિને આકરી વાત છે, પણ એનું વસ્તુનું સ્વરૂપ જ એ છે.

**'અનંત કાળથી જીવ ભ્રાન્તિને લીધે પરનાં કાર્ય...'** એટલે શરીરના, વાણીના, આહાર-પાણીના. એમ કે પાણી હું પીઉં છું આમ થવાની એ પર્યાયને હું કરી શકું છું. આહા..હા..!

**'પણ પરપદાર્થના કાર્ય તે બિલકુલ કરી શકતો નથી.'** જરીએ કરી શકતો નથી. નિમિત્ત કહેવાય એનો અર્થ એ કાંઈ પર નિમિત્ત કરતો નથી એને, ત્યારે તો એને નિમિત્ત કહેવાય. આહા..હા..! 'દરેક દ્રવ્ય...' આ મહાસિદ્ધાંત. 'દરેક દ્રવ્ય...' કેમકે ૧૦૨ ગાથા પ્રવચનસારમાં કહ્યું કે છ દ્રવ્ય જે જ્ઞેય છે તેની જે સમયે ક્ષણ ઉત્પન્ન થવાનો કાળ છે ત્યારે એ થાય. એ છએ દ્રવ્યની વાત છે. જ્ઞેય અધિકાર છેને? એ જ્ઞેયમાં જીવ, પરમાણુ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. છ દ્રવ્ય જ્ઞેય છે તેને તે સમયે તે અવસ્થા થાય છે તે તેના ઉત્પત્તિના કાળથી થાય છે, નિમિત્તથી નહિ, પૂર્વની પર્યાયથી નહિ, દ્રવ્ય-ગુણથી નહિ. આહા..હા..! આવી વાત આકરી છે.

**'દરેક દ્રવ્ય સ્વતંત્રપણે પરિણમે છે.'** તેની અવસ્થા પોતે પરની અપેક્ષા રાખ્યા વિના.. આહા..હા..! તે તે સમયે તે તે પર્યાય સ્વતંત્રપણે, ખરેખર તો તે દ્રવ્ય અને ગુણની પણ જેને અપેક્ષા નથી. એ રીતે તે છ દ્રવ્યની પર્યાય તે તે કાળે થાય છે. આહા..હા..! **'જીવનાં કર્તા-ક્રિયા-કર્મ જીવમાં છે,...'** જીવનાં કર્તા-ક્રિયા-કર્મ. શબ્દ સમજાવવો છે ને બાકી ખરેખર તો કર્તા-કર્મ-ક્રિયા પર્યાયના પર્યાયમાં છે, પણ જીવના પર્યાય છેને એટલે એમ કહેવામાં આવે છે. આહા..હા..!

**'જીવનાં કર્તા-ક્રિયા-કર્મ જીવમાં છે,...'** એટલે જીવની જે પર્યાય છે તે પર્યાય કર્તા, ક્રિયા ને કર્મ તેની એક સમયની પર્યાયમાં છે, જીવમાં નથી. જીવદ્રવ્ય જે છે એની જે સમયે જે પર્યાય થાય છે તે પર્યાય કર્તા-કર્મ-ક્રિયા ષટ્કારકરૂપે પરિણમતિ પર્યાય થાય છે. આહા..હા..! આમાં પરની દયા પાળી શકું ને પરને બચાવી શકું એ વાત રહેતી નથી. આહા..હા..! જીવનાં એટલે જીવની પર્યાયના કર્તા-ક્રિયા-કર્મ. ત્રણ બોલ લીધે પણ છએ બોલ લેવા. પર્યાય કર્તા છે, પર્યાય કાર્ય છે, પર્યાય કરણ નામ સાધન છે, પર્યાય સંપ્રદાન, પર્યાય થઈને (પર્યાય) રાખી છે, પર્યાયથી પર્યાયથી છે. પર્યાયને આધારે પર્યાય થઈ છે. તે પર્યાયના કર્તા-ક્રિયા-કર્મ પરિણતિ પર્યાયમાં છે, પરને લઈને નહિ. આવી વાતું ભારે! આહા..હા..! આ ડોક્ટરનું બધું કામ કરે છે કહે છે એ બધી (ક્રિયા) જીવ કરતો નથી. શરીરને ચલાવતો નથી. આહા..હા..!

**'પુદ્‌ગલનાં પુદ્‌ગલમાં છે.'** એટલે? પરમાણુઓ જે અનંત છે તે જ્ઞેય છે, તે તેની એક સમયની પર્યાયમાં તેમાં ષટ્કારકરૂપે પરિણમન પર્યાયના પર્યાયમાં છે, એ પુદ્‌ગલની પર્યાયના પર્યાયમાં છે. આહા..હા..! આવી વાત આકરી પડે જગતને. શું થાય? વસ્તુસ્થિતિ આ છે. પુદ્‌ગલના કર્તા, ક્રિયા કર્મ, કરણ પુદ્‌ગલમાં છે. રંગ. **'વર્ણ...'** એટલે રંગ **'વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિરૂપે પુદ્‌ગલ પરિણમે છે,...'** એ પુદ્‌ગલ પર્યાયપણે રંગપણે, ગંધપણે, રસપણે કે સ્પર્શપણે તેની પર્યાયમાં જે કાળી, ધોળી, રાતી આદિ પર્યાય થાય છે તે પર્યાય ખરેખર તો તેના ગુણ અને દ્રવ્યથી પણ નહિ, તે પર્યાય તેના કર્તાકર્મ ષટ્કારક પર્યાયથી થાય છે. આહા..હા..! આવું એકાંત માને લોકોને લાગે એકાંત છે. પણ શું થાય? ભગવાન જ્ઞાયકસ્વરૂપ

ભિન્ન છે. એની પર્યાય પણ પોતાની પોતાથી થાય છે. જાણવાની પર્યાય, પરને જાણવાની પર્યાય એ પરને લઈને નહિ, પોતાના દ્રવ્ય-ગુણને લઈને નહિ. આહા..હા..! જ્ઞાયકની પર્યાયની પરિણતિ એ ષટ્કારકરૂપે પરિણતિ તે પરિણતિમાં થાય છે, એને પરની કોઈ અપેક્ષા નથી. આહા..હા..! ભગવાનકેવળી લોકાલોક જાણે છે એ પણ વ્યવહાર છે. ખરેખર તો એની પર્યાયમાં ષટ્કારકરૂપે કેવળજ્ઞાનની પર્યાય પરિણમે છે તેને જાણે છે, પરને જાણે છે એમ કહેવું અસદ્ભુત વ્યવહાર છે. આહા..હા..!

'**જીવ તેમને ફેરવી શકતો નથી.**' આ શરીરના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ જે પર્યાયપણે પરિણમે છે તે સમયની તે પર્યાયને જીવ ફેરવી શકતો નથી. આહા..હા..! '**ચેતનના ભાવરૂપે ચેતન પરિણમે છે,...**' છે? જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા જ્ઞાનની પર્યાયપણે થાય છે. '**ચેતનના ભાવરૂપે ચેતન પરિણમે છે,...**' ભાવ એટલે પર્યાય એની. ભાવ નામ ત્રિકાળી છે એ તો શક્તિ છે; પણ દ્રવ્યને ભાવ કહેવાય છે, ગુણને ભાવ કહેવાય છે, પર્યાયને પણ ભાવ કહેવાય છે. આહા..હા..! '**ચેતનના ભાવરૂપે...**' એટલે કે તેની વર્તમાન પર્યાય અવસ્થારૂપે ચેતન પર્યાય પોતે પરિણમે છે. આહા..હા..!

'**જડ પદાર્થો તેમાં કાંઈ કરી શકતા નથી.**' ભગવાન આત્મા જ્ઞાયક સ્વભાવભાવ તેની વર્તમાન પર્યાય સ્વપરપ્રકાશકપણે પર્યાય પરિણમે છે તે પોતાના ષટ્કારકથી પરિણમે છે, તેમાં બીજા તત્ત્વો કાંઈ કરી શકતા નથી. આહા..હા..! ત્યાં સુધી તો આવ્યું હતું તે દિ'. પહેલો પેરેગ્રાફ આવ્યો હતો. ચોથ. માગશર સુદ ચોથ-પાચમ ઊઠ્યાને અહીંથી. ચોથ ને આ બારશ થઈ છે. અહીં સુધી આવ્યું હતું.

'**તું જ્ઞાયકસ્વભાવી છે.**' આહા..હા..! તું તો જાણક સ્વભાવી... જાણક સ્વભાવી... જાણક સ્વભાવી છે. આહા..હા..! જ્ઞાયકસ્વભાવી છે. '**પૌદ્ગલિક શરીર-વાણી-મનથી તો તું જુદો જ છે,...**' એ તો જડ છે માટે એનાથી તો જુદો છે એમ કહે છે. પછી પરિણામની વાત પછી લેશે. શરીરથી તો, વાણીથી, મનથી જુદો જ છે. '**પણ...**' પણ કેમ કહ્યું? કે બીજો બોલ લેવો છે માટે. '**શુભાશુભભાવો પણ તારો સ્વભાવ નથી.**' હિંસા, જૂઠું, ચોરી, વિષય, વાસના, કામ, ક્રોધના ભાવ થવા એ પણ કાંઈ તારો સ્વભાવ ત્રિકાળી વસ્તુ નથી. આહા..હા..! તેમ દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો વિકલ્પ ઊઠે એ કાંઈ તારો સ્વભાવ નથી. આહા..હા..!

'**અજ્ઞાનને લીધે તેં પરમાં તેમ જ વિભાવમાં એકત્વબુદ્ધિ કરી છે,...**' અજ્ઞાનને લીધે, કર્મને લીધે નહિ. સ્વભાવ જ્ઞાયક છે, જાણનાર-જાણનાર પરમબ્રહ્મ ભગવાન છે, તેના અજ્ઞાનને લીધે, તેના જાણપણાના અભાવને લીધે. આહા..હા..! '**તેં પરમાં...**' પર એટલે શરીર, વાણી, મન આદિ પરમાં. '**તેમ જ વિભાવમાં...**' એટલે શુભાશુભ. આ બે બોલ આવ્યાને ઉપર? પરમા અને શુભાશુભભાવમાં, એમ. આહા..હા..! '**પરમાં તેમ જ વિભાવમાં**

એકત્વબુદ્ધિ કરી છે,...' એકત્વબુદ્ધિ કરી છે. એકત્વ છે નહિ. નિરાળો છે ભગવાન તો. આહા..હા..! રાગથી તો નિરાળો છે, પરથી તો નિરાળો છે જ. રાગના વિકલ્પથી પણ નિરાળો જ છે. એકત્વ કદી થયો છે નહિ, પણ એકત્વપણું એણે માન્યું છે. એ માન્યું છે તે સ્વરૂપમાં નથી. આહા..હા..! છે?

**'અજ્ઞાનને લીધે તેં પરમાં તેમ જ વિભાવમાં...'** શુભાશુભભાવમાં **'એકત્વબુદ્ધિ કરી છે, તે એકત્વબુદ્ધિ છોડી...'** એકત્વ તેં કરી છે બુદ્ધિ, એકત્વ છે નહિ. જ્ઞાયક સ્વભાવ જે ભગવાન ચૈતન્યદળ એ તો નિરાળો રાગથી ત્રિકાળ નિરાળો જ છે. પર્યાયમાં હોં! આહા..હા..! પણ એને માન્યું છે કે આ રાગની દૃષ્ટિ અંતર.. આ સ્વરૂપ છે તેનું જ્ઞાન નથી. એને લઈને રાગ છું ત્યાં અસ્તિત્વ માન્યું છે એથી તેણે ત્યાં એકત્વબુદ્ધિ કરી છે. આહા..હા..! જ્ઞાયકસ્વરૂપ છું, પૂર્ણાનંદ જ્ઞાનરસકંદ, જાણકસ્વભાવનો સૂર્ય તેના અજ્ઞાનને લીધે રાગમાં એકત્વબુદ્ધિ તેં જાતે ઊંધી કરી છે. આહા..હા..!

**શ્રોતા :-** આત્મા તો વિકાર કરવાને સમર્થ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણે કીધું? પર્યાય કરે છે એમ કીધુંને. પર્યાયમાં કરે છે એમ કીધુંને. વસ્તુમાં નથી. વસ્તુ તો નિરાળી છે, પણ પર્યાયમાં એકત્વબુદ્ધિ કરે છે. પણ એ એકત્વબુદ્ધિ કરે છે એવો જે મિથ્યાત્વભાવ એ પણ વસ્તુમાં નથી. આહા..હા..! આવું છે.

**'પરમાં તેમ જ વિભાવમાં એકત્વબુદ્ધિ કરી છે, તે એકત્વબુદ્ધિ છોડી...'** તેં કરી છે તો તે છોડી. એમ કહે છે. આહા..હા..! જ્ઞાયક-જાણકતત્ત્વ જ સ્વયંસિદ્ધ વસ્તુ ધ્રુવ છે. સત્ છે. તેમાં તેનું તને અજ્ઞાનને લીધે તેમાં નથી તેવા રાગમાં એકત્વબુદ્ધિ તે છે નહિ તેમ કરી છે. એમાં છે નહિ તેમ તેં પર્યાયમાં એકત્વબુદ્ધિ કરી છે. આહા..હા..! **'તે એકત્વબુદ્ધિ છોડ...'** તેં કરી છે તો તું છોડ. આહા..હા..! પર્યાયદૃષ્ટિમાં દ્રવ્યદૃષ્ટિને લક્ષમાં લીધા વિના પર્યાયદૃષ્ટિથી રાગના વિકલ્પને એકત્વબુદ્ધિ માની છે એ પર્યાયબુદ્ધિને છોડ. આહા..હા..! આવું છે આકરું કામ. છે તો એની જાતની કામ જ એ વસ્તુ આમ. અભ્યાસ નહિ અને અત્યારે તો આખું પ્રવર્તન બદલાઈ ગયું આખું. આહા..હા..! આખો સંઘ નીકળ્યો છે એક રામવિજયનો રસ્તામાં એય.. માણસો, હાથીને. હાથી પાછળ રહી ગયો એક. પણ કેટલા સાધુ,.. એકદમ વહેલા-વહેલા ઊઠીને ચાલતા પાલીતાણા જવા માટે. અહીંયાં આવશે. લોકો એમ માને, આ બધું ચાલીએ છીએ, ક્રિયા છે એ આપણે કરીએ છીએ. આહા..હા..! આપણે જાત્રા થાય પાલિતાણાની. આકરું કામ બહુ બાપા આકરું કામ.

**શ્રોતા :-** પાલિતાણાની તો યાત્ર થાય છે. આત્માની...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાલિતાણાની એટલે શું? ત્યાં પર્યાય થાય શુભ કદાચિત્ પોતે તો એ શુભની ક્રિયાને કરે. આહા..હા..! પરની વાણીને, સ્તુતિને તો કાંઈ કરી શકતો નથી. પગને શેત્રુંજયને લઈને આમ ચલાવી શકતો નથી, લઈ શકતો નથી. આહા..હા..! આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, વસ્તુસ્થિતિ આવી છેને બાપા! આહા..! આવી રીતે ન હો તો કોઈ રીતે વસ્તુ સિદ્ધ નહિ થાય. દ્રવ્ય સિદ્ધ, ગુણ સિદ્ધ, પર્યાય સિદ્ધ સત્ છે ને ત્રણે? ત્રણે સત્ છેને? દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્. ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ અને સત્ હોય તેને હેતુ ન હોય. બંધમાં આવે છે. બંધ અધિકાર. દ્રવ્યગુણપર્યાય ત્રણ બોલ આવે છે ત્યાં. દ્રવ્યને સત્ છે માટે કોઈ હેતુ ન હોય, ગુણ સત્ છે માટે હેતુ ન હોય અને પર્યાય પણ અવસ્થા સત્ છે માટે કોઈ હેતુ ન હોય. એને દ્રવ્યગુણનો હેતુ નહિ. આહા..હા..! અરેરે..! આ વાત ક્યારે બેસે એને?

આત્મામાં રાગ જે થાય છે કહે છે કે દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો. એ આત્મામાં નહિ, પર્યાયમાં થાય છે. અને તે પર્યાયમાં પણ ષટ્કારકના કર્તાકર્મ પરિણતિથી તારામાં થાય છે. એ તને કેમ થાય છે? કે જે જ્ઞાયકસ્વરૂપ જે વસ્તુ છે ચૈતન્યમૂર્તિ ભગવાન, એના અજ્ઞાનને લઈને, એના અભાનને લઈને, એના બેભાનને લઈને. બેભાન કહો કે અજ્ઞાન કહો. બેભાન એટલે બેનું ભાન એમ નહિ. આત્માનું ભાન અને પર્યાયનું ભાન એમ બે ભાન એમ નહિ. બેભાન એટલે અભાન. આહા..હા..! ભગવાન ચૈતન્યસ્વરૂપ પરમાત્મા એના અજ્ઞાનને લીધે 'એ રાગની ક્રિયા, દયા, દાન, વ્રત, ભક્તિનિ ક્રિયા પણ મારી છે અને હું કરું છું' એ અજ્ઞાન છે. આવી વાત છે. છે?

**'તે એકત્વબુદ્ધિ છોડી તું જ્ઞાતા થઈ જા.'** તારું સ્વરૂપ જ જાણવાનું, દેખવાનું સ્વરૂપ છે. તું જ્ઞાતા-દષ્ટા, જગત જ્ઞેય અને દશ્ય તે પણ વ્યવહાર છે. આહા..હા..! તું જાણનાર-દેખનાર ને દશ્ય જ્ઞેય પર એ પણ વ્યવહાર છે. તું જ્ઞાતાદષ્ટા અને તારા દ્રવ્ય-ગુણ-પર્યાયનો જાણનાર-દેખનાર તું. આવે છેને છેલ્લે? જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય તું છો. જ્ઞાતા આત્મા અને જ્ઞેય પરદ્રવ્ય એમ નહિ. આહા..હા..! આવું છે. જ્ઞાતા-જાણનારો તું, જણાય એ પણ તું, જાણવાની પરિણતિ થાય તે પણ તું. તેને તું જાણ પરિણતિ ગુણ અને દ્રવ્યની. આહા..હા..! આવી વાત.

**શ્રોતા :-** પોતાને .. ભેદ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભેદ છે એટલો વ્યવહાર સદ્ભુતવ્યવહાર છે. એ સદ્ભુતવ્યવહાર કહ્યો. જ્ઞાન તે આત્મા એ સદ્ભુતવ્યવહાર અણુપચાર. ૧૧મી ગાથામાં. એ જાણવું તે જ્ઞાન તે આત્મા એટલો જે ભેદ છે એ સદ્ભુત પર્યાય પોતામાં છે માટે સદ્ભુત પણ જ્ઞાન તે આત્મા એવો ભેદ પડે છે એ વ્યવહાર અને તે અણુપચાર છે. આહા..હા..! છે વ્યવહાર. છે નિષેધ. આહા..હા..! અને એ જ્ઞાન પોતાનું હોવા છતાં રાગને જાણે છે એમ કહેવું એ પણ સદ્ભુત ઉપચાર છે, એ પણ નિષેધ છે. આહા..હા..! આવી વાત આકરી પડે જગતને. અભ્યાસ નહિ. વાસ્તવિક તત્ત્વ આ સ્થિતિ છે. આહા..હા..!

ચાર બોલ આવે છેને. ૧૧મી ગાથામાં. સદ્‌ભુત અણુપચાર વ્યવહાર, સદ્‌ભુત ઉપચાર વ્યવહાર, અસદ્‌ભુત અણુપચાર વ્યવહાર, અસદ્‌ભુત ઉપચાર વ્યવહાર. ચારેય નિષેધ છે. એટલે? કે જ્ઞાન તે આત્મા એવો ભેદ પડે છે પણ છે પોતાનું જ્ઞાન એટલે સદ્‌ભુત છે, પણ ભેદ પડ્યો તેથી વ્યવહાર છે અને તેથી તે અણુપચાર છે. એ જ્ઞાન આત્મા છે એ અણુપચાર છે. અને જ્ઞાન છે તે રાગને જાણે છે એમ કહેવું તે સદ્‌ભુત-જ્ઞાન પોતાનું પોતામાં છે એને જાણે છે કહેવું એ ઉપચાર છે. સદ્‌ભુત ઉપચાર છે. હવે રાગ અસદ્‌ભુત છે. આ બે તો સદ્‌ભુતમાં નાખ્યા. રાગ જે છે એ અસદ્‌ભુત દ્રવ્ય-ગુણ-પર્યાય નથી નિશ્ચય ગુણ સ્વમાં. તેથી તે રાગને અસદ્‌ભુત કહી અને જાણવામાં આવે એટલા રાગને અસદ્‌ભુત ઉપચાર કહે છે. આહા..હા..! અને તે સમયે રાગ જાણવામાં નથી આવતો તે છે એમ જાણવું તે અસદ્‌ભુત અણુપચાર વ્યવહાર કહે છે. આહા..હા..! એ ચારેય અભૂતાર્થ છે. સત્યને સાબિત કરતું નથી. કેમકે તે પર્યાયના ભેદમાં આ પ્રકાર પડે એ વસ્તુમાં નથી. આહા..હા..! એ ચારેય નયોને અવિદ્યમાન, અસત્યાર્થ કહેવામાં આવી છે. કેમ? ભગવાન આત્મા પોતાના અભેદ સ્વરૂપને જ્યાં અનુભવે અને જોવે છે તેમાં એ જ્ઞાન તે આત્મા એવો ભેદ તેમાં દેખાતો નથી. આહા..હા..! અભેદમાં ભેદ દેખાતો નથી, માટે ભેદને નથી-અવિદ્યમાન છે એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! આવી વસ્તુ છે. અજાણ્યા માણસને તો લાગે આ શું કહે છે? માણસ બાપુ પ્રભુ માર્ગ એવો છે કોઈ. આહા..હા..!

**શ્રોતા :-** વસ્તુનો જ ભેદ હોવા છતાં અવસ્તુ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભેદનો ભેદ છે ને? ભેદ છે તો વ્યવહાર થઈ ગયો. અભેદ છે તે નિશ્ચય છે. એક સમયની પર્યાય છે એવો દ્રવ્યમાં ભેદ પડ્યો. આહા..હા..! આહા..હા..! વસ્તુ અભેદને જાણતાં... જાણે છે એ પાછી પર્યાય, પણ એ પર્યાય અભેદને જાણે છે ત્યાં ભેદ એમાં દેખાતો નથી. એ પર્યાય ભેદને જાણે છે તેમ એ પર્યાય પણ જુદી છે એમ દેખાતી નથી એમાં, અભિન્ન થઈ નથી. એ બાજુ ઢળી ગઈ છે. આહા..હા..!

**શ્રોતા :-** દ્રવ્ય-ગુણ પોતાનાથી ભિન્ન છે એમ પર્યાય જાણે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ભેદ પણ કાંઈ નથી. એ તો પર્યાય આ અંદર જાણે છે, બસ. પર્યાય પર્યાયમાં રહી અને અભેદને જાણે છે, પણ એ રહીને જાણે છે એવો પણ ત્યાં ભેદ નથી. એ તો... આહા..હા..! આવો માર્ગ છે. માર્ગની રીત આવી છે. સાંભળવા મળે નહિ માટે કાંઈ વસ્તુ બીજી થઈ જાય? વસ્તુ તો જે છે એ છે. આહા..હા..!

'**તે એકત્વબુદ્ધિ છોડી તું જ્ઞાતા થઈ જા.**' જાણનારો થઈ જા પાછો. પર્યાયમાં જાણનારો થઈ જા એમ થયુંને? જ્ઞાતા તો છે, પણ પર્યાયમાં જાણનારો થઈ જા. જાણનારો જ્ઞાતા છે એ કાંઈ.. આહા..હા..!

**શ્રોતા :-** પર્યાયને જુદી પાડવી પાલવે એવું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કીધુંને કે જ્ઞાતા થઈ જાય એટલી વાર છે કે જાણનારો થઈ જાય, બસ. જાણનારો થઈ જા, બસ એટલું. જાણનારની પર્યાય અને જાણનારો જુદો એવું બે એમાં કાંઈ નથી. છે તો બે, પણ બે લક્ષમાં નથી એમ કહેવું છે. છે તો બે, છતાં બે લક્ષમાં નથી. લક્ષમાં એક અભેદ છે. ... આહા..હા..! આવું છે.

**શ્રોતા :-** આત્મા અને રાગ છે તો બેય .. લક્ષમાં એક કરે છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના, એમ નહિ. રાગ તો વિભાવ છે એ પરવસ્તુ છે અને આ જાણવાની પર્યાય તો એની પર્યાય પોતાની છે. પર્યાય તરીકે હોં! રાગ તો એની પર્યાય તરીકે પણ નથી. આહા..હા..! એવી વાત છે, બાપુ! આહા..હા..!

એ રાગની એકત્વબુદ્ધિ મિથ્યાભ્રાંતિ છે. ચાહે તો એ દયા, દાન, વ્રત, ભક્તિની હો. આહા..હા..! ત્યારે આવ્યું હતુંને એ જામનગર એ. રામવિજય તરફથી કે આવું બધું તમે કહેશો તો વ્યવહાર ઉડી જશે. કાંઈ કરવાનું રહેશે નહિ કહે. માણસો આવ્યા હતા. આહા..હા..! .. બાપુ! ગમે તે થાય, ગમે તેમ માનો તમે પણ વસ્તુ તો આમ છે. વાત તો એને આ બધું ક્રિયાકાંડથી ધર્મ નભાવવો છેને? અને એનાથી નિશ્ચય થશે, વસ્તુ થશે એમ માનવું છે. આહા..હા..!

અહીં તો એ રાગની એકત્વબુદ્ધિ જે છે કેમકે દ્રવ્યસ્વભાવ જે જ્ઞાયક છે તેનું તેને અંદર આ મહાપ્રભુ છે, ચૈતન્યરસકંદ છે, ધ્રુવ છે તેનું તેને જ્ઞાન નહિ હોવાથી અજ્ઞાનને લીધે જે તેનામાં નથી અને કૃત્રિમ ઊભો થયેલો વિકલ્પ રાગ છે એને પોતા તરીકે એકત્વમાં માને છે. એ ભ્રાંતિ છે, એ મિથ્યાત્વ છે, એ અનંત સંસારનો ગર્ભ એમાં મિથ્યાત્વમાં પડ્યો છે આહા..હા..! અરેરે..! શું થાય?

'**જ્ઞાતા થઈ જા. શુદ્ધ આત્મદ્રવ્યની યથાર્થ પ્રતીતિ કરીને...**' શુદ્ધ ભગવાન ત્રિકાળી ભગવાન જ્ઞાયક દ્રવ્યસ્વભાવ, શુદ્ધ આત્મદ્રવ્ય, શુદ્ધ આત્મદ્રવ્ય. પર્યાય નહિ, શુદ્ધ આત્મદ્રવ્યની યથાર્થ પ્રતીતિ, ધારણામાં લઈ લીધું કે આ શુદ્ધદ્રવ્ય છે એમ નહિ. શુદ્ધ દ્રવ્ય જે વસ્તુ છે, મહાસત્તા ચૈતન્યસત્તા પ્રભુ એની યથાર્થ, યથાર્થ જેવો પદાર્થ છે તેવી જ તેની પ્રતીતિ, અંતરમાં સન્મુખ થઈને... આહા..હા..! '**યથાર્થ પ્રતીતિ કરીને...**' પ્રતીતિ કરી એ તો થયું પાછું એમાં. પર્યાયે પ્રતીતિ કરી. એ ખરેખર તો પ્રતીતિ થાય છે એ ષટ્કારકના પરિણમનથી થાય છે. શું કીધું એ? કરીને કીધું છેને એમાં? કરીને, કરીને કરતાં એ પ્રતીતિ કરીને એટલે પ્રતીતિ પણ ષટ્કારકના પરિણમનથી થાય છે. આહા..હા..! ફક્ત આમાં લક્ષ ફરે છે. આશ્રય કરે છે એનો અર્થ કે લક્ષ ફરે છે. લક્ષ ફરે છે એટલે કાંઈ દ્રવ્ય એને લક્ષ આપે છે (એમ નથી). આહા..હા..!

**શ્રોતા :-** શબ્દ પ્રમાણે અર્થ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ શબ્દ પ્રમાણે અર્થ આ. પર્યાયનું જે લક્ષ પર ઉપર હતું,

પોતાની જ્ઞાયક દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ નહોતી તેથી તેની રાગ ઉપર દૃષ્ટિ હતી તેને લક્ષને ફેરવી નાખે છે. ત્યાં લક્ષ હતું પર્યાયબુદ્ધિમાં. ભાષા એમ બીજે ગમે તેમ કરો પણ પર્યાયબુદ્ધિમાં લક્ષ હતું એ દ્રવ્યબુદ્ધિમાં લક્ષ જાય છે એટલું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! વસ્તુ તો વસ્તુ છે એ છે, પણ એનું જે પર્યાયમાં લક્ષ જે આમ હતું, રાગના અસ્તિત્વપણે પોતે માનતો હતો કારણ કે આખું આ અસ્તિત્વ છે એ તો દૃષ્ટિમાં, જ્ઞાનમાં છે નહિ. મહાપ્રભુ જ્ઞાયકનું અસ્તિત્વ છે, સત્તા છે, મોજુદગી હોવાપણે પરમાર્થ પદાર્થ છે. તેના હોવાપણા તરફનો તો શ્રદ્ધાનો અભાવ છે. એથી ત્યાં રાગના હોવાપણામાં શ્રદ્ધા રોકાઈ ગઈ છે. આહા..હા..! તે હવે છોડ. તું રોકાણો છો હવે છોડ. કોઈ કર્મને લઈને છે કે એમ કાંઈ છે નહિ. આહા..હા..!

**શ્રોતા** :- .. બરાબર કઈ રીતે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- રીત એ કે એના ઉપરથી લક્ષ છોડ. છોડવું છે એને. એને છોડવું છે એન કેમ કરવું એ ક્યાં પ્રશ્ન આવે? આહા..હા..! જે જ્ઞાયકસ્વરૂપ ભગવાન મહાપ્રભુ તો બિરાજે છે. સચ્ચિદાનંદ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ મહાસત્તા એ સત્તાના સત્વની તો શ્રદ્ધા નથી. તેનું તો અજ્ઞાન છે. તેથી તે વર્તમાનના રાગમાં પોતાનું અસ્તિત્વ માને છે. આ અસ્તિત્વની ખબર નથી એટલે અહીંયાં રાગનો વિકલ્પ ઊઠે છે. એમાં પોતાપણે એકત્વબુદ્ધિએ અસ્તિત્વ માને છે. આહા..હા..! દેવીલાલજી! આવું છે.

એ છોડીને આત્મદ્રવ્યની યથાર્થ પ્રતીતિ કરીને '**શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરીને,...**' એમ. એ લીટી કેમ કરી? કે શુદ્ધ આત્મદ્રવ્યની યથાર્થ પ્રતીતિ કરીને એટલે? એમ. એટલે શું? એમ. શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરીને '**આત્મદ્રવ્યની યથાર્થ પ્રતીતિ કરીને...**' એટલે કે '**શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરીને,...**' એમ. લીટી કરી છે ને? આહા..હા..! જે વર્તમાન પર્યાયદૃષ્ટિમાં, રાગદૃષ્ટિમાં છો એમ માન્યું છે તે—તે દ્રવ્યદૃષ્ટિમાં જા. એ દ્રવ્યદૃષ્ટિને પ્રગટ કર. આહા..હા..!

'**શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરીને,...**' ત્રિકાળી જ્ઞાયકભાવ ભગવાન આત્મા એની દૃષ્ટિ પ્રગટ કરીને એટલે પર્યાય છે. દ્રવ્યદૃષ્ટિ છેને? દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરીને. દ્રવ્ય પ્રગટ કરીને નહિ. '**શુદ્ધ દ્રવ્ય દૃષ્ટિ પ્રગટ કરીને,...**' એટલે? પર્યાય તે કાળે થાય છે. આહા..હા..! શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરીને. શુદ્ધ દ્રવ્ય પ્રગટ કરીને નહિ.

**શ્રોતા** :- દૃષ્ટિમાં દ્રવ્યને પ્રગટ કરવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- દૃષ્ટિ દ્રવ્યને જાણે છે. વિષય જાણે છે. દ્રવ્યદૃષ્ટિમાં દ્રવ્યનું જેટલું સામર્થ્ય છે એટલું પ્રતીતિમાં આવે છે. દૃષ્ટિમાં દ્રવ્ય આવતું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરીને, તું જ્ઞાયકપરિણતિ પ્રગટાવ...**' જોયું! જ્ઞાયકપરિણતિ જે રાગની પરિણતિ જે છે, હવે જ્ઞાયકપરિણતિ, જ્ઞાયક તો ત્રિકાળ છે એની વર્તમાન પરિણતિ

શુદ્ધ પ્રગટાવ. આહા..હા..! જ્ઞાયક પ્રગટાવવો નથી. આહા..હા..! જ્ઞાયક તો જ્ઞાયક છે. એ ૧૧મી ગાથામાં નથી આવ્યું કે વ્યવહાર વિમોહિત મૂઢ જીવો આત્માને જ્ઞાયકને તિરોભુત કરે છે આ જ્ઞાયક તિરોભુત થતો નથી. જ્ઞાયક તો તિરોભુત જે છે એ છે અનાદિથી. પણ જેની રાગમાં વિમોહીત બુદ્ધિ થઈ છે તેને જ્ઞાયક લક્ષમાં આવ્યો નહિ એથી એને તિરોભુત એની દૃષ્ટિમાં કહ્યો. વસ્તુ તો વસ્તુ છે. આહા..હા..! ૧૧મી ગાથામાં આવે છે.

અને શુદ્ધનયની દૃષ્ટિવંત ભૂતાર્થદર્શિઓ શુદ્ધનયનથી સ્થપાયેલી એવી ચીજ, તે ઉપર દૃષ્ટિ આપતાં, આહા..હા..! તે ભૂતાર્થને જોવે છે. એ ભૂતાર્થ છે તેને આવિર્ભાવ કરે છે. ભૂતાર્થ છે એ આવિર્ભાવ થતો નથી. એ તો છે એ છે, પણ એને જે આવિર્ભાવ નહોતો, પર્યાયમાં લક્ષ નહોતું એણે પર્યાયમાં પ્રગટ કર્યું. એને જ્ઞાયક આવિર્ભાવ થયો એમ કહેવામાં આવે છે. જ્ઞાયક આવિર્ભાવ અને જ્ઞાયક તિરોભાવ એમ થતો નથી. જ્ઞાયક તો ત્રિકાળી એકરૂપે શુદ્ધ ત્રિકાળ છે. આહા..હા..!

**શ્રોતા :-** દૃષ્ટિએ તો જ્ઞાયક પર કબજો કરી લીધો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કબજો કર્યો નથી. એનું સામર્થ્ય છે તેટલું પ્રતીતમાં લઈ લીધું છે. કહેવાય ભાષા, પણ ખરેખર તો એનું સામર્થ્ય જેટલું છે એટલું પ્રતીતમાં લઈ લીધું છે. સામર્થ્ય તો સામર્થ્યમાં રહ્યું છે. આહા..હા..! નવા માણસને તો ભાઈ એવું લાગે આવો ઉપદેશ કઈ જાતનો? જગતના પ્રવાહથી જુદી જાત છે ભાઈ! આહા..હા..! લોકો સાંભળે છે હવે. કાલે જુઓ માણસ, આહા..હા..! સમાય નહિ માણસ. શું કહેવાય? ભાટિયાની વાડી. કેટલું માણસ! ત્રણ હજાર કે કેટલું માણસ! રાતે ચર્ચામાં સાડા પાંચસો માણસ. એને ઘરે. બહુ ઉદાર માણસ છે. પાટીદાર રાતે ઓલી કરી હતી. પેંડાની લ્હાણી. સાડા પાંચસો જોયા. રાતે ચર્ચામાં સાડા પાંચસો પેંડા. એ લોકો ઉદાર ઘણા માણસ છે. જુઓને ત્યાં પહેલાં ત્યાં ગયા હતા. પછી મણિનગરમાં ગયા. દૂધ પીધું. દસ હજાર રૂપિયા મૂક્યા. દસ હજાર. કારખાના તરફથી જ્ઞાનખાતે. એ શું કિંમત છે? આહા..હા..!

**શ્રોતા :-** જ્ઞાન ખર્ચે .. જ્ઞાન વધેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બધી વસ્તુ સમજવા જેવું છે. વ્યવહારથી એમ કહેવાય બાકી તો જ્ઞાનમાં એકાગ્ર થાય ત્યારે જ્ઞાન વધે. આહા..હા..! એવું કહેવામાં આવે છેને કુંદકુંદાચાર્યના ઓલા પુસ્તક આપ્યા. એ બધું વ્યવહારથી કથન. પુસ્તક આપ્યા નહિ મુનિને? વનમાં હતા. એથી એમ કે કુંદકુંદાચાર્યને જ્ઞાનનો ક્ષયોપશમ થયો. બધી વાતું વ્યવહારની વાતું એવી હોય. આહા..હા..! અને જ્યાં ત્યાગધર્મ આવે છે એમાં અર્થમાં આવે છે. દસ પ્રકારનો દસ ધર્મ છેને? પદ્મનંદી પંચવિંશતિમાં ત્યાગધર્મમાં પોતા પાસે ક્યાંક પુસ્તક હોય કે એવું હોય તો બીજાને આપે એ ત્યાગ થયો. એ અપેક્ષાના વચનો છે. એમાં જરીક રાગ આમ હતો આ બાજુનો આ શક્તિએ રાગ છોડ્યો છે એને ત્યાગ કહે છે. બાકી રાગનો ત્યાગ પણ ક્યાં

આત્મામાં છે? રાગથી રહિત પોતાના સ્વરૂપમાં ઠરે છે ત્યારે એટલો જે રાગનો અંશ હતો આમ આ પુસ્તક આ બાજુ છે એ આમ દીધું એને રાગને છોડ્યો એટલો એમ કહીને આમાં આવ્યું. એથી કરીને જ્ઞાન વધશે એનાથી (એમ નથી).

**શ્રોતા** :- રાગ છોડવો પડશે કે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આપ્યું સ્થાપ્યું કાંઈ નથી.

**શ્રોતા** :- રાગ છોડ્યો કે રાગ કર્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ રાગ છોડ્યો છે એટલો. રાગનો ત્યાગ કર્યો છે. ત્યાગધર્મ છેને? રાગનો ત્યાગ પણ આ અપેક્ષાથી છે. જ્ઞાનમાં એકાગ્ર વિશેષ થયો છે અને તેથી રાગનો અંશ જે હતો આ પુસ્તક તરફનું લક્ષ એ છૂટી ગયું છે. આવી વાતું છે. અરેરે..!

**શ્રોતા** :- એટલે કે રાગ ઉત્પન્ન જ ન થયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- રાગ ઉત્પન્ન થતો જ નથી. ૩૪મી ગાથામાં નથી આવતું? રાગનો ત્યાગકર્તાપણાનું નામ માત્ર છે. છે? પરમાર્થે રાગના ત્યાગનો કર્તા પ્રભુ છે નહિ. આહા..હા..! અરે.. બાપુ! એ તે કાંઈ વાતું છે?

'**શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરીને, તું જ્ઞાયકપરિણતિ પ્રગટાવ કે જેથી મુક્તિના પ્રયાણ ચાલુ થશે.**' આહા..હા..! મુક્તિના પ્રયાણ-પંથ. આહા..હા..! આમ તો કહ્યું નથી ઓલી સએવ મુક્ત. સર્વવિશુદ્ધ ૧૯૮ છે ઘણું કરીને કળશ, ૧૯૮ કળશ. જે ૧૪-૧૫ ગાથામાં અબદ્ધસ્પૃષ્ટ કીધું છે તેને ત્યાં કળશમાં '**स एव मुक्त**' કીધું છે. ૧૯૮ કળશ છે. સર્વવિશુદ્ધ અધિકાર. '**स एव मुक्त**'. પ્રભુ '**स एव मुक्त**' છે. એને અહીંયાં અબદ્ધસ્પૃષ્ટ કહીને એને દેખે છેતે મુક્તને દેખે છે તે જૈનશાસનને દેખે છે. આહા..હા..! ૧૪ અને ૧૫માં આવે છે ને અબદ્ધસ્પૃષ્ટ. ત્યાં એમ લીધું છે ટૂંકું છે. નાસ્તિથી. ત્યાં એમ કીધું સર્વવિશુદ્ધ અધિકારમાં. નિવેદ.. એમ છે ગાથા કાંઈક સમજ્યાને? નિર્વેદને પામ્યો થકો એમ છે ગાથા. ૩૧૮ કે એમ છે કાંઈક. એનો એક કળશ છે. '**स एव मुक्त**' આહા..હા..! ભગવાન તો મુક્તસ્વરૂપ છે. પર્યાયમાં મુક્ત થાય છે એ પ્રયાણ માંડ્યા ત્યારે થાય છે એમ કહે છે.

'**જ્ઞાયક પરિણતિ પ્રગટાવ કે જેથી મુક્તિનાં પ્રયાણ...**' પર્યાયની મુક્તિ. મુક્ત સ્વરૂપ તો છે જ. આહા..હા..! આવું છે ભાઈ કથન શૈલી. '**જેથી મુક્તિનાં પ્રયાણ ચાલું થશે.**' મુક્તિ એટલે અનંત અનંત આનંદના લાભની પ્રાપ્તિ તે મુક્તિ. નિયમસારમાં આવે છે. આત્મલાભ આવે છે. અનંત આનંદનો આત્મલાભ નામ મુક્તિ. આહા..હા..! એવી મુક્તિના પ્રયાણ નામ સાધન, પંથ શરૂ થાય છે. આહા..હા..! આ તો માણસના નિર્માની માણસ હોય અને પોતાનું કામ કરવું હોય એને માટેની વાત છે, બાપા! આહા..હા..! બહાર પડવાનો ભાવ હોય અને બહાર જાણે હું પડું, બહાર પડે એ બહિરાત્માનો ભાવ હોય. અંદર જવાનો જેને ભાવ છે... આહા..હા..! કહો, નૌતમભાઈ! સમજાય છે કે નહિ? બધું આવું છે ઝીણું.

તમારા ચોપડામાં પણ ન મળે અને ક્યાંય બહારમાં ન મળે લ્યો. આહા..હા..! આ પેરેગ્રાફ નહોતો વાંચ્યો છેલ્લો તે દિ'. ઓલો પહેલો વાંચ્યો હતો.

**'તું જ્ઞાયક પરિણતિ પ્રગટાવ...'** એ જાણકસ્વભાવ ભગવાન ત્રિકાળી જ્ઞાયક એની રાગની એકત્વબુદ્ધિ છોડીને જ્ઞાયકની પરિણતિ પ્રગટાવ—ઉત્પાદ કર એનો. રાગની એકત્વબુદ્ધિનો વ્યય, જ્ઞાયક પરિણતિનો ઉત્પાદ, જ્ઞાયકપણે ધ્રુવ તો ત્રિકાળ છે. આહા..હા..! **'જેથી મુક્તિનાં પ્રયાણ ચાલું થશે.'** પ્રભુ! તારી પ્રભુ ભરેલી પૂર્ણ છે તે પર્યાયમાં પ્રભુતા પૂર્ણ થવાના પંથે પડ્યો તું. આહા..હા..! તારી પ્રભુતાના પાર ન મળે પ્રભુ. એવી પ્રભુતાના એક-એક ગુણમાં પ્રભુ ગુણ છે ને? પ્રભુત્વ ગુણ છે ને આત્મામાં? અને એક ગુણનું રૂપ અનંતગુણમાં છે. જ્ઞાનપ્રભુ, દર્શનપ્રભુ, ચારિત્રપ્રભુ, આનંદપ્રભુ, અસ્તિત્વપ્રભુ વગેરે. એવી એક એક શક્તિમાં પ્રભુત્વશક્તિરૂપ પડ્યું છે. ભલે પ્રભુત્વ ગુણ છે એ બીજા ગુણમાં ન જાય, પણ એનું જે અસ્તિત્વનું સ્વરૂપ છે તેવું જ સ્વરૂપ ત્યાં એનું જ્ઞાનમાં, આનંદમાં, પ્રભુત્વસ્વરૂપ રૂપ છે. એવા અનંતગુણમાં પ્રભુત્વસ્વરૂપ-ઈશ્વરસ્વરૂપ પડ્યું છે પ્રભુ! આહા..હા..! એના એક એક ગુણમાં પ્રભુતા છે એવા અનંત ગુણની પ્રભુતાનો પ્રભુ જ્ઞાયકભાવ. આહા..હા..! એની ઉપર નજર પડતાં તને જ્ઞાયકની પરિણતિ થશે. એનાથી મુક્તિના પ્રયાણ તને ચાલ થશે. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'જેથી મુક્તિના પ્રયાણ ચાલુ થશે.'** ૪૧૧. બે એકડા છેને? આહા..હા..! એ મુક્તિના પ્રણાયનો અર્થ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ તને પ્રગટ થશે. આહા..હા..! અને તે પરિણતિ મુક્તિના પ્રયાણ છે, આહા..હા..! પૂર્ણદશાની પ્રાપ્તિના કારણ છે, આહા..હા..! એ તને શરૂ થશે. શરૂ થશે ત્યાં તને પૂરું થશે. એ ૪૧૧ કીધી લ્યો. વિશેષ આવશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)